ૐ
॥નમઃ સિદ્ધેભ્ય॥

# અધ્યાત્મ સુધા

## (ભાગ-૧૦)

## (‘બહેનશ્રીના વચનામૃત’ ઉપર પૂજ્ય ‘ભાઈશ્રી શશીભાઈ’ના પ્રવચનો)

**તા. ૧૮-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૩૭**
**પ્રવચન નં. ૨૫૬**

**દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી. આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી. જો પર્યાયમાં રોકાય, પર્યાયમાં ચોંટી જાય, તો મિથ્યાત્વમાં આવી જાય. ૩૩૭.**

પાનું-૧૧૩. જ્ઞાનદશાનો વિષય છે. સાધકદશામાં જ્ઞાનીનું પરિણમન કેવું હોય છે? મુમુક્ષુજીવ એનું અનુકરણ કરી શકે. એવી દશા ... પ્રગટ ન કરી શકે. તેથી એ ... ભાવવામાં આવે છે.

‘**દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી.**’ શું કહે છે? અનાદિથી અજ્ઞાનદશામાં પર્યાયબુદ્ધિ હોવાને લીધે જીવ પર્યાયમાં રોકાયેલો છે. પર્યાયોમાં રોકાયેલો હોવાને લીધે પર્યાયમાં રહેલા વિભાવમાં રોકાયેલો છે. પર્યાયમાં વિભાવમાં તન્મય હોવાને લીધે વિભાવના વિષયભૂત જે પદાર્થો છે એવા પરપદાર્થોમાં પણ જીવ રોકાયેલો છે. એમ એક પર્યાયબુદ્ધિને લીધે આખી વણઝાર ઊભી થાય છે અથવા આખો સંસાર ઊભો થાય છે.

એથી ઊલટું કે સાધકદશામાં એક પોતાના ત્રિકાળી દ્રવ્ય સ્વભાવને ગ્રહણ કરતાં... દ્રવ્ય એટલે અહીંયાં દ્રવ્ય સ્વભાવ. દ્રવ્ય શબ્દ બે અર્થની અંદર વપરાય છે. એક પ્રમાણના વિષયભૂત પદાર્થને પણ દ્રવ્ય કહે છે અને એક ત્રિકાળી ધ્રુવ સ્વભાવને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. કહેનારે જ્યાં જે કહેવા ધાર્યું હોય તે સમજવું જોઈએ. એ અનુસાર અર્થ ગ્રહણ કરવો જોઈએ.

અહીંયાં દ્રવ્ય કહેતાં દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ નિજ પરમપદ તેને ગ્રહણ કરતાં એટલે તેને પોતા સ્વરૂપે અનુભવ કરતાં. એમ. ગ્રહણ કરવાનો અર્થ એ છે. હું ત્રિકાળ શુદ્ધ અને જ્ઞાનાદિ સ્વભાવથી ભરેલું ચૈતન્યદ્રવ્ય છું. એમ પોતાનું સ્વરૂપ ગ્રહણ થતાં અવસ્થાની અંદર સર્વ ગુણો શુદ્ધપણે પ્રગટ થવા લાગે છે. સર્વ ગુણોની શુદ્ધતા પ્રગટે છે. શુદ્ધતા પ્રગટે એટલે રાગાદિ મળનો નાશ થાય. મિથ્યાત્વ આદિ નાશ થાય. ચારિત્રદશા એટલે સ્વરૂપની સ્થિરતા પણ પ્રગટ થાય. વીતરાગતા પ્રગટ થતાં સાથે સાથે આત્મસ્વરૂપની સ્થિરતા પણ પ્રગટ થાય.

**'પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી.'** એવી શુદ્ધદશા, ચારિત્રદશા, આનંદની દશા પ્રગટ થવા છતાં તે પર્યાયોમાં જ્ઞાની રોકાતા નથી. તે પર્યાયોમાં જ્ઞાનીને વજન નથી. દ્રવ્ય સ્વભાવની મહત્તા એટલી છે કે તેની પાસે તે પર્યાયોની તેથી વિશેષ મહત્તા થવાનું બનતું નથી. ચારિત્રની શુદ્ધતા, આનંદ વગેરે મહિમા યોગ્ય પરિણામો હોવા છતાં દ્રવ્ય સ્વભાવનો મહિમા વિશેષપણે રાખીને અથવા દ્રવ્ય સ્વભાવનો મહિમા કરવાને અર્થે શુદ્ધ પર્યાયોની મહિમા કરે છે. શુદ્ધ પર્યાયોની મહિમા પાછળ પણ શુદ્ધ પર્યાયોની મહિમાનો સીધો અભિપ્રાય નથી. પરંતુ દ્રવ્ય સ્વભાવની મહિમાનો અભિપ્રાય રહેલો છે અને એ પૂર્વક શુદ્ધ પર્યાયોની મહિમા કરવામાં આવે છે. **'પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી.'** તે પર્યાય ઉપર એમનું વજન જતું નથી. અથવા જે જે દશાઓ પ્રગટે છે સાધકપણામાં, તે તે દશાઓનું જ્ઞાનીને જ્ઞાન થાય છે. તેથી વિશેષ વજન, જ્ઞાન થવા ઉપરથી વિશેષ વજન તે પોતાની ઉત્પન્ન દશા ઉપર તેને આવતું નથી, થતું નથી.

કેમ કે **'આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે,...'** આત્મદ્રવ્યમાં, આત્મસ્વભાવમાં અનંત ગુણોનો રસ પડ્યો છે અથવા અનંત ચૈતન્ય ચમત્કારિક શક્તિઓ ભરેલી છે અને સર્વાંગ સંપૂર્ણ દ્રવ્ય છે. પોતાનું સ્વરૂપ નિજ પરમેશ્વરપદ સર્વાંગ સંપૂર્ણ છે. ક્યાંય ખોડખાપણ, કમી-ક્ષતિ કોઈપણ પ્રકારની અપૂર્ણતા, વિપર્યાસ એવું કાંઈ એમાં નથી. વિરુદ્ધતા તો કાંઈ નથી. પણ અવિરુદ્ધતા જોઈએ તો સર્વાંગ સંપૂર્ણ છે. અથવા સર્વગુણસંપન્ન છે. પરમાત્મા પોતે સર્વગુણસંપન્ન છે. એવું ઘણું પડ્યું છે.

**'તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી.'** દૃષ્ટિએ અપેક્ષાએ જુઓ તો દૃષ્ટિ તો તે આત્મસ્વભાવ ઉપરથી ખસતી જ નથી. અથવા દૃષ્ટિનું કાર્ય નિજ સ્વરૂપને સ્વપણે સ્વીકારવાનું છે ત્યાં તે દૃષ્ટિ ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ સિવાય તે સ્વરૂપનું આરાધન કરવાવાળી પર્યાયને પણ સ્વીકારતી નથી. હુંપણે નથી સ્વીકારતી. નિત્યને, ધ્રુવને હુંપણે સ્વીકારે છે. અનિત્યને હુંપણે નથી સ્વીકારતી. એ તો કહેવું પડે છે. કેમ કે કોઈ એની અંદર એ વિષયને સાથે મેળવે છે તેથી. વસ્તુતાએ તો એનો વિષય જ ધ્રુવદ્રવ્યમાં સમાપ્ત થઈ જાય છે. દૃષ્ટિનો પોતાનો વિષય સ્વસ્વરૂપણે અંગીકાર કરવાનો, સ્વસ્વરૂપણે સ્વીકાર કરવાનો વિષય ધ્રુવમાં સમાપ્ત થઈ જાય છે. ધ્રુવથી આગળ સાથે રહેલી પર્યાય એને સ્વીકારવાનો પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. નથી સ્વીકારતી એમ કહેવું પડે છે. પણ સ્વીકારવું, નહિ સ્વીકારવું એ પ્રશ્ન જ એને નથી. જ્યાં પોતાનું કામ પૂરું થઈ ગયું પછી બીજાની સાથે તેનો નિષધ કરવાનું પણ એને કારણ નથી. કહેવાય ખરું કે દૃષ્ટિ અન્ય ભાવોનો, અન્ય દ્રવ્યનો, પર્યાયોનો, સર્વ પર્યાયોનો, ક્ષાયિક પર્યાયોનો, કેવળજ્ઞાન સુદ્ધાનો પરદ્રવ્યં પરભાવં હયં ઈતિ, એમ કહેવાય છે. એ એટલા માટે કહેવાય છે કે કેટલાક એ ભૂલ કરે છે, દૃષ્ટિના વિષયમાં એનો સમાવેશ કરવાની.

મુમુક્ષુ :- સમાવેશ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એનો સમાવેશ નથી એટલે એને નિષેધ કરવાનો પ્રશ્ન નથી. ન તો આદરવાનો પ્રશ્ન છે, ન તો નિષેધ કરવાનો પ્રશ્ન છે. પોતાના પરમેશ્વરપદને પકડીને દૃષ્ટિ પરિણમ્યા કરે છે, બસ! એને પોતાનું સર્વસ્વ મળી ગયું. પોતાનું પરિપૂર્ણ પદ મળી ગયું, જોઈતું હતું તે મળી ગયું. અથવા એવો જ શ્રદ્ધાનનો સ્વભાવ છે કે જે સ્વભાવ અનુસારનું એનું પરિણમન બરાબર પ્રગટ થઈ ગયું.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનની વાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચોથા ગુણસ્થાનથી.

મુમુક્ષુ :- અહીંયાં દૃષ્ટિને ... સર્વસ્વ મળી ગયું એમ કહ્યું,.. હજુ ઘણું બાકી હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બીજા ગુણ અપેક્ષાએ બાકી હોય છે. પરિણમન અધૂરું છે એ જ્ઞાનમાં અધૂરું છે, ચારિત્રમાં અધૂરું છે, આનંદમાં અધૂરું છે પણ દૃષ્ટિમાં અધૂરું નથી. દૃષ્ટિ બરાબર પોતાના વિષય સાથે પૂરી શક્તિથી તદાત્મ્યરૂપ થઈને પરિણમી જાય છે. જરા પણ વિચલિત થયા વિના ત્યાંથી ખસતી નથી. એટલે નિર્જરા અધિકારમાં એ અપેક્ષાએ વાત લીધી છે કે વજ્રપાત થાય, ત્રણ લોક ખળભળી ઊઠે પણ સમ્યગ્દૃષ્ટિની

દૃષ્ટિ ખસતી નથી. ચારિત્રની તો એટલી બધી કચાશ છે કે સામાન્ય રીતે કોઈ એમને ચારિત્રી તરીકે સ્વીકારે નહિ. ચારિત્રવાન તરીકે ન સ્વીકારે. સમ્યક્દૃષ્ટિને સામાન્ય અપેક્ષાએ ચારિત્રવાન તરીકે કોઈ સ્વીકારે નહિ. એવી એવી અચારિત્રવાળી બહારમાં દશા હોય છે. તેથી એમને અવિરત ગુણસ્થાન એવું નામ આપ્યું છે. તો પણ ખરેખર તે ઉપરના ગુણસ્થાનોની અપેક્ષાએ ચારિત્રની અંદર ઉણપ છે પણ ચારિત્ર મુદ્દલ નથી એવું નથી.

'દંસણ મૂલ્લો ધમ્મો'માં એ વિષય સ્પષ્ટ કર્યો છે કે સમ્યગ્દૃષ્ટિને વીતરાગદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ કહો કે વીતરાગદૃષ્ટિ કહો, પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપની વીતરાગી દૃષ્ટિ કહો. ચારિત્રની અપેક્ષાએ એને વીતરાગી દૃષ્ટિ કહેવામાં આવે છે. જ્ઞાનની અપેક્ષાએ એને શુદ્ધ જ્ઞાનની દૃષ્ટિ કહેવામાં આવે છે. એક દૃષ્ટિના બધા નામ છે. એવા વીતરાગી દૃષ્ટિવાન અને તે અવિરતી અને અસંયમી કેમ હોય? આવો એક પ્રશ્ન ઊઠાવીને એની નીચે વાત લીધી છે. કેમ હોઈ શકે? છે અહીંયાં? નથી?

મુમુક્ષુ :- છપાઈ ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. છપાઈ ગયું છે. પ્રકાશન થઈ ગયું. સમ્યક્ત્વ જયંતિને દિવસે જ પ્રકાશન થઈ ગયું પણ થોડી નકલો બંધાયેલી ઓછી છે. એટલે બધાને ઉપલબ્ધ નથી. Binding બાકી છે.

એમ કહેવું છે કે જેને વાસ્તવિક સંયમ કહેવાય, જેને પરમાર્થ સંયમ કહેવાય, જેને સ્વરૂપના આચરણરૂપ સંયમ કહેવાય એવો તો સંયમ એમને પ્રગટ થયો છે. પણ એ બહુ ઓછા અંશમાં છે. પૂર્ણ સંયમની અપેક્ષાએ તો એકદમ જઘન્ય છે. ઉપરના ગુણસ્થાનની અપેક્ષાએ પણ ઓછો છે. અને બહારમાં એનું કોઈ ચિહ્ન પ્રગટ નહિ હોવાથી, એમને બહારનો ત્યાગ નહિ હોવાને કારણે અવિરતપણું કહેવામાં આવ્યું છે. તો પણ એમના મૂળગુણ અને ઉત્તરગુણની અપેક્ષાએ કેટલોક ત્યાગ હોય જ છે. જેમ કે મૂળગુણની અંદર છ અનાયતન છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે જે સાધકો છે તે. ત્રણ અને ત્રણ છ. એ છએ અનાયતનનું ગ્રહણ મૂળગુણમાં ન હોય.

મુમુક્ષુ :- અનાયતનનો અર્થ?

પૂજ્ય ભાઈશ્રી :- અન+આયતન. આયતન એટલે સ્થાન. પોતાના માટે તે અસ્થાન છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તે જ પોતાના માટેના સ્થાન છે. એ સિવાયના તે અસ્થાન છે. તો તેમના પ્રત્યે કરવું, કરાવવું, અનુમોદવું એ પ્રકાર એમને હોતો નથી. એનાથી વિરુદ્ધ હોય એવા જે બીજા જીવો, બીજા સ્થાનો, બીજા શાસ્ત્રો, બીજા ગુરુઓ,

બીજા દેવો. એમ. એને કરવું, કરાવવું, અનુમોદવું એ ન હોય. આનું કરવું, કરાવવું, અનુમોદવું હોય. પછી જેમકે સપ્ત વ્યસન. સપ્ત વ્યસન છે એ ઉત્તરગુણમાં જાય છે. મૂળગુણમાં નથી, ઉત્તરગુણમાં લીધા છે. કુલ ૬૩ ગુણ છે. અડતાલીસ મૂળગુણ છે અને પંદર ઉત્તરગુણ છે. તો એ બધો પ્રકાર એની અંદર છે છતાં પણ એમને ઉપરના ગુણસ્થાનોની અપેક્ષાએ અવિરતિ અને અસંયમી એવો શબ્દપ્રયોગ ક્યાંક શાસ્ત્રમાં આવતો હોય તો પણ આ મર્યાદા રાખીને સમજવા જેવું છે.

મુમુક્ષુ :- અનાયતનનો અર્થ તો આઠેય કર્મનો ઉદય નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- આયતન એટલે વ્યવહારે ધર્મના સ્થાન, અહીંયાં. અહીંયાં જે અર્થ છે એ વ્યવહાર ધર્મસ્થાન કોણ? કે વીતરાગદેવ, વીતરાગી ગુરુ અને વીતરાગી શાસ્ત્ર એ વ્યવહારે ધર્મસ્થાન છે. એને છોડીને કુદેવ આદિ એ વ્યવહારે પણ ધર્મસ્થાન નથી. એ એની મર્યાદા છે. એ મર્યાદા બહાર કોઈ સમ્યગ્દૃષ્ટિ હોતા નથી. ભલે અન્યમતમાં જન્મ થયો હોય એ બનવા યોગ્ય છે. પણ જ્યારે એને સમ્યગ્દર્શન થાય ત્યારે એનો આગ્રહ ન હોય.

'પૂજ્ય ગુરુદેવ' પાસે એ ચર્ચા ચાલેલી એક વાર. ચર્ચા તો શંકા હતી 'શ્રીમદ્જી' પ્રત્યે મુમુક્ષુજીવને. કે 'શ્રીમદ્જી' છે એમનું કુળ વૈશ્નવ હતું અને એમને માતા સ્થાનવાસી હતા અને દિગંબર કુળમાં તો એ નહોતા જ. સ્થાનવાસીને અન્યમતમાં ગણીએ છીએ. વૈષ્ણવને અન્ય મતમાં ગણીએ. અને પ્રસિદ્ધપણે એમણે દિગંબર મત સ્વીકાર્યો હોય એવું વિધાન બહુ ઓછું મળે છે. નથી મળતું એમ તો ન કહી શકાય. કેમ કે 'અપૂર્વ અવસર'ની અંદર તો વાત એમણે પોતાની ભાવાનાની સ્પષ્ટ કરી છે. પણ બહુ ઓછું મળે છે એમના કથનોની અંદર. માટે એ ચોખ્ખા દિગંબર નહોતા થયા. એમ ગણીને એમને સમ્યગ્દર્શન કેમ હોઈ શકે? સમ્યગ્દૃષ્ટિ એ કેમ હોઈ શકે? જ્ઞાની કેમ હોઈ શકે? એવી શંકા કરવામાં આવે છે.

મુમુક્ષુ :- કંઠી બાંધતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કંઠી બાંધતા હતા.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પહેલા કાઢી નાખી?

પૂજ્ય ભાઈશ્રી :- હા પહેલા બાળપણમાં નાનપણમાં બાંધતા હતા. પછી તૂટી ગઈ પછી ફરીને નથી બાંધી. નાનપણમાં અને નાનપણમાં તૂટી ગઈ છે આઠ-દસ વર્ષની, બાર વર્ષની ઉંમરે કંઠી બાંધતા હતા એમના પિતાશ્રીના હિસાબે. છોકરો હતો કે ભાઈ! બાંધો આપણા કુળધર્મ પ્રમાણે. તો બાંધી હોય. મોટી ઉંમરમાં એ પ્રશ્ન નથી. અથવા મોટી ઉંમરમાં એ માન્યતા જ એમની આખી જે સ્વરૂપ ગ્રહણ કર્યા

પછી એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' પાસે પ્રશ્ન થયો 'શ્રીમદ્જી'નો.

પૂજ્ય ભાઈશ્રી :- અન્યમતનું લિંગ રહી ગયું છે. એમ કે બહારનું ચિહ્ન ચોખ્ખું નથી. તો પછી સમ્યગ્દર્શન કેવી રીતે થયું હોય? તો કહે, એવું કાંઈ નથી. અમારો જ દાખલો લ્યો. પોતે એમ કહ્યું કે અમને જ્યારે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું ત્યારે અમે મુહપતીના વેશમાં હતા. આમ હાથ કર્યો. અમને મુહપત્તીનો વેશ હતો. તો એ તો અન્ય લિંગી સાધુ હતા. ગૃહસ્થને તો કોઈ ધર્મનું બંધન છે જ નહિ. બધા ગૃહસ્થો પોતે કહે ત્યારે જ ખબર પડે કે પોતે કયા ધર્મને સ્વીકારે છે. ત્યાં સુધી તો કોઈને ખબર પડે નહિ કે આ વૈશ્નવ છે કે આ જૈન છે. એવું તો કોઈ ધર્મનું ચિહ્ન નથી. ધર્મનો વેશ નથી. પણ સાધુને તો ધર્મનો વેશ હોય છે. એટલે ધાર્મિક વેશ પોતાનો સ્થાનકવાસીનો હતો. એમણે એમ કહ્યું કે .. હોય એવી રીતે સમ્યગ્દર્શન થવામાં નથી આવતો. પણ એ વખતે એનો આગ્રહ છૂટી ગયેલો હોય છે. એ વખતે એનો આગ્રહ છૂટી ગયો હોય છે. ૪૧ નંબરનું પેજ છે.

'**અવિરત ગુણસ્થાનવાલે સમ્યગ્દષ્ટિકે 'અસંયમ' વિશેષણકી અપેક્ષા દ્રષ્ટવ્ય.**' એ દર્શાવવા યોગ્ય છે. એમ કરો ૩૯ પેજથી લ્યો. ૩૯ પેજથી વિષય ચાલુ થઈ ગયો છે. '**વીતરાગદષ્ટિકો અસંયમી, અવ્રતીકી સંજ્ઞા!!**' આશ્ચર્ય ચિહ્ન મૂક્યું છે. બે આશ્ચર્યના ચિહ્ન મૂકેલા છે. એક બાજુથી સમ્યગ્દષ્ટિને વીતરાગદષ્ટિ એવું વિશેષણ લગાડી શકાય છે. એ જ સમ્યગ્દષ્ટિને અસંયમી અને અવ્રતી નામ કેમ આપી શકાય? અથવા કેમ આપ્યું છે? એવું પરસ્પર વિરુદ્ધ કેમ કથન આવે છે? વીતરાગદષ્ટિ અને પાછા અસંયમી ને અવ્રતી કહો? બે વાત કેમ મેળ ખાય છે?

'**આગમમેં ચારિત્રકે ચાર ભેદ બતલાયે હૈં. યથાઃ સ્વરૂપાચરણ ચારિત્ર, દેશ ચારિત્ર, સકલ ચારિત્ર ઔર યથાખ્યાત ચારિત્ર.**' આ ચારેય અધ્યાત્મ ભાષાથી ચારિત્રની સંજ્ઞા છે. આગમભાષાથી એને મુનિ કહેવાય છે, એને ગૃહસ્થી કહેવાય છે અથવા ગૃહસ્થ શ્રાવક કહેવાય છે. શ્રાવક કહેવાય છે, મુનિ કહેવાય છે અને કેવળી કહેવાય છે. આગમમાં ચારિત્રના ચાર ભેદ કહ્યા છે. જેમ કે સ્વરૂપાચારણ ચારિત્ર, દેશ ચારિત્ર એટલે આંશિક વધેલું ચારિત્ર, સકલ ચારિત્ર એટલે મુનિદશાનું ચારિત્ર અને યથાખ્યાત ચારિત્ર એટલે બારમા ગુણસ્થાને પ્રાપ્ત થતું ચારિત્ર.

'**સ્વરૂપાચરણ ચારિત્ર સામાન્ય હૈ ઔર યથાખ્યાત ઉસકા વિશેષ હૈ.**' હવે ચારેય ચારિત્રની અંદર સ્વરૂપનું આચરણ છે. એટલે ચારેય ચારિત્રને સામાન્ય ચારિત્ર કહેવામાં આવે છે. ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર છે. એ ચારિત્ર પણ સ્વરૂપના આચરણ,

સ્વરૂપની સ્થિરતાનો અંશ છે. પાંચમાં ગુણસ્થાને જેને દેશ ચારિત્ર કહેવામાં આવે છે એ પણ સ્વરૂપાચરણ ચારિત્રનો વધેલો અંશ છે. સકલ ચારિત્ર મુનિદશાનું કહેવામાં આવે છે તે પણ સ્વરૂપ સ્થિરતાનો તેથી વધેલો અંશ છે. અને યથાખ્યાત ચારિત્ર છે એ સંપૂર્ણ સ્થિરતારૂપ બારમા ગુણસ્થાનનું ચારિત્ર છે. ચારિત્રની મુખ્ય લક્ષણવાળી જે દશા છે એ સ્વરૂપસ્થિરતાને ચારિત્ર કહેવામાં આવે છે. અને સ્વરૂપની અસ્થિરતાને અચારિત્ર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જાતિ અપેક્ષાએ ચારેય એક જ છે?

પૂજ્ય ભાઈશ્રી :- જાતિ અપેક્ષાએ એક જ જાતિનું ચારિત્ર થયું. જાતિ અપેક્ષાએ એક જ જાતિનું ચારિત્ર હોવા છતાં એકને અવિરત કહેવામાં આવે છે, એકને દેશસંયમ કહેવામાં આવે છે, એકને સકળ સંયમ કહેવામાં આવે છે અને એકને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એ બધા તારતમ્યતાના ભેદ છે?

પૂજ્ય ભાઈશ્રી :- તારતમ્યભેદ છે. ચારિત્રગુણ એક. ચારિત્રગુણની અવસ્થાઓના આ ચાર પ્રકાર. એટલે સ્પષ્ટતા કરવામાં આવે છે કે '**સ્વરૂપાચરણ ચારિત્ર સામાન્ય હૈ ઔર યથાખ્યાત ઉસકા વિશેષ હૈ.**' દેશસંયમ, સકલસંયમ અને યથાખ્યાત એ બધું એની વિશેષતાઓમાં જાય છે. '**ઔર સામાન્ય કભી ભી અપને વિશેષકો છોડકર નહિ વર્તતા, યહ નિયમ હૈ.**' અથવા સામાન્ય અને વિશેષ એકબીજાના અપેક્ષિત હોવાથી સાથે વર્તે છે. એટલે સામાન્ય હોય ત્યાં સામાન્યથી વિશેષ એમ અપેક્ષા લગાડવામાં (આવે છે કે) આના કરતા આ વિશેષ, આના કરતા આ વિશેષ. '**સ્વરૂપાચરણકે પૂર્ણ વિકાસકા હી નામ યથાખ્યાત હૈ.**' સ્વરૂપાચરણની સંપૂર્ણ શુદ્ધિ થઈ, સંપૂર્ણ સ્થિરતા થઈ તેનું નામ યથાખ્યાત છે. '**ચૌથે ગુણસ્થાનમેં નિશ્ચિતરૂપસે સ્વરૂપચારણ ચારિત્ર તો રહતા હી હૈ.**'

'**ચૌથે ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિકો સર્વ નિવૃત્તિરૂપ પરિણામ, પ્રતિજ્ઞા પૂર્વક નિયમ યા યાવજ્જીવન હિંસાદિ પાપોંકા એકદેશ યા સર્વદેશ નિવૃત્તિ જિસે-આગમભાષામેં વ્રત કહા ગયા હૈ ઐસા પ્રકાર નહીં હોતા હૈ.**' એટલે શું છે? ચોથા ગુણસ્થાનવર્તીને સર્વથા નિવૃત્તિરૂપ પરિણામ નથી હોતા. એને પૂર્વ કર્મના ઉદય અનુસાર પ્રવૃત્તિ હોય છે. પ્રતિજ્ઞાપૂર્વક એમને કોઈ નિયમ હોતો નથી. જે પંચમ ગુણસ્થાનથી પ્રતિજ્ઞા શરૂ થાય, પ્રતિમા જેને કહેવામાં આવે છે, ચોથા ગુણસ્થાનમાં એ નિયમ નથી. અને યાવજજીવન હિસાંદિ પાપોનો, જે હિંસાદિ પાપોનો એકદેશ ત્યાગ કે સર્વદેશ ત્યાગ જીવન પર્યંત ન કરે. એવી નિવૃત્તિ એમને નથી હોતી. એને આગમભાષામાં વ્રત

કહ્યું છે. એ પ્રકારનું વ્રત ચોથા ગુણસ્થાને નથી હોતું.

'**ઈસી પ્રકાર ઉસકો ભોગ યા ઉપભોગ્ય વસ્તુઓંકા જીવન પર્યંતકે લિયે ત્યાગ-જીસે આગમમેં યમ કહા હૈ, ભી નહીં હોતા.**' ઈસ પ્રકાર ઉસકે ભોગ વ ઉપભોગ્ય વસ્તુનો-પાંચ ઈન્દ્રિયના વિષયોનો ભોગ-ઉપભોગ્ય વસ્તુનો બહારમાં ત્યાગ નથી હોતો. એને આગમભાષામાં યમ કહે છે. વ્રત અને યમ એટલે સંયમ. સમ્યક્ પ્રકારે યમ તે સંયમ. વ્રત સંયમ નથી. સમ્યગ્દૃષ્ટિને વ્રત સંયમ નથી. '**અર્થાત્ સમ્યક્રૂપસે યમ અર્થાત્ નિયંત્રણ યા સંયમનરૂપ જો સંયમ હૈ, વહ પ્રકાર નહીં રહતા હૈ.**' એ પ્રકાર નથી. સ્વરૂપાચરણ છે તો પણ બહારમાં આ પ્રકાર નથી, એમ કહેવું છે.

'**તથાપિ, સમ્યગ્દૃષ્ટિકો શુદ્ધાત્માકી ઉપલબ્ધિરૂપ સંયમ હૈ;...**' હવે અહીંથી સંયમ સ્થાપે છે. આટલું સ્પષ્ટ કર્યા પછી આમ હોવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ જે સંયમ છે એ તો છે જ. સર્વથા સંયમનો અભાવ છે એમ કહેવું એ સમ્યગ્દૃષ્ટિના સ્વરૂપને નહિ સમજવા બરાબર છે. ક્યોંકિ વહ સમ્યક્ત્વકા અવિનાભાવી હૈ. સમ્યગ્દર્શનની સાથે જેમ સમ્યક્જ્ઞાન અવિનાભાવી છે, જેમ આત્માનો આનંદ અવિનાભાવી છે, એમ સ્વરૂપાચરણ ચારિત્રરૂપ જે સંયમ છે એ પણ અવિનાભાવી છે.

'**ઈસી ભાંતિ ઉસકો નિશ્ચયકી અપેક્ષાસે વિશુદ્ધ જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ વ્રત ભી હૈ;...**' અને એ જ પ્રકારે જો એને સ્વરૂપાચરણરૂપ સંયમ છે તો એને નિશ્ચયની અપેક્ષાએ વિશુદ્ધ જ્ઞાનદર્શનરૂપ જે સ્વભાવ, એ સ્વભાવરૂપ વ્રત પણ એને છે. વ્રત એટલે વીંટળાવું. એ પણ એને છે. વ્રત સંયમ બાહ્ય અપેક્ષાએ નથી. વ્યવહાર અપેક્ષાએ નથી તો પણ નિશ્ચય અપેક્ષાએ છે, એમ કહેવું છે. '**કારણ કિ ઉસને આંશિક હી સહી પરંતુ રાગકા સમ્યક્ પરિહાર તો કિયા હી હૈ.**' રાગનો નાશ કરવો તેનું નામ વ્રત છે. અને સ્વરૂપનું ગ્રહણ કરવું તેનું નામ વ્રત છે. તો બેય કર્યું છે એણે. આંશિક રાગનો એણે નાશ કર્યો છે. અનંતાનુબંધીના ક્રોધ, માન, માયા, લોભ ચારેય પ્રકારમાં બે રાગ અને બે દ્વેષ, બંને આવી ગયા. એનો એણે નાશ કર્યો છે. તો રાગ-દ્વેષનો નાશ થયો ને એને? '**તથાપિ ઉસકા ચારિત્ર વ્રતાદિરૂપ પરિણત ન હોનેસે વહ ચારિત્ર બાહ્યમેં વ્યક્ત નહિ હો પાતા હૈ.**'

'**પ્રકૃત પ્રકરણમેં અબ વિચારણીય હૈ કિ ઐસા સમ્યગ્દૃષ્ટિ જિસને અપને પુરુષાર્થસે સ્વયંભૂરમણ સમુદ્રકો બાહુબલસે તૈર જાનેસે ભી અતિ દુસ્તરરૂપ અનંતસંસારપરિભ્રમણકે મૂલ-દર્શનમોહકો પરાજિત કર દિયા હૈ. ફિર ભી આગમભાષામાં ઉસે અવિરતિ, અસંયમી કહા હૈ, ઉસકે પીછે ક્યા વિવિક્ષા હૈ?**' અહીંયાં શું પ્રશ્ન ઉઠાવ્યો છે? કે એક જીવ જે સમ્યગ્દૃષ્ટિ થયો એણે અપ્રતિમ પુરુષાર્થ કર્યો અને એણે દર્શનમોહનો

નાશ કર્યો. અનંત સંસારનો નાશ કર્યો. તો એણે કેટલું મોટું કામ કર્યું છે? કે કોઈ ભુજાએ કરીને-હાથેથી તરીને, વગર નાવ-નાવ વગર, સાધન વગર સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય યોજનનો સમુદ્ર છે એ કોઈ તરી જાય એટલી શક્તિ હોય એના કરતાં પણ જેણે વિશેષ શક્તિવાળું કાર્ય પુરુષાર્થથી કર્યું છે. આટલો મોટો પુરુષાર્થ કર્યો અને દર્શનમોહ જેવા મહારથીને પછાડ્યો, મોટા દુશ્મનને હરાવ્યો તો પણ એને અવિરતી અને અસંયમી એવું અવગુણવાચક વિશેષણ શું કરવા લગાડો છો? એમ કહે છે. આ પ્રશ્ન ઉઠાવ્યો છે. એની પાછળ કહેવા શું ધાર્યું છે? કહેનારે શું કહેવા ધાર્યું છે? કાંઈક કહેવા ધાર્યું છે. આવે છે તો આગમની વાત છે આ તો. આગમભાષામાં એમને અવિરતી અને અસંયમી કહ્યા છે. પ્રસિદ્ધ વાત છે. તો આગમ જેણે રચ્યા એને શું કહેવું છે આની પાછળ? એમનો હેતુ શું છે? ઈરાદો શું છે? વિવિક્ષાનો અર્થ છે-કહેવા ધારેલો ઈરાદો. એ શું છે? એમ પૂછે છે. '**ઈસકા સમ્યક્ આલોકન કરના આવશ્યક હૈ. ઈસી સંદર્ભમેં નિમ્ન મંતવ્ય ધ્યાનાર્થ પ્રસ્તુત હૈ.**'

હવે આજ વિષયની અંદર યુક્તાનુશાસન અને શીલપાહુડના બે આધાર મૂક્યા છે. '**અસંયત સમ્યગ્દષ્ટિયોંકે ભી સ્વાનુરૂપ મનઃ સામ્યકી અપેક્ષા સમ હોતા હૈ. ક્યોંકિ ઈસકે સંયમકા સર્વથા અભાવ નહિ હૈ.**' યુક્તાનુશાસન કરીને જે શાસ્ત્ર છે, એ શાસ્ત્રની ૫૧મી ગાથા છે. એ એમ કહે છે કે અસંયત સમ્યગ્દષ્ટિને પણ સ્વાનુરૂપ મનઃ સામ્યકી અપેક્ષા સ્વાનુરૂપ કે સ્વાનુભવરૂપ છે? સ્વ અનુરૂપ. સ્વ અનુરૂપ મનઃ સામ્યકી અપેક્ષા સમ હોતા હૈ. એને સમ છે. સામ્યભાવ ઉત્પન્ન થયો છે. જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થયું છે એટલે એને સામ્ય પ્રગટ થયું છે. એટલે એને સમ પ્રગટ થયો છે. '**ક્યોંકિ ઈસકે સંયમકા સર્વથા અભાવ નહીં હૈ.**' કેમ કે તે સમ્યગ્દષ્ટિને...

... એકવચનને એવી રીતે બહુવચન તરીકે નહિ લેવું જોઈએ કે એ બીજી વાતનો સર્વથા નિષેધ થઈ જાય અથવા એની મર્યાદાનો લોપ થાય. 'શ્રીમદ્જી'એ નયાભાસ કોને કહ્યો છે? પાછળ અભ્યંતર પરિણામ અવલોકનમાં એક વાત લીધી છે કે નયના વિષયની મર્યાદા છોડીને કોઈ જીવ તે નયના વિષયનું નિરૂપણ કરે તો તેને નયાભાસ કહીએ. એમણે તો કાઠિયાવાડી ભાષા વાપરી છે કે નયના વિષયથી આઘો જાય તે નયાભાસી. નયના વિષયથી આઘો વયો જાય. આઘો વયો જાય એટલે? એની મર્યાદા છાંડીને દૂર જાય તો તેને નયાભાસ કહીએ.

અહીંયાં કહે છે કે સમ્યગ્દષ્ટિને અવિરતી અને અસંયમી કહેવાય છે તો એની કોઈ મર્યાદા છે કે સર્વથા અવિરતી અને અસંયમી છે? તો યુક્તાનુશાસન નામનું દિગંબર આગમ એમ કહે છે કે '**ઈસકે સયંમકા સર્વથા અભાવ નહીં હૈ.**' સર્વથા

અભાવ માનશો નહિ. સર્વથા અભાવ માનીને અસંયમી અને અવિરતી કહેશો તો તમે નયાભાસીમાં જશો. સમ્યગ્દષ્ટિને તમે ઓળખી શકશો નહિ. આ નંબર એક આગમ આધાર.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હોય જ. અવિનાભાવી હોય, હોય ને હોય જ. સમ્યગ્દર્શન પ્રગટે ત્યાં અનંત ગુણો શુદ્ધ થઈને પરિણમે છે. એટલે સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહેવામાં આવે છે. એમાં ચારિત્રગુણ બાદ નથી ગયો. ચારિત્રગુણની બાદબાકી નથી એમાં. સર્વગુણાંશમાં ચારિત્રગુણ આવે છે. એને સ્વરૂપાચરણ નામનું ચારિત્ર હોય છે. એ જ ચારિત્ર વધીને દેશસંયમરૂપ ગણવામાં આવે છે પાંચમા ગુણસ્થાનમાં. એ જ સ્વરૂપાચરણને મુનિદશામાં સકળ ચારિત્ર કહેવામાં આવે છે. એ જ ચારિત્રને બારમા ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે. તે બધા જ વિશેષો સ્વરૂપાચરણના જ વિશેષો અથવા ભેદો છે એમ સમજવું.

મુમુક્ષુ :- પાયો નખાઈ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાયો નખાઈ ગયો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'યુક્તાનુશાસન'ની તો ખબર નથી પણ 'શીલપાહુડ'ના તો 'કુંદકુંદાચાર્ય' છે, 'અષ્ટપાહુડ'માં એક 'શીલપાહુડ' છે. એ 'કુંદકુંદાચાર્ય'નો આધાર છે. 'યુક્તાનુશાસન'ની કાંઈ ખબર નથી કોણ રચયિતા છે. આની અંદર તો ૫૫ શાસ્ત્રોના આધાર છે. પાના ૫૪ છે અને શાસ્ત્ર આધાર ૫૫ છે. ૧૯૫ આગમના આધાર છે. ૫૪ પાને વિષય પૂરો કર્યો છે. એટલા તો શાસ્ત્ર આધાર છે.

મુમુક્ષુ :- શાસ્ત્રના નામ લખ્યા છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, શાસ્ત્રોના નામ લખેલા છે.

**'સમ્યક્ત્વ હોય તો વિષયોંમેં વિરક્ત હોય હી હોય...'** 'શીલપાહુડ' ગાથા-૪૦. **'સમ્યક્ત્વ હોય તો વિષયોંમેં વિરક્ત હોય હી હોય. જો વિરક્ત ન હોય તો સંસાર-મોક્ષકા સ્વરૂપ કહાં જાન્યા?'** જો વિરક્ત થયા જ ન હોય, બિલકુલ વિરક્ત ન થયા હોય સમ્યગ્દષ્ટિ તો એણે સંસાર અને મોક્ષનું સ્વરૂપ શું જાણ્યું? તો એણે કાંઈ સંસાર-મોક્ષનું સ્વરૂપ નથી જાણ્યું. માટે સમ્યક્ત્વ હોય છે તે અવશ્ય વિરક્ત હોય જ છે. અવશ્ય વિરક્ત હોય છે, એમ કહે છે. એની વિરક્તિ લીધી છે. એક બાજુથી અવ્રતી અને અસંયમી કહે છે તો પણ એ વિરક્ત છે એમ કહ્યું છે. રાગથી વિરક્ત છે.

સમ્યગ્દષ્ટિ ખરેખર રાગથી વિરક્ત છે. ક્યારે એ સમ્યગ્દષ્ટિ થયા? કે જ્યારે

એમને રાગમાં દુઃખ લાગ્યું ત્યારે. મુમુક્ષુદશામાં જે કોઈ જીવને વિકલ્પમાં અને રાગમાં દુઃખ લાગ્યું ત્યારે એનાથી ભિન્ન પડ્યા અને રાગથી ભિન્નપણે પોતાની જ્ઞાનમય જ્ઞાનસત્તાનો અનુભવ કર્યો ત્યારે એ રાગથી વિરક્ત થઈને અનુભવ કર્યો છે. રાગની એકતા અને રક્તતા એણે છોડી છે. એ એમની વિરક્તિ છે.

જુઓ! મિથ્યાત્વ ગુણસ્થાનમાં દ્રવ્યલિંગી પર્યંતનો ત્યાગ કરવો સહેલો છે પણ રાગની વિરક્તિ એટલી સહેલી નથી. અનંત વાર દ્રવ્યલિંગી થયો છે. એક વાર પણ રાગથી વિરક્ત થઈને સમ્યગ્દૃષ્ટિ થયો નથી. આ વિશેષતા છે કે નહિ સમ્યગ્દૃષ્ટિની? એટલે સમ્યગ્દૃષ્ટિ રાગથી વિરક્ત છે.

મુમુક્ષુદશામાં રાગથી વિરક્ત થવા માટે પુરુષાર્થ કરે તો એને સમજણ પડે કે આ કઈ જાતનો, કેવા પ્રકારનો અને કેટલા હદનો પુરુષાર્થ છે. ભુજાએ કરીને સ્વયંભૂરમણ સમુદ્ર તરે તેના કરતાં પણ જેના પુરુષાર્થને વધારે બળવાનપણાની ઉપમા આપવામાં આવી. પુરુષાર્થને બીજી રીતે સમજાવી શકાતું નથી એટલે શરીરબળનું દૃષ્ટાંત આપ્યું. શરીર સાથે કાંઈ લેવા-દેવા નથી. કૃષમાં કૃષ શરીર હોય તો પણ એ પુરુષાર્થ કરી શકે છે. પણ આ તો એક સમજાવવા, લોકોને સમજાવવા એ દૃષ્ટાંત આપ્યું છે. તો આટલો જેનો પુરુષાર્થ છે, એ પુરુષાર્થને ઓળખવા માટે એને પોતાને તો એ Lineમાં પ્રવેશ કરે ત્યારે સમજણ પડે ને કે આમાં કેટલો પુરુષાર્થ પ્રગટ થાય છે. રાગ ઉત્પન્ન થયો કે તે જ સમયમાં એકત્વ થઈ જાય છે. આ રાગથી ભિન્ન છું એટલો વિકલ્પ કરે તો પણ એકત્વ થઈ જાય છે. એવા વિકલ્પ સાથે એકત્વ થઈ જાય છે. કરે તો ખરો વિરક્તિ કેમ થાય છે.

મુમુક્ષુ :- રાગથી ભિન્ન જ છે તો પણ કહો છો કે ...

પૂજ્ય ભાઈશ્રી :- રાગથી ભિન્ન પડી ગયો છે અને ભિન્ન પડેલા રાગવાળો હોય છે. રાગવાળો હોય છે ખરો પણ ભિન્ન પડેલા રાગવાળો. રાગમાં એને પોતાનું પોતાપણું, પોતારૂપપણું અનુભવ થતો નથી. પોતાના ધ્રુવ સ્વરૂપમાં પોતાના સ્વરૂપપણાનો અનુભવ છે અને રાગ તે હું નહિ એવો અનુભવ છે. એવો અનુભવ છે. તો કહે છે કે એવું કેમ થયું? અને એવું કેમ નથી થતું? આ વિષયમાં જરા ઊંડા ઉતરવા જેવો વિષય છે.

જેને રાગમાં દુઃખ લાગે છે એ જ રાગથી ખસી શકે. જેને રાગમાં દુઃખ ન લાગે તે રાગથી ખસી શકે નહિ. આ નિયમબદ્ધ વાત છે. રાગમાં દુઃખ છે અને દુઃખ લાગવાની વાત છે, કલ્પના કરવાની વાત નથી. જો રાગમાં દુઃખ લાગે તો જ્ઞાનમાં સુખ છે-આત્મામાં સુખ છે એમ લાગે. અને તો આત્મા બાજુ જાય. જ્યાં

ઊભો છે ત્યાં દુઃખ છે અને દુઃખ ન લાગે તો એને આત્મામાં સુખ છે એમ ભાસે નહિ-લાગે નહિ અને આત્મા ભણી જાય નહિ. આ નિયમબદ્ધ વાત છે.

મુમુક્ષુ :- એકાંતે દુઃખના બળથી છૂટો પડે એવો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહારના દુઃખની વાત છે. એ બહારના દુઃખની વાત છે. પ્રતિકૂળતાઓ આવે છે ને? કે તું નરકમાં જઈશ, તું નિગોદમાં જઈશ. તને આમ પ્રતિકૂળતાઓ આવશે, ફલાણું થશે, ઢીંકણું થશે. ઈ વાત છે.

અહીંયાં એક બીજો પ્રશ્ન પૂછવા જેવો છે કે માણસની ઈચ્છા હોય એ ઈચ્છા અનુસાર વાત ન થાય તો એને ગમતું નથી, દુઃખ થઈ આવે છે. પોતાનું ધાર્યું ન થાય નાની-મોટી વાતમાં, ગમે તે વાતમાં પોતાનું ધાર્યું ન થાય તો એને દુઃખ થાય છે. તો એને શું છે કે પોતાના રાગ પ્રમાણે ન થયું એનું દુઃખ છે. પછી ભલે બહાર વ્યક્ત કરે કે ન કરે એની સાથે સવાલ નથી. પુણ્ય ન હોય તો અંદરને અંદર સમસમી રહે કે આપણા પુણ્ય નથી શું કરીએ? બાકી આ તો જરાય આપણને ગમતું નથી, ફાવતું નથી. શું થાય? બરાબર છે?

મુમુક્ષુ :- દુઃખ લાગે છતાં એ જ ઈચ્છા ચાલુ રાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને એ ઈચ્છા છે એનો અર્થ જ ઈ છે. ઈચ્છાનો અર્થ શું છે? ઈચ્છાનો અર્થ જ ઈ છે કે આ મને ઈષ્ટ છે. મારો ઈચ્છિત વિષય આ છે. તો એ તો બંધ થાય જ નહિ. જ્યાં સુધી ઈચ્છા અનુસાર કાર્ય ન થાય એ દુઃખ બંધ થઈ શકે જ નહિ. વાસ્તવિક્તા છે એ તો. પરિણમનની એ વાસ્તવિક્તા છે.

હવે અહીંયાં આપણે પ્રશ્ન ઉઠાવીએ કે રાગનું દુઃખ નથી લાગતું તો એનો અર્થ કે રાગની ઈચ્છા છે. નહીંતર દુઃખ લાગ્યા વગર રહે નહિ. વીતરાગી સિદ્ધાંત અનુસાર રાગ કરવા યોગ્ય નથી, રાગ કરાવવા યોગ્ય નથી અને રાગ અનુમોદનને યોગ્ય નથી. બરાબર છે? મન, વચનથી અને કાયાથી નવ કોટિ થઈ ગઈ. કઈ કોટિ તૂટે છે? નવે નવ કોટી. પોતે કરે છે એટલે પહેલી કોટિ તૂટી. કરાવવાની વાત એક બાજુ મૂકી દો. પણ એ રાગને પોતે સંમત કરે છે. ત્યાં અભિપ્રાયનો સૂક્ષ્મ દોષ ઊભો થાય છે.

ફરીને, થોડો સૂક્ષ્મ વિષય છે. કરે છે એ તો સ્થૂળ દોષ છે. પણ જે અનુમોદે છે એ સૂક્ષ્મ દોષ છે. બહુભાગ જે નવ કોટિ તૂટે છે એ અનુમોદનામાં ટૂટે છે. કેમ કે કરવું, કરાવવું એ સ્થૂળ દોષો છે. મન-વચન-કાયાના પરિણામ તો એથી પણ (વધારે) સ્થૂળ છે. ત્યાં તો જીવને ખ્યાલ આવે છે કે આમ ન થવું જોઈએ. પણ અનુમોદનામાં ભૂલી જાય છે. તો જે રાગ થઈ રહ્યો છે એની અવસ્થામાં,

એનો નકાર કરતો નથી. એનું દુઃખ એને લાગે અને દુઃખ લાગીને જે નકાર થવો જોઈએ એનો એને નિષેધ આવતો નથી. એનો અર્થ કે તું રાગ સાથે સંમત છો. અંદરમાં સંધિ છે તારી. ... થયેલી વાત છે. બરાબર છે? આ એટલે મિથ્યાત્વ જાતું નથી. કેમ મિથ્યાત્વ જતું નથી? અથવા રાગથી કેમ વિરક્તિ થતી નથી? કે રાગની અને તારી જે મૈત્રી છે એ તો બરાબર સંધિપૂર્વકની મૈત્રી છે. એ મૈત્રી નહિ છૂટે ત્યાં સુધી મિથ્યાત્વ નહિ જાય. રાગ તને સંમત છે. તારી ઈચ્છા વિરુદ્ધ થાય તો તને અણગમો થયા વગર રહે જ નહિ. બીજે કેમ તને ઈચ્છા વિરુદ્ધ થાય છે અને અણગમો થાય છે અને અહીંયાં રાગમાં નથી થતો?

'ગુરુદેવશ્રી'એ જે રાગને બહુ ધોકા માર્યા છે ને, એની પાછળ બહુ ઊંડી સમજણ છે કે મૂળ જે તને રાગ સાથેનું સંમતપણું છે, આ તારો અભિપ્રાય .. છે. એનો નકાર જ્યાં સુધી તને ઊભો નહિ થાય ત્યાં સુધી વીતરાગ દશાનો એક અંશ પ્રારંભ થવો મુશ્કેલ છે. નહિ થઈ શકે. આ બહુ ચોખ્ખેચોખ્ખી વાત છે.

મુમુક્ષુ :- રાગની સાથે મમત્વ ભળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મમત્વ-મારાપણું કરી જ લે છે. એના કરતાં પણ શું છે કે જીવને સંમત છે. રાગ થાય છે એ એને સંમત છે કે ભલે થયો. તું થા ભાઈ, તું આવ ભાઈ, મને વાંધો નથી. એ કે દિ' જાય? સમ્યગ્દૃષ્ટિએ એ કામ કરેલું છે.

જે આત્માઓ રાગથી વિરક્ત થઈને સમ્યગ્દૃષ્ટિ થયા એણે રાગની સંમતિ તોડી નાખી છે. ૩૦૭ નંબરના (બોલમાં) 'પરમાગમસાર'માં 'ગુરુદેવશ્રી'નું વચન છે કે રાગની તીવ્ર અરુચિ થાય એ ભેદજ્ઞાનનું લક્ષણ છે. ભેદજ્ઞાનના ફળમાં સમ્યગ્દર્શન આવ્યું છે. ભેદજ્ઞાનનો પ્રયોગ કરતાં, ભેદજ્ઞાનનો પુરુષાર્થ કરતાં કરતાં સમ્યગ્દર્શનનો શુદ્ધોપયોગ ઉત્પન્ન થયો છે. તેનું લક્ષણ બાંધ્યું છે કે રાગની તીવ્ર અરુચિ થાય, એમાં બળું છું એમ લાગે ત્યારે સમજવું કે હવે સમ્યગ્દર્શન થવામાં વાંધો નહિ આવે. હવે ભેદજ્ઞાનનું કાર્ય બરાબર ચાલે છે. નહિતર ભેદજ્ઞાનનો વિકલ્પ કરે છે, રાગ તે આત્મા નહિ, જ્ઞાન તે આત્મા. આત્મા જ્ઞાનસ્વભાવી છે. આત્મા રાગસ્વભાવી નથી. રાગ તો આત્માનો વિભાવ છે. આવી બધી ગોખણપટ્ટી ચાલે છે વિકલ્પમાં. એ કોઈ ભેદજ્ઞાનનું સ્વરૂપ નથી. એ કાંઈ ભેદજ્ઞાન નથી. અને ભેદજ્ઞાન વગર આરોવારો નથી. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' એ ભેદવિજ્ઞાન, રાગમાં દુઃખ લાગે નહિ તો રાગને એ સંમત કરે છે, રાગને એ ઘૂંટે છે, રાગને એણે સાથે રાખવો છે અને આગળ જવું છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં કોઈ દિવસ બનશે નહિ. હેઠે વયો જઈશ, આગળ નહિ જઈ શકે. નીચે વયો જઈશ.

મુમુક્ષુ :- રામચંદ્રજી લક્ષ્મણને લઈને છ મહિના ફર્યા.

પૂજ્ય ભાઈશ્રી :- છતાં રાગથી વિરક્ત છે. શેઠનો મુનીમ શેઠની સાથે ઝઘડો કરે. કરે કે ન કરે? કોઈ વેપાર એવો કર્યો હોય કે જેમાં શેઠને નુકસાન જાય એવું હોય. તો શેઠને ઝઘડો કરે. અને શેઠ નાની ઉંમરનો હોય અને મુનીમ મોટી ઉંમરનો હોય એવું તો બને ને? બાપના વખતથી નોકરી કરતો હોય અને શેઠ તો ... શેઠની ગાદી ઉપર આવ્યો હોય તો એને તુંકારે બોલાવતો હોય કે અક્કલ છે કે નહિ તારામાં? આ ધંધો ન કરાય. પેઢી ઉઠી જશે. તને હજાર વાર કીધું કે આ રીતે ધંધો કરમાં તું, તારી પેઢી વઈ જશે. તારામાં અક્કલ નથી એમ કહી દ્યે. કહે કે ન કહે? કોઈકને એમ લાગે કે ધણી તો આ લાગે છે. શું લાગે? કે એને ખબર છે કે એક પાય આ માણસ અપ્રમાણિકપણે આ પેઢીમાંથી લે એવો નથી. એટલી એની પ્રમાણિક્તા છે. એવું બની શકે. તો ત્યાં વાંધો નથી આવતો. આ નોકર છે અને શેઠ નથી એમ સ્વીકારતા ત્યાં વાંધો નથી આવતો. અહીંયાં 'રામચંદ્રજી'ના ખભે મડદું જોવે તો કહે, આટલો બધો રાગ કેમ?

ખરેખર તો શું છે કે જીવને રાગનો સાચો અભ્યાસ નથી. અવલોકનથી અભ્યાસ નથી કે રાગની મર્યાદા શું? રાગની પરાકાષ્ટા શું? અને રાગ ક્યાં કેવો હોય? બળદેવ વાસુદેવને ભાઈ તરીકેનો એવો જ રાગ હોય છે, કુદરતી પૂર્વ કર્મને લઈને. જે પૂર્વ કર્મને લઈને બંને ભાઈ થયા છે એને એવો જ રાગ હોય છે. છતાં જે પોતે સમ્યગ્દૃષ્ટિ છે, બળદેવ છે એ સમ્યગ્દૃષ્ટિ હોય છે, તદ્ભવ મોક્ષગામી હોય છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય. એને એકત્વનો રાગ થતો નથી. એકત્વનો રાગ નથી થતો તે નથી જ થતો. એ વાત સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- ... એ નરકમાં ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ભાઈ તરીકેનો રાગ છે. એ તો એ ભવમાં એના પરિણામ હોય છે. બાકી તીર્થંકર દ્રવ્ય છે. 'લક્ષ્મણ' પોતે તીર્થંકર દ્રવ્ય છે. 'શ્રીકૃષ્ણ' પોતે તીર્થંકર દ્રવ્ય છે.

મુમુક્ષુ :- સમ્યક્દૃષ્ટિ જ હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો પૂર્વભવમાં, પૂર્વભવમાં. નિદાન બંધને કારણે અર્ધ ચક્રી તરીકે આવે છે, વાસુદેવ તરીકે આવે. બાકી મુનિદશામાં એ નિદાન થઈ ગયેલું છે. ...માં તો મુનિદશા સુધી ગયા હોય છે.

**'અવિરત ગુણસ્થાનવાલે સમ્યગ્દૃષ્ટિકે 'અસંયમ' વિશેષણકી અપેક્ષા દૃષ્ટવ્ય :'** જે બતાવવા જેવી વાત છે તે વાત અહીંયાં એક બતાવી છે. **'સંયમ દો પ્રકારકા**

**હૈ-એક ઇન્દ્રિયસંયમ ઔર દૂસરા પ્રાણસંયમ. ઇન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હોનેકો ઇન્દ્રિય-સંયમ ઔર અપને તથા પરકે પ્રાણોંકી રક્ષાકો પ્રાણસંયમ કહતે હૈં.**' શાસ્ત્રની અંદર આ બે પ્રકાર ચાલ્યા છે. '**ઇસ ગુણસ્થાનમેં દોનોં સંયમોંમેંસે કોઈ ભી સંયમ નહીં હોતા...**' ન તો સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળાને ઇન્દ્રિયસંયમ હોય છે કે ન તો એને પ્રાણસંયમ હોય છે. '**અતએવ ઇસકો અવિરત સમ્યગ્દૃષ્ટિ કહતે હૈં.**' અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાનું આ કારણ છે કે બહારમાં આ બે પ્રકારના જે વ્યવહાર સંયમ આગમમાં કહ્યા છે તે નથી.

'**પરંતુ ગુણસ્થાનકે લક્ષણમેં જો 'અપિ' શબ્દ પડા હૈ, ઉસસે સૂચિત હોતા હૈ કિ વહ બિના પ્રયોજન કિસી હિંસામેં પ્રવૃત્ત નહીં હોતા.**' કોઈ પ્રયોજન વગર એ અમથો અમથો હિંસા કરે એવા સમ્યગ્દૃષ્ટિ હોતા નથી. '**ક્યોંકિ યહાં અસંયમભાવસે પ્રયોજન અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયકે ક્ષયોપશમસે પાંચવે આદિ ગુણસ્થાનોંમેં પાયે જાનેવાલે દેશસંયમ તથા આગેકે સંયમભાવકે નિષેધસે હૈ.**' અસંયમમાં પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળો સંયમ નથી એટલો જ નિષેધ છે. એની મર્યાદા એટલી જ સમજવી. '**અતએવ અસંયત કહનેકા અર્થ યહ નહીં હૈ કિ સમ્યગ્દૃષ્ટિકી પ્રવૃત્તિ મિથ્યાદૃષ્ટિકે સમાન અથવા અનર્ગલ હુઆ કરતી હૈ.**' ઐસા નહીં સમજના ચાહિયે. '**ક્યોંકિ ચતુર્થ ગુણસ્થાનમેં ૪૧ કર્મ પ્રકૃતિયોંકે બંધકા વ્યુચ્છિત્તિકે નિયમાનુસાર અભાવ હો જાયા કરતા હૈ.**' ૪૧ પ્રકારના બંધનો અભાવ થયો તો ૪૧ પ્રકારના બંધને યોગ્ય જે અશુદ્ધ ભાવ છે એ નાશ પામ્યા. એટલો અસંયમ ગયો એનો. '**અતએવ ૪૧ કર્મોંકે બંધકી કારણભૂત પ્રવૃત્તિયાં ઉસકે ન તો હોતી હૈ ઔર ન ઉનકા હોના સંભવ હી હૈ. અત એવ ઉસકી અંતરંગ-બહિરંગ પ્રવૃત્તિયોંમેં નીચેકે તીન ગુણસ્થાનવાલોંકી અપેક્ષા મહાન અંતર હો જાયા કરતા હૈ.**'

'**ધ્યાતવ્ય હૈ કિ બંધ યોગ્ય કુલ પ્રકૃતિયાં ૧૨૦ હૈં, જિનમેં મિથ્યાદૃષ્ટિકો તીર્થંકર, આહારક શરીર ઔર આહારક આંગોપાંગ ઇન તીનકા બંધ નહીં હોતા.**' (ગોમ્મટસાર, જીવકાંડ ગાથા-૨૯, પૃષ્ઠ-૨૨). હવે શું કહેવું છે? કે ૧૨૦ પ્રકૃતિનો જે બંધ છે મિથ્યાદૃષ્ટિને, બંધાવા યોગ્ય ૧૨૦ પ્રકૃતિ. એમાં મિથ્યાદૃષ્ટિને તો ૧૧૭ની જ બંધાય છે. કેમ કે ૩ તો સમ્યગ્દૃષ્ટિપણામાં જ બંધાય છે. તીર્થંકર પ્રકૃતિ, આહારક અને આહાર અંગઉપાંગ. આહારક શરીર અને આહારક અંગઉપાંગ. એ નામપ્રકૃતિ છે. તીર્થંકર એ પણ નામપ્રકૃતિ છે. આ ત્રણે નામપ્રકૃતિ તો કોઈ મિથ્યાદૃષ્ટિને બંધાતી નથી. એ તો સમ્યગ્દૃષ્ટિને જ બંધાય છે. ૧૧૭ (રહી). ઈ ૧૧૭માંથી ૪૧ ગઈ. ૧૧૭માંથી ૪૧ ગઈ એટલે ૭૬ પ્રકૃતિનો એને બંધ થાય છે. ૧૨૦માંથી ૭૬ પ્રકૃતિનો બંધ

થાય છે. મિથ્યાત્વ ગયું તો સાથે સાથે બીજી ૪૧ ગઈ.

‘**ઈસ પ્રકરણકી વિશેષ સ્પષ્ટતા હેતુ (સર્વાર્થસિદ્ધિ/૯/૧/૭૮૭) ધ્યાતવ્ય હૈ. અસંયમકે તીન ભેદ હૈં. અનંતાનુબંધીકા ઉદય, અપ્રત્યાખ્યાનવરણકા ઉદય ઔર પ્રત્યાખ્યાનવરણકા ઉદય. ઈસલિયે ઈસકે નિમિત્તસે જીસ કર્મકા આસ્રવ હોતા હૈ ઉસકા ઉસકે અભાવમેં સંવર જાનના ચાહિયે. યથાઃ અનંતાનુબંધી કષાયકે ઉદયસે હોનેવાલે અસંયમકી મુખ્યતાસે આસ્રવકો પ્રાપ્ત હોનેવાલી નિદ્રાનિદ્રા, પ્રચલા-પ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, સ્રીવેદ, તિર્યંચાયુ, તિર્યંચગતિ, મધ્યકે ચાર સંસ્થાન, મધ્યકે ચાર સંહનન, તિર્યંચગતિ પ્રાયોગ્યાનુપૂર્વી, ઉદ્યોત, અપ્રશસ્ત વિહાયોગતિ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય ઔર નીચગોત્ર ઈન પચીસ પ્રકૃતિયોંકા અનંતાનુબંધીકે ઉદયસે હોનેવાલે અસંયમકે અભાવમેં હી ઈનકા સંવર હોતા હૈ. અર્થાત્ ચતુર્થ ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિકો અનંતાનુબંધીકા ઉદય નહીં રહતા. તદ્દર્થ અસંયમકી મુખ્યતાવાલી ૨૫ કર્મ પ્રકૃતિયોંકા ભી ઉદય નહિ હોનેસે તદ્નિમિત્તક અસંયમ ભાવકા ભી સદ્ભાવ નહીં રહતા; યાની ઈન ૨૫ પ્રકૃતિયોંકે સંવર હોવે ઉતના સંયમ રહતા હૈ.**’ આ ગણિતાનુયોગ કીધો કે સમ્યગ્દષ્ટિ સંયમી છે અને અસંયમી નથી એની ખાતરી (શું)? એનું ગણિત છે? હા, એનું ગણિત છે. આ ૨૫ પ્રકારના અસંયમભાવ નથી. તેથી આ ૨૫ પ્રકારના અસંયમને કારણે જે ચારિત્રનો બંધ થાય, દોષ થાય એનું બંધન પણ એને નથી. એટલો સંયમ છે.

‘**ઉપરમેં ગોમ્મટસારજીકે ઉદ્ધરણમેં વર્ણિત ૪૧ કર્મ પ્રકૃતિયાં જો કિ સમ્યગ્દષ્ટિકે બંધસે વ્યચ્છિત્તિ હો જાતી હૈં-ઈનમેં સર્વાર્થસિદ્ધિમેં વર્ણિત ઉક્ત ૨૫ કર્મ પ્રકૃતિયાં અસંયમસે સંબંધિત હૈ. ઔર શેષ ૧૬ કર્મ પ્રકૃતિયાં મિથ્યાદર્શનકી પ્રધાનતામેં જિન પ્રકૃતિયોંકા આસ્રવ હોતા થા, ઉનકા મિથ્યાદર્શનકે અસદ્ભાવમેં વ્યચ્છિત્તિ જો હો જાતી હૈં-સે સંબંધિત હૈં.**’ એમ કરીને સર્વાર્થસિદ્ધિનો પાછો આધાર લેવો છે કે ‘**મિથ્યાદર્શનકી પ્રધાનતામેં આસ્રવકો પ્રાપ્ત હોનેવાલી પ્રકૃતિયાં-મિથ્યાત્વ, નપુંસકવેદ, નરકાયુ, નરકગતિ, નરકગતિ પ્રાયોગ્યાનુપૂર્વી, એકેન્દ્રિય, દ્વિ ઈન્દ્રિય, ત્રીઈન્દ્રિય, ચતુર ઈન્દ્રિયજાતિ, હુણ્ડસંસ્થાન, અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાત્પક ઔર સાધારણ શરીર=૧૬.**’ એ સોળ પ્રકારનો જે બંધ છે એ દર્શનમોહ જવાને લીધે નથી થતો. ઓલો ચારિત્રમોહ જવાને લીધે નથી થતો. એના ઉપરથી એ સિદ્ધ થયું... પછી કાલે વિશેષથી લેશું, થોડું લાંબું છે. એ સર્વથા અસંયમી નથી. પણ એની સંયમની મર્યાદા કેટલી છે એનું ગણિત આની અંદર આપેલું છે. વિશેષ લઈશું...

## તા. ૧૮-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૩૭ થી ૩૩૯
## પ્રવચન નં. ૨૫૭

૩૩૭ ચાલે છે. પાનું ૧૧૩. એમ કહ્યું કે '**આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી.**' આત્મદ્રવ્યમાં પોતાના સ્વભાવનું નિધાન અદ્ભૂત અને આશ્ચર્યાત્મક સ્વરૂપ ગુણનિધાન આત્મતત્ત્વ છે-પરમેશ્વર તત્ત્વ છે. એના ઉપરથી '**જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી.**' અવસ્થામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ સમ્યક્ વિભૂતિ પ્રગટ થાય છે તો પણ દૃષ્ટિ આત્મદ્રવ્ય ઉપરથી ખસીને પર્યાય ઉપર આવતી નથી. '**જો પર્યાયમાં રોકાય, પર્યાયમાં** (દૃષ્ટિ) **ચોંટી જાય, તો મિથ્યાત્વમાં આવી જાય.**' તો જ્ઞાનદશા છૂટી જાય. અજ્ઞાનદશામાં આવી જાય, મિથ્યાત્વમાં આવી જાય. પરમેશ્વરપદનો અનાદર થાય, અવિવેક થાય અને જ્ઞાનદશા ટકી શકે નહિ.

આ સંદર્ભમાં કાલે આપણે એ વિષય ચાલતો હતો કે જ્ઞાની છે એનું આવું પુરુષાર્થનું કાર્ય અંદરમાં અસાધારણ છે. તેમ છતાં એને અવિરતિ એવું વિશેષણ કેમ લગાવવામાં આવે છે? એ વિષય કાલે ચાલ્યો ને? અવિરત અને અસંયમ કહેવાય છે. તો અસંયમ સંબંધી ખુલાસો છે અહીંયા. પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનની અપેક્ષા-પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને જેટલી માત્રામાં સંયમ છે એનાથી હિણો સંયમ હોવાથી અસંયમ કહે છે. એવી અપેક્ષા છે. પણ ખરેખર સંયમ હોવાથી ૪૧ પ્રકૃતિનો એને બંધ થતો નથી.

મુમુક્ષુ :- એનો અર્થ એમ થયો કે દરેક માણસને બધી પ્રકૃતિનો બંધ (થાય છે).

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધી પ્રકૃતિનો આસ્રવ ચાલુ રહે છે.

મિથ્યાત્વની પ્રધાનતામાં આસ્રવ થવાવાળી પ્રકૃતિઓમાં મિથ્યાત્વ, નપુસંકવેદ, નરકાયુ, નરકગતિ, નરકગતિ પ્રાયોગ્યાનુપૂર્વી, એકેન્દ્રિય, દ્વિઇન્દ્રિય, ત્રીઇન્દ્રિય, ચતુરિઇન્દ્રિયજાતિ, હુણ્ડસંસ્થાન, અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાત્પક અને સાધારણ શરીર. એ ૧૬. સર્વાર્થસિદ્ધિમાંથી એનો આધાર છે.

મુમુક્ષુ :- ૨૫ અને ૧૬ = ૪૧.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૨૫ અને ૧૬=૪૧ પ્રકૃતિનો બંધ છે. એમાં ૨૫ છે એ ચારિત્રમોહને લઈને થાય છે. ૧૬ છે એ મિથ્યાદર્શનની પ્રધાનતાથી બંધને પામે છે. એવી જે ૪૧ પ્રકૃતિ છે એનો નાશ કરે છે. ચારિત્રની ૨૫ પ્રકૃતિનો નાશ થાય છે એનો અર્થ કે ત્યાં એટલું ચારિત્ર છે. એટલું સ્પષ્ટ થાય છે.

'**ઉક્ત સંદર્ભકી વિશેષ સ્પષ્ટતા કરતે હુએ આચાર્યદેવ (ઉપાસકાધ્યયન-કલ્પ-૨૧ શ્લોક-૨૪૫મેં) ફરમાતે હૈં કિ '...દર્શનમોહનીય ઔર અનંતાનુબંધી કષાય જૈસી પ્રકૃતિયોંકા ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય હો જાના મામૂલી બાત નહીં હૈ ઔર ઉનકે હો જાને સે જીવ કી પરિણતિમેં આમૂલ-ચૂલ પરિવર્તન હો જાતા હૈ.**' મૂળમાં ઘણો ફેરફાર થઈ જાય છે. '**ઉસીકે કારણ ઉસકે પ્રતિસમય અસંખ્યાત ગુણી કર્મ નિર્જરા હોતી હૈ.**' પ્રતિસમય અસંખ્યાત ગુણી કર્મ નિર્જરા છે. એટલે એક સમય જે કર્મનિર્જરા થાય એનાથી અસંખ્ય ગુણ ડબલ, ત્રબલ નહિ. બે ગુણા, ચાર ગુણા, દસ ગુણા નહિ અસંખ્ય ગુણ કર્મનિર્જરા થાય છે. '**અનેક પ્રકૃતિયોંકા બંધ રુક જાતા હોતા હૈ ઔર અનેકોંકે સ્થિતિ અનુભાગકા હ્રાસ યા ક્ષય હો જાતા હૈ.**' ખરી જાય તો ખરી જાય પણ સત્તામાં છે એમાંથી અનેક પ્રકૃતિઓના સ્થિતિ અનુભાગની અંદર કાપ પડી જાય છે. એનો હ્રાસ થઈ જાય છે. એમ ઉપાસકાધ્યયનમાં એમ કહ્યું છે.

'**ઈસ તરહસે ચતુર્થ ગુણસ્થાનવર્તીકો અવરતિ-અસંયમી કહનેકે પીછે ક્યા અપેક્ષા હૈ...**' ક્યા મર્યાદા હૈ '**તથા વહ સર્વથા અવ્રતી ઔર અસયંમી નહીં હૈ, ઈસકી સ્પષ્ટતા હો જાતી હૈ; ફિર ભી વિષય-મંથન હેતુ વિવેચનીય હૈ કિ શલ્યકે તીન ભેદ હૈં. માયાશલ્ય, નિદાનશલ્ય ઔર મિથ્યાદર્શનશલ્ય...**' તીન શૈલ્ય હૈં. '**ઈનકે રહતે કિસીકો સમ્યગ્દર્શન હોના સંભવ નહીં હૈ. ઔર આગમમેં 'નિશ્ચલ્યો વ્રતી' કહા હૈ. વસ્તુતઃ ઐસા પ્રકાર તો સમ્યગ્દષ્ટિકો નિઃસંદેહ સહજ હોતા હૈ; પરંતુ ઉપર બતલાયે પ્રતિજ્ઞાપૂર્વકકે નિયમરૂપ બાહ્ય વ્રત ઉસે નહીં હોતે.**' નિશ્ચલ્યો વ્રતી. એને તો નિશલ્યપણું થઈ ગયું છે ત્યારે તો સમ્યગ્દષ્ટિ છે. '**વૈસે હી સ્વાનુરૂપ મનઃ સામ્યકી અપેક્ષા સમ હોતા હૈ ઔર સાથ હી અનંતાનુંબંધીકે ઉદયસે અસંયમકી મુખ્યતાસે આસ્રવકો પ્રાપ્ત હોનેવાલી કર્મપ્રકૃતિયોંકા સંવર હોનેરૂપ સંયમ ભી ઉસે હોતા હૈ; પરંતુ ઉપર (આગે) કે ગુણસ્થાનકે લાયક સંયમ-ભાવ નહીં હોતા.**' ઉપરના ગુણસ્થાનને યોગ્ય એને સંયમ નથી હોતો. તો તત્ત્વદષ્ટિએ અસંયમી કોણ છે?

'**તત્ત્વતઃ સંયમી વ અસંયમી કૌન?**' 'સમયસાર' મૂળમાં એક વાત ૩૧૪મી ગાથામાં (છે કે) '**જબતક યહ આત્મા પ્રકૃતિકે નિમિત્તસે ઉપજના, વિનશના નહીં છોડતા, તબ તક વહ અજ્ઞાયક હૈ. મિથ્યાદષ્ટિ હૈ, અસંયમી હૈ.**' ૩૧૪મી 'સમયસાર'ની

ગાથા છે. પ્રકૃતિની સાથે એકત્વ કરે છે, ઉદયની સાથે એકત્વ કરે છે ત્યારે એને મિથ્યાદષ્ટિ અજ્ઞાયક અને અસંયમી કહેવામાં આવે છે.

'પંચાધ્યાય ઉત્તરાર્ધ'માં ૧૧૧૭ નંબરની ગાથામાં એમ કહે છે કે '**નિષ્ક્રિય આત્માકે સ્વ શુદ્ધાત્માકી ઉપલબ્ધિ હી સંયમ કહલાતા હૈ.**' એની પ્રાપ્તિ થઈ એને સંયમ કહેવામાં આવે છે. એટલો વિષય લીધો છે.

મુમુક્ષુ :- ...દ્રવ્યલિંગી પ્રતિજ્ઞા લઈને સંયમ પાળે છે...

પૂજ્ય ભાઈશ્રી :- છતાં એને શાસ્ત્રકાર અસંયમી કહે છે. જે 'અષ્ટપાહુડ'ની અંદર વાત છે, અસંજણ ણ વંદેહિં. એ દ્રવ્યલિંગીની વાત છે. જે કોઈ નગ્ન સાધુ દિગંબર લિંગ ધારણ કરીને પણ સમ્યગ્દર્શનને પ્રાપ્ત નથી તેને અસંયમી કહ્યા છે અને બીજા કોઈ પણ વેષધારી વસ્ત્રધારી હો, સાધુ નામથી કહેવાતા હોય જગતમાં, એ બધા પણ અસંયમી છે. એ બન્નેની વાત ત્યાં લેવી છે. અસંયમી કહીને દ્રવ્યલિંગી અને અન્યલિંગી બંનેની. એને અસંયમી કહીને બાહ્ય સંયમ પાળતા હોવા છતાં તેને અસંયમી કહ્યું છે અને તેને 'કુંદકુંદાચાર્યદેવે' વંદન કરવાનો નિષેધ કર્યો છે. જો એને વ્યવહારે પણ વંદન કરે તો ગૃહીત મિથ્યાદષ્ટિ થઈ જાય. 'ગુરુદેવ' જે જોરશોરથી વાત કરતા હતા. નહિતર તો એ વાત લોકોને બહુ કઠણ પડે એવી છે અથવા દુઃખ થાય એવી છે. અત્યારે વેશધારી કોઈપણ સાધુ વેશધારી ભાવસંયમી નહિ હોવાથી અસંયમીમાં વંદન કરવાને યોગ્ય નથી. એથી વંદન નમસ્કાર નથી કરતા.

મુમુક્ષુ :- પોતે ન કરે પણ અનુમોદના કરી એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એનું એ થયું ને. અમે વંદન ન કરીએ પણ જે વંદન ન કરતા હોય એનો બચાવ કરીએ, અનુમોદના કરીએ એટલે એનો બચાવ કરીએ તો? તો ગૃહીત મિથ્યાદષ્ટિ થાય. નવે કોટી તૂટી જાય. એક કોટી ન તૂટે પણ નવે કોટી તૂટે. વંદન તો કરનારે કર્યા પણ આપણે ભેગા કરી નાખ્યા. એવું છે.

મુમુક્ષુ :- વંદન તો દૂર રહો, સંગ કરવાનો પણ નિષેધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંગ કરવાનો પણ નિષેધ છે. બરાબર છે. વંદન કરવાનો તો પ્રશ્ન નથી પણ એના સંગમાં જવું, એની સાથે તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ કરવી, એની સાથે કોઈપણ જાતનો સત્સંગ કરવો એ પણ નિષેધ છે.

મુમુક્ષુ :- એટલા માટે કહ્યું, તું લગન કરી લેજે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યગ્દષ્ટિને એમ કહ્યું છે મૂલાચારમાં કે અમે તો સમ્યગ્દષ્ટિ છીએ. હવે બહારના ભાવસંયમી ત્યાગી ન મળે અને દ્રવ્યસંયમી ત્યાગી મળે તો એનો સંગ કરવો કે નહિ? સત્સંગ તો કરવો કે નહિ? તો કહે છે, તારે ન કરવો.

પણ એકલા સમય પસાર થતો નથી. તો કહે છે, સમ્યગ્દૃષ્ટિ છે, ચારિત્રમોહનો દોષ લાગશે. તું શાદી-લગ્ન કરી લેજે પણ તું દ્રવ્યલિંગીના સત્સંગમાં જઈશ નહિ. નહિતર તારું સમ્યગ્દર્શન નહિ ટકે. શું ભય છે? ઓલામાં તને ચારિત્રનો દોષ થશે, આમાં દર્શનમોહનો દોષ થશે. એટલી બધી કડક સૂચના આપી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સંભળાવે બીજી વાત છે અને સાંભળે બીજી વાત છે.

મુમુક્ષુ :- એ આ વાત સાંભળે અને ....

પૂજ્ય ભાઈશ્રી :- પણ પોતે સાંભળે છે કે પોતે સંભળાવે છે આ નક્કી કરવું પડે. કારણ કે ઓલા તો સાધુપદે બેઠા છે એ એની વાત ક્યાંથી સાંભળશે? એ તો પાટ ઉપર એ બેસશે. તારે તો નીચે બેસવું પડશે. એ તને સંભળાવશે કે તું એને સંભળાવીશ? કેવી રીતે બનશે? એ એમ કહે હાથ જોડીને કે ભાઈ! હું દ્રવ્યલિંગી છું. ભલે બાહ્ય સંયમ અંગીકાર કર્યો છે પણ મને સમ્યક્ત્વની પ્રાપ્તિ નથી. તો આત્માનું ભલું થાય કેમ? સ્વરૂપ ધ્યાન કેમ થાય? સ્વરૂપનિશ્ચય કેમ થાય? મને મહેરબાની કરીને, કૃપા કરીને સમજાવો. તો વાંધો નહિ. તો સમજાવવામાં વાંધો નહિ. પણ હાથ જોડે તો. એ ન જોડે. એ તો પોતે આચાર્ય કહેવાતા હોય, પોતે સાધુ કહેવાતા હોય.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ કીધું કે ને, જ્યાં જ્યાં તમે ઉપદેશ દીધો હોય ત્યાં જઈને કહી આવો...

પૂજ્ય ભાઈશ્રી :- 'શ્રીમદ્જી'એ કહ્યું હતું એક સાધુને. (એ સાધુ કહે), આપ મળી ગયા બહુ સારું થયું. હવે અમારો ઉદ્ધાર થઈ જશે. તો કહે, એમ નહિ. અંદરથી શલ્ય છોડવું પડશે. જ્યાં જ્યાં ઉપદેશ કર્યો હતો ત્યાં ત્યાં કહી આવો કે અત્યાર સુધી મેં કર્યું એ બધું ખોટું હતું. ભાઈસા'બ! થઈ શકે એવું નથી. તો કહે, હવે ત્યાં ને ત્યાં રહો. એવી વાત છે. માન બહુ મોટી ચીજ છે જગતમાં.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી પ્રતિજ્ઞા લે ત્યારે નિરતિચાર એને પાળે. પ્રતિજ્ઞા લઈને પાળે નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દ્રવ્યલિંગ પણ નથી, લિંગાભાસ છે. એ દ્રવ્યલિંગ પણ નથી. 'ગુરુદેવ' એ જ કહેતા ને કે અત્યારે તો કોઈ દ્રવ્યલિંગી પણ નથી. દ્રવ્યલિંગીનો તો સંગ કરવાનો પ્રશ્ન નથી પણ અત્યારે તો કોઈ દ્રવ્યલિંગી પણ નથી.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્યે' ... કીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... કહ્યા છે. કડક ભાષા વાપરી છે. 'અષ્ટપાહુડ'ની અંદર

ઘણી કડક ભાષા (વાપરી છે). એ તો દ્રવ્યલિંગીને પણ એમ કહ્યા છે. કેમ કે મૂળ માર્ગમાંથી ભૂલાવવાનું એ મોટામાં મોટું નિમિત્ત થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને મળી રહે. એક શરાફ બજાર હોય. શરાફ બજારમાં શરાફનું જ પાટિયું ચોર મારીને બેસી જાય તો? ધંધો ચોરીનો જ કરવાનો પણ એ શરાફનું પાટિયું મારે કે અહીંયાં બધું શુદ્ધ કામ થાય છે. લોકોને છેતરાવાનું મોટું નિમિત્ત બને છે. એમ આ વીતરાગમાર્ગનો વેશ ધારણ કરે છે અને વીતરાગમાર્ગમાં નથી તો વીતરાગમાર્ગને લૂંટે છે. 'ગુરુદેવ' એને માર્ગના લૂંટારા કહેતા હતા. માર્ગને લૂંટે છે. ભગવાનના માર્ગને લૂંટે છે. આના જેવો બીજો મોટો કોઈ અપરાધ નથી.

મુમુક્ષુ :- બીજો કોઈ એને સહન કરે તો સમાજને પણ નુકસાનનું કારણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એની પાછળ પાછળ દોરાઈ જાય. સીધી વાત છે. ૩૩૭ થયો.

**શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી. શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી. જેટલું સ્વાધીન તેટલું સુખ છે. સ્વભાવ સિવાય બધું દુઃખ જ છે.**

**૩૩૮.**

૩૩૮. '**શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી.**' કોઈપણ શુભભાવ હોય.

મુમુક્ષુ :- પરમ દિવસે એક વાત આવી અનુમોદનાનો વિષય આવ્યો હતો પરમદિવસે. ... સૂક્ષ્મ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનુમોદનાનો દોષ સૂક્ષ્મ છે. બીજો દોષ સ્થૂળ છે. અનુમોદનાનો દોષ સૂક્ષ્મ છે અને એ દોષની અંદર જીવને પોતાને ખ્યાલ નથી આવતો કે ક્યાં ક્યાં પોતાની અનુમોદના પહોંચે છે. એ વિષયની અંદર જરા સૂક્ષ્મ અવલોકનથી અને સૂક્ષ્મ મંથનથી સમજવું જોઈએ. એનો છેલ્લો છેડો ત્યાં સુધીનો છે કે પોતાને રાગ થાય છે. એ રાગનો પોતાને નિષેધ આવતો નથી તો એ રાગનું એને અનુમોદન છે. વિચારથી અને વિકલ્પથી એમ કહે કે રાગ કરવા યોગ્ય નથી. રાગનું કરવું, કરાવવું અને અનુમોદન યોગ્ય નથી. પણ જ્યારે એકત્વપણે પોતે રાગનો કર્તા છે એવું પ્રતિભાસે છે, એક્તાબુદ્ધિએ થતા રાગમાં, ત્યારે તે રાગને કરે જ છે. વિકલ્પ એવો વારંવાર

એને ચાલતો હોય કે આ રાગ છે એ કરવા જેવો નથી. તો પણ એ વિકલ્પમાં એને આકુળતા ન થાય-દુઃખ ન થાય-વિકલ્પની આકુળતા અને દુઃખ ન લાગે-તો એને રાગ સંમત છે.

એનું દૃષ્ટાંત એ છે કે જેમ પોતાથી પોતાની ઈચ્છા અનુસાર કોઈ કાર્ય ન થાય તો એને આકુળતા અને દુઃખ થાય છે કે નહિ? પોતે ધારેલું ન થાય. ધાર્યું ન થાય તો કેવું એને અંદરમાં થઈ આવે છે? પોતાનું ધાર્ય ન થાય તો એ ધાર્યું કરવા માટે ખૂબ આકુળિત થઈને એ પ્રયત્ન કરે છે. તો એમાં એને રાગ થાય છે છતાં એની સામે કેમ નિષેધ આવતો નથી? એનો અર્થ કે એને આકુળતા થતી નથી એની. રાગમાં આકુળતા હોવા છતાં રાગમાં આકુળતા થતી નથી તો એને સંમત કરે છે. એની અનુમોદના થઈ ગઈ એને રાગની. એ રાગ નહિ છૂટે. એનો રાગ, રાગનું એકત્વ છે એ નહિ મટે. એટલે એ એનો છેલ્લો છેડો છે અનુમોદનાનો કે પોતાના રાગમાં આકુળતા થાય, દુઃખ લાગે તો જ રાગથી ખસી શકે. નહિતર રાગના થવા પ્રત્યે એનું અનુમોદન વર્તે છે જાણ્યે-અજાણ્યે પણ. એ રાગ મટશે નહિ.

મુમુક્ષુ :- સૂક્ષ્મ દોષ છે એટલે મોટો દોષ છે એમ કહેવા માગો છો?

પૂજ્ય ભાઈશ્રી :- દોષ તો મિથ્યાત્વનો દોષ છે એની અંદર. દર્શનમોહ તીવ્ર થાય છે. દર્શનમોહનું આવરણ આવે છે. રાગનું એકત્વ છે ત્યાં. મોટો દોષ તો એ (છે). સૌથી મોટો દોષ જ દર્શનમોહનો છે. અને એને સીધો સંબંધ છે ત્યાં.

મુમુક્ષુ :- છૂપો દોષ છે. છૂપો છે એટલે ખબર નથી પડતી.

પૂજ્ય ભાઈશ્રી :- છૂપો છે. પોતાનો ઉપયોગ એટલો સ્થૂળ છે ખરેખર તો. પોતાનો ઉપયોગ એટલો સ્થૂળ છે કે એને પકડતો નથી. રાગમાં દુઃખ અને આકુળતા હોવા છતાં પોતાને દુઃખ અને આકુળતા નથી દેખાતી. છે અને ન દેખાય તો શું કહેવું? વસ્તુ હોય અને ન દેખાય તો શું કહેવું? અંધત્વ. અંધત્વ છે. અજ્ઞાનરૂપી અંધત્વ કહો, મિથ્યાત્વરૂપી અંધત્વ કહો, એ અંધત્વ છે.

મુમુક્ષુ :- આકુળતા થાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ક્યાં વાત રહી? એક બાજુ તો એ પરદ્રવ્યનું કર્તાપણું ન કરવું. અને કર્તાપણું કરવું તે સ્થૂળ દોષ છે એમ કહેવું. બીજી બાજુ એની ઈચ્છા અનુસાર ન થાય તો એને આકુળતા થઈ જાય. એનું કર્તૃત્વ નથી એ ક્યાં રહ્યું? કર્તૃત્વ નથી એમ ક્યાં રહ્યું? એ તો કર્તા જ થઈ ગયો. એ બધા સ્થૂળ દોષો છે પણ નથી પકડાતા.

વસ્તુના સ્વરૂપમાં એ વાત નાખી છે કે તને દેખાય કે ન દેખાય, કોઈપણ શુભભાવમાં

થાક લાગે છે એવું બને છે કે નહિ? ભલે ઉત્સાહથી ભક્તિ કરે. કેટલીક ભક્તિ કરશે? કલાક, બે કલક, ત્રણ કલાક. પછી કહે, હવે ગળું પણ કામ કરતું નથી અને ગળું કામ કરે તો પરિણામ પછી કામ કરતા નથી. આપોઆપ શુભભાવ એનો બંધ થાય. શાસ્ત્ર સ્વાધ્યાય લ્યોને. શાસ્ત્ર સ્વાધ્યાયનો શુભભાવ કરે છે કે નહિ? કેટલા કલાક કરશે? એમાં એને શ્રમ પડે છે, એમાં એને થાક લાગે છે. કેમ એમ થાય છે? એ વસ્તુના સ્વરૂપની મર્યાદા આવી ગઈ ત્યાં. એ એનો સ્વભાવ નથી એટલે એમાં ટકી શકશે નહિ. કોઈપણ અન્ય વિષયમાં અંતર્મુહૂર્તથી વધારે તો ઉપયોગ અમસ્તો પણ ટકી શકતો નથી. કેમ કે એનો સ્વભાવ જ નથી. ગમે એટલી એને પરવિષયની રુચિ અને રાગ હોય તો પણ ઉપયોગ બદલાઈ જાય. અંતર્મુહૂર્તથી વધારે ટકી શકે નહિ.

**'શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી.'** એ આત્માનો સ્વભાવ નથી કે એમાં એ સાદિઅનંત ટકી શકે. સ્વભાવમાં સાદિઅનંત ટકી શકે. રાગમાં ટકી શકે નહિ. કોઈપણ રાગમાં ન ટકી શકે. શુભમાં, અશુભમાં કોઈમાં ન ટકી શકે.

મુમુક્ષુ :- ભાવલિંગી મુનિને વીતરાગી .. છતાં સ્ફૂર્તિ રહે છે એનું કારણ આ જ હશે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્ફૂર્તિ રહે છે ને? એ તો સ્વરૂપમાં લીન થાય છે ને? વારંવાર સ્વરૂપમાં લીન થઈ જાય છે.

મુમુક્ષુ :- એટલે એને થાક નથી લાગતો.

પૂજ્ય ભાઈશ્રી :- થાક ઉતરી જાય છે એમાં એનો. શુભભાવનો થાક ઉતરી જાય છે. વીતરાગભાવમાં ઠરી જાય છે એટલે શુભભાવનો શ્રમ ઉતરી જાય છે. ઠરવાનું સ્થાન પોતાનું વીતરાગી પદ પરમેશ્વરપદ છે એ ઠરવાનું ઠામ છે. પરિણામ ત્યાં જામતા જાય છે, ઠરતા જાય છે. જેમ જેમ જામતા જાય છે એમ આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. વિજ્ઞાનઘન થતો એવો આત્મા બહાર બધા ભાવોથી નિવૃત્ત થતો જાય છે. નિવર્તતો જાય છે.

શુભ ભાવ સ્વભાવ નથી અને **'શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી.'** તેમાં થાક લાગતો નથી, ઊલટાનો એમાં થાક ઉતરી જાય છે. પ્રથમ સમ્યગ્દર્શન થાય, શુદ્ધભાવ પ્રગટ થાય ત્યારે અનાદિના પરિભ્રમણનો થાક પહેલોવહેલો ઉતરે. રખડતો... રખડતો... રખડતો... ભવભ્રમણનો ઘણો થાક લાગ્યો છે એવો જ્યારે પોતે અનુભવ કરે છે ત્યારે એ ભવનિવૃત્તિના પરિણામરૂપ આવે

છે. સમ્યગ્દર્શન થાય છે ત્યારે એને ભવનિવૃત્તિ શરૂ થાય છે. પછી જે જ્ઞાન પહેલા ભવહેતુરૂપ થતુ હતુ તે જ મતિ-શ્રુતજ્ઞાન ભવનિવૃત્તિરૂપ થવા લાગે છે. જ્ઞાન તો મતિ-શ્રુત જ છે. ઉઘાડ કાંઈ એટલો બધો વધી જાય છે એવું કાંઈ નથી. પણ અંદરમાં જે જ્ઞાનનો વિષય ભવરહિત એવું પોતાનું પરમેશ્વરપદ છે, જેમાં ભવનું કારણ નથી, ભવનું કાર્ય નથી એવું ભવરહિત તત્ત્વ છે પોતે જ, એ જ્યારે પોતાને અનુભવગોચર થાય છે ત્યારે એને એ જ મતિ-શ્રુતજ્ઞાન નવા ભવ નહિ થવાનું કારણ બને છે.

સમ્યગ્દર્શનને તો કેટલી વાર નમસ્કાર કર્યા છે. એમાં એ મથાળું જ એ લીધું છે ને? સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત લીધું છે. મતિ-શ્રુતજ્ઞાન નથી લીધું ને? લીધું છે? ઘણાં આધાર છે, કેટલા લેવા? સંખ્યાબંધ આધાર તો છોડી દેવા પડે. આટલા લીધા છે તો પણ.

મુમુક્ષુ :- ... મિથ્યાદષ્ટિ ... નિષેધ આવ્યો તો... એક એ આવ્યું તો ઓલાનો સંબંધ ન કરે. સત્પુરુષ, દેવ-ગુરુ-શાસ્ત્ર સંગ ન કરે તો એ તો બેય દોષ સમાન થઈ ગયા?

પૂજ્ય ભાઈશ્રી :- સંગ ન કરવાનો અભિપ્રાય છે એ કુસંગનો અભિપ્રાય છે. સત્સંગનો અભિપ્રાય નથી એને કુસંગનો અભિપ્રાય છે. અભિપ્રાય શું છે? કાર્ય તો પૂર્વ પુણ્યના ઉદય અનુકૂળ બને છે. અભિપ્રાય શું છે? કે એને સત્સંગનો અભિપ્રાય હોય છે. જેને કુસંગ છોડવો છે અથવા જેને પોતાનું હિત સાધવું છે તેને દેવ-ગુરુ-શાસ્ત્ર જે હિતના નિમિત્ત છે એના સંગમાં જવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. આ નિયમ છે કે એને એ ભાવ આવે જ આવે. ભલે અંદરમાં અસંગ થવાની જેની વૃત્તિ છે પણ જે અસંગ થઈ શકતો નથી, એને કોઈના અને કોઈના સંગમાં જવાની વૃત્તિ ઉત્પન્ન થયા વિના રહેશે નહિ.

બાહ્ય પરિણામમાં શું કરશે? કોઈનો ને કોઈનો તો સંગ કરશે જ. પણ કોનો સંગ કરે છે? કે જે એની રુચિ છે એનો સંગ એ કરે છે. જો ગુણની રુચિ છે તો ગુણવાન પુરુષોનો સંગ કરે છે. જો દોષની રુચિ છે તો દોષિત જીવોનો સંગ કરે છે. આ સીધો હિસાબ છે. બાહ્ય પરિણામ ઊભા છે તો બહારમાં તો સંગ કરશે, કરશે ને કરશે. અથવા જેનો અભિપ્રાય અસંગ તત્ત્વમાં લીન રહેવાનો છે કે સર્વસંગ પરિત્યાગ કરીને હું અસંગ થઈ જાઉં, એવા જીવને પણ એવું અસંગ ચારિત્ર, અસંગ આચરણ સ્વરૂપાચરણ એટલે હદે ઉત્પન્ન ન થાય તો એને બહારમાં સંગ કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય. તો એ ગુણવાન પુરુષનો સંગ કરે, અવગુણીનો સંગ

કરે નહિ. આ એનો નિયમ છે.

**'શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી.'** શુદ્ધભાવમાં થાક ઉતરી જાય છે. આકુળતા મટી જાય છે. જીવ શાંત ભાવે, શુદ્ધભાવમાં તો જીવ શાંતભાવે સ્વરૂપમાં ઠરતો જાય છે. ઠરવા લાગે છે. એટલે એમાં થાક લાગતો નથી. **'જેટલું સ્વાધીન તેટલું સુખ છે.'** આ સુખની પરિભાષા છે. લોકો પણ એમ કહે છે કે ને કે પરાધીનતામાં સ્વપને પણ સુખ નહિ. સ્વાધીન એટલું સુખ. પરાધીન એટલું દુઃખ. લૌકિકમાં પણ એમ છે.

આ જુઓને કોઈ કોઈને દબાણ કરતા હોય, ઉપકાર કરીને દબાણ કરતા હોય, કોઈપણ માણસ દબાણ નથી પસંદ કરતો. ભાઈ! રોટલો અને મરચું ખાઈ લેશું પણ આપણે પરાધીનતા અને તાબેદારી કોઈની જોતી નથી. શું કહે છે? એને પરાધીનતાને તાબેદારી કહે છે. ભાઈઓ-ભાઈઓ હોય, કુટુંબકલેશ થતો હોય, ભાગીદાર-ભાગીદાર હોય. જેને એકબીજાને, એકબીજાની ઓથ રહેતી હોય પણ જે કાંઈ વધારે ખર્ચ કરતો હોય અથવા ઓલાને ઉપકાર નીચે રાખતો હોય, એ કેટલીક એના ઉપર એવી ... કરે કે પહેલાને તાબેદારીમાં રહેવું પડે. તો સ્વતંત્ર સ્વાધીન માણસને દુઃખ થાય છે. ભાઈ! આપણે ગમે તેમ ચલાવશું. થોડું ઓછું હશે એનો વાંધો નહિ, કોઈ ચીજ નહિ મળે તો વાંધો નથી પણ આપણે કોઈની તાબેદારી કરવી નથી. સ્વતંત્રા જોઈએ. એમ કરે છે કે નહિ?

મુમુક્ષુ :- અભિમાની માણસ એમ કરે. નરમ અને કૂણો હોય ને...

પૂજ્ય ભાઈશ્રી :- તો તાબેદારી સ્વીકારે એમ ને? એમાં એવું છે.... દુનિયામાં બે રંગ છે-આમ પણ કહે અને આમ પણ કહે. એક માણસ દાન આપે તો એને દાનવીર પણ કહે અને એને ને એને એમ કહે કે ઉડાઉ છે.

મુમુક્ષુ :- ઘર વેચીને તીરથ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘર વેચીને તીરથ કરે છે. આગળ-પાછળનો એને વિવેક નથી, બુદ્ધિ નથી એમ એને કહે. એક માણસ નમ્રતા રાખે તો એ નમ્રતા એનો ગુણ છે એમ પણ કહે. અને નમાલો છે એટલે કાંઈ બોલી શકતો નથી એમ પણ કહે. દુનિયાની અંદર એક જ ચીજને જોવા માટે ગુણ અને દોષના પરસ્પર વિરુદ્ધ બે દૃષ્ટિકોણ પણ છે. જ્યારે ગુણ-દોષના વિષયમાં આવા બે દૃષ્ટિકોણ ઉત્પન્ન થાય છે ત્યારે વિચારવાન જીવે એક વિચારવા જેવો મુદ્દો ઊભો થાય છે કે તો પછી આમાં સાચું શું? આમ કહેનારો સાચો કે આમ કહેનારો સાચો? આ એક પ્રશ્ન ઊભો થાય છે. તો એ પ્રશ્નની સામે એનું સમાધાન શું છે? કે સમ્યક્ પ્રકારે જે કાંઈ કરવામાં

આવે તે સાચું.

સમ્યક્ પ્રકાર એક એવો દૃષ્ટિકોણ છે, નિર્દોષ દૃષ્ટિકોણ છે કે એમાં જે કાંઈ કરવામાં આવે છે તે સાચું. સમ્યક્ પ્રકારે જે કાંઈ કરવામાં આવે છે તે સાચું. અસમ્યક્ પ્રકારે જે કાંઈ કરવામાં આવે છે એમાં દોષનું પડખું ઊભું થયા વિના રહેતું નથી. જેમ કે એક માણસ દાન દે છે. તો દાન દે છે એમાં ખોટું શું કરે છે? ચાલો. એટલું દાન ન આપે કે પોતાને પાછળ તકલીફ પડે. પોતાની અનુકૂળતાઓ સચવાય એ બધું રાખીને વધારાની મૂડીમાંથી દાન આપે છે. તો એને તો કાંઈ બીજા અવગુણ કોઈ કહી નહિ શકે કે આ દોષ કરે છે. એમ તો કોઈ નહિ કહી શકે. સામાન્ય રીતે જગત એમ કહશે કે બહુ સારું કરે છે. પોતાની જરૂરિયાત કરતા વધારો છે એ બીજાને દાનમાં આપે છે અને બીજાને ઉપયોગી થાય છે. આમાં શું અવગુણ થાય? ભલે સમ્યક્ પ્રકાર નથી લ્યો, ચાલો. અહીંયાં સમ્યક્ પ્રકાર નથી ઊભો થયો. થઈ ગયું?

મુમુક્ષુ :- એ વખતે એના પરિણામ શું હોય એ તો એને ખબર હોય...

પૂજ્ય ભાઈશ્રી :- આ મારા પૈસાનું દાન મેં આપ્યું. જે મૂડી ઉપર, જે પૈસા ઉપર મારો અધિકાર હતો એ દાન મેં આપ્યું છે. એ પ્રકારનું અહંપણું એ કેવી રીતે નિવૃત્ત કરશે?

મુમુક્ષુ :- મિથ્યાત્વનું સેવન કરશે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વનું સેવન કરશે. એણે પરદ્રવ્ય મારું નથી એવો એક સમ્યક્ પ્રકાર ઉત્પન્ન કરવો જોઈએ. તો જ એ દોષથી એ બચી શકે. એ ચીજ મારી ક્યાં હતી? પૂર્વકર્મના યોગે જે કોઈ સંપત્તિનો સંયોગ થયો તો વીતરાગમાર્ગના ઉદ્યોત અર્થે, વીતરાગમાર્ગની પ્રભાવના અર્થે એનો ઉપયોગ થાઓ. મારું છે માટે ઉપયોગ થાઓ એમ નહિ. કોઈપણ ધનનો, કોઈપણ સંપત્તિનો ઉપયોગ આવો થાય તો એ સદુપયોગ છે અને આ પ્રકારે ન થાય તો એ દુરુપયોગ છે. બસ! એટલે દાનના પાત્ર લીધા છે એનું કારણ એ છે.

દાનના પાત્ર લીધા છે. ઉત્કૃષ્ટ પાત્ર મુનિરાજ છે પણ એ આહારદાન, ઔષધદાન, શાસ્ત્રદાન સિવાય કોઈ દાન સ્વીકારતા નથી. દાન ચાર પ્રકારના છે. અભયદાન. એમને કોઈ પ્રતિકૂળતા આપે તો એ પ્રતિકૂળતા દૂર કરવી. આહાર અને ઔષધ તો એ ઉદ્દેશિકપણે લેતા નથી પણ અનુદ્દેશિકપણે એને દેવામાં આવે છે. અને શાસ્ત્રદાન કરવામાં આવે છે. એથી મધ્યમ પાત્ર છે એ પંચમ ગુણસ્થાનવર્તી છે અને એથી જઘન્ય પાત્ર છે તે સમ્યગ્દૃષ્ટિ છે. ચોથે ગુણસ્થાને. એટલા માટે એ દાનના પાત્ર

ગણવામાં આવે છે.

મુમુક્ષુ :- એ સિવાય બાકીના પાત્રમાં નથી આવતા?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પાત્રમાં નથી આવતા. જે .... છે એને સામાન્ય રીતે જરૂરિયાત હોય ત્યાં ...ને વાત્સલ્ય અનુરાગથી જે દાન છે એ દાન સંમત કરવામાં આવ્યું છે પણ એથી આગળ જવાનો તો નિષેધ છે. પછી કુપાત્ર દાન થઈ જાય છે. પછી એનો જે મિથ્યા અભિપ્રાય એને પોષણ કરવાનું કારણ થઈ જાય છે. એટલે જે અનુકૂળ અભિપ્રાયવાળા છે, જે વીતરાગમાર્ગે ચડવા માટેના અભિલાષી જીવો છે એવા જીવોની એની અભિલાષા જોઈને એના પ્રત્યે વાત્સલ્ય આવે છે. તો એ સંમત કરવામાં આવ્યું છે, એથી વધારે આગળ સંમત કરવામાં આવતું નથી. એ વાત્સલ્ય ...

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિ જીવ આ પૈસા મારા છે એવો અધિકાર રાખે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રમાં એનું દાન કરે તો એ દાન સફળ કહેવાય કે નિષ્ફળ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- સફળ નથી થતું, સફળ નથી થતું. ખરેખર તો ત્યાં પુણ્ય બાંધે છે તેના કરતા પાપ વધારે બાંધે છે. પરિણામ કોઈ નિષ્ફળ નથી. સર્વ પરિણામ સફળ છે. જેવું હોય તેવું. જેટલો કષાય મંદ છે એટલું પુણ્ય બાંધે છે. કષાયની મંદતા કરતા મિથ્યાત્વનું પાપ મોટું હોવાથી ત્યાં પાપ બાંધે છે. 'ગુરુદેવ' તો સ્પષ્ટ કહેતા કે મિથ્યાત્વનું પાપ મોટું છે.

મુમુક્ષુ :- લોભપ્રકૃતિ પણ સાથે બંધાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ... પૈસા આપે ત્યારે લોભ છોડે છે ખરેખર તો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય મેળવવાનો હોય અંદરથી અને સોદાબાજી કરવી હોય કે લાખ ખરચું છું અને પાંચ લાખની આવક થઈ જાય તો સારું ધંધામાં. તીવ્ર પાપ છે એ તો. એ તો ... કરે છે. એ તો તીવ્ર પાપ છે. એવું ન હોય, એવું ન રાખે....

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિને તો એવું હોય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું કાંઈ નથી. ઘણા એવા હોય છે મંદ કષાયી. મારે છે ને દસ લાખની મૂડી ઉપર જેટલા વધે ને મારે વાપરી નાખવા.

મુમુક્ષુ :- પણ દસ લાખ તો રાખ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ રાખ્યા પણ ઓલા વધારાના...

મુમુક્ષુ :- પરિણામમાં તો એને માટે બાંધછોડ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એવા પણ હોય છે ને કે ભાઈ! આપણે આપી દ્યો બધું. પછી થાવું હશે એ થાશે. હોય કોઈ હોય, એવા પણ કોઈ હોય.

મુમુક્ષુ :- દોષ તો લાગવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- પરદ્રવ્યનું સ્વામીત્વ રાખે એ દોષ છે.

**'જેટલું સ્વાધીન તેટલું સુખ છે.'**

મુમુક્ષુ :- એકબીજાને ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ તો કરવા જેવું નથી. લૌકિક દાનનો પ્રકાર કરવા જેવો નથી. લૌકિક દાનનો પ્રકાર છે એમાં પડવા જેવું નથી. કરવું, કરાવવું, અનુમોદવું. તારી પાસે હોય, બીજાની પાસે હોય એ તારે કરવું, કરાવવું, અનુમોદવું હોય તો વીતરાગમાર્ગની અંદર કરજે, કરાવજે અને અનુમોદજે. લૌકિકમાર્ગમાં જઈશ નહિ. લૌકિક જગ્યામાં શું છે કે એ પાપ બાંધવાનો છે. શું કરવાનો છે? બીજું તો શું કરવાનો છે?

મુમુક્ષુ :- એ અનુમોદનાનો દોષ લાગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો બરાબર લાગે. દોષ લાગે જ તે. ચોક્કસ લાગે. એ લૌકિક કાર્યોમાં દાન દેવાનું...

મુમુક્ષુ :- બીજા આપણા ભાઈ-બહેન હોય, દુઃખી હોય, સાધર્મી દુઃખી હોય, બીજા દુઃખી હોય...

પૂજ્ય ભાઈશ્રી :- સાધર્મી વાત્સલ્ય લીધું ને? સાધર્મી પ્રત્યે વાત્સલ્ય લીધું ને.

મુમુક્ષુ :- મુમુક્ષુ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુ હોય એ સાધર્મી કહેવાય. મુમુક્ષુ ન હોય તો કેમ સાધર્મી કહેવાય? સ્વામિનરાયણના મંદિરે જાય એ પણ મુમુક્ષુ કહેવાય આમ તો. સત્સંગી કહેવાય. સત્સંગી કહે છે. એ લોકો સત્સંગી શબ્દ વાપરે છે, લ્યો ને. એવી વાત નથી. મિથ્યાત્વનું પોષણ અપાય નહિ કાંઈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે જરાક. દરેક વાતને ઊંડેથી વિચારવી પડે છે. વીતરાગમાર્ગની અંદર સાદામાં સાદી દેખાતી વાત જરા ઊંડેથી વિચારવી પડે છે. આ વિષય તત્ત્વદૃષ્ટિનો છે અને બધું તત્ત્વદૃષ્ટિએ એનું મૂલ્ય કરવું પડે છે. કેમ કે એના અભિપ્રાયને પુષ્ટ કરવો છે? કોઈની પાસે મુડી છે એ તો મર્યાદિત છે. બરાબર છે? તમારી પાસે પાંચ લાખ, પચ્ચીસ લાખ જે હોય તે મર્યાદિત છે. એમાંથી તમારે દાન દેવું પણ મર્યાદિત છે. બરાબર છે? જ્યારે મુડી જ મર્યાદિત છે તો દાન દેવું

એ Automatic મર્યાદિત છે. હવે એને ક્યાં વાપરવા એનો વિવેક કરવાનો. જો અહીંયાં વાપરશો તો બીજે નહિ વાપરી શકો. ક્યાં કાપ મૂક્યો તમે?

મુમુક્ષુ :- વીતરાગમાર્ગમાં કાપ અને...

પૂજ્ય ભાઈશ્રી :- તો તમારે માર્ગ ઉપર કામ મૂકવો છે અને ઉન્માર્ગવાળા બાજુ જાવું છે એમાં વિવેક કેટલો?

મુમુક્ષુ :- એની ઉપેક્ષા તો ન જ કરવી ને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, અહીંયાં વિવેક કરવાનો વિષય છે. સદ્વ્યય ક્યાં કરવો? જ્યારે એક આર્થિક શક્તિ ગણવામાં આવે છે તો એનો વ્યય ક્યાં કરવો? 'નિયમસાર'માં એક પરિભાષા લોભની બાંધી છે. કેવી સરસ પરિભાષા. એમાં કોઈ ફોદો કાઢી શકે એવું નથી. જ્યાં ખર્ચ કરવા યોગ્ય છે એવું જે સુસ્થાન. સુયોગ્ય સ્થાન, સુયોગ્ય પ્રકાર ત્યાં ધનના વ્યયનો અભાવ કરવો એનું નામ લોભ છે. ત્યાં વૃત્તિસંક્ષેપ થાય એનું નામ લોભ છે. યોગ્ય સ્થાનમાં ધનના વ્યયના અભાવને લોભ કહે છે. અયોગ્ય સ્થાનમાં ધનનો વ્યય કરવો એ તો પ્રશ્ન જ નથી. કેમ કે પોતાની શક્તિ મર્યાદિત છે. દસ રૂપિયા વાપરવા છે એમાં પાંચ બીજે વાપર્યા તો અહીંથી અહીંયાં કાપ પડ્યો એ તો સીધી વાત છે. માણસ વાપરવાનો છે એ તો મર્યાદિત વાપરવાનો છે. કોઈની પાસે Unlimited મુડી છે એવું તો છે નહિ. જે છે એની Limit છે. તો અહીંયાં વાપરશે તો અહીંયાં નહિ વાપરે. હવે ક્યાં વાપરવો એને વિવેક કરવાનો છે. સીધી વાત છે.

એટલે બહુ ચોખ્ખી વાત કરીએ તો જેને દાન કરવું હોય તેને પોતાનું દાન કરવાની વૃત્તિમાં વધુમાં વધુ લાભ ક્યાં થાય? એનો એણે વિચાર કરવો ઘટે. દાન તો જે દાન છે એ છે. સો ગયા એ તો સો ગયા. તે કાદવમાં નાખવા છે કે કાંઈ ઊગી નીકળે ત્યાં નાખવા છે? બસ! આટલો વિચાર કરવાનો. તમારા તો ઈ હાથમાં પડ્યા એ હેઠા ગયા. હવે ક્યાં એ તમારે વિચાર કરવાનો છે. તો એવું કોણ ઈચ્છે કે પોતે ખર્ચ પણ કરે અને એનું વળતર ન મળે એવું કોણ ઈચ્છે? અરે..! ખર્ચ કરે એનું વળતર ઓછું મળે એમ પણ કોઈ ઈચ્છે નહિ ડાહ્યો માણસ તો. સોમાં સોનું વળતર મળે તો પણ હું સો આપું. સોમાં તમે પંચાણુનું વળતર આપો તો હું સો શું કરવા આપું? હું પંચાણું આપું એમ જ કહે એ તો. સીધી વાત છે. એટલે એને ઊંડેથી વિચાર કરવો જોઈએ કે આપવા યોગ્ય સ્થાન કયું છે? ગમે ત્યાં ઉડાવવાનો કોઈ અર્થ નથી.

મુમુક્ષુ :- ગમે તેવા પ્રકારના ભાવ થાય અને દેવ-શાસ્ત્ર-ગુરુના અનુમોદનના

ભાવ આવી ગયા. પછી દાનનો ભાવ હોય કે બીજી કોઈ બાબત હોય.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ વાત હોય. સીધી વાત છે એ તો. જેમ આત્મા પોતાનું સર્વસ્વ છે. આત્માને દુઃખ ન થાય અને સુખ થાય એ એનું સર્વસ્વ છે. તો સીધી વાત છે કે એને અનુસરીને જ બધું થવું જોઈએ. એનાથી વિરુદ્ધ કેમ જવાય? જવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- આમ તો ... અનુસરીને જ થાય છે. ભલે દુઃખી થાય, ઊંધી માન્યતા છે. પણ એની માન્યતા અનુસાર એ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો છે. દરેક પોતાની માન્યતા અનુસાર જ ચાલે. બીજી રીતે ચાલી શકે કેવી રીતે?

મુમુક્ષુ :- આમ તો એના પરિણામની સાથે જ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે.

**'જેટલું સ્વાધીન તેટલું સુખ છે. સ્વભાવ સિવાય બધું દુઃખ જ છે.'** પોતાના આત્મસ્વભાવને છોડીને જરાક આઘો ગયો, બહાર ગયો એટલે દુઃખ જ છે. સ્વભાવ સ્વાધીન છે. સ્વભાવમાં રહેવું તે સ્વાધીનપણું છે અને બહાર જવું તે પરાધીનપણું છે. એમાં દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. પરિણામ ઉપયોગ બહાર ગયો કે એમાં આકુળતા ઉત્પન્ન થઈ, થઈને થઈ જ. 'ગુરુદેવ' તો બહુ કઠોર ભાષામાં એ વાત કરતા કે બહાર ગયો, બહાર જવાનો રસ લીધો કે ઝેરના પ્યાલા પીએ છે. શું કહે? ઝેરના પ્યાલા પીએ છે. **'સ્વભાવ સિવાય બધું દુઃખ જ છે.'** એ વસ્તુનું સ્વરૂપ છે એમ કહેવું છે. વસ્તુસ્વરૂપનો બોલ છે. આવું જ વસ્તુનું સ્વરૂપ છે.

**આ તો ગૂંચ ઉકેલવાની છે. ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઉકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઉકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે. ૩૩૯.**

૩૩૯. **'આ તો ગૂંચ ઊકેલવાની છે.'** શું છે? અંદરમાં અનાદિથી ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડે છે ને? સૂતરની અંદર સૂતરના દોરાની. એમ આ ચૈતન્યને દોરાની ઊપમા આપી છે. **'ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે.'** ગૂંચ પડેલું સૂતર હોય કે વગર ગૂંચ પડેલું સૂતર હોય એના વજનમાં ફેર પડતો નથી, એની લંબાઈમાં ફેર પડતો નથી. અવસ્થા ફેરે ફેર એટલો છે કે ગૂંચ પડેલું સૂતર કામમાં આવતું નથી. સૂતરનો ઉપયોગ વીંટાળવાનો (છે). ગૂંચ પડી હોય તો

વીંટાળી શકાય નહિ એને. સૂતર તેનું તે છે, વજન એનું એ છે, લંબાઈ એની એ છે. અવસ્થાભેદે એનો ઉપયોગ થતો નથી.

એમ '**ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઉકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય,...**' જુઓ! આ ગૂંચ ઉકેલવાની એક પદ્ધતિ બતાવી કે એનો છેડો શોધવો પડે. જો છેડો ન મળે તો ખેંચાખેંચ કરે એમાં કાંઈ ગૂંચ નીકળે નહિ. ઘડીક આને ખેંચે, ઘડીક આ બાજુથી ખેંચે, ઘડીક આ બાજુથી ખેંચે.

મુમુક્ષુ :- દોરો તૂટી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- દોરો તૂટી જાય અને કાં ગૂંચમાં ગાંઠ પડી હોય એ વધારે મજબૂત થાય. ગૂંચ પડે એમાં ગાંઠો પડી જાય છે. ગાંઠ પડે એ વધારે મજબૂત થાય. ખેંચાખેંચ કરે, ગાંઠ પડી જાય. વધારે મજબૂત થાય. છેડો હાથમાં આવે તો એ છેડાથી ખોલતો જાય. આ ગૂંચ ઉકેલવાની પદ્ધતિ છે.

જો '**છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય.**' ગૂંચ ઉકેલી શકે. '**તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઊકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે.**' આ સિદ્ધાંત લેવો છે. દૃષ્ટાંત સૂતરનો છે. સિદ્ધાંત એ છે કે ચૈતન્યદોરામાં ગૂંચ પડી છે. શેની ગૂંચ પડી છે? એકત્વની ગૂંચ પડી છે. રાગ અને પર સાથે, રાગ અને દેહ સાથે, રાગ અને સંયોગ સાથે એકમેકપણાની ગૂંચ પડી છે. પરપ્રવેશભાવની ગૂંચ છે. ઘૂસી જાય છે પરમાં અથવા માને છે કે પર મારામાં ઘૂસી ગયું છે. બીજા પદાર્થની મારા ઉપર અસર થાય છે એ મોટી ગૂંચવણ છે. કર્મના ઉદયની આત્મા ઉપર અસર થાય છે એ મોટી ગૂંચવણ છે. એ ગૂંચ એકત્વની પડેલી છે.

મુમુક્ષુ :- ગૂંચ કરનાર જ્ઞાન છે..

પૂજ્ય ભાઈશ્રી :- જાણ્યા વગર તો ક્યાંથી (એવું બને?). જો એને જાણે નહિ તો એની સાથે એક છું એ વાત તો ક્યાંથી ઊભી થાય?

મુમુક્ષુ :- ઉકેલવી કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- જુદો પાડવો. દ્રવ્યથી દ્રવ્ય મળતા નથી. અથવા જ્ઞાન અને રાગ એક થતા નથી. ગૂંચ તો પાડી છે એક માનીને. એ જુદા છે એને જુદા જાણે, જુદા છે એને જુદા અનુભવે. જુદા છે એનું જુદાપણું પોતાને રહે તો ગૂંચ નીકળી જાય. અને જુદાપણું ન રહે તો ગૂંચ નીકળે નહિ. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- પોતાનું જ્ઞાન જ...

પૂજ્ય ભાઈશ્રી :- જે જ્ઞાન માત્ર જ્ઞાનસ્વરૂપે છે એને માત્ર જ્ઞાનસ્વરૂપે અનુભવ

કરવો. જ્ઞાનમાત્રનો જ્ઞાનમાત્રપણે અનુભવ કરવો આ સીધી વાત છે.

એવી ચૈતન્યદોરામાં એકત્વની પડેલી ગૂંચને ધીરજથી (ઊકેલે). ધીરજથી એટલે અંતરમાં સૂક્ષ્મ ઉપયોગે કરીને પોતાને કોનો અનુભવ થાય છે? જ્ઞાનનો કે રાગનો? પોતાના અનુભવને તપાસવો, અવલોકન કરવું. આ જીવને અનુભવ કોનો? એમ કહે છે. વેદન કોનું છે? જ્ઞાનનું વેદન છે. જ્ઞાનને જ્ઞાનવેદન સિવાય બીજાનું વેદન થવું અશક્ય છે. 'ગુરુદેવ' તો ત્યાં સુધી કહે છે કે ભલે તું સ્વપરપ્રકાશક છો તો પણ પરનું વેદન નથી કરી શકતો. પરનું પ્રતિબિંબ પડે એને પરને જાણ્યું એમ ભલે કહેવાય. પણ તું પરનું વેદન હરગીઝ કરી શકતો નથી.

અરે...! સ્વદ્રવ્યનું વેદન નથી કરી શકતો. સ્વદ્રવ્યનું પણ પ્રતિબિંબ તારામાં પડે છે કે મારું સામર્થ્ય આટલું. વેદન તારી પર્યાયનું થાય છે. નિગોદની પર્યાય હોય કે સિદ્ધની પર્યાય હોય, વેદન પર્યાયઅંશનું પર્યાયમાં હોય. આ સિવાય વેદનનો આગળ-પાછળ ક્યાંય અધિકાર નથી.

મુમુક્ષુ :- દ્રવ્યનું વેદન કરી શકતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યનું વેદન નથી કરી શકતો. દ્રવ્યને જાણી શકે છે વેદી શકતો નથી. એમાં અહંપણું કરે છે એટલે એવી ભાષા આવે કે એણે સ્વદ્રવ્યનો અનુભવ કર્યો, સ્વદ્રવ્યને વેદ્યું. એવું પરમાં એકત્વ કરે ત્યારે એવી ભાષા કરી શકાય છે કે એણે ગોળ ખાધો, એણે સાકર ખાધી, એણે ઠંડીનો અનુભવ કર્યો, ગરમીનો અનુભવ કર્યો પણ અનુભવ કરી શકતો નથી. પણ એકત્વબુદ્ધિ થાય છે એટલે એવી વ્યવહારની ભાષા થાય છે, કરી શકતો નથી. વેદન તો વેદનભાવમાં જ થાય છે. એથી બહાર વેદન જઈ શકતું નથી.

અંતર સૂક્ષ્મ અવલોકનથી પોતાના વેદનને એટલે અનુભવદૃષ્ટિથી પોતે જુએ તો એને પોતાથી બધું જુદું છે એમ જણાશે. પોતાના વેદક ભાવથી રાગ જુદો છે એમ જણાશે, શરીરાદિ જુદું છે એમ જણાશે, શરીરની શાતા-અશાતા જુદાં છે એમ જણાશે, બીજું બધું જુદું છે એમ જણાશે.

મુમુક્ષુ :- પર્યાયનું વેદન થાય છે એમ કહ્યું, પણ પર્યાયમાં તો જ્ઞાન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનું વેદન છે. જ્ઞાનને જ્ઞાનનું વેદન હોય છે. જ્ઞાનમાં, જ્ઞાન સિવાય બીજા કોઈનું વેદન થવું અશક્ય છે. ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬ ગાથા. ૯૨ થી ૯૬ ગાથા આના ઉપર છે કર્તાકર્મ અધિકારની 'સમયસાર'માં. આત્મા જેમ શીત-ઉષ્ણરૂપે થઈ શકતો નથી. તેમ આત્મા શીત-ઉષ્ણને વેદી શકતો નથી. જાણી શકે છે કે આ ઠંડુ છે અને આ ગરમ છે. એમ જ આ આત્મા રાગ-દ્વેષને જાણે

છે એ રૂપે થઈ શકતો નથી. રાગ-દ્વેષરૂપે સ્વભાવે કરીને આત્માનું થવું, જ્ઞાને કરીને આત્માનું થવું અશક્ય છે. 'અશક્ય' શબ્દ વાપર્યો છે. થઈ જ શકતો નથી.

એમ જ્ઞાનમાં જ્ઞાન સિવાય બીજાનું વેદન થઈ શકતું નથી. અને જ્ઞાનમાંથી જ્ઞાનવેદનનો ત્યાગ પણ કદી થઈ શકતો નથી. જ્ઞાન કદી જ્ઞાનવેદનને છોડે એવું બની શકતું નથી. તો જડ થઈ જાય. સવાલ એટલો છે કે જો તારું લક્ષ પર અને રાગ ઉપર છે તો તે જ્ઞાનવેદન તિરોભૂત થઈ ગયું છે અને જો તારું લક્ષ તારા સ્વ ઉપર છે તો એ જ્ઞાનવેદનનો આવિર્ભાવ થાય છે. આવિર્ભાવ થાય તો તને સારી રીતે એનો અનુભવ માલૂમ પડે છે. અને જો તિરોભૂત થાય તો તે અનુભવાતું હોવા છતાં નહિ અનુભવાતું હોય તેવી રીતે તારો અનુભવ વર્તે છે. આ સ્થિતિ છે. બાકી જ્ઞાનવેદનનો ત્યાગ થઈ શકતો નથી. ન તો જ્ઞાનમાં બીજાનું વેદન ગ્રહણ કરી શકાતું નથી. એ વસ્તુની સ્થિતિનું ઉલ્લંઘન કોઈ રીતે થઈ શકતું નથી.

મુમુક્ષુ :- આ એનો છેડો છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ એનો છેડો છે. અહીં છેડેથી ગૂંચ ઊકેલવી, એમ કહે છે. ભેદજ્ઞાન એનો છેડો છે. અથવા જ્ઞાનમાત્રને ગ્રહણ કરવું, જાગૃતિમાં આવીને જ્ઞાનમાત્રને ગ્રહણ કરવું એ એનો છેડો છે. તો ગૂંચ નીકળી શકે છે. તો ગૂંચ બરાબર નીકળી જાય છે. ન નીકળે એવું બનતું નથી. અહીં સુધી રાખીએ...

## તા. ૧૯-૩-૧૯૮૮, વચનામૃત-૩૪૦થી ૩૪૨
## પ્રવચન નં. ૨૫૮

પાનું-૧૧૪. ૩૪૦. ૩૩૯ થઈ ગયો છે.

મુમુક્ષુ :- કાલે જે અનુમોદના, રાગમાં અનુમોદનાની વાત ચાલી એ અભિપ્રાયપૂર્વક અનુમોદનની છે? રાગ તો પોતે કરે છે. સૂક્ષ્મ દોષ છે એ અભિપ્રાયનો...

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય તો બુદ્ધિપૂર્વક એવો છે કે રાગ કરવા જેવો નથી. એમ બુદ્ધિપૂર્વક અભિપ્રાય છે. એ બુદ્ધિપૂર્વકનો દોષ છે. રાગ કરવા જેવો નથી એવું વિચારથી તો સંમત કરે છે. કાંઈ એમાં દુઃખ લાગતું નથી. એનો નિષેધ ચાલતા રાગ ઉપર થતો નથી તો એને રાગ સંમત છે. એ અભિપ્રાયનો સૂક્ષ્મ દોષ છે. બુદ્ધિપૂર્વક તો અભિપ્રાય રાગ કરવાનો ન હોય. એટલે કોઈ એમ તપાસે કે મારો અભિપ્રાય રાગ કરવાનો છે કે નહિ? તો એને એમ થાય કે નહિ, હું રાગ કરવા માગતો નથી. રાગ કરવો તે ધર્મ નથી. રાગ કરવો તે આત્માને માટે હિતરૂપ નથી. મારો સ્પષ્ટ અભિપ્રાય છે. એમ બુદ્ધિપૂર્વક લાગે એ સાચું ક્યારે? કે જ્યારે ચાલતા રાગ ઉપર નિષેધ આવે, ચાલતો રાગ દુઃખમય લાગે. એની મલિનતાથી ખસવું અને હટવું એવો કોઈ પ્રયાસ ચાલુ થાય. જેમ કોઈ દાઝે તો ખસવાનું મન થાય. એમ રાગથી દાઝે, બળું છું એમ લાગે એને ત્યારે Line બરાબર છે. ત્યાં સુધી રાગથી છૂટવું એવી Line નથી.

પરિણામની જે ચાલ છે, વીતરાગમાર્ગ વીતરાગ પરિણામ થવા વીતરાગી ભાવ તે ઉપાય અને માર્ગ છે. એમાં રાગ છે એ એનો દુશ્મન છે, વેરી છે. તો એની સાથે મૈત્રી છે ત્યાં સુધી એને એ સંમત કરે છે. અને જો એને દુશ્મનની રીતે જોવે છે તો એને એનો નકાર, એનો નિષેધ, એનું દુઃખ થાય છે. એ સંબંધીની આકુળતા આવ્યા વિના રહે નહિ. નિયમબદ્ધ છે.

મુમુક્ષુ :- એ તો છે બુદ્ધિપૂર્વકનો, અબુદ્ધિપૂર્વકનો કેમ ખ્યાલમાં આવે?

પૂજ્ય ભાઈશ્રી :- ખ્યાલમાં એમ આવે કે નિષેધ થતો નથી. નિષેધ ન આવ્યો. પોતાને નિષેધ આવી જવો જોઈએ. કરવા ધાર્યું ન થાય તો શું થાય છે? પોતે ઘરના વડીલ છે. હવે આમ થવું જોઈએ એમ કહો તમે ઘરમાં અને ધાર્યું ન થાય.

કીધું હોય છતાં. તો એને સીધો નકાર આવ્યા વગર રહે છે? કે આમ ન થવું જોઈએ એ વાત છે ને કેમ થાય છે? એમ જ્યારે રાગ ન થવો જોઈએ, રાગ કરવા જેવો નથી. કરવું, કરાવવું, અનુમોદવું એકેય રાગ માટે કરવા યોગ્ય નથી. એથી વધારે તો જીવ ક્યાંક બુદ્ધિપૂર્વકની એ ભૂલ પણ કરે છે કે કોઈ રાગ એને સારો લાગે છે. આ ભાવ મને બહુ સારો આવ્યો. મેં આજ પૂજા કરી ત્યારે મને બહુ સારો ભાવ આવ્યો. ભાવમાં તો રાગ થયો હોય છે એને. આજ સ્વાધ્યાયમાં મને બહુ સારો ભાવ આવ્યો, મેં ફલાણું કાર્ય કર્યું એમાં મને સારો ભાવ આવ્યો.

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગ કહેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશસ્ત હોવા છતાં અપ્રશસ્તની અપેક્ષાએ એને ઠીક ગણ્યો છે. પણ સ્વભાવભાવની અપેક્ષાએ-શુદ્ધભાવની અપેક્ષાએ તે પ્રશસ્ત નથી પણ અપ્રશસ્ત જ છે. 'સમયસાર'માં 'ભગવાન કુંદકુંદાચાર્યદેવ' પુણ્ય-પાપનો અધિકાર એક લખે છે. શું અધિકારનું નામ છે? પુણ્ય-પાપ અધિકાર. અશુભ તો કુશીલ છે. અશુભ છે તે કુશીલ છે અને શુભ છે તે સુશીલ છે. સંયમ આદિ ભાવ હોય છે. તો પોતે પ્રશ્ન કરે છે કે જે ભાવ જીવને સંસારમાં પ્રવેશ કરાવે એને સુશીલ કેમ કહીએ? આવો પોતે પ્રશ્ન કરે છે કે જે ભાવ જીવને સંસારમાં દાખલ કરાવે, સંસારમાં પરિભ્રમણ કરાવે એને અમે સુશીલ કેમ કહીએ? લોકો ભલે લૌકિકદૃષ્ટિએ એને સુશીલ કહે. તત્ત્વદૃષ્ટિએ તો એ બંને કુશીલમાં જાય છે. એમ કરીને એક મોટો પ્રસિદ્ધ દૃષ્ટાંત આપ્યો છે ત્યાં. કે બંને ચાંડાળના પુત્રો છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત રાગ બંને ચાંડાળના પુત્રો છે. ફરક એટલો છે કે એક ચાંડાળના ઘરે દારૂ-માંસ ખાય છે. એક બ્રાહ્મણના ઘરે દારૂ-માંસ ખાતો નથી. પણ એની જાત ચાંડાળની છે. તેથી એ સારો છે અને ચાંડાળ મટી ગયો છે એવી રીતે કાંઈ લેવાય નહિ. એવો દૃષ્ટાંત આપ્યો છે. એને ચાંડાળની ઉપમા આપીને દૃષ્ટાંત આપ્યો છે.

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગ ધર્મ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો મોટી ગડબડ જગતમાં ચાલી જ છે. મૂળ જૈનદર્શન સિવાય, સનાતન જૈનદર્શન સિવાય બધે એ ગડબડ છે. એનું કારણ છે કે પોતાનું જે શુદ્ધાત્મ સ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત રાગરહિત પોતાનું જે શુદ્ધાત્મ સ્વરૂપ એની જાતની ખબર નથી. પોતાની જાતની ખબર નથી એટલે કજાત સાથે સંબંધ બાંધે છે. પોતે જે જાતે છે એની જાત ઓળખે તો એને એમ થાય કે આની સાથે મૈત્રી હોય જ નહિ મારે. ક્યાં મારી જાત અને ક્યાં આની જાત. પોતે સિદ્ધપદ સ્વરૂપ પરિપૂર્ણ વીતરાગ જાતિ સ્વરૂપ એને રાગની સાથે કેમ મૈત્રી હોય? એને પ્રશસ્ત રાગ ઇષ્ટ

કેમ હોય? જે બંધનભાવ છે, એને બંધન કેમ ઈષ્ટ હોય?

આમ તો સમજે કે સોનાના પાંજરામાં તમને પૂર્યા હોય તો? તમને જેલમાં નાખ્યા હોય પણ દરવાજા સોનાના હોય તો સારું કે નહિ? તમારી જેલની કોટડીનું બારણું સોનાનું કરાવી દઈએ. તો તમે જેલમાં રહો, ભાઈ! તો કહે, ના. એ સોનાના બારણાને શું ત્યાં બટકા ભરવા છે? સોનાનું બારણું શું કામ આવે? જેલમાં પડ્યો એને. ત્યાં તો ખ્યાલ આવે છે કે સોનાના બારણાવાળી જેલ પણ નકામી જેલ છે. જેલમાં તો જવાય નહિ. તો આ પ્રશસ્ત રાગમાં જવું જોઈએ કે નહિ? અપ્રશસ્ત અમે ન કરીએ પણ પ્રશસ્ત તો કરીએ કે ન કરીએ? આ મોટી ગડબડ છે જગતમાં.

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગ સિવાય ધર્મના કાર્ય ન થઈ શકે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ ધર્મના કાર્યો જ નથી. ધર્મનું કાર્ય તો આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શુદ્ધ આનંદ, વીતરાગી આનંદ, વીતરાગી સુખ-શાંતિ એ ધર્મનું કાર્ય છે. 'वत्थु सहावो धम्मो' ભગવાને તો એમ કહ્યું કે વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આ દેરાસર બંધાવવું એ ધર્મ નથી, આ પૂજા કરવી એ ધર્મ નથી, નામ સ્મરણ કરવું ચોવીસ તીર્થંકરનું, પંચ પમરેષ્ઠીનું એ કોઈ ધર્મ નથી. આ જૈનદર્શન એમ કહે છે. બીજા પરમેશ્વરનું બ્રહ્મા-વિષ્ણુ-મહેશનું નામ લેવું તો ધર્મ નથી પણ ચોવીસ તીર્થંકરનો જાપ કરવો, પંચ પરમેષ્ઠીનો જાપ કરવો એ ધર્મ નથી એમ જૈનદર્શન કહે છે. કઠણ લાગે તો લાગે પણ હવે એક વખત તો આ સ્વીકાર્યે છૂટકો છે, બીજો કોઈ એમાં ઉપાય નથી.

મુમુક્ષુ :- ... સહેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવે' સહેલું કર્યું છે. એ 'ગુરુદેવ'ની કૃપા છે. છે એ વિચારવા જેવો પ્રશ્ન છે. જ્યાં ઊભો છે, અનેક પ્રકારના પ્રશસ્ત-અપ્રશસ્ત પરિણામમાં જીવ ઊભો છે. પ્રશસ્ત પરિણામ કરવાનો અભિપ્રાય રાખે, અપ્રશસ્ત પરિણામ ન કરવાનો, કરવા નહિ એવો અભિપ્રાય રાખે તેથી કાંઈ અપ્રશસ્ત પરિણામ મટી જશે? અશુભરાગ નહિ આવે? એ તો એના હાથની બાજી નથી. ચાલતા એક સેકન્ડમાં અપ્રશસ્તમાં દાખલ થઈ જશે. અશુભમાં આવતા વાર નથી લાગતી. એટલે ખરેખર પોતાની જાતને ઓળખીને, પોતાના સ્વરૂપને ઓળખીને સ્વરૂપને અનુકૂળ પરિણામ થાય એ જ પોતાને અનુકૂળ છે. પોતાની જાતને અનુકૂળ પરિણામ થાય એ અનુકૂળ છે. વિજાતીય પરિણામ છે, પ્રશસ્ત-અપ્રશસ્ત બંને વિજાતીય પરિણામ છે એના પડખે ચડવા જેવું નથી.

**'આનું કરવું, આનું કરવું' એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે? આટલું ધ્યાન તું તારામાં લગાડી દે. ૩૪૦**

૩૪૦ બોલ. **'આનું કરવું, આનું કરવું એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે?'** શું કહે છે? કરવું... કરવું... કરવું... એવું ચાલ્યા કરે છે પરિણામમાં. આ કર્યું અને હવે આ હું કરીશ. આ કર્યું અને અને હવે આમ કરીશ. એમ બહારમાં અને બહારમાં પોતાનો નિષ્ક્રિય અકર્તૃત્વ કૃતકૃત્ય સ્વભાવ છે એના લક્ષ વિહીન, એના લક્ષ વગર કરવું... કરવું... કરવું... કરવું થયા જ કરે. રોકી શકે નહિ જીવ. એવા જ પરિણામ થાય એને. કરવું-કરવું એવા જ પરિણામ થાય. પોતે નિષ્ક્રિય ચૈતન્ય છે એવું લક્ષ ઉપર ન આવે ત્યાં સુધી કરવું-કરવું થાય છે અને પછી જીવનું ધ્યાન બહારમાં અને બહારમાં જ રોકાઈ જાય છે. બહારને બહાર એ બહારથી છૂટીને, ત્યાંથી નીકળીને સ્વસન્મુખ થઈ શકે એવી પરિસ્થિતિમાં આવી શકતો નથી.

મુમુક્ષુ :- નિષ્ક્રિય છે એમ કીધું ને આપે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિષ્ક્રિય છે એટલે જે ત્રિકાળી સ્વરૂપ છે એ નિષ્ક્રિય સ્વરૂપ છે. પરિણામ એનાથી કોઈ ભિન્ન ચીજ છે. જુદી ચીજ છે. પોતાથી જુદી ચીજ છે. એનાથી એટલે પોતાથી જુદી ચીજ છે. પોતે એવો છે એમ ભીંસ એની એના ઉપર જવી જોઈએ. હું આવો છું એમ એની ભીંસ જવી જોઈએ. તો એના કર્તૃત્વની ઉપાધિમાંથી એ છૂટે. અથવા સર્વ પ્રકારની ઉપાધિમાંથી છૂટે. નહિતર ક્યારે કેવી ઉપાધિમાં સલવાઈ જાશે એને ખબર રહેશે નહિ. એવો સલવાઈ જાશે.

આખું જગત મંદ કષાયમાં છેતરાણું છે. કષાય મંદ થાય અને પરિણામ થોડા શાંત થઈને કામ કરે એટલે એને એમ થાય કે ઠીક છે આ. નજર એની નીચે છે એટલે પહેલાં આવા થતા હતા પરિણામ, પહેલાં આવા થતા હતા, હવે નથી થતાં. ચાલો પહેલાં કરતાં સુધર્યું, પહેલાં કરતાં સારું છે. આ પરિણામમાં સંતુષ્ટ થવામાં પરિણામની એકત્વબુદ્ધિને દઢ કરી જાય છે. આ પરિણામની એકત્વબુદ્ધિ એ મિથ્યાબુદ્ધિ છે. દર્શનમોહને તીવ્ર કરવાની વાત છે ત્યાં. ત્યાંથી છૂટવાનો રસ્તો નથી. Line ઊંધી થઈ ગઈ. પરિણામમાં કષાય મંદ થયો, Line ઊંધી થઈ ગઈ આખી.

મુમુક્ષુ :- અશુભભાવ ન કરવા પણ શુભભાવ તો કરવો ને? મંદ કષાય તો કરવો ને?

પૂજ્ય ભાઈશ્રી :- એક જગ્યાએ ૪૩૯માં 'સોગાનીજી'ને પ્રશ્ન કર્યો છે કે અંદરમાં

તો અમને આત્મા દેખાતો નથી. અંદરમાં આત્મા દેખાતો નથી અને દેખાય નહિ એટલે સ્થિર તો થવાય નહિ. જે દેખાય ચીજ એમાં સ્થિર થવાય. એટલે એમ થાય છે કે બહારમાં આત્માની વાત કરનારા જે હોય એને સાંભળીએ, એનું શ્રવણ કરીએ, તત્ત્વ શ્રવણ કરીએ એમ સહેજે થાય છે. એવો ભાવ રહ્યા કરે છે. તો એને જોરથી ફટકો માર્યો છે કે તારા વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. શું જવાબ આપ્યો છે? આમાં તો તારી વ્યવહારે શ્રદ્ધા નથી. ઠીક! ગ્રહીત મિથ્યાદર્શનમાં નાખી દીધો.

પણ તત્ત્વ શ્રવણ કરવાના ભાવ અને એને ગૃહીત મિથ્યાદર્શન કહેવું? બહુ ઊંડાણથી એવી વાત કરી છે. આ જે વાત કરી છે એ એકદમ પરમાર્થની વાત કરી છે. ભાઈ! તને સાધન થઈ જાય છે પછી એ. કોઈક સંભળાવનાર મળે, કોઈ આત્માની, તત્ત્વની વાત કરનાર મળે તો લાવ, એની પાસે સાંભળવા જાઉં. લાવ એની પાસે સાંભળવા જાઉં. અંદર તો કાંઈ જામતું નથી. અંદર તો કાંઈ દેખાતું નથી. લાવ ત્યારે આત્માની વાત સાંભળું. આપણે ક્યાં ટીવી જોવું છે? આપણે ક્યાં સિનેમા જોવા છે? આપણે ક્યાં નોવેલ વાંચવી છે કે છાપા-અખબાર લઈને બેસવું છે? આત્માની તો વાત કરે છે!

મુમુક્ષુ :- જે બાધકભાવ છે અને સાધન કરી નાખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- તારા સાધનની ભૂલ છે. તેં એને સાધન માની લીધું. મોટી ભૂલ છે. જેની સાધનમાં ભૂલ છે, નિયમથી એની સાધ્યમાં ભૂલ છે. એ સાધન જ નથી. એટલે એમ કહ્યું કે એમ રહેવા દે. આ વાતને સાંભળી. સાંભળીને તને કાંઈ ચોંટ લાગી? અને ચોંટ લાગીને કાંઈ તારો પ્રયાસ ચાલુ થયો? તો આ થવાની જરૂર છે. એમ ન થાય તો તને ખેદ થવો જોઈએ. પણ એના બદલે સાંભળવાની હોંશ આવે અને એ સાંભળવામાં રોકાઈ જાય કે ઠીક છે, સાંભળું તો છું. તત્ત્વની વાત તો સાંભળું છું. તત્ત્વની વાત તો વાંચું છું. વ્યવહારશ્રદ્ધા નથી તારી. ત્યાંથી વાત લીધી. નિશ્ચયશ્રદ્ધાનો તો પ્રશ્ન નથી પણ વ્યવહારશ્રદ્ધા નથી એવી વાત કરી દીધી છે.

મુમુક્ષુ :- ૨૫ વર્ષથી સાંભળી છીએ, કાંઈ પ્રાપ્તિ થઈ નહિ, સાંભળીને ખંખેરી નાખીએ છીએ?

પૂજ્ય ભાઈશ્રી :- સાંભળીને ખંખેરી નાખે છે અને કાં તો આ સાંભળવું એવો એક ધ્યેય બાંધી દીધો. જીવનમાં સાંભળવું એવું એક નક્કી કરી નાખ્યું. જે વ્યવહારશ્રદ્ધામાં ન ગણ્યું 'સોગાનીજી'એ. આપણે તત્ત્વની સાંભળવી. આપણે તત્ત્વની વાત વાંચીવી અને તત્ત્વની વાત સાંભળવી. આમ કરતા કરતા કો'ક દિ' આપણને

લાભ થઈ જશે. ... એને સાધન માનીને એ ક્રિયા અને એ પ્રવૃત્તિ એણે ચાલુ રાખી. એને કહે છે કે વ્યવહારશ્રદ્ધામાં હજી નથી. નિશ્ચયશ્રદ્ધામાં તો નથી પણ વ્યવહારશ્રદ્ધામાં હજી તારો પ્રવેશ નથી. આમ લીધું છે.

મુમુક્ષુ :- વ્યવહાર શ્રદ્ધામાં કેમ લીધું?

પૂજ્ય ભાઈશ્રી :- સાધન ખોટું માન્યું. બુદ્ધિપૂર્વક જે સાધન નથી એને સાધન બુદ્ધિપૂર્વક ગ્રહણ કર્યું. તો એ એની બુદ્ધિપૂર્વકની ભૂલ છે.

મુમુક્ષુ :- એ સાધન ન કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ સાધન ન કહેવાય પણ બાધક કહેવાય. શું કહેવાય? રોકાવાનું, પ્રતિબંધ થવાનું, ઉપયોગને પ્રતિબંધ થાય તે બંધ. બંધભાવ એ શું ચીજ છે? કે આ આત્માનો ઉપયોગ આત્મામાં રોકાવાને બદલે આત્મા સિવાય કોઈપણ અન્ય દ્રવ્ય કે અન્ય ભાવમાં રાકાય તે એનો ભાવપ્રતિબંધ છે. તો એ ત્યાં એને સાંભળવું એમાં રોકાણો. તો એને સાધક નથી પણ એ બાધક છે. એનો ભાવ બાધક છે. નિમિત્ત પણ બાધક ગણાય છે. ઉપાદાન પણ બાધક ગણાય છે. એમ છે.

મુમુક્ષુ :- અત્યારે તો એમ કે શરૂઆતના જીવો છે એને આવું કહો છો.

પૂજ્ય ભાઈશ્રી :- આ એક તકલીફ છે કે પહેલા તો આમ થાય ને? શરૂઆતમાં તો આમ થાય ને? ભાઈ તો કહે છે, અમારે તો પચ્ચીસ વર્ષ થઈ ગયા છે. હવે તમારે શરૂઆત છે? શરૂઆત ક્યાંથી કરવી? કે મારું જે સ્વરૂપ ભગવાન પરિપૂર્ણ શુદ્ધ કહે છે તે એવી પરિપૂર્ણ શુદ્ધતા મને પ્રગટ હો, એવી જે અભિલાષા અને એવું જે ધ્યેય, એ ધ્યેય બાંધવું તે શરૂઆત છે. પૂર્ણ શુદ્ધતાનું ધ્યેય બાંધવું તે શરૂઆત છે. પૂર્ણતાને લક્ષે શરૂઆત તે વાસ્તવિક શરૂઆત છે. અહીંથી ઊપડવું પડે છે. એણે અંદરમાં શરૂઆત કરવાની છે. અંદરમાં આ ધ્યેય બાંધીને શરૂઆત કરવાની છે. જો આ ધ્યેય બાંધે તો એને એના પરિણામનું અવલોકન એવું સરસ થશે કે પોતાના ધ્યેયને પોતે અનુકૂળ નહિ ચાલે તો એનો નિષેધ આવ્યા વગર રહેશે નહિ કે મારું ધ્યેય તો આ બાજુ જવાનું છે.

અહીં મંદિરમાં સ્વાધ્યાય પૂરો થાય પછી ઘરે જવાનું નક્કી કરે છે. વિકલ્પ આવે છે કે ઘરે જવું છે, બીજે ક્યાંય જાવું નથી. એનો અર્થ કે બીજે ક્યાંય જાવું નથી. પછી કાંઈ રટણ કરવું નથી પડતું ઘર સુધી ચાલે ત્યાં સુધી. ઘરે જાવું છે... ઘરે જાવું છે... ઘરે જાવું છે... ઘરે જાવું છે... એમ કાંઈ રટણ નથી કરવું પડતું. ગમે તે વિચાર ચાલે, ગમે ત્યાં ઉપયોગ ચાલે, Trafic ને તારવવા પડે, કોઈ સામે ભટકાઈ નહિ એટલે તરીને ચાલવું પડે. ગમે તે પરિણામ થાય પણ ચાલે ઘર બાજુ. વગર

વિકલ્પ કર્યે ઘર બાજુ જ ચાલે.

એમ એનું ધ્યેય નક્કી કર્યું હોય એ બાજુ પરિણામ ચાલે અને જરાક આડાઅવળા જાય તો તરત એને Light થાય. Light થાય એનો અર્થ છે કે એણે ધ્યેય બાંધ્યું. અને જો Light ન થાય તો એનો અર્થ એમ છે કે હજી એણે ધ્યેય બાંધ્યું નથી. જો ધ્યેય બાંધ્યું નથી તો શરૂઆત કરી નથી એણે, શરૂઆત થઈ નથી. એણે શરૂઆત માની એ એની ભૂલ છે. શરૂઆત સંબંધિતની ભૂલ છે કે શરૂઆત નથી એને શરૂઆત માની છે. પછી તો આગળ કોઈ ભૂલ ન થાય એ પ્રશ્ન જ રહેતો નથી. પછી તો ઊંધા ઘડા ઉપર બધા ઊંધા જ ઘડા-ભૂલ ઉપર ભૂલની પરંપરા થવાની છે.

૩૪૦મા બોલમાં તો એમ કહે છે કે પોતાના સ્વરૂપને ઓળખીને જે ધ્યાન તારું બહારમાં રોકાય છે એ **'ધ્યાન તું તારામાં લગાડી દે.'** ધ્યાન વિનાનો તું નથી. અને ધ્યાન કરતા તને આવડતું નથી એમ પણ નથી. ચાર પ્રકારના ધ્યાન છે તો ધ્યાન વર્તે જ છે જીવને. આર્ત-રૌદ્ર બે ધ્યાન તો એને વર્તે છે.

'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા હતા કે દુકાને બેઠો બેઠો એવો વિચારે ચડી જાય. મેઈન રોડ ઉપર દુકાન હોય એવો દુકાને બેઠો બેઠો વિચારે ચડી જાય કે કોઈનો વરઘોડો નીકળે અને વાજા વાગતા વાગતા નીકળે અને એક સાથે સેંકડો માણસ પસાર થઈ જાય તો એને ખબર ન પડે કે અહીંથી આટલું મોટું લશ્કર પસાર થઈ ગયું વાજતે-ગાજતે. શું કર્યું એણે? ધ્યાન કર્યું. શેનું ધ્યાન કર્યું? કે આર્તધ્યાન કર્યું એણે. કઈ નિશાળમાં ધ્યાન શીખવા ગયો હતો? આ ધ્યાનની શિબિર ગોઠવે છે કે નહિ લોકો? ધ્યાનના કેન્દ્ર, ધ્યાન કેન્દ્ર, ધ્યાન શિબિર, તમને ધ્યાન શીખડાવીએ. પણ તને ધ્યાન અનાદિનું આવડે છે. ધ્યાન વગરનો કોઈ દિ' તું રહ્યો નથી. પણ ધ્યાન બધું અપધ્યાન કર્યું છે, ઊલટું ધ્યાન કર્યું છે, માઠું ધ્યાન કર્યું છે. જીવને જન્મ-મરણ વધે, પરિભ્રમણ વધે એવું ધ્યાન કર્યું છે. ધ્યાન વગરનો જીવ કોઈ નથી.

હવે સ્વરૂપ ઓળખીને-પોતાનું સ્વરૂપ ઓળખીને પોતામાં ધ્યાન લગાવી દે. પોતાનું સ્વરૂપ એવું છે, અગાધ જ્ઞાન અને અગાધ આનંદથી ભરેલું કે જો એને જોવે તો ત્યાં એનો ઉપયોગ થંભી જાય એવો છે પોતે. જો ઉપયોગ એને જોવા બાજુ વળે અને ઉપયોગમાં એ વિષયભૂત થાય તો એ ઉપયોગને થંભી જાવું પડે એવું મહા આશ્ચર્યકારી ચૈતન્યસત્તાધારી પોતે છે. એને એનું ધ્યાન કહેવામાં આવે છે. એમાં ઉપયોગ થંભી જાય એ એનું ધ્યાન છે. રોકાઈ જાય એ એનું ધ્યાન છે. એક સમયની પણ ફૂરસદ નથી લેતો અને પૂરેપૂરો સમય પોતાને છોડીને બીજી બાજુ લગાવે છે. સતતપણે એ પાપનું ધ્યાન કરે છે અને પોતાનું ધ્યાન કદી કરતો નથી.

વળી દેવ-ગુરુ-શાસ્ત્ર પોકારી-પોકારીને કહે છે કે ભાઈ! તારામાં અમૃત ભર્યું છે. તે અમૃતનો આસ્વાદ લે. અનુભવ કરીને અમૃતનો આસ્વાદ લે. તો પણ એ બાજુ વળતો નથી. અને ઝેરના પ્યાલા પીવે છે. પ્રશસ્ત-અપ્રશસ્તનો ભેદ પાડીને એમ કહે કે આ ઝેર તો સારું કે નહિ? વિષકુંભ કહ્યા છે તો અશુભ છે એ ઝેર છે. પણ શુભનું ઝેર તો સારું કે નહિ? અંદર અમૃત છે અને આ ઝેર છે. હવે આ ઝેર સારું એ વાત ક્યાં રહે છે? કોઈ રીતે ઝેરને સંમત કરવા જેવું છે? આ સીધી સીધી વાત છે. શરૂઆત જ અહીંથી છે, હોં! એ પહેલા કોઈ બીજી શરૂઆત છે, બીજું કાંઈક કરી લે, બીજી કોઈ ક્રિયા કરી લે પછી આ વાત એને લેવી એમ વાત નથી. આ એક 'ગુરુદેવશ્રી'એ બહુ મોટી વાત કરી છે.

સંપ્રદાયોમાં એવું ચાલ્યું છે કે પહેલાં તું આમ કર... પહેલા તું આમ કર... પહેલા તું આમ કર... પહેલાં આમ કર... પછી ઓલી ઊંચી વાતને પકડવા જજે નહિતર તારા હાથમાં નહિ આવે. એ પહેલાં કરવામાં પહેલા અને વચમાં અને છેલ્લે એ જ રહી જાય છે. ઓલી વાત જ એને નથી આવતી ક્યાંય. આવી ક્યાંય? ન આવી. આવશે પણ નહિ. એટલે 'ગુરુદેવે' એમ કહ્યું કે પહેલાં તું અહીંયાં આવ. આપણે એ જ વિચારણા ચાલી છે અહીં કે પાત્રતાને ક્રમ નથી.

સમ્યગ્દર્શનને ક્રમ છે, મુનિદશાને ક્રમ છે. સમ્યગ્દર્શનની દશાને ક્રમ છે. મુનિદશાને ક્રમ છે, મોક્ષની દશાને ક્રમ છે. પણ પાત્રતાની દશાને ક્રમ નથી. ક્રમ એટલે શું? કે પૂર્વ પર્યાય અમુક જાતની થાય તો જ ઉત્તર પર્યાય અમુક જાતની થાય એવો જે સૈદ્ધાંતિક ક્રમ, નિયમ એને ક્રમ કહે છે. જેમ કે મુનિદશા વગર મોક્ષદશા કોઈની ન થાય. બાહ્યાભ્યાંતર નિર્ગ્રંથ ભાવલિંગ દશા ઉત્પન્ન થયા વિના કોઈ જીવને મોક્ષની દશા ન ઉત્પન્ન થાય. એવી મુનિદશા કોઈને પ્રથમ સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા પહેલા ભાવલિંગી દશા આવે નહિ, ભલે સર્વસંગ પરિત્યાગ કરીને મુનિદીક્ષા અંગીકાર કરે પણ સમ્યગ્દૃષ્ટિ હોય તે જ ભાવલિંગી સંત થઈ શકે. આ નિયમ છે. એનો પૂર્વક્રમ છે.

સમ્યગ્દર્શન કોને થાય? કે જેને સ્વરૂપનિશ્ચય થાય એને જ સમ્યગ્દર્શન થાય. સ્વરૂપનું ભાવભાસન ન થાય-સ્વરૂપની ઓળખાણ ન થાય-સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ ન આવે ત્યાં સુધી સ્વરૂપનો નિશ્ચય નથી અને ત્યાં સુધી સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકા એટલે સમ્યક્‌સન્મુખની દશા નથી. ત્યાં સુધી તો આ બધી દશાઓ છે એનો નિયમ છે. એ પહેલાં કોઈ અક્રમે લેવા જાય (તો) પત્તો નહિ લાગે.

પાત્રતામાં કોઈ ક્રમ નથી. પાપીમાં પાપી જીવ હોય, સાતમી નરકમાં ગયો હોય. ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય હોય પણ પાપીમાં પાપી હોય અને સાતમી નરકે ગયો હોય

પાપ કરીને. ઘોર પાપ કરીને સાતમી નરકે ગયો હોય. પાત્રતામાં આવે તો સ્વરૂપ નિશ્ચયમાં આવતાં વાર નથી. અને પાત્રતા એ એક Secondમાં ઊભી થતી વાત છે, કોઈપણ ક્રમ વગર. મારે મારું હિત કરવું છે અને સિવાય કાંઈ કરવું નથી. મારે એક મારો આત્મા જોઈએ અને સિવાય મારે કાંઈ ન જોઈએ. બસ! આ પરિણામ જ્યારે કરે ત્યારે એ જ સમયે એની પાત્રતા પ્રગટ છે. એ પાત્રતા પ્રગટે તો સ્વરૂપ નિશ્ચયની દિશામાં એને આગળ વધતા કાંઈ વાર નથી. બધી Line એને ઠેઠ સુધીની સંધાઈ જાય એમ છે. મારે પૂર્ણ શુદ્ધતા, મારે પૂરેપૂરી મારી શુદ્ધતા જોઈએ. પૂર્ણ શુદ્ધતા એ જ મારું ધ્યેય છે. આ સિવાય મારે કાંઈ ન જોઈએ.

મુમુક્ષુ :- ૪૬ નંબરનો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૪૬. '**અંતરના તળિયાં તપાસીને આત્માને ઓળખ.**' ઓળખવાની વાત છે. આવો પ્રશસ્ત રાગ કરજે એમ નથી કહ્યું. પહેલું શું કરવું? આ તો ૪૫ છે કેમ? '**જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.**' આત્મામય કરી લેવું જોઈએ. પાત્રતાનો બોલ છે ને? '**ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને હજી કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં...**' એટલે વિશ્વાસમાં '**એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે, મારે આ જ કરવું છે;...**' મારે આત્મ હિત જ કરવું છે. પરિપૂર્ણ શુદ્ધિ એ જ મારું ધ્યેય છે, એ જ કર્યે છૂટકો છે. .... એ જ સમયે એની પાત્રતા પ્રગટ થઈ ગઈ. એ જ સમયે એ જ એની પાત્રતાનો સમય છે. એ એની કાળલબ્ધિનો સમય છે, એની પાત્રતા પાકી ત્યાંથી.

મુમુક્ષુ :- ઉગ્ર પરિણામમાં પાત્રતા...?

પૂજ્ય ભાઈશ્રી :- આ ઉગ્ર પરિણામ કેવી રીતે આવ્યા? આ ક્યાં ઉગ્ર પરિણામ છે? મારે મારું હિત કરવું છે-મારે મારું કલ્યાણ કરવું છે. મારે મારો આત્મા જ જોઈએ એમાં ઉગ્ર પરિણામ કેવી રીતે આવે? કેવી રીતે થાય? ક્યાંથી થયા? આ પરિણામ તો ઉગ્ર પરિણામ, છૂટી ગયા હોય તો પણ.

મુમુક્ષુ :- હિતના ઉદય પરિણામ.

પૂજ્ય ભાઈશ્રી :- હિતના ઉગ્ર પરિણામ તો જોઈએ, તીખા પરિણામ તો જોઈએ. સામાન્ય ઉપરછલ્લો વિચાર તો આવો ગમે ત્યારે અનેક વાર જીવને અનંત વાર આવ્યો છે. પણ અંદરથી, અંદરથી આંતરડીમાંથી આંતરડી કકળીને આવવો જોઈએ. ઉગ્ર કહો કે અંદરમાંથી કહો, પણ આવવા જોઈએ એને અંતરમાંથી આ પરિણામ થાય તો એ જ સમયે એની પાત્રતા છે. એવા પરિણામ થાય પછી પાત્રતા પ્રગટે એમ નહિ. એ જ એની પાત્રતા છે. બીજી પાત્રતા નથી. એ જ પાત્રતા છે. બસ, પછી

આગળ ચાલ્યો જાય પાત્રતામાં આવીને. પાત્ર વિના કોઈ રીતે પ્રાપ્તિ નથી. પાત્રતાથી પમાશે. ક્ષયોપશમથી કે બીજા મંદ કષાયની ક્રિયાઓથી પમાશે નહિ. પાત્રતાથી જ પમાશે. એક જ વાત છે.

અહીંયાં એમ કહે છે કે બહારમાં તારી શક્તિ ધ્યાન કરવા સુધીની, એકાગ્ર થવા સુધીની તારી શક્તિ રોકાય છે એ શક્તિનો દુર્વ્યય છે. એને છોડીને તું તારી શક્તિ તારામાં લગાડી દે. તને જો. તને જોતા તું તારામાં સ્થિર થઈશ. તારું ધ્યાન તને થશે. અને એ જ કરવા યોગ્ય છે, બીજું કાંઈ કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- સરસ બોલ છે. શક્તિ વેડફી નાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ તો છે પણ શક્તિ વેડફી નાખે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને શક્તિ છે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આત્માના સમ્યક્ થાય એ શક્તિ છે. એ શક્તિને એ અન્ય સ્થાનમાં લગાડે છે. બીજું બધું કામ કરવામાં લગાડે છે. એ પોતાના સ્વરૂપનો અનાદર છે. પોતાની સાધનાનો અનાદર છે. પોતાના પરમેશ્વરપદનો અનાદર છે. અને એનું ફળ પરિભ્રમણ છે. એનું ફળ જે પરિભ્રમણ છે એ કુદરતી છે અને એ કુદરતના કાર્યને રોકવા જગતમાં ઈન્દ્ર નરેન્દ્ર જિનેન્દ્ર કોઈ સમર્થ નથી. કુદરત કુદરતનું કામ કરે છે. કુદરત એટલે વસ્તુનો સ્વભાવ, કુદરત એટલે વસ્તુનું વિજ્ઞાન. કુદરત એટલે વસ્તુનું સ્વરૂપ, વસ્તુસ્થિતિ. ૩૪૦ (પૂરો) થયો.

**નિજ ચેતનપદાર્થના આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે. અગાધ શક્તિમાંથી શું ન આવે ? ૩૪૧.**

૩૪૧. '**નિજ ચેતનપદાર્થના આશ્રયે...**' જેનું ધ્યાન કરવાનું કહ્યું ને? એવો '**નિજ ચેતનપદાર્થના આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે. અગાધ શક્તિમાંથી શું ન આવે?**' નિજ ચેતનપદાર્થના આશ્રયે જેનો મહિમા કરતાં વાણી થાકે છે તો પણ જેનો મહિમા પૂરો પડતો નથી. સર્વજ્ઞની દિવ્યધ્વનિ પણ જેનો પૂરો મહિમા કરવા સમર્થ નથી એવો પોતે મહાન પદાર્થ છે. ભલે વાણીમાં ન આવે પણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવના મતિ-શ્રુતજ્ઞાનમાં આવે છે. વાણીમાં ન આવે પણ મતિ-શ્રુતજ્ઞાનમાં એ આવે છે. વાણીમાં આવવું એ જરૂરી નથી. જ્ઞાનમાં આવવું તે જરૂરી છે.

જેવું છે, જેવો છે, જેટલો મહાન છે એટલો જો જ્ઞાનમાં ભાસે તો એના પરિણામ પછી એને છોડીને બીજે ક્યાંય જાય નહિ. જાય તો પણ પાછા પડીને આવે. જાય તો પણ પાછા પડીને આવે અને સરવાળે જતા બંધ થઈ જાય. 'શ્રીમદ્‌જી' એટલા

માટે પાછળ એક જગ્યાએ લખે છે કે સર્વજ્ઞપદ છે. સર્વજ્ઞપદ કહો, પૂર્ણપદ કહો, પોતાનું પરમેશ્વર પરમપદ કહો. વારંવાર વિચારવા યોગ્ય છે, વારંવાર ચિંતવન કરવા યોગ્ય છે, વારંવાર અનુપ્રેક્ષણ કરવા યોગ્ય છે, વારંવાર ધ્યાન કરવા યોગ્ય છે. એમ કરીને લખે છે. એ પોતાનું સ્વરૂપ છે.

જેનો આશ્રય કરતાં એટલે એમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી અહંપણું થતાં. એ એનો આશ્રય છે. '**અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.**' સિદ્ધદશા પર્યંતની સર્વ લબ્ધિ એમાં પ્રગટે છે. બધી ઋદ્ધિ-સિદ્ધિ બધું એમાં આવી જાય છે. પુદ્ગલની ઋદ્ધિ-સિદ્ધિ તો એની પાસે કાંઈ છે જ નહિ. અથવા જે પુદ્ગલની ઋદ્ધિ-સિદ્ધિ છે એના ઉપર જીવનો ઉપયોગ જાય તો એમાંથી આકુળતા અને દુઃખની ઉત્પત્તિ થાય. એટલે દુઃખનું નિમિત્ત છે. સુખનું કોઈ નિમિત્ત છે નહિ.

ચેતનપદાર્થના નિજ સ્વરૂપના આશ્રયે '**અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.**' એ આત્મિક વિભૂતિની વાત કરી છે. પુદ્ગલનો વૈભવ પ્રગટશે, તને ઈન્દ્રપદ મળશે વચ્ચે-વચ્ચે. વચ્ચે-વચ્ચે તને ચક્રવર્તીપદ મળશે, પછી તને તીર્થંકરની પ્રકૃતિ મળીને સમવસરણ આદિ ઋદ્ધિ પ્રગટ થશે એ કોઈ વાત આમાં નથી. આત્મિક વિભૂતિ પ્રગટશે. અદ્ભુત આત્મિક વિભૂતિઓ પ્રગટશે. જ્યારથી તને સ્વરૂપનો આસ્વાદ આવશે ત્યારથી એ અમૃત પીવાનું શરૂ થશે. અમૃતની ધાર અંદરમાં શરૂ થશે. એની તૃપ્તિ ચાલુ થશે અને એ તૃપ્તિ એવી છે, બીજા જેવી નથી-બાહ્ય વિષય જેવી કે પછી એ તૃપ્ત થઈ ગયો અને છોડી દે. એ એને પીધા જ કરશે. પીધા જ કરશે.

મુમુક્ષુ :- બહારની વિભૂતિ આ વિભૂતિમાં જરા પણ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનના વૈભવમાં, જ્ઞાનની વિભૂતિમાં એનો ફોટો પડે છે.

મુમુક્ષુ :- ઈ છે તો ઓલું દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. એ ન હોય તો આ છે એ વાત ક્યાં રહે છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાને ભૂલ્યો. પોતાની જાતને ઓળખી નહિ એટલે એને એમાં વ્યામોહ થયો કે આ બહુ સારુ છે, હોં! આ બહુ સારું છે, ફલાણું બહુ સારું છે, ઢીકણું બહુ સારું છે. પોતાને ભૂલ્યો એટલે વ્યામોહ થયો. સારો તો પોતે છે ખરેખર તો. અંદરમાં સારું તો પોતાનું સ્વરૂપ છે. નિર્દોષ મહા આનંદમય અને એકલું અમૃતથી ભરેલું. પ્રદેશે પ્રદેશે અનંત અમૃતના કૂવા છે. એક-એક પ્રદેશે અનંત અમૃતના કૂવા ભરેલા છે. જેને તળિયું નથી નીચે. તળિયું નથી. એવું સ્વરૂપ

અદ્ભુત છે! અદ્ભુતથી અદ્ભુત છે!!

જુઓને! ભગવાન બહાર નીકળતા નથી. અરિહંતો અને સિદ્ધો એમાંથી બહાર નીકળતા નથી. ઉપયોગ લાગી ગયો તે લાગી ગયો. આખું જગત ઝળકે તો પણ જગત સામું ઉપયોગ અંશે પણ ફરતો નથી. જરા પણ ફરતો નથી. આખા જગતનું પ્રતિબિંબ પડે. ફોટો આવે અંદરમાં પણ એને એ કાંઈ જાણે દેખાતું જ નથી. એને તો એકલો આત્મા જ દેખાય છે.

મુમુક્ષુ :- અમે ક્યાં એનાથી ઓછા છીએ. ૪૦ વર્ષ થયા હજી બહાર જ નથી નીકળ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાંથી તો બહાર નીકળી જવા જેવું છે. જ્યાં છે ત્યાંથી તો બહાર નીકળી જવા જેવું છે.

મુમુક્ષુ :- નથી નીકળતા. ગુરુદેવ સુભટ કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ' કહેતા કે તીર્થંકરના સમવસરણમાં પણ ઊંધાઈ ન છોડી. ભડના દીકરાએ ઊંધાઈ ન છોડી. તીર્થંકરનું ન માન્યું. બીજાનું તો શેનું માને?

મુમુક્ષુ :- પાત્રતા વગર દેશના ગ્રહણ ન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- એવું ન થાય. પાત્રતા વગર દેશના ગ્રહણ થાય નહિ. એ તો સ્પષ્ટ વાત છે. જ્યારે એ પોતે... પાત્રતાનું એક બીજું લક્ષણ છે કે પોતાના હિતની ગરજ. તો દેશના-હિતોપદેશ. દેશના છે એ તો હિતોપદેશ છે. એ ક્યાં ગ્રહણ થાય? કે જ્યાં જેને ગરજ થઈ હોય ત્યાં થાય. બીજે તો થાય નહિ. એ તો સીધી વાત છે.

**'અગાધ શાંતિમાંથી શું ન આવે?'** એમ કહે છે. આત્માને જે જોઈએ તે બધું આવે. આત્માને તો જગતનો વૈભવ જોઈએ છે. એ આવે કે ન આવે અંદરથી? જેને જગતનો વૈભવ જોઈએ છે એ આત્મા જ નથી. જેને જગતનો વૈભવ જોઈએ છે, એ વૈભવમાંથી જેને સુખ જોઈએ છે એ આત્મા નથી. એ જડને ઇચ્છાનારો જડ જેવો થઈને જડ થઈ ગયો છે. એ અનાત્મા છે. એટલે એ પ્રશ્ન અહીંયાં રહેતો નથી. અગાધ શક્તિમાં... ચર્ચા એટલા માટે લીધી કે ગંધ કાઢી નાખવા જેવી છે.

પરમાં સુખ છે. જગતના પદાર્થમાં પરમાણુની કોઈપણ જાતની પર્યાયમાં સુખ છે એની ગંધ ન રહેવી જોઈએ. એવો અભિપ્રાય સજ્જડ થાય કે આ જગતમાં ક્યાંય સુખ નથી. એક સુખથી ભરેલો મારો આત્મા છે. અનંત સુખથી ભરેલો મારો આત્મા છે અને આ સિવાય ક્યાંય સુખ નથી. નહિતર સુખની કલ્પનાથી જે પરિણામ બહાર જાય છે એ પાછા નહિ વળી શકે. જ્યાં સુધી સુખની કલ્પના છે, સુખાભાસ છે

ત્યાં સુધી એને એ સુખ સાચું લાગ્યું છે અને ત્યાં સુધી પરિણામ ત્યાંથી પાછા નહિ વળે. પાછા નહિ વળે તે નહિ જ વળે. એને પરની અધિકાઈ છૂટશે નહિ અને ત્યાં સુધી સ્વરૂપની અધિકાઈ આવશે નહિ.

સ્વરૂપ મહિમા કરવાનું એ કારણ છે. સ્વરૂપમ હિમાનો આ બોલ છે અને સ્વરૂપ મહિમા એટલા માટે કરવામાં આવે છે કે આ જીવને પોતાના સ્વરૂપનો મહિમા આવ્યો નથી. ઓળખાણ થઈ નથી અને મહિમા આવ્યો નથી. તેથી એને સ્વરૂપના પરિણામ થતા નથી. સ્વરૂપાશ્રિત પરિણામ પ્રગટતા નથી એનું કારણ એને મહિમા નથી. સ્વરૂપનો મહિમા નથી તો નિયમથી એને જડનો અને રાગનો મહિમા છે, છે અને છે જ. અનાદિનો છે.

અનાદિથી વર્તમાન સુધીમાં કેટલું ઝેર પીધું છે એની ખબર નથી. કેટલું પીવાઈ ગયું છે એની ખબર નથી. વાત કાને પડે છે અને કેમ બહાર નીકળાતું નથી? આ સવાલ છે કે નહિ? ઘણાં વર્ષથી સાંભળીએ ને એમ કેમ? કેટલું ઝેર પીધું છે એનું કોઈ માપ નથી. છતાં એક વસ્તુના સ્વરૂપની સુંદરતા એ છે, સગવડતા એ છે કે એની મર્યાદા પરિણામ સુધી છે. તને તો સીધો ત્યાંથી ઉઠાવીને એમ લઈ જઈએ છીએ કે તું પરિણામ સ્વરૂપ જ નથી. તારું ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ છે. ઊઠી જા ત્યાંથી તું. તારા ધ્રુવ સ્વરૂપને જો તો અનાદિથી જે પરિણામે ઝેરના પ્યાલા પીધા છે એનો એક અંશમાત્ર અસર પણ ત્યાં પહોંચી નથી. એક ટીપું ત્યાં પહોંચ્યું નથી. કેવું તારું સ્વરૂપ નક્કોરે નક્કોર રહ્યું છે! અને એવું એ મહિમાવંત છે કે એને કોઈ સ્પર્શી શકે એવું નથી. પરિણામની સ્પર્શના નથી. પ્રમાણ અપેક્ષાએ એ જ પદાર્થમાંથી ઉત્પન્ન થયેલા એના પરિણામ કહેવાય એની પણ સ્પર્શના એને નથી. બીજું તો કોણ એને સ્પર્શે? એવું તારું સ્વરૂપ છે.

ભગવાન તો સીધું સ્વરૂપ સંભળાવે છે. તું પહેલાં આમ કરજે અને પહેલા આમ કરજે એમ નહિ. સીધું જ એને એનું સ્વરૂપ સંભળાવે છે. અને એટલા માટે 'ધર્મદાસજી ક્ષુલ્લકે' ગુરુની પણ વ્યાખ્યા એ બાંધી કે ગુરુ કોને કહેવા? કે જે આત્માનું સ્વરૂપ વારંવાર સમજાવે તેને ગુરુ કહેવાય. ફલાણો વેશ પહેર્યો હોય તો તું ગુરુ કહેજે. ધોળા વસ્ત્રો પહેર્યાં હોય તો ગુરુ માનજે. કે વસ્ત્ર રહિત હોય તો ગુરુ માનજે એવું ન કહ્યું.

મુમુક્ષુ :- વારંવાર આત્માને બતાવે.

પૂજ્ય ભાઈશ્રી :- વારંવાર આત્માને બતાવે-દર્શાવે તેને ગુરુ માનવા તારે.

મુમુક્ષુ :- નવ તત્ત્વમાં ઉત્તમ તત્ત્વ ગુરુતત્ત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુતત્ત્વ. પોતે જ ગુરુ તત્ત્વ. ઉત્તમ તત્ત્વ એ પોતે. ખરેખર તો પોતે જ પોતાનો ગુરુ છે. પોતે ગુરુ એટલા મહાન છે. જ્યારે પોતાના મહાન સ્વરૂપને જ્ઞાનમાં પોતે લે છે ત્યારે એને ખ્યાલ આવે છે કે અરે...! આવી મહાનતા તો વારંવાર કહેનાર આ પુરુષ છે. એટલે પછી એના ઉપર ગુરુનો આરોપ કરે છે. પોતાના ગુરુને જોઈને એ ગુરુને દર્શાવનાર ઉપર ગુરુનો આરોપ કરે છે. આરોપથી એને ગુરુ કહે છે. પણ ખરેખર તો પોતે જ ગુરુ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ને લાગુ પડે છે. 'ગુરુદેવશ્રી' વારંવાર આત્માને જ બતાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મેળવી લેવું કે આ વારંવાર આત્માને બતાવે છે કે નહિ? ગમે તે અધિકાર ચાલતો ન હોય. આત્માની વાત આવે તો આહા..હા..! પહેલા તો પોતે આશ્ચર્ય કરે. શું વસ્તુ છે અને શું ચીજ છે! શું જ્ઞાનનો ભંડાર છે! શું સુખનો-આનંદનો ભંડાર છે! શું શાંતિનો ભંડાર છે! એકલું અમૃત જ ભર્યું છે અને બીજું કાંઈ અંદરમાં છે નહિ. ચૈતન્ય પિંડને લક્ષમાં લઈને કેટલીક વાર તો એના મહિમામાં જ એનામાં રોકાઈ જાય. એકની એક વાત આવે એટલે સાંભળી-સાંભળીને પાત્રતા ન હોય તો જીવ રીઢો થઈ જાય કે ઠીક છે. 'ગુરુદેવ' તો આત્મા જ્ઞાનાનંદ, નિર્મળાનંદ, નિત્યાનંદ ને બધું કીધા જ કરે છે.

પાત્રતાવાળા જીવને એ સ્વરૂપના વખાણ થાય અને સ્વરૂપનો મહિમા થાય ત્યારે એની રુચિ પોસાય છે. રુચિ વૃદ્ધિગત થાય છે. સ્વરૂપની રુચિ ન હોય તો પ્રગટે છે. અને એની આત્મરુચિને પોષણ મળે છે. એટલું નહિ એને એમ થાય છે કે આખા વ્યાખ્યાનમાં કાંઈ સાંભળવા જેવું હોય તો આ એક જ વાત છે. એમનું ચાલે તો ગુરુને એમ જ કહે કે બસ! આ એક જ વાત કરો. બીજી વાત કરશો નહિ હવે. અમારે કાંઈ બીજું સાંભળવું નથી. આ એક જ અમારે સાંભળવું છે. બીજું કાંઈ સાંભળવામાં અમારું ચિત્ત લાગતું નથી. અમને જે ગમે છે, ગોઠે છે, રુચે છે એ આ એક જ વાત છે.

જેને આત્મા રુચે છે એને આત્માની વિશેષતાઓ, આત્માની મહિમા એને વિશેષ વિશેષ રુચિ છે. એટલે એને તો પોતાને પોતાના રુચિને જે પોષણ મળે છે, પુષ્ટિ મળે છે એ એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. એને શ્રોતા-વક્તા સંબંધીનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ત્યાં છે કે મારા આત્મસ્વરૂપના ભાવ મને વિશેષ આત્મભાવનો આવિર્ભાવ થાય, બસ! એ જ વાત અહીંયાં ચાલે છે. એ જ કહેનાર મને મળ્યા છે તો મારે હવે આ સિવાય કાંઈ જોઈતું નથી.

એકવાર 'સોગાનીજી'એ કહ્યું 'સોનગઢ'માં આવ્યા ત્યારે કે 'કલકત્તા'ની અંદર તો અંદરમાં કાંઈક છે અને બહારમાં કાંઈક છે. એટલે અંદરમાં ભલે આત્માનું કરીએ છીએ પણ બહારની અંદર તો જાણે કાળઝાળ ગરમી હોય અને કેમ માણસને ક્યાંય સોહાય નહિ. ક્યાંય ફાવતું નથી. 'સોનગઢ'માં એક સારું છે કે અંદરમાં પણ પરમાત્મા અને બહારમાં પણ પરમાત્મા. પરમાત્મા સિવાય બીજી વાત કરતા નથી. અંદર અને બહાર બેયની સંધિ છે અહીંયાં.

મુમુક્ષુ :- બહુ સરસ. અનંત કાળમાં જીવ પાત્રતામાં તો અનંત વાર આવ્યો છે. દેશના લબ્ધિ... છતાં એ આગળ નથી વધ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- પાત્રતામાં પણ પાત્રતા એટલે સ્વરૂપ સન્મુખ નથી થયો. ત્યાં સુધી નથી આવ્યો. એટલે આગમ ભાષાએ કહીએ તો ચાર લબ્ધિના પરિણામ થયા છે. પ્રયોગ્ય લબ્ધિ, દેશના લબ્ધિ બંને પાત્રતામાં આવે છે. પણ કરણ લબ્ધિ સુધી નથી આવ્યો.

મુમુક્ષુ :- પાત્રતામાં કાંઈ ફેરફાર હશે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાત્રતામાં ઘણો... વર્તમાન પાત્ર એવો હોવો જોઈએ કે મારે આત્મા જ જોઈએ અને બીજું કાંઈ ન જોઈએ. ત્યાં સુધી આવવું જોઈએ. ઉપર ઉપરની તો ઈચ્છા થઈ છે. સામાન્ય પાત્રતા. સામાન્ય પાત્રતા એનો તો કાંઈ અર્થ નથી.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ દસ બોલ લીધા છે પાત્રતાના.

પૂજ્ય ભાઈશ્રી :- સત્પુરુષના ચરણનો ઈચ્છુક લીધો છે. પણ એ પણ આત્મલક્ષે. ઓઘે ઓઘે સત્પુરુષ શું તીર્થંકરના ચરણમાં અનંત વાર ગયો છે. સત્પુરુષના ચરણમાં ગયો એમાં કાંઈ નવી વાત નથી. સત્પુરુષ પણ એને અનંત વાર મળ્યા છે. ઓળખાણ એકેય વાર નથી કરી. ન તો સત્પુરુષની ઓળખાણ કરી છે, ન તો એણે તીર્થંકરદેવની ઓળખાણ કરી છે. જિનેન્દ્રને પણ એણે ઓળખ્યા નથી. ઓઘે ઓઘે તો એણે ઘણું કર્યું છે. ઓઘસંજ્ઞા તો એને દર્શનમોહ વૃદ્ધિનું કારણ થાય છે. ઓઘસંજ્ઞામાં રહીને જીવનું હિત કદી થઈ શકે નહિ. એ સિદ્ધાંત છે. એટલે આગમભાષાએ એ વાત છે કે કરણ લબ્ધિમાં નથી આવ્યો. અધ્યાત્મ રીતે જોઈએ તો એણે સ્વરૂપ નિશ્ચય નથી કર્યો. પાત્રતામાં આવીને સ્વરૂપ નિર્ણય કરે, સ્વરૂપ નિશ્ચય કરીને સ્વરૂપસન્મુખ થાય એ હદ એણે પકડી નથી. એટલી હદે નથી આવ્યો.

સ્વરૂપ નિશ્ચયના પ્રકરણમાં એક મુદ્દો એવો લીધો છે કે જ્યારે ઉપયોગાત્મક વિચારધારમાં, સુવિચારણામાં પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનો નિશ્ચય થાય છે ત્યારે તે ઉપયોગ

વ્યય થઈને એનું લબ્ધ થાય છે. એવું લબ્ધ ક્યારેય એને નથી થયું. ઉપયોગમાં એનું પોતાનું શુદ્ધાત્મપદ આવું છે એમ એને વિચારમાં આવ્યું હોય અંતર્મુખ ચિત્તની વિચારધારામાં. જેવું છે એવું એને નિશ્ચયમાં આવ્યું હોય, ભાવ ભાસ્યો હોય અને એનું લબ્ધ થાય તો એની પરિણતિ પલટો ખાઈ જાય. લબ્ધની જે પરિણતિ છે એ પરિણતિ પલટો ખાઈ જાય. પરિણતિ ફરી જાય તો વાંધો નથી. એ પહેલાં જીવ વિચારે છે, વાંચન કરે છે, શ્રવણ કરે છે, ચર્ચા કરે છે, તત્ત્વ સંબંધી ગમે તે વિચારની પ્રક્રિયા ચાલે છે તો પણ એનું અનાદિનું લબ્ધ છે એ જ્યાં સુધી બદલાતું નથી ત્યાં સુધી એની પરિણતિમાં ફેર પડતો નથી. તો એક વાર પરિણતિ થઈ જવી જોઈએ.

'પૂજ્ય બહેનશ્રી' એ વાત ઘણી વાર કરે છે ચર્ચામાં. પરિણતિ થઈ જવી જોઈએ. મુમુક્ષુને એક વાર પરિણતિ થઈ જવી જોઈએ. જો પરિણતિ ન થાય તો ઉપયોગ ન થાય. શુદ્ધોપયોગ જે પ્રગટવો છે એ પરિણતિમાંથી પ્રગટશે. વિચાર કરે કરે કરે.. એ તો વિચાર કરી કરીને થાકી જઈશ તું. વાંચન? વાંચન કરી કરીને થાકી જઈશ તું. સાંભળીએ? તો સાંભળતા સાંભળતા પણ થાકી જઈશ તું. એકવાર એને પરિણતિ થઈ જવી જોઈએ. એ ભાવનામાંથી પરિણતિ થાય છે. વિશેષ તીવ્ર ભાવના હોય તો એમાંથી પરિણતિ થઈ જાય છે. ઘણી લાઈનદોરી આપી છે.

મુમુક્ષુ :- નિર્ભ્રાંત દર્શનમાં દસે પોઈન્ટ છે એમાં છે આ લબ્ધનો.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૪૧ થયો.

**અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે ?**

**જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી એવાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભભાવ તે પણ પરમાર્થ હોય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની તો વાત જ શી? તેમનાથી તારે શું પ્રયોજન છે ?**

**આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર ! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરીફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો' ! આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે. ૩૪૨.**

૩૪૨. **'અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?'** આ ચોખ્ખું કહ્યું. બીજી લપમાં પડીશ નહિ ક્યાંય, એમ કહે છે. અંદરમાં એક આત્માનું પ્રયોજન રાખ. બહારમાં એ જ આત્માને દર્શાવનારા જે દેવ-ગુરુ-શાસ્ત્ર છે એટલું જ પ્રયોજન રાખ દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે. આ સિવાય ત્રીજી વાતને ધર્મના ક્ષેત્રમાં તું અડવા જઈશ નહિ.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ 'સોનગઢ'ની વાત આપે બહુ સરસ કરી, બહાર પણ આત્મા અને અંદર પણ આત્મા.

પૂજ્ય ભાઈશ્રી :- અંદર પણ આત્મા. અંદર અને બહાર એક જ વાત છે. એ તો કોઈના પરિચયમાં આવતા નહિ. આવવા માગતા પણ નહિ. એકવાર ચર્ચામાં વાત કરેલી કે સાધર્મીકા પરિચય મૈં બઢાના નહીં ચાહતા. કેમ કે ભૂતકાળમાં સાધર્મીઓંસે હટનેમેં ભી મુઝે દીક્કત હુઈ થી. સાધર્મીથી હટીને અંદરમાં આવવું એમાં થોડીક મને તકલીફ પડી હતી. પોતાને પુરુષાર્થ કરવામાં તકલીફ પડી હશે.

મુમુક્ષુ :- એટલે શું? સમજાણું નહિ. સાધર્મી...

પૂજ્ય ભાઈશ્રી :- શું છે કે અસંગ તત્ત્વને સંગ પ્રતિકૂળ છે. જેને અસંગ તત્ત્વમાં અસંગ થઈને રહેવું છે એને સંગનો ભાવ છે એ અસંગભાવ થવામાં પ્રતિકૂળ છે. એ તો સીધે સીધો પ્રતિપક્ષ જ ભાવ છે. તો કુસંગ કરવાનો તો પ્રશ્ન જ નથી. પણ સાધર્મીઓનો સંગ પણ મારે કરવો નથી. નથી લીધું? 'એકલ્યા' ગયા તો કહે, આ એકલ્યા તળાવ એમ કહે છે કે તું તારા સાધર્મીઓથી હટીને એકલો થઈ જા. એમ આ તળાવનું ક્ષેત્ર એમ કહે છે. એનું તો ઘૂંટણ અને રટણ જ એવું હતું.

કોઈનો પરિચય વધારવો નથી. કોઈના પરિચયમાં આવવું નથી. મારે મારું કામ કરીને મારા રસ્તે ચાલ્યું જાવું છે. મારે બીજાથી શું પ્રયોજન છે? લેવા-દેવા શું છે કે બીજાથી? કોઈની અપેક્ષા નથી. કાંઈ નથી. કોઈ માન આપે તો માન જોઈતું નથી. બીજું તો કાંઈ જોવાનો પ્રશ્ન નથી. ચીજ વસ્તુ લેવા-દેવાનો તો પ્રશ્ન નથી. એવું છે. સાધનાનો માર્ગ જ એવો છે.

મુમુક્ષુ :- આપણે એક કલાક 'સોનગઢ' જ છે. બહાર પણ આત્મા, અંદર પણ આત્મા. આપ આત્મા સંભળાવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો અધ્યાત્મ શાસ્ત્ર સિવાય તો આપણને બીજું ફાવતું નથી. અધ્યાત્મ શાસ્ત્ર વાંચવું. આ શાસ્ત્રમાં તો કુદરતી બીજી આડીઅવળી વાત નથી. 'વચનામૃત'માં. બોલે બોલે અધ્યાત્મનો વિષય ભર્યો છે. એ વિશેષ વાત છે.

મુમુક્ષુ :- આજ પૂરું થાય અને કાલ ક્યારે દિવસ આવે, સવા આઠ ક્યારે વાગે

રાહ જોવાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- કહે છે, અંદરમાં એક આત્માનું પ્રયોજન રાખજે. બહારમાં માત્ર દેવ-ગુરુ-શાસ્ત્રનું. '**બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?**' આ સિવાયનું કાંઈ હોય તો તારે શું લેવા-દેવા? કે કાંઈ લેવા દેવા નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર એ પણ મને મારું સ્વરૂપ બતાવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની સામે જોતા એમ જ વિકલ્પ આવે છે કે મારા સ્વરૂપના આ દર્શાવનારા છે. મારું જે મહિમાવંત સ્વરૂપ, બસ! એને આ સીધેસીધું બતાવે છે. અંદરમાં આત્માનું સ્વરૂપ દેખાય છે અને બહારમાં એના દેખાડનારા દેખાય છે. બેમાં સ્વરૂપ સિવાય ત્રીજો કોઈ વિષય આવતો નથી. એવી રીતે દેવ-ગુરુ-શાસ્ત્રને જે જોવે છે એ પ્રયોજનભૂત રીતે જોવે છે. બીજી રીતે જોવે તો એ દેવ-ગુરુ-શાસ્ત્રને પણ પ્રયોજનભૂત રીતે જોતો નથી. એ રીતે પ્રયોજનને અનુલક્ષીને વાત લીધી છે. પછી બીજી વિશેષ વાત લે છે...

## તા. ૨૦-૩-૧૯૮૮, વચનામૃત-૩૪૨
## પ્રવચન નં. ૨૫૯

૩૪૨. પાનું-૧૧૫. પ્રયોજન વિષયનો આ વિષય છે. પોતાનું પ્રયોજન પોતાના આત્મા સાથે સંબંધિત છે. વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્ર છે. નિશ્ચયનો પ્રયોજનભૂત વિષય પોતાનો આત્મા છે. વ્યવહારે એ પ્રયોજનને ... દેવ-ગુરુ-શાસ્ત્રને બાહ્ય કાર્યમાં પ્રયોજનભૂત ગણવામાં આવે છે. એટલે એમ કહ્યું કે '**અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?**' એ સિવાય આ આત્માને બીજા પદાર્થો સાથે કોઈપણ જાતનું પ્રયોજન નથી. પ્રયોજન નહિ હોવા છતાં પ્રયોજન માને તો તે માન્યતાની ભૂલ છે.

અન્ય પદાર્થો સાથે પ્રયોજન નહિ હોવા છતાં પ્રયોજન માનીને પરિણામ કરે તો તે પ્રયોજનના વિષયમાં જીવની ભૂલ છે. ખરેખર તો જીવને પોતાના આત્મા સાથે જ પ્રયોજન છે. પરિણામ આત્મામાં અંતરમગ્ન ન રહે ત્યારે એ જ આત્માને દર્શાવનારા એવા જે દેવ-ગુરુ-શાસ્ત્ર એના પ્રત્યે પ્રયોજનની મુખ્યતાપૂર્વક પ્રયોજનને લક્ષમાં રાખીને જીવના પરિણામ જાય તો ત્યાં સુધી તેને ક્ષમ્ય ગણવામાં આવે છે. વ્યવહાર ગણીને. હવે વ્યવહારનું પણ શું સ્થાન છે એ પણ સ્પષ્ટ કરે છે.

'**જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે.**' વ્યવહારે જે સાધનરૂપ કહેવાય છે અને મોક્ષમાર્ગમાં જેનું અવલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી. સાધકદશા, સાધકદશા અપૂર્ણ દશા હોવાને લીધે, સિદ્ધદશા નહિ હોવાને લીધે અને અપૂર્ણ દશા હોવાને લીધે જેને બહારના પરિણામ અવશ્ય અનિવાર્યપણે ઉત્પન્ન થાય છે એવા સાધકને દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભભાવ આવ્યા વિના રહેતા નથી. જો કે તે પણ પરમાર્થે તો હેય છે. બીજા શુભભાવનો તો અહીંયાં કોઈ Class નથી. પણ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના સમર્પણરૂપ, ભક્તિરૂપ, બહુમાનરૂપ જે શુભભાવો આવે છે તે પણ પરમાર્થે હેય છે. તે પણ પોતાનો આશ્રય, પોતાના સ્વરૂપનો આશ્રય કરવા અર્થે; એ પરમાર્થ છે-નિજ સ્વરૂપનો આશ્રય લેવો તે પરમાર્થ છે અને એ પરમાર્થને સિદ્ધ કરવા માટે આનું હેયપણું આવે તો જ ત્યાંથી નીકળીને અહીંયાં આવે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેથી પણ છૂટીને પરિણામ અંતર્મુખ ક્યારે થાય? કે એમાં પણ હેયપણું આવે ત્યારે. હેયત્વ ઉત્પન્ન થાય ત્યારે.

સ્વરૂપના આશ્રયભૂત પરિણામ કરાવવા અર્થે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અથવા વ્યવહારે જેને સાધન કહેવાય છે તેને જો ખરેખર સાધન માને તો તે સાધન નહિ રહેતા તેનું સાધ્ય થઈ જાય છે. આ સાધન-સાધ્યની ભૂલ એવી સ્થૂળ સૂક્ષ્મ ભેદે અનેક પ્રકારે એવી એવી ભૂલો છે કે જીવ મોક્ષમાર્ગે નથી ચડતો એનું કારણ પણ આ જ છે. સાધનની ભૂલ થાય છે તેથી એનું અભિષ્ટ સાધ્ય જેને કહીએ, ઈષ્ટ સાધ્ય કહીએ એની પ્રાપ્તિ થતી નથી.

મુમુક્ષુ :- સાધનમાં ભૂલ.

પૂજ્ય ભાઈશ્રી :- સાધનની ભૂલ નિયમથી સાધ્યમાં ભૂલ. જગતના જેટલા પણ અન્ય મતો પ્રવર્ત્યા છે, આસ્તિક્ય દર્શન છે એની પણ સાધનની ભૂલ હોવાને લીધે ભલે એ મોક્ષને સ્વીકારતા હોવા છતાં, આત્માને સ્વીકારતા હોવા છતાં એને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. કેમ કે સાધનની ભૂલ છે. જૈનદર્શનમાં પણ સાધન બે ભેદે બે પ્રકારે કથન કરવામાં આવ્યું છે. નિશ્ચય સાધન એક પ્રકારે હોવા છતાં. કથન એના બે પ્રકારે ચાલ્યા છે. વ્યવહારરૂપ અને નિશ્ચયરૂપ. વ્યવહારરૂપ સાધન ઉપચારથી કહેવાયા છે, જે ખરેખર સાધન નથી. પણ જે ખરેખર સાધન નથી એને જ સાધન માનીને ચાલે છે ત્યારે સાધનની ભૂલ થતાં સાધ્યની ભૂલ થઈ જાય છે.

મુમુક્ષુ :- સાધનની ભૂલ શું શું થવા સંભવ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કેટલાય ભેદ-પ્રભેદ છે. પણ કોઈપણ વિકલ્પ સાધન નથી. કોઈપણ રાગાંશ સાધન નથી. એ વાત તો એને બરાબર સ્પષ્ટ હોવી જોઈએ. કોઈપણ વિકલ્પ અને કોઈપણ રાગાંશ એ સાધન નથી એ વાત તો ચોખ્ખે ચોખ્ખી હોવી જોઈએ. એમાં થોડુંક સાધન છે, એમાં કાંઈક છે. એમાં ... છે અથવા પ્રથમ ભૂમિકાને લીધે મારે કરવા યોગ્ય છે (એમ હોવું ન જોઈએ).

ઉપાદેયપણામાં હેયપણું નથી અને હેયપણામાં ઉપાદેયપણું નથી. પરસ્પર વિરુદ્ધ છે. આ ગડબડ થાય છે. આ વિષય તો બહુ બહોળો છે. સાધનનો વિષય એટલો બહોળો છે કે જેટલા ભૂલ્યા છે એ આમાં ભૂલ્યા છે. માર્ગ ભૂલ્યા છે એ બધા આમાં જ ભૂલ્યા છે. સાધન-સાધ્યમાં જ ભૂલ્યા છે. આ જ ગડબડ થઈ છે.

મુમુક્ષુ :- એક બાજુ કહેવાય કે નિમિત્તનો વિવેક એ આત્માનો વિવેક છે. અને એક બાજુ એને ... ગણવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બેય વાત છે. એનું નામ અનેકાંત છે, એનું નામ અનેકાંત છે.

મુમુક્ષુ :- નિમિત્તનો વિવેક ન હોય એને સાધનનો...

પૂજ્ય ભાઈશ્રી :- એને તો પ્રશ્ન જ રહેતો નથી. જેને વ્યવહાર સાધનમાં પણ

ગડબડ છે એને તો નિશ્ચયસાધનથી ઘણું દૂરપણું વર્તે છે. એ તો નિશ્ચય સાધનથી અત્યંત દૂર છે. કુદેવ આદિને માને છે, ગુરુ નથી એને ગુરુ માને છે અથવા અન્યમતમાં હોય, કુલિંગમાં હોય, લિંગાભાસમાં હોય એને વંદન, નમસ્કાર કરે, કરાવે, અનુમોદે કાંઈપણ પ્રકાર થાય એને તો વ્યવહારસાધનના ઠેકાણા નથી. એ તો વ્યવહારશ્રદ્ધામાંથી ગયો.

મુમુક્ષુ :- ... જોવાની જરૂર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એનો કાંઈ વિચાર કરવાનો અવકાશ નથી. એનો વિચાર કરવો તે અસ્થાને છે. પણ જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ચોખ્ખા છે, એ સિવાય જેને ક્યાંય બીજે બહુમાન આવતું નથી, પ્રશંસા કરવાનો પ્રશ્ન નથી સીધી કે આડકતરી રીતે. એને એમ કહે છે કે એ પણ પરમાર્થે હેય છે. ઓલી તો વાત જ કરવાનો સવાલ નથી. આ પણ પરમાર્થે હેય છે એમ જ્યારે આત્માને થાય છે ત્યારે એ આત્મા અંતર્મુખ થઈ શકે છે. નહિતર અંતર્મુખ થઈ શકતો નથી.

'**જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી...**' એમ કહે છે. જેમ કે આ મંદિર બનાવે છે શ્રાવક, પ્રતિમા આદિની સ્થાપના કરે છે. એ પ્રકાર આવ્યા વિના રહેતો નથી. વ્યવહાર પણ નિયત છે અને નિશ્ચય પણ નિયત છે. નિયત એટલે વીતરાગ જૈન પરમેશ્વર જિનેન્દ્રદેવે એનું સ્વરૂપ ચોક્કસપણે સ્થાપિત કરેલું છે મોક્ષમાર્ગને વિષે. નિશ્ચય આવો જ હોય અને વ્યવહાર આવો જ હોય. આમાં જરાક ફેર પડે કે તત્ત્વનું ખૂન થાય છે એમાં. એમાં આખું તત્ત્વ જ ચાલ્યું જાય છે. તત્ત્વ જ રહેતું નથી.

મુમુક્ષુ :- અહીંયાં સાધક એટલે સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવર્તી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાધકમાં સમ્યગ્દૃષ્ટિ લેવા. સાધકમાં સમ્યગ્દૃષ્ટિ લેવા અને અહીંયાં મુમુક્ષુજીવે જો પોતાનો વિચાર કરવો હોય તો એણે પણ નિશ્ચય ભલે પ્રગટ નથી થયો પણ વ્યવહારમાં હજી ગડબડ નથી રહીને? એ વાત એણે સાફ રાખવી. જો એની અંદર પણ એ; એ તો એનો બુદ્ધિપૂર્વકનો વિષય છે, એમાં પણ એ જો પોતાની સ્વચ્છતા ન જાળવે, પોતાની મર્યાદા ન જાળવે તો એ નિશ્ચયની સન્મુખ પણ નહિ થઈ શકે.

મુમુક્ષુ :- પણ હજી સાધકની ભૂમિકામાં જ નથી આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ છતાં એને સાધકની ભૂમિકાને અનુકૂળ થવું પડશે. જો સાધક થવું હશે તો. જો એને સાધક થવું હશે. સાધકનું વર્ણન શું કરવા કરે છે? જ્ઞાનદશાનું વર્ણન શું કરવા કરે છે? નહિતર તો કાઢી નાખે. અમે ક્યાં જ્ઞાની

છીએ? અમને તો જ્ઞાનદશા પ્રગટ નથી થઈ. અમારા માટે આ નકામી વાત છે એમ છે કાંઈ? એમ નથી. એટલા માટે એમ દર્શાવામાં આવે છે કે એનું અનુકરણ કરે અને ભૂલ થતી હોય તો સુધારે. ન સુધરે તો સુધારવાનો પ્રયત્નવાન રહે. પણ અમે સાધક નથી માટે અમને ભૂલ કરવામાં વાંધો નથી કે ભૂલ કરવાનો કોઈ અધિકાર છે, એથી તો કાંઈ એને લાભ થવાનો નથી. નુકસાનમાં આગળ વધવાનો પ્રકાર છે એ.

મુમુક્ષુ :- મુનિરાજનું વર્ણન આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિરાજનું વર્ણન પણ એટલા માટે જ આવે છે કે મુનિના સ્વરૂપની ઓળખાણ થાય. પોતાની અધ્યાત્મભાવના વિશેષ વિશેષપણે ઉત્તેજીત થાય અને એ સિવાયના કોઈ મુનિ, આ પ્રકાર સિવાયના કોઈ બીજા મુનિ હોય એને કરવું, કરાવવા, અનુમોદવાથી પોતાનો દોષ થાય છે એ દોષથી બચી શકે. એનો આદર-સત્કાર કરવો, કરાવવો, કોઈ કરતા હોય એના પ્રત્યે અનુમોદન રાખવું એ બધું એક કોટી તૂટે તો નવે નવ કોટી તૂટી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, મુનિને સકલ સંયમ છે. એટલે સંપૂર્ણ એને બહારમાં અંતરબાહ્ય છે એ નિર્ગ્રંથ દશા છે. અને શ્રાવકને દેશસંયમ છે પાંચમા ગુણસ્થાનવર્તીને. ચતુર્થ ગુણસ્થાનવર્તીને એથી પણ ઓછો છે. મુમુક્ષુને એને અનુસરવાનો પ્રયત્ન છે. એ દિશામાં જવાનો મુમુક્ષુ છે એ પ્રયત્નવાન છે. જેને પ્રયાસ ઉપડ્યો છે, એવું બધું જાણીને એવી પ્રાપ્તિનો જેનો પ્રયાસ ઉપડ્યો છે અથવા જેની એવી અંતર ભાવના, અંતરથી એવી ભાવના ઉપડી છે એ મુમુક્ષુની કક્ષામાં આવે છે. બાકી સાંભળવા આવે એથી બધા મુમુક્ષુ થઈ જાય કે મંડળમાં નામ નોંધાવે એટલે મુમુક્ષુ થઈ જાય એવું કાંઈ મુમુક્ષુપણું નથી. કાં તો એની ભાવના હોય, આત્માર્થીપણું હોય કાં એનો પ્રયત્ન ચાલતો હોય તો એ મુમુક્ષુ છે.

શું કહે છે? કે જેને વ્યવહારે વ્યવહારના પરિણામ આવે છે અનિવાર્યપણે, હેય છે તો પણ આવે છે, હેયબુદ્ધિએ પણ આવે છે એવી જ્યાં યથાર્થ વ્યવહારની, યોગ્ય વ્યવહારની પણ જ્યાં ખતવણી આ પ્રકારે છે એ હેયના ખાતામાં જાય છે. **'તો પછી અન્ય પદાર્થો કે અશુભભાવોની તો વાત જ શી?'** એની તો ચર્ચા કરવાનો પ્રશ્ન રહેતો નથી. વ્યવહારના બહારના પરિણામ, અશુભ પરિણામ કે અન્ય પદાર્થ સાથેના પ્રયોજનની કોઈ ચર્ચા કરવાની રહેતી નથી. વાત કરવાની રહેતી નથી. એની તો વાત જ શી?

**'તેમનાથી તારે શું પ્રયોજન છે?'** તારે એનાથી કાંઈ પ્રયોજન નથી. અન્ય પદાર્થ

તને સુખનું કારણ નથી, અન્ય પદાર્થ તને દુઃખનું કારણ નથી. અને બીજા વ્યવહારના પરિણામ પરમાર્થે હેય છે તો બીજા પરિણામ ઉપાદેય છે એ વાત પણ કોઈ રીતે સંમત થઈ શકે એવું નથી. આ પ્રયોજનને ક્યાં કેન્દ્રિત કરવામાં આવે છે એ વિષય ઉપર વાત ચાલે છે.

હવે દેવ-ગુરુ-શાસ્ત્રમાં પણ '**આત્માની મુખ્યતાપૂર્વક...**' આટલી વાત લીધી. એમને એમ ઓઘે ઓઘે દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના કાર્યો કરે એ વાત બિલકુલ નહિ. કોઈપણ દેવ-ગુરુ-શાસ્ત્રનું કાર્ય કરે, એ કાર્ય કરનાર જીવ એના આત્માની મુખ્યતા રાખે છે કે નહિ? આ પહેલી શરત છે. દેવ-ગુરુ-શાસ્ત્રના કાર્યો Subject to condition કરવાની Permision છે. નહિતર એને Permission આપતા નથી. ગયો એ. આટલી વાત છે.

મુમુક્ષુ :- આત્માની મુખ્યતાપૂર્વક.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માની મુખ્યતાપૂર્વક. પોતાના આત્માની મુખ્યતા રાખીને '**દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે.**' દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના પરિણામ થાય છે. હેયબુદ્ધિએ થાય છે. આત્માની મુખ્યતાપૂર્વક થાય છે એનો બીજો અર્થ એ છે કે એ બાજુના પરિણામ અને પ્રવૃત્તિ હોવા છતાં એની મુખ્યતા નથી. આ સીધી વાત છે. એની મુખ્યતા નથી, એની ગૌણતા છે. એની મુખ્યતા છે નહિ.

મુમુક્ષુ :- આત્માની મુખ્યતામાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- આત્માની મુખ્યતામાં પોતાનો અંતર્મુખ થવાનો પ્રયત્ન મુખ્ય રહેવો જોઈએ. એનું લક્ષ મુખ્ય રહેવું જોઈએ. એની શ્રદ્ધા થાય એ વાત મુખ્ય થવી જોઈએ અથવા શ્રદ્ધા હોવી જોઈએ અને કેમ અંતર્મુખ થવાય એ જ વાત એને મુખ્ય હોવી જોઈએ. નહિતર દેવ-ગુરુ-શાસ્ત્રના પરિણામ કરવાને બહાને એટલો લપટાઈ જશે, એટલો બહાર જશે કે એનું પણ કોઈ માપ રહેશે નહિ.

'**આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે.**' જુઓ! હવે અહીંયાં આ વાત રહી. પ્રશ્ન હતો ને? નિમિત્તનો વિવેક કરવો. પણ ઉપાદાનની મુખ્યતા રાખીને વાત છે. અથવા જેને ઉપાદાનની મુખ્યતા છે એને જ નિમિત્તનો વિવેક યથાર્થ રીતે થઈ શકે છે. ઉપાદાનની મુખ્યતા વગર નિમિત્તનો વિવેક યથાર્થ પ્રકારે આવી શકે નહિ. આ સીધી વાત છે. એ તો ત્યાં તો પ્રકરણ શું ચાલ્યું છે? કે કોને સાંભળવું? કોને નહિ સાંભળવું? કેમ કે 'મોક્ષમાર્ગ પ્રકાશક' વિષયક બોલ ચાલ્યા છે 'પરમાગમસાર'માં. ૮૪૦મો બોલ છે ને?

'**જેને તેની પાસે ધર્મ સાંભળવો તે પાત્રતા નથી.**' આ નિમિત્તનો વિવેક કરવાની

વાત છે. **'જેને તેની પાસે ધર્મ સાંભળવો તે પાત્રતા નથી.'** પણ 'સમયસાર' સંભળાવે તો? 'સમયસાર' તો સાંભળવું કે ન સાંભળવું? એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. **'જેની તેની પાસે ધર્મ સાંભળવો તે સંભળાવનાર કરતા સાંભળનારની પાત્રતા ઓછી હલકી છે એમ પોતાની હલકી યોગ્યતા બતાવે છે. વક્તા કેવો છે તેના પ્રમાણમાં સાંભળનારની યોગ્યતા કેવી છે તે સાબિત થાય છે. કેમ કે શ્રોતા વક્તાની ઊંધી માન્યતા-શ્રદ્ધાને અનુમોદનારા છે.'** જો યોગ્યતા વગરનો વક્તા છે અને એને સાંભળવા જાય તો એની ઊંધી શ્રદ્ધાને એ અનુમોદન આપે છે. અનુમોદનમાં કેવી ભૂલ થાય છે? સીધો એવા પરિણામ નથી કરતો કે એની શ્રદ્ધાને અનુમોદે. એની માન્યતા ઊંધી હોય તો ભલે સારી વાત છે એમ નથી. પણ એની પ્રવૃત્તિમાં સહકાર આપે છે. એ વક્તા છે અને આ શ્રોતા થઈને બેસે છે તો એનું અનુમોદન પહોંચી જાય છે એમ કહે છે. અનુમોદનની ભૂલ બહુ સૂક્ષ્મ છે. **'કરે, કરાવે અને અનુમોદે તે ત્રણેનું ફળ એક જ છે.'** જેટલા દોષ ઓલા કરે એ બધા એની અનુમોદનામાં ચોંટી જાય. એ બધી વાતો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ બહુ સરસ કરી છે. એના ઉપર આ બધા બોલ 'ગુરુદેવ'ના પ્રવચન છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધના કરતો હોય, સત્પુરુષની વિરાધના કરતા હોય, સત્પુરુષથી વિમુખ હોય તો એને સાંભળવા, એ વક્તા હોય તો એને સાંભળવામાં અનુમોદનાનો દોષ લાગી જાય. જેટલી એ વિરાધના કરે એ વિરાધના આને સીધી લાગુ થઈ જાય. આ પરિસ્થિતિ થાય છે.

મુમુક્ષુ :- ગંભીર વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ગંભીર વિષય છે.

મુમુક્ષુ :- કેટલા નંબરનો બોલ?

પૂજ્ય ભાઈશ્રી :- આ છે ૮૪૦ નંબરનો બોલ છે. આ બહુ ગંભીર વિષય છે. એક જન્મ-મરણનો સવાલ નથી. એક મૃત્યુનો પ્રસંગ આવે તો પણ ગંભીરતા ઊભી થાય છે કે ભાઈ! બહુ નાજુક પરિસ્થિતિ થઈ ગઈ છે. સંભળાવા જેવું છે. ત્યારે પાણીનું એક ટીપું દેવું હોય તો વિચાર કરવો પડે એમ છે. એમ કહે. મરણ નજીક જોવે તો. આ તો અનંત જન્મ-મરણનો સવાલ છે. નિશ્ચયમાં તો ભૂલે જ છે. પણ વ્યવહારમાં ભૂલે તો નિશ્ચયથી બહુ દૂર ચાલ્યો જાય. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- સામાન્ય મુમુક્ષુ વક્તાના Certificate જોવા બેસે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તપાસવું પડે. ગમે ત્યાં સાંભળવા ન બેસી જવાય. સામાન્ય મુમુક્ષુ કે વિશેષ મુમુક્ષુ. મુમુક્ષુને પહેલી એને પરીક્ષાબુદ્ધિ હોવી જોઈએ.

આત્માની વાત કરે છે કે જૈનની વાત કરે છે એટલે જય નારાયણ કરવા બેસી જાય એ માર્ગ નથી આ.

મુમુક્ષુ :- વાત તો બધી આવી જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે આવી કરે કે તેવી કરે, જેવી કરે એવી. એનું અંતરંગ તપાસે છે. જો એને સાંભળવાનો ભાવ થાય કે આ વાત સારી કરે છે તો એનું અંતરંગ તપાસે, એના પેટમાં ઊતરી જાય. બરાબર પરીક્ષા કરે. ભલે જાહેરમાં ન કરે તો એને ઘરે જઈને પૂછી લે કે ભાઈ! આમાં શું છે? આ તમે શું માનો? આમ કેમ? શું વિચારો છો તમે? આ બાબતમાં શું વિચારો છો? ફેર લાગે એટલે વાત પૂરી થઈ ગઈ.

મુમુક્ષુ :- ઘરે જઈને પૂછવા જાય તો હિંમતવાળો તો બહુ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં હિંમત શું? પોતાના આત્મા માટે કામ કરવું છે. પોતાના દોષ-નિર્દોષતાનો સવાલ છે ભાઈ! ખીસ્સુ કોઈ કાપે તો શરમ રાખે છે? તમારું ખીસ્સું કોઈ બ્લેડ લઈને કાપવા આવે, ભલે સુટેડબુટેડ હોય માણસ, સજ્જન દેખાય એવો, કપડા બહુ સારા પહેર્યા હોય પણ કાતર રાખીને ફરતો હોય તો તમે (એમ કહો)? ભલે બેસો મારી પડખે, બેસો. ના ના બેસો. જગ્યા કરી દઉં તમને. એમ કરે? બસમાં અને ટ્રેનમાં જોવે કે આના હાથમાં તો છરી છે કે કાતર છે. તો એના દેખાવ ઉપરથી કાંઈ શરમ રાખે? ઘણું નુકસાન થઈ જશે.

મુમુક્ષુ :- એ તો પ્રત્યક્ષ જ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો આ એને પ્રત્યક્ષ દેખાવું જોઈએ કે આ મારા આત્માને નુકસાન થાય છે. મારા ભવભ્રમણનો આમાં સવાલ છે. મારા સમ્યક્ મિથ્યા સાથે આને સંબંધ છે. મારા જ્ઞાન-અજ્ઞાન સાથે સંબંધ છે. આ કોઈ સાધારણ નુકસાન નથી. એક ભવનો વિષય નથી. ભૂલ્યો તો અનંત ભવ સુધી પત્તો નહિ લાગે. એવો વિષય છે. એમાં કોઈની શેહ-શરમ રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ભલે ગમે તેવી આબરૂ હો, એની આબરૂને એના ઉદય સાથે સંબંધ છે. મારે તો મારા આત્માના હિત અને અહિત સાથે સંબંધ છે. એ સ્પષ્ટ હોવું જોઈએ.

મુમુક્ષુ :- છોકરા-છોકરી દેવા હોય તો સાત પેઢી જોવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો જોવે. ન હોય ત્યાંથી પણ જોવે. પેઢી તો જોવે પણ એનું મોસાળ ક્યાં છે એ પણ તપાસ કરે. સંસાર ચાતુરીનો ચતુર છે આ જીવ. અહીંયાં જ મૂઢતા કરે છે. એમાં રખડ્યો છે. ખરી વાત તો એ છે. સંસારમાં તો ઘણી ચતુરાઈ કરે છે.

મુમુક્ષુ :- સંસાર ચતુરાઈનું ફળ શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- પરિભ્રમણ. સંસારની જે ચતુરાઈ કરે છે એ બધા રખડવાના લક્ષણ છે. એમાં ક્યાંય આત્માનું હિત નથી. આ તો સંપ્રદાય છોડીને શું કરવા આવ્યા? કોઈની શેહ-શરમ રાખવા આવ્યા? તો ત્યાં ઘણા મોટા મોટા આબરૂદાર હતા સંપ્રદાયમાં. બધી જગ્યાએ હોય જ છે. કહેવાતા સંત-મહાત્મા-ગુરુ ભગવાન કહેવાય, દેવ કહેવાય બધું ત્યાં હોય છે બધામાં. ત્યાંથી છોડીને શું કરવા આવ્યા? એ એક સાચું છે. એક સત્ય છે એ જ મારે જોઈએ. સત્ય સિવાય મારે કાંઈ ન ખપે. ગમે તે હોય તો સત્ય સિવાય મારે ન ખપે. આટલી જો અંદરમાં તૈયારી ન હોય તો એ મુમુક્ષુને પાત્ર નથી. આગળનો કોઈ સવાલ નથી. મુમુક્ષુની પાત્રતા એનામાં નથી.

અહીંયાં કહે છે, '**આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો!' આવા ભાવ સાધકદશામાં આવે છે,...**' 'પદ્મપ્રભમલધારીદેવ'નું અહીંયાં દૃષ્ટાંત લીધું છે, વાંચન કરતાં કરતાં. 'પદ્મપ્રભમલધારીદેવે' નિશ્ચયની ખૂબ જ ઉગ્ર વાતો કરી છે, 'નિયમસાર'ની અંદર જે ટીકા કરી છે. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' તો સ્વરૂપભાવના અર્થે 'નિયમસાર' રચ્યું પણ એ સ્વરૂપની ભાવનાના સૂત્રો વાંચીને મુનિરાજને મસ્તી ચડે છે. એટલી બધી મસ્તી ચડે છે તો એ એમ (કહે છે કે), દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર પણ અનાવશ્યક છે. આવશ્યકનો અધિકાર ચાલ્યો છે ને? નિશ્ચયઆવશ્યક. તો કહે છે, દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવો, આત્માના ને આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવો તે આવશ્યક નથી, અનાવશ્યક છે. એ જીવ પરવશ છે. એ સ્વવશ નથી પણ એ જીવ પરવશ પડ્યો છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરનાર, આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરનાર પરવશ છે. બીજા શુભભાવ તો બધા એની હેઠેના છે.

આત્મામાં પ્રભુતા નામનો ગુણ છે. આત્મામાં વિભુતા નામનો ગુણ છે. પ્રભુતા હોવાથી એ પરમેશ્વર છે-પ્રભુ છે. વિભુતા હોવાથી એ વિભૂ છે. સ્વયંભૂ છે. એનો વિચાર કરનાર પરવશ છે. એ સ્વવશ નથી. એવી બધી ઉગ્ર વાતો કરી છે. એ જ મુનિરાજે ચાલતા... ચાલતા... ચાલતા... એવી વાતો કરતાં કરતાં જિનેન્દ્રની ભક્તિ પણ એવી જ કરી છે. બેય વાત ઉગ્રપણે કરી છે. ભક્તિની વાત પણ ઉગ્રતાથી તીખી કરી છે અને નિશ્ચયની વાત પણ એવી જ તીખી કરી છે. આવો એક કુદરતી નિયમ છે કે જેનું વીર્ય અંદરમાં જોરથી જાય છે એના વિકલ્પમાં પણ બહારમાં એવું જ જોર દેખાય એને. કેમકે વીર્યનો ક્ષયોપશમ તો ત્યાં પણ વર્તે છે.

બે દૃષ્ટાંત છે આપણી પાસે આવા. જે સાહિત્ય ઉપલબ્ધ છે એમાં આવા બે દૃષ્ટાંત છે. એક 'પદ્મપ્રભમલધારીદેવ'નું દૃષ્ટાંત છે કે નિશ્ચય દૃષ્ટિનો વિષય આવે ત્યારે એટલા ઉગ્રતાથી વાત કરે કે ક્ષાયિકભાવને 'परदव्वं परसहावमिदि हेयं' કહીને એ .. એને અગોચર છે. આ મારું સ્વરૂપ એને અગોચર છે, અગોચર છે. ... 'ગુરુદેવ'ની ભક્તિનો એમને ઉદય વર્તે છે તો એટલી 'ગુરુદેવ'ની ભક્તિ કરી છે. મારા માટે તો અનંત તીર્થંકરોથી અધિક છે. એક તીર્થંકરની શું વાત કરવી. એ બે એવા દૃષ્ટાંત છે કે જ્યાં નિશ્ચય ઉગ્ર ત્યાં ભક્તિ પણ ઉગ્ર. આ એનું લક્ષણ છે. એટલે એ જીવ નિશ્ચયાભાસમાં જતો નથી એનો એ પુરાવો છે. આટલી બધી નિશ્ચયની વાત કરનાર પ્રત્યે શંકા ઉત્પન્ન થવાનો સંભવ છે કે કદાચ નિશ્ચયાભાસમાં તો આ બધી તોડફોડ નહિ તેથી હોય ને? તો કહે નથી થતી. એની ભક્તિ જોઈ લ્યો. આ ભક્તિનું પાસુ જોઈ લ્યો. એ ભક્તિનું પાસુ પણ એવું જ આવ્યું છે. નિશ્ચયાભાસ હોય તો એ પ્રકારની ભક્તિ આવે નહિ. નિશ્ચયાભાસીનું લક્ષણ એ છે કે ભક્તિ આદિના પરિણામમાં શુષ્ક થઈ જાય છે અને એ શુષ્કજ્ઞાનીની જેમ પ્રવર્તે છે. એને ભક્તિનું આ પડખું હોતું નથી.

મુમુક્ષુ :- નિશ્ચયમાં ઉગ્રતા ન હોય અને ભક્તિમાં ઉગ્રતા હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- તો એને આત્માની મુખ્યતાપૂર્વક દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન વર્તતું નથી. આ શરત એણે તોડી છે. નિશ્ચયની મુખ્યતા એટલે નિશ્ચય સ્વરૂપ એવો જે પોતાનો આત્મા એની મુખ્યતા. એને નિશ્ચયની મુખ્યતા કહેવામાં આવે છે. નિશ્ચય મૂળ સ્વરૂપ એવો જે પોતાનો આત્મા પરમેશ્વરપદ, એની મુખ્યતા એને નિશ્ચયની મુખ્યતા કહે છે. જો એ છૂટી જાય તો એ તો બધા દુનિયા આખી કરે છે. જગત આખા સંપ્રદાયમાં શું કરે છે? કે આત્માની મુખ્યતા છે નહિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની પાછળ લાગી પડ્યા છે. એનો તો કાંઈ અર્થ નથી.

મુમુક્ષુ :- નિશ્ચયની ઉગ્રતા વગર ભક્તિમાં શું ભાવ રાખવો?

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયની ઉગ્રતા વિના ભક્તિનો ભાવ આવે તો એ પોતાને અનુકૂળ નથી એમ કહેવું છે. પછી ગમે તે આ લોકો અર્પણતા કરે જ છે ને. મંદિરો બંધાવે છે, શાસ્ત્રો છપાવે છે. ધર્મકાર્યો જે કહેવાય છે એ બધા કરે જ છે દેવ-ગુરુ-શાસ્ત્રના. તો એ કાંઈ એના આત્માને લાભનું કારણ થતા નથી. એકાંતે રાગમાં એ ચાલ્યો જાય છે. અને રાગની ઉપાદેયતામાં એ માર્ગ ભૂલે છે. જેમ અન્યમતિને શુભભાવથી ધર્મ થવાનો અભિપ્રાય છે, એમ આ જીવને પણ શુભભાવથી ધર્મ થવાનો અભિપ્રાય વર્તે છે. એની સાધનમાં ભૂલ છે અને (સાધનમાં) ભૂલ છે એની સાધ્યમાં

પણ ભૂલ છે.

મુમુક્ષુ :- સાચો મુમુક્ષુ હોય, સાચો મુમુક્ષુ, સાચા ગુરુ-શાસ્ત્ર ઉપર ઉપસર્ગ કાંઈ આવ્યો હોય તો શું કરે?

પૂજ્ય ભાઈશ્રી :- એને દેવ-ગુરુ-શાસ્ત્ર (પ્રત્યે) જ્યાં સુધી રાગ છે, મુમુક્ષુ છે એટલે એને એ બાજુ બચાવ કરવાનો ભાવ આવ્યા વગર રહેતો નથી. એ તો સીધી વાત છે. ૭૨૩ બોલ એ છે 'ગુરુદેવ'નો. ૭૨૩ છે. ત્યાં એ મધ્યસ્થ થઈને, શાંત થઈને રહેતો નથી. એ પ્રકારે તો જે પ્રશસ્ત રાગ છે એ પ્રશસ્ત દ્વેષ સહિત હોય છે. એ પ્રશસ્ત નામનો દ્વેષ છે. પ્રશસ્ત રાગ છે એ પ્રશસ્ત દ્વેષ સહિત હોય છે. એટલે હોય જ છે. ન હોય એવું બનતું નથી. કૃત્રિમતાથી કરવાનો પ્રશ્ન નથી. એ થઈ જ જાય એને. એને થઈ જ જાય. ક્યાંથી મધ્યસ્થ રહે? થઈ જ જાય એને. થયા વગર રહે નહિ. એ તો સીધી વાત છે.

ત્યાં દૃષ્ટાંત આપ્યો છે કે કોઈ એમ કહે કે પોતાની માતાની છેડતી કરે તો મધ્યસ્થ રહે છે? નથી રહી શકતો. કોઈ પોતાની માતાને આળ ચડાવે તો મધ્યસ્થ રહે છે? કે નથી રહેતો. જે જિનવાણી છે, જે સર્વજ્ઞદેવ છે, પોતાના ગુરુ છે એનો કોઈ વિરોધ કરે છે, એને કોઈ પરિષહ આપે છે, કોઈ ઉપસર્ગ કરે છે એવું કાંઈ થાય તો એને પ્રશસ્ત દ્વેષ આવ્યા વિના રહેતો નથી.

મુમુક્ષુ :- ન આવે તો?

પૂજ્ય ભાઈશ્રી :- ન આવે તો એ મિથ્યાદૃષ્ટિ છે, જૂઠો છે એ બધી વાત લીધી છે. એને તો મુમુક્ષુતા કે સાધકતા હોતી નથી. એ તો કુદરતી વસ્તુ છે. થઈ જ જાય. થયા વિના રહે જ નહિ. એટલે તો દૃષ્ટાંત આપ્યો છે. જો પ્રશસ્ત રાગ હોય તો પ્રશસ્ત દ્વેષ (હોય જ). એક સિક્કાની બે બાજુ જેવી ચીજ છે એ તો. સિક્કાની બીજી બાજુ છે એ. કોઈ પ્રશ્ન નથી.

શાસ્ત્રમાં તો ત્યાં સુધી દૃષ્ટાંત આવે છે કે કોઈ મુનિરાજ હોય અને સિંહ તિર્યંચ પ્રાણી છે. ભૂખ્યો થયો છે એને ખબર નથી કે આ મુનિ છે કે સાધક છે. એને તો કોઈપણ મનુષ્ય પ્રાણી જે મળે ભૂખ લાગે એટલે એને મારીને ખાઈ જાય. તો જે એને એના પ્રત્યે દોડતો જોવે અને અહીંયાં કોઈ સમ્યગ્દૃષ્ટિ હોય અને એની પાસે તલવાર હોય તો એ તલવારથી એને મારે. સિંહને મારે. સંજ્ઞી પંચેન્દ્રિયનો ઘાત થઈ જાય. મુનિરાજને બચાવવા જતા સંજ્ઞી પંચેન્દ્રિયનો ઘાત થઈ જાય. એને દોષ નથી. એનો એને મારવાનો દોષ નથી. એ ધર્મને બચાવવાના ભાવ છે. એ પ્રકાર સાધકને લીધો છે. ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક સમ્યગ્દૃષ્ટિને એ (પ્રકાર લીધો છે).

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શુભભાવમાં બંધાય, શુભભાવમાં બંધાય. એને અશુભમાં ન બંધાય. અશુભ ન બંધાય એને શુભ બંધાય. કર્મ તો બંધાય. કેમ કે કોઈ પરિણામ નિષ્ફળ નથી. પરિણામમાત્ર સફળ છે. કોઈ પરિણામ નિષ્ફળ નથી. ચાહે એ સંસારનું હોય, ચાહે એ મોક્ષનું હો. મોક્ષનું મોક્ષને અર્થે સફળ છે. શુભાશુભ સંસાર અર્થે સફળ છે. તો સંસાર અર્થમાં જે બે વિભાગ છે શુભ અને અશુભ એમાં એને શુભ બંધાય છે. અશુભ નથી બંધાતું. પ્રશસ્ત દ્વેષ છે એ શુભબંધનું કારણ છે. પ્રશસ્ત રાગ પણ શુભબંધનું કારણ છે અને પ્રશસ્ત દ્વેષ પણ શુભબંધનું કારણ છે. દ્વેષને અશુભબંધનું કારણ કહ્યું છે પણ અહીંયાં એ પ્રશસ્ત પ્રકારનો હોવાથી એને શુભબંધ (થાય છે). એને પ્રશસ્ત વિશેષણ લગાડ્યું છે.

પ્રશસ્ત દ્વેષ બે પ્રકારના છે. એક સ્વપ્રત્યયી અને એક પરપ્રત્યયી. પરપ્રત્યયીમાં દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ આવે છે. અને સ્વપ્રત્યયીમાં પોતાનો આત્મા આવે છે. પોતાના આત્માને દોષ થાય તો એની નિંદા ગર્હા કરે. એનો ખેદ થાય એને. કે અરે..! આત્મા હજી તને શું રસ છે આ? અરે..! આત્મા હજી તને આમાં સુખબુદ્ધિ શું પડી છે? હજી તારે પરપદાર્થમાંથી સુખ લેવું છે? હજી તારે અનુકૂળતામાંથી સુખ લેવું છે? હજી તારે શરીરની શાતામાંથી સુખ લેવું છે? તને હજી સુખ શું જોઈએ છે? એમ પોતાને નિંદે તો એ પણ એનો પ્રશસ્ત દ્વેષ છે. ખેદના પરિણામ છે. દ્વેષના પરિણામ છે. બંધ કેવો પડે એનાથી? શુભબંધ પડે છે. અશુભબંધ નથી પડતો પણ એનાથી શુભબંધ પડે છે. એ પ્રશસ્ત દ્વેષ-પ્રશસ્ત રાગ બંને શુભબંધનું કારણ છે.

મુમુક્ષુ :- આમ દેખાવમાં તો તીવ્ર કષાય લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તીવ્ર કષાય અને મંદ કષાયને સમજવો અઘરો છે. આત્માને તો સમજવો ઘણો અઘરો છે પણ તીવ્ર કષાય અને મંદ કષાયને સમજવો અઘરો છે.

મુમુક્ષુ :- ... મુનિરાજને બચાવવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ છતાં અહીંયાં શુભબંધ પડે છે. એણે એમ નથી કીધું ગમે તેને મારવો છે. એને એમ છે કે આ મુનિરાજ છે એ બચી જવા જોઈએ. મુનિરાજમાં ધર્મ છે અને ધર્મ જીવંત રહેવો જોઈએ. કોના ભોગે જીવંત રહેવો જોઈએ? કે મારા પ્રાણના ભોગે પણ જીવંત રહેવો જોઈએ. એને ખબર છે કે સિંહ છે. હું Fail જઈશ તો મને મારી ખાવાનો છે. એને ખબર નથી? મારો જો આ ઘા ખાલી ગયો તો વળતો એનફ મારા ઉપર જ છે. મુનિરાજને પહેલા નહિ અડે, એ પહેલા

મને જ પકડશે. કેમ કે મુનિરાજ તો શાંત છે. હું એનો સામનો કરું છું. એને ખબર નથી? પોતાના પ્રાણના ભોગે એ સાહસ કરે છે. એ શુભભાવ છે. એ રીતે વિચારથી, મંથનથી સમજવા જેવો વિષય છે.

શું કહે છે અહીંયાં? કે '**હે જિનેન્દ્ર! હું ગમે તે સ્થળે હોઉં...**' એટલે એમ કે અહીંયાં તો આયુષ્ય પૂરું થશે પણ હજી સર્વજ્ઞપદની પ્રાપ્તિ સંભવ નથી આ આયુષ્ય પર્યંત. પંચમકાળે જન્મ્યા છે, આ ક્ષેત્રમાં છે. દેવલોકમાં જાશે નિયમથી. દેવલોકમાં અનેક પ્રકારના પૌદ્‌ગલિક વૈભવ ઠાઠમાઠ હશે. ગમે તે પ્રકાર હો, ગમે તે ક્ષેત્ર હો મને '**ફરીફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો!**' આ જે સમવસરણમાં દેવો આવે છે ને? અસંખ્ય દેવો આવે છે. લાખો-કરોડો નહિ, અસંખ્ય દેવો આવે છે. કેમ કે ત્યાં તો ક્ષેત્રનો અતિશય છે ને. તો એમાં સમ્યગ્દૃષ્ટિ દેવો છે એમાં તો કેટલા મુનિપદમાંથી થયેલા દેવો છે. કેમ કે એને મુનિપદમાં એ ભાવના ભાવી છે. હું ગમે ત્યાં હોઉં, મને આપનું સાનિધ્ય હજો! એ ભાવના એને આવેલી છે. તો દેવલોકમાં ઊપજે છે અને પાછા ત્યાં જાય છે. ભાવનાનું ફળ આવે છે ને? પુદ્‌ગલમાં એનો પરિપાક આવે છે. ભૂતકાળના મુનિઓ હોય છે એની અંદર તો. ભાવલિંગી સંતો થયેલા હોય છે એ પાછા દેવલોકમાં હોય છે. એ પાછા સમવસરણની અંદર ફરી ફરીને આવે છે.

'**હું ગમે તે સ્થળે હોઉં પણ ફરી ફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો!' આવા ભાવ સાધકદશામાં આવે છે,...**' આવા ભાવ સાધકદશામાં આવે છે. એવા ભક્તિના ભાવ આવે, આવે ને આવે. કેમ કે એને રાગનો સદ્‌ભાવ છે તો રાગ કોઈને કોઈ પ્રકારનો થવાનો. એમાં આ પ્રકારનો રાગ એને આવ્યા વગર રહેતો નથી. કોઈ એમ કહે કે આવો રાગ ન આવવો જોઈએ તો એ પણ વસ્તુના સ્વરૂપને કે માર્ગની પરિસ્થિતિને એ સમજ્યો નથી.

'**આવો ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે...**' આવે છે એટલે એના ઉપર વજન નથી. આવે છે એટલે એના ઉપર મુખ્યતા નથી. એ જાણવાનો વિષય છે કે આવ્યા વિના રહેતા નથી. એ જાણવાનો વિષય છે. આદરવાનો નહિ. '**સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે.**' એ તો સાથે સાથે છે, છે ને છે જ. આત્માની મુખ્યતા જ વર્તે છે. ખરેખર તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તો પોતાના પુરુષાર્થની કચાશને લઈને જવાનું થાય છે. જવાનો અભિપ્રાય નથી. પણ પોતાનો પુરુષાર્થ અપૂર્ણ છે, પોતાની અશક્તિ છે. એ અશક્તિનું પોતાને દુઃખ છે. એ અશક્તિની પોતાને નિંદા થાય છે, ગર્હા થાય છે કે અરે..! મારે તો પૂર્ણ થાવું

છે. આવું અંદરમાં પરિપૂર્ણ તત્ત્વ અને મારી અવસ્થા હજી એને છોડીને બીજે જાય? વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર તો લેતા-દેતા નથી. મારે તો મારામાં રહેવું ઈષ્ટ છે. છતાં બહાર ચાલ્યું જવાય છે. એ વાત એના અભિપ્રાયને અનુકૂળ નથી. પણ રાગની દશામાં રાગ આવે તો આવો હોય અને આવો ન હોય તો એની મર્યાદા છૂટી જાય. મર્યાદા છૂટી જાય તો નિશ્ચય રહે નહિ. નિશ્ચય છૂટી જાય. એટલે વ્યવહાર છે એ બાહ્ય પરિણામોની મર્યાદિત પરિસ્થિતિ કયા કયા ગુણસ્થાને કેવી હોય છે? એ સૂચવનારો એક વિભાગ છે. એને વ્યવહારનયનો વિષય કહેવામાં આવે છે. એ રીતે એ બતાવવામાં આવે છે. એની મર્યાદા છોડે તો એ વ્યવહારથી ગયો. વ્યવહારથી ગયો એ નિશ્ચય ગયો.

'ગુરુદેવશ્રી' કહેતા એ કહેતા કે અત્યારે સંપ્રદાયમાં દિગંબર મુનિ છે એને કેમ દિગંબર મુનિ, મુનિરાજ તરીકે ગુરુપદ તરીકે કેમ સ્વીકારતા નથી? કે વ્યવહારથી બહાર જોવામાં આવે છે એટલે નિશ્ચયનો વિષય તપાસવાનો રહેતો નથી. વ્યવહારથી બહાર ચોકો કરીને આહાર લે. ચોકો એટલે ... આપણે ત્યાં રસોડું એને કહે છે. રસોડું ગુજરાતી ચોખ્ખુ રસોડું છે. ચોકો એટલે રસોડું. એના નિમિત્તે રસોડું માંડવામાં આવે એ ઉદ્દેશિક આહાર થાય અને ઉદ્દેશિક આહાર તો શ્વેતાબંરની આમ્નાયમાં પણ લેવાનો નિષેધ છે. દિગંબરને તો પ્રશ્ન જ નથી. પણ જે દિગંબરમાંથી છૂટા પડ્યા એણે એ વાત તો રાખી છે કે ઉદ્દેશિક આહાર મુનિને ન લેવાય. જો કે એ લોકો તો લે છે. પણ આ લોકો પણ ઉદ્દેશિક આહાર લે છે. તો એનો વ્યવહાર ભ્રષ્ટ જોયા તો નિશ્ચયનો પ્રશ્ન ઉપસ્થિત થયો. નિશ્ચયનો તપાસવાનો, નિશ્ચયની ચર્ચા કરવાનો, એનું જ્ઞાન શું છે? એની શ્રદ્ધા શું છે? એ તપાસવાનો પ્રશ્ન નથી. ત્યાંથી જ મૂકી દેવી વાત.

એટલે વ્યવહાર છે એ અહીંયાં પ્રયોજનમાં ક્યાંય સાધક થાય? કે પ્રયોજનમાં ક્યાં સાધક થયો? કે વ્યવહારની મર્યાદામાં વ્યવહાર છે? તો હવે એના નિશ્ચયની તપાસ કરીએ. 'પ્રવચનસાર'માં એવો અધિકાર ચાલ્યો છે પાછળમાં-ચરણાનુયોગસૂચક ચૂલિકા. મુનિરાજ પંચ મહાવ્રત, સમિતિ, વૃત્તિ અઠ્યાવીશ મૂળગુણ શુદ્ધ પાળતા દેખાય તો એનો નવધા ભક્તિથી આદર સત્કાર કરીને આહારદાન દેવું. પરંતુ એનો ઉપદેશ સાંભળતા પહેલા, કથા સાંભળતી વખતે એ દ્રવ્યલિંગી છે કે ભાવલિંગી એને પ્રસિદ્ધ, એને પ્રગટ છે એનો નિર્ણય કરવો અને જો એને ભાવલિંગી ન હોય અને દ્રવ્યલિંગી હોય શુદ્ધ વ્યવહારવાળા તો પણ એનો ઉપદેશ ન સાંભળવો. એનો સંગ છોડી દેવો. એવું વિધાન છે. પણ ત્યાગી છે ને? ચોખ્ખા ત્યાગી છે ને? કે ચોખ્ખા ત્યાગી

હોય તો પણ નહિ. તો જે ચોખ્ખા ત્યાગી નથી એના તો શ્રદ્ધા-જ્ઞાનના ઠેકાણા હોય જ નહિ. એનો ઉપદેશ સાંભળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ પાટ ઉપર બેસે અને એને સાંભળવા બેસવું એ વાત તો રહેતી નથી.

મુમુક્ષુ :- દેશકાળ અનુસાર થોડો ફેરફાર કરીએ તો શું વાંધો?

પૂજ્ય ભાઈશ્રી :- દેશકાળ અનુસાર ઠીકરા કાંઈ રૂપિયામાં કોઈ ચલાવતું નથી. રૂપિયાની જગ્યાએ ઠીકરા ચાલતા નથી. દેશકાળ અનુસાર કાંઈ શેરો બીજી રીતે થતો નથી. બીજી રીતે થાય છે શેરો? દેશકાળ અનુસાર ધર્મ એક જ રીતે થાય છે. વ્યવહારથી અને નિશ્ચયથી સર્વજ્ઞદેવે જે વાત નિશ્ચિત કરી એ દેશકાળના બહાને એ આજ્ઞા ઉપર પગ મૂકવાનો કોઈને આ (બાબતમાં) અધિકાર નથી.

સર્વજ્ઞદેવથી કોઈ મોટો નથી, સર્વજ્ઞદેવથી કોઈ મહાન નથી, સર્વજ્ઞદેવથી કોઈ આગળ નથી. એની આજ્ઞા તોડવાની કોઈને Permission નથી. અમારે દિગંબરભાઈઓ સાથે ચર્ચા કરવાનો પ્રસંગ થાય છે. તો કહે, દેશકાળ અનુસાર આ મુનિને માની લ્યો ને. અત્યારે સાચા મુનિ ક્યાં મળવાના હતા? ભાઈ! દેશકાળ ફરી જાય તો કાંઈ બગલો હોય એને કાંઈ હંસ માની લેવાઈ નહિ. આ દલીલ કરી છે, 'ટોડરમલજી'એ તો આ દલીલ કરી છે 'મોક્ષમાર્ગપ્રકાશક'માં. ભાઈ! દેશકાળ ફરી જાય તો તું કાંઈ બગલાને હંસ માનીશ? બગલાને બગલો જ માનવો પડે. કેમ કે એ માછલીનો આહાર કરે છે. આ સાચા મોતીનો આહાર કરે છે. એમ ભાવલિંગી સંત પણ અંદરમાં અમૃત પીએ છે, આ ઝેરના પ્યાલા પીએ છે. તો એને ક્યાં માનીશ દેશકાળ કરી લ્યો એટલે?

મુમુક્ષુ :- ભાવલિંગી મુનિ તો દેખાતા નથી ક્યાંય.

પૂજ્ય ભાઈશ્રી :- ન દેખાતા હોય તો નથી એમ માનવું જોઈએ. ન દેખાતા હોય તો ખોટાને સાચા (કરીને) બેસાડી દેવાય? પ્રમાણિક વેપારી નથી બજારમાં અત્યારે. અપ્રમાણિક છે, લઈ લ્યોને, ભાઈ! છેતરાય જાઓને. આપણે બધા અપ્રમાણિક જ છે, છેતરાય જાઓને. એમ કરીને નોટોના બંડલ આપી દે છે કોઈ? પૂરેપૂરી પરીક્ષા કરે, પોતાની શક્તિ હોય ત્યાં સુધી અને ન છેતરાય ત્યાં સુધીનો પૂરો પ્રયત્ન કરે. કે એમને એમ પૈસા આપી દે છે? તો પૈસાની અંદર તો એને છેતરાવું નથી. આત્મામાં છેતરાવું છે. અત્યારે અપ્રમાણિકતા બહુ વધી ગઈ છે જગતમાં.

મુમુક્ષુ :- અત્યારે સાચા હંસ દેખાતા નથી તો કાગડાને હંસ માનવો?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાગડાને કે બગલાને હંસ માનવા? આ દલીલ આપી છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ આપેલી છે. સ્વયં, પોતે. એવી રીતે પોતાના

આત્માને નુકસાન થાય. જે ન હોય એને માને તો પોતાના આત્માને નુકસાન થાય. એનું તો થવું હશે એ થશે પણ તને પહેલું નુકસાન થશે. તારે તારો વિચાર કરવાનો છે કે પોતાને લાભ-નુકસાન થાય છે કે નહિ?

મુમુક્ષુ :- દેશકાળ અનુસાર ધર્મ બદલાય તો સનાતન માર્ગ જ ન કહેવાયને.

પૂજ્ય ભાઈશ્રી :- તો એને સનાતન ધર્મ ન કહેવાય. સીધું એ વિશેષણ ઉડાડી દેવું જોઈએ. તો એને એમ કહેવું જોઈએ કે દેશકાળ અનુસાર સગવડતા પ્રમાણે ધર્મ કરવો. આ સનાતન ધર્મ નથી પણ સગવડિયો ધર્મ છે અમારો તો. સગવડ પ્રમાણે અમે કરીએ. એમ કાંઈ સિદ્ધાંતની અંદર સગવડ હોય નહિ. દિગંબર સાથે ચર્ચા કરવાનો વિષય આવે ત્યારે તો મારે એમ દલીલ કરવી પડે છે કે ભાઈ! આ જ દલીલથી દિગંબરમાંથી શ્વેતાંબર પ્રગટ થયા. શ્વેતાંબર મત ક્યાંથી પ્રગટ થયો? કે બાર (વર્ષના) દુકાળ પડ્યા, દેશકાળ ફર્યો. તો દેશકાળ અનુસાર થોડુંક ચલાવો. આ એમાંથી શ્વેતાંબર થયા. હવે તમે એ દલીલ આપતા હો તો ખરેખરે તો દિગંબરના લેબાસમાં તમે અંદરમાં શ્વેતાંબર છો, બીજું કાંઈ નથી.

બીજી વાત એ છે કે ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકવાનું License કોઈની પાસે હોય તો વંચાવો મને. ભાઈ! તને વાંધો નથી, તું ભગવાનની આજ્ઞા ઉપર પગ દઈને ચાલ. તને નહિ વાંધો નહિ આવે. એવું કાંઈ License લાવ્યા છો? છે Permit તમારી પાસે? એ અપરાધ કરવા જેવો નથી. આવા અપરાધ નરક, નિગોદમાં જવાની તૈયારી હોય અભિપ્રાયમાં એણે કરવા. એનું ફળ નિગોદ છે, બીજું કાંઈ એનું ફળ નથી. એકાદ Junction થવું હશે તો Station થશે. પછી તો જતા વાર લાગશે નહિ. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- એને નિગોદ ગમે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વારંવાર જવું હોય...

અહીંયાં તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિ પણ આત્માને મુખ્ય રાખીને કરવાની આજ્ઞા છે. આત્માને ગૌણ કરીને એ કાર્ય કરવાની પણ ભગવાનની આજ્ઞા નથી. આમ છે. .... ભગવાનની આજ્ઞા શું છે? એ તો એણે મુખ્ય કરવું જ પડશે? નહિતર 'ગુરુદેવ' કહે કે ઓઢણી ઓઢે ધણીની અને ધણીનું કીધું માને નહિ. એમ કહે કે હું ફલાણાની વહુ. પણ એનું માને જ નહિ. જેટલું કહે એથી ઊંધુ ચાલે, ઊંધું જ કરે, ઊંધુ જ કરે. અને સાડલો ઈ લાવી દે એને. મેં તો આનો સાડલો પહેર્યો છે. ભાઈ! એનું કીધું માનવું જોઈએ. એમ વીતરાગ મારા દેવ. પણ વીતરાગની જ આજ્ઞા ઉપર પગ મૂકવો. વીતરાગ મારા દેવ. તો કહે વીતરાગની જ આજ્ઞા તોડવી

મારે. એ વીતરાગની આજ્ઞા માનતો નથી. વીતરાગના નામે પોતાનો રાગ પોષે છે. પોતાના અભિપ્રાયનો સ્વચ્છંદનો રસ પોષે છે. એ વીતરાગની આજ્ઞામાં નથી એમ છે.

મુમુક્ષુ :- બોલ કેવો સરસ છે!

પૂજ્ય ભાઈશ્રી :- વિષય એવો છે. પ્રયોજનનો વિષય છે ને. બોલનો વિષય છે પ્રયોજન વિષયક માર્ગદર્શન. તારું પ્રયોજન છે એ માર્યું જશે. તું ભૂલ કરીશ તો તારું પ્રયોજન આખું ઊડી જશે. પ્રયોજનથી ગયો તો ઉન્માર્ગે ગયો તું.

માર્ગદર્શનનો વિષય જીવ ઉન્માર્ગે ચાલ્યો ન જાય એના માટે છે. માર્ગદર્શનનો વિષય જીવને સમાધાન ન થતું હોય તો એને ક્યાંય પણ મુંઝવણ થતી હોય તો એને સમાધાન થાય એટલા માટે છે. અને માર્ગદર્શનનો વિષય એ ક્યાંય પણ રોકાઈ ન જાય અને આગળ ને આગળ વધતો જાય એના માટે માર્ગદર્શન છે. આપણે એક પ્રકાશન જુદું કર્યું છે. 'પથપ્રકાશ' નામનું હમણાં જે Volume બહાર પાડ્યું, એમાં માર્ગદર્શનના જ બધા બોલ લીધા છે. 'ગુરુદેવશ્રી'ના વચનો છે, 'બહેનશ્રી'ના વચનો છે. 'શ્રીમદ્ રાજચંદ્રજી'ના અનેક વચનો માર્ગદર્શનના મળે છે. કેમ કે એમણે મુમુક્ષુને જે પત્ર લખ્યા છે એ બધા મુમુક્ષુની ભૂમિકા યોગ્ય જીવો છે એને માર્ગદર્શન આપતા પત્રો છે એટલે એમાંથી ઘણું માર્ગદર્શન મળ્યું છે. અને 'સોગાનાજી'ના વચનોમાંથી માર્ગદર્શન મળે છે. એ ચારે ધર્માત્માઓનો માર્ગદર્શન સંબંધિત જેટલો વિષય છે એને એક જગ્યાએ, અનેક પડખાને એક જ જગ્યાએ એક ગ્રંથમાંથી મળે એ જાતનું સંકલન છે. હમણાં પ્રકાશિત કર્યું આપણે.

એ વાત અહીંયાં છે કે આત્માને સાથે ને સાથે રાખવો. આત્માને મુખ્ય જ રાખવો. પછી જે થાય તે થાય, ન થાય તે ન થાય. એની સાથે બીજો પ્રશ્ન થતો નથી.

## તા. ૨૧-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૪૩
## પ્રવચન નં. ૨૬૦

**અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.**

**કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી. ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલંગ મારે તેમ, ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે, તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.**

**વસ્તુને પામવું, તેમાં ટકવું અને આગળ વધવું-બધું પુરુષાર્થથી જ થાય છે. પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ. આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે. ૩૪૩.**

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૪૩ બોલ. પાનું-૧૧૫. આ બોલમાં પુરુષાર્થનો વિષય ચાલ્યો છે.

**'અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.'** પુરુષાર્થનો વિષય એ બહુ સૂક્ષ્મ વિષય છે. અને એ વિષયની અંદર ઘણી ભ્રાંતિ ચાલે છે. અથવા એ વિષય સમજાવો, સમજવો જીવને કઠિન પણ પડે છે. કાંઈપણ કાર્ય કરવું.. કરવું... કરવું... એવો વિકલ્પ થાય એને લોકો પુરુષાર્થ કહે છે. અથવા પુરુષાર્થ કરવાનો વિકલ્પ આવે. જરા તીવ્ર વિકલ્પ આવે તો પણ લોકો એને પુરુષાર્થ માની બેસે છે. એ પુરુષાર્થનું સ્વરૂપ નથી.

પુરુષાર્થની પરિણામ અપેક્ષાએ વ્યાખ્યા કરી છે 'અમૃતચંદ્રાચાર્યદેવે' કે સ્વરૂપની રચના કરે-સ્વભાવભૂત પરિણામ કરે-એવું બળ ઉત્પન્ન થાય, એ બળ એ જ એનું સ્વભાવરૂપ પરિણામ થવાનું બળ ... કાર્યની એ કાર્યની નિષ્પત્તિ પાછળ જે શક્તિ છે, એ શક્તિને વીર્યશક્તિ અથવા પુરુષાર્થગુણ કહેવામાં આવે છે. તો પણ એ પુરુષાર્થનું કાર્ય પોતાના પરિણામમાં કેવી રીતે સમજવું? એ જરા કઠિન પડે એવો વિષય છે. કેમ કે મુમુક્ષુની શુદ્ધપર્યાયની રચના તો થયેલી નથી. ચાલુ થતી નથી. તો શુદ્ધપર્યાયની રચના કરનાર એવો જે વીર્યગુણ અને વીર્યગુણનું કાર્ય એ વાત એને જલ્દી સમજાતી નથી. એટલે એ વિષય સમજવો જરા અઘરો રહ્યો છે. પણ એટલું તો કહી શકાય

છે કે જો એક ... પદ્ધતિ હોય સમજવા માટે તો પોતે પણ એવું કાર્ય કરવા પાછળ એક પ્રયાસરૂપ કાર્ય કરે છે, પ્રયત્નરૂપ કાર્ય કરે છે, પુરુષાર્થરૂપ કાર્ય કરે છે, કાંઈક જોરવાળું કાર્ય કરે છે. ઊંધો પુરુષાર્થ છે એ ઉપાય આત્મપ્રત્યયી થાય છે ત્યારે તેને સવળો પુરુષાર્થ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પુરુષાર્થનું પરિણમમ તો ચાલુ જ છે. ઊંધું ચાલુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંધું ચાલું છે. જેમ કે પુરુષાર્થ, કોઈપણ કાર્યનો પુરુષાર્થ, કોઈપણ વિષયનો પુરુષાર્થ, કોઈપણ પદાર્થની-કોઈપણ વસ્તુની જરૂરિયાતને અનુસરીને થાય છે. સંસારમાં મનુષ્યભવમાં ... પ્રાણીને એવું લાગે છે કે મારે પૈસાની જરૂર છે. અને એ પૈસાના માધ્યમથી અનેક પ્રકારના સાધનો, અનુકૂળતાઓ મેળવી શકાય છે અને એ મેળવવા માટે એની બદલીમાં એક જ ચલણ છે, જેને પૈસા કહેવામાં આવે છે. એટલે તેને ચલણ કહે છે-Currency કહે છે. કોઈપણ ચીજ ખરીદવી હોય તો એની સામે એ બદલો કરી શકાય છે. અથવા એના Termમાં દરેક ચીજની કીંમત એના Termમાં કરવી પડે છે. આના કેટલા પૈસા? આના કેટલા પૈસા? આના કેટલા પૈસા? ... હોય છે. એના ઉપરથી એક વાત સમજાય છે કે આ એક જરૂરિયાતની વસ્તુ છે. એને પ્રાપ્ત કરવા માટે ઉપાય ... છે. કોઈ નોકરી કરે છે, કોઈ મજૂરી કરે છે, કોઈ વેપાર-ધંધો કરે છે. વેપાર-ધંધામાં પણ અનેક પ્રકાર છે. નોકરી Service આપવાના પણ અનેક પ્રકાર છે. મજૂરીના પણ અનેક પ્રકાર છે.

આ બધા અનેક પ્રકારના પુરુષાર્થનો એક પ્રકાર છે. ક્યાં જુદો પાડવો છે પુરુષાર્થ? પુરુષાર્થનો પ્રકાર એક છે. કાર્યોના પ્રકાર અનેક છે. બધામાં પુરુષાર્થ એક જ પ્રકારે છે. ચાહે કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ જીવ કરે પણ કોઈપણ પ્રવૃત્તિ કરવા સંબંધીનો ઉત્સાહ, એ સંબંધીનો પ્રયાસ એને પુરુષાર્થ કહેવામાં આવે છે. અને એ જરૂરિયાત જણાતા સહેજે ઉત્પન્ન થાય છે. કેમ ઉત્પન્ન થાય છે? જ્યાં જરૂરિયાત લાગે ત્યાં એ સહજ જ ઉત્પન્ન થાય છે. જરૂરિયાત સમજાય, સમજણમાં જરૂરિયાત સમજાય અને એની પ્રાપ્તિનો પુરુષાર્થ ઉત્પન્ન ન થાય એ બની શકે નહિ. જરૂરિયાત સમજાય તો એની પ્રાપ્તિનો પુરુષાર્થ ન ઉત્પન્ન થાય એ પ્રશ્ન એને છે જ નહિ અથવા એ પ્રશ્ન જ અસ્થાને છે. પણ જરૂરિયાત સમજાય એ સંબંધીની પ્રાપ્તિનો પુરુષાર્થ ઉત્પન્ન થતો રોકી પણ ન શકાય. કરવાનો પ્રશ્ન નથી. રોકી પણ ન શકાય એ પરિસ્થિતિ ત્યાં ઊભી થાય છે. આમ પુરુષાર્થની જરૂરિયાતની સમજણથી સહજતા છે. સહજ જ પુરુષાર્થ ઉત્પન્ન થાય છે.

અહીંયાં આપણે લઈએ કે કોઈપણ જીવને જ્યારે પોતાના આત્માના સુખની,

આત્મિક સુખની અને આત્મિક શાંતિની જરૂરિયાત લાગે છે ત્યારે તત્ સંબંધી પુરુષાર્થ એનો ઉત્પન્ન થયા વિના રહી શકતો નથી. પહેલાં એ સમજવા માટે પુરુષાર્થ કરે છે કે આ પ્રાપ્તિ કેવી રીતે થાય? આવું સુખ અને આવી શાંતિની પ્રાપ્તિ કેવી રીતે થાય? અને પછી એ સુખ-શાંતિની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે-પુરુષાર્થ કરે છે. એ જરૂરિયાત સમજાય તો પુરુષાર્થ થયા વિના રહે નહિ. અને જરૂરિયાત જેટલી વધુ કિમતી લાગે, આવશ્યક્તાનું જેટલું જલ્દીપણું લાગે અને જેટલી ... જરૂરિયાત લાગે એટલી પુરુષાર્થની અંદર તારતમ્યતા વિશેષ ઉત્પન્ન થાય છે. એકદમ કુદરતી વિષય છે. પોતાના પુરુષાર્થનો વિષય એકદમ સહજ અને કુદરતી છે.

એટલા માટે 'રાજમલજી'એ ચોથા કળશની ટીકા કરતા એ કહ્યું કે, 'સમ્યગ્દર્શન સહજ સાધ્ય છે. કોટિ ઉપાય કરે તો પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય.' કોટિ ઉપાય એટલે? જરૂરિયાત લાગી ન હોય અને કોઈ એમ કહે કે સત્શાસ્ત્ર વાંચો, કોઈ એમ કહે કે સદ્ગુરુના ચરણમાં જઈને બેસો, એની સેવા કરો, કોઈ એમ કહે કે સર્વજ્ઞદેવના તીર્થંકરના સમવસરણમાં જાવ, મહાવિદેહ ક્ષેત્રમાં જાઓ તો તને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે. પણ પોતાને જરૂરિયાત ન ભાસી હોય તો એને સમ્યગ્દર્શન થતું નથી. અથવા સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય એવો પુરુષાર્થ થતો નથી.

પર્યાય અપેક્ષાએ જ્યાં સુધી આત્માશાંતિ અને આત્મસુખની જરૂરિયાત નથી ભાસતી ત્યાં સુધી એ જરૂરિયાતનું ભાસવું એ પુરુષાર્થનું ઉત્પાદક છે. અને મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગમાં પ્રવેશ થતાં પોતાનું શુદ્ધાત્મ સ્વરૂપ એના આધારે પુરુષાર્થ થાય છે. પુરુષાર્થ તો ભાવભાસનથી વાસ્તવિક શરૂ થાય છે અને એના આધારે થાય છે, પણ પહેલા જે ઊલટો પુરુષાર્થ છે, જગતના પદાર્થો માટેનો પુરુષાર્થ છે એ બદલીને આત્મશાંતિનો પુરુષાર્થ (થાય) એ ... કાળમાં આવે છે. એને આ સ્વાધ્યાય ... કે જીવને શેની જરૂરિયાત છે? જગતના પદાર્થોની કે આત્માની શાંતિની? આ સવાલ છે. એ જો એને સમજણ થાય તો પોતાનું મૂળ સ્વરૂપ સમજવા પ્રત્યે એનો પુરુષાર્થ વળે અને પોતાના સ્વરૂપને સમજે તો અનંત વીર્યનો પિંડ પોતે હોવાથી, અનંત શક્તિઓના આધારભૂત દ્રવ્ય પોતે જ હોવાથી એ દ્રવ્યના નિર્ણયથી-એ દ્રવ્યના પ્રતિભાસથી-પુરુષાર્થની ઉત્પત્તિ-સહજ પુરુષાર્થની ઉત્પત્તિ શરૂ થઈ જાય છે.

કહે છે કે અત્યાર સુધીમાં અનંત જીવોએ આવો પુરુષાર્થ પ્રગટ કર્યો. આ પ્રકારનો પુરુષાર્થ પ્રગટ કર્યો. ઊલટા પ્રકારનો પુરુષાર્થ તો સર્વ જીવોને પ્રગટ છે. કોઈ જીવ પુરુષાર્થ વિનાનો નથી. કેમ કે કોઈ જીવ જ્ઞાનગુણના પરિણમન વિનાનો નથી, એમ કોઈ જીવ કોઈ પણ ગુણના પરિણમન વિનાનો નથી. એટલે વીર્યગુણના પરિણમન

વિનાનો પણ કોઈ જીવ નથી. અને એનું વિકારી પરિણમન છે એ ઊલટી મહિમામાં જાય છે અને ઊલટુ-ઊલટું કાર્ય કરે છે-એ વિભાવની રચના કરે છે.

ઊંધો પુરુષાર્થ વિભાવની રચના કરે અને સુલટો પુરુષાર્થ સ્વભાવભાવની રચના કરે. પણ પુરુષાર્થ તો કાર્ય કરે, કરે ને કરે જ. પુરુષાર્થ ક્યારેય કાર્ય ન કરે એવું બનતું નથી. એ વિચારવા યોગ્ય વિષય થયો કે આ જીવને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય એ પ્રકારનો જે પુરુષાર્થ નથી કરતો અથવા નથી થતો એને, બીજો થાય છે તો એ સ્પષ્ટ પરિસ્થિતિ છે કે જે જરૂરિયાત ભાસવી જોઈએ એ જરૂરિયાત ભાસી નથી, લાગી નથી. એમાં કોઈ ગોળ-ગોળ વાત ચાલે એવું નથી. ચોખ્ખી વાત એ છે કે એને જરૂરિયાત લાગી નથી. જરૂરિયાત લાગી હોય તો પુરુષાર્થને રોકી શકાય નહિ. કરવાનો પ્રશ્ન નથી પણ રોકી શકાય નહિ. આ સ્થિતિ ઉત્પન્ન થાય.

રોજ સાંભળીએ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા જેવું છે અને એની જરૂરિયાત લાગી નથી? કેવી વિચિત્ર પરિસ્થિતિ છે! એમાં બિલકુલ ચાલે એવું નથી. રોજ સાંભળવા આવું છું માટે તને સમ્યગ્દર્શનની જરૂરિયાત લાગી છે એવું સારું લગાડવાનો આ વિષય નથી. સારુ લગાડીએ. રોજ આવો છો ખરાને. બધા મુમુક્ષુ રોજ નથી આવતા. પણ કેટલાક આવે છે તો આવે છે એને તો સારું લગાડવું કે નહિ? એ પ્રશ્ન નથી અહીંયાં. જો જીવને જરૂરિયાત લાગે તો એનો પુરુષાર્થ જાલ્યો રહે એવું નથી. આ બહુ કુદરતી વિષય છે અને એમાં કોઈ અપવાદ નથી. એમાં કોઈ અપવાદ નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ ઉપડતો નતી તો સમજી લેવાનું કે જરૂરિયાત લાગી નથી. ચોખ્ખો જ દાખલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- જરૂરિયાત લાગી નથી. સીધી વાત છે. મેળવી લેવું. બીજા, ત્રીજા કાર્ય સાથે મેળવી લેવું. કોઈ એમ કહે કે ભાઈ! તમારા ઘરની અંદર દૌલત દાટી છે. અઢળક દૌલત છે. તમારે જગતમાં કોઈની પછી દીનતાનો પ્રશ્ન રહેતો નથી. તો એ દૌલત મેળવવા સંબંધીનો ...ભાવ પૂરી સાવધાનીથી એ દૌલત મેળવવા કાંઈ પણ .. ન થાય એવી પૂરી સાવધાનીથી ઘરમાંથી કાઢવાની જે પ્રક્રિયા છે એને કેમ રોકી શકે? એના ભાવને કેમ રોકી શકે? એમ વિચાર કરે કે હજી તો આજે ને આજે આ વાતની ખબર પડી છે. શું ઉતાવળ છે? સૂઈ જાવને નિરાંતે, કાલે પછી વાત જોઈશું. પછી આગળ જ્યારે જરૂર પૈસાની ઊભી થશે ત્યારે ખોદવા બેસશું. અત્યારે ક્યાં હવે ઘરમાં જ છે ને ક્યાં બહાર છે. સૂઈ જાય ખરો? અને સૂઈ જાય તો પણ એને ઊંઘ આવે ખરી? આવે નહિ. આટલી વાત કરી અને ઊંઘ ઊડી ગઈ? હજી તો વાત સાંભળી છે કે તારી દૌલત તારા ઘરમાં છે અને તારે

કાંઈ પરિશ્રમ કરવાની જરૂર નથી. બહારમાં કોઈ ધંધો-નોકરી કાંઈ કરવાની જરૂર નથી. અઢળક દૌલત તારા ઘરમાં છે. તો ઊંઘ ઊડી જાય. સાંભળે ત્યાં ઊંઘ ઊડી જાય. પછી નીકળે કે ન નીકળે એ જુદી વાત છે.

મુમુક્ષુ :- ... દૌલતનું નામ સાંભળીને વિશ્વાસ આવે છે અને આમાં વિશ્વાસ નથી આવતો.

પૂજ્ય ભાઈશ્રી :- ભાળ્યા વગર વિશ્વાસ ક્યાંથી આવ્યો? અહીં તો પ્રશ્ન કરે છે કે મેં ભાળ્યું નથી તો કેવી રીતે વિશ્વાસ કરવો? અને ત્યાં વગર ભાળ્યે વિશ્વાસ કરે છે. અમારે એક સંબંધીને એવું થયેલું. કોઈ ગપ્પા મારવાવાળા મળી ગયા. ... અનેક જાતની વિદ્યાઓ સાધી છે. અને મારી વિદ્યાથીને મને એમ જાણવામાં આવ્યું છે કે તમારી જે ખેતરવાડી છે એમાં એક કૂવો છે. કૂવાથી આ દિશામાં આટલે દૂર અનેક જાતના ઝાડવા છે અને એ ઝાડવાની પાસે આ જગ્યાએ તમારા પૂર્વજોએ સોનું દાટેલું છે. હમણાં બે-ત્રણ પેઢી પહેલાં જ આ દાટેલું છે. બે પેઢી પહેલાં, જમીન તો અમારે બે પેઢીથી જ છે. એટલે એની વાતમાં વિશ્વાસ બેઠો કે બરાબર છે. મેં તો જમીન ખરીદી નથી. છે તો આ બાપા વખતની, બાપાના બાપાના વખતની. .. વાણિયાને. એ વિશ્વાસ બેઠો થોડોક એની ફરતી ફરતી વાતોમાંથી. કે માણસ કાંઈક કહે છે એવું છે ખરું. મારે કૂવો છે, કૂવાની બાજુમાં ઝાડવા છે, આ બધું છે ખરું. ત્યાં ખોદો. ઘણું સોનું છે. પણ એમાંથી જો સોનું નીકળે તો આટલું આને આપજો અને બાકીનું તમે રાખજો. મારે નથી જોઈતું. તમારા સગા છે એમાંથી ફલાણી વ્યક્તિને આટલું આપજો. એટલુ આપવું એને જરૂરી છે. મારે કાંઈ લેવા-દેવા નથી. મારે કાંઈ જોઈતું નથી.

પોતાની નિઃસ્પૃહતા બતાવે એ પ્રયત્ન કર્યા વગર રહે તો શું કરે? રાત્રે રાત્રે ખોદાવે. દિવસે ખોદાવે ... નીકળી પડે અને એમાં કાંઈક Government નો ઝઘડો કે કાંઈ બીજો કોઈ ઝઘડો કે કોઈ કાંઈ કાયદો લાગુ પડે. એ રાત્રે રાત્રે ખોદાવે. આ સાવધાની છે. રાત પડે મોડેથી દસ-અગિયાર વાગે એટલે મજૂર અને દાડિયાને મોકલે. એ પણ Confidential જે પોતાના અંગત માણસો જેવા હોય એ માણસોને મોકલે. થોડું ખોદ્યું ત્યાં પત્થર આવ્યો. ... પત્થર આવ્યો છે આમાં તો કાંઈ નીકળ્યું નથી. તો કહે એ પત્થર તોડો. એ પત્થરની નીચે છે. પત્થરની નીચે ક્યાંથી દાટ્યું હોય? પત્થર કાંઈ નાનો પત્થર નહિ. પત્થરનું લેયર આવ્યું પડ. તો બુદ્ધિથી તો વિચાર કરવો જોઈએ કે આની નીચે દાટનારે કેવી રીતે દાટ્યું? પત્થરની શીલા હોય તો તો માણસ સમજે કે ભાઈ! એની ઉપર મૂકેલી-ઢાંકેલી ચીજ છે. તો કહે ના,

ખોદો. ખોદ્યું પત્થર જ નીકળ્યો. પત્થર જ નીકળ્યો. જાડાઈ ઘણી. થાક્યા. કરી દીધું બંધ. ત્યાં તો વગર જોયે વિશ્વાસ આવે અને પુરુષાર્થ અને પરિશ્રમ કરે છે. આ તો બનેલો દાખલો છે. એ તો બધા ઘણાં ધુતરાઓ એવી વાત કરતા હોય.

આ તો કહેનાર શ્રીગુરુ નિઃસ્પૃહ, પ્રમાણિક અને નિર્દોષ પરમાત્મા છે. એ કહે છે કે તારા ઘરની અંદર અનંત ચૈતન્યની વિભૂતિ ભરી છે. જીવને જો ઉત્સાહ ન આવે તો એનો અર્થ કે એને એ વાતની અંદર હજી વિશ્વાસ નથી. રોજ પૂજા કરે, રોજ ભક્તિ કરે, રોજ એના શાસ્ત્રો વાંચે અને વિશ્વાસ નથી? આ તો એક હકીકત છે કે વિશ્વાસ નથી. જે બધું કરે છે એ કાલ્પનિક છે. હકીકતમાં વિશ્વાસ નથી. કે હકીકતમાં વિશ્વાસ છે ને આ બધું કરે છે? વિશ્વાસ નથી એ વાત જરૂર છે. વિશ્વાસ નથી, જરૂરિયાત લાગી નથી. બે વાત સાથે છે. સમજણ એટલે ઉપર ઉપરની કોઈ કામ કરતી નથી.

એટલા માટે 'દીપચંદજી'એ એ પદ લીધું છે સાધ્ય-સાધકનું. કે પ્રતીતિપૂર્વકનો વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. પ્રતીતિ એટલે વિશ્વાસ. વિશ્વાસ સહિતનો વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. વિચારને સાધક ક્યારે કહેવાય પૂર્વપર્યાયમાં? પ્રતીતિ સહિતનો હોય તો. પ્રતીતિ ક્યારે આવે? પેલામાં તો વગર જોયે પણ પ્રતીતિ આવે છે, લોભને વશ. ત્યાં તો જીવનો લોભ કામ કરે છે. અહીંયાં કહે છે કે એમ પણ તારે જોવાની જરૂર નથી. તને નમૂનો દેખાડી દઈએ, બોલ. પછી? જ્ઞાન લક્ષણમાં અકષાયભાવમાં એવા જ્ઞાનભાવમાં, જ્ઞાનલક્ષણમાં તારી શાંતિનો નમૂનો છે, તારા સુખનો નમૂનો છે, તારા જ્ઞાનના ચમત્કારના વૈભવનો નમૂનો છે. એટલે અહીંયાં તો તને દેખાડીને વિશ્વાસ લાવવાનો છે. નમૂનો બતાવીને વિશ્વાસ આવવાનો છે. જો નમૂના ઉપરથી સ્વરૂપનો પ્રતિભાસ આવે તો પુરુષાર્થ ઉપડ્યા વિના રહે નહિ. પણ નમૂનો છે એને તપાસવાની ફૂરસદ નથી. ફૂરસદ ન મળે એમ કહો કે દરકાર ન મળે એમ કહો, બેય એક વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુની સ્થિતિ કેવી છે એ વિચારવા જેવી છે. જો દરકાર કરે તો નમૂનો પ્રગટ છે. સર્વ કાળે ઉપસ્થિત છે. એમ નથી કે નમૂનો કોઈ લાવીને દે એટલી ક્ષણ પણ એને રાહ જોવી પડે. એટલી મિનિટ પણ એને રાહ જોવી પડે. સર્વ કાળે એને ઉપસ્થિત છે. હાજર જ છે. પણ એ બાજુની દરકાર કરીને પોતાના નિધાનને જોવાનો એને ભાવ આવવો જોઈએ. પાછું એવી દલીલ કરે કે આવું તો કો'કને જ પ્રાપ્ત છે. આવી ઊંચી વાત છે ને માટે કો'કને જ મળે છે.

ઠોઠ નિશાળીયો હોય ને? એના મા-બાપ એને એમ કહે કે કેમ ભણતો નથી સરખું? કેમ તું નાપાસ પડે છો? તો કહે, પણ અમારા નિશાળમાં કો'ક જ પાસ થાય છે. નાપાસ જ જાજા થાય છે. પણ તું નાપાસ થાય છે એનો દાખલો શું કરવા લે છે? તું પાસ થાય એના લે ને પણ. હું શું કરું? કાંઈ મારો વાંક નથી, ઘણાં નાપાસ થાય છે, ભેગો હું એક વધારે નાપાસ થાઉં છું. એ દલીલ વ્યાજબી નથી.

અહીંયાં એમ કહે છે કે '**અનંત જીવો પુરુષાર્થ કરી,...**' ભલે અલ્પ સંખ્યામાં. પણ એ અલ્પ સંખ્યામાં પ્રગટ કરનારાની સંખ્યાનો સરવાળો પાછો બહુ મોટો છે. અત્યાર સુધીમાં અનંત જીવોએ સ્વરૂપનો પુરુષાર્થ કર્યો અને એ સ્વભાવરૂપ પરિણમ્યા. વિભાવને ટાળ્યા એમણે, વિભાવને જીત્યો અને સિદ્ધ થયા-જૈન પરમેશ્વર થયા. વિભાવને જીતીને જૈન પરમેશ્વર થયા-સિદ્ધ થયા. પરમાત્મા બનાવવાની Factory છે આ. બીજા ભગવાનની (જેમ) આને ભક્તના સ્થાનમાં રાખીને ભક્તિ કરાવવાની વાત નથી. તું પોતે જ પરમાત્મા થા. પરમાત્મા છો એમ સ્થાપીને એને અવસ્થાએ પરમાત્મા કરવાની વાત છે.

મુમુક્ષુ :- 'સોનગઢ'માં કારખાનું છે સિદ્ધ થવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધ થવાનું કારખાનું છે. એ એક માત્ર 'સોનગઢ'માં જ છે પાછું, બીજે ક્યાંય નથી. એવો વિષય છે. ક્યાંય જોવામાં આવતું નથી. જ્ઞાનીનું નિમિત્તપણું ક્યાંય જોવામાં આવતું નથી.

'**માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.**' એ અનંતા સિદ્ધોની મંડળીમાં તારે પણ પરમાત્મ દશા પ્રગટ કરવી હોય અથવા અનંત સુખની, અનંત સમાધિસુખની, અનંત આનંદની દશા પ્રગટ કરવી હોય, નિરાકુળ આનંદની તો તું પણ પુરુષાર્થ કર એની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. મહિમા છે પુરુષાર્થની. '**કોઈપણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી.**' આ સિદ્ધાંત છે કે કોઈપણ જીવ હોય એને સ્વરૂપ પ્રત્યયી પુરુષાર્થ થયા વિના, એ કર્યા વિના એમ કહો કે થયા વિના એમ કહો એક જ વાત છે, એને એના ભવનો અંત આવવાનો જ નથી. જો આ જીવને પરિભ્રમણનો અંત લાવવો હોય, ભવભવાંતરનો અંત લાવવો હોય તો પુરુષાર્થ થવો અનિવાર્ય છે. તે અંગેનો પુરુષાર્થ થવો અનિવાર્ય છે. ક્યારે પણ કોઈ જીવ માટે એવું નહિ બને કે એનો પુરુષાર્થ એને નહિ હોય અને એના ભવભ્રમણનો નાશ થશે. ભવભ્રમણ મટી જશે. એવું ક્યારે નહિ બને.

એના ઉપરથી એમ વિચારવાનું છે કે ભલે આ જીવ અત્યારે એ સંબંધીનો પુરુષાર્થ

નથી કરતો, ઊલટો-ઊલટો પુરુષાર્થ કરે છે, સ્વસન્મુખ થવાનો પુરુષાર્થ નથી કરતો પણ એ ગમે ત્યારે આજે કરે, કાલે કરે, ગમે ત્યારે એ પુરુષાર્થ સ્વસન્મુખ થવાનો કર્યે જ છૂટકો છે. એ સિવાય કોઈને એનો આરોવારો આવતો નથી. છેડો આવતો નથી. જ્યાં એમ ખબર પડે કે આ કર્યા વિના થવાનું જ નથી, પુરુષાર્થ થયા વિના થવાનું જ નથી, તો શા માટે એ વાત સાંભળી ત્યારથી જ એની શરૂઆત ન કરવી? એમ એમાંથી જે કાંઈ વાત લેવાની છે એ એ રીતે લેવાની છે.

‘**કોઈપણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી.**’ અને એ પ્રશ્ન .. મુમુક્ષુજીવને મુંઝવનારો છે તો એ જ છે કે પુરુષાર્થ કરવો જોઈએ એ વાત સમજની અંદર અભિપ્રાયથી બંધ બેસે છે કે પુરુષાર્થ તો કરવો જ જોઈએ. પણ અંતર પુરુષાર્થ કેવી રીતે કરવો? એની ગમ આવતી નથી-એની સૂઝ આવતી નથી. આ એક વિટંબણા છે. અને આ વિટંબણા મટે તો પુરુષાર્થ અમારે નથી કરવો એ પ્રશ્ન નથી. કેટલાક જીવો તો સર્વ પ્રકારના સાંસારિક કાર્યોનો ત્યાગ કરીને પુરુષાર્થ કરવા માટે નિવૃત્તિ લે છે. કોઈ સંસારી પ્રવૃત્તિમાં પડવું નથી. જેટલો સમય છે એ આત્મહિત કરવામાં લગાડવો છે. તો શું કરીએ? પુરુષાર્થ જાગૃત થતો નથી ત્યાં કરવું શું? અને કેમ કરીને એ પુરુષાર્થ જાગૃત કરવો? એ પુરુષાર્થનું પ્રકરણ ચાલે ત્યારે એમ કહ્યું કે કૃત્રિમતાથી તો કંઈ થશે નહિ. આ વસ્તુ સહજ છે પુરુષાર્થની. તો શું કરવું હવે? અહીંયાં એક મુંઝવણ ઊભી થાય છે.

કહે છે, પહેલો જે પુરુષાર્થ છે એ સમજણનો અથવા સ્વરૂપ નિશ્ચયનો છે. આગળ ‘પૂજ્ય બહેનશ્રી’ વાત કરશે કે પ્રથમ તું સ્વરૂપના નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. શું કીધું છે? ભલે એમાં કૃત્રિમતા થાય. સહજ પુરુષાર્થ હજી નથી. પણ તારા નિર્ણયની દિશામાં તો તું પ્રયત્ન કર. જ્ઞાનલક્ષણને તપાસી તપાસીને, જ્ઞાનલક્ષણને અવલોકી અવલોકીને જ્ઞાનભાવનો પરિચય કરી કરી ને, જ્ઞાનભાવનો વારંવાર પરિચય કરીને આમાં જ્ઞાનસ્વભાવ તે શું છે? એટલી ઓળખ (કર).

સ્વભાવ છે એ ગુણભંડાર છે. એટલે સમ્યગ્દષ્ટિને બીજી ભાષામાં ગુણની દૃષ્ટિ કહી શકાય. સ્વભાવની દૃષ્ટિ કહો કે સ્વભાવમાં રહેલા ગુણની દૃષ્ટિ કહો. ગુણની દૃષ્ટિ દોષ દૃષ્ટિથી વિરુદ્ધ છે. એટલે આત્માર્થી મુમુક્ષુ જેમ પોતાના દોષનો બચાવ ન કરે તો જે પોતાના દોષનો બચાવ ન કરે એવો આત્માર્થી હોય એ બીજાના દોષનો કેમ બચાવ કરે? ... પ્રયત્નની ઉત્પત્તિ થવાનો તબક્કો આવશે. એ Stageમાં તું આવીશ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ... વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જીવ શું કરે છે? કે એ નિર્ણય કરવા સંબંધીનું પોતાનું જે જ્ઞાન છે એ પ્રકારના જ્ઞાનમાં ઉહાપોહ કરવાને બદલે એ સિવાયની, એને છોડીને એ વિષયને છોડીને બીજો ઉહાપોહ કરે છે. તો ત્યાં એમ કહ્યું છે કે મતિને વ્યવસ્થિત કર તું. મતિને વ્યયવસ્થિત કર્યા વિના તું ગમે તેવા તર્ક વિતર્કમાં પડી જઈશ. તું નિર્ણય સુધી નહિ પહોંચ. તારી અંદરની શક્તિને પણ, સમજણ સંબંધીના પુરુષાર્થને પણ એક જ દિશામાં, એક જ કાર્યમાં તું Concentrate કર અને એને તું છિન્નભિન્ન નહિ કરી નાખ. એ શક્તિને તું વેડફી નહિ નાખ, તોડી નહિ નાખ. કેમ કે તારી શક્તિ વેડફાશે. નિર્ણય કરવાની જે શક્તિ છે એ શક્તિ વેડફાશે. એક જ દિશામાં પ્રયત્ન કર. એ નિર્ણય થવો એ સુગમ વસ્તુ છે.

જો નિર્ણયની દિશામાં જ જીવ પ્રયત્ન કરે તો નિર્ણય સુગમતાથી થાય છે. નિર્ણયની દિશામાં જ પ્રયત્ન લગાવે તો નિર્ણય કરવો સુગમ છે. જો નિર્ણયની દિશામાં ન પ્રયત્ન લગાવે તો અન્યથા નિર્ણય થવો દુર્લભ છે. આ સીધી વાત છે પાછી. આટલી માર્ગની સુંદરતા છે કે નિર્ણયની દિશામાં જીવ પ્રયત્ન કરે તો નિર્ણય સહજમાત્રમાં થાય છે. કેમ કે નમૂનો પ્રસિદ્ધ છે, નમૂનો પ્રગટ છે, નમૂનો હાજર છે સર્વ કાળે. એક સમય પણ એને રાહ જોવી પડે એવું નથી.

સર્વ કાળે જ્ઞાનનો ઉપયોગ ચાલ્યા જ કરે છે. અને એ ઉપયોગમાં સ્વભાવઅંશ વ્યક્ત છે. સ્વભાવઅંશ વ્યક્ત છે, સ્વભાવઅંશ અનુભવગોચર છે અને સ્પષ્ટ અનુભવાંશે એને વિચારમાં પ્રતીતિ આવે. સ્પષ્ટ અનુભવાંશેથી જો વિચારમાં પ્રતીતિ આવે તો ત્યાં સમ્યગ્દર્શનનું કારણ ઉત્પન્ન થઈ ગયું. અથવા ત્યાં નિયમથી સંસ્કાર પડ્યા. નિયમથી ત્યાં સંસ્કાર પડ્યા. એ સંસ્કાર પડે જ પડે. સ્વભાવસન્મુખના પ્રયત્નમાં સંસ્કાર પડે, પડે ને પડે જ. ન પડે એવું ન બને. એટલે ... પણ આ સીધો ઉપાય છે.

કેમ કે પુરુષાર્થ સહજ છે અને કૃત્રિમપણે થઈ શકતો નથી એમાં મુંઝવણ થાય છે કે કૃત્રિમ કરવો છે તો એ માર્ગ નથી અને સહજ થતો નથી. હવે કરવું શું? હવે આનો કાંઈ નિવેડો ખરો? તો કહે છે, નિર્ણય કર. તારા સ્વરૂપનો નિશ્ચય કર, તારા સ્વરૂપનો નિર્ણય કર. પુરુષાર્થનું જોર અંદરથી એવી રીતે આવશે કે રોક્યું રોકી શકાશે નહિ. ખાળ્યું ખાળી શકાશે નહિ. જેમ પૂરને ખાળી શકાતું નથી એમ પુરુષાર્થનું પૂર અંદરથી આવશે.

અહીં પુરુષાર્થની તીવ્ર-મંદતાનો થોડો વિષય લે છે. જ્યાં અનંતા જીવો પુરુષાર્થ

કરીને સિદ્ધિમાં ગયા એમાં '**કોઈ જીવ તો જેમ ઘોડો છલંગ મારે તેમ, ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે, તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.**' આમ બે પ્રકાર એમાં તીવ્ર-મંદતાના ઉત્પન્ન થાય છે. કોઈ જીવ તો જેમ છલાંગ મારીને પહોંચે અને કોઈ ધીમે ધીમે ચાલીને જાય, પણ એક જ દિશામાં જાય છે. એક જ પ્રકારનું કાર્ય કરે છે. બંનેની ગતિમાં ઝડપનો ફેર છે, બીજો કાંઈ ફેર નથી. Qualityનો ફેર નથી એમાં. Quality એક પ્રકારની છે. એકની ઝડપ ઉગ્ર છે, એકની ઝડપ મંદ છે.

મુમુક્ષુ :- ... જોવામાં ફેર શું આવ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર-મંદ. બસ. એક તીવ્રતાથી આગળ વધે છે, એક મંદતાથી આગળ વધે છે. મોક્ષમાર્ગી જીવોમાં પણ બહુ તીવ્રતાથી આગળ વધનારા જીવોની સંખ્યા ઓછી હોય છે. ધીમે ધીમે આગળ વધવાની ... સંખ્યા વધારે હોય છે. એ જવાબ 'સોગાનીજી'એ આપ્યો છે કે બહુભાગ ધર્માત્માઓ પણ શાસ્ત્રો વાંચતા-વાંચતા. વાંચતા-વાંચતા નહિ પણ શાસ્ત્રોમાં અટકતા અટકતા આગળ વધે છે.શું કીધું? શાસ્ત્રોમાં અટકતા અટકતા. કોઈ શાસ્ત્ર લખવામાં જાય છે, કોઈ શાસ્ત્ર રચવામાં જાય છે, કોઈ શાસ્ત્ર વાંચવામાં જાય છે, કોઈ શાસ્ત્રની ટીકા કરવામાં જાય છે, કોઈ અર્થ કરવામાં જાય છે. વાંચન આદિમાં રોકાવું એટલો ઉપયોગ બહાર જાય છે. એ અટકે છે એટલો ઉપયોગ. ભલે ચારિત્ર અપેક્ષાએ અટકે છે. પણ એટલી મંદતા છે. અથવા મોક્ષમાર્ગી જીવને પુરુષાર્થના મંદ કાળમાં શુદ્ધોપયોગની ઉત્પત્તિ થાય છે અને પુરુષાર્થને તીવ્ર કાળમાં શુદ્ધોપયોગની ઉત્પત્તિ થાય છે. આ એનો પરિણામનો નિયમ છે.

હવે કહ્યું કે '**ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલાંગ મારે તેમ,...**' અથવા જેમ કોઈ સિંહ તરાપ મારે એમ. સિંહની તરાપ એવી જોરવાળી હોય છે કે એને પછાડી શકાય નહિ. હાથી ઉપર તરાપ મારે તો હાથીને પાડી દે. ગાય-ભેંસ કે માણસનું તો શું ગજુ છે? પણ જે થાપો મારવા માટે છલાંગ મારે, હાથી ઊભો હોય તો હાથીને ગલોટિયા ખવરાવી દે. એટલું બધું એનું જોર હોય છે. એમ અંદરથી કોઈને એવું જોર પ્રગટે છે કે અંતરમૂહુર્તમાં કેવળજ્ઞાન લઈ લે. સામાન્ય જોરથી તો એને દ્રવ્યલિંગ આદિ .. થઈ ગયું હોય. એ તો સામાન્ય. પણ જે અંદરમાં પ્રવેશે અને અંદરથી જોર આવે તો અનંત વીર્ય અંદરમાં છે. અંતર્મૂહુર્તમાં કેવળજ્ઞાન લઈ લે.

... દૃષ્ટાંત છે એને એવી રીતે ઘટાવાનો છે કે આ જીવમાં એ સત્ત્વ પડ્યું છે. એ પ્રકારનો પુરુષાર્થ પ્રગટ થાય એવું સત્ત્વ, એવું શક્તિનું સત્ત્વ પોતામાં રહેલું છે.

એટલું બધું સત્ત્વ રહેલું હોવા છતાં અંશ માત્ર પણ જો પુરુષાર્થ પ્રગટ ન કરે તો એના જેવી કરુણાજનક, દયાજનક દશા બીજી કઈ? એમ વિચારવાનું છે. આવા બધા પરમાર્થના વિષય ચર્ચા કરવા યોગ્ય છે. વિચારવા યોગ્ય છે, મંથન કરવા યોગ્ય છે. એ વિષયની અંદર એવી ભાવના ઉત્પન્ન થાય. પ્રથમ તો એની (ભાવના ઉત્પન્ન થાય). એનો ક્રમ એવો છે કે એની પ્રથમ સાચી ભાવના ઉત્પન્ન થાય છે. વિષય સમજાય, એની ભાવના ઉત્પન્ન થાય છે કે આવું મને પણ હો... આવું મને પણ હો... આવો પુરુષાર્થ મને પણ હો. એમ થતાં એમાંથી ઉત્પન્ન થાય છે. એ એનો ક્રમ છે.

કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે અથવા એનો પુરુષાર્થ મંદ ગતિનો હોય છે. એમ બન્ને પ્રકાર હોય છે. મહિમાનો વિષય છે. બંને પ્રકાર. પ્રકારભેદ છે એ તીવ્ર-મંદતાનો જે ભેદ છે એ જાણવાનો વિષય છે. '**વસ્તુને પારવું, તેમાં ટકવું અને આગળ વધવું-બધું પુરુષાર્થથી જ થાય છે.**' શું કહે છે? કે પ્રથમ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે ચતુર્થ ગુણસ્થાને. ત્યારે વસ્તુને જીવ પામે છે. પામે છે એટલે અનુભવે છે. અનુભવે છે એટલે પામે છે. વસ્તુ તો હતી જ. પણ અનુભવ થયો ત્યારે પ્રાપ્તિ થઈ એમ કહેવામાં આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ. એવું જે વસ્તુને પામવું, શરૂઆત થવી. વસ્તુને પામીને એ જ દશામાં ટકી રહેવું. એ દશાને નિભાવવી. એમ. ... એ દશાને નિભાવવી અને એમાં વૃદ્ધિગતપણું કરવું, એમાં વૃદ્ધિ થવી દશામાં એ '**બધું પુરુષાર્થથી જ થાય છે.**' ત્રણે કાર્યની અંદર પુરુષાર્થ હોય છે. પુરુષાર્થ વિનાનું એક પણ Stage નથી, એમ કહેવું છે.

વસ્તુના અનુભવમાં-પામવામાં પણ પુરુષાર્થ છે. પ્રથમ પામવામાં પણ અનંતો પુરુષાર્થ છે. એ દશામાં ટકી રહેવામાં પણ પુરુષાર્થ છે. એ દશા વૃદ્ધિગત થવામાં પણ પુરુષાર્થ છે. બધું પુરુષાર્થથી જ થાય છે. પુરુષાર્થ વગરની કોઈ દશા નથી. એક સમયની પણ નથી. જો કે એ તો ગુણ જ પરિણમનશીલ છે. ગુણમાત્ર સર્વ ગુણ બધા જ પરિણમનશીલ છે. ત્યાં પુરુષાર્થની અંદર કોઈ અપવાદ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનથી સાચો પુરુષાર્થ શરૂ થાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ પુરુષાર્થ થાય છે. એ પહેલા ચોથું ગુણસ્થાન ઊભું થાય એ પ્રકારનો પુરુષાર્થ હોય છે. એને સન્મુખનો પુરુષાર્થ કહે છે. સમ્યક્ સન્મુખનો પુરુષાર્થ કહે છે. બસ! પુરુષાર્થ શરૂ થાય સ્વસન્મુખ થાય ત્યારથી. પરસન્મુખતાનો પુરુષાર્થ એ બધો વિપરીત પુરુષાર્થ છે, એનાથી સંસાર સધાય છે. એનાથી મોક્ષમાર્ગ અને મોક્ષની સાધના થતી નથી.

મુમુક્ષુ :- છે અનાદિઅનંત...

પૂજ્ય ભાઈશ્રી :- સાદિ અનંત.. અનંતો પુરુષાર્થ છે. જ્યાં તેરમું ગુણસ્થાન પ્રગટ થયું ત્યાં અનંત વીર્ય પ્રગટ થયું. બારમા ગુણસ્થાનના અંત સુધી અનંત વીર્ય નથી. યથાખ્યાત ચારિત્ર છે. ચારિત્ર પૂર્ણ છે પણ જ્ઞાન અપૂર્ણ છે, વીર્ય પણ અપૂર્ણ છે. જ્યાં તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થયું ત્યાં અનંતચતુષ્ય પ્રગટ્યા. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ એ ત્યાં પ્રગટ્યા. એમાં અનંતવીર્ય પ્રગટ્યું. એ સાદિઅનંત કાળ પર્યંત (રહેશે). એ પહેલાં અલ્પ વીર્ય (છે), મોક્ષમાર્ગની દશામાં અલ્પ વીર્ય પ્રગટ છે. ત્યાં અનંત વીર્ય પ્રગટ છે.

મુમુક્ષુ :- જ્ઞાન, સુખ અને વીર્ય ત્રણે સાથે પ્રગટ્યા તેરમા ગુણસ્થાને?

પૂજ્ય ભાઈશ્રી :- અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય. એને ચારિત્ર પ્રગટ્યું થયું છે યથાખ્યાત પણ અનંત સુખ નથી. કેમ કે સ્વભાવનો ઘાત ઊભો છે. સુખને અને સ્વભાવના ઘાતને સીધો સંબંધ છે. જ્યાં સુધી સ્વભાવનો ઘાત ચાલુ હોય ત્યાં સુધી અનંતસુખ પ્રગટે નહિ. જ્ઞાનસ્વભાવ છે એ કેવળજ્ઞાનાવરણીયથી એનો ઘાત ચાલુ છે. ત્યાં સુધી અનંતસુખ ન પ્રગટે. આ એનો નિયમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તફાવત છે પણ એ પ્રતીજીવી ગુણોંનો તફાવત છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ એમાં તફાવત નથી. પૂરેપૂરા છે, એકસરખા જ છે. જે તેરમા ગુણસ્થાને પ્રગટ થયા, એ જ ચૌદમા ગુણસ્થાને, એ જ સિદ્ધદશામાં (છે). એમાં કાંઈ ફેર નથી. બાકીના સિદ્ધત્વ આદિ જે અવ્યાબાધત્વ ને સૂક્ષ્મત્વ ને એ બધા છે, ફરક છે એ એમાં છે.

'**વસ્તુને પામવું, તેમાં ટકવું અને...**' એ વસ્તુની અનુભવદશામાં વિષેશ '**આગળ વધવું...**' શુદ્ધિમાં વૃદ્ધિ થવી. એ '**બધું પુરુષાર્થથી જ થાય છે.**' પુરુષાર્થ વિના મોક્ષમાર્ગમાં કોઈપણ જીવનું પ્રવર્તવું થતું નથી. '**પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ.**' હવે એમ કહે છે કે તારો પુરુષાર્થ તો છે પણ બહાર જાય છે. બહાર જાય છે એટલું જ નહિ પણ તે વ્યર્થપણે બહાર જાય છે. એથી તને કોઈ કાર્યસિદ્ધિ નથી. કાર્યસિદ્ધિ તો કાંઈ નથી, ઊલટાનું તને નુકસાન છે. આ નુકસાન અશાંતિનું છે, દુઃખનું છે. જેટલો પુરુષાર્થ જીવનો બહાર જાય છે એટલી અશાંતિ ઊભી થાય, થાય ને થાય જ. અશાંતિ ન થાય એવું બને નહિ. પુરુષાર્થ બહાર જાય અને અશાંતિ ન થાય એવું બને નહિ.

૬૪૫માં 'સોગાનીજી'એ એક બોલ લીધો છે કે જ્ઞાની હોય તો પણ એને તત્ત્વ

સંભળાવવાનો, પ્રવચન કરવાનો ભાવ આવે તેમાં તેને તેટલું નુકસાન છે. ... અને સાંભળનાર જ્ઞાની હોય. પાછું અજ્ઞાની ન લઈએ, આપણે જ્ઞાની લઈએ. એને સાંભળવાનો જેટલો વિકલ્પ રહે તેમાં તેને એટલું નુકસાન છે. આવે છે? બંનેને પોતપોતાની યોગ્યતા અનુસાર જેટલું બહાર પરિણમન જાય એટલું નુકસાન જ છે. એમ લીધું છે.

બહાર જાય.. શું કહે છે? '**પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ.**' એમ કહે છે. બહાર જવાનો નિષેધ છે. ઉપયોગને બહાર જવાનો (નિષેધ છે). કોઈપણ જીવના પરિણામને પરસત્તાને અવલંબવાનો નિષેધ છે. એકાંતે સમ્યક્ એકાંતે એનો નિષેધ છે. સમ્યક્ એકાંત એવું જે નિજ પદ છે એની પ્રાપ્તિ અર્થે ગમે તે અનેક ધર્મની અનેકાંતની વાતો છે તે આ એક જ માટે છે. તે હેતુને બાદ રાખીને એક વાત પણ સમજવા જેવી નથી. એટલું બધું વજન છે અનેકાંતના પ્રતિપાદનમાં સમ્યક્ એકાંતનું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- રહસ્ય? રહસ્યમાં એમ છે કે અનેકાંતને નામે જીવ જે સમ્યક્ એકાંત એવું નિજ પદ છે એના જોરને ચૂકી જાય છે. અધ્યાત્મના પ્રકરણને વિષે એમ કહે છે કે અનેકાંત તો વ્યવહારનો જનક છે. જનક એટલે પિતા. વ્યવહારને કોણ ઉત્પન્ન કરે છે? કે અનેકાંત. એક બાજુથી એમ કહેવાય કે જૈનદર્શન અનેકાંતવાદી છે. અને વિદ્વાનો અને પંડિતો અનેકાંત ઉપર એટલું બધું જોર દે, એટલું બધું જોર દે કે જો જો તને એકાંત ન થઈ જાય, હોં! ધ્યાન રાખજે તને એકાંત ન થઈ જાય. તને એકાંત ન થઈ જાય. નહિતર એકાંત થશે તો મરી જઈશ. એમ કરીને અનેકાંતને એટલું બધું... એટલું બધું... એટલું બધું પકડે. ત્યારે અધ્યાત્મનો વિષય એ અનેકાંતના સિદ્ધાંતોથી પર જઈને કેટલીક વાત કરે છે. આ વિષય ચાલ્યો છે નાના નયચક્રમાં, લઘુ નયચક્રમાં ચાલ્યો છે કે અનેકાંત તો વ્યવહારનો ઉત્પાદક છે.

... ધર્મની વાત કરવા જતા એ વાત કરનારને વ્યવહારપથમાં, વ્યવહારમાર્ગમાં આવવું પડે છે. એ વ્યવહારનું ઉત્પાદક છે. જ્યારે સમ્યક્ એકાંત એવું નિજ પદ છે એ નિશ્ચયનું ઉત્પાદક છે. એમાંથી શુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે એના આધારે. એટલે અનેકાંતની અપેક્ષાથી, અનેકાંતના બહાને જીવ ન ભૂલે એટલા માટે એમ કહ્યું 'શ્રીમદ્જી'એ કે 'અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.' જો આ હેતુ છોડીને અનેકાંતની વાત ચાલતી હોય તો તે આત્માને અનેકાંતની વાત પણ ઉપકારી નહિ થઈ પડે, અપકારી થઈ પડશે, નુકસાનકર્તા

થઈ પડશે.

મુમુક્ષુ :- અનેકાંતની ભૂલ ... એકાંતમાં આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનેકાંતનું શ્રવણ, સમ્યક્ એકાંતમાં ન આવે તો તે અનેકાંત અનેકાંતના સ્થાનમાં નથી. ગડબડ છે અંદર મોટી. એમ છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ની જે વાત કરી કે, જ્ઞાનીને પણ સંભળાવવાનો ભાવ અને સાંભળવાનો ભાવ નુકસાનકારક છે તો ....?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ કે એટલું શા માટે બહાર જવું જોઈએ જ્ઞાનીને? એનો પુરુષાર્થ અંદરમાં રહે એ જ એને ઈષ્ટ છે. એટલો પુરુષાર્થ એનો બહાર જાય એ એને લાભનું કારણ નથી. એટલું નુકસાન છે. મોક્ષમાર્ગમાં પણ બહિર્મુખનો અંશ જેટલો પોતાને છોડીને પ્રવર્તે એટલા અંશમાં નુકસાન છે. એટલા અંશે દુઃખ છે. એટલા અંશે અશાંતિ છે. એટલો અંશ કર્મબંધનનું નિમિત્ત થાય છે. એટલો અંશ મોક્ષનું નિમિત્ત થતું નથી. એ ચોખ્ખી વાત છે-સ્પષ્ટ વાત છે.

મુમુક્ષુ :- એક બાધક કારણ છે, એક સાધક કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બાધક-સાધક છે. એમ જ છે. બાધક કારણ છે. બાધક કારણને કેમ અનુમોદે? જ્ઞાની મોક્ષમાર્ગના બાધક અંશનું અનુમોદન કેમ કરે? કે એનું અનુમોદન કરે નહિ, એમ કહેવું છે. જ્ઞાન કરાવે. ક્યા કયા ગુણસ્થાને વિભાવની અને વ્યવહારની મર્યાદા કેટલી હોય એનું જ્ઞાન કરાવે. એ મર્યાદા બહાર ન જાય એટલા માટે. અથવા જાય તો એને તપાસવાની ખબર પડે એટલા માટે. પણ તે કરવાનો ત્યાં આદેશ કે ઉપદેશ હોઈ શકે નહિ એમ સીધી વાત છે.

**'પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ.'** 'ગુરુદેવે' પહેલું વહેલું 'દ્રવ્યષ્ટિ પ્રકાશ' વાંચ્યું ત્યારે એમ કહેતા કે 'ખરી વાત છે કે આ કોઈને સમજાવવું એમાં પુરુષાર્થ એટલો બહાર જાય છે.' પોતે પોતાની મેળે ... છે. એમનો ઉદય પ્રવચન આપવાનો છે. ... જેટલું ... એટલો તે બહાર જાય છે પુરુષાર્થ. બીજાને સમજાવવું એટલો પુરુષાર્થ બહાર જાય છે. વહેંચાય જાય છે. પુરુષાર્થ તો એકાંતે આત્મામાં જ લગાવવા જેવો છે. આ વાત બરાબર છે. જે Tone અને જે ધ્વનિ છે એમનો 'સોગાનીજી'નો એનું બરાબર અનુમોદન કરતા હતા. જો કે બધી ચર્ચાઓ થયેલી છે એટલે.

'પૂજ્ય બહેનશ્રી'નો દાખલો ક્યારેક દેતા. જુઓ! એમને ક્યાં સમજાવવું છે કોઈને? એકલા સાધનામાં પડ્યા છે. પોતાની સાધના જ કર્યા કરે છે. કોઈને સમજાવવું, કરવું એની માથાકૂટમાં ઉતરતા નથી. એમ. એ દાખલો આપતા વ્યક્તિગત ચર્ચામાં. ચર્ચા કરવા જઈએ કોઈવાર તો આ બધી વ્યક્તિગત ચર્ચાઓ ચાલતી. જ્ઞાનીઓની

દશાની પણ ચર્ચા ચાલતી. એ રીતે વાતો કરતા. એ તો પોતે નિમિત્ત પડ્યા છે. 'બહેનશ્રી'ને પણ પોતે નિમિત્ત પડ્યા છે. 'સોગાનીજી'ને પણ પોતે નિમિત્ત (પડ્યા) છે. તો પણ એમ કહે છે કે જુઓ! કેવું સરસ કામ છે! કોઈને સમજાવવું એમાં પુરુષાર્થ બહાર જાય છે, રોકાય છે. પોતે કરે છે, બીજા નથી કરતા માટે હું કરું છું એમ ... એમ આવે ક્યાંય? ... અંદરથી આવ્યું ... એમ નથી.

'ગુરુદેવશ્રી'ને જોવાની મોક્ષમાર્ગની અંદર જે જ્ઞાનીનો દૃષ્ટિકોણ અને વૃત્તિ છે બહુ ચોખ્ખી હોય છે. ચાહે પોતા સંબંધીના ગુણ-દોષ હોય, ચાહે બીજા સંબંધીના ગુણ-દોષ હોય, એમાં કોઈ પક્ષાપક્ષીનો પ્રશ્ન હોતો નથી. શુદ્ધ દૃષ્ટિ છે ને? દૃષ્ટિ શુદ્ધ થઈ ગઈ છે. સમ્યગ્દર્શનનો મુખ્ય વિષય એ છે કે જેને એક પરિપૂર્ણ પોતાનું શુદ્ધ સ્વરૂપ ઉપાદેય છે અને સર્વથાપણે એ જ્યાં ઉપાદેય થયું દૃષ્ટિમાં ત્યાં જ્ઞાન એવું ચોખ્ખું થઈને ચાલે, ભલે અલ્પજ્ઞ દશા છે તો પણ એવું ચોખ્ખું થઈને પ્રવર્તે કે ગુણ-દોષમાં ક્યાંય ભૂલ કરે નહિ. એવું ચોખ્ખું થઈ જાય.

કહે છે કે '**પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ.**' પુરુષાર્થ બહાર જાય છે (એમાં) નુકસાન થાય છે. ક્યાં સુધી તું નુકસાનને સહન કરીશ? ક્યાં સુધી તું નુકસાનને બરદાશ કરીશ? આ સવાલ છે. જીવનો એવો સ્વભાવ છે કે નુકસાન જોવે તો નુકસાનને ચલાવે નહિ. ઘણું નુકસાન થતું... ઘીનો ડબ્બો ભર્યો હોય કે ગમે તે વાસણ ભર્યું હોય પીત્તળનું, સ્ટીલનું, પણ Leakage હોય, ઘી ઢોળાતું દેખાય તો ભલે ઢોળાતું એમ કોઈ ચાલવા દેતું નથી. માટલું ફૂટ્યું હોય તો પાણી પણ ઢોળાવા દેતા નથી, ઘી તો શેના ઢોળાવા દે? એ તો પ્રશ્ન જ રહેતો નથી. નુકસાન કોઈ બરદાશ કરવા તૈયાર નથી. નુકસાન કોઈ છોડી દેવા તૈયાર નથી. નાનામાં નાનું નુકસાન કોઈ સહન કરવા તૈયાર નથી. આ જીવનો અભિપ્રાય છે હંમેશનો કે કોઈને લાભ-નુકસાનનો જ્યાં સવાલ હોય ત્યાં થોડું પણ નુકસાન પસંદ નથી, સંમત નથી. કેમ કે એનો અભિપ્રાય જરા પણ નુકસાન ન થાય અને લાભ બને એટલો વધારે થવો એ જીવનો અભિપ્રાય છે.

'**પુરુષાર્થ બહાર જાય છે...**' એ તો જ્ઞાન જેનું જાગૃત હોય એને ખ્યાલ આવે છે કે આ પુરુષાર્થ બહાર જાય છે. એ નુકસાન બંધ કરવાના પ્રયત્નવાન છે. મોક્ષમાર્ગી જીવ, જ્ઞાનીપુરુષ પોતાનો પુરુષાર્થ બહાર જાય છે અને એ જાણે છે. જાણે છે અને એને નિષેધે છે. ત્યાંથી એ હટે છે, ખસવાના પ્રયત્નવાન છે અને ખસતા જાય છે. ખસતા ખસતા એ સંપૂર્ણપણે ખસી જાય છે એ દશા એમની આવ્યા વગર રહેતી નથી.

**'આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.'** એ કાર્ય છે. ગુણનું કાર્ય છે, સ્વરૂપ રચના કરવી એ વીર્યગુણનું કાર્ય છે. એટલે આત્માના જે સહજ સ્વભાવો છે તે સહજ સ્વભાવો વ્યક્ત થવા, બધી શક્તિઓની શક્તિ સ્વરૂપે જ વ્યક્ત થવી એમાં નિમિત્તકારણ જીવનો વીર્યગુણ છે-પુરુષાર્થગુણ છે. જેટલો પુરુષાર્થ એટલું કાર્ય. જેટલો પુરુષાર્થ ઉગ્ર એટલી કાર્યસિદ્ધિ વહેલી. જેટલો પુરુષાર્થ મંદ એટલી કાર્યસિદ્ધિને વાર. પુરુષાર્થના પ્રમાણમાં કાર્યની સિદ્ધિ. પુરુષાર્થ ઓછો હોય, કાર્યસિદ્ધિ વધારે થાય એમ ક્યાંય બનતું નથી. ક્યાંય નથી બનતું.

એટલે **'આત્માના જે સહજ સ્વભાવો છે...'** અનંત સ્વભાવો છે, અનંત ગુણો છે. સ્વભાવો એટલે અહીંયાં ગુણો લેવા. તે પુરુષાર્થ કરતાં, પુરુષાર્થ થતાં **'તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.'** એક એક ગુણને પ્રગટ કરવા માટે કોઈ જુદી પ્રક્રિયા નથી. જેટલા જોરથી પુરુષાર્થ અંદર વળે, જેટલા જોરથી પોતાનો આધાર લેવાય, જેટલા જોરથી વિભાવ બાજુથી હટાય એટલા જોરથી અંતર્મુખ જવાય, ઊંડે ઉતરાય, સ્વસન્મુખ થવાય. બસ! સ્વયં જ સર્વ ગુણો પ્રગટ થશે. આગળ એક દૃષ્ટાંત ગયું જેમ સહસ્ત્રદળ કમળ, સહસ્ત્ર પાંખડીવાળું જેમ હજાર પાંખડીનું કમળ છે એ ખીલતા હજારે પાંખડી સાથે ખીલે છે. ખીલતી જાય છે. એમ જીવનો અંતરમાં પુરુષાર્થ થતો એ રીતે અનંત ગુણ ખીલવા લાગે છે. અનંત ગુણનો વિકાસ ચાલુ થઈ જાય છે અને અનંત ગુણ છે એ પ્રગટી ઊઠે છે. (અહીં સુધી રાખીએ)....

## તા. ૨૨-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૪૪, ૩૪૫
## પ્રવચન નં. ૨૬૧

**જ્યાં સુધી સામાન્ય તત્ત્વ-ધ્રુવ તત્ત્વ-ખ્યાલમાં ન આવે, ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સુઝે અને ક્યાંથી પ્રગટે ? માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ-દ્રવ્યસામાન્યનો જ-ધ્રુવ તત્ત્વનો જ હોય છે. જ્ઞાયકનું-'ધ્રુવ'નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી-ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. જોકે સાથે વર્તતું જ્ઞાન બધાંનો વિવેક કરે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.**

**પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુસ્થિતિ પણ આમ જ છે. ૩૪૪.**

પુરુષાર્થનો ... સાધકજીવને ધર્મ .... હોય છે એ વાત કરી. હવે દૃષ્ટિની-શ્રદ્ધાની વાત કરે છે કે '**દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી.**' દૃષ્ટિનો ... ભાવ એટલું જ પોતાનું સ્વરૂપ છે એમ દદૃષ્ટિ સ્વીકારે છે. પ્રમાણના વચનમાં સામાન્ય અને વિશેષ બંનેનો સમાવેશ થાય છે. પ્રમાણમાં એ બંને થઈને એક પદાર્થ છે, એક સત્તાધારી પદાર્થ છે એમ સ્વીકારે છે. પણ દૃષ્ટિ એમ સ્વીકારતી નથી. પ્રમાણથી દૃષ્ટિનો વિષય અહીંયાં જુદો પડે છે. પ્રમાણમાં રહેલો જે નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી પરમાત્મા તે નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી અને દૃષ્ટિનો વિષય બંને એક છે. અને એ બંને એક હોવાથી એ જ્ઞાનને પ્રમાણ એમ કહેવામાં આવે છે.

અહીંયાં તો પ્રમાણનો વિષય નથી. સમજવા માટે એટલી વાત લેવાની છે. અહીં તો દૃષ્ટિનો વિષય દર્શાવવો છે કે દૃષ્ટિ તો ધ્રુવ જ્ઞાયક સિવાય કોઈને પોતા સ્વરૂપે સ્વીકારતી નથી અથવા ધ્રુવ અંગને, અસ્થિર અંગને, અનિત્ય અંગને પણ એ પોતા સ્વરૂપે સ્વીકારતી નથી. અથવા એટલા ઉત્પાદ-વ્યય ... દ્વારા ... દૃષ્ટિ પોતાના વિષયમાં સમાવિષ્ટ કરતી નથી. એનો સમાવેશ નથી એમાં. ધ્રુવ તત્ત્વને પોતાના સ્વરૂપને સમાપ્ત કરે છે. પોતાના સ્વરૂપપણે એ ધ્રુવ તત્ત્વને જ સ્વીકારે છે, ત્યાં એ વિષય સમાપ્ત

થાય છે. ત્યાંથી આગળ ચાલીને એક સમયની પર્યાયને પણ નહિ.

અહીંયાં બે ભાગ લીધા છે. પહેલું .. એ લીધું છે કે '**દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી-ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી.**' ગણનામાં લેવું કે બીજું પણ થોડુંક મહત્ત્વ પર્યાય અંગને અને તે પણ શુદ્ધ પર્યાયને કાંઈ ગણવું કે નહિ? દૃષ્ટિને ગણવાનું નથી રહેતું. દૃષ્ટિ ગણતી નથી, ગણકારતી નથી. એ ધ્રુવની સાથે, પોતાના પરમેશ્વર સાથે રહે છે અને એ સિવાય પછી કોઈની સામે જોવાનો એને પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈની સામે (નહિ). સમ્યગ્દર્શનની પર્યાય સમ્યગ્દર્શનને પોતાને ગણકારતી નથી, સ્વીકારતી નથી, વિષય કરતી નથી. એ પોતે જ વિષયી છે-વિષય કરનાર છે એટલે એનો વિષય પોતે ને પોતે હોવાનો પ્રશ્ન રહેતો નથી. એ જ સમ્યક્ છે. એ જ દૃષ્ટિ સમ્યક્ છે, એ સિવાયની દૃષ્ટિ સમ્યક્ નથી. એક સમયની પર્યાય ઉપરની દૃષ્ટિ તો મિથ્યાદૃષ્ટિ છે. પણ પ્રમાણના વિષયભૂત પદાર્થ ઉપર દૃષ્ટિ જાય તો પણ દૃષ્ટિ સમ્યક્ નથી. સમ્યક્ નથી એમ કહો કે મિથ્યા છે એમ કહો, બંને એક વાત છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિનું ... પરિણમન એ કઈ રીતનું છે?

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદૃષ્ટિનું દૃષ્ટિનું પરિણમન પોતાની એક સમયની પર્યાય ઉપર છે. એ ..... માત્ર પર્યાયને જ, પર્યાય જેટલો જ પોતાને પોતા સ્વરૂપે અવધારણ કરે છે, શ્રદ્ધામાં ધારણ કરે છે, અવધારણ કરે છે. આ પર્યાય...પણું છે. અને તમામ પ્રકારના વિભાવની ઉત્પત્તિનું આ મૂળ કારણ છે. જન્મ-મરણનું પણ આ મૂળ કારણ છે. પછી પર્યાયનું કર્તાપણું થઈ જાય છે, પછી પર્યાયની સાથે અભેદતા સધાય છે તેથી પર્યાય ઉપર વજન રહે છે. પછી એને એ પર્યાય ... દે છે. અને એ બધા પર્યાયના એકત્વના બધા કારણો ત્યાં ઊભા થઈ જાય છે. એકેય કારણ બાકી રહેતું નથી. બધા કારણ ઊભા થઈ જાય છે. એ મિથ્યાદૃષ્ટિપણું છે.

મુમુક્ષુ :- અને સીધી દૃષ્ટિ થાય એટલે બધા સીધા કારણો..

પૂજ્ય ભાઈશ્રી :- પછી એકેય કારણ ઊલટું રહેતું નથી. દૃષ્ટિ સીધી થાય એટલે એકેય ઊલટું કારણ રહેતું નથી. શ્રદ્ધાનો વિપર્યાસ ગયો. ગયો તે પૂરેપૂરો ગયો.

મુમુક્ષુ :- ... આવે છે કે દ્રવ્ય પર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... નય ચક્ષુ છે ને? દ્રવ્ય પર્યાયનું ... તે આત્મા સહિતનું નથી લીધું પણ આત્મા પદાર્થ છે એમ લીધું છે. ... ખ્યાલ હતો. ચર્ચાઓ તો

બહુ થઈ છે ને આ બધી. બહુ ચર્ચાઓ ચાલેલી છે. દ્રવ્ય-પર્યાયનું ... તે આત્મા છે એમ નથી કહ્યું પણ આત્મપદાર્થ છે. ..... આત્મા નામનો પદાર્થ એને કહેવામાં આવે છે. આખો પદાર્થ લેવો છે. એ પદાર્થનું પરિજ્ઞાન કરાવે છે. પદાર્થનું જ્ઞાન કરવું એક વાત છે અને પદાર્થના મૂળ સ્વભાવનો આધાર લેવો એ જુદી વાત છે. બે જુદી જુદી વાત છે. જ્ઞાન કરવું આખા પદાર્થનું પછી આધાર લેવા માટે આધાર લેવા યોગ્ય હોય એટલો જ આધાર લેવો. જેનો આધાર લેવા યોગ્ય નથી એવા ... આધાર લેવાના ... શુદ્ધિકરણમાં ભેળવી શકાય નહિ, મેળવી શકાય નહિ. કેમ કે જે ... અનિત્ય છે એનો આધાર લેતાં સ્થિરતા ક્યાંથી આવશે? ચંચળતા ક્યાંથી મટશે? આખા પદાર્થનું એક અસ્થિર અંગ છે. સમયે સમયે ઉત્પાદ-વ્યય થાય છે. એક Secondના અસંખ્ય ભાગમાં પલટો મારે છે.

પર્યાય અપેક્ષાએ એમ કહેવાય દ્રવ્યનું કહેવું હોય તો કે આખું દ્રવ્ય પલટો મારે છે એમ કહેવાય. એવા પદાર્થ ઉપર કેવી રીતે સ્થિર થવાય? તો જ્યાં નિત્ય અને અનિત્ય બે વિરુદ્ધ સ્વભાવ એક પદાર્થમાં છે તો નિત્ય અંગને મુખ્ય કર, અનિત્ય અંગને ગૌણ કર. મુખ્યપણું જ્ઞાનમાં થાય છે. ક્યારે એવું મુખ્ય-ગૌણપણું જ્ઞાનમાં થાય છે ? કે દૃષ્ટિ નિત્યઅંગને સ્વસ્વરૂપે સ્વીકારે છે ત્યારે. જો દૃષ્ટિ જ્યાં સુધી એને સ્વીકારે નહિ, સ્થિર પદને, ત્યાં સુધી જ્ઞાનમાં એની મુખ્યતા ન આવે. કરવું હોય તો પણ થાય નહિ. એમ છે. જ્યાં ... મુખ્યતા કરે ત્યાં દૃષ્ટિ પલટો મારી જાય. દૃષ્ટિ .... અને ત્યારે મુખ્યતા રહે ત્યારે દૃષ્ટિ રહે, ત્યારે પર્યાયનું ... થઈ જાય.

મુમુક્ષુ :- ૩૨૦ માં જ છે ને? દૃષ્ટિના વિષયભૂત આત્મા ...

પૂજ્ય ભાઈશ્રી :- ... હું ધ્યેયરૂપ છું અને ધ્યાનરૂપ નથી. કેમ કે ... વિનશ્વર છે. ધ્યાન વિનશ્વર છે. ધ્યાન વિનશ્વર છે એમ ત્યાં કેમ કહ્યું? ધ્યાન છે એ તો ઉપાસનાની, સાધનાની, આરાધનાની અવસ્થા છે. તો એ નશ્વર છે? અને જે વિનશ્વર છે એની અમે કિંમત આંકતા નથી. વિનશ્વર છે એનો કેમ લેવો? નાશવંતનો આધાર કેમ લેવો? એ સવાલ છે. એ આધાર લેવા જઈએ તો પણ લઈ શકાતો નથી. વસ્તુસ્થિતિ એવી છે, કોઈ અમ કહે કે અમારે તો આધાર લેવો છે, તો કહે છે, લેવા જઈશ ત્યાં એ ટકશે નહિ.

જેનો આધાર લેવા જતાં એનું અધિકરણ રહેતું નથી, નાશ પામી જાય છે એનો આધાર કેવી રીતે લેશો? એટલે એ લઈ શકાતો નથી. વસ્તુ વ્યવસ્થામાં એમ બની શકતું નથી. તો એમ બની શકતું નથી છતાં એમ બનાવવું એનું નામ મિથ્યાબુદ્ધિ.

મિથ્યા એટલે શું? કે જે થઈ શકતું નથી, અશક્યને શક્ય કરવું એનું નામ મિથ્યાબુદ્ધિ. જેમ જડનું ચેતન કરવું અશક્ય છે અને ચેતનને જડ બનાવવું તે અશક્ય છે. છતાં કોઈ કરવા જાય છે. મિથ્યાદૃષ્ટિ ... નથી. શરીરને ચેતનપણું કરવા જાય છે તો શરીર ચેતન થતું નથી. ચેતન .. પોતાનું સ્વરૂપ બનાવીને રાખવા માંગે છે તો રહેતું નથી. જાળવવા માગે છે તો જળવાતું નથી. આત્મા અચેતન વિષયોમાં .. કરવા જાય છે તોપણ અચેતન થઈ શકતો નથી. અભેદ થવા જાય છે, પ્રયત્ન કરે છે અભેદ થવાનો પણ થતો નથી. એ જેમ અશક્ય છે, એમ પર્યાયનો આધાર લેવો તે અશક્ય છે. આ તો વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે.

**'દૃષ્ટિ ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી.'**

મુમુક્ષુ :- સ્વીકારતી નથી અને ગણકારતી નથી, બે...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વીકારતી પણ નથી અને ગણકારતી પણ નથી. જેમ કોઈ માણસ સ્વચ્છંદી હોય અને આ કોઈને ગણતો નથી. પોતાનું જ ધાર્યું જ કરે છે. પોતાને જે ઠીક લાગે તે જ કરે છે. એમ દૃષ્ટિ પણ સ્વચ્છંદી છે. સ્વચ્છંદ અવગુણમાં પણ એનો શબ્દપ્રયોગ થાય છે અને ગુણ અપેક્ષાએ પણ એનો શબ્દપ્રયોગ થાય છે. સ્વચ્છંદ. છંદ એટલે પ્રવર્તવું. સ્વમાં પ્રવર્તવું તે સ્વચ્છંદ છે. આ એનો ગુણવાચક અર્થ છે. સ્વમાં પ્રવર્તવું તે સ્વચ્છંદ છે.

મુમુક્ષુ :- આપણે સ્વાર્થી કહીએ ને સ્વ અર્થી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વાર્થીના જેમ બે અર્થ થાય છે. સ્વાર્થી એટલે અવગુણ. રૂઢિવાચક અર્થ અવગુણનો છે. સ્વચ્છંદનો પણ રૂઢિવાચક અર્થ અવગુણનો છે. પણ વ્યુત્પત્તિ અર્થ એનો ગુણમાં છે. સ્વ-અર્થી. નિજ પ્રયોજન એ જ જેનું પ્રયોજન છે તે સ્વ અર્થી-સ્વાર્થી છે. એવી રીતે સ્વમાં ચરવું, સ્વમાં રમવું, સ્વમાં રહેવું એ સ્વચ્છંદ છે. એ રીતે બંને ગુણવાચક છે.

**'દૃષ્ટિ ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ,...'** અશુદ્ધ પર્યાયને ગણકારે એ તો પ્રશ્ન નથી પણ શુદ્ધ પર્યાયને ગણકારે કે ન ગણકારે એ પ્રશ્ન થાય છે. તો કહે છે નહિ. એ શુદ્ધ પર્યાયમાં અરિહંત દશા, સિદ્ધદ શા, તમામ પ્રકારની સાધક દશા, બધા ગુણોની અલ્પ વિકસિત અથવા પૂર્ણ વિકસિત દશા કોઈપણ ગુણની એ બધું આવી જાય છે. એને પણ ગણકારતી નથી, સ્વીકારતી નથી. ... નહિ. પારિણામિકભાવમાં રહેલા દ્રવ્યત્વભાવે રહેલું જે તત્ત્વ છે એને માત્ર દ્રવ્યત્વભાવે જ સ્વીકારે છે. એના ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જાણે છે કે આ દ્રવ્ય સ્વભાવમાં અનંત ગુણો છે. એ અનંત ગુણોને જાણવાનું કાર્ય, એનું ..., એની Duty જ્ઞાનની છે. કેમ કે ભેદ પાડીને વિષય કરે એ દૃષ્ટિને આવડતું જ નથી. દૃષ્ટિનું એવું પરિણમન થઈ શકતું નથી. ભેદ પાડીને કાર્ય કરવાનું. અનંત ગુણોનો ભેદ પાડવો એ દૃષ્ટિનું કાર્ય નથી. એટલે ગુણભેદને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી, ગુણભેદને દૃષ્ટિ ગણકારતી નથી એમ લઈ લેવું.

**'જો કે સાથે વર્તતું જ્ઞાન બધાનો વિવેક કરે છે, તો પણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.'** જો કે કહીને એમ કહેવું છે કે એ વાતને કહેનારને ખ્યાલ છે કે જ્ઞાન બધો વિવેક કરે છે. બધાનો વિવેક કરે છે એટલે ત્રિકાળી ધ્રુવ સામાન્ય પરમાત્મતત્ત્વ પરમોત્કૃષ્ટ ઉપાદેયપણે છે અથવા પરમ સ્વભાવે છે. સર્વોત્કૃષ્ટ ઉપાદેયપણે છે એવો વિવેક જ્ઞાન પણ કરે છે. પછી પર્યાય અપેક્ષાએ જ્યાં પર્યાયનો વિષય આવે ત્યારે અશુદ્ધ પર્યાય ઉપાદેય નથી પણ શુદ્ધ પર્યાય ઉપાદેય છે એમ જ્ઞાન વિવેક કરે છે. કેમ કે એનો વિષય બધાને જાણવાનો છે. જેને જેને જાણે એનો વિવેક કરે. પર્યાયને જાણે તો પર્યાયમાં અશુદ્ધત્ત્વ અને પર્યાયમાં શુદ્ધત્ત્વ બંને છે. તો શુદ્ધત્ત્વ છે એ ઉપાદેય છે અને અશુદ્ધત્ત્વ એ ઉપાદેય નથી. પછી ત્યાંથી નિમિત્તમાં જાય કે નિમિત્તમાં સુદેવ અને કુદેવ, સાચા નિમિત્ત અને ખોટા નિમિત્ત બે પ્રકારના છે. એમાં પણ જ્ઞાન વિવેક કરે છે ક કોઈ ખોટા નિમિત્ત ઉપાદેય નથી અને સાચા નિમિત્ત ઉપાદેય છે. એમ જ્ઞાન વિવેક કરે છે.

મુમુક્ષુ :- સત્પુરુષ અને અસત્પુરુષ.

પૂજ્ય ભાઈશ્રી :- સત્પુરુષ એ પણ નિમિત્ત જ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ એ પૂજ્ય છે, તે આરાધવા યોગ્ય છે અને કુદેવાદિના સત્પુરુષ આરાધવા યોગ્ય નથી. એમ જ્ઞાન વિવેક કરે છે. જ્ઞાન શુભ અને અશુભનો વિવેક કરે છે. શુભમાં પણ કયુ શુભ નીચેના સ્તરનું છે? કયુ શુભ ઊંચી કોટીનું-ઊંચી કક્ષાનું છે એમ જ્ઞાન વિવેક કરે છે. અશુભમાં પણ જ્ઞાન વિવેક કરે છે કે આ અશુભ છે તેનાથી આ અશુભ વધારે છે. જેમ કે લીલોતરીમાં હિંસા થાય છે. તો કંદમૂળમાં એથી વધારે હિંસા થાય છે. દારૂ માંસમાં એથી વધારે હિંસા થાય છે. એ બધો વિવેક જ્ઞાન કરે છે. જ્ઞાનનો વિષય બધું જ છે અને બધી જ જગ્યાએ જ્ઞાન વિવેક કરે છે. જો દૃષ્ટિ સમ્યક્ થઈ હોય તો જ્ઞાન સાચો વિવેક કરે છે. જો દૃષ્ટિ સમ્યક્ ન થઈ હોય તો જ્ઞાન સાચો વિવેક કરી શકતી નથી. ક્યાંક ઠીક વિવેક કરે તો ક્યાંક ગોથું ખાય છે અને એ બધી ગડબડ જ્ઞાનમાં ઊભી રહી છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ .... અને જ્યાં સમ્યગ્દર્શન ... એવા જે મુમુક્ષુઓ છે અથવા તો જેને મિથ્યાત્વ સમેત...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કાલે એક વિષય લીધો હતો કે જેણે હજી ધ્રુવ પદાર્થ ઓળખ્યો નથી એને પોતાનું સ્વરૂપની શુદ્ધિનું .. જ્ઞાન હોય તો એ મુમુક્ષુજીવ એને આગળ વધવાની ચાલમાં ક્યાંય ભૂલ ખાય નહિ. કેમ કે પોતાનું જે ધ્યેય અને ભાવના છે એને પ્રતિકૂળ કોઈપણ પ્રકાર આવે ત્યારે એને તરત જાગૃતિમાં ખબર પડે છે કે આ ન હો, એનો નકાર એને આવી જાય છે. એને એ સંમત કરતો નથી.

મુમુક્ષુ :- પૂર્ણતાને લક્ષે શરૂઆત.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ વાસ્તવિક શરૂઆત છે.

મુમુક્ષુ :- બહુ સરસ વિષય આવ્યો. પાયાનો.

પૂજ્ય ભાઈશ્રી :- પાયાનો વિષય છે. એમાં ફેર પડ્યો એટલે આગળ ફેર પડવાનો, પડવાનો ને પડવાનો જ. ફેર પડ્યા વગર રહેશે નહિ. આ બધું ઘણું સાંભળ્યા પછી પણ ફેર પડી જાય છે એનું શું કારણ? ભૂલ થઈ જાય છે મુમુક્ષુજીવને એનું શું કારણ? કે એણે મૂળમાં પાયો સાચો બાંધ્યો નથી. એને જે શરૂઆતમાં ધ્યેય બાંધવું જોઈએ એ ધ્યેય એનું બંધાણું નથી. એ ક્યાંક ને ક્યાંક ભૂલ કરશે.

'**જો કે સાથે વર્તતું...**' સાથે એટલે દૃષ્ટિની સાથે. સમ્યગ્દૃષ્ટિની સાથે વર્તતું જ્ઞાન, સાથે ઉત્પન્ન થતું જ્ઞાન સ્વ અને પર બધાને જાણતું હોવાને લીધે સ્વપરપ્રકાશક કહ્યું છે ત્યાં બધો વિવેક કરે છે. અને એ ...માં આ મુદ્દો સ્પષ્ટ છે કે પોતાના નિજ પરમાત્માની અપેક્ષાએ એથી આગળ વિશેષે કરીને બીજું કોઈ ઉપાદેય નથી. એ વાતને રાખીને, આ શરત સહિત, Subject to condition. પછી બધા હેય-ઉપાદેયના ભાંગા છે. જે એની ... છે અને એની નીચેની કોટીના વિષયમાં બને છે હેય-ઉપાદેયપણું. આ વાતને ક્યાંય છોડીને પણ નહિ, આ વાતને ક્યાંય તોડીને પણ નહિ. આ વાતને રાખીને. સમ્યગ્જ્ઞાન પોતાના સ્વરૂપનું, મૂળ સ્વરૂપનું મૂળ ઉપાદેયપણાનો અભિપ્રાય રાખીને પછી બાકીના વિષયમાં હેય-ઉપાદેયનો વિવેક કરે છે. કેમ કે ત્યાં ઊંચી ઊંચી કોટીના અનેક વિષયો છે. જે ઊંચુ છે તેને ઊંચું જાણે છે. નીચું છે તેને નીચું જાણે છે. .. એ વિષય એથી થોડો ઘણાને સમજવો કઠણ પડી જાય છે.

જેમ કે અલિંગગ્રહણ. ૧૭૨ ગાથાનો ૨૦મો બોલ છે. એમાં એમ લીધું કે દ્રવ્યને નહિ આલિંગિત એવી જે શુદ્ધ પર્યાય તે આત્મા છે. એને અહીંયાં અમે અલિંગગ્રહણના નામથી કહીએ છીએ. નહિ આલિંગિત. અલિંગ-નહિ આલિંગિત ... શુદ્ધ પર્યાયને આત્મા કહ્યો. અને તે પણ કેવી શુદ્ધ પર્યાય? કે દ્રવ્યથી નહિ આલિંગિત એવી

શુદ્ધ પર્યાય એને અમે આત્મા કહીએ છીએ. તો આ દૃષ્ટિનો વિષય નથી. આ જ્ઞાનનો વિષય છે. અને જ્ઞાનના વિષયમાં દૃષ્ટિનો વિષય છોડીને તોડીને (કહે છે)? ના, એમ તો નથી. એ તો .. રાખવાની વાત છે. ભલે એને એમ કહેવા પાછળ શું હેતુ છે? શું પ્રયોજન છે? કે કેટલાક જીવો દૃષ્ટિના વિષયને એવી રીતે મુખ્ય કરે છે કે જે દૃષ્ટિનો વિષય મુખ્ય થતાં એને શુદ્ધ પર્યાય અને આનંદ આવવો જોઈએ. આનંદનું વેદન આવવું જોઈએ એવું નથી હોતું અને એમ ને એમ ખોટે ખોટું દીધે રાખે છે. જેને નિશ્ચયાભાસ કરવામાં આવે છે. તો એ આભાસ નથી અને પરિણમન બરાબર સમ્યક છે, યોગ્ય છે, યથાર્થ છે એનું કોઈ લક્ષણ ખરું? હા. જ્યારે દૃષ્ટિનો વિષયભૂત અનંતનો આનંદનો પિંડ આત્મા દૃષ્ટિગોચર થાય છે ત્યારે એની અવસ્થામાં આનંદ ઊપજે, ઊપજે અને ઊપજે. સમ્યગ્દર્શનની સાથે નિર્વિકાર-નિરાકુળ આત્મિક આનંદની ઉત્પત્તિ થાય, થાય ને થાય જ. આ એનો નિયમ છે. એવું નથી થતું અને એમ ને એમ દૃષ્ટિના વિષયમાં અમે મસ્ત છીએ, પર્યાયની સામે અમે જોતા નથી, પર્યાયનું જેમ થાવું હોય તેમ થાવ. એને ... એમ કરીને કોઈ અનુચિતપણે વર્તે છે. દૃષ્ટિનો વિષય પણ એને ખરેખર દૃષ્ટિમાં આવ્યો નથી હોતો અને આભાસમાં પડી જાય છે. તો એનું ત્યાં એક લક્ષણ બતાવ્યું કે આ વાત ખ્યાલમાં છે ને?

જો ભાઈ! પર્યાય છે એ કોઈ દ્રવ્યનું અસ્તિત્વ નથી, આલિંગતી પણ નથી. કેમ કે પર્યાય, પર્યાયપણે રહે છે, દ્રવ્ય-દ્રવ્યપણે રહે છે. ન તો પર્યાય દ્રવ્યમાં આવે છે કે ન તો પર્યાયમાં દ્રવ્ય આવે છે. આ વસ્તુ વ્યવસ્થા સામાન્ય વિશેષની છે. અથવા ત્રણે કાળે સામાન્ય દ્રવ્ય સામાન્ય રહે છે, વિશેષ થતું નથી. અને વિશેષ અંગ કદી સામાન્ય ... હોતું નથી. જ્યારે વિશેષપણે એ પ્રગટ હોય છે ત્યારે એ સામાન્યપણે કદી હોતું નથી.

આવી જે વસ્તુ વિજ્ઞાનની વ્યવસ્થા છે એને સમજાવતા કહે છે કે દ્રવ્યને નહિ આલિંગિત એવી શુદ્ધપર્યાય તે કેવી? જે દ્રવ્યમાં અભેદ થઈ, દ્રવ્યમાં તન્મય થઈ, દ્રવ્યને અનુસરી, દ્રવ્યને આશ્રય કર્યો એમ જે બધું કહેવામાં આવે છે એ બધી પર્યાયો પણ પર્યાયરૂપે છે અને દ્રવ્યરૂપે થઈ નથી. દ્રવ્યને સ્પર્શી નથી, દ્રવ્યને આલિંગિત નથી. અને છતાં એમાં આનંદનો ભોગવટો છે એ આનંદનો ભોગવટો તે આત્મા છે. એ આત્મિક ભાવ છે. એ આત્મભાવનું ચિહ્ન છે-લક્ષણ છે. આત્માના આનંદ વિનાનું જે દર્શન અને જ્ઞાન, શ્રદ્ધા અને જ્ઞાન બંને ખોટા છે, સાચા નથી.

એટલે જ્ઞાનની પરિભાષા એ અપેક્ષાએ ઘણીવાર કરવામાં આવે છે. આનંદની અપેક્ષાએ. કે જો જ્ઞાન આનંદને ઉત્પન્ન કરે તે જ્ઞાન સાચું. એ જ્ઞાનની પરિભાષા

આનંદની મુખ્યતાથી થાય છે. જે જ્ઞાન આનંદ અને સુખને ઉત્પન્ન ન કરી શકે તો એ જ્ઞાન શું કામનું? એ જ્ઞાન ખોટું છે. એ પ્રયોજનભૂતમાં સફળ થયું નથી. જ્ઞાને પોતાના પ્રયોજનને સફળ કર્યું નથી. જ્ઞાનનું ફળ વિરતિ એમ લોકો કહે છે. પણ ખરેખર જ્ઞાનનું ફળ આનંદ છે. જ્ઞાનનું ફળ વિરતિ છે એમ નહિ, જ્ઞાનનું ફળ તો આનંદ છે. આ અધ્યાત્મ અપેક્ષાએ વાત છે. ઓલી આગમ અપેક્ષાએ વાત છે. એ વિષય બહુ બહોળો છે.

'**જ્ઞાન બધાંનો વિવેક કરે છે,...**' એ વિષય ઘણો વિશાળ છે. વિશાળ છે, ઊંડો છે. એમ એના ગુણભેદ સમજવામાં ગમે એટલો .... દૃષ્ટિ સમ્યક્ થયા વિના એની નાડ હાથમાં આવતી નથી. સમજી સમજીને ક્યાંક વિવેક કરે તો ક્યાંક અવિવેક કરી બેસશે. જો દૃષ્ટિ સમ્યક્ થાય તો જ્ઞાન આપોઆપ બધાનો વિવેક કરશે. એને જરૂર નથી કે શાસ્ત્રના ગુણભેદ જાણ્યા હોય તે. એ એને જરૂર નથી. જેમ કે એક વિષય થોડોક ભગવાનના ચક્ષુમાં કલર આપણે .. હતો. આ કીકીને એવો કલર ... કરી શકાય. ... શકાય એમ. ક્યાંય પણ રંગ ન અડાડી શકાય. તો એ વાત તરત જ (સ્વીકૃત થઈ જાય). ક્ષયોપશમમાં ભૂલ થઈ હોય પણ સામે આવે એટલે તરત જ એનો ન્યાય થઈ જાય છે કે આ બરાબર કહે છે. પછી કહેનાર સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે એ પ્રશ્ન નથી. એ .. કરે છે. શાસ્ત્રનો આધાર નહિ માગે કે શાસ્ત્રનો આધાર દેખાડો તો અમે આંખ ઉપરથી રંગ કાઢી નાખીએ. તરત જ ન્યાય થઈ જાય. કોઈ એમ કહે કે પ્રતિમા ન સ્થાપો. અરિહંત પ્રતિમા ન સ્થાપો. એમાં આમ છે અને તેમ છે, અમારા શાસ્ત્ર આમ કહે છે. તને શાસ્ત્ર વાંચતા આવડતું નથી. કહી દે એને. શું કહે એને? કે તને શાસ્ત્ર વાંચતા આવડતું નથી. એક વખત કોઈની પંડિતાઈનો સ્વીકાર કર્યો એટલે એની મિથ્યાષ્ટિના બધા નિર્ણયનો સ્વીકાર જ્ઞાની કરે છે એવું માનવા યોગ્ય નથી. પણ જે યોગ્ય હોય તે તરત જ સ્વીકારે છે. એમાં કોઈ હઠ કરવાનો કે એની અંદર પોતાની ભૂલને સ્વીકારતા કોઈ પોતાનું હિણું દેખાવાનો વિકલ્પ જ્ઞાનીને આવતો નથી. તરત જ ફેરવી નાખે છે. કોઈ ક્ષયોપશમ જ્ઞાનની ભૂલ થઈ હોય તો તરત જ એને સુલટું કરી નાખે છે. એમાં ભૂલ થઈ ગઈ એ વાત પ્રસિદ્ધ થાય તો ભલે થાઓ. માન-અપમાનનો વિષય, જગતની દૃષ્ટિએ માન-અપમાનનો વિષય અમને લાગુ પડતો નથી. એમ સત્યને સ્વીકારવા માટે જે પરમ સત્યને વળગ્યા છે, એ બીજા નાના-મોટા સત્યને, ન્યાય-અન્યાયના સત્યને સ્વીકારવા માટે તરત જ, ભૂલ થવાનો સંભવ છે ક્ષયોપશમજ્ઞાનમાં છદ્મસ્થ જીવને, તરત જ ખ્યાલ આવે એટલે ફેરવી નાખે. એમ જ્ઞાન બધાનો વિવેક કરે છે. '**જ્ઞાન બધાંનો વિવેક કરે છે,...**'

એ વિષયને અહીંયાં ગૌણ કરે છે.

... એ શબ્દનો ઉપયોગ થાય છે. તો પણ ભલે '**જ્ઞાન બધાંનો વિવેક કરે છે, તો પણ દષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે,...**' આ વાત મુખ્ય છે એમ કહેવું છે. તો પણ કહીને શું કહે છે? કે આ વાત અમારે મુખ્ય છે કે '**દષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે,...**' સર્વસ્વપણે ઉપાદેય તો એક ધ્રુવ જ્ઞાયક જ છે. દષ્ટિનો વિષય એમ કહો કે સર્વસ્વપણે ઉપાદેય છે એમ કહો અથવા જ્ઞાનમાં જેનું સર્વોત્કૃષ્ટપણું છે એમ કહો એ તો એક ધ્રુવ જ્ઞાયક પરમતત્ત્વ જ છે. અને એ દષ્ટિમાંથી કદી છૂટતો નથી.

જ્ઞાન અપેક્ષાએ કોઈ બીજી વાતની મુખ્યતા કરે ત્યારે પણ દષ્ટિનો વિષય દષ્ટિમાં રાખીને કરે છે. દષ્ટિનો વિષય દષ્ટિમાંથી છોડીને કોઈ બીજી વાતની મુખ્યતા નથી. નહિતર કોઈવાર એવું દેખાય કે બીજી વાતની ઘણી મુખ્યતા કરે. જેમ કે સ્થાનકવાસી સંપ્રદાયે મૂર્તિની સ્થાપનાનો નિષેધ કર્યો. મૂર્તિ ભલે પરદ્રવ્ય છે અરિહંતપ્રતિમા પણ એની સ્થાપના એ સાધકદશાનો વિકલ્પ છે અને સાધકદશામાં એ વિકલ્પનો નિષેધ કરવા જતા સાધકદશાનો નિષેધ થતો હોવાને લીધે વ્યવહારમાં પરમાર્થ છુપાયેલો છે એ પરમાર્થ ઊડી જતો હોવાને લીધે એમ કહે, સ્થાપનાનો વિષય છે, છે ને છે. એને ઉડાડી શકાય નહિ. એને ઉડાડતા મોક્ષમાર્ગ ઊડી જાય, એમ કહી દે એને. તો ત્યાં કોઈને એમ લાગે કે પણ સ્વદ્રવ્યની મુખ્યતા કરોને, પરદ્રવ્યની શું કરવા મુખ્યતા કરો છો? ભાઈ! સ્વદ્રવ્યની મુખ્યતામાં આ વાત થઈ રહી છે. સ્વદ્રવ્યની મુખ્યતા છોડીને આ પ્રકાર ઉત્પન્ન થયો નથી. દષ્ટિ ક્યારે પણ પોતાના વિષયને છોડતી નથી અને ત્યારે પણ જ્ઞાન યથાર્થપણે વિવેક કરી શકે છે.

'**પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે.**' આ બધી વાત કરી આટલી દ્રવ્ય-પર્યાયની, જ્ઞાન-દર્શનની એ 'ગુરુદેવ'ને નામે ચડાવે છે. હું કહું છું, મારો આ ઉપદેશ છે એમ કહેતા નથી. '**પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે.**' આ તો 'ગુરુદેવે' કહ્યું એ તમને કહ્યું. 'ગુરુદેવે' કહ્યું અમે સ્વીકાર્યું, અમે સ્વીકાર્યું તેથી તમને કહ્યું. અમારા ઘરમાંથી વાત કાઢીને કહી નથી. આ 'ગુરુદેવ'ની વાત છે અને '**સર્વ શાસ્ત્રો પણ આમ જ કહે છે,...**' શાસ્ત્રોની વાત છે. 'ગુરુદેવ' પણ શાસ્ત્ર અનુસાર કહે છે. અને '**વસ્તુની સ્થિતિ પણ આમ જ છે.**' ત્રણે વાત લીધી. 'ગુરુદેવ'ની સાક્ષી લીધી, શાસ્ત્રોની સાક્ષી લીધી અને વસ્તુનું સ્વરૂપ આ પ્રકારે છે. અન્યથા વસ્તુનું સ્વરૂપ પણ નથી એ પણ સાથે સાથે સિદ્ધાંતિક શૈલી લીધી.

આ એક કુદરતી પ્રકાર છે કે જ્યારે જ્યારે જ્ઞાનીપુરુષ પણ અધ્યાત્મની ઊંચી

વાત કરે છે ત્યારે પોતાના ઉપકારી પુરુષોના ખાતે ચડાવીને કહે છે. એટલો એક બહારમાં એમને વિનય વિવેક થઈ આવે છે. ખ્યાલ છે પોતાને તો કે પોતે આનાથી અજાણ હતા અને શ્રીગુરુએ કહ્યું ત્યારથી આ વાત સમજ્યા છે. એટલે જે કાંઈ સમજ્યા છે એ બધું એમને કારણે સમજ્યા છે, એમને લઈને સમજ્યા છે એ મુખ્યતા કરી જાય છે રાગના વિષયમાં.

'સોગાનીજી'ના પત્રોમાં પણ એ વિષય ઘણો આવ્યો છે. જ્યાં જ્યાં એમણે અધ્યાત્મની વાત કરી છે, તો કહે, 'ગુરુદેવે' આમ કહ્યું છે. એમ સીધું (કહીને) પછી બધાનો સરવાળો ત્યાં નાખે કે આ વાત તો 'ગુરુદેવે' કીધી છે. કેમ કે એ પહેલા હું સમજતો નહોતો, મને ખબર નહોતી આ વાતની. ૩૪૪ થયો.

**મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ.' આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેનદ્રસ્તુતિ ઈત્યાદિ કર્યા કરે છે. એ બધાંનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે. ૩૪૫**

૩૪૫. '**મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ.' આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું.**' શું કહે છે? મોક્ષમાર્ગનું સ્વરૂપ એકદમ સંક્ષેપમાં કહેવામાં આવે તો એટલું છે કે અંદરમાં તારું જે પરમેશ્વરપદ છે, જ્ઞાયકપદ છે એ પરમેશ્વરપદ છે એને સાધ, એનું આરાધન કર, એને વળગ. એ તારું સ્વરૂપ છે એને તેં છોડી દીધું છે એ ઉન્માર્ગ છે અને એને અનુસરવું એ જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ કે ઉપાય નથી. એટલે બહુ સંક્ષેપમાં કહેવામાં આવે તો અંદરમાં પોતાનું જ્ઞાયક અતંઃતત્ત્વ સ્વરૂપ જે ... છે એને સાધવું એટલું જ મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. એને સાધવું એટલે એનો અનુભવ કરવો. જે સ્વસ્વરૂપે છે તેને સ્વસ્વરૂપે અનુભવ કરવો. જે સ્વસ્વરૂપે નથી એનો સ્વસ્વરૂપે અનુભવ કરી રહ્યો છે. તેથી એમ કહેવામાં આવે છે કે એમ ન થાય તે ઉચિત નથી. જે સ્વસ્વરૂપે તારું સ્વરૂપ છે એને જ સ્વસ્વરૂપે અનુભવ કર.

મુમુક્ષુ :- બાર અંગનો સાર આવી ગયો?

પૂજ્ય ભાઈશ્રી :- આ બાર અંગનો સાર સંક્ષેપમાં, ટૂંકામાં કહી દીધો. તું પોતે

સાધ એટલે અનુભૂતિમાં સધાય છે. બાર અંગનો સાર સંક્ષેપમાં કહી દીધો.

'**વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે,...**' એ ...માં છે. આ જ વાતને વિસ્તાર કરવામાં આવે, સ્વરૂપને સાધવાનો વિષય જો વિસ્તારવામાં આવે તો અનંત રહસ્ય નીકળે. થોડું નહિ પણ અનંત રહસ્ય નીકળે. કેટલું નીકળે? અનંત રહસ્ય નીકળે એમાંથી. એ તો હજી મર્યાદિત છે. અનંત રહસ્ય. શ્રુતજ્ઞાનની એ અનંતતા છે, અનંતતા છે. જે શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાન ભાસ્યું છે, જે શ્રુતજ્ઞાને કેવળજ્ઞાનનો પત્તો દીધો છે એ શ્રુતજ્ઞાનમાં અનંત રહસ્ય ભરેલું છે.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાને કેવળજ્ઞાનનો પત્તો લઈ લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- પત્તો કાઢી લીધો છે કે કેવળજ્ઞાન આવું હોય. આનું નામ કેવળજ્ઞાન કહેવાય. એ શ્રુતજ્ઞાનને ખબર છે. તો એ શ્રુતજ્ઞાન અનંતર હસ્ય સંઘરીને બેઠેલું ગંભીર છે. સમ્યક્જ્ઞાનીનું સમ્યક્ શ્રુતજ્ઞાન અનંત રહસ્ય લઈને સંઘરીને બેઠેલું જ્ઞાન છે. સાધારણ વાત નથી.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાની જે ન્યાય કાઢે એ કેવળજ્ઞાની જે ...

પૂજ્ય ભાઈશ્રી :- બાર અંગ ધારીને ન્યાય કાઢે એ શ્રુતજ્ઞાની કાઢે. કેમ કે ભાષામાં તો મર્યાદિત જ આવે ને? તો બાર અંગમાં ભાષા આવી ગઈ. પછી એ ભાષામાં ... નો વિષય રહ્યો એ ભાષામાં આવી ગયો. એટલે ભાષામાં જે કાઢે, એ બાર અંગમાં જેટલું કાઢે એટલું ચોથા ગુણસ્થાનવર્તી શ્રુતજ્ઞાની કાઢે. જીવની દૃષ્ટિ સિદ્ધ સમાન છે અને જેનું જ્ઞાન કેવળજ્ઞાનનો પત્તો લે છે એવું શ્રદ્ધા-જ્ઞાન જોઈને એમનો આદર કરવામાં આવે છે, એમનો નમસ્કાર કરવામાં આવે છે, એમની પૂજા કરવામાં આવે છે.

એક ... એવા આધાર મળે છે, આ દંસણ મૂલો ધમ્મોમાં લીધું છે, 'નિયમસાર'નો ૭૨મો કળશ. મુનિરાજ વંદન કરે છે. અમે સમ્યગ્દૃષ્ટિની સુંદર બુદ્ધિને નમસ્કાર કરીએ છીએ. 'પૂજ્ય બહેનશ્રી' પાસે તો એ પ્રશ્ન (ચાલેલો), મુનિરાજ છે એ નીચેના ગુણસ્થાનવાળાને કેમ વંદન કરે? તો કહ્યું, અહીંયાં દ્રવ્યવંદનનો વિષય નથી. ભાવવંદનનો વિષય છે. એને ભાવવંદન કેમ કરે? કે એ માર્ગમાં આવ્યા છે એ માર્ગનો આદર છે. જે આરાધનામાં આવ્યા છે એ આરાધનાનો એમાં આદર છે. એના પ્રત્યે સન્માન છે. એનો અભિપ્રાય છે કે આ કરવા યોગ્ય છે એ કર્યું છે, કર્તવ્યને એણે કર્યું છે. એટલે પોતાની અનુમોદના પહોંચે છે કે આ કર્તવ્ય છે. વંદન કહો કે અનુમોદના કહો. અનુમોદનાનો ભાવ છે. પણ એ ભાવની વાત એમણે શબ્દમાં મૂકી દીધી છે. કેટલું? ભાવે તો કર્યું પણ દ્રવ્યે આટલું પ્રસિદ્ધ કર્યું. નહિતર દ્રવ્યવંદન નથી કરતા.

પ્રવૃત્તિ નથી કરતા. મુનિ ઉઠીને સમ્યગ્દષ્ટિને વંદન-નમસ્કાર કરવા માટેની પ્રવૃત્તિ ન કરે. તો પણ ભાષા આટલી કરી કે અમે એને નમસ્કાર કરીએ છીએ. એનું કારણ આ છે કે એની દષ્ટિ સિદ્ધ સમાન છે અને એનું જ્ઞાન છે એ અનંત રહસ્યોને લઈને સંઘરીને બેઠેલું જ્ઞાન છે એટલે એને નમસ્કાર કરે છે.

એ બહુ મોટી વાત કરી છે અહીંયાં. આ એક વચનની અંદર ઘણી મોટી વાત કરી છે કે મોક્ષમાર્ગનું... આત્માને સાધવાના વિષયનો જો વિસ્તાર કરવામાં આવે તો એ વિસ્તારમાં અનંત રહસ્ય નીકળે છે. અનંત રહસ્ય એમાં ભરેલું છે. '**કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે.**' વસ્તુમાં રહસ્યમય જે અનંતા ભાવો ભરેલા છે એનું રહસ્ય એને શ્રદ્ધા-જ્ઞાનગોચર થયું છે તો એના જ્ઞાનમાં અનંત રહસ્ય ભરેલું છે. અનંત રહસ્ય એના જ્ઞાનની અંદર આવી ગયું છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં તો .. વધારે છે. .. મર્યાદિત છે. ... ભાવ છે, કહેવા ધારેલા ભાવ છે એમાં અનંતો સમાવેશ છે. અનંત અનંત ભાવભેદથી ભરેલી. માણસ નથી કહેતા? કે તમને એક શબ્દ કીધો. થોડું કહ્યું જાજુ કરીને સમજી લેજો. ઘણું કરીને માની લેજો. એમ ભલે શબ્દ મર્યાદિત છે બાર અંગના, વાણીની ભલે મર્યાદા છે પણ એનો કહેવા ધારેલો ભાવ એની પાછળ અનંત છે. એટલે અનંત ભાવથી ભરેલી એમ કહ્યું. અનંત શબ્દથી નહિ પણ અનંત ભાવથી ભરેલી વાણી છે. '**કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે.**'

'**સર્વાર્થસિદ્ધિના દેવો...**' ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જે બધા. સર્વ દેવો અહંમઈન્દ્રને ક્ષાયિક સમજ્દષ્ટિ છે. દેવલોકમાં આથી ઊંચો દેવલોક કોઈ નથી. દેવલોકની અંદર આથી ઊંચો કોઈ દેવલોક નથી. ઘણું કરીને 'ૠષભદેવ ભગવાન' સર્વાર્થસિદ્ધિમાંથી આવે છે. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી થયા છે. એ બધા ત્યાંથી આવ્યા છે. '**સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ ઈત્યાદિ કર્યા કરે છે.**' તેત્રીસ તેત્રીસ સોગરોપમ! ઘણો લાંબો કાળ છે.

મુમુક્ષુ :- ત્યાં રાત તો છે નહિ. એટલે અવિરત તેત્રીસ સાગર કરે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમ કે બીજી કાંઈ પ્રવૃત્તિ નથી. ઊંઘ આવે, થાક લાગે અને ઊંઘ આવે, ભૂખ લાગે અને જમવા બેસી જાય એવી કોઈ પ્રવૃત્તિ નથી. કુટુંબ-પરિવાર નથી કે એની સાથે સમય વ્યતીત કરવો પડે એવું પણ ત્યાં નથી.

મુમુક્ષુ :- અહીંયાં તો અમે થાકી જઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલા પુણ્ય ઓછા લઈને આવ્યા છે. શરીરની મર્યાદિત

રીતે કામ કરે. પોતાના ભાવ...

મુમુક્ષુ :- શું કરવું આમાં?

પૂજ્ય ભાઈશ્રી :- સંક્ષેપમાં સાધી લેવું. અંદરમાં જ્ઞાયક આત્માને સાધવો એ તો કહી દીધું. આટલી બધી લાંબી વાતની કોઈ જરૂરિયાત નથી. અને સર્વાર્થસિદ્ધિમાં આવે છે એનો અર્થ કે તેઓ મોટા Junction માં થઈને આવે છે. એ કાંઈ ઈચ્છવા યોગ્ય પરિસ્થિતિ નથી. મને પણ સર્વાર્થસિદ્ધિનો ભવ હોય તો સારું. શાસ્ત્રમાં એની પ્રશંસા આવે છે. એ તો નીચેના દેવલોકની અપેક્ષાએ ઊંચા પુણ્યના ફળની વાત છે. પણ અધ્યાત્મમાં એનું મૂલ્ય નથી. સર્વાર્થસિદ્ધિના દેવનું કે કોઈ દેવભવનું, કોઈ ભવનું મૂલ્ય નથી. એ તો બધા ભવ છે એ આખરમાં ભવ છે. એક પ્રકારની સજા છે અને એ સજા ભોગવવાનું એ સ્થાન છે. 'તે તે ભોગ્ય વિશેષના સ્થાનક દ્રવ્ય સ્વભાવ.' એ પ્રકારે ત્યાં એ સજા ભોગવવાની વાત છે. એટલે આ ફલાણી જેલ સારી, આ First class જેલ છે અને આ Third class જેલ છે. જેલમાં જાવું હોય એને એ વાત છે. ન જાવું હોય એને શું છે?

એ તેત્રીસ તેત્રીસ સાગરોપમ સુધી ધર્મચર્ચા કરે છે. **'એ બધાનો સંક્ષેપ...'** લ્યો એનો સરવાળો મારી દીધો. **'એ બધાનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.'** તે બધાનો સંક્ષેપ શું છે? કે શુભાશુભ ભાવનો જુદો પડીને એક જ્ઞાયકનો આશ્રય કરવો અને જ્ઞાયકનો આશ્રય કરતા જ્ઞાયકરૂપ, જ્ઞાયકસદશ, જ્ઞાયકમાં લીન એવી એક પરિણતિ ઉત્પન્ન કરવી, એવા પરિણામ ઉત્પન્ન કરવા તે બધાનો સંક્ષેપ છે. આ મોક્ષમાર્ગ છે. બારેબાર અંગનો સાર કહો કે જે અનુભૂતિ છે. એ અનુભૂતિને અહીંયાં વિસ્તાર કરીને એમ કહ્યું કે શુભાશુભથી ભિન્ન અને જ્ઞાયકરૂપ. એ અનુભૂતિ થઈ ગઈ. ઓલી નાસ્તિ અને આ આસ્તિ. એટલો જ બધાનો સંક્ષેપ છે, એ સંક્ષેપમાં બધું આવી જાય છે. બાકી તો અનંત રહસ્ય નીકળે એવી વાત છે. જેટલો વિસ્તાર કરે એટલો થાય.

ન્યાયનો વિષય તો બહુ બહોળો છે. 'ગુરુદેવશ્રી'ને તો ઘણો સ્વાધ્યાય હતો. તો પણ એમ કહેતા હતા કે દિગંબરના આચાર્યના બધા શાસ્ત્રો એમાં જે ન્યાયના શાસ્ત્રો છે એ બધા નથી વાંચ્યા. જો કે એમાં કેટલુંક કારણ તો એ છે કે કેટલાક શાસ્ત્રોનો તો અનુવાદ જ નથી થયો હિન્દીમાં કે ગુજરાતીમાં. સંસ્કૃત, માગધીમાં જ રહ્યા છે. નામેય બધા પ્રમેયકમલ માર્તંડ ને એવા બે-ત્રણ નામો (આવે છે). એમાં ન્યાયનો વિષય બહુ વિસ્તારવાળો છે. અનેક ભેદે ન્યાયનું નિરૂપણ છે. ન્યાયના ગ્રંથ છે. એવા ... જેને કહેવાય. પોતે વાત કરતા કરતા રાત્રિ ચર્ચામાં વાત ચાલતી

હતી કે અહીં તો ટૂંકું પકડીને બેસી ગયા છીએ. મનુષ્ય આયુ થોડું, શક્તિ થોડી. કેમ કે એમાં પણ તબિયત ... આયુષ્ય પણ થોડું. તો કહે એની પ્રયોજનભૂત ટૂંકું પકડીને બેસી ગયા છીએ. આટલો વિસ્તાર કરેલો છતાં એમ કહે છે કે પ્રયોજનભૂત ટૂંકું પકડીને અમે તો બેસી ગયા છીએ. વિસ્તારવાળી ઘણી વાતો સત્‌શાસ્ત્રોની અંદર રહેલી છે પણ એટલું બધું વાંચવાનો સમય નથી. એટલું બધું વાચવામાં ઉપયોગ દેવો એના બદલે પ્રયત્ન કરીને, પુરુષાર્થ કરીને ઉપયોગ અંદર આવે, ખેંચાય એ વિશેષ હિતકારી છે. એ જ સાધના છે. શાસ્ત્રોનું વાંચન અને ન્યાયો આવડે તે કાંઈ સાધનાનું સ્વરૂપ નથી. એ કાંઈ મોક્ષમાર્ગનું સ્વરૂપ નથી. એ તો મોક્ષમાર્ગમાં આવવા માટે કોઈ અવરોધ હોય તો એ અવરોધને કાઢવા માટેના ન્યાયો છે. કોઈની બુદ્ધિ કોઈ રીતે અન્યાયની અંદર પકડાઈ ગયેલી છે અને ત્યાંથી નથી છૂટતી તો એને તે તે પ્રકારનો ન્યાય છે એ ત્યાંથી છૂટવા માટે કામમાં આવે છે. બધાને બધું કામમાં નથી આવતું. શાસ્ત્રની વાત પણ બધી વાતો બધાને કામમાં આવે એવી હોતી નથી. એટલે હંમેશાં શાસ્ત્ર વાંચનારે સ્વલક્ષે પોતાને શું કેટલું ઉપયોગનું છે? એટલું શોધીને અંગીકાર કરવાના પ્રયત્નથી, પ્રયત્નપૂર્વક-પ્રયાસપૂર્વક શાસ્ત્ર અધ્યયન કરવા યોગ્ય છે. પ્રયાસ વિના શાસ્ત્ર અધ્યયન કરવા યોગ્ય નથી. નહિતર જીવનો અભિપ્રાય થઈ જાય કે આ વાંચતા વાંચતા કામ થઈ જશે. આ વાંચતા વાંચતા લાભ થઈ જશે મને. એવો અભિપ્રાય ઉત્પન્ન થયા વગર નહિ રહે. પણ એને એમ ખબર પડે કે આ ... અનુસાર કરવા જેવું છે, આ મારા માટે વાત આવી છે અને એનો હું પ્રયત્ન ચાલી કરી દઉં. એવો અભિપ્રાય પહેલેથી રાખીને એવા લક્ષથી, એવું લક્ષ ઊભું રાખીને જો અધ્યયન કરે તો એ પ્રયાસમાં આવે અને પ્રયાસમાં આવે તો એને શાસ્ત્ર નિમિત્ત થયું એમ કહેવામાં આવે. નહિતર શાસ્ત્રનું નિમિત્તત્વ એને લાગુ પડતું નથી.

શાસ્ત્ર અધ્યયનની પદ્ધતિ આમાં લીધી છે ને? દંસણ મૂલો ધમ્મોમાં પાછળ એક વાત લીધી છે. ટાઈમ નથી. કાલે લેશું. શાસ્ત્ર અધ્યયની સમ્યક્ પદ્ધતિ. આમાં એ વાત થોડી લીધેલી છે. એ તો મારા .. છે ત્રણ પાનાનો. એ વિષય શાસ્ત્ર અધ્યયન કરવાવાળા માટે મહત્ત્વનો છે. કાલે લઈશું...

**નોંધ :- ૨૬૨ નંબરના પ્રવચનમાં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.**

## તા. ૨૫-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૪૫,૩૪૬ પ્રવચન નં. ૨૬૩

પદ્ધતિનો વિષય વિચારમાં રાખ્યો હતો કાલે. એમાં દંસણ મૂલો ધમ્મોમાં પાછળ એ વિષય લીધો છે. '**ઉપલબ્ધ જિનાગમમેં...**' એટલે વર્તમાન જે પ્રાપ્ત શાસ્ત્રો છે એમાં બે પ્રકારનો વિષય સમાવિષ્ટ કર્યો છે. એક વિષય એવો પ્રસિદ્ધ થયો છે કે જે કેવળીગમ્ય છે. જે છદ્મસ્થને સીધે સીધો જ્ઞાનમાં આવી શકે એવો વિષય નથી અને તે માત્ર જાણવાનો વિષય છે. એ સિવાય એનું ખાસ પ્રયોજન નથી. મુખ્ય પ્રયોજન નથી. બીજો વિષય જીવના હિત-અહિતના સંબંધનો છે. અને હિત-અહિત છે એ પ્રયોજનભૂત વિષય છે.

જે કેવળજ્ઞાનગોચર વિષય છે એમાં કરુણાનુયોગનો વિષય લગભગ આવી જાય છે. અસંખ્ય પ્રકારની જે કર્મોની પ્રકૃતિઓ છે એના ભેદ-પ્રભેદો છે, એનો ઉદય, સત્તા, ઉપકર્ષણ, અપકર્ષણ, સંક્રમણ વગેરે પ્રકારો છે એ બધો જાણવાનો વિષય છે. ખાસ જીવને પ્રયોજન નથી એનું. વળી સીધું કોઈપણ સંસારીજીવનું જ્ઞાન એ કર્મને જોઈ શકતું નથી. કેમ કે એટલા સૂક્ષ્મ પર્યાયે પરિણમેલા કર્મ પ્રકૃતિના પુદ્‌ગલો છે કે છદ્મસ્થને ઇન્દ્રિયજ્ઞાનના વિષયમાં એ પકડાતા નથી. પણ એનો જે બીજો વિષય છે, જે ઉપદેશનો વિષય છે એ તો પ્રયોજનભૂત છે અને એમાં જીવનો બુદ્ધિગોચર વિષય છે-બુદ્ધિથી સમજી શકાય એવો વિષય છે કે કયા પરિણામથી મારું હિત થાય? કેવા ભાવ કરવાથી મને નુકસાન થાય આત્માને, અશાંતિ થાય, દુઃખ થાય? કેવા પરિણામથી આત્માને સુખ-શાંતિ થાય? એ પ્રયોજનભૂત વિષય છે.

બધા જ જ્ઞાનીઓનો પ્રયોજનભૂત વિષયમાં સદાય એક જ મત હોય છે. પછી એક હજાર વર્ષ પહેલાંના એ જ્ઞાની હોય, બે હજાર વર્ષ પહેલાંના હોય, અનંત કાળ પહેલાંના હોય, સો વર્ષ પહેલાં થયેલા હોય કે અત્યારે એક કરતાં વધારે અનેક જ્ઞાનીઓ વિદ્યમાન હોય તો પણ બધાનો એક જ સરખો મત હોય છે. પ્રયોજનભૂત

વિષયમાં બે મત નથી હોતા. અપ્રયોજનભૂત વિષયમાં ક્યાંક ક્યાંક બે મત જોવામાં આવે છે. જેમ કે કર્મનું જે વર્ણન આવે છે શાસ્ત્રની અંદર એમાં આચાર્યોના પણ ક્યાંક ક્યાંક જુદા-જુદા મત જોવામાં આવે છે. એનું શું કારણ છે? કે એ વિષય કેવળજ્ઞાન અનુસાર પરંપરાથી ચાલ્યો આવે છે. એમાં કોઈની ધારણા પડ્યો હોય એવું બનાવાનો સંભવ છે. એની સાથે જીવને લાભ-નુકસાનનો સંબંધ નથી.

પ્રયોજનભૂત વિષયમાં સદાય બધા જ્ઞાનીઓનો એક જ મત હોય છે. કારણ કે આત્મદ્રવ્યનો સ્વભાવ બધા જીવોનો એકસરખો છે. આત્મદ્રવ્યનો સ્વભાવ તો બધા જીવોનો એકસરખો છે. એને એના એવા આત્મદ્રવ્યના અવલંબનથી અનુભવ થયેલો, ઉત્પન્ન થયેલું જે જ્ઞાન છે એનો પણ હંમશા એક જ પ્રકાર હોય છે. એની કાર્યપદ્ધતિનો પણ હંમેશા એક જ પ્રકાર હોય છે. તેથી મોક્ષમાર્ગ અને એ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવાની વિધિ ત્રણે કાળે એક જ છે. પરમાર્થના માર્ગમાં કોઈ ફેરફાર નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' તેથી ત્રિકાળવર્તી સર્વે જ્ઞાનીઓનો મત અથવા અભિપ્રાય સદાય એક જ છે. એમ કહેવામાં આવે છે કે ત્રણે કાળના જ્ઞાનીઓનો એક જ મત છે. અજ્ઞાનીઓનો બધાનો જુદો જુદો મત છે. કોઈ એમ કહે છે કે આવી રીતે આત્માનું હિત થાય, કોઈ એમ કહે કે આવી રીતે કલ્યાણ થાય. મોક્ષમાર્ગમાં બે મત હોઈ શકે નહિ.

હવે જે સિદ્ધાંતો છે, જે વસ્તુના સ્વરૂપને દર્શાવનારા સિદ્ધાંતો છે તે પણ સર્વ કાળે એકસરખા હોય છે. એમાં કોઈ ફેરફાર અથવા કાળને લઈને પરિવર્તન થતું નથી. જેમ કોઈ જુવારનો દાણો વાવે તો સર્વ કાળે એમાંથી જુવાર જ પેદા થાય અને ચોખાનો દાણો વાવે તો સર્વ કાળે એમાંથી ચોખાની જ ઉત્પત્તિ થાય. એમાં કાળ અનુસાર કોઈ ફેરફાર ઉત્પન્ન થઈ જાય, ફેરફાર બને એવું બનતું નથી. કાળ અનુસાર ફેરફાર કેટલો થાય? કે સુકાળની અંદર-સારા કાળની અંદર એક દાણો વાવે અને એમાંથી લાખ્ખો દાણાની ઉત્પત્તિ થાય. તો દુકાળની અંદર, દુષમકાળની અંદર એક દાણો વાવે તો એની અંદરથી સો-પચાસ દાણાની ઉત્પત્તિ થાય. એટલો ફેર પડે. પણ જુવારને બદલે ચોખાની ઉત્પત્તિ થાય, જુવારને બદલે બાજરાની ઉત્પત્તિ થાય એવું ક્યાંય બને નહિ. એમ સિદ્ધાંત છે, વસ્તુના સ્વરૂપને જે દર્શાવનારા સિદ્ધાંતો છે એ સર્વ કાળે અપરિવર્તનશીલ છે. એમાં પરિવર્તન આવતું નથી.

સર્વ જ્ઞાનીઓની ત્રણે કાળના જ્ઞાનીઓની સનાતન ભાવના એવી રહી કે સર્વ જીવો સંસારમાં ક્લેશથી સર્વથા મુક્ત થાય. આ બધા જ જ્ઞાનીઓનો એક સનાતન સંપ્રદાય છે. 'શ્રીમદ્જી'એ એને સનાતન સંપ્રદાય કહ્યો છે. કે સર્વ જ્ઞાનીઓને એવો

અભિપ્રાય બીજા જીવો પ્રત્યે વર્તે છે કે બધા જ સંસારીજીવો સંસારના ક્લેશથી સર્વથા મુક્ત થઈ જાય અને અનંત કાળ પોતાના અવ્યાબાધ સમાધિસુખને પ્રાપ્ત થાય. એને ભોગવે. આવી બધા જ જ્ઞાનીઓની ભાવના બીજા જીવો પ્રત્યે હંમેશા રહી છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી', બધા પામો એમ કહે છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વ જ્ઞાનીઓ. તીર્થંકર દ્રવ્ય હતું એટલે વિશેષે કરીને એમને એ ભાવના જોરથી આવે છે. બીજા જીવો કરતાં તીર્થંકરદેવને એ ભાવ જરા વધારે જોર કરે છે. કેમ કે એ પ્રકૃતિ સાથે એમને સંબંધ છે. પણ સર્વ જ્ઞાનીઓની આ ભાવના હોય છે કે જગતના બધા જ જીવો આત્મિકસુખને પામો. સંસારક્લેશ એનો નાશ પામો અને બધાને પરિપૂર્ણ પરમાનંદની પ્રાપ્તિ હો.

આવી પરમ નિઃસ્પૃહ-કોઈપણ અપેક્ષા વિના-સ્પૃહા વિના બીજા જીવો પ્રત્યેની જે કારૂણ્ય વૃત્તિ છે-કરુણાની વૃત્તિ છે, દયાની વૃત્તિ છે એ વૃત્તિથી, એ વૃત્તિપૂર્વક બધા જ્ઞાનીઓએ પોતાના વર્તમાન ઉદય અનુસાર અને વર્તમાન પ્રવર્તતા દેશકાળ અનુસાર પોતાની નજીકમાં આવેલા જીવોને-એમના સમાગમમાં આવેલા જીવોને જે-તે જીવોની યોગ્યતાને ખ્યાલમાં રાખીને (બોધ આપ્યો છે). કેમ કે ઉપદેશનો વિષય એટલો બધો બહોળો છે. સિદ્ધાંતના મર્મને સમજાવ્યો છે. સિદ્ધાંતના મર્મને પ્રદર્શિત કર્યો છે અને એ વિષયને સ્પષ્ટ કરવા માટે બને એટલું સરળ શૈલીમાં, સરળ ભાષામાં, સરળતાથી એનું વિવેચન કર્યું છે. એને શાસ્ત્ર કહેવામાં આવે છે.

શાસ્ત્રની અંદર કથનની જે વિભિન્નતા જોવામાં આવે છે એનું કારણ અહીંયાં સ્પષ્ટ કર્યું છે આ વાતમાં. કે દેશકાળ અનુસાર, યોગ્યતા અનુસાર ભિન્ન-ભિન્ન પ્રકારના જીવો સમાગમમાં આવે છે, ભિન્ન-ભિન્ન યોગ્યતાવાળા અને એને જે કહેવા યોગ્ય હોય છે જે પદ્ધતિથી કહેવા યોગ્ય હોય છે તે પદ્ધતિથી તે મુદ્દો એને વિશેષપણે કહે છે.

જેમ કે કોઈ એવો કાળ ચાલતો હોય કે જૈન સંપ્રદાયના જીવો ક્રિયાકાંડમાં લાગી ગયા હોય તો એને ક્રિયાકાંડથી થતો, અંધશ્રદ્ધાથી જે ક્રિયાકાંડથી થતો અવગુણ એ પ્રસિદ્ધ કરીને એને જ્ઞાનમાર્ગમાં લગાડે છે. કોઈ એવો કાળ ઉત્પન્ન થઈ જાય કે જ્ઞાનમાર્ગની અંદર કેટલાક જીવો સ્વચ્છંદ પ્રવૃત્તિમાં આવી જાય તો એને ક્રિયા અને ભક્તિમાં લગાડે. કેમ કે જ્ઞાનનો વિષય એવો છે કે એક બાજુથી એમ કહે કે આત્માને શુદ્ધ આચરણ પાળવા માટે, શુદ્ધ આચરણમાં આવવા માટે એણે બહારના નિમિત્તોનો પણ વિવેક કરવો જોઈએ. એને કુસંગ ન હોય. એક નિમિત્ત તરીકે લઈએ. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર પ્રત્યે એને ન જવું. અને એ શાસ્ત્રમાં એવો પણ ઉપદેશ આવે કે

એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. બે વાત સામે સામે આવે. તો કોઈ એક વાતની મુખ્યતા લઈને કોઈ સ્વચ્છંદમાં આવી જાય કે નિમિત્ત તો કાંઈ કરી શકતું નથી. માટે આપણે ગમે તેવા નિમિત્તો હોય એનો કાંઈ વાંધો નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ક્યાં કાંઈ કરી શકે છે? એમ કોઈ સ્વચ્છંદમાં આવી જાય તો એને નિમિત્ત પ્રધાનતાથી પણ ઉપદેશ આપે.

એમ દેશકાળ જોઈને. દેશકાળનો અર્થ કે વર્તમાન જીવોની યોગ્યતા જોઈને ઉપદેશની અંદર પ્રધાનતાનો વિષય જાણે કોઈ જુદો જુદો હોય એમ જોવામાં આવે; જે-તે કાળે લખાયેલા શાસ્ત્રોમાં અથવા જ્ઞાનીની વાણીમાં. જેમ કે વર્તમાનમાં ક્રિયાકાંડ ઉપર વિશેષ જીવો ચડી ગયેલા હતા તો 'ગુરુદેવે' જ્ઞાનનો વિષય, સ્વાધ્યાયનો વિષય મુખ્ય કર્યો. એ રીતે.

દૃષ્ટાંત લીધો છે કે જેમ કોઈ એક ફાર્મસી હોય છે. અનેક દવાઓને બનાવે છે અને એ બધી દવાઓ સારી જ હોય છે, અસરકારક હોય છે તો પણ બધા રોગની એક દવા હોતી નથી. એક દવા બધા રોગને લાગુ પડતી નથી કે બધી દવાઓ એક રોગને લાગુ પડતી નથી. બરાબર છે? પણ જેને જે રોગ થાય અને જેને જે દવા લેવા જેવી હોય તે જ દવા એણે લેવી જોઈએ.

અહીંયાં સંસારની અંદર પરિભ્રમણ કરતાં જીવને, સંસારી પ્રાણીને અનેક પ્રકારના દોષ છે. એ દોષને ટાળવા માટે એને જે પ્રકારનો ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય હોય તો એણે એ પ્રકારનો ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ. સર્વ પ્રકારનો ઉપદેશ શાસ્ત્રની અંદર આવેલો છે. પોતે કયો ગ્રહણ કરવો? એ વાત પોતાને નક્કી કરવાની હોય છે. પોતે કેવો ઉપદેશ ગ્રહણ કરવો? એ પોતાએ નક્કી કરવાનું હોય છે. એ કાર્યની જવાબદારી હંમેશા ઉપદેશ ગ્રહણ કરનારની રહે છે. એ પ્રકારે સર્વ સંસારી જીવોને ભવરોગ સામાન્ય છે. પણ એના ભવરોગના પેટા પ્રકાર, દોષના જે પ્રકાર છે, જે દોષને લઈને એને ભવભ્રમણ થાય છે એના પ્રકાર અસંખ્ય છે અથવા વિપરીતતામાં અટકવાના સ્થાન અસંખ્ય છે અને એ અસંખ્ય પ્રકારના રોગોથી મુક્ત થવા માટે આગમમાં પણ અનેક પ્રકારનો ઉપદેશ છે એ ઉપલબ્ધ છે.

તો પણ એ બધા કથન અને બધા ઉપદેશ ગમે તે શૈલીમાં હોય પણ બધાનું લક્ષ અને તાત્પર્ય ગમે તે શબ્દોમાં રહ્યા હોય, ગમે તે શૈલીમાં રહ્યા હોય તો તે બધાનું તાત્પર્ય અથવા લક્ષ એકમાત્ર હેતુ જીવને વીતરાગતા પ્રગટ કરાવવી તે છે. આ બધાનો સરવાળો છે. તમામ .. નો સરવાળો છે. એટલે એ હેતુને લક્ષમાં રાખીને, ઉપદેશના એ હેતુને લક્ષમાં રાખીને, તાત્પર્યને લક્ષમાં રાખીને શાસ્ત્રનું અધ્યયન કરવું

જોઈએ એમ અહીંયાં કહેવું છે. અને ક્યાંય પણ અહિત થાય એ રીતે છળ પકડવો ન જોઈએ કે સ્વચ્છંદ ન થઈ જાય, અટકી ન જવાય એ વાત લક્ષમાં રાખવી જોઈએ.

જો કે બધા જ્ઞાનીઓનું પ્રત્યેક વચન અનંત નયોની સંધિ લઈને આગમના અનંત રહસ્યને ગર્ભમાં રાખીને ગર્ભિતપણે રાખીને ઉત્પન્ન થાય છે. અહીંયાં જે વાત લીધી ને? શેમાંથી આ વાત ચાલી છે આપણે? વચનામૃતના ૩૪૫ બોલમાં એ વાત ચાલી છે કે '**વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે,...**' મોક્ષમાર્ગ સંક્ષેપમાં એટલો છે કે અંતરંગમાં પોતાનું જે મૂળ જ્ઞાયક શુદ્ધ સ્વરૂપ છે-શુદ્ધાત્મ સ્વરૂપ છે એને અંતર્મુખ થઈને સાધવું તે મોક્ષમાર્ગ છે. આટલો જ સંક્ષેપ છે મોક્ષમાર્ગનો. તો પણ તેનો વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે એમાંથી. જ્ઞાનીના એક વચનમાં એના ગર્ભમાં અનંત રહસ્ય રહેલું છે. અનંત નયોની સંધિ એમાં રહેલી છે. 'શ્રીમદ્જી'એ કહ્યું, જ્ઞાનીના એક વચનમાં અરે...! એક શબ્દમાં અનંત આગમ રહેલા છે. અનંત આગમ રહેલા છે એમ કહો કે અનંત નય રહેલા છે એમ કહો એ બધું એમાં આવી જાય છે.

જ્ઞાનીઓના જ્ઞાનમાં બાર અંગનો સાર સ્પષ્ટ હોય છે. બાર અંગનો સાર જે સ્વાનુભૂતિ છે એ સ્પષ્ટ હોય છે અથવા જ્ઞાનીઓના વચનકાળે તેમને અનુભૂતિની જે પરિણતિ છે એ પ્રગટ વર્તતી હોય છે. એટલે એ વિષયમાં એમને ક્યાંય ગોથું ખાવાનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી. પ્રવર્તમાન પરિણતિ, એ પરિણતિને લીધે પોતે એ વિષયની અંદર સ્પષ્ટ જ છે કે માર્ગની પ્રાપ્તિની આ જ વિધિ છે, આ જ પ્રકાર છે, બાકી બધો ઉન્માર્ગ છે. પરંતુ વચનરૂપ પ્રવૃત્તિમાં ક્રમ પડે છે. આખો વિષય સર્વાંગ વિષય એકસાથે વચનગોચર થઈ શકતો નથી. વચનગોચર થવો સંભવિત પણ નથી, શક્ય પણ નથી. એટલે એમાં ક્રમે ક્રમે વાત છેડવામાં આવે છે, કહેવામાં આવે છે. અને કોઈ જગ્યાએ કહેવા ધારેલ વિષયની મુખ્યતા કરવામાં આવે છે, તો અન્ય વિષયની ગૌણતા કરવામાં આવે છે.

એ પ્રકારે પ્રત્યેક જ્ઞાનીની કથનશૈલી અને નિરૂપણની પદ્ધતિમાં પોતાની વિશિષ્ટતા હોવાથી અમુક પ્રકારની ભિન્નતા દેખાઈ આવે છે, નજરમાં આવે છે. એટલે ઘણાં એમ કહે છે કે 'શ્રીમદ્ રાજચંદ્રજી' બીજી વાત કરે છે, 'ગુરુદેવશ્રી' બીજી વાત કરે છે. બેની વાતમાં ફેર લાગે છે. એમ ઘણાંને લાગે છે. એ વાતમાં કાંઈ માલ નથી. ત્રણે કાળના જ્ઞાનીઓનો એક જ મત હોય છે. કોઈ જ્ઞાનીઓનો જુદો જુદો મત હોતો નથી. અને એ સાબિત થઈ શકે એવું છે.

જ્ઞાનીઓની ગમે તેવી કથનશૈલી હોય અને પ્રતિપાદન વિષેની મુખ્યતામાં ગમે

તે વિષયને મુખ્ય કર્યો હોય, અન્ય વિષયને ગૌણ કર્યો હોય અને ગમે તે શબ્દોમાં એ વચનવ્યવહાર થયો હોય તો પણ એ બધાનો ઉદ્દેશ મૂળ સિદ્ધાંતને સ્થાપિત કરવાનો છે. એમનો ઉદ્દેશ સિદ્ધાંતને બદલવાનો, સિદ્ધાંતમાં ફેરફાર કરવાનો ઉદ્દેશ ક્યાંય હોતો નથી. વર્તમાન આગમમાં જે વિવિધતા દષ્ટિગોચર થાય છે અથવા જ્ઞાનીઓના કથનોમાં જે વિવિધતા દેખાય છે તે માત્ર કથનશૈલીમાં ફેર છે પણ જીવને કલ્યાણ કરવાનો હેતુ છે એ એકસરખો છે. વીતરાગતાની પુષ્ટિ અને પ્રાપ્તિ કરવાનો હેતુ એક જ છે. વીતરાગતાને પ્રગટ કરવાની અંદર ઉદ્દેશની અંદર ક્યાંય ફેરફાર નથી. એ વાત તો બધે એકસરખી છે.

પૂર્વગ્રહથી અથવા પોતાના દષ્ટિરાગથી અથવા કોઈ વિષય પોતાને વધારે ક્ષયોપશમ જ્ઞાનની અંદર સમજાતો હોય એની મુખ્યતાથી પોતાના અભિપ્રાય અનુસાર પોતાના અભિપ્રાયને સમર્થન કરવા માટે, પોતાના અભિપ્રાયને દઢ કરવા માટે કોઈ જ્ઞાનીના કોઈ એક વચનની ઓથ લઈને અથવા એવા કોઈ પોતાના અભિપ્રાયની સાથે મેળ ખાતા વચનને પકડીને એ સંબંધીની ખેંચતાણ કરવી અને પોતાનું માન પોષવું એ બધો પ્રકાર છે એ વિપરીત અભિનિવેશમાં જાય છે.

ફરીથી. વિપરીત અભિનિવેશ કોને કહેવાય? એક તો એ વિચારવા જેવો વિષય છે આની અંદર. આત્માર્થ સિવાય બીજા કોઈપણ પ્રકારની માન્યતાપૂર્વક શાસ્ત્રનું અધ્યયન કરવામાં પોતાનું કલ્યાણ માનવામાં આવે, કૃતાર્થતા માનવામાં આવે, ઠીકપણું માનવામાં આવે, સંતોષ પકડવામાં આવે તો તે શાસ્ત્રીય અભિનિવેશ છે. આ 'શ્રીમદ્ રાજચંદ્રજી' એ એમના ૬૬૧ નંબરના પત્રમાં એ વાત કરી છે. કે શાસ્ત્ર તો એકલા આત્માર્થના લક્ષે જ અધ્યયન કરાય અને એ સિવાયની કોઈપણ માન્યતા રહી જાય, સ્થૂળપણે કે સૂક્ષ્મપણે તો શાસ્ત્રીય અભિનિવેશ ઉત્પન્ન થયા વિના નહિ રહે.

એ શાસ્ત્રીય અભિનિવેશ ઉત્પન્ન થવામાં આત્માર્થી ન હોય તો કાંઈને કાંઈ પૂર્વગ્રહ હોય છે. કોઈને કોઈ પ્રકારની પોતાની ધારણા હોય એની મુખ્યતા હોય છે. પોતે જે અભિપ્રાય ... કર્યો હોય કાં તો કોઈને કોઈ વ્યક્તિ અનુરાગથી દષ્ટિરાગ ઉત્પન્ન થઈ જાય છે અથવા કોઈને કોઈ પોતાનો જે ક્ષયોપશમમાં વિષય વધારે પકડાણો હોય એની મુખ્યતા કરીને જીવ નયના વિષયથી થોડો આઘો થઈને નયાભાસમાં ચાલ્યો જાય છે. અને ગમે તે પછી કોઈને કોઈ વચનની મુખ્યતા કરીને, શાસ્ત્રવચનની મુખ્યતા કરીને પોતાના અભિપ્રાયની મુખ્યતા કરવામાં લાગી જાય છે. હું કહું છું એમ શાસ્ત્ર કહે છે, હું કહું છું એમ શાસ્ત્ર કહે છે. એમ હું કહું છું... હું કહું છું... હું કહું છું... એમ પોતાનું માન.. હું સમજું છું, હું કહું છું એમ પોતાનું માન વધી જવામાં

શાસ્ત્ર અભિનિવેશ ઉત્પન્ન થાય છે.

એ શાસ્ત્રવચનની જે મુખ્યતા કરી એમાં તો તે જ્ઞાનીના વચનની વિરાધના થાય છે અને એ વિરાધના છે એ ભયંકર અપરાધ છે. પ્રવૃત્તિ શાસ્ત્ર વાંચનની હોય અને જીવ ભયંકર અપરાધ કરતો હોય. શાસ્ત્ર વાંચન કરનાર જીવને કેટલી બધી બુદ્ધિમાં મધ્યસ્થતા આવવી જોઈએ એ એક ગંભર વિષય છે, ઊંડો વિષય છે અને પ્રયોજનની દૃષ્ટિએ ખૂબ ઊંડેથી વિચારણીય-વિચારવા યોગ્ય વિષય છે. તેથી શાસ્ત્ર સ્વાધ્યાયમાં અત્યંત સાવધાની હોવી જોઈએ. આ એટલા માટે (કહ્યું છે). આ વાત કહેવા માટે આટલી આગળ લાંબી લાંબી વાત કરી છે. જે કહેવું છે એ અહીંયાં કહેવું છે. જ્યારે આપણે હંમેશા શાસ્ત્ર સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં લાગીએ છીએ અથવા પ્રવર્તીએ છીએ ત્યાં એ વિષય કેટલો ગંભીર છે? અને એમાં અપરાધ થવાની અથવા ભયંકર અપરાધ થવાની ક્યાં સંભાવના રહી છે? એની સામે લાલબત્તી મૂકી છે.

સામાન્ય રીતે જગતની અંદર પોતે જે કાંઈ પ્રવૃત્તિ કરતા હોય એનાથી જુદી જાતની ધાર્મિક પ્રવૃત્તિ કરવાવાળાની લોકો ટીકા કરે છે, ટીપ્પણી કરે છે. એમાં આત્માનું કલ્યાણ નથી, એમાં પોતાનું કલ્યાણ નથી. પણ પોતે જે પ્રવૃત્તિ ધર્મના ક્ષેત્રમાં કરતો હોય એ પ્રવૃત્તિની અંદર ગુણ-દોષના સ્થાનો શું શું છે? કેવા કેવા પ્રકારે છે? એ વાત પહેલા સમજવી જોઈએ અને એ પોતાના આત્માને કલ્યાણનું કારણ છે.

તેથી આ વિષયમાં સાવધાની રાખવાની છે કે કોઈપણ જ્ઞાનીના કે શાસ્ત્રના એક વચનને એવી રીતે મુખ્ય ન કરવું જોઈએ કે જેથી એને પોતાનું નુકસાન થઈ જાય. એ વચનની આડમાં એ વાતને એવી રીતે ખેંચી લે કે જેથી એકાંત ઉત્પન્ન થઈ જાય અને પોતાને નુકસાનનું કારણ થાય. કારણ કે જગતમાં આથી મોટો કોઈ દોષ નથી. જે શાસ્ત્ર તરવાનું નિમિત્ત છે, એ શાસ્ત્ર એને મિથ્યાત્વ દૃઢ થવાનું નિમિત્ત થઈ જશે. બંધ વધારે દૃઢ થવાનું નિમિત્ત થઈ જશે. આથી મોટો જગતમાં કોઈ દોષ નથી. અને એ પ્રકારથી દર્શનમોહ પણ તીવ્ર થાય છે. મિથ્યાત્વ દૃઢ થાય છે એટલે દર્શનમોહ તીવ્ર થાય છે. એટલે એ વિષયની અંદર વિશેષ સાવધાની અને જાગૃતિ અને વિવેક રાખવો એ આત્મહિતને માટે જરૂરી વસ્તુ છે.

તેથી કોઈપણ જિનવચન, જિનવચનરૂપ જ્ઞાનીનું વચન. જિનવચન કહો કે જિનવચનરૂપ જ્ઞાનીનું વચન કહો. આગમનું વચન કહો. તેના અર્થઘટન... તેનું અર્થઘટન કરવા માટે શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ વગેરે બધા દૃષ્ટિકોણના કથનથી તેની મર્યાદા, કહેવા ધારેલો વિવિક્ષિત વિષય, કથનની પદ્ધતિ, ચાલતું પ્રકરણ એ બધી વાતોને સર્વાંગપણે લક્ષમાં રાખીને, સમજણમાં રાખીને એનું તાત્પર્ય એકમાત્ર

વીતરાગતાની પ્રાપ્તિરૂપ જે પ્રયોજન છે એ જ સિદ્ધ કરવું છે. એ વાત ઉપર આવવું જોઈએ અને એ રીતે આવતા જ પ્રયોજનની સિદ્ધિ છે અથવા આત્માનું હિત થાય છે. એ જ પ્રકારે એ કર્તવ્ય છે. સત્શાસ્ત્રનું અધ્યયન બીજા પ્રકારે શાસ્ત્રનું અધ્યયન કર્તવ્ય નથી.

બધા જ જ્ઞાનીઓના બધા જ વચનમાં અવિરોધ હોય છે. અવિશમપણું હોય છે. પરસ્પર સંતુલન અને મેળ હોય છે અને બધા જ્ઞાનીઓના કથનોનો સમન્વય કરવો. કોનો? જ્ઞાની અને અજ્ઞાનીના વચનના કથનોનો સમન્વય કરવો નહિ પણ સર્વ જ્ઞાનીઓના વચનોનો સમન્વય કરવો એ શાસ્ત્ર અભ્યાસી જીવનું આવશ્યક કર્તવ્ય છે અને એ શાસ્ત્ર અધ્યયનની સાચી પદ્ધતિ છે-સમ્યક્ પદ્ધતિ છે.

મુમુક્ષુ :- ખાણિયા ચર્ચામાં આ મુદ્દો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો ઘણી ચર્ચાઓ ખૂબ ચાલી છે. અહીંયાં થોડાક એના દૃષ્ટાંત લીધા છે આ જ વાતને સમજાવવા માટે. કોઈ જગ્યાએ આગમની આચાર્ય ભગવાને '**परदव्वादो दुग्गइ**' એમ કહ્યું છે. '**परदव्वादो दुग्गइ**' એટલે જો જીવ પોતાના પરિણામથી પરદ્રવ્ય પ્રત્યે પરિણામ ગતિમાન કરે તો પરદ્રવ્ય તરફ થતા ગતિમાન ભાવો એ પરિભ્રમણનું દુર્ગતિનું સંસારની ચાર ગતિમાંથી કોઈને કોઈ ગતિનું કારણ થાય છે. એક સ્વદ્રવ્ય પ્રત્યે ગતિમાન એટલે પુરુષાર્થ યુક્ત થયેલા ભાવો છે એ સુગતિ એટલે પંચમગતિનું કારણ થાય છે. તો એવી પરમાર્થની વાત કરવા માટે આગમની અંદર '**परदव्वादो दुग्गइ**' એમ કહ્યું હોય. તો એ પરદ્રવ્યની અંદર વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા છે, સિદ્ધ પરમાત્મા છે, પંચ પરમેષ્ઠી છે એ બધા આવી જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર. તો એ કોઈપણ પરદ્રવ્ય હોય તો તેમના પ્રત્યેના પરિણામથી પ્રશસ્ત રાગ સિવાય કાંઈ થતું નથી અને પ્રશસ્ત રાગ છે એ જીવને નવા બંધનનું કારણ થાય છે. ભલે પુણ્યબંધનું કારણ હોય તો પણ એ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. જે બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ ન હોય. મોક્ષનું કારણ હોય તે બંધનું કારણ ન હોય. કેમ કે બંને પરસ્પર વિરુદ્ધ છે.

કોઈ જગ્યાએ શાસ્ત્રમાં એમ આવે કે હે પરમાત્મા! તમે જ મારું શરણ છો. તમે જ અમારું... દેવ-ગુરુ! તમે જ અમારું સર્વસ્વ છો. તમે જ અમારા તારણહાર છો. એવી પણ વાત આવે. બે વાત પરસ્પર વિરુદ્ધ લાગે. કોઈ જગ્યાએ રાગાદિ પરિણામને જીવના પરિણામ કહ્યા છે તો કોઈ જગ્યાએ સ્વભાવની અપેક્ષાએ એને પુદ્ગલના પરિણામ કહ્યા છે. જીવનો રાગ હોવા છતાં એને પુદ્ગલના પરિણામ પણ કહ્યા છે. કોઈ જગ્યાએ પુણ્યભાવને વિષકુંભ કહ્યો છે. 'સમયસાર'ની અંદર

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં. પુણ્યભાવ પ્રતિક્રમણની ક્રિયાની વાત લઈને લીધું છે. વિષકુંભ કહ્યો છે. તો કોઈ જગ્યાએ પુણ્યને ધર્મ પણ કહ્યો છે. ધર્મ શબ્દથી એને...

... કોઈ જીવને કોઈ જગ્યાએ સિદ્ધ જીવ સિવાયના બધા જીવોને સંસારી કહ્યા છે. તો એમાં ચૌદે ગુણસ્થાન સંસારમાં આવ્યા. એમાં સયોગી કેવળી પર્યંતના જીવો સંસારી છે એમ કહ્યું છે. અરિહંતને પણ સંસારી કહ્યા છે. આગમમાં તો બેય વાત આવે છે. એ વગેરે વચનોમાં પરસ્પર વિરોધ જેવું દેખાય છે પરંતુ તત્ત્વથી ક્યાંય વિરોધ નથી. અથવા જે તે કથનની ત્યાં કહેવા ધારેલી મર્યાદા અપેક્ષાથી જોવામાં આવે તો ક્યાંય વિરોધ નથી. તો પણ જેને વિરોધ લાગે છે અથવા કોઈ એક વાતની મુખ્યતામાં બીજી વાતને એ ખોટી ઠરાવે છે કે અહીંયાં ખોટી વાત કરી છે. આ જ વાત સાચી છે બાકી બધી વાત ખોટી છે. તો એવી પ્રવૃત્તિ એ એના બુદ્ધિદોષને પ્રદર્શિત કરવાવાળી વાત છે. એમાં આગમને નુકસાન નથી પણ તે પ્રકારની બુદ્ધિ ચાલે છે એને નુકસાન છે.

તેથી આ સંબંધમાં બરાબર જાગૃતિ રાખીને સર્વ જિનવચન પ્રત્યે ભક્તિ રાખીને, બહુમાન રાખીને બધા જ વચનો પ્રત્યે ભક્તિ રાખીને, બહુમાન રાખીને એટલે ક્યાંય સ્વચ્છંદ ન થાય. સર્વત્ર યથાર્થપણું શું છે? અને તેમાંથી વીતરાગતા કેવી રીતે ગ્રહણ થાય છે? તે જ પ્રકારે શાસ્ત્રનું અધ્યયન કરવું ઉચિત છે. આટલી વાત શાસ્ત્ર અધ્યયનની પ્રદ્ધતિમાં આવે છે.

મુમુક્ષુ :- દંસણ મૂલો ધમ્મો. છેલ્લા બે પાના.

પૂજ્ય ભાઈશ્રી :- છેલ્લા ત્રણ Page છે સાડા ત્રણ Page નું. આ વિષયને છોડીને એનાથી કોઈ જુદી જ વાત લખી છે.

મુમુક્ષુ :- ચૌદ પૂર્વધરો....

પૂજ્ય ભાઈશ્રી :- ચૌદ પૂર્વધરો ન જાય. અગિયાર અંગ અને નવ પૂર્વ ... જાય. ફરીને. બાર અંગનું સ્પષ્ટીકરણ કરીએ. બાર અંગ એમાં અગિયાર અંગ + બારમા અંગમાં ચૌદ પૂર્વ છે. એ અગિયારઅંગ + ચૌદ પૂર્વ એટલે બાર અંગ. બાર અંગ એટલે દ્રવ્યશ્રુત આખું આવી ગયું. દ્રવ્યશ્રુતમાં કાંઈ બાકી ન રહ્યું. જે ગણધર ભગવાન દિવ્યધ્વનિ સાંભળીને, ભગવાનની તીર્થંકર પરમાત્માની દિવ્યધ્વનિ સાંભળીને જે દ્રવ્યશ્રુતની રચના કરે છે બાર અંગની અંતર્મુહૂર્તમાં એમાં અગિયાર અંગ અને ચૌદ પૂર્વ કહો કે બાર અંગ કહો, બે એક વાત છે. અને એની અંદર અગિયાર અંગ અને નવ પૂર્વની મર્યાદા અભવિ પર્યંતના જીવોને હોય છે.

મુમુક્ષુ :- અગિયાર અંગ અને નવ પૂર્વ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મિથ્યાદૃષ્ટિ કોઈપણ જીવ અથવા અભવી જીવ પણ અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી શાસ્ત્રનું જ્ઞાન કરી શકે અને છતાં નિગોદમાં જાય. પણ એ નવ અંગથી આગળ વધે તો એ નિયમથી સમ્યગ્દૃષ્ટિ હોય. અને સમ્યગ્દૃષ્ટિ હોય એને પછી નિગોદમાં જવાનો પ્રશ્ન રહેતો નથી. એનો મોક્ષ થઈ જાય છે એમ લેવું. એટલે ચૌદ પૂર્વધારી નિગોદમાં ન જાય. અગિયાર અંગ અને નવ પૂર્વધારી સુધી નિગોદમાં જાય.

એટલે 'શ્રીમદ્જી'એ એ વાત લીધી છે ને? 'જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.' એમ જે વાત લીધી છે એમાં નવ અંગની વાત લીધી છે. નવ પૂર્વની વાત. 'હોય પૂર્વ નવ ભણેલ પણ જો જીવને જાણ્યો નહિ.' શું લખ્યું? હોય પૂર્વ ચૌદ ભણેલ પણ એમ નથી લખ્યું. 'હોય પૂર્વ નવ ભણેલ પણ...' નવ એટલે નવડો. આઠ પછી નવ. હોય પૂર્વ નવ ભણેલ. નવ પૂર્વ સુધી ભણેલો હોય. એટલે અગિયારઅંગ + નવ પૂર્વ. બારમા અંગનું નવ પૂર્વ. અગિયાર અંગ પૂરા થયા પછી બારમા અંગના નવ પૂર્વ સુધી ભણેલો. પણ એક પોતાના જીવના સ્વરૂપને જાણ્યો નથી, જે સમ્યગ્દર્શનમાં જણાય છે. તો તે બધું અજ્ઞાન ભાખ્યું. 'હોય પૂર્વ નવ ભણેલ પણ જો જીવને જાણ્યો નહિ, તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું સાક્ષી છે આગમ મહિ.' આગમ પણ એમ કહે છે કે આ બધું અજ્ઞાન છે. એને કાંઈ જ્ઞાન થયું નથી. પછી શું પદ છે? 'સર્વ તે અજ્ઞાન ભાખ્યું સાક્ષી છે આગમ મહિ' પછી કાંઈક પદ છે ને? 'માત્ર મનનો આમળો' એમ કરીને વાત લીધી છે. એમ કરીને આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'કલ્પનાના કોટી શાસ્ત્રો માત્ર મનનો આમળો, જિનવર કહે છે જ્ઞાન તને સર્વ ભવ્યો સાંભળો.' એમ લીધું છે. આમાં નથી લીધું એ પદ. એ વિષય શાસ્ત્ર અધ્યયન કેટલી ગંભીરતાથી, કેટલી મધ્યસ્થતાથી, કેટલી જાગૃતિથી અને એકમાત્ર આત્મહિતના લક્ષથી કરવા યોગ્ય છે. એનું સ્પષ્ટીકરણ છે. અહીંયાં ચાલતા વિષયમાં 'બહેનશ્રીના વચનામૃત' ૩૪૬ બોલ. પાનું ૧૧૭.

મુમુક્ષુ :- છેલ્લી લાઈનથી લીધું ૩૪૫માં.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૪૫ માં છેલ્લી લીટીમાં એમ છે કે '**એ બધાનો સંક્ષેપ...**' '**તેત્રીસ તેત્રીસ સાગરોપમ...**' સુધી સૂક્ષ્મમાં સૂક્ષ્મ ધર્મચર્ચા કરનારાઓ જે સર્વાર્થસિદ્ધિના દેવો છે, ઘણો વિસ્તાર કરે છે એ બધાનો સંક્ષેપ, તમામ વિસ્તારનો સંક્ષેપ સારભૂત સંક્ષેપ બધો સાર જેમાં આવી જાય. બધાનો સરવાળો, Total. જેમ એક હજાર રકમ લખી હોય પણ એ બધાનો સરવાળો કેટલો? કે આટલો. એ સરવાળામાં

બધી રકમનો સમાવેશ થઈ ગયો. સરવાળો કહેતા એમાં બધી રકમનો સમાવેશ થઈ ગયો. એમ તેત્રીસ સાગરની ચર્ચાનો સરવાળો શું?

શુભાશુભ ભાવોથી જુદો એવો એક જ્ઞાયકભાવ છે આત્મા તેનો આશ્રય કરવો. આમાં બધાનો સરવાળો આવે છે. ચાલતા જે શુભાશુભ ભાવો છે અથવા ચાલતા વિભાવો છે, ચાલતા વિકારી પરિણામો છે તેનાથી જુદો અવિકારસ્વરૂપ જ્ઞાયક ભગવાન પ્રભુ આત્મા પોતે એનો આશ્રય કરવો અને એ આશ્રય કરીને તદ્નુસાર શુદ્ધ જ્ઞાયક પરિણતિ, ધર્મ પરિણતિ, વીતરાગ પરિણતિ ઉત્પન્ન કરવી એ એક જ બધાનો સંક્ષેપ અને સાર છે. જો આ સાર અને આ સંક્ષેપ ન આવ્યો તો બધું જેટલું કાંઈ લાંબુચોડું જે કાંઈ પ્રવૃત્તિમાં વાંચ્યું, સાંભળ્યું, કર્યું હોય તો એને હજી એનું પ્રયોજન સર્યું નથી, પ્રયોજન સિદ્ધ થયું નથી.

મુમુક્ષુ :- ૪૫ વર્ષ ઉપર મીંડુ મૂક્યું તમે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કોઈ મીંડુ શું મૂકે? પોતાને અને પોતાને મીંડુ મૂકવાનું છે કે મેં શું કર્યું? વીતરાગતા કેટલી કરી? પ્રારંભ કર્યો તો એકડો કર્યો. નહિં તો મીંડુ તો અનાદિથી મીંડુ જ છે. એકડાની શરૂઆત કરી નથી. સંક્ષેપમાં એ વાત લઈ લીધી છે.

**પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. સૈંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે. ૩૪૬.**

૩૪૬. '**પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે.**' ભારતના ખૂણેખૂણેથી જીવો આવેલા છે. આ બાજુ જુઓ તો હિન્દુસ્તાનમાં પશ્ચિમ દિશામાં 'સોનગઢ' છે. પૂર્વ દિશામાં ઠેટ બર્મા અને ... ઉપર ઈમ્ફાલથી લોકો આવેલા છે. આવેલા છે ને? આપણે 'ભાવનગર'ની પ્રતિષ્ઠામાં પણ આવેલા છે. આ બાજુ દક્ષિણમાં 'મદ્રાસ'ને એ બાજુથી નીચેથી લોકો આવેલા છે. કોઈ ઉપર 'દહેરાદૂન' અને 'સહરાનપુર'ને ત્યાંથી પણ લોકો આવેલા છે. હિન્દુસ્તાનના ચારે બાજુના ખૂણેથી લોકો આવેલા છે. એટલે બધી જગ્યાએથી લોકો સૌરાષ્ટ્રના એક ખૂણામાં રહેલા ગામડામાં, મોટું શહેર નથી ગામડું છે તો પણ લોકો આવ્યા છે 'ગુરુદેવ'ને સાંભળવા. એને જાગૃત કર્યા છે. મોક્ષમાર્ગ આવો છે, આ પ્રકારનો છે એ વિષયમાં જાગૃત કર્યા

છે. અથવા આત્મહિતના વિષયમાં જાગૃત કર્યા છે.

ગત '**સેંકડો વર્ષોમાં...**' ગયેલા વ્યતીત થયેલા '**સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી...**' ઘણી ચોખવટ. એટલી બધી એટલે ઘણી ચોખવટ. '**મોક્ષમાર્ગની ચોખવટ કરી છે.**' ઘણી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. અને એ ઉપલબ્ધ સાહિત્યની સાથે સરખામણી કરવાથી એની પ્રતીતિ-ખાતરી થઈ શકે છે કે મોક્ષમાર્ગના વિષયમાં જે સ્પષ્ટીકરણ આવ્યું છે એ છેલ્લા સેંકડો વર્ષની અંદર આવેલું નથી. છેલ્લા સેંકડો વર્ષમાં અનેક ધર્માત્માઓ જરૂર થયા છે, મુનિઓ થયા છે, આચાર્યો થયા છે તો પણ મોક્ષમાર્ગની અંદર સ્પષ્ટીકરણ છે એ 'ગુરુદેવ'ના દ્વારા વિશેષ આવ્યું એનું કારણ કે વિશેષ સ્પષ્ટતા કરવાની એમને આવશ્યક્તા લાગી.

એ જમાનામાં જીવો થોડું કહેતા પણ ઘણું સમજી જતા હશે. એટલી પાત્રતા અને યોગ્યતાવાળા હશે. તો વિશેષ સ્પષ્ટતા નહિ આવવાનો સંભવ છે. પણ અત્યારે હિન યોગ્યતા હોવાથી વધારે સ્પષ્ટીકરણની જરૂર હતી તો 'ગુરુદેવ'ના દ્વારા એ વધારે સ્પષ્ટીકરણ આવ્યું એમ કહેવું છે. 'ગુરુદેવ'ની મહત્તા કરીને કોઈ બીજાની ઓછી મહત્તા કરવી છે એવું અહીંયાં પ્રયોજન નથી પણ વિષય સ્પષ્ટ છે. જેમ છે એમ તો કહેવો જ રહ્યો કે ઉપલબ્ધ સાહિત્યને જોતા સ્પષ્ટીકરણના દષ્ટિકોણથી જો તપાસવામાં આવે તો 'ગુરુદેવે' મોક્ષમાર્ગની અંદર જે ચોખવટ કરી છે એ સવિશેષ અથવા અસાધારણ ચોખવટ છે. એમ ખાતરી થયા વિના રહેતી નથી.

આ જ્યારે વાત કરી છે 'પૂજ્ય બહેનશ્રી'એ ત્યારે 'ગુરુદેવ'ની ઉપસ્થિતિ હતી. અને સામાન્યપણે ઉપકારી એવા જ્ઞાનીની-ગુરુની ઉપસ્થિતિ હોય ત્યારે પરોક્ષ જે ગમે તે મહાત્મા થયા હોય, જિનેન્દ્ર થયા હોય એના કરતાં પણ વિશેષ ભક્તિ આવે એ કુદરતી વિષય છે. ભક્તિનો પ્રકાર એવો આવે એ કુદરતી વિષય છે અને એ સહજ છે. એમ જ બને. જો કે આ વાત તો એટલા ખાતર નથી. ભક્તિ કરવા ખાતર નથી. પણ સ્પષ્ટીકરણ પણ ખરેખર આવ્યું જ છે વધારે. નથી આવ્યું ને આવ્યું છે એમ પણ ખરેખર નથી. એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ 'ગુરુદેવશ્રી'એ કરી છે.

'**નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે.**' પોતે કહેતા કે આ જે અત્યારે વાત કહેવામાં આવે છે એ ચાર ચોપડી ભણેલો હોય તો પણ સમજી શકે એવું છે. મોટો વિદ્વાન થાય, સંસ્કૃત, પ્રાકૃતનો જાણકાર થાય. વ્યાકરણની વિભક્તિ આવડતી હોય તો અમારી વાત સમજશે અને નહિતર નહિ સમજે એમ નથી. ગામડામાં ચાર ગુજરાતી ભણ્યો હોય. એટલે સામાન્ય

સમજણવાળો હોય. ચાર ગુજરાતી એટલે શું? કે સામાન્ય સમજણવાળો જીવ છે એને પણ અમારી વાતમાં સમજણ પડશે કે અમે શું કહેવા માગીએ છીએ. અને એ વાત સ્પષ્ટ છે કે 'ગુરુદેવશ્રી'ની વાણીમાં જ એવો કોઈ અતિશય હતો કે એમાં ઓછામાં ઓછા ઉઘાડવાળા જીવોને પણ કાંઈક એમ લાગતું હતું કે મને આમાંથી કાંઈક મળે છે. મને આમાંથી કાંઈક મળે છે એમ લાગતું. અને મોટામાં મોટો વિદ્વાન આવે ઉઘાડવાળો તો એને પણ એમ લાગે કે મને હજી કાંઈક વિશેષ મળે છે આમની પાસેથી. એવી ખૂબી હતી. એ વાત 'પરમાગમસાર'માં ઉપોદઘાતમાં લખી છે. એ જરા એ વખતે જ ધ્યાન દોર્યું છે કે આ એક વિશેષતા હતી.

એવા માણસો 'ગુરુદેવ' પાસે આવીને કહેતા કે સાહેબ ! આપની વાતમાં અમને બહુ રસ પડે છે. ઘણું સમજાય છે. સારો રસ પડે છે એમ કહે. એવી કોઈ શ્રુતની લબ્ધિ હતી. બહેનશ્રીની ભાષામાં કહીએ તો 'ગુરુદેવશ્રી'ને એવી કોઈ શ્રુતની લબ્ધિ હતી. સાદી ભાષામાં પણ છણાવટ કરવાની વિશદ શૈલી. સાદી ભાષામાં પણ ચાલતા વિષયની છણાવટ કરવાની વિશાળતાવાળી વિશદ. વિશદ એટલે વિસ્તારવાળી શૈલીમાં અધ્યાત્મ તત્ત્વની અનેકવિધ સૂક્ષ્મતા. અનેક પ્રકારની સૂક્ષ્મતા એમાં મુખ્ય વાત કે આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ અને આત્માનુભવ-આત્મ પ્રાપ્તિ કરવાની સૂક્ષ્મ વિધિનું સ્વરૂપ- આ બે વાત તો ઘણો વિષય સૂક્ષ્મ હોવા છતાં અનેકવિધ પ્રકારે એમાં અનેકવિધ શબ્દોમાં એ વિષય સ્પષ્ટ થતો. વિશદ્ એટલો સ્પષ્ટ થતો.

પુરુષાર્થની પુરુષાર્થપ્રેરક તીક્ષ્ણતા હતી. વચનની અંદર Force એટલો હતો. વચનની અંદર Spirit એટલો હતો. એ તીક્ષ્ણતા પુરુષાર્થ ઉત્પન્ન થાય એવી એક તીક્ષ્ણતા હતી. સ્વાનુભવનો વિષય અભેદભાવસ્વરૂપ કે એ અભેદતા પણ પ્રકાશિત થતી હતી અને અલૌકિક ગુણોથી એવી જે વિભૂષિત એવી જે વાણી છે. ભલે લૌકિક વક્તૃત્વકળાની કૃત્રિમતા એમાં નહોતી. સામાન્ય રીતે જે લોકોની અંદર વક્તા હોય છે, Oratorship જેને કહેવામાં આવે છે, એની અંદર કૃત્રિમતા અને શબ્દોનો આડંબર, વક્તાઓ વધાર કરીને બોલે એવો પ્રકાર ભલે નહોતો તો પણ એ વાણીના કેટલાક અલૌકિક ગુણો હતા, જેને અતિશય કહેવામાં આવે છે કે જેને લઈને વિદ્વાનમાં વિદ્વાન શ્રોતા અને અભણમાં અભણ શ્રોતા ઉપર એવી કોઈ અવર્ણનીય પ્રભાવિત અસર થતી. એનું વર્ણન ન થઈ શકે. એવી કોઈ પ્રભાવિત અસર થતી કે જૈન અને જૈનેત્તરનો વિશાળ સમુદાય ભારતના ખૂણે ખૂણેથી, જૈન અને જૈનેતરનો વિશાળ સમુદાય એ બધાને પોતાને યોગ્ય એવું કાંઈકને કાંઈ મળી રહેતું અથવા મળ્યું છે એવું લાગતું. એવો અનુભવ થતો કે કાંઈક આમાંથી મળે છે. કાંઈક આમાંથી મળે

છે. અને આખા દેશના ખૂણે ખૂણેથી હજારો માણસો એમના પ્રવચનનો લાભ લેવા 'સોનગઢ'માં આવતા. આ એક આકર્ષણ હતું બહુ મોટું. જેમ કોઈ Magnet ખેંચે છે એવું એક Magnet જેવું હતું.

મુમુક્ષુ :- અસર બહુ કરતી.

પૂજ્ય ભાઈશ્રી :- નવો માણસ આવ્યો હોય, પહેલી વાર આવ્યો હોય તો પણ એને ક્યાંક ને ક્યાંક ચોંટ મારે. એવો જ વિષય એક કલાકની અંદર સર્વાંગ આવી જતો, જેમ દિવ્યધ્વનિમાં કેમ આવે સર્વાંગ વિષય, એ દિવ્યધ્વનિનો અંશ જાણે હોય! નવો માણસ આવ્યો હોય કે જૂનો હોય, ભણેલો હોય કે અભણ હોય, શ્રીમંત હોય કે સમાજના કોઈપણ સ્તરનો હોય તો એને એમ થાય કે મને કાંઈક લાગુ પડે એવી વાત આમાંથી મળે છે અને મને કાંઈક આમાં સારું લાગે છે, ઠીક લાગે છે, કાંઈક આમાંથી પ્રાપ્ત કરવા જેવું લાગે છે. અને ફરી ફરીને સાંભળવા જેવું છે. એવો પ્રકાર ઉત્પન્ન થતો.

અહીંયાં તો ત્યાં સુધી લીધું છે, નાનાં નાનાં બાળકો પણ સમજી શકે. અને ઘણાં નાની ઉંમરના કુમાર અવસ્થામાં થોડા સમજણ હોય એવા પણ લોકો રસ લેતા હતા. એવા પણ જીવો રસ લેતા હતા એ તો આપણે નજરે જોયેલું છે. '**એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્ભુત પ્રતાપ છે.**' ઉપસ્થિત વખતે લીધું હતું ને? હતો એમ નહિ પણ અદ્ભુત પ્રતાપ છે. 'ગુરુદેવ'નો પ્રતાપ છે તે અદ્ભુત છે. એમની અદ્ભુતતાનો ચમત્કાર પોતાને પણ અનુભવગોચર થયો છે. એટલે એક જ્યોત જ્ઞાનની પ્રગટી. તો એ જ્ઞાનની જ્યોત પ્રગટવા માટે એનો પ્રભાવ અને પ્રતાપ કેટલો અદ્ભુત છે એ પોતાના અનુભવમાં આવેલી ચીજ છે. એનું વર્ણન થઈ શકે નહિ.

આમાં લીધું છે ને? 'રાજમલજી'એ બીજા કળશની ટીકા કરતાં કરતાં. જેવી રીતે... એમ કરીને વાત લીધી છે. કેમ કે એનું વર્ણન ન થઈ શકે. કળશટીકા છે ને? વાણીનું પૂજ્યપણું છે. '**તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું...**' વાણીને સાંભળતા જીવાદિ પદાર્થોનું '**સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે...**' સ્વરૂપજ્ઞાન સાંભળતા સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે એમાં સ્વરૂપ કહે છે. જીવનું સ્વરૂપ કહે છે. આત્માનું પરમેશ્વરપદ દર્શાવે છે. એનું જ્ઞાન ઊપજે. પોતાને પોતાના સ્વરૂપનું જ્ઞાન ઊપજે. '**જે પ્રકારે ઊપજે...**' અંતર્મુખ થઈને '**તે જ પ્રકારે જાણવું...**' એવું સ્વરૂપજ્ઞાન ઊપજે તે પ્રકારથી જાણવું '**કે વાણીનું પૂજ્યપણું પણ છે.**' એ વાણી પૂજ્ય છે. બહુ ગંભીર આશયથી વાત લીધી છે. વાણી તો શબ્દો છે પણ એમાં કોઈ એવી વિધિથી કહેવામાં આવે

છે. 'યા વિધિ સંત કહૈ ધનિ ધનિ હૈ જિનવૈન બડે ઉપકારી.' એ લીધું ને? જે વિધિથી કહેવામાં આવે છે-જે પ્રકારથી કહેવામાં આવે છે કે જે પ્રકારને લઈને સ્વરૂપજ્ઞાન ઊપજે છે. તે પ્રકાર હોવાને લીધે તે વાણીને પણ પૂજ્યપણું છે. આમ નાખ્યું છે. જિનવાણી પૂજ્ય છે એમ લીધું ને? સત્શાસ્ત્ર પૂજ્ય છે. આ વાતથી પૂજ્ય છે. કેમ કે એ કહે છે તે પ્રકારે સ્વરૂપજ્ઞાન ઊપજે છે. એવો એક વિશિષ્ટ પ્રકાર છે, એવો એક વચનાતીત પ્રકાર છે કે જે પ્રકારને વચનમાં કહી શકાતો નથી. તો પણ એવો એક પ્રકાર છે કે જેને સાંભળતા બીજા જીવને સાંભળ.... માટે તે વાણીનું પૂજ્ય છે. આમ નાખ્યું છે. એ અદ્ભુત પ્રતાપ છે.

**'અત્યારે તો લાભ લેવાનો કાળ છે.'** આ એક પ્રેરણા આપી છે 'પૂજ્ય બહેનશ્રી'એ. ભાઈ! તને અનંત કાળે દુર્લભ એવી મનુષ્યપર્યાય પ્રાપ્ત થઈ અને ...નો કાળ હોવાથી કોઈપણ પ્રકારની એવી ઉપાધિ નથી કે પરિણામ ખેંચાઈ જાય, પરિણામ રોકાઈ જાય. જો જીવ ધારે કે મારે મારું હિત કરી લેવું છે તો લાભ લેવાનો, હિત કરી લેવાનો (કાળ છે). લાભ લેવો એટલે નિજ હિત કરી લેવાનો આ કાળ છે. લાભ લેવો એટલે સાંભળી લેવાનો કાળ છે એમ નહિ. નિજ હિત કરી લેવાનો કાળ છે. લાભનો અર્થ એ થાય છે.

દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ. લાભ. દ્રવ્યનું પોતાનું જે ત્રિકાળ હયાતીપણું એ જ લાભ છે. ત્રિકાળ હયાતીપણાનું-હયાતીનું વેદન થવું, હયાતી વેદનથી ગ્રહણ થવી એ આત્મલાભ છે. અને એ આત્મલાભનો આ કાળ છે. એ જ કાળ છે. પંચમકાળ નથી આ. શું કહ્યું? આગમ ભલે એમ કહે કે આ પંચમકાળ છે. જ્ઞાની એમ કહે છે કે તારા આત્માના લાભનો આ કાળ છે. ચોથા કાળે આત્મલાભ વિશેષ થાય છે ને? તો કહે છે, આત્મલાભ થાય ત્યારે એને ચોથો કાળ કહો. આગમનો એ ચોથો કાળ છે અને જ્યારે જીવને આત્મલાભ થાય ત્યારે એને એ ધર્મકાળ છે. આ ચોથો કાળ કહો કે ધર્મકાળ કહો. એ ધર્મકાળ જ એના માટે. એ જ એની કાળલબ્ધિ છે. એ જ એનો સર્વોત્કૃષ્ટ કાળ ધન્ય ઘડી અને ધન્ય પળ છે કે જે કાળે એ પોતાના નિજ પરમેશ્વરનો, નિજ પરમાત્માનો ભેટો કરે.

છે તો અંદરમાં હયાત સર્વ કાળે પોતે પણ એક એવી વિષમતા રહી છે મિથ્યાત્વની કે જેને લઈને પોતે જ પોતાથી દૂર છે. ક્ષેત્રે દૂર નહિ હોવા છતાં ભાવે તો પોતે જ પોતાથી દૂર છે. અને તેથી એને અનંત દુઃખ છે, અનંત પરિભ્રમણ છે. એ ઈચ્છવા યોગ્ય નથી. કાલે લાભ લેવાનો કાળ છે એમ નથી અથવા લાભ લેવાનો કાળ હજી આયુષ્ય પર્યંત બાકી છે એમ પણ નથી. બહુ સારો Point છે. **'અત્યારે**

**તો લાભ લેવાનો કાળ છે.**' આ જ ક્ષણે જ્ઞાયક પરમાત્માને જાગૃતિથી ગ્રહણ કરવાનો કાળ છે, અત્યારે જ ગ્રહણ કરવાનો કાળ છે. પછી ગ્રહણ કરવાની વાત નથી. કોઈપણ કાર્ય તો વર્તમાનમાં જ થાય છે. જે-તે વર્તમાનમાં કાર્ય થાય છે. અત્યારે એટલે વર્તમાનમાં. કોઈપણ વર્તમાન પકડે જીવ.

'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં તો આવું તીર્થંકર દ્રવ્ય જેવું સંયોગમાં ઉપલબ્ધ સમાગમ જે છે એ તો બુહ પુણ્યના જથ્થા, પુણ્યનો ઘણો સમૂહ, પુણ્યનો ઘણો રાશિ ઉદયમાન હોય ત્યારે બને છે. ત્યાં સુધી એવો સમાગમ થતો નથી. અને એટલા બધા જબરદસ્ત પુણ્યનો યોગ અયોગરૂપે ન જાય એની જાગૃતિ અથવા એની દરકાર, એની સાવધાની જે તે જીવે પોતાને રાખવાની છે. નહિતર પુણ્ય વપરાઈ જશે. અને એ તકનો લાભ મળશે નહિ કાંઈ. તો પણ એ કાંઈ સામાન્ય નુકસાન નથી.

એ પ્રેરણા બહુ સારી આપી છે કે અત્યારે વર્તમાનમાં આત્મહિત કરી લેવાનો કાળ છે. સમુચિત નિમિત્ત ઉપલબ્ધ છે અને જીવને પોતાની આત્મપ્રાપ્તિની ભાવનામાં આવવા જેવું છે. સ્વરૂપપ્રાપ્તિની ભાવના અહીંયાં જાગૃત થાય એવી વાત કરી છે. વિશેષ લઈશું...

## તા. ૨૯-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૪૭
## પ્રવચન નં. ૨૬૪

**મારે કાંઈ જોઈતું નથી, એક શાન્તિ જોઈએ છે; ક્યાંય શાન્તિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં-એમ અનંત અનંત કાળ વીતી ગયો. હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે. -આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાન્તિ મળ્યા વિના રહે નહિ. ૩૪૭.**

પાનું ૧૧૭. ભાવનાનો બોલ છે. આત્મશાંતિની ભાવના અંદરથી ઉત્પન્ન થાય તો તે ભાવના અવશ્ય ફળે. સાચી શાંતિની-આત્માની શાંતિની ભાવના જોઈએ. જીવને અનાદિથી એવી ભ્રમણા છે કે અમુક પદાર્થ મળે અથવા ઇચ્છિત કાર્ય થાય તો મને શાંતિ થાય. આવી જીવની ભ્રમણા છે અનાદિથી. તે કાંઈને કાંઈ સંયોગની અંદર કાર્ય થવાની ઇચ્છા રાખે છે. ઇષ્ટ પદાર્થના સંયોગની ઇચ્છા રાખે છે. અનિષ્ટ કલ્પેલા પદાર્થના અનિષ્ટ વિયોગની ઇચ્છા રાખે છે. એવી કાંઈને કાંઈ એ કલ્પના કરે છે પરપદાર્થને વિષે. અને કલ્પના અનુસાર થોડોક ફેરફાર થાય તો મને શાંતિ થાય. એવો ફેરફાર ન થાય તો મને શાંતિ ન થાય. ભૂખ લાગે છે અને આહાર મળે તો મને શાંતિ થાય. તૃષા લાગી છે અને પાણી મળે તો મને શાંતિ થાય. ત્યાંથી માંડીને જેટલી જરૂરિયાત સમજી છે એ બધામાં આ એક સિદ્ધાંત લાગુ પડે છે. એવો અભિપ્રાય છે જીવનો જ્યાં સુધી, એવી ભ્રમણા છે જીવની જ્યાં સુધી ત્યાં સુધી એને આત્મશાંતિની ભાવના ઉત્પન્ન પણ થઈ શકતી નથી.

મુમુક્ષુ :- ખૂબ થાકેલો હોય, માથુ દુઃખતું હોય એમાં એમ લાગે કે ઊંઘ આવી જાય તો સારું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ ખરેખર એ વખતે એવું ખ્યાલમાં હોવું જોઈએ કે શાંતિ તો મારા સ્વરૂપમાં છે. આનાથી શાંતિ-અશાંતિનો ખરેખર પ્રકાર નથી. આ એક કર્મનો ઉદય છે. મારા અશક્તિરૂપ દોષને લીધે અથવા વિપર્યાસરૂપ દોષને લીધે આ પ્રકારના પરિણામ છે. એનો નિષેધ પણ એને આવવો જોઈએ. એવા પરિણામ થાય. અજ્ઞાનથી પણ થાય અને અસ્થિરતાથી પણ થાય. ઊંઘ નથી આવતી તો

ઊંઘ આવે તો સારું. બે પ્રકારે એ પરિણામ થાય. મિથ્યાત્વ અવસ્થામાં એનો નિષેધ નથી થતો. સમ્યક્ અવસ્થામાં એનો નિષેધ થાય છે. પરિણામ થાય છે એટલું જોવાનું નથી, ખરેખર એ જોવાનું છે કે એ પરિણામ પાછળ વિધિ થાય છે કે નિષેધ થાય છે. વિધિ એટલે આદર. એ પરિણામનો આદર થાય છે કે એ પરિણામનો નિષેધ થાય છે એટલું જ જોવાનું છે. ૧૧૭ પાને ૩૪૭ નંબરનો બોલ છે.

જે મુખ્ય વાત જોવાની છે એ એ છે. પરિણામ કેમ થયા? એ પછી જોવાની વાત છે. પરિણામ તો એવા પરિણામ સંસારી જીવને થાય, જ્ઞાનીને કે અજ્ઞાનીને. તો એની પાછળ અજ્ઞાનીને આદર થાય છે, જ્ઞાનીને નિષેધ થાય છે. મુમુક્ષુને પણ એને યથાયોગ્ય નિષેધ આવવો ઘટે છે. જેટલી જાગૃતિ એટલો એને નિષેધ આવે છે. આ મૂળ વાત છે.

પહેલી જે લીટી છે કે '**મારે કાંઈ જોઈતું નથી.**' એટલે ધ્યેય તો બદલાઈ ગયું એનું. જગતના પદાર્થો મેળવવા કે સંયોગોની અનુકૂળતા-પ્રતિકૂળતાને વ્યવસ્થિત કરવી એ ધ્યેયનો વિષય નથી. ધ્યેય જેવું હોય અને પરિણામ થાય એક વાત છે. ધ્યેય એવું ન હોય અને પરિણામ થાય (એ) બીજી વાત છે. બે જુદી જુદી વાત છે. ભલે અજ્ઞાનદશામાં જ્ઞાનદશાની જેમ નિષેધ ન આવે પણ ધ્યેય તો ફરે કે ન ફરે? ધ્યેય તો બદલે કે ન બદલે? ધ્યેય બદલી શકાય કે ન બદલી શકાય? ધ્યેય બદલી શકાય છે. પહેલા ધ્યેય બદલે તો અજ્ઞાનદશા પલટીને જ્ઞાનદશા થાય. પણ જ્ઞાનદશા થાય પછી ધ્યેય બદલે એવો ક્રમ નથી કાંઈ. એ પ્રકારે માર્ગનો ક્રમ નથી. ઉપાયનો એ ક્રમ નથી.

એટલે પહેલો ટૂકડો વચનનો... આખા વચનના ત્રણ ટૂકડા છે ને? બે અલ્પવિરામ કરેલા છે. એમાં પહેલા વિભાગમાંથી એ નીકળે છે કે '**મારે કાંઈ જોઈતું નથી,...**' એણે ધ્યેય બાંધ્યું છે કે મારે એક આત્મા જોઈએ છે અથવા મને આત્મપ્રાપ્તિ હો. બીજું મને ન હો. આ વાત એણે ધ્યેયમાં લીધી છે. પછી શાંતિની વાત હોય કે નિર્દોષતાની વાત હોય. બધી એક જ પર્યાયના જુદા જુદા પાસાની વાત છે. નિર્દોષતા વગર શાંતિ નથી. દોષ અને અશાંતિ અવિનાભાવી છે. નિર્દોષતા અને શાંતિ અવિનાભાવી છે. અહીંયાં શાંતિનો વિષય લીધો છે.

આ વિષય જરા વધારે સરળ કરીને મૂક્યો છે અહીંયાં. કોઈ જીવ એવો લ્યો કે જેને બહુ ઉઘાડ નથી. વિચારશક્તિમાં બહુ વિકાસ નથી. દોષ-નિર્દોષતાના વિષયમાં ન્યાય તોળવાની સૂક્ષ્મ બુદ્ધિ નથી. ઉપયોગ સ્થૂળ છે, વિશેષ વિચારશક્તિ નથી. તો એવા જીવને પણ શાંતિ-અશાંતિની તો ખબર પડે છે. આ તો મનુષ્યની વાત

લઈએ છીએ. પણ શાંતિ કે અશાંતિની ખબર તો ઢોરને પણ પડે છે. અને એટલા માટે તિર્યંચ છે, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ છે એ સમ્યગ્દર્શન બાજુ વળી શકે છે. સમ્યગ્દર્શનને પ્રાપ્ત પણ કરી શકે છે.

કેમ કે શાંતિની દિશા અને અશાંતિની દિશા બે જુદી જુદી છે. અને એ પરિણામના અવલોકન ઉપરથી ઓછામાં ઓછા ઉઘાડવાળો જીવ પણ આ સમજી શકે એવો વિષય છે. કેમ કે પોતાના અનુભવમાં આવતો વિષય છે. અને અનુભવમાં આવતો વિષય ત્યારે જ ન સમજાય કે જ્યારે એને શું અનુભવ ચાલી રહ્યો છે એના ઉપર એનું ધ્યાન કે લક્ષ ન હોય ત્યારે. જો એના ઉપર એનું લક્ષ હોય અને ધ્યાન હોય તો અવશ્ય એ પોતાના અનુભવને ન સમજી શકે એવું કદી બની શકે નહિ. કેમ કે કોઈ બીજાના અનુભવની વાત નથી. પોતાના જ અનુભવની વાત છે. નહિ સમજે તો એના માટે કોઈ કારણ રહેલું નથી.

એ કહ્યું કે '**મારે કાંઈ જોઈતું નથી, એક શાન્તિ જોઈએ છે;...**' આવું પરિણામ તિર્યંચને પણ ઊઠે છે. જે જીવની કાળલબ્ધિ પાકી છે અને પૂર્વ કર્મને લઈને તિર્યંચ અવસ્થામાં આવેલો છે. જ્ઞાન પણ મૂંઢાઈ ગયું છે, વિચારશક્તિ ઘટી ગઈ છે. ઉપયોગ તો ઘણો સ્થૂળ હોય છે. પણ જ્યાં શાંતિ જોઈએ છે અને અશાંતિ જોઈતી નથી. આ સિવાય-શાંતિ સિવાય મારે કાંઈ જોઈતું નથી એનો અર્થ કે બીજા બધા નિમિત્તો અશાંતિના જ છે. બાહ્ય પદાર્થો તમામ પ્રકારના અશાંતિના નિમિત્તો છે. મારે એક શાંતિ જોઈએ આત્માની. આત્મામાંથી શાંતિ જ જોઈએ. એ પ્રકાર છે એ એને બધી જગ્યાના વેગને રોકનારો પ્રકાર છે.

જીવના પરિણામ વેગે કરીને અન્ય પદાર્થને વિષે લાગે છે. તે ઊંધો પુરુષાર્થ છે. અને એ ઊંધા પુરુષાર્થની કેળવણી એટલી બધી થઈ ગઈ છે અત્યાર સુધીમાં કે સહેજે સહેજે એના પરિણામ વિચાર કરે એ પહેલાં તો દોડીને વેગથી અન્ય પદાર્થને વિષે ચાલ્યા જાય છે. આત્મશાંતિની ભાવનાવાળો જીવ એનો પહેલો ઊંધી બાજુના પુરુષાર્થનો વેગ તોડે છે. એવું એમાંથી નીકળે છે.

'**મારે તો કાંઈ જોઈતું નથી, એક શાન્તિ જોઈએ છે; ક્યાંય શાન્તિ દેખાતી નથી.**' એને કોઈ પદાર્થમાં શાંતિ દેખાતી નથી, એને કોઈ અન્ય ભાવમાં શાંતિ (દેખાતી નથી). અન્ય પદાર્થ અને અન્ય ભાવમાં શાંતિ દેખાતી નથી. તો એનો અર્થ શું થયો? કે જે આ જીવ કલ્પના કરે છે કે આમ થાય તો મને શાંતિ... આમ થાય તો મને શાંતિ... આમ થાય તો મને શાંતિ. એ વાત અહીંયાં ન રહી. ક્યાંય શાંતિ દેખાતી નથી. એટલે એવો એને હજારો વાર અનુભવ થયો છે કે આમ થાય તો

મને શાંતિ થાય એમ થઈ જાય પછી શાંતિ નથી થતી.

માથુ દુઃખતું મટે અને ઊંઘ આવે તો મને શાંતિ થાય. પણ ઊંઘ આવી ગયા પછી પાછી એને અંશાંતિ ઊભી રહે છે, એને શાંતિ દેખાતી નથી. એટલે પેલો વિકલ્પ હતો એ સાચો નહોતો અથવા તો એ ઊંઘ આવવી એ અશાંતિનું કોઈ Permenent solution નહોતું-કાયમી સમાધાન નહોતું. હંમેશ માટેનું એ સમાધાન નહોતું. એ વાત તો એને હજારો વખતદ્ય અનુભવથી સિદ્ધ થઈ ચૂકેલી છે. ત્યારે એ જીવ એના ઉપર આવ્યો છે કે મને શાંતિ જ જોઈએ અને ક્યાંય મને શાંતિ દેખાતી નથી. ઘણા કામો ઈચ્છિત થયા પણ મને ક્યાંય શાંતિ થઈ નહિ. એક ઈચ્છિત કાર્ય પૂરું થાય, બીજી અનેક ઈચ્છાઓ ઊભી થાય અને અશાંતિ ચાલુને ચાલુ રહી જાય. આ પરિસ્થિતિમાં જીવ એમ જોવે છે કે મને ક્યાંય શાંતિ દેખાતી નથી.

'**વિભાવમાં તો આકુળતા જ છે.**' ... ભાવ ન લીધો. રાગમાં તો આકુળતા છે એમ નહિ રાગમાં આકુળતા છે, દ્વેષમાં આકુળતા છે, મોહભાવમાં આકુળતા છે, શુભમાં પણ આકુળતા છે, અશુભમાં પણ આકુળતા છે. વિભાવ કહેતા બધા ભાવો આવી ગયા. સમસ્ત પ્રકારના વિભાવમાં અથવા સમસ્ત વિભાવમાં તો આકુળતા જ છે. ક્યાંય શાંતિ થતી નથી. વિભાવ સતત ચાલ્યા કરે છે. વિભાવ સતત ઉદયમાન થયા કરે છે. અને આ જીવને ક્યાંય શાંતિ થતી નથી. કેમ કે એમાં શાંતિ છે નહિ. એના અનુભવમાં શાંતિ છે જ નહિ એટલે ક્યાંય શાંતિ થતી નથી.

મુમુક્ષુ :- ઊંઘમાં પણ આકુળતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંઘમાં આકુળતા છે. તાત્વિક દૃષ્ટિએ તો આમ થાય તો મને શાંતિ એવું પરિણામ ખૂબ આકુળતા રૂપ છે, એ ખુદ આકુળતાસ્વરૂપ છે.

આવી સ્વરૂપ ભાવના આત્મશાંતિની ભાવનાપૂર્વક કોઈ જીવ ભેદજ્ઞાનમાં આવે, ભેદજ્ઞાનના પ્રયોગમાં પ્રવેશ કરે તો એને આત્મ સ્વરૂપનો વિકલ્પ સુદ્ધા અશાંતિ રૂપ ભાસે છે કે લાગે છે. તો પછી બીજા સ્થૂળ વિકલ્પોની શું કથા કરવાની? બીજા શુભાશુભ વિકલ્પોની શું વાત કરવાની? આ શાંતિ-અશાંતિના અંદરના અવલોકનનો અહીં સુધી છેડો અડે છે કે એક શુદ્ધાત્મ શાંતસ્વરૂપ આત્મા એનો વિકલ્પ સુદ્ધા અશાંતસ્વરૂપ છે.

જે જીવને સ્વરૂપ નિશ્ચયમાં અનંત શાંતિનો સાગર પોતાનો આત્મા જણાયો-ભાસ્યો-એને મારા સ્વરૂપમાં અનંતિ શાંતિ છે એવો વિકલ્પ ઉઠે તે અશાંતિ છે. એનું જ્ઞાન અશાંતિનું કારણ ન રહ્યું, પણ એનો વિકલ્પ અશાંતિનું કારણ છે. આટલો ભેદ એ પાડે છે જ્ઞાનમાં અને વિકલ્પમાં. જ્ઞાનમાં અને રાગમાં. એ ખરેખર શાંતિ

પ્રાપ્ત કરવાના પ્રયત્ન પાછળ છે. અને એમ ન થાય તો શાંતિ પ્રાપ્ત કરવાનો ખરેખર પ્રયત્નમાં હજી એ જીવ આવ્યો નથી.

મુમુક્ષુ :- એક Second પણ શાંતિ જીવનમાં મળી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એક સમયમાત્ર પણ આ જીવે આત્માની શાંતિનો ક્યારેય અનુભવ કર્યો નથી, ક્યારેય વેદન કર્યું નથી, ક્યારેય એણે આત્મશાંતિ પ્રાપ્ત કરી નથી. એક સમય માટે પણ એણે પ્રાપ્ત નથી કરી. અનંત કાળથી અત્યાર સુધીમાં અનંત સમય વ્યતીત થયા એમાં એક સમય આત્મશાંતિમાં નથી આવ્યો.

મુમુક્ષુ :- શાતા થઈ હોય અને શાંતિ મનાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- શાંતિ મનાઈ જાય છે છતાં શાંતિ તો કાંઈ થતી નથી. કૃત્રિમ શાંતિ ક્યાં સુધી ચાલે? કૃત્રિમ રેશમ હોય છે. Artificial silk કહે છે ને ? Art silk કહે છે. લાગે રેશમ જેવું. પણ એ કાંઈ રેશમ થાય? એ રેશમ નથી. એમ જે શાંતિ સાચી શાંતિ નથી, એમાં આકુળતામાં શાંતિની કલ્પના કરે. કાચને હીરો માને, પીત્તળને સોનું માને તો થઈ જાય ખરું કાંઈ? માનીને થોડીક વાર રાજી થાય કે મારી પાસે હીરા છે. હોય કાચના કટકા. આ ઝુમ્મરના આવે છે કે નહિ કટકા? એથી કાંઈ એને (શાંતિ ન થાય). એ અશાંતિનો ભાંડો ફૂટશે ત્યારે એને આઘાત થશે.

માને કે મારી પાસે ઘણી સંપત્તિ છે. હીરા ભર્યા છે કબાટમાં. કરે દેવું. માલ લઈ આવે ગામમાંથી જેટલો ફાવે એટલો. દુકાન બનાવો, Furniture બનાવો, આ લઈ આવો અને તે લઈ આવો. પછી પૈસા ચુકવવાના આવે તો કહે કે ચાલો હીરા વેચી દો ને આપણે પૈસા ચુકવવાના છે. ઓલો કહે, આ તો કાચના કટકા છે આનું કાંઈ નહિ આવે. પછી? એનો આઘાત થયા વિના રહેશે નહિ.

એમ જેને શાંતિ માની છે ત્યાંથી અશાંતિ મળતી નથી એટલે એને અશાંતિ ઊભી થયા વિના રહેતી નથી. પણ એ પ્રકારના પરિણામ સંબંધીનો અભ્યાસ, અવલોકનનો અભ્યાસ નહિ હોવાથી જીવને ક્યાં શાંતિ-અશાંતિ થાય છે એની પણ એને પૂરી ખબર નથી. પૂરી ખબર નથી એ વિષયની.

મુમુક્ષુ :- પરિણામના અવલોકનમાં શું ...?

પૂજ્ય ભાઈશ્રી :- જોવું. અવલોકન એટલે જોવું. એકલું જોવાનું કાર્ય કરવાનું કે આમાં કેમ અશાંતિ થાય છે? કેમ શાંતિ થાય છે? કેટલો રસ કઈ બાજુનો જાય છે? શું કીંમત આપી એટલે એ બાજુ પરિણામ ગયા? શું કલ્પના સુખની કરી? શું કલ્પના દુઃખની કરી? એમાં એ પ્રમાણે સુખ છે કે નહિ? દુઃખ છે કે નહિ?

આ બધો અવલોકનનો વિષય છે. અવલોકન કરે તો એમાં અનેક પડખા છે એ બધા એને સમજવા મળે. પણ અવલોકન કરે તો ને? કરે જ નહિ તો અંદર શું છે એ શું જોવા મળે? એમ કહે કે આ બાજુ જુઓ, આ બાજુ ઘણું જોવાનું છે. પણ જોવે તો જોવાનું મળે, ન જોવે તો જોવાનું શું મળે? અને એ તો કોઈ મોટી વાત નથી. જોવું-જાણવું એનો સ્વભાવ છે અને પોતાને જોવા-જાણવાની વાત છે. શું છે?

જે જીવને એક માત્ર આત્મશાંતિ જોઈએ છે તેવા જીવને એ ભાવનાને વશ ક્યાંય શાંતિ દેખાતી નથી. વિભાવમાં પણ એને આકુળતા ને આકુળતા જ દેખાય છે. જુઓ! '**વિભાવમાં તો આકુળતા જ છે.**' કોને માટે છે? આત્મશાંતિની ભાવનાવાળાને. જેવી ભાવના રાગની કે રાગના વિષયભૂત પદાર્થોની છે એને વિભાવમાં આકુળતા ભાસશે નહિ. એને આકુળતા નહિ લાગે. એ તો હોંશમાં ને હોંશમાં જે તેના ઈચ્છિત કાર્યો છે એ કાર્ય કરવા પાછળ દોડ લગાવશે એના પરિણામ. આકુળતા હોવા છતાં એને આકુળતા એની અંદર અનુભવ કરી શકશે નહિ.

જ્યારે અહીંયાં એમ કહે છે કે '**વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં-એમ અનંત અનંત કાળ વીતી ગયો.**' આ કેવી શૈલીથી બોલ લીધો છે! કોઈ આત્મશાંતિની ભાવનાવાળા જીવને એના પરિણામ કેવા પ્રકારના થાય છે, એવા આત્મલક્ષી પરિણામની શૈલી છે આમાં. કથનશૈલી આત્મલક્ષી પરિણામની છે. એને ક્યાંય શાંતિ પોતાને દેખાતી નથી. એવા એના પરિણામ થાય છે. વિભાવમાં બધે એને આકુળતા ને આકુળતા જ લાગ્યા કરે છે. પોતાનો ભૂતકાળ તપાસે છે તો એને ખ્યાલ આવે છે કે અશુભમાં થાક્યો અને હું શુભમાં આવ્યો, શુભમાં થાકીને પાછો હું અશુભમાં આવ્યો. આ સિવાય શું કર્યું છે? કોઈ એક પ્રકારમાં તો લંબાવી શકાતું નથી. શુભ પરિણામ સારા લાગે તો પણ પલટીને અશુભ થયા વિના રહેશે નહિ. અશુભમાં ક્યાંક એને સારું લાગ્યું તો પણ એ પલટીને પાછા શુભ પરિણામ થયા વિના રહેશે નહિ. અને આમ ને આમ '**અનંત અનંત કાળ વીતી ગયો.**' આ શુભમાંથી અશુભમાં, અશુભમાંથી શુભમાં થાક્યો.. થાક્યો અશાંતિથી થાક્યો, ક્યાંય શાંતિ મળી નહિ. અનંતકાળ આ રીતે ગયો.

'**હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે.**' આ શૈલી છે. આત્માર્થી જીવની આત્મભાવના સ્વરૂપશાંતિની ભાવનાવાળા જીવના પરિણામ આ થાય છે કે બસ! હવે તો મારે એક મારી આત્મિક શાંતિ, શાશ્વત શાંતિ સિવાય મારે કાંઈ જોઈતું નથી. એક મારે મારી શાંતિ જોઈએ. '**હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ**

**છે. આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે...**' આ એકદમ ચોખ્ખી Line લઈ લીધી છે. જે જીવ સ્વરૂપ શાંતિની ભાવનામાં આત્માની ભાવનામાં રસ્તે ચડે છે એના પરિણામની આ ચોખ્ખી પરિસ્થિતિ છે. મેળવવા જેવા પરિણામ છે. જો આ પ્રકારના પરિણામ ન થાય તો માર્ગ હાથ આવે એવું નથી. આ માર્ગે ચડ્યા પહેલા કેવા પરિણામ પૂર્વભૂમિકાના હોય એનો બિલકુલ ચોખ્ખો ચિતાર છે.

'પૂજ્ય બહેનશ્રી' એમ નથી અહીંયાં કહેતા કે તને ફલાણી ગાથાનો અર્થ નહિ આવડે ને તો તને સમ્યગ્દર્શન નહિ થાય. એમ કહે છે? તું રોજ શાસ્ત્રની 'સમયસાર'ની અડધી ગાથા, એક ગાથા, બે ગાથા નહીં વાચ ને તો તને સમ્યગ્દર્શન નહિ થાય, એમ કહે છે? તને તારી શાંતિની પડી છે કે નહિ? તારી શાંતિની કેટલી દરકાર છે અને હજી તારે શાંતિ બહારમાંથી લેવી છે કે અંદરમાંથી લેવી છે? આના ઉપર આખી Line છે. પછી તિર્યંચ હોય તો પણ ધર્મ પામે. મનુષ્ય પામે એમાં તો કાંઈ નવાઈની વાત નથી.

મુમુક્ષુ :- મહાવીરસ્વામી ભગવાનના વખતમાં...

પૂજ્ય ભાઈશ્રી :- મહાવીરસ્વામી ભગવાનના વખતમાં પણ આ જ પ્રકાર છે. ઋષભદેવ સ્વામીના વખતમાં પણ આ જ પ્રકાર છે. પૂર્વે અનંતી ચોવીસી થઈ એમાં કોઈપણ કાળમાં આ જ પ્રકાર છે અને હવે પછીના કોઈપણ કાળમાં આ જ પ્રકાર રહેશે. બીજો કોઈ પ્રકાર આવવાનો નથી.

મુમુક્ષુ :- આત્મશાંતિની ઈચ્છાનો ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્મશાંતિની ઈચ્છાનો...?

મુમુક્ષુ :- ઈચ્છા ન થાય એનું નામ આત્મશાંતિ?

પૂજ્ય ભાઈશ્રી :- ઈચ્છા તો ક્યારે ન થાય? કે નિરિચ્છિક સ્વભાવમાં લીન થઈ જાય તો જ ઈચ્છા ન થાય. નહિતર ઈચ્છા ન થાય તો સારું, એવા ભાવથી કાંઈ ઈચ્છા થયા વિના રહેશે નહિ કે ઈચ્છા બંધ નહિ થાય. આ તો તર્ક કર્યો છે કે આત્મશાંતિની ઈચ્છા ન કરવી. પણ એમ ક્યાં ઈચ્છા કર્યા વગરનો (રહેશે)? ઘડીકમાં થશે કે આ બેઠા બેઠા નથી ફાવતું, લાવ સૂઈ જાવ. સૂતો હોય તો એમ થશે કે હવે ઊંઘવું નથી, હવે બેસવું છે. આ પગ આમ બેઠા છે તો હવે આમ ફેરવવો છે. ઈચ્છા થયા વગર રહેશે જ નહિ.

ઈચ્છા તો ક્યારે ન થાય? કે નિરચ્છિક એવો જે આત્મ સ્વભાવ શાંત અનંત શાંત સ્વરૂપ એવો જે આત્મ સ્વભાવ એમાં લીન થઈને શાંતિમાં ડૂબી જાય તો શાંતિના વિકલ્પરૂપ ઈચ્છા ન થાય. પણ એવા સ્વભાવમાં લીન થયા પહેલાં એવી

વિકલ્પવાળી ભાવના આવ્યા વિના રહેતી નથી. એ એનો પૂર્વક્રમ છે. કોઈ જીવને શાંતિની ભાવના અને શાંતિનો વિકલ્પ થાય નહિ અને આત્મશાંતિ અંદરમાંથી સ્વભાવમાંથી મળી જાય એવું કોઈ દિવસ ન બને. તિર્યંચ હોય કે મનુષ્ય હોય કે દેવ હોય કે નારકી હોય. ચારે ગતિમાં.

એટલે અહીંયાં એ તબક્કાની વાત ચાલે છે કે ભાઈ! તને જગતના પદાર્થોની અને જગતના કાર્યોની અનેક ઈચ્છાઓ થઈ. પણ અંતરના ઊંડાણમાંથી કોઈવાર તને શાંતિની ભાવના જાગી છે? ઉત્પન્ન થઈ છે? આ તબક્કાની વાત છે. જો અંતરના ઊંડાણમાંથી આત્મશાંતિની ભાવના ન થઈ હોય તો શાંતિ ક્યાંથી મળશે? તો શાંતિની શોધ તું ક્યાંથી કરીશ? શાંતિ માટેનો તારો પુરુષાર્થ કેવી રીતે ઉત્પન્ન થશે? કાંઈ નહિ થાય.

મુમુક્ષુ :- .. બીજી ભાવના છે...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના વગરનો જીવ નથી, ઈચ્છા વગરનો જીવ નથી. રાગની એને ભાવના છે. કાં તો કોઈને કોઈ પ્રકારના શુભરાગની ભાવના થયા કરે છે. કાં અશુભરાગની ક્યારેક ભાવના થયા કરે છે. ભાવના વગરનો ક્યારેય નથી. શુભાશુભમાં શુભમાંથી અશુભમાં અને અશુભમાંથી શુભમાં. આમને આમ ચાલ્યા જ કરે છે. અનંત કાળથી ચાલ્યા કરે છે. હવે એ બધામાં આકુળતા થઈ છે અને ક્યાંય શાંતિ થઈ નથી. અને હવે આત્મામાંથી શાંતિ જોઈએ છે એ પરિસ્થિતિમાં આવ્યો જીવ? તો એને આત્મશાંતિ મળવા માટેનો અવકાશ ઉત્પન્ન થયો. પણ એ જ જગ્યાએ ન આવે તો શુભાશુભ ચાલુ રહેશે. શુભાશુભ ચાલુ રહેશે તો પરિભ્રમણ પણ એના ફળમાં ચાલુ રહેશે. બીજું કાંઈ નહિ થાય એમાંથી.

મુમુક્ષુ :- ઊંડાણથી ... ચાલુ ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- ચાલુ ભાવના તો ઘણી વાર કરી છે. મારે શાંતિ જોઈએ અને અશાંતિ ન જોઈએ, એમ ઉપર ઉપરથી તો ઘણીવાર કર્યું છે. ઉપરથી ઉપરથી જિજ્ઞાસા કરી છે, ઉપર ઉપરથી ભાવના કરી છે, ઉપર ઉપરથી વિચારો કર્યા છે. એમ બધું ઉપર ઉપરથી કર્યું છે. અંદરનું બદલ્યું નથી.

એટલે શબ્દ ખાસ વાપર્યો છે કે '**મારે બસ એક શાશ્વતી શાંતિ જોઈએ છે.આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે...**' આમ ભાવના જાગે એમ નથી કહ્યું. બે વિશેષણ લીધા છે. અંદરમાંથી અને ઊંડાણથી. પાંચમી વિભક્તિ લીધી છે. અહીંથી આવવું જોઈએ-અંદરથી આવવું જોઈએ. તો કામ થાય, નહિતર કામ થાય નહિ.

મુમુક્ષુ :- ચૈતન્યને ચૈતન્યમાંથી ઉગેલી ભાવના.

પૂજ્ય ભાઈશ્રી :- ૨૧મો બોલ છે. ચૈતન્યને ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના. અહીં કહ્યું શાંતિ મળ્યા વિના નહિ રહે. આની Guarantee આપી છે. જેમ ત્યાં Guarantee આપી છે, એમ અહીંયાં Guarantee આપી છે. એમાં પણ ઊંડાણથી શબ્દ વાપર્યો છે.

**'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના...'** એટલે શું છે કે સામાન્ય રીતે ઉપર ઉપરની ભાવના રાગ-દ્વેષમાંથી જન્મે છે. કાં તો ઘરમાં ખટખટ થઈ હોય અને વૈરાગ્ય આવ્યો હોય. પ્રતિકૂળતાઓ ઊભી થઈ એમાંથી વૈરાગ્ય જન્મ્યો હોય. અને કાં તો કાંઈક બહારમાં જોયું હોય, શુભરાગની ભાવના રાખી હોય, માન-સન્માનની ભાવના રાખી હોય. એ બધી ભાવનાથી કોઈ આત્મકલ્યાણ થતું નથી. ૨૩માં છે.

**'ઉપલક ઉપલક વાંચન વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય.'** આ જે અંદર આંતરડીમાંથી જે ભાવના ઊઠે. એમ. એટલે બધા જે એના અવરોધક ભાવો છે-Obstacles-બધા પ્રતિબંધક ભાવો છે એ બધા શાંત થઈ ગયા. હટી ગયા. અંદરની આંતરડીમાંથી જે ભાવના થઈ એટલે બધા પોતાના વિરાધક ભાવો છે એ હટી ગયા. રસ્તો-માર્ગ સરળ થાય એમ કહ્યું. **'તો માર્ગ સરળ થાય.'** માર્ગમાં પહોંચવું છે એ સરળતાથી પહોંચી શકાય. ભાવનાવાળો સરળતાથી માર્ગને પ્રાપ્ત કરે અને નહિતર અનંત કાળે ગમે તેટલો પુરુષાર્થ કરોડ ઉપાય કરે તો પ્રાપ્ત કરી શકે નહિ, એમ કહેવું છે.

આ શબ્દ તો બહુ કાઠિયાવાડી શબ્દ છે-આંતરડીમાંથી. તમારે વપરાતો હોય કે નહિ વપરાતો હોય. અમારે તો કરુણતામાં આ શબ્દ વપરાય છે. કોઈ માણસને બહુ દુઃખ પડે, બહુ દુઃખ પડે, સહન ન કરી શકે ત્યારે એમ કહે કે એની આંતરડી કકળે છે. એટલે કકળે છે એ પણ પાછો એવો જ શબ્દ છે. આંતરડીમાંથી-અંદરમાંથી થાકી ગયો છે. એટલું દુઃખ થાય છે સહન ન કરી શકે એવું દુઃખ થાય છે. એટલે એમ કે કોઈ બીજાને દુઃખ થતું હોય અને એવા કોઈના નિમિત્તવાળા પરિણામ હોય બીજાને દુઃખ થાય એવા તો એના માટે એ સલાહ દેવાય છે કે ભાઈ! ભલે તમને એકબીજા વચ્ચે ભલે ગમે તેટલો અણબનાવ હોય પણ એની આંતરડી કકળે એવું દુઃખ થાય એવું નહિ કરતા. એવું કહેશો નહિ, એવું બોલશો નહિ, એવું નુકસાન કરશો નહિ, એવી પ્રતિકૂળતા આપશો નહિ, એવો માર મારશો નહિ કે એની આંતરડી કકળે. એમ કહેવાય છે. એ બોલ એમણે અહીંયાં લાગુ કર્યો. તારી ભાવના આંતરડીમાંથી ઉત્પન્ન થઈ છે? તો પામી જઈશ. આંતરડીમાંથી નથી આવી ભાવના હજી તો પામવાનો

રસ્તો કોઈ છે નહિ. આ સિવાય બીજો કોઈ રસ્તો પણ છે નહિ.

વિચારવાની વાત તો એટલી જ છે જીવને કે પોતાનું હિત કરવું છે એમાં શા માટે જે રીતે હિત થતું હોય એ રીતે હિત કરવા જીવ તૈયાર નથી થતો? આ વિચારવા યોગ્ય છે. જો પોતાનું હિત કરવું છે અને સત્પુરુષ રસ્તો બતાવે છે; પરિણામ પોતાના અનુભવથી જે થાય એ કહી દેખાડે છે કે આમ થવું જોઈએ... આમ થવું જોઈએ... આમ થવું જોઈએ... આમ થવું જોઈએ; તો તારા હિત માટે તને એ પરિણામ કરવામાં શું વાંધો છે? જો તારા હિત માટે પણ તું તારા હિતરૂપ પરિણામ ન કરતો હોય અને ન કરવા તૈયાર થતો હો તો બીજાને સુખ થવાનું, બીજાને સુખ આપવાનું, બીજાને હિત થવાનું એ બધી કલ્પના બેકાર છે.

માણસ નથી કહેતા? કે ભાઈ! અમે તો એવું છે કે કુટુંબનું કરવામાં લાગ્યા છીએ. કોઈ એમ કહે કે અમે સમાજનું કરવામાં લાગ્યા છીએ. કોઈ કહે, અમે બીજું કરવા લાગ્યા છીએ. પણ તારા હિતના પરિણામ કરવામાં જ તારો પુરુષાર્થ તૈયાર થતો નથી. તારા સુખ માટે કે બીજાના સુખ માટે તું કાંઈ બીજું કરીને કરી શકે એ ન ભૂતો ન ભવિષ્યતિ. અશક્ય વસ્તુ છે. બહુ સારો બોલ છે.

**'મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે. આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે...'** અંદરના ઊંડાણમાંથી આ ભાવના જાગે **'અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે,...'** પછી આ ઓળખાણ કરવાની પરિસ્થિતિ ઊભી થાય છે. બુદ્ધિની પહોંચનો વિષય હોત તો ઉઘાડવાળા બધા કે દિ'ના પામી ગયા હોત. પણ ભાવનાનો આ અધિકાર છે અથવા ભાવનાવાળો જીવ આનો અધિકારી છે-પાત્ર છે. બાકીનાનો અધિકાર નથી. એમ છે.

અહીંયાં તો **'અંદરના ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ...'** એટલે નિજાત્મ વસ્તુ. વસ્તુ એટલે કોઈ બીજી વાત ઓળખવી નથી. પોતાના નિજ સ્વરૂપને ઓળખવું છે **'તેની ઓળખાણ કરે,...'** ભાવનામાં આવીને ઓળખાણમાં લાગે એમ કહેવું છે. ભાવનામાં આવે નહિ અને ક્ષયોપશમને આત્માની ઓળખાણ કરવા બાજુ લગાવવાનો પ્રયત્ન કરે, ઇચ્છા કરે એમાં જીવ સફળ નથી થતો. આ પ્રકાર ઉત્પન્ન થાય છે. જ્યારે એમ ખબર પડે કે સ્વરૂપની ઓળખાણ કરવી જોઈએ, સ્વરૂપનો નિશ્ચય કરવો જોઈએ અને ઓળખાણ થયા વિના સાચો મહિમા નહિ આવે. ઓળખાણ થયા વિના મહિમા નહિ આવે તો પ્રાપ્તિ પણ (નહિ થાય). મહિમાના ફળસ્વરૂપે અનુભવ છે-સમ્યગ્દર્શન છે એ પણ નહિ થાય. તો ઓળખાણ કરવા માટે શું કરવું? ઘણા શાસ્ત્રો વાંચવા? ઘણાં વ્યાખ્યાનો સાંભળવા? શું કરવું ઓળખાણ કરવા માટે?

કે ઓળખાણ થવા માટે પહેલા એને ભાવનામાં આવવું જરૂરી છે. આત્મભાવના કહો, સ્વરૂપ શાંતિની ભાવના કહો, એમાં આવ્યા પહેલા ઓળખાણ બાજુનો પ્રયત્ન સફળ થતો નથી. એટલે 'અને' કરીને એ એક દિશાની આગળ ચાલતી વાત લીધી છે કે આમ કરે અને પછી આમ પણ કરે.

**'અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે,...'** બે લીટીમાં તો સમ્યગ્દર્શન સુધી પહોંચવાની આખી વાત કરી છે. એના ક્રમની વાત કરી લીધી છે. નિશ્ચિત ક્રમ આવો છે. બીજી રીતે ફાંફાં મારીશ, કરોડ ઉપાય કરીશ (તો પણ) પત્તો લાગશે નહિ. ચોખ્ખી વાત છે. ભાવનામાં આવે. વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે. ઓળખાણમાં એને વિચારપૂર્વકની પ્રતીતિ આવે એટલે જ્ઞાનલક્ષણથી એને ચોખ્ખો જ્ઞાનનો અનંત જ્ઞાનનો ભંડાર-સામર્થ્ય પ્રતિભાસે અને વિશ્વાસ આવે કે મારા સ્વરૂપમાં અનંતુ મારું સામર્થ્ય છે જ. અથવા મારું સ્વરૂપ પરમાત્મપદસ્વરૂપ જ છે, સિદ્ધસ્વરૂપ જ છે એવો એને વિશ્વાસ પણ આવે. તો એને સાચી શાંતિ સમ્યગ્દર્શનમાં મળ્યા વિના રહે નહિ.

પ્રથમ શાંતિનો અનુભવ સમ્યગ્દર્શનમાં થાય છે. આત્મશાંતિ કેવી, એનો સ્વાદ સમ્યગ્દર્શનમાં ચાખવા મળે છે. પછી એ શાંતિ વધતી વધતી વધતી પૂર્ણ શાંતિનો સમુદ્ર અરિહંત દશામાં પ્રગટ થઈ જાય છે. મુનિરાજને વિશેષ વિશેષ અત્યંત ઘણી શાંતિ પ્રગટ થયેલી છે. અહીંયાં એનો નમૂનો પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન વખતે શાંતિનો ભંડાર દેખાય છે અને નમૂનો ચાખવા મળે છે. જેમ કોઈ કહે, તમારે માલ લેવો છે Godown આ ભર્યું ને અને એનો આ નમૂનો. જોઈ લ્યો તમે. ચાખવો હોય તો ચાખી લ્યો. આ સાકર, આ સાકરનું Godown, આ એનો નમૂનો.

મુમુક્ષુ :- બહુ જ ટૂંકી વાત લખી છે.

પૂજ્ય ભાઈશ્રી :- આરાધનાની વાત તો આટલા વિકલ્પવાળી પણ નથી. એમાં તો વસ્તુ અને વસ્તુનો અનુભવ બે વચ્ચેનો ભેદ પણ નિરસ્ત કરીને આરાધના થાય છે. વસ્તુ અને વસ્તુનો અનુભવ એવો ભેદ રાખીને આરાધના થતી નથી. એટલો ભેદ પણ નહિ. એ તો વિષય જ એટલો ટૂંકો અને સંક્ષેપવાળો છે. પણ આ જીવ સમજતો નથી એટલે હજાર વાત કરીને સમજાવ્યું છે. એના બધા શાસ્ત્ર વિસ્તાર છે. એટલે તો કહી દીધું આગળ. આગળ શું કહ્યું? હમણાં જ બોલ આવી ગયો-૩૪૫.

**'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ.' 'મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ.' આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો**

**અનંત રહસ્ય નીકળે,...**' અનંત પડખા, અનેક પ્રકારની વાતો, રહસ્યમય વાતો નીકળે. એટલે ગમે તેવી ઘૂંચ પડી હોય તો એનો ઉકેલ નીકળે છે એના વિસ્તારમાંથી. કોઈ એવી ગૂંચ આગળ નડે કે ભાઈ! અમે આવી રીતે ગૂંચવાયેલા છીએ. તો એનો ઉકલે એ આપી શકે. જેણે અંદરમાં જ્ઞાયક આત્માને સાધ્યો છે એ કોઈપણ ગૂંચનો ઉકેલ આપે. એટલે એની પાસે બધું રહસ્ય છે એ વિષેનું અનંત રહસ્ય છે. ગૂંચ અનંત પ્રકારની તો રહસ્ય પણ એના ઉકેલનું અનંત પ્રકારનું એમાંથી નીકળે. એ બધો વિસ્તાર છે.

મુમુક્ષુ :- જ્ઞાની પાસે રહસ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધું રહસ્ય છે. એક વચનમાં બધું રહસ્ય છે. એવું છે. એટલે એક વાર ચર્ચામાં બહુ સારી વાત ચાલી હતી. ઘણું રહસ્ય છે અંદર એવું બધું અભિપ્રાયમાં રાખીને સાંભળવું. એમ કે જ્ઞાયક કહે છે એટલે આ તો ઘણીવાર આ શબ્દ સાંભળ્યો છે એમ નહિ. અનંત રહસ્ય લઈને વાત આવે છે. એમ અભિપ્રાયમાં રાખીને સાંભળવું. 'બહેનશ્રી'ની ચર્ચામાં આ બધી વાત ઘણી નીકળેલી છે. પુસ્તકમાં તો મર્યાદામાં આવી છે પણ અત્યારે તો ચર્ચામાં ઘણી વાતો આવી છે.

મુમુક્ષુ :- ખરી ભાવના અને ઓળખાણ.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાપૂર્વક એને સ્વરૂપની, પોતાનું સ્વરૂપ કેવું છે એની અંતર જિજ્ઞાસા. કેવું છે એ અંતર જિજ્ઞાસાનો વિષય થયો. એવી અંતર જિજ્ઞાસા, અંતરના ઊંડાણમાંથી જિજ્ઞાસા ઉત્પન્ન થાય અને ઓળખાણ કરે. જિજ્ઞાસા થાય અને ઓળખાણ કરે. જિજ્ઞાસામાં ન આવે તો ઓળખાણ કરવાનો પ્રશ્ન નથી થતો. એટલે એ રીતે વાત લીધી કે વસ્તુનું સ્વરૂપ ઓળખે એમ નહિ. વસ્તુનું સ્વરૂપ કેવું છે? એમ. એ જિજ્ઞાસા લેવી. એ જિજ્ઞાસા.

**'તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાન્તિ મળ્યા વિના રહે નહિ.'** Guaranted વાત છે. ભાવના નિષ્ફળ જતી નથી. એ એક બહુ મોટી વાત છે. જેમ કે કોઈ જીવ લઈએ એવી રીતે કે ઘણું શાસ્ત્ર અધ્યયન કરે છે. તો એ શાસ્ત્ર અધ્યન કરતાં કરતાં પણ થાકે છે. સાંભળે છે તો એમાં પણ થાક લાગે છે. પૂજા કરે તો એમાં પણ થાક લાગે. ભક્તિ કરે તો એમાં પણ થાક લાગે છે. બરાબર છે? જાત્રા કરે તો એમાં પણ થાક લાગે. એમાં તો ઘણો પરિશ્રમ છે. પણ લાગે. ક્યાં થાક ન લાગે? કે જો એને આત્મભાવના હોય તો એ ભાવનાની દિશામાં જેટલા પરિણામ થાય એમાં થાક ન લાગે.

હવે આ જરા પરિણામના વિજ્ઞાનને તપાસવા જેવું છે કે બીજે થાક લાગ્યો

એનું શું કારણ? કે એક તો એ કે પોતાના સ્વરૂપથી દૂર જઈને રસ ઊપજેલા પરિણામ હતા એ પોતાનો સ્વભાવ અને સ્વરૂપ નહોતું એટલે એમાં થાક લાગવાનો... લાગવાનો... ને લાગવાનો. કેમ કે આકુળતા હતી એમાં.

જે આત્મભાવના છે એમાં જે રસ છે એ રસનું અનુસંધાન આત્મરસ ઉત્પન્ન થશે એની સાથે જોડાવાનું છે. એની પૂર્વભૂમિકા છે એ. તો એ બાજુના જે આત્મભાવનામાં જે રસ ઉત્પન્ન થયો અને આત્મશાંતિ માટેનો જે રસ ઉત્પન્ન થયો એ રસ લંબાઈને આત્મશાંતિની પ્રાપ્તિ કરશે. તો એની અંદર એને થાક નહિ લાગે. એ રસ વૃદ્ધિગત થતો થતો શાંતિને મેળવશે. એ રસ વૃદ્ધિગત થતો... થતો... થતો... શાંતિની વૃદ્ધિ કરશે. એ જ રસ વૃદ્ધિગત થઈને પૂર્ણ શાંતિને પ્રગટ કરશે. એટલે એમાં થાક નહિ લાગે.

એટલે બીજા બધા કાર્યોમાં નિરસ પરિણામ થઈ જશે. શાસ્ત્ર વાંચતા પણ પરિણામ નિરસ થશે. સાંભળતા પણ નિરસતા થશે. પૂજા કરતા પણ નિરસતા થશે. ભક્તિ કરતા પણ નિરસતા થશે. પણ આત્મશાંતિના રસમાં, તેની ભાવનાના પરિણામમાં નિરસતા નહિ થાય. એ વૃદ્ધિગત થતાં થતાં ઉતરોત્તર વૃદ્ધિ પામતા પામતા પામતા આત્મામાં જશે અને આત્મામાં જઈને આત્માની પૂર્ણતાને પ્રગટ કરશે. એટલે આ રસ છે એ એક એવો રસ છે, આત્મભાવનાનો રસ છે એ તો એવો રસ છે કે જે આત્માના વિષયમાં જીવને નિરસ નથી કરતા.

શાસ્ત્રમાં આત્માનો વિષય ચાલે છે. શાસ્ત્રવાંચનમાં અને શાસ્ત્રશ્રવણમાં આત્માનો વિષય ચાલે છે. છતાં ભાવના હોય તો એ ભાવનાનો રસ વૃદ્ધિગત થાય. વાંચવાનો રસ ઊડી જાય. એની મર્યાદા આવી જાય. એમ બે વચ્ચે અંદર-બહારનો ફેર છે. મોટો ફેર છે. એટલે આત્મરસ કેળવવા માટે આત્મભાવના એ એક જ અજ્ઞાન દશાથી માંડીને સર્વ દશામાં ભાવનાનો વિષય છે એ રસપૂર્તિનો વિષય છે, રસવૃદ્ધિનો વિષય છે, રસજાગૃતિનો વિષય છે. અને પરિણામનો દોર જીવના પરિણામના રસ ઉપર આધારિત છે. બીજો કોઈ પરિણામનો દોર બીજી રીતે આધારિત નથી. એ પરિણામની વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે.

ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' 'નિયમસાર' શાસ્ત્રની રચના કરી છે. મુનિદશામાં છે. અંતર એકાગ્રતારૂપ આત્મભાવના ઘણી વર્તે છે. એને પણ આત્મભાવના કહેવાય છે. ચારિત્રની દશામાં મહામુનિઓને જે સ્વરૂપની લીનતા વર્તે છે એ એની આત્મભાવનાસ્વરૂપ પરિણામ કહેવાય છે. એવા સમર્થ મહામુનિઓને પણ આત્મભાવનાના વિકલ્પ ચાલે છે ત્યારે એના શાસ્ત્રો રચાઈ જાય છે. એનો ઉત્કૃષ્ટ નમૂનો આ કાળમાં જોવો હોય

તો 'નિયમસાર'માં છે, 'કુંદકુંદાચાર્ય'નો. છેલ્લી ગાથા લખી કે મેં મારી આત્મભાવના અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. એ તો ગાથા લખી છે. ન લખી હોય તો પણ એ વિષય તો શાસ્ત્ર વાંચનારને વાંચતા વાંચતા જ પ્રતીતિ થાય એવી છે કે આ તે કોઈ ભાવનાનું શાસ્ત્ર છે કાંઈ! એવી એક-એક ગાથાઓ છે. એ ગાથા ૧૮૭.

નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,

**णियभावणाणिमित्तं मए कदं णियमसाराणामसुदं।**

**ज्ञात्वा जिनोपदेशं**

જિનેન્દ્ર ભગવાનનો પણ આવો ઉપદેશ છે એમ જાણીને.

**पूर्वापरदोषनिर्मुक्तम**

સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને.

ભગવાનનો જિનેન્દ્રદેવનો આ પૂર્વઅપર દોષ આગળ-પાછળના પૂર્વાપર દોષ રહિત. '**શું કરીને (આ શાસ્ત્ર કર્યું છે)? કે પહેલાં અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને.**' અવંચક (અર્થાત્) નિષ્કપટી, સરળ, છેતરે નહિ એવા. '**અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને. શું જાણીને? જિનોપદેશને અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલા પરમ ઉપદેશને.**' જાણીને. '**પૂર્વાપર દોષના હેતુભૂત સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે જે આપ્ત છે તેમના મુખથી નીકળેલો હોવાથી નિર્દોષ છે.**' એવા ઉપદેશને જાણીને મેં મારી આત્મ ભાવનાની વૃદ્ધિ અર્થે આ શાસ્ત્રની રચના કરી છે. ૧૮૬મી ગાથા આ છે.

**પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,**
**તેનાં સૂણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.**

એવો સુંદર માર્ગ છે, નિર્દોષ માર્ગ છે. કદાચ કોઈ એની પણ નિંદા કરવાવાળા જગતમાં જીવો નીકળશે (પણ) અભક્તિ ન કરશો. માર્ગની અભક્તિ તમે કરશો નહિ. એ ૧૮૬મી ગાથા છે.

મુમુક્ષુ :- ત્રીજી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રીજીમાં છે.

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.**

બીજીમાં તો નથી.

**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.**

એ બીજી છે. ત્રીજીમાં નથી, ચોથીમાં પણ નથી, પાંચમી સુધી નથી. શરૂઆતની ગાથા...

એ વિષય અહીંયાં સ્પષ્ટ થાય છે કે પ્રથમમાં પ્રથમ આત્મશાંતિની ભાવના અને આત્મશાંતિનું ધ્યેય ... મુમુક્ષુજીવને અનિવાર્ય છે. પછી જ સ્વરૂપના ઓળખાણ બાજુની દિશામાં આગળ ચાલવાનો પ્રયત્ન કામિયાબ થશે-સફળ થશે. એ સિવાય વીર્યનો ઉઘાડ કે જ્ઞાનના ક્ષયોપશમનો ઉઘાડ કામ આવશે નહિ. કેમ કે એને દિશા નહિ મળે. એને અવરોધક કારણો છે એ આડા ઊભા હશે અને એ રીતે એનું કાર્ય સફળ નહિ થાય.

એ વિષય એક બોલની અંદર સ્પષ્ટ થઈ જાય છે પહેલેથી છેલ્લે સુધી. કેટલા Point આવી ગયા ? ભાવના, ધ્યેય, જિજ્ઞાસા, સ્વરૂપ નિશ્ચય, સ્વરૂપ નિશ્ચયમાં સ્વરૂપની પ્રતીતિ, વિચારરૂપ પ્રતીતિ. વિચારરૂપ પ્રતીતિ સાધક છે અને અનુભવ સાધ્ય છે-એ બોલ અહીંયાં લાગુ પડે છે 'અનુભવપ્રકાશ'નો. અને સમ્યગ્દર્શનમાં સાચી શાંતિની પ્રાપ્તિ. આખી Line ક્રમથી જે નિયત છે એ એક બોલમાં આવી જાય છે. ક્યાંય બીજી ગડબડ નથી. ૩૪૭ (પૂરો) થયો.

૩૪૮માં પુરુષાર્થ ને રુચિ સંબંધીનો એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અથવા એના જે કેટલાક લક્ષણો છે એની ચર્ચા કરી છે. ૩૪૮માં વિશેષ લેશું.

## તા. ૩૦-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૪૮
## પ્રવચન નં. ૨૬૫

**રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે. રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે. પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.**

**સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે-એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો. ૩૪૮.**

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૪૮, પાનું-૧૧૮. રુચિ અને પુરુષાર્થને સીધો સંબંધ છે. એ પણ પ્રસિદ્ધ છે કે રુચિ અનુયાયી વીર્ય. જે તરફની જે વિષયની રુચિ હોય છે એ વિષય પ્રત્યેનો પુરુષાર્થ, તેને અનુસરતો-રુચિને અનુસરતો પુરુષાર્થ સહજ જ પ્રવર્તે છે. પુરુષાર્થને સીધું ન સમજાય એને રુચિથી સમજી શકાય એવો વિષય છે. અહીંયાં આત્મરુચિની વાત છે કે આત્માની જેને રુચિ છે, સ્વભાવની જેને રુચિ છે, ગુણની રુચિ છે એ રુચિ જ્યારે ઉગ્ર થાય છે ત્યારે પુરુષાર્થ થવો સહજ જ લાગે છે અને રુચિની મંદતાએ કઠણ લાગે છે.

શું છે? પુરુષાર્થને કેવી રીતે જીવ જોવે છે એના ઉપર એની રુચિ કેવી પ્રવર્તે છે એનું આ લક્ષણ બતાવ્યું છે. જ્યારે જીવને એમ લાગે કે પુરુષાર્થ કરવો ઘણો કઠિન છે, આત્મપુરુષાર્થ ઘણી અઘરી વાત છે એવું જ્યારે જ્યારે એને લાગ્યા કરતું હોય ત્યારે એણે એમ જાણવું જોઈએ કે આત્માની રુચિ ઘણી મંદ પડી ગઈ છે. આત્મકાર્ય કરવાની રુચિ ઘણી મંદ પડી ગઈ છે એ એનું લક્ષણ છે. જે જીવને આત્મરુચિ વિશેષ ઉગ્રપણે પ્રવર્તે છે તેને પુરુષાર્થના વિષયમાં જરા પણ કઠિનતા લાગતી નથી. એને સહજમાત્રમાં પુરુષાર્થ થાય એવું લાગ્યા કરે છે.

આમ પુરુષાર્થનું સહજપણું કે પુરુષાર્થનું કઠિનપણું રુચિ અનુસાર સમજાય છે. રુચિ અનુસાર લાગે છે. સમજાય છે એના કરતાં અહીંયાં તો લાગે છે. આવું એક વચન 'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી'એ લીધું છે કે કોઈ એમ કહે કે આ કાળમાં સ્વરૂપાનુભવ બહુ કઠણ વાત છે તો તે આત્માની રુચિને મટાડનાર બહિરાત્મા છે. સ્વરૂપની ચાહ મટાડનાર, ચાહ કહો કે રુચિ કહો. સ્વરૂપની ચાહ શબ્દ વાપર્યો છે.

સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. એવું વાક્ય લખ્યું છે.

એનો અર્થ શું થયો? ઘણાં ત્યાગ કરી શકે છે પણ જો અનુભવની વાત આવે તો કહે એ તો વચનાતીત અને વિકલ્પાતીત વાત છે. એ તો બહુ ઊંચી વાત છે અને આ કાળમાં એ બની શકે એવું નથી. કોઈને અનુભવ થાય એમ દેખાતું નથી. કેમ કે પોતે એમ વિચાર કરે છે કે મેં આટલું બધું ત્યાગ્યું. ત્યાગ્યું...ત્યાગ્યું... એટલું બધું ત્યાગ્યું કે હું દીક્ષા લઈને મુનિ થઈ ગયો તો પણ અનુભવ થતો નથી. માટે એમ દેખાય છે કે આ કાળમાં અનુભવ નહિ થતો હોય-પંચમકાળમાં.

અથવા કોઈ નીચેનો ત્યાગ કરે ત્યારે એમ વિચારે કે આ કાળમાં એને જ અનુભવ થતો હશે કે જે મુનિદશામાં આવતા હોય. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને અનુભવ થતો હશે. તો કોઈ એમ વિચારે કે બારમે ગુણસ્થાને જ અનુભવ થતો હશે. અથવા તો સ્વરૂપાનુભવની વાત કોઈ કરે ત્યારે એને એમ લાગે કે આ વસ્તુ અઘરી છે, કઠણ છે, અત્યારે થઈ શકે એવી નથી, બહુ ઊંચી વાત છે. ત્યારે એમ સમજવું કે એ સ્વરૂપની ચાહ મટાડનાર છે. સ્વરૂપની એને અરુચિ થઈ છે અને એનું બહિરાત્મપણું છે એ તીવ્ર થયું છે. બહિરાત્મા તો અનાદિથી છે જ. પણ એ કેવો બહિરાત્મા છે એનું વિશેષણ વાપર્યું. કે જેને સ્વરૂપની રુચિ બહુ દૂર થઈ ગઈ છે, અરુચિ વ્યક્ત થઈ ગઈ છે એવો એ બહિરાત્મા છે. સ્વરૂપની અરુચિ પ્રસિદ્ધ કરનાર એ બહિરાત્મા છે. એમ લીધું.

એ અભિપ્રાય અનુસાર અહીંયાં 'પૂજ્ય બહેનશ્રી'નું વચન છે. એ અભિપ્રાય અનુસાર વચન છે. 'દીપચંદજી'નો જે અભિપ્રાય છે એ અભિપ્રાય અનુસાર આ વચન છે. કે કોને કઠણ લાગે છે? પુરુષાર્થ કહો, પુરુષાર્થ અનુસાર સ્વરૂપાનુભવ કહો (એ) કોને કઠણ લાગે છે? કે જેને રુચિ મંદ પડી ગઈ. બહુ મધુર ભાષા વાપરી છે. જેને રુચિનું ઠેકાણું નથી. અરુચિ થઈ છે એને કઠણ લાગે છે. મંદ પડી ગઈ છે અથવા કઠણ લાગે છે. મંદ પડી ગઈ છે એમ કહો કે અરુચિ થઈ છે.

મુમુક્ષુ હોય અથવા તો ધર્મના ક્ષેત્રમાં અનેક પ્રકારની ધાર્મિક પ્રવત્તિ કરતા હોય તો એને રુચિ નથી એમ કહે તો જરાક કઠોર લાગે છે. તમને આત્માની રુચિ જ નથી (એમ કહે) તો કઠોર લાગે છે. તો એને મધુર ભાષામાં એમ કહે, એમની એ પદ્ધતિ છે કઠોર ભાષામાં ન કહેવું. રુચિ એની મંદ પડી ગઈ છે એટલે એને કઠિન લાગે છે. મંદ રુચિવાન જીવ છે. એટલે કઠિન લાગે છે. કેમ કે જેને ઉગ્ર રુચિ વર્તે છે એને તો સહજમાત્રમાં પુરુષાર્થ થઈ શકે છે એવું લાગે છે બરાબર. એવું લાગે જ છે એને. એવો વિચાર આવે છે નહિ પણ એવું એને લાગે છે.

મુમુક્ષુ :- ખરેખર રુચિ છે જ નહિ. ઊભા રાખવા માટે (કહ્યું).

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરેખર તો એને અરુચિ થઈ ગઈ છે. પણ જરા Soft language જેને કહેવાય-મીઠી ભાષા, એની રુચિ મંદ પડી ગઈ છે એટલે એમ લાગે છે કે બહુ અઘરું છે. પુરુષાર્થ કરવો એ બહુ કઠણ છે. બહુ પુરુષાર્થ અઘરો છે એવું જે લાગ્યા કરે છે એ એની અરુચિને પ્રસિદ્ધ કરનારા વચન છે.

મુમુક્ષુ :- સ્વરૂપ પ્રત્યે ઉદ્ધત છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપ પ્રત્યે ઉદ્ધત છે. હા, એ તો ક્રોધી છે, ઉદ્ધત છે. પછી અરુચિમાંથી તો બધું નીકળે. સ્વરૂપ પ્રત્યે એને (દ્વેષ છે). 'આનંદઘનજી'એ એ કહ્યું, દ્વેષ અરોચક ભાવ. આત્મા પ્રત્યેનો દ્વેષ છે. અરોચક ભાવ એ આત્મા પ્રત્યેનો દ્વેષ છે. અથવા સીધું કહીએ કે જેને આત્માનો પુરુષાર્થ બહુ કઠણ લાગે છે એને આત્મા પ્રત્યે દ્વેષ થઈ ગયો છે. પછી આત્મા પ્રત્યે દ્વેષ થાય એ આત્મા પ્રત્યે ઉદ્ધતાઈ જ કરે ને? ઉદ્ધતાઈ કરે, અવગણના કરે, અનાદર કરે. બધા શબ્દો એને લાગુ પડે છે. બરાબર.

મુમુક્ષુ :- પોતે પોતાની ઉપર દ્વેષ કરે એ કેવી વિચિત્રતા!

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ કેવું વિચિત્ર છે? બીજા ઉપર તો કોઈ દ્વેષ કરે કે મને પ્રતિકૂળ વર્તે છે. પણ આ પરમાત્માને તો પ્રતિકૂળ વર્તવું એ પ્રશ્ન જ અસ્થાને છે. ઊલટાનું પ્રગટ થવું એવો એનો સ્વભાવ હોવાથી એને કારણપરમાત્મા એવું નામ અપાય છે. જો કે કારણ-કાર્યપણું એનામાં નથી. અકારણ અને અકાર્યપણે એ સદાય ત્રિકાળ ધ્રુવ રહે છે. પણ કારણનો ઉપચાર આપવો હોય તો કારણપરમાત્મા તરીકે એને ઉપચાર દેવાય છે. પરમાત્મ દશા પ્રગટ કરવાના કારણસ્વરૂપે પોતે જ છે. એના ઉપર અરુચિ. એમ.

જેમ કે કોઈ સજ્જન હોય. કોઈના પ્રત્યે ક્યાંય પણ જરા પણ કોઈના પ્રત્યે વિમુખ થવાની જેની પ્રવૃત્તિ ન હોય, વિરુદ્ધ જવાની જેની પ્રવૃત્તિ ન હોય. પોતાનું જ કરતા હોય તો પણ એના પ્રત્યે દ્વેષ કરે તો આ પરમાત્મ પ્રત્યે-સર્વ નિર્દોષ-સર્વથા નિર્દોષ પરમાત્મા પ્રત્યે દ્વેષ કરે છે. કેવી રીતે દ્વેષ કરે છે? કે એની અરુચિ પ્રગટ કરીને દ્વેષ કરે છે. પરિણામનું માપ પોતાને સમજાય એટલા માટે સ્પષ્ટ વાત લીધી છે કે કઠણ લાગે ત્યારે સમજવું કે રુચિની મંદતા અથવા અરુચિ છે અને સહજ લાગે ત્યારે સમજવું કે કાંઈક પુરુષાર્થ હવે બરાબર કામ કરતો થયો છે.

'**રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય...**' એટલે અરુચિ જ થઈ છે. એટલે વિપર્યાસ વધે છે ત્યારે જીવ આડેઅવળે ચડી જાય છે. માર્ગે આવવાને બદલે

એ ઉન્માર્ગે ચડી જાય છે. આડેઅવળે ચડી જાય છે એટલે ઉન્માર્ગે ચડી જાય છે. સાચા માર્ગે જવાના બદલે ખોટા માર્ગે એ ચડી જાય છે અને ત્યારે એને અઘરું લાગે. ત્યારે એને આત્મકાર્ય કરવું એ અઘરું લાગે છે. અથવા કોઈ એમ કહે કે ભાઈ! કેમ તમે આવું બધું કર્યા કરો છો? આત્માનું કરો ને. તો કહે, એ બહુ અઘરી વાત છે. એ ન થાય ત્યાં સુધી આ તો કરીએ.

જ્યાં સુધી આત્માનુભવ ન થાય ત્યાં સુધી તો શાસ્ત્ર વાંચીએ. આપણે બીજાની ટિપ્પણી શા માટે કરવી? શાસ્ત્ર સ્વાધ્યાયની આ ક્રિયા ચાલે છે, બાહ્યક્રિયા દેખાય એવી. તો કહે, જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી શાસ્ત્ર સ્વાધ્યાય તો કરીએ. એટલે એનો અભિપ્રાય જ એ થઈ જાય છે. અભિપ્રાયનો દોષ આમાંથી ઉત્પન્ન થાય છે કે અનુભૂતિ તો બહુ ઊંચી ચીજ છે. એ કાંઈ બહુ સહેલી ચીજ નથી કે સહેલાઈથી થઈ જાય. એ તો ઘણી ઊંચી વાત છે એ થવી જરા કઠણ છે. એ ન થાય ત્યાં સુધી શાસ્ત્ર સ્વાધ્યાય કર્યા કરીએ.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ અહીંયાં કીધું કે એને વ્યવહારશ્રદ્ધા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારશ્રદ્ધા નથી. ૪૩૯. એ એટલા માટે કે એને દર્શનમોહ તીવ્ર થવાનો એ અભિપ્રાય છે. એ અભિપ્રાયને લીધે એનો દર્શનમલોહ તીવ્ર થઈ જાય છે. એટલે એને શ્રદ્ધાના View pointથી જવાબ આપ્યો છે. શ્રદ્ધાના Angle થી જવાબ આપ્યો છે.

મુમુક્ષુ :- વ્યવહારશ્રદ્ધા પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારશ્રદ્ધા નથી.

મુમુક્ષુ :- બરાબર ચાબખો માર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. વાત ઊંડી કરી છે. સમજે તો વાત ઘણી ઊંડી કરી છે.

એ વાત એવી છે કે એમાં એ આડેઅવળે ચડી જાય છે એટપે પછી એમાં જ લાગ્યો રહે છે. જે એણે નક્કી કર્યું હોય. અનુભવના પુરુષાર્થની દિશામાં આગળ વધવાને બદલે એણે જે નક્કી કર્યું હોય કે હું આમ કરું. હું આ કર્યા કરું. આ કર્યા કરું. જે ક્રિયા એણે વિચારી હોય કરવાની, બસ! એ જ એ કર્યા કરે છે. એટલે એ આડેઅવળે ચડી ગયો પછી. અનુભવના પુરુષાર્થની દિશા બંધ રાખી અને જે કાંઈ કરવા લાગી ગયો એ ગમે ત્યાં આડેઅવળે ચડી ગયો. પછી શાસ્ત્રો વાંચતો હોય કે ગમે તે કરતો હોય.

મુમુક્ષુ :- પોતાના સ્વરૂપનો યથાર્થ ખ્યાલ ન આવે ત્યાં સુધી બીજું શું કરે?

પૂજ્ય ભાઈશ્રી :- યથાર્થ ખ્યાલ ન આવે ત્યાં સુધી યથાર્થ ખ્યાલ લેવાનો પ્રયત્ન કરે.

મુમુક્ષુ :- પણ પ્રયત્ન તો આમાંથી જ જડે ને?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો નિમિત્ત છે. ક્યારે? કે અંદરમાં ઓળખવાનો, જ્ઞાનલક્ષણથી ઓળખવાનો પ્રયત્ન કરે ત્યારે. જો પોતે ઓળખવાનો પ્રયત્ન ન કરે તો આ ગમે તેટલું વાંચન કરે અગિયાર અંગ અને નવ પૂર્વ પર્યંતનું વાંચન બેકાર (જાય). એ એને ઓળખવાનું નિમિત્ત નહિ થાય. ખરેખર તો એટલા માટે 'સમયસાર'માં એક બહુ બહુ ઊંચો સિદ્ધાંત, મહત્ત્વનો સિદ્ધાંત બંધ અધિકારમાં લીધો છે. ૩૭૩ ગાથા. કે શાસ્ત્ર અધ્યયનું ફળ શું? કે ભિન્ન આત્માની અનુભૂતિ કરવી તે શાસ્ત્ર અધ્યયનનું ફળ છે. આત્માની અનુભૂતિએ કરવું, એમ ન લીધું. રાગાદિથી અથવા પરથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ શાસ્ત્ર અધ્યયનનું ફળ છે. તો એનો અર્થ એમ થયો કે અનુભવ તો કરવો બાકી છે તો ભિન્નતા કરે છે કે નહિ? શાસ્ત્રનું અધ્યયન કરીને ભેદજ્ઞાન કરે છે કે નહિ? ભિન્નતા કરે છે કે નહિ? તો શાસ્ત્ર અધ્યયનન નિમિત્તભૂત છે. જો ભિન્નતા ન કરે તો શાસ્ત્ર અધ્યયન નિમિત્તભૂત નથી. એનું શાસ્ત્ર અધ્યયન નકામું છે, કાંઈ કાર્યકારી નથી.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ ચોપાનિયા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈ દુકાનના ચોપડા ફેરવે દુકાને જઈને ખાતાવહીના. અને કોઈ મંદિરમાં જઈને શાસ્ત્રના પાના ફેરવે. બેમાં કાંઈ ફેર નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' કીધું છે. શાસ્ત્ર વાંચ્યુ છે કે છાપા વાંચીએ છીએ? એમ બોલ્યા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર એવું જ થાય.

મુમુક્ષુ :- રુચિ ક્યાં છે એની ઉપર આધાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- અઘરું લાગે ત્યારે સમજવું કે રુચિ આત્મા બાજુ નથી. એને એમ લાગવું જોઈએ કે મારું કાર્ય કરવું છે. મને મારો જ અનુભવ કરવો છે. હું હયાત છું એનો અનુભવ કરવો છે. મારી હયાતીને વેદવી એનું નામ અનુભવ છે. તો એમાં વળી અઘરું શું? પ્રયત્ન સાધ્ય છે. પ્રયત્નથી સહેલું છે. તથારૂપ પ્રયત્ન કરવામાં આવે તો થાય, થાય ને થાય જ એવું છે. ન પ્રયત્ન કરે જીવને તો ન થાય. એનો બીજો કોઈ ઉપાય નથી. અથવા ઊંધો પ્રયત્ન કરે તો એને એ અઘરું લાગે.

'**અને રુચિ વધતાં સહેલું લાગે.**' બીજી વાત કરતાં કરતાં એ વાત કરી દીધી.

કે રુચિ વિપરીત જાય ત્યારે આડેઅવળે ચડી જાય અથવા કોઈને કોઈ કાર્ય કરવામાં ફસાઈ જાય. બાહ્ય કાર્યમાં, બાહ્ય ક્રિયામાં ફસાય. પછી શાસ્ત્ર વાંચન પણ બાહ્ય ક્રિયા છે અને ઉપવાસ કરવો એ પણ બાહ્યક્રિયા છે. માત્ર ઉપવાસ કરવો તે જ બાહ્ય ક્રિયા છે અને શાસ્ત્રવાંચન બાહ્ય ક્રિયા નથી એમ માનવા જેવું નથી. વળી કોઈ એ ભૂલ કરે છે કે આપણે ક્યાં ઉપવાસ-એક ટાણામાં પડ્યા છીએ? આપણે તો જ્ઞાનની ક્રિયા કરીએ છીએ-શાસ્ત્ર વાંચીએ છીએ. જ્ઞાનાભ્યાસમાં લાગેલા છીએ. એ પણ અંતરંગ રુચિના અભાવમાં કોરી બહારની ક્રિયા છે અને એનાથી પણ જરાય લાભ થતો નથી. બંને બાહ્ય ક્રિયામાં એકસરખી રીતે જાય છે.

મુમુક્ષુ :- ગુરુદેવે કીધું હતું કે ત્રણ-ચાર કલાક તો વાંચવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- શું થાય? બધા નવરા નથી થતા એટલે એમ કહે. વાંચતા નથી, વિચારતા નથી એને એમ કહે. 'શ્રીમદ્જી'એ કહ્યું કે 'કર વિચાર તો પામ.' અથવા જો સુવિચારણા પ્રગટ થાય,

પ્રગટે જો સુવિચારણા તો પ્રગટે નિજ જ્ઞાન.
તે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.

વિચારણા, આત્માની વિચારણા કરે. એવી વિચારણા કરે કે જેનાથી સ્વરૂપની ઓળખાણ થાય. વિચારણા ન કરે તો ક્યાંથી થાય? વિચારવાની ભૂમિકામાં ઓળખાણ થાય છે એટલે વિચાર કરવાનું કહે છે. વાંચવાનું, વિચારવાનું કહે છે. પણ વિચારે અને અંદર ઓળખાણ ન કરે તો એને એમ કહે છે, આ વિકલ્પ કરી કરીને શું કરીશ? તારા વિકલ્પ વધી જશે. શાસ્ત્ર વાંચતા વાંચતા તારા વિકલ્પ વધી જશે. પછી અપ્રયોજનભૂત પ્રશ્નો ઊઠશે કે અનુભવ થાય એમાં દ્રવ્યનું વેદન થાય કે પર્યાયનું વેદન થાય? પ્રશ્ન ઊઠે છે ને? અનુભવ કેમ થાય, એમ ન પૂછે. પણ અનુભવ થાય તો પર્યાયનું વેદન થાય કે દ્રવ્યનું વેદન થાય?

મુમુક્ષુ :- તમને ખબર કેમ પડે કે અમે કેટલા આગળ વધી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પ્રશ્ન બતાવે છે કે કેટલા ક્યાં વધી ગયા છે. કઈ બાજુ વધી ગયા છે એ પ્રશ્ન પોતે જ પ્રસિદ્ધ કરે છે. એ બધી ગડબડ થાય પછી. તર્ક વિતર્ક ઉઠ્યા કરે. અમે તો અનુભવની ચર્ચા કરીએ છીએ. પણ અનુભવમાં પણ તર્ક વિતર્ક ખોટા ઊઠે છે એનું શું?

મુમુક્ષુ :- સોગાનીજીએ ઈ જ જવાબ આપ્યો છે, તમે કહો છો ઈ. શાસ્ત્ર પઢતે હી પુરુષાર્થ ચાલુ હો જાના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ કહે છે કે, આ વાત એવી છે કે કોઈપણ જીવને,

પાત્ર જીવને ચોંટ લાગે એવી વાત છે. ચોંટ લાગે એવી વાત છે ને ચોંટ નથી લાગતી. એ લક્ષણ ખોટું છે. આ લક્ષણ સારું નથી. ચોંટ લાગવી જ જોઈએ. અને એ પોતાના અનુભવથી વાત કરે છે. પોતાને સાંભળતા ચોંટ લાગી છે. ચોંટ લાગી છે પછી પોતે આગળ ઝડપથી વધી શક્યા છે, વધ્યા છે. એટલે એ પોતાના અનુભવથી વાત કરે છે કે આવી અસાધારણ વાત, આવી જોરદાર આત્મહિતની વાત, આવી સ્પષ્ટ આત્મહિતની વાત અને જીવને ચોંટ લાગતી નથી? તો પછી કાર્ય થવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

'**પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.**' એ પડખું લીધું કારણનું. ખરેખર કારણ પોતાનું છે. ન તો અનુકૂળતાનું કારણ છે ન તો પ્રતિકૂળતાનું કોઈ કારણ છે. કેમ કે ચારે ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પુરુષાર્થ કરીને પામે છે તો પછી કોઈપણ પ્રકારના અનુકૂળતા અને પ્રતિકૂળતાના બહાના એ બીજાના ઉપર આરોપ કરવાનો અને દોષ ઓઢાડવાની વાત છે. પોતાના પ્રમાદે પોતાને દુર્ગમ એટલે અઘરું લાગે છે, કઠિન લાગે છે. અને પોતે પ્રમાદ ખંખેરીને પુરુષાર્થ કરવામાં પ્રેરાય તો પામી જતા વાર લાગતી નથી.

વિશેષતા એ છે કે જીવને અજ્ઞાન અંધકાર અનાદિ કાળના છે. અનાદિ કાળના સંસ્કાર છે ઊંધા અજ્ઞાનના. અને અંધકાર અનાદિનો છે પણ પાત્રતામાં આવતા વાર લાગતી નથી. જેને આત્માની જ પ્રાપ્તિ કરવી છે એવી ભાવના જાગે છે ત્યારે એને પાત્રતામાં આવતા વાર લાગતી નથી. એ ભાવના થઈ એ જ એની પાત્રતા તત્કાળ પ્રગટ થઈ તે જ કાળે. અને પાત્ર જીવ પામે છે. પાત્ર સિવાય જીવ કોઈપણ પ્રકારનો જીવ પામતો નથી.

એ રીતે જોઈએ તો મોક્ષમાર્ગ કેટલો સરળ છે! એ રીતે મોક્ષમાર્ગ આટલો બધો સરળ છે. એના બદલે એમ વિચારે કે દુર્ગમ છે. બહુ આ તો અગમ-નિગમની વાત છે. અનંત કાળ સુધી પ્રાપ્ત થયો નથી. અનંત કાળે પણ પ્રાપ્ત ન થયો હોય તો અઘરો હોય તો જ અનંત કાળે પ્રાપ્ત ન થાય. એમ અરુચિને પોષણ કર્યા કરે. કઠણ હોય તો જ અનંત કાળે પ્રાપ્ત ન થાય. માટે ખરેખર અઘરો છે. ખરેખર કઠણ છે એમ કરીને અરુચિને પોષે એ વ્યાજબી નથી. અનંત કાળે નહિ પ્રાપ્ત થયો હોવા છતાં જો પ્રાપ્ત કરવાનું જ એક ધ્યેય માત્ર હોય તો પ્રાપ્ત કરવો સુગમ છે અને સરળતાથી પ્રાપ્ત થાય છે. ન થાય એવું નથી.

મુમુક્ષુ :- ન થવાનું કારણ તો રુચિમાં જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ છે. પોતાને પોતાના ગુણની રુચિ પ્રગટી નથી. ગુણની રુચિ પ્રગટી નથી તો અવગુણની રુચિ એને ચાલુ છે બરાબર.

મુમુક્ષુ :- અવગુણની રુચિ છે આ વાત ...

પૂજ્ય ભાઈશ્રી :- ... કરે તો તો સારી વાત છે. ચોંટ લાગવી જ જોઈએ એમ છે. ખરેખર તો ચોંટ લાગવી જ જોઈએ. જેમ કોઈ માણસ ઘણું નુકસાન થાય તો તે બરદાસ્ત કરવા તૈયાર નથી-સહન કરવા તૈયાર નથી. તો આમાં કાંઈ થોડું નુકસાન નથી. આત્માની અરુચિ એ પોતાના નિજ પરમેશ્વરપદનો અનાદર છે. એ કોઈ થોડું નુકસાન નથી. અથવા જેના ગર્ભમાં નરક નિગોદના અનંતા ભવો પડ્યા છે એને આત્માની અરુચિ કહે છે. એને મિથ્યાત્વ કહે છે. એ બધા એના જ નામ છે. એક જ પર્યાયના નામ છે. મિથ્યાદર્શન કહો, દર્શનમોહ કહો, આત્માની અરુચિ કહો. જ્યાં જ્યાં દર્શનમોહ વધે ત્યાં આત્માની અરુચિ વધે. જ્યાં દર્શનમોહ વધે ત્યાં આત્માની અરુચિ વધે.

મુમુક્ષુ :- આત્માની અરુચિ વધે છે ત્યારે જ્ઞાની પ્રત્યે પણ દ્વેષ આવે ને?

પૂજ્ય ભાઈશ્રી :- એવું થઈ જાય. વિશેષ વધારે થાય ત્યારે એવું થઈ જાય. દેવ-ગુરુ-શાસ્ત્રના વિરાધનાના પરિણામ, સત્પુરુષ પ્રત્યેના વિરાધનાના પરિણામ એ પણ અરુચિના જ દ્યોતક છે. અરુચિને પ્રસિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- પ્રમાદ તોડવો એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રમાદ કરે એટલે શું? કે પુરુષાર્થ-સહજ આત્મપ્રત્યયી પુરુષાર્થ ચાલવાનું ન થાય. એમ ને એમ બીજા કાર્યોમાં લાગ્યો રહે તે પ્રમાદ છે. પ્રમાદ એટલે સૂસ્ત થઈને પડ્યો રહે, નવરો હોય છતાં કાંઈ કામ કરે નહિ એને અહીંયાં પ્રમાદ, લૌકિક પ્રમાદ નથી કહેતા.

મુમુક્ષુ :- તીવ્ર કષાયના પરિણામ?

પૂજ્ય ભાઈશ્રી :- મંદ કષાયમાં હોય તો પણ પ્રમાદમાં જાય છે. એવું નથી કે તીવ્ર કષાયને જ પ્રમાદ કહેવાય.

મુમુક્ષુ :- અવગુણની રુચિવાળાને પ્રમાદ કહેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રમાદ છે. એ પ્રમાદ છે. અથવા તો એને જે ઉત્સાહ, આત્મ પુરુષાર્થનો જે ઉત્સાહ, અંતર્મુખી પુરુષાર્થનો જે ઉત્સાહ અને વેગ આવવો જોઈએ એ પ્રકારમાં નથી આવતો. સીધે સીધું કહીએ તો જ્ઞાનમાત્ર છું એમ અંદરથી જોર આવવું જોઈએ. એવું જોર નથી આવતું અને અન્ય ભાવ પ્રત્યે જોર આવે છે, અન્ય ભાવમાં ઉત્સાહમાં આવે છે એ બધો પ્રમાદ છે. આત્માની અરુચિ છે

એમ કહો કે એ બધો પ્રમાદ છે એમ કહો, બધું એક જ છે.

'**પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર...**' અહીં તો ઈ પડખું લેવું છે કે પોતે એ કરે છે. પાછો કોઈના માથે દોષ ઓઢાડીશ નહિ. શું કરીએ? આવા સંયોગો થયા. શું કરીએ? આવા બધા કારણો ઊભા થઈ ગયા એટલે અમે કાર્ય ન કરી શક્યા. એ વાત ખોટી છે. કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આત્માનું કાર્ય આત્મામાં અંદરમાં કરવાનું હોવાથી બહારના કોઈપણ પ્રસંગોની અંદરમાં દખલ થવાની પહોંચ નથી. એ કાર્ય કોઈ રોકી શકે એવું દ્રવ્ય-ભાવથી બની શકતું નથી.

મુમુક્ષુ :- પાંચ હજારનો નફો બતાવે એની પાસે કાંઈ બહાના કાઢે?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એને ક્યાં બહાના કાઢવાનું રહ્યું. જો પોતે કરે તો થાય એવું છે અને પોતે નથી કરતો માટે નથી થતું. પોતે જ કારણ છે, આ વાત ઉપર વજન છે. કારણ હોય તો પોતે જ છે. એટલે જવાબદારી પણ પોતાની જ છે. અન્યમતમાં એટલું તો આવે છે. ગીતાનો એક શ્લોક છે કે પોતે જ પોતાનો શત્રુ છે અને પોતે જ પોતાનો મિત્ર છે. એવો એક શ્લોક આવે છે. પોતે જ પોતાનો શત્રુ છે અને પોતે જ પોતાનો મિત્ર છે. અહિત કરે તે શત્રુ. પોતે જ પોતાનું અહિત કરે છે માટે જ પોતે જ પોતાનો શત્રુ છે. હિત સાધક તે મિત્ર. એટલે પોતે જ પોતાનું હિત કરે તો પોતે જ પોતાનો મિત્ર છે. એટલું તો બુદ્ધિથી વિચારી શકે છે અન્યમતમાં પણ. પણ પોતે જ કારણ છે, બીજું કોઈ કારણ નથી.

અથવા જે જે જીવો નિમિત્તકર્તાપણું માને છે તે પોતાને પોતાના ગુણ-દોષમાં કારણ છે એમ પોતાને સમજી શકતા નથી. જેની દૃષ્ટિ નિમિત્તાધીન છે, જે નિમિત્તને કર્તા તરીકે સ્વીકારે છે એ પોતે જ કારણ છે ગુણમાં કે અવગુણમાં, સાધક કે બાધકપણામાં, એ વાત નહિ સ્વીકારી શકે. જ્યારે પોતે દોષ કરશે ત્યારે બીજા ઉપર નાખશે કે ફલાણાંએ આમ કર્યું ને માટે મારા આવા પરિણામ થયા. એ વાત સાચી નથી. પોતાના પરિણામ સારા થવા કે માઠા થવા એનું કારણ ખરેખર પોતે જ છે. સામો સંયોગ, બીજો જીવ, કોઈપણ પ્રકારનો સંયોગ ખરેખર કારણ નથી.

'**બધેય પોતાનું જ કારણ છે.**' બેય બાજુ. સવળાઈમાં કે અવળાઈમાં કારણ તો પોતાનું જ છે. પણ જીવને એવી ઊલટી ટેવ પડી છે કે જો નુકસાન જાય અથવા ખોટું કામ થાય, ભૂલ થાય તો એ તરત બીજાનું કારણ ગોતશે કે કોના કારણે થયું? પોતાની બાજુ જોશે જ નહિ. પોતાની ભૂલ થઈ હશે તો પણ નહિ જોવે. કોના કારણથી, કોની ભૂલથી આ ગડબડ થઈ? એ શોધશે. અને જો સફળતા મળે તો મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું એમ એને થઈ આવશે. મૂળમાં આટલું તો

મેં કર્યું હતું ને. પછી ભલે બીજું બધું બીજાએ કર્યું પણ મૂળમાં તો હું જ છું ને. એમ એને થઈ જાય. કોઈપણ જગ્યાએ એને એ રીતે બીજાના કાર્યમાં પોતે અને મારા કાર્યમાં કોઈ બીજા, એવી બે દ્રવ્યની એક્તાબુદ્ધિમાં આ ગડબડ ઊભી થાય છે. પણ પોતે જ કારણ છે. બીજું કોઈ પોતાના કાર્યમાં કારણ થઈ શકતું જ નથી.

... ફાંફાં મારે છો. જે કાંઈ કામ કરે છો એ સુખ માટે કરે છો. તો કહે છે કે સુખનું ધામ તો આત્મા છે. અનંત અનંત સુખનિધાન આત્મામાં પડ્યા છે. જેની કોઈ હદ નથી એટલું સુખ ભરેલું છે. બેહદ સુખ ભરેલું છે. જેની કોઈ સીમા નથી એટલું સુખ. સુખના ભંડારમાં એટલું સુખ છે એ સુખનો કોઈ પાર નથી એટલું અપાર.. અપાર.. અપાર સુખ છે. એવો આત્મા છે. અને આ જ એક આત્માને આત્મામાં આકર્ષિત થવાની મોટામાં મોટી સંપત્તિ છે. આત્મગુણોની, અનંત આત્મગુણોની આત્મામાં જે સંપત્તિ છે, એમાં જે આ સુખ છે એ એક મોટી આકર્ષણની સંપત્તિ છે.

સુખને લઈને જીવ આકર્ષાય છે. આ એક એની સ્વભાવગત ચીજ છે. જ્યાં ખોટું સુખ, સુખ નથી પણ માનેલું ખોટું સુખ છે ત્યાં પણ જીવનું આકર્ષણ રોકી શકાતું નથી, તો અનંત અનંત સુખ છે એવું જો એને એની મોજૂદગી અને હયાતી, અનંત સુખના ધામની હયાતીનો એને વિશ્વાસ આવે કે હયાત છે આ વસ્તુ મારામાં તો એને એ તરફનું આકર્ષણ રોકી ન શકાય એવું ઉત્પન્ન થાય, થાય ને થાય જ. ન થાય એવું બને નહિ. અને કેવું? નિરાકુળ સુખ પાછું.

જગતના જે કલ્પેલા સુખ છે એમાં તો એકલી આકુળતા છે. અથવા જીવ બળે છે, એની અંદર સળગે છે. ઇચ્છાની આકુળતામાં જીવ બળે છે, સળગે છે, આકુળિત થાય છે. અહીંયાં એ પ્રકાર નથી. અહીં તો એકદમ અંદરમાં ઠરીને ઠામ થઈ જાય. ભગવાનની પ્રતિમા જોઈએ છીએ. અત્યારે તો સાક્ષાત્ ભગવાન નથી અહીંયાં. પણ જેમ એ ઠરીને ઢીમ થઈ ગયા છે. કેમ કે અંદરમાં સુખનું નિધાન, સુખના ધામમાં બિરાજમાન થઈ ગયા છે નિરાકુળપણે. અનંત સુખને પ્રગટ કરીને ભોગવે છે.

એવું '**સુખનું ધામ આત્મા છે,...**' એને અંગ્રેજીમાં Magnetic property કહેવાય છે. આત્માની એ Magnetic property છે. ખેંચે છે, પરિણામને એની બાજુ ખેંચીને લઈ જાય છે. એને વિશ્વાસ આવવો જોઈએ કે ખરેખર મારામાં અનંત સુખ હયાત છે. પ્રગટશે ત્યારે હયાત છે એમ નહિ પણ અત્યારે જ આ ક્ષણે મારામાં અનંત સુખની હયાતી છે. પછી ક્યાંય સુખ માટે અપેક્ષિત વૃત્તિ એની ઊભી થાય નહિ.

મુમુક્ષુ :- તૃપ્ત થાય પણ નહિ. કારણ કે બહાર સુખ છે પણ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બહાર તો પછી તો પ્રત્યક્ષ ખ્યાલમાં આવે છે. આ અનંત સુખનું ધામ આત્મા પ્રતીતમાં આવ્યા પછી, પછી તો બીજી તરત જ ખબર પડે છે કે જેટલું પરિણામ બહાર નીકળે છે એટલી આકુળતા અને દુઃખનો જન્મ થાય જ છે. એ દુઃખ જન્મતા જ, એ આકુળતા પોતે દુઃખનું સ્વરૂપ છે. જેટલું પરિણામ બહાર ગયું એ દુઃખને સાથે લઈને જ ગયું. તત્કાલ દુઃખની ઉત્પત્તિ થઈ, થઈ ને થઈ. એ અનુભવથી પ્રત્યક્ષ થઈ જાય છે. કેમ કે સુખ ને દુઃખ તો અનુભવનો વિષય છે. વિચારીને નક્કી કરવાનો વિષય નથી પણ અનુભવીને નક્કી કરવાનો વિષય છે. તો એ ત્યાં પ્રત્યક્ષ અનુભવ છે. એટલે એ કલ્પનામાં આવવાનું એને બનતું નથી. અને અનંત સુખના ધામને તો એ મોજૂદપણે, હયાતપણે એ જોવે છે. પ્રત્યક્ષ હયાતી જેની જોવે છે એમાં શંકા શું? જેની હયાતી પ્રત્યક્ષ જણાય એમાં શંકા શું? એમાં અવિશ્વાસ શું? કે પછી એમાં કોઈ અવિશ્વાસ કે શંકાનું કારણ રહેતું નથી.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ હયાતી જણાય એટલે શું?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષ હયાતી જણાય એટલે એ સુખ છે અને કોઈ આવરણ થોડું છે? સુખ સ્વભાવને આવરણ થોડું છે? આવરણથી પરોક્ષ છે. પણ સુખસ્વભાવને આવરણ થોડું છે? કે નહિ. સુખસ્વભાવને આવરણ નથી.

'ગુરુદેવશ્રી' કહેતા ને? 'કુંદકુંદાચાર્યદેવે' મહાવિદેહમાંથી આવી અને 'પ્રવચનસાર'ની રચના કરી. તો બધા તીર્થંકરોની ભક્તિ કરી. જાણે કોઈ પોતાનો દીક્ષા પ્રસંગ હોય. એવી રીતે બધા તીર્થંકરોની પ્રત્યેકની અને સમૂહની ભક્તિ કરી. એમાં સિદ્ધોની પણ ભક્તિ કરી. અરિહંતોની ભક્તિ કરી, તીર્થંકરોની ભક્તિ કરી, સિદ્ધોની ભક્તિ કરી. સિદ્ધ પરમાત્મા તો સિદ્ધાલયમાં બિરાજે છે. આ વિષય ઉપર 'ગુરુદેવ' જરા ખીલ્યા હતા કે સિદ્ધ પરમાત્મા તો સિદ્ધાલયમાં બિરાજે છે. તો કહે, નહિ, નહિ. મેં મારા જ્ઞાનના સામર્થ્યથી એ સિદ્ધ પરમાત્માને મારા મતિ-શ્રુતજ્ઞાનમાં નીચે ઉતાર્યા છે. એટલે ખરેખર એ સિદ્ધાલયમાં બિરાજતા નથી પણ અત્યારે મને ભક્તિનો ભાવ ઉલસ્યો છે તો મારા મતિજ્ઞાનમાં અને શ્રુતજ્ઞાનમાં બિરાજે છે. મારા આત્મામાં બિરાજે છે. અનંતા સિદ્ધો? તો કહે, એને લઈ આવ્યો નીચે. પોતાનો જ્ઞાનનો ઉપયોગ એને નીચે લઈ આવે છે. જ્ઞાનનો ઉપયોગ ત્યાં જાય છે એમ વાત ન કરી. પણ સિદ્ધ ભગવાનને નીચે ઉતાર્યા છે એમ વાત કરી.

એમ કહે છે, આત્મા સામર્થ્યસ્વરૂપ છે ને? તો કહે સામર્થ્ય સ્વરૂપ છે એટલે એને પરોક્ષ-પ્રત્યક્ષનો ભેદ લાગુ પડતો નથી. ત્રિકાળ સામર્થ્યસ્વરૂપ હોવાથી એ નિરાવરણ

સ્વરૂપ છે. આવરણ નિરાવરણનો ભેદ લાગુ પડતો નથી. પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ લાગુ પડતો નથી. એટલે એકદમ હયાત છે એવી રીતે એને જોવામાં આવે. એની જે હસ્તી છે, એને હયાતીરૂપે જોવામાં આવે છે. બસ, એ હયાતી અને વગર હયાતીનો જ આ ફેર છે. જેમ કોઈ મૃતક કલેવર હોય તો એમ કહે કે જો કલ્પના થાય તો એમ થાય કે માણસ સૂતો છે. આ તો સૂતેલો માણસ છે. અને એ જ આકાર હોય પણ અંદરમાં ચેતન ન હોય. તો એને આકાર દેખાય છે પણ એની હયાતી નથી એની પ્રતીતિ આવે છે તો એના ઉપર એની અસર આવે છે. જીવન અને મૃત્યુ જેટલો ફરક છે. હયાતી અને બિનહયાતીમાં જીવન અને મૃત્યુ જેટલો ફરક છે. તો અહીંયાં જેવી હયાતી ગ્રહણ થાય છે, અસ્તિત્વ ગ્રહણ જેને કહે છે, એમાં સીધું જીવન શરૂ થાય છે અને નહિતર તો ભાવમરણ ચાલુ રહે છે. આટલો બધો ફેર છે આમાં.

એ કહે છે કે '**અનંત સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે-એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.**' એ તો ભાષા એ રીતે કરવામાં આવે છે (કે) મહિમા લાવવો. પણ જેવું પોતાના સુખના નિધાનને જાગૃતિમાં આવીને ગ્રહણ કરે કે હું આવો છું. ગ્રહણ કરવું એટલે પોતાની હયાતીમાં પોતાનું અસ્તિત્વ સ્થાપવું. ત્યારે એનો મહિમા ઉપડે છે. અથવા મહિમા ઉપડે છે અને એ કાર્ય થાય છે. એ રીતે પુરુષાર્થને ઉપાડવો એમાં થોડું જોર આવી જશે અને એ જોરથી કામ કરવું, પ્રમાદને તોડવો. એ સિવાયના કાર્યને બધું પ્રમાદ કહેવામાં આવે છે. આત્મિક પુરુષાર્થ સિવાયનું બધું કાર્ય પ્રમાદમાં જાય છે. કેમ? કે એ આત્મામાં સાવધાન થવાને બદલે એનો પુરુષાર્થ પરમાં સાવધાન થયો, રાગમાં સાવધાન થયો. પરમાં અને રાગમાં સાવધાન થયો તે પ્રમાદ. સ્વરૂપમાં સાવધાન થયો તે અપ્રમાદ. આ એની ચોખ્ખી વાત છે.

એટલે સુખની મુખ્યતાથી કહે છે અહીંયાં કે તારું પ્રયોજન સુખથી છે. અને તારું પ્રયોજનભૂત તત્ત્વ પણ તું પોતે જ છો. એ સિવાય તારા માટે તારું કોઈ પ્રયોજનભૂત તત્ત્વ નથી. '**આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે.**' નિધિ પણ કેટલી? કે આશ્ચર્યકારી છે. શ્રુતજ્ઞાન લંબાવે તો આ બાજુ જ્ઞાનનો છેડો આવે નહિ. આ બાજુ એના નિધાનનો છેડો આવે નહિ. એટલું અંદરમાં સામર્થ્ય ભર્યું છે. મહાઆશ્ચર્યકારી છે. જગતના બધા જ આશ્ચર્યકારી પદાર્થો અને પ્રસંગો આત્માના આશ્ચર્યકારી નિધાન પાસે તુચ્છ ભાસે એવું મહાઆશ્ચર્યકારી તત્ત્વ છે એમ લેવું છે. એ પ્રકારનો એને પોતાને મહિમા આવે અને એ બાજુનો વેગ સંવેગ ઉપડે તો પ્રમાદ એને તૂટ્યો.

નહિતર પ્રમાદમાં જ પડ્યો છે. જે કાંઈ કરે એ બધું પ્રમાદને ખાતે થાય છે. અંતરમાં સાવધાન થા. આત્મામાં સાવધાન થા. આત્માના પુરુષાર્થમાં આવ, કઠણ છે... કઠણ છે... કઠણ છે એમ કરીને વાતને ઊડાડી દેવા જેવી નથી.

સામાન્ય રીતે સંપ્રદાયમાં એ રીતે વાતને ઉડાડવામાં આવે છે કે આ તો બહુ ઊંચી વાત છે અને કઠણ વાત છે. પહેલા આ કરો, પહેલા આ બધું કરો, પહેલા અમે કહીએ છીએ તે બધું તમે કરો. તો પેલી વાત કદાચ તમે કરી શકશો. તમે કરી શક્યા નથી અને કોઈ કરી શકશે નહિ. પહેલી વાત આત્મામાં સાવધાન થવાની છે. પહેલી વાત આત્માની રુચિ પ્રગટ કરવાની છે. એ વાત પહેલી છે અને બાકી બધી પછી છે. એમ એને મુખ્યતા આપવી જોઈએ.

મુમુક્ષુ :- વાત ઊંચી નથી પોતે બહુ નીચે ઉતરી ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે નીચે ઉતરી ગયો છે. વાત તો જે છે તે છે. એના ઘરની છે. કો'કના ઘરની નથી. પણ પોતે નીચે ઉતરી ગયો છે એટલે એને ઊંચી ઊંચી બતાવી અને હડસેલો મારે છે, અનાદર કરે છે કે અત્યારે મને ન ખપે. મને અત્યારે ન ખપે. એની દાનત ખોટી છે. જેમ કોઈ દેણદાર એમ કહે ને પૈસા લેવા (આવે ત્યારે), અત્યારે નહિ. તો ક્યારે? પણ તમને કહ્યું ને કે અત્યારે નહિ. પછી વાત. પણ પછી ક્યારે? કે એ તમને હું કહીશ પણ અત્યારે નહિ. એનું અત્યારે અને પછી પૂરું થાય નહિ અને કોઈ દિ' એ કાંઈ આપે નહિ. કેમ કે એની દાનત જ નથી.

એમ અરુચિવાળા જીવની એ વાત છે. અત્યારે નહિ. પહેલાં હું આમ કરું... પહેલા હું આમ કરું... પહેલા હું આમ કરું. પહેલા આમ તો કરું ને? પહેલા આમ તો કરું ને? પણ પહેલા આત્માની રુચિ કરવામાં તને વાંધો શું છે? પહેલા આત્મામાં સાવધાન થવાનું શું કરવા નહિ? અને પહેલાં બીજું શું કરવા? એ પહેલા-બીજુ... સોગાનીજી તો ત્યાં સુધી કહેતા કે પહેલા વાંચી તો લઉં, પહેલા સાંભળી તો લઉં પછી હું પુરુષાર્થ કરીશ. એ બધું પર્યાયનું એકત્વ દઢ કરીને અરુચિ વધારવાની વાત છે.

મુમુક્ષુ :- પીછેવાલા પીછે રહ જાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એમણે ચોખ્ખું કહ્યું કે પીછે કરુંગા.. પીછે કરુંગા... પીછેવાળા સબ પીછે હી રહેગા. કોઈ દિ' એનો નંબર આગળ આવશે નહિ.

અહીંયાં પણ એ જાતની પ્રેરણા છે કે આત્માનો મહિમા લાવી લાવીને, મહિમાવંત આત્માને જ્ઞાનમાં લઈને એનો અર્થ એમ છે. મહિમા લાવવો એટલે કોઈ કૃત્રિમતા કરીને રાગ કરવો એમ નહિ. મહિમા લાવવામાં વળી એવો ખ્યાલ આવે છે કે આત્માના

વિકલ્પો બહુ કરવા. આત્માના બહુ વિકલ્પો કરીને મહિમા લાવવો. એમ નહિ. મહિમાવંત એવું આત્મસ્વરૂપ જ્ઞાનમાં આવે એટલે એનો મહિમા અને પરુષાર્થ અને રુચિ બધા પરિણામ ઉગ્ર થયા વિના રહે નહિ. ૩૪૮ (પૂરો) થયો.

**ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ-કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા! જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઈચ્છે તે જેમને મળતું હતું, જનમથી જ, જન્મ થયા પહેલાં પણ, ઈન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરતા-એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા, તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને ? માટે, હે જીવ ! તું આવા આશ્ચર્યાકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ-આત્મા-પ્રાપ્ત થશે. ૩૪૯.**

૩૪૯. **'ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ-કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા!'** દાખલો આપ્યો છે કે ચક્રવર્તી જેવા છ ખંડના ધણી, ત્રણ ખંડના ધણી અર્ધ ચક્રી બળદેવ એને અર્ધચક્રી કહેવાય. અર્ધચક્રી આમ તો વાસુદેવને અર્ધચક્રી કહે છે. આ તો બળદેવ. ચક્રવર્તી બળદેવ પણ વાસુદેવ તો જાય છે ને? એટલે એમનો દૃષ્ટાંત નથી લીધો. બળદેવ લીધા છે. એ ભવે મોક્ષગામી છે. અને તીર્થંકર જેવા. એમ તો બહારમાં આ બધી પુણ્યની પદવી છે. ચક્રવર્તી, તીર્થંકર, બળદેવ બધી મોક્ષગામી આત્માઓની પુણ્યની પદવી છે. જગતના જીવો પુણ્યવંતને ઓળખે છે. પવિત્રતાના ધણી, ધર્મના ધણીને ઓળખતા નથી. એટલે એના દાખલા દે છે. શું કરે જ્ઞાનીઓ? પુણ્યથી પ્રસિદ્ધ થાય છે. પ્રસિદ્ધ થવું એ પણ પુણ્યનું જ ફળ છે ને? પુણ્યની જ પ્રસિદ્ધિ છે એની અંદર. એટલે એના દાખલાથી સમજાવે છે.

મુમુક્ષુ :- આ બહુ સરસ કહ્યું. ચક્રવર્તી, બળદેવને ઓળખે, જ્ઞાનીને ન ઓળખે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીને નથી ઓળખતા. દાખલા એના એટલા માટે આપે

છે કે એ જગતમાં એ બધા મોટા કહેવાય. પુણ્યવંત છે એ બધા મોટા કહેવાય. કોણ? કે આ બધા મોટા માણસો. ખોટા હોય તો પણ મોટા કહેવાય છે. કેમ કે પુણ્ય છે એનું. એટલે જગતમાં મોટા કહેવાનો પુણ્યનો એ વખતે ઉદયમાં ઉદયને હિસાબે એમ કહેવાય છે. તો એનો દૃષ્ટાંત આપે છે.

જગતમાં કહેવાતા મોટા મોટા. છે કે કેમ એ બીજી વાત છે. ખરેખર તો ધર્મ મોટો છે અને ધર્માત્મા મોટા છે. પુણ્યવંત આત્માઓ મોટા છે એમ ખરેખર છે નહિ. પણ જે કહેવાય છે એ અનુસાર. **'ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા...'** આત્માની સાધના કરવા માટે પોતાના રાજ અને વૈભવની ઉપેક્ષા કરી કે મારે આમાં ક્યાંય ફસાવું નથી. એની ઉપેક્ષા કરી. એમાં ક્યાંય એને ગમ્યું અને પકડી રાખ્યું એ વાત છે નહિ.

આત્માની રુચિ પાસે બાકી બધું અરુચિમાં જાય છે. વિચારવા જેવો વિષય એ છે કે અંદર એવું શું છે? આત્મામાં એવું શું છે કે ચક્રવર્તી છ ખંડ સહજ માત્રમાં છોડવા તૈયાર થાય? જેમ કોઈ માણસને એમ કહે કે તમારે કાચના કટકાને પકડી રાખવો છે કે હીરો જોઈએ છે? હીરો જોઈતો હોય તો ઓલો કટકો ફેંકી દો તમે. આ હીરો લઈ લો. એક મુઠ્ઠીમાં બે સમાય એવા નથી. તો સહજ માત્રમાં ફેંકી દે. એમ અંદરમાં ચૈતન્ય હીરો છે એ જેને જોઈએ છે એ સહજ માત્રમાં છ ખંડની ઉપેક્ષા કરી શકે છે. સહજ માત્રમાં છ ખંડની ઉપેક્ષા કરી શકે. એ કેટલું કેવું તત્ત્વ હશે, એની કોઈ એક જિજ્ઞાસામાં આવવા જેવો એ વિષય છે. કોઈ અપૂર્વ જિજ્ઞાસામાં આવીને સમજવાની એ ચીજ છે, તુલના કરીને. કે જેમાં છખંડ છૂટવા એ તો સહજ છે. લીલામાત્રમાં. જેમ કોઈ નાકમાંથી કાઢી નાખે, કફ કાઢી નાખે. એવી રીતે એ છ ખંડ છોડતા એને વાર લાગતી નથી. બોજો લાગે ને? નાકમાં કફ ભરાઈ જાય તો એને શું લાગે? બોજે લાગે. કાઢે છૂટકો. એમ એને બોજો થઈ પડે છે. છ ખંડની ઉપાધિ એને બોજો થઈ પડે છે.

જગતના સંસારી જીવને જે આશ્રયસ્થાન લાગે છે કે હાશ! મને છે. મારે ઘર છે, મારે પૈસા છે, મારે કુટુંબ છે, મારા સગા-સંબંધી છે, મારે સમાજ છે, મારે આ બધું છે. આ ગામમાં મારે બધું છે. હવે મારે આ ગામ છોડવું નથી. જ્યાં જાય ત્યાં એને છોડવાનું મન ન થાય. જો છોડવું પડે તો આકરું લાગે. આંસુડા પડી જાય અરેરે..! ગામ છોડવું પડ્યું. એમ થાય. અરે..! ગામ શું દેહ છોડવાનો છે. એ પણ છોડે છૂટકો છે. તો પછી જેને એ ઉપેક્ષાનો વિષય થાય છે. જ્યાં સંસારી જીવોને એક હૂંફનું સ્થાન છે, આધારનું સ્થાન છે એ સહજમાત્રમાં જે છોડી

શકે છે તો એ વસ્તુ કેવી હશે તે વિચાર કરવો જોઈએ.

**'આ વૈભવ-કાંઈ નથી જોઈતું એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા!'** સાધના કરવામાં બીજાના સાથની જરૂર નથી. એક એક શબ્દ બહુ સારી રીતે લીધો છે. સર્વની ઉપેક્ષા કરીને. એમ દ્વેષ કરીને નહિ. આ બધું મારા રાગનું કારણ છે એમ દ્વેષ કરીને નહિ. રાગ ખસે અને દ્વેષ ઊભો થાય તો હજી ત્યાંનો ત્યાં છે. હજી રાગ એટલો જ ઊભો છે એને. જરાય રાગ ઓછો થયો નથી. એટલે ઉપેક્ષા શબ્દ અથવા ઉદાસીનતા શબ્દ છે. અપેક્ષા-ઉદાસીનતા લેવી છે. એ જગતની ચીજો છે. મારાથી ભિન્ન છે અને મારે એને કાંઈ લેવા-દેવા નથી. છ ખંડ મારા છે એ વાત નથી.

**'એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા!'** એકલા ચાલી નીકળ્યા. મારું કાર્ય હું એકલો સાધી લઈશ. મારા પુરુષાર્થથી મારું કાર્ય હું એકલો સાધી લઈશ એવી ધૂનમાં. ધૂન છે. ધૂન એટલે જોર આવે છે એની અંદર. ધૂન એટલે એક જ કામ કરવું છે. જેમ કોઈ નથી કહેતા કે ભાઈ! હાથ ધોઈને પાછળ પડી ગયા છે. એમ હવે એક આત્માને પરિપૂર્ણતા સાધવા માટે જે પાછળ પડી ગયા છે. બીજું કોઈ કામ નહિ. એવી રીતે જે જંગલમાં ચાલી નીકળ્યા. કેવા હતા એ?

**'જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી,...'** પાંચ ઇન્દ્રિયના વિષયોની કોઈ ખામી નહોતી. નહોતા એમ નહિ કે ભઈ, એક ચીજ નહોતી મળતી એમ નહિ. ખામીવાળી કોઈ ચીજ નહોતી. બધી ચીજ પૂરેપૂરી કમીના વગરની-ખામી વગરની. જેને પાંચે ઇન્દ્રિયના વિષયોની કોઈ ખામી નહોતી. **'જે ઇચ્છે તે જેમને મળતું હતું,...'** જે ઇચ્છા થાય તો હાજર. કોઈ એમ ન કહે કે ભાઈ! તમારી શક્તિ નથી, મારું ગજું નથી. એમ ન કહે. જે ઇચ્છે તે હાજર. **'જે ઇચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ,...'** પાછા એમ નહિ કે ગરીબ ઘરમાં જન્મ્યા હતા અને પછી એમ કે પાછું પોતે મહેનત કરવી પડી, પરસેવો પાડ્યો ત્યારે માંડ માંડ મળ્યું એમ નહિ. જન્મથી જ પૂર્વકર્મની તૈયારી બધી થઈ ગઈ.

**'જન્મથી જ, જન્મ થયા પહેલા પણ,...'** તીર્થંકર ... ને તો યોગ છે. છ મહિના પહેલા રત્નોની વર્ષા થાય. જન્મ થાય એ પહેલાં છ મહિને તો રત્નોની વર્ષા થાય. માતાના ગર્ભમાં આવે એ પહેલાં છ મહિના. એ પહેલાં છ મહિના. જન્મ થાય નહિ. આયુષ્યનો જન્મ થાય. આયુષ્ય તો માતાના ગર્ભમાંથી આયુષ્ય શરૂ થાય છે. ત્યાંથી છ મહિના અગાઉ. એટલે કે એ નગરીમાં કોઈ દરિદ્ર ન રહે.

પાણીની જેમ રત્નો વરસે તો એ નગરીમાં કોઈ દરિદ્રી દુખ્યો ન રહે. એને તો દુઃખ હોવાનો ક્યાં સવાલ છે? એને તો કોઈ દરિદ્રતાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ઈ જીવ નરકમાં હોય, અહીંયા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. ઉદય અહીંયાં શરૂ થઈ ગયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ ત્યાં પછી એ પાપનો ઉદય પૂરો થવાના બધા ચિહ્નો શરૂ થઈ જાય છે. જેમ અહીંયાં માણસનું આયુષ્ય પૂરું થાય ત્યારે શું થાય? કે નાની-મોટી માંદગી આવવી શરૂ થાય. શરીરની અશક્તિ શરૂ થાય. અનેક પ્રકારના એ બધા ચિહ્નો શરૂ થાય પ્રતિકૂળતાના એ શું બતાવે છે? પુણ્યનો ઉદય બતાવે છે કાંઈ? એ પ્રકારના મનુષ્યગતિના પુણ્ય પૂરા થવા આવવા. પાપનો ઉદય થોડો થોડો ચાલુ થઈ ગયો. એમ ત્યાં પાપનો ઉદય પૂરો થઈ પછી જે ઊંચી ગતિ આવવાની છે એના લક્ષણો ચાલુ થઈ જાય છે.

'**જન્મ થયા પહેલા પણ, ઈન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા,...**' કાળજી કરે ઈન્દ્ર. આ મોકલે છે ને દેવીઓને? જાવ! માતાની સેવા કરો. પંચ કલ્યાણકમાં આપણે દશ્ય કરવામાં આવે છે એ સમજાવવા માટે. જન્મ થયા પહેલા એની શાતા માટે દેવીઓને મોકલે. એમને ક્યાંય પણ અશાતા થવી જોઈએ નહિ. તીર્થંકરની જનની છે એને ક્યાંય અશાતા થવી જોઈએ નહિ. એ તો પુણ્ય પ્રકૃતિ લઈને આવેલા હોય છે એટલે એને એટલી અશાતા નથી થતી. તો પણ વિશેષ શાતાના અર્થે મોકલે છે.

મુમુક્ષુ :- તીર્થંકરો તો મોટે ભાગે સર્વાર્થસિદ્ધિમાંથી જ આવે. એ બધા નરકમાં ... આવતી ચોવીશીમાં ... તીર્થંકરો તો સર્વાર્થસિદ્ધિમાંથી દેવમાંથી આવે. તો આવતી ચોવીસીમાં નરકમાંથી આવે ઈ... રાવણ ને...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલા નરકમાંથી આવવાના છે એ મને ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ચોવીસે ચોવીસ? બધાનું એવું નથી.

મુમુક્ષુ :- રાવણ, શ્રેણિક મહારાજા...

પૂજ્ય ભાઈશ્રી :- આવતી ચોવીસીમાં છે?

મુમુક્ષુ :- હા, આવતી ચોવસીમાં તીર્થંકર થવાના. આ તો ઘણી વિચાર આવે કે આમ કેમ?

પૂજ્ય ભાઈશ્રી :- પણ આવી તો અનંતી ચોવીસી ગઈ. અત્યારે આપણે અહીંયાં છીએ એટલે એનો થોડો વિચાર કરીએ, વિકલ્પ કરીએ. બાકી આવી અનંતી ચોવીસી ગઈ. ઉત્સર્પિણી અને અવસર્પિણીની અનંતી ચોવીસી ગઈ. પણ તીર્થંકર પ્રકૃતિનો

ઉદય થાય છે એટલે આ બધા પ્રકાર બહારમાં શરૂ થઈ જાય છે.

એ તો એમ કહેવું છે એમ કરીને કે આવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી પણ પુણ્યની મહિમામાં ન રોકાણા, ફસાણા નહિ. તો તારે તો કાંઈ એવું રોકાવા જેવું નથી. જે ફસાઈ જાય એવા સંયોગો હતા એમાં એ ફસાણા નહિ. તો તારે તો ક્યાંય ફસાવા જેવું નથી. વાત તો ત્યાં લઈ જવી છે. રાગ વધારવા માટે વાત નથી. મને પણ આવું થાવ, મને પણ આવું હો, એવો ભાવ કરવા જેવો નથી.

‘**ઈન્દ્રો પણ જેમની સેવામાં તત્પર રહેતા,...**’ ઈન્દ્રો પણ એમના જન્મ પહેલાથી કાળજી લે છે. ‘**ઈન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરતા...**’ ભગવાન તો પછી થવાના છે. પણ એટલો બધો આદર કરે કે ભગવાનનો જન્મ થયો. શું કહે? ભગવાનનો જન્મ થયો. આ મહાવીર સ્વામીનો આવતી કાલે જન્મ દિવસ છે તો ભગવાનનો જન્મ દિવસ છે. એ જ્યારે જન્મ્યા ત્યારે તો છદ્મસ્થ ચોથે ગુણસ્થાને આવે છે. દસ ભવ પહેલા સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન લઈને આવ્યા, સમ્યગ્દર્શન લઈને આવ્યા છે. ભગવાન થવાને તેરમું ગુણસ્થાન તો દૂર છે તો પણ એમ કહે છે કે ભગવાનનો જન્મ થયો છે. ભગવાન કહી કહીને આદર કરે. અત્યારથી ભગવાન કહે.

‘**લોકો જેમને ભગવાન કહીને આદરતા-એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી...**’ આવા ઉત્કૃષ્ટ. જગતના સર્વોત્કૃષ્ટ જે પુણ્ય છે એના દૃષ્ટાંત દેવામાં આવે છે એ પણ એમ કે દરકાર નથી કરતા. ઉપેક્ષા કરે છે સહજ. તો એ આત્મા કેટલો મહિમાવંત છે! મૂળ વાત ત્યાં લાવવી છે. કેટલો આત્મા મહિમાવંત છે એ વિષય ઉપર વાત લઈ જવી છે.

## તા. ૩૧-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૪૯, ૩૫૦
## પ્રવચન નં. ૨૬૬

... તીર્થાધિનાયક જેમનું તીર્થ પ્રવર્તે છે. જેમની તીર્થ પ્રવર્તનાને લીધે વર્તમાન ધર્મપ્રાપ્તિની પરિસ્થિતિ મોજૂદ છે, ટકી રહી છે, હયાત છે. એવા અંતિમ તીર્થંકર, ભગવાન વર્ધમાનસ્વામીનો આજે જન્મ દિવસ છે. આરાધના કરવા માટે તો બધો જ કાળ મહાન છે. જ્યારે પણ જીવ આરાધના કરે ત્યારે. પરંતુ આવા મહાન આત્માઓના અનેક પ્રકારના ઉત્સવના દિવસોને સ્મરણમાં રહીને આરાધનાની ભાવનાને વિશેષ જાગૃત કરવાનું એક નિમિત્ત બને છે.

જગતમાં તો ભગવાન મહાવીરસ્વામીએ અહિંસાનો ઉપદેશ આપ્યો એટલું જ જાણમાં છે. અહિંસા બે પ્રકારની છે એની પણ મોટાભાગના જૈનોને ખબર નથી તો બીજાને કેટલી ખબર હશે એ સમજી શકાય એવી વાત છે. બીજા જીવોની હિંસા ન થાય એવી રીતે પ્રવર્તવું એ વ્યવહાર અહિંસા છે અને રાગ-દ્વેષ આદિ વિભાવ અને મિથ્યાત્વ જેવા મહાન દોષથી બચીને પોતાના આત્માના પ્રાણને ન હણવા; જ્ઞાન-દર્શન-આનંદ આદિ પ્રાણની હિંસા ન થાય તે નિશ્ચય અહિંસા અથવા સાચી અહિંસા છે. સાચી અહિંસા-નિશ્ચય અહિંસા હોય તેના બીજા જીવોને રક્ષવાના પરિણામને વ્યવહાર અહિંસા કહેવામાં આવે છે. પરિણામને, હોં! બીજા જીવોની હિંસા થવી, ન થવી એ આત્માના અધિકારનો વિષય નથી. અથવા એ અહિંસાના પરિણામનો એ અધિકાર નથી. પરિણામ કરનારનો એ અધિકાર નથી. એટલું તો બે દ્રવ્યનું ભિન્નપણું છે. એ જ્ઞાનમાં રાખીને બીજા જીવોને પ્રતિકૂળતા ન થાય, બીજા જીવોના પ્રાણની હિંસા ન થાય એ આદિ પ્રકાર છે. વ્યવહાર અહિંસાનો વિચારવામાં આવે છે.

વ્યવહાર અહિંસા છે એ કોઈ મુક્તિનો માર્ગ નથી. પુણ્યબંધનું કારણ છે. ભગવાન મહાવીરસ્વામીએ મુખ્યપણે જે કાંઈ બતાવ્યું છે એ તો મુક્તિનો માર્ગ બતાવ્યો છે. બીજા જીવોની અહિંસા પાળજો એવું મુખ્યપણે નથી કહ્યું. એ ગૌણપણે કહ્યું છે. પણ જગતની અંદર મુક્તિનો માર્ગ લોકો સમજતા નથી એટલે આ રીતે પણ મહિમા કરવામાં આવે છે. કોઈને કોઈ વાતથી મહિમા કરવામાં આવે છે પણ મુખ્ય વાત તો આખી જુદી છે.

અહીંયાં ચાલુ અધિકારમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ૩૪૯ બોલ. ૧૧૯ પાને છે.

આત્મહિતની અથવા આત્મિક સુખ શાંતિની કીંમત કેટલી છે? કે '**ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા,...**' દૃષ્ટાંતમાં તો ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર એ ત્રણે મનુષ્યપર્યાયનું દૃષ્ટાંત લીધું છે. કેમ કે જે સર્વસંગપરિત્યાગ કરીને વનમાં જાય છે એ એક મનુષ્યપર્યાયમાં જ બને છે. ઈન્દ્ર ભલે ધર્મી છે તો પણ એવા પુરુષાર્થમાં તે આવી શકતા નથી. પણ ઉત્કૃષ્ટ પુણ્યના ધણી ચક્રવર્તી, બળદેવ, તીર્થંકર જેવા પૂર્વ પુણ્યથી પ્રાપ્ત એવી બધી ઋદ્ધિને છોડીને ઉદય છે તો પણ ઉદયથી જુદા પડ્યા. એવો પોતાનો ઉદયથી ભિન્ન આત્મભાવ પ્રગટ કર્યો. કે જે ઉદય છે એને અનુસરવાનું બંધ થાય.

પુણ્યના યોગને છોડીને જંગલમાં વનમાં વસતા ઉપસર્ગ અને પરિષહ ઉત્પન્ન થશે તો શું થશે? એવી શંકા રાખ્યા વગર, એવો ભય રાખ્યા વગર એ સંબંધીની કોઈપણ દરકાર કર્યા વિના. કોના આધારે એમ બની શકે? કે પોતે આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. જે કાંઈ ઉપસર્ગ-પરિષહની પરિસ્થિતિ ઊભી થશે તો પણ પોતાને વિશ્વાસ છે, અંતરમાં ખાતરી છે કે હું જ્ઞાતા-દૃષ્ટાપણે માત્ર તે જ્ઞેયોને જાણવામાં સમભાવ રાખી શકીશ અને કોઈપણ પ્રકારનો વિષમભાવ મને ઉત્પન્ન નહિ થાય એવી પોતાના પુરુષાર્થની ગણતરી બરાબર જેણે ચોક્કસ કરી છે. મુનિદશા પહેલાં. પછી મુનિદશા અંગીકાર કરે છે.

શ્રાવકની દશામાં ચોથે કે પાંચમે ગુણસ્થાને પોતાના ભાવી પુરુષાર્થની ખાતરી આવી જાય છે. પ્રતીતિપૂર્વક ઉત્તર પર્યાયની પ્રતીતિ એ વર્તમાન પર્યાયમાં આવી જાય છે હવે પછીની પર્યાયની. અને દરકાર કર્યા વિના નિશંક થઈને એ જંગલમાં જાય છે. ઉપસર્ગ પરિષહની દરકાર એટલે કરતા નથી કે જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થયું છે. અને એ જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવાનું બળ હવે મારું એટલું વધી જશે કે ઉપસર્ગ અને પરિષહ ઉત્પન્ન થશે તો પણ હું જ્ઞાતા-દૃષ્ટા રહી શકીશ. મને કોઈ જ વિષમભાવ નહિ થાય. મને કોઈ દ્વેષ નહિ થાય. મને કોઈ શરીરનો રાગ નહિ થાય. ઉપસર્ગ કરનાર પ્રત્યે મને કોઈ દ્વેષ નહિ થાય. અને મારું લક્ષ જરા પણ રાગ-દ્વેષમાં ખેંચાયા વિના સ્વરૂપ સ્થિરતામાં જ હું રહી શકીશ. એવી સંપૂર્ણ એમને ખાતરી થાય છે અને દીક્ષા અંગીકાર કરે છે. અને એવા પ્રસંગો ઉત્પન્ન થાય તો પણ જરા પણ ડોલાયમાન થતા નથી. આત્માનું ધ્યાન કરે છે એમાંથી વિચલિત થયા વિના ઉપસર્ગ પરિષહમાં બરાબર ધ્યાનમાં રહી શકે છે.

કહે છે કે એવું જે સ્વરૂપનું ધ્યાન થાય છે. '**તો તેમને આત્મા સર્વથી મહિમાવંત,**

**સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને?**' જ્યારે ચક્રવર્તી અને તીર્થંકર જેવા પોતાના પુણ્યના સંયોગોને છોડીને ગયા તો એમને એમાં તુચ્છતા ભાસી હશે. માત્ર તુચ્છતા ભાસી છે એવું નથી પણ અંદરમાં સ્વરૂપનો મહિમા ભાસીને એ મહિમાપૂર્વક તુચ્છતા ભાસી છે. એ રીતે એમણે ત્યાગ કર્યો છે.

ત્યાગના વિષયને જે બરાબર નથી સમજતા એ ફક્ત ત્યાગનો મહિમા કરે છે કે જુઓ! આટલો ત્યાગ કર્યો, આટલો ત્યાગ કર્યો. પણ એવું તો અન્યમતિના સાધુઓ પણ કરે છે. જો કે નથી સમજતા એ તો એના ત્યાગને પણ બિરદાવે છે કે એણે ત્યાગ તો કર્યો છે ને. અને એટલું જ ચારિત્ર સમજે છે કે જેટલો ત્યાગ કર્યો એટલું ચારિત્ર. જૈનદર્શનમાં એમ નથી.

સમ્યક્ પ્રકારે સ્વરૂપ સ્થિરતા વધતા પરપદાર્થ પ્રત્યેની વૃત્તિ ઉત્પન્ન ન થાય અને તેથી પરપદાર્થને ગ્રહણ કરવાની ક્રિયા ન થાય. ક્રિયાનો અધિકાર તો પહેલે નથી માનતા. પરપદાર્થની ક્રિયા કરવાનો આ આત્માનો કોઈ અધિકાર નથી. એ વાત તો પહેલેથી ચોથા ગુણસ્થાને માની લીધી છે. ત્યાર પછી સ્વરૂપ સ્થિરતા થતા (અર્થાત્) જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં સ્થિર રહેતા પરપદાર્થ પ્રત્યેની રાગની વૃત્તિ જ ઉત્પન્ન ન થાય કે જેથી પરપદાર્થની પ્રવૃત્તિ કરવા સુધીના મન-વચન-કાયાના યોગો ઈચ્છાને વશ પ્રવૃત્ત થાય. એવી ઈચ્છા જ ઉત્પન્ન ન થાય. એવી વીતરાગતામાં આવી જાય છે એને આરાધના કહે છે. એ વીતરાગતાનું નામ આરાધના છે. એને સમ્યક્ ત્યાગ કહેવામાં આવે છે. એને ન સમજે અને માત્ર બાહ્ય પદાર્થને છોડે અને વીતરાગતા ઉત્પન્ન ન કરે તેથી તે તે પદાર્થો પ્રત્યેની લાગણીને દમન કરીને દબાવે. કેમ કે સમ્યક્ પ્રકારે વીતરાગતા ઉત્પન્ન ન થાય તો રાગ ખરેખર મરતો નથી, નાશ પામતો નથી. રાગ ઊભો રહી જાય. રાગનો રસ અને અભિપ્રાય ઊભો રહી જાય અને દમન કરીને ત્યાગ કરે છે તો એને ધર્મની પ્રાપ્તિ જરા પણ થતી નથી.

એટલે અહીંયાં એ વાત લીધી છે કે આત્માનું ધ્યાન કરવા નીકળ્યા બધું છોડીને. બહારની ઋદ્ધિ છોડીને. આત્માનું ધ્યાન કરવા નીકળ્યા તો તેમને આત્મા સર્વથી મહિમાવંત. કેટલો મહિમા આત્માનો ભાસ્યો હશે કે જેથી આવી તુચ્છતા ભાસી છે. અને '**સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે...**' કે જેથી એમાંથી ધ્યાન છૂટતું નથી. નહિતર શરીરાદિની વેદના થાય તો એ વેદના પ્રત્યે તો ધ્યાન ખેંચાયા વિના રહે નહિ. એ તો સર્વસાધારણ જીવનો અનુભવ છે જગતને. જગતના બધા સાધારણ જીવોને એ અનુભવ છે કે શરીરમાં વેદના ઉત્પન્ન થાય તો એના પ્રત્યે ધ્યાન ગયા

વિના રહે નહિ. પણ મુનિરાજને એવું નથી બનતું. શરીરની વેદના થાય તો પણ એ પોતાના આનંદ સ્વરૂપમાં ડૂબકી મારી જાય છે. એમાં વધારે પુરુષાર્થથી સ્થિર થાય છે અને વેદના પ્રત્યેના પરિણામમાં એમનો ઉપયોગ છે એ છૂટી જાય છે, એમાં એ ઉપયોગથી જોડાતા નથી.

**'તેવું આશ્ચર્યકારી સ્વરૂપ લાગ્યું હશે ત્યારે જ એ ચાલી નીકળ્યા હશે ને?'** ત્યાગ કરે છે એમ તો બધા જાણે છે. કેમ કે એ દેખાય એવી ઇન્દ્રિયજ્ઞાનથી સમજી શકાય એવી વાત છે કે સર્વસંગપરિત્યાગ કરીને જંગલમાં ગયા. અથવા મુનિ દીક્ષા અંગીકાર કરી. પણ અંદરમાં શું કર્યું? એ વિષય ગુપ્ત રહી ગયો છે. એ પ્રચલિત નથી, એ લોકો જાણતા નથી. જૈનો પણ જાણતા નથી, બીજાનો તો જાણવાનો ક્યાં પ્રશ્ન છે?

મુમુક્ષુ :- એ શબ્દ જ છે સર્વસંગપરિત્યાગ. ભાવને...

પૂજ્ય ભાઈશ્રી :- એ બહારની વાત છે એ દેખાય છે. અંદરમાં શેના આધારે એમ થઈ શક્યું? એ મહત્વનો વિષય છે. શું ગ્રહણ કર્યું આત્માએ કે જેથી આ બધો બહારનો ત્યાગ કર્યો? આમ સવાલ છે. કે માત્ર દમન કર્યું છે વીતરાગભાવ પ્રગટ કર્યા વિના? સ્વરૂપગ્રહણ કરીને વીતરાગભાવ પ્રગટ કર્યા વિના માત્ર બાહ્ય વિષયોનો જો ત્યાગ કરવામાં આવે તો એ વૃત્તિનું દમન સિવાય બીજું કાંઈ નથી. દબાયેલી વૃત્તિ હંમેશને માટે દબાયેલી રહેતી નથી. કેમ કે દબાઈને પણ એ જીવતી રહી છે. મરી નથી. એટલે હંમેશને માટે દબાયેલી નહિ રહે. કેટલોક કાળ એ દબાયેલી રહેશે. બહુ બહુ તો તદ્ભવ પૂરતી દબાયેલી રહેશે. પછી પાછી ઉછળીને એવી બહાર જશે કે પછી એના ફળમાં કેટલી અધોગતિ થશે એનું કોઈ માપ રહેતું નથી. એટલે એ પ્રકાર સાચો નથી.

સંસાર રોગને અને વિભાવરોગને મૂળથી મટાડવાનું ઔષધ અથવા સાધન, ઉપાય વીતરાગમાર્ગમાં છે. ભગવાન મહાવીરસ્વામીએ એ માર્ગ પ્રસિદ્ધ કર્યો છે ૨૫૦૦ વર્ષ પહેલા. અને એ માર્ગ આચાર્યો, મુનિઓ અને જ્ઞાની ધર્માત્મા-સંતોને પ્રતાપે હજી સુધી જીવંત રહી ગયો છે એ આપણા સૌનું સૌભાગ્ય છે. પંચમઆરા સુધી એ જીવંત છે આ ક્ષેત્રમાં. બીજા ક્ષેત્રમાં તો મહાવિદેહ આદિમાં તો સદાય જીવંત રહે છે. પછી આ ક્ષેત્રની અંદર કોઈ ધર્મી નહિ હોય છઠ્ઠા આરામાં. ધર્મનો નાશ થશે આ ક્ષેત્ર પૂરતો. આપણે એની સાથે સંબંધ નથી. આપણે વર્તમાન સાથે સંબંધ છે. આપણે જમવા માટે આજે ભોજન છે. શાંતિનું ભોજન જમવું હોય આત્મામાંથી તો આપણા માટે ભોજન તૈયાર છે. ન જમવું હોય તો, ભૂખ ન લાગી હોય તો

એનો કોઈ ઉપાય પણ નથી.

'**માટે હે જીવ!**' હવે પ્રેરણા આપે છે. આટલી વાત કર્યા પછી. પ્રેરણાનો બોલ છે આખો. ઉપરની વાત આ નીચેની વાત કહેવા માટે છે. '**માટે હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી,...**' જુઓ! ઓળખાણ કરવાની વાત કેટલી જગ્યાએ આવે છે. '**તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર.**' તે વગર પ્રાપ્તિનો પુરુષાર્થ નહિ હોય. માટે હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવ, આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા તું પ્રગટ કર. ઓળખીને. ઓળખ્યા વગર તો મહિમા આવશે નહિ.

મહિમા લાવ, ઓળખાણ કર. મહિમા લાવ એટલે બુદ્ધિપૂર્વક એનું મૂલ્યાંકન નક્કી કર કે જો આવા ચક્રવર્તી, બળદેવ, તીર્થંકર જેવા પણ બાહ્ય ઋદ્ધિનો ત્યાગ કરીને અંદર એવા કયા તત્ત્વના મહિમાથી સહજમાત્રમાં આ બધાની ઉપેક્ષા કરી શકે છે. દ્વેષ કરીને નથી નીકળતા કે આ રાગ અને રાજપાટ ને આ રાણીઓ મને રાગ કરાવે છે. માટે ભાગી જાઉં જંગલમાં અહીંથી. એ દ્વેષનો વિષય છે. એવો દ્વેષ કરીને ત્યાગ નથી કરતા.

કોઈ તર્ક કરે કે જેમ જંગલમાં જઈને ઉપસર્ગ-પરિષહના જ્ઞાતા-દૃષ્ટા રહે એમ અહીંયાં રહીને પણ મહેલમાં અને રાજમાં રહીને ત્યાં જ્ઞાતા-દૃષ્ટા રહી જાય. એમ થાય કે ન થાય? પ્રશ્ન કરનારને એમ પૂછીએ આપણે કે તારે એને મહેલમાં રાખીને કામ શું છે? શા માટે તું આગ્રહ સેવે છો કે એ મહેલમાં રહે? મહેલમાં રહેવાથી એમનું રાગીપણું લોકોને દેખાશે કે એમનું વીતરાગીપણું દેખાશે? રાગીપણું દેખાય એ તને વધારે ઈચ્છવા યોગ્ય લાગે છે? માટે એ તર્ક છે એ અસ્થાને છે.

કેમ કે પહેલા જે રાગપૂર્વકની પ્રવૃત્તિ હતી એ પ્રવૃત્તિ પૂરી થઈ ગઈ. અથવા એ પ્રકારની રાગની સ્થિતિ બંધ થઈ ગઈ અને વીતરાગ દશા જો ઉત્પન્ન થઈ છે અને રાગ બંધ થયો છે તો એ રાગ બંધ થયો છે એની ખાતરી શું? કે રાગની પ્રવૃત્તિ પણ બંધ થઈ ગઈ છે. એ એની ખાતરી છે. લોકોને સાબિત કરાવવા જવું પડતું નથી કે હવે એને રાગ નથી. કેમ કે એ તો વીતરાગી થઈને જંગલમાં ચાલી નીકળ્યા. આપોઆપ જ એની ખાતરી થાય છે. જૈનદર્શન તો ઘણો સૂક્ષ્મ સિદ્ધાંતોનો વિષય છે. એકલા બાહ્ય ત્યાગમાં માનતો નથી. આ સિદ્ધાંત એકલા બાહ્ય ત્યાગને અનુસરનારો નથી.

એટલે 'પ્રવચનસાર'માં ભગવાન 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે જો કોઈ મુનિ તને અઠ્યાવીશ મૂળગુણ પાળતો દેખાય. પંચ મહાવ્રત, ગુપ્તિ, સમિતિ, આદિ થઈને, તો

એ મુનિને તું નવધા ભક્તિથી આહારદાન અને સત્કાર કરજે પણ ધર્મોપદેશ સાંભળતી વખતે તું એની પરીક્ષા કરજે. એ ભાવલિંગી મુનિ છે? કે દ્રવ્યલિંગી મુનિ છે? કેમ કે આવો બાહ્ય ત્યાગ મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી મુનિને પણ હોય છે. તો એટલી વાત તું નક્કી કરજે. એટલી નક્કી કરવાની તારી જવાબદારી છે. એટલી નક્કી કરવા સુધીની લાયકાત કેળવવી એ પણ તારી પહેલી ફરજ છે. અને એ બધું કરીને તારે તારી જવાબદારી સમજીને તારા હિત માટે એ કરવાનું છે. તારા હિત-અહિતનો સવાલ છે. બીજાના હિત-અહિતનો આમાં કોઈ પ્રશ્ન નથી.

કોઈ એમ કહે કે એવી તૈયારી ન હોય તો શું કરવું? કે ન હોય તો તૈયારી કરવી. એમ કહેવાય છે કે ભાઈ! અમે કાયદો ન વાંચી શકીએ અને ન સમજી શકીએ તો અમારે શું કરવું? કાયદાનો ભંગ કરવો કે ન કરવો? કાયદો ન સમજી શકતો હોય તો પણ ભંગ ન કરાય અને સમજી શકતો હોય તો પણ કાયદાનો ભંગ તો ન જ કરાય. સીધી વાત છે. સમજી શકતો હોય તો સમજવાની પહેલી ફરજ છે. રસ્તામાં દારૂની બોટલ લઈને નીકળે પોલીસ એને પકડે કે ચાલો ભાઈ! કેમ? તારા હાથમાં દારૂની બાટલી છે. તો કહે, ભાઈસા'બ! મને ક્યાં કાયદાની ખબર છે? હું તો અભણ માણસ છું. ચાલતું હશે એવું? એવું નથી ચાલતું. ન સમજતો હોય તો હવે સમજી લેજે. એકાદ વખત તું અંદર જઈશ એટલે તને કાયદો સમજાય જશે. આમ નહિ સમજ તો આમ સમજ.

તને શાસ્ત્ર વાંચીને ન સમજાતું હોય તો શાસ્ત્ર વાંચવાની દરકાર ન હોય, શાસ્ત્ર સમજવાની દરકાર ન હોય તો માર ખાઈને સમજ. પણ આ જીવ તો માર ખાઈને પણ સમજતો નથી. અનંત વાર માર ખાધો પણ હજી સમજતો નથી. ન સમજે એથી કાંઈ એને કુદરતી કાનુન મૂકી દેશે એમ પણ નથી.

મુમુક્ષુ :- એવા જીવને નરક, નિગોદ ગમે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોય છે. એટલે એની રુચિ એવી છે. નરક નિગોદમાં જાય એવી ઊંધી રુચિવાળા પરિણામ હોય છે. તો એનો કોઈ ઉપાય નથી, એ તો સ્વતંત્ર છે.

'**માટે હે જીવ ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી,...**' આવું તું મૂલ્ય આનું આંકીને. મહિમા લાવીને એટલે મૂલ્યાંકન કરીને '**તારા પોતાથી તેની ઓળખાણ કરી,...**' એમ. કોનાથી ઓળખાણ કરવાનું લીધું? બીજા ઓળખાવશે એમ ન લીધું. તારા પોતાથી એની ઓળખાણ કર. એક એક શબ્દ કેટલા વ્યવસ્થિત મૂકેલા છે! ઓળખાણ કરવી એ પણ તારું પોતાનું કામ છે. જ્ઞાનલક્ષણથી પોતે આત્મા

જ્ઞાનસ્વભાવી છે એ ઓળખાણ એને આત્માથી કરવાની છે. શાસ્ત્ર નહિ કરાવી દે. ગુરુ પણ નહિ કરાવી દે. ફક્ત એ તને આંગળી ચીંધીને દૂર ઊભા રહેશે. આંગળી ચીંધીને આઘા રહેશે કે જો ભાઈ! જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખવો એ કામ તારે તારા જ્ઞાનલક્ષણથી તારે જ કરવાનું છે. અમે તો તને એટલું કહીએ કે આ રીતે ઓળખ. જ્ઞાનલક્ષણથી ઓળખ એટલું કહીએ. પણ ઓળખવાનું કામ તારે કરવાનું છે. એ કામ અમે કરાવી દઈએ એ વાત નથી. અથવા ઓળખવા તારે શું કરવું જોઈએ? ઓળખવા માટે કોઈ તું બીજો બીજો જુદો જુદો રસ્તે ઓળખવા સિવાયનો બીજો કોઈ માર્ગ અપનાવી લે, કોઈ ઉપાય કરી બેસ તો ન ઓળખાય એટલા માટે તને કહીએ કે તને જ્ઞાનલક્ષણથી તારા આત્મ સ્વભાવની-જ્ઞાનસ્વભાવની ઓળખાણ કર.

એ '**ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો...**' પ્રાપ્તિ એટલે અનુભવનો '**પુરુષાર્થ કર.**' સ્વરૂપમાં સ્થિર થવાનો પુરુષાર્થ કર. '**તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે...**' સ્થિરતા એટલે ચારિત્ર. મુનિદશાના ચારિત્રમાં આવીને તું બધો બહારનો સર્વસંગપરિત્યાગ ન કરી શકે '**તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ !**' એમ કહે છે. શ્રદ્ધા તો કર કે માર્ગ આ જ છે, વસ્તુ આવી જ છે. એ શ્રદ્ધા તો કર. પરથી ભિન્ન આત્માની શ્રદ્ધા તો કર. રાગથી ભિન્ન આત્માની શ્રદ્ધા તો કર. ભલે તું બાહ્ય વિષયોને કદાચ છોડી ન શકે, ચારિત્રમાં આવીને સ્વરૂપસ્થિરતા (કરીને), પણ શ્રદ્ધા તો કરી શકે કે ન કરી શકે? અથવા શ્રદ્ધા બદલી શકે કે ન બદલી શકે? કે શ્રદ્ધા તો અવશ્ય બદલી શકાય છે. કેમ કે સ્થિરતાનો પુરુષાર્થ છે એ ઘણો ઉગ્ર પુરુષાર્થ છે. સ્વરૂપ સ્થિરતામાં આવવું, મુનિદશા સુધીની સ્વરૂપ સ્થિરતામાં આવવું એ ઘણો ઉગ્ર પુરુષાર્થ છે.

'સોગાનીજી' તો એમ કહે છે કે '**સમ્યગ્દર્શનના પુરુષાર્થમાં એવું કાંઈ નથી.**' ખરો પુરુષાર્થ તો ચારિત્રમાં છે. એમ નથી કહેતા કે અમે સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કર્યો અમે ઘણો પુરુષાર્થ કર્યો છે. સમ્યગ્દર્શનનો પુરુષાર્થ એટલો બધો નથી. ચારિત્રનો પુરુષાર્થ ઘણો છે. કોઈએ પ્રશ્ન કર્યો, સમ્યગ્દર્શનનો પુરુષાર્થ નથી ખાસ? તો કહે, એમ છે. છે ઈ છે એ તો ખબર છે. જે મિથ્યાત્વનો ત્યાગ કરવો એમાં અનંતો પુરુષાર્થ કેટલો છે એ બધી ખબર છે. પણ એથી પણ વિશેષ ચારિત્રનો-સ્વરૂપ સ્થિરતાનો પુરુષાર્થ છે એ ઘણો એથી વિશેષ છે. ઘણો વિશિષ્ટ છે. ઘણો ઊંચો છે, ઘણો ઉગ્ર છે. એ વાત ધ્યાન ઉપર મૂકી છે.

મુમુક્ષુ :- પછી તો બધું સહજ જ છે એમ નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ તો બધું સહજ જ છે. ત્રણે કાળના પરિણામ

સહજ છે. એક મિથ્યાત્વ અવસ્થામાં જીવ કર્તાબુદ્ધિએ પરિણામ કરે છે. સહજ છે તો પણ. એના પણ સહજ જ છે. એ પણ શુભ-અશુભભાવ પોતાની ઇચ્છા પ્રમાણે લાવ્યા લાવી શકે છે એવું માને છે. વસ્તુસ્થિતિ એવી ત્યાં પણ નથી જ. સમ્યગ્દર્શન પણ સહજ છે, મુનિદશા પણ સહજ છે અને કેવળજ્ઞાન પણ સહજ છે. તો પણ જ્યાં સુધી પુરુષાર્થના પરિણામને લાગેવળગે છે ત્યાં સુધી સમ્યગ્દર્શનમાં જેટલા પુરુષાર્થની ઉગ્રતા હોય છે-તારતમ્યતા વિશેષ (હોય છે), તેના કરતાં સહજ ચારિત્રસ્વરૂપ-સહજ ચારિત્રરૂપ સ્વરૂપ સ્થિરતામાં આવતા જે પુરુષાર્થની ઉગ્રતા હોય છે વીર્યગુણના પરિણામની, એ ઘણી જોરદાર હોય છે, ઘણી ઉગ્ર હોય છે એમ દર્શાવવું છે. સહજ છે તો પણ ઉગ્ર છે એ તો વાત નક્કી ને? એમ એ વાત બતાવવી છે.

એટલે એમ કહ્યું કે '**તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે...**' સ્વરૂપ સ્થિરતામાં વીતરાગતામાં આવીને, મુનિદશામાં આવીને બાહ્ય ત્યાગ ન થાય એવી સ્થિતિમાં તું ન આવી શકે તો શ્રદ્ધા તો અત્યારે કરી જ લેજે. આ પ્રેરણા છે. આવું જ વસ્તુનું સ્વરૂપ છે, આવો જ મહિમાવંત મારો આત્મપદાર્થ છે, આ જ માર્ગ છે, આ જ ઉપાય છે, આ જ કર્તવ્ય છે, આ જ વસ્તુસ્થિતિ છે એવી શ્રદ્ધા તો તું અવશ્ય કરજે, કરજે ને કરજે જ.

'**છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય,...**' છોડવાથી બહારમાં પદાર્થ છૂટશે તો તારા આત્મામાંથી કાંઈ નહિ જાય એમ કહે છે. માને તો પણ નહિ અને ન માને તો પણ નહિ. બહારમાં કોઈ શ્રીમંત માણસ નિર્ધન થાય અથવા લાખની મૂડીમાંથી નેવું હજાર ખોઈ બેસે, નુકસાન થાય તો એમ માને છે કે હું જાણે આખેઆખો ડૂબી ગયો. મારું સર્વસ્વ ચાલ્યું ગયું. કહે છે કે, તારા આત્મામાંથી કાંઈ જતું નથી. આ જુઓને! ઘરમાં ચોરી થાય છે, દાગીના-પૈસા ચોરી જાય છે. તો ઘરમાંથી જરૂર ચોરાય છે. આત્મામાંથી કેટલું ચોરાય છે? આત્મામાંથી આત્માના ગુણને, આત્માના ધનને, આત્માના વૈભવને કોઈ ચોરી શકતું નથી. એ તો તારો પ્રમાદ ચોરે છે. તારા આત્મગુણને કોઈ ચોરે તો તારો પ્રમાદ ચોરે છે. બાકી આત્મગુણને કોઈ ચોરી જઈ શકતું નથી. જે કાંઈ બહારમાં છૂટે છે, અજ્ઞાની એમ માને છે અજ્ઞાનદશામાં કે મારું બધું ચાલ્યું ગયું. જ્ઞાનદશામાં એમ કહે છે કે સર્વસંગપરિત્યાગ કરનાર મુનિરાજને તો એમ અનુભવ થાય છે કે મારું કાંઈ ચાલ્યું નથી ગયું. મારામાંથી કાંઈ ગયું નથી. મારામાંથી મેં કાંઈ છોડ્યું નથી અને જે મારું નહોતું એવું જે મને ચોથા ગુણસ્થાને ભાન થયું હતું એની સ્થિરતા આવી છે. બાકી મારું તો તે દિ'એ નહોતું અને આજે

પણ નહોતું.

... તને અનુભવમાં આવશે. બાહ્ય પદાર્થના ત્યાગમાં તારું તો કાંઈ જવાનું નથી પણ આનંદમય આત્માનો અનુભવ થશે અને પ્રાપ્તિ થશે. જો તારા આનંદને બાહ્ય પદાર્થના અવલંબનની પણ જરૂર ન હોય તો એવી સાનુકૂળ પરિસ્થિતિ તો સૌથી ઈષ્ટ છે કે કોઈ પરાલંબનની કે પરાધીનતાની મને જરૂર છે નહિ. મારા આનંદ માટે મારા આત્મામાં હું મોજ કરું. મારા આનંદને હું ભોગવું કે જેમાં કોઈ પરપદાર્થની મને આવશ્યકતા નથી.

અથવા એમાંથી એક બીજી વાત એ નીકળે છે કે સામાન્ય રીતે મિથ્યાત્વ અવસ્થામાં સંસારી પ્રાણીને એવી એક મિથ્યાબુદ્ધિ અથવા સંયોગની આધારબુદ્ધિ હોય છે કે આ સંયોગો છે એટલે મને વાંધો નથી. ખાવા-પીવાની બધી વ્યવસ્થા, રહેવા-કરવાની વ્યવસ્થા, મારી અનુકૂળતાઓની બધી વ્યવસ્થા એવી સરસ ગોઠવાણી છે કે હવે મને વાંધો નથી. એને એમ થાય છે, ઊંડે ઊંડે આ ભય એને રહ્યો જ છે, જેને નથી એ મેળવવા પ્રયત્ન કરીને આકુળતામાં દુઃખી થાય છે અને જેને પ્રાપ્ત છે એ એવી રીતે દુઃખી થાય છે કે આમાંથી ક્યાંક ક્યારે ઓછું થઈ જશે અને હું આધાર વગરનો થઈ જઈશ તે દિ' શું કરીશ હું? મારે બીજાની લાચારી કરવી પડશે એના માટે. મારે દીનતા કરવી પડશે. મારી ગરીબાઈ ગાવી પડશે. મારું શું થશે? હું કેમ જીવી શકીશ? એવું એક એને ઊંડે ઊંડે ભયસ્થાન હોય છે.

અહીંયાં એમ કહે છે કે એવો ભય રાખવાની તારે કોઈ જરૂર નથી. તારામાં એક જીવત્વશક્તિ છે. જેમ આત્મામાં જ્ઞાનશક્તિ છે-જ્ઞાનગુણ છે. આનંદશક્તિનો આનંદગુણ છે, એમ આત્મામાં જીવત્વ નામનો ગુણ છે-જીવત્વશક્તિ છે. એ શક્તિને લઈને આત્મા સદાય પોતાના અનંત ગુણ સહિત અનંત ગુણના વૈભવ સહિત અનાદિથી અનંત કાળ પર્યંત સદાય જીવતો રહે છે. ક્યારેય કોઈ આત્માનો નાશ થઈને મૃત્યુ થતું નથી. આવી જીવત્વશક્તિ હોવાને લીધે આત્મા સદાય જીવંત છે.

આજે મનુષ્યપર્યાયમાં તું સંયોગ અને પૈસાની ગણતરી મૂકે છો કે આટલું છે એટલે હવે મને વાંધો નથી. બીજી પર્યાયમાં એ ક્યાં વસ્તુનો વિષય છે? તિર્યંચપર્યાયમાં શું વ્યવસ્થા છે? નારકીમાં શું વ્યવસ્થા છે? કોઈ વ્યવસ્થા નથી. દેવ-મનુષ્યમાં પરિગ્રહની વ્યવસ્થા છે અને ત્યાં આધારબુદ્ધિ લઈને જીવ એવી રીતે દુઃખી થાય છે કે આ બધું છે તો મને વાંધો નથી. પણ એની પાછળ એક ભય ઊભો છે, જે ભય એને સદાયને માટે દુઃખી કરીને સતાવ્યા કરે છે કે અરેરે...! આ બધું ક્યાંક વયું જશે તો? કાંઈક એવો પ્રસંગ (બનશે તો?). ઘણાંને બને જ છે ને એવા પ્રસંગ.

એવો કોઈ ઓચિંતો પ્રસંગ બને અને કાંઈક ચાલ્યું જશે તો?

મુમુક્ષુ :- અરક્ષાભય.

પૂજ્ય ભાઈશ્રી :- અરક્ષાભય અથવા ચોરીનો ભય અથવા અકસ્માતનો ભય અથવા મૃત્યુનો ભય. એમ અનેક પ્રકારે. અથવા પરલોકભય (હોય). અત્યારે તો ઠીક છે પણ પરલોકમાં કોને ખબર છે કેવો ભવ મળ્યો શું થયું? પરિણામ તો એને ખબર હોય કે કેવા કેવા કર્યા છે એ.

મુમુક્ષુ :- સાત પ્રકારના ભય લાગે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાતેય પ્રકારના ભય એને મિથ્યાદૃષ્ટિને હોય છે. સમ્યગ્દૃષ્ટિને સાતમાંથી એકેય પ્રકારનો ભય હોતો નથી. વેદનાનો ભય હોય છે. ક્યારેક મને રોગ થઈને વેદના થશે તો હું શું કરીશ? એમ બધા પ્રકારના ભય એની અનિશ્ચિતતાને લીધે અને એ સંબંધીની શંકાને લીધે, પોતે નિઃશંક નહિ હોવાને લીધે એને સદાય સતાવ્યા કરે છે, એને દુઃખી કર્યા કરે છે. અને એ દુઃખની એક પરિણતિ એનામાં ચાલતી જ હોય છે. ભલે વિકલ્પ એવો કદાચ હંમેશા ન આવ્યા કરતો હોય અથવા વારંવાર ન આવ્યા કરતા હોય, પણ એ બધા પ્રકારની સમજણ અને ભાનને લીધે, ઊંધી સમજણ અને એના ઊંધા ભાનને લીધે એક દુઃખની પરિણતિ પણ એને ચાલુ હોય છે. દુઃખ કેટલું છે એ જીવને પોતાને ખબર નથી કે અનંતુ દુઃખ છે એને આ પરિણતિનું. એની પણ એને ખબર નથી. ટેવાઈ ગયો છે. પણ એ દુઃખી જ છે.

'ગુરુદેવ' તો એમ કહેતા કે આ બધા શ્રીમંતો રાજાઓ, મહારાજાઓ, પ્રધાનો જે બધા દેખાય છે એ બધા દુઃખના ડુંગરામાં દટાયેલા છે. એ બિચારા એમ કહેતા. બિચારા અને ભીખારા બેય કહેતા. બિચારા અને ભીખારા દુઃખના ડુંગરમાં દટાયેલા છે. દુઃખી દુઃખી છે. એને ખબર નથી હું કેટલો દુઃખી છું. લોકો એને સુખી માને છે પણ છે ખરેખર એ દુઃખી. એ વાસ્તવિક છે. કોઈ કલ્પેલી વાત નથી પણ એ વાસ્તવિક છે.

અહીંયાં એમ કહે છે કે એ આધારબુદ્ધિ છોડ. શ્રદ્ધા અપેક્ષાએ શ્રદ્ધા આધાર લેવાનું કાર્ય કરે છે. એ શ્રદ્ધા એનો આધાર લેવાની શ્રદ્ધા છોડીને તારા નિજ પરમાત્મતત્ત્વનો તું આધાર લે. અને એ આધાર લેતાં કદાચ બહારના સંયોગો ઓછા થઈ જશે, કુદરતી રીતે પૂર્વકર્મને હિસાબે, તો તારા આત્મામાંથી કાંઈ નહિ જાય. તો તારા આત્મામાંથી કાંઈ ઓછું થવાનું નથી. ઊલટાનો એની ઉપેક્ષા કરીને તું સ્વરૂપની શ્રદ્ધાના પુરુષાર્થમાં સ્વરૂપના અવલંબનમાં આવીશ તો તને તારો પરમ પદાર્થ, તારું

પરમેશ્વરપદ, તારું સાક્ષાત્ સિદ્ધપદ એની પ્રત્યક્ષ અનુભવની પ્રાપ્તિ થશે અને એ અનુભવની પ્રાપ્તિ થતા તું ત્રણલોકનો નાથ થઈ જઈશ. પરમેશ્વર થઈ જઈશ તું- પરમાત્મા થઈ જઈશ તું પોતે. પછી તને કોઈ પ્રકારના સંયોગોના ફેરફાર દુઃખ પહોંચાડવા કે દુઃખ કરવા સમર્થ નહિ થાય. થશે જ નહિ તને દુઃખ. ગમે તે સંયોગો થશે, તું દુઃખી નહિ થા. આ મોટી વાત છે.

એમ કહીને શ્રદ્ધા કરીને ભયથી છોડાવ્યા છે. નહિતર ભય છૂટવાનો કોઈ અવસર જ નથી. કેમ કે આ આયુષ્ય અનિશ્ચિત છે તો મરણભય ઊભો છે. રોગ અનિશ્ચિત છે. ગમે ત્યારે ગમે ત્યાંથી ફૂટી નીકળે છે. અનિશ્ચિત છે, ગમે ત્યારે ઉત્પન્ન થઈ જાય. તો એનો પણ જીવને ભય છે. કેમ કે તેની આધારબુદ્ધિ પડી છે કે હું જીવું છું. હું શરીરના આધારે જીવું છું અને બીજા સંયોગને આધારે હું જીવું છું. ૩૪૯ (પૂરો) થયો.

**જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી અને 'પોતે જ્ઞાન તેમ જ ક્રિયા બંને કરે છે' એમ ભ્રમણા સેવે છે. બાહ્ય જ્ઞાનને, ભંગભેદનાં પલાખાંને, ધારણાજ્ઞાનને તેઓ 'જ્ઞાન' માને છે અને પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગને, શરીરાદિની ક્રિયાને, અથવા બહુ તો શુભભાવને, તેઓ 'ક્રિયા' કલ્પે છે. 'મને આટલું આવડે છે, હું આવી આકરી ક્રિયાઓ કરું છું' એમ તેઓ ખોટી હૂંફમાં રહે છે.**

**જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ અને જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વાભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ. પૌદ્‌ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે? જડના કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડનાં કાર્ય કદી ન થાય. 'શરીરાદિનાં કાર્ય તે મારાં નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું' આવી સાધકની પરિણતિ હોય છે. સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ. ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ. પછી જલદી અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય, મોડો કરે તો મોડું થાય. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી, સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. - આ વિધિ સિવાય મોક્ષ પામ્ર કરવાની અન્ય કોઈ વિધિ નથી. ૩૫૦.**

૩૫૦મા બોલમાં જીવને માર્ગ પ્રાપ્તિની વિધિ સંબંધીનો વિષય વિસ્તારથી છે. અને ધર્મના ક્ષેત્રમાં જે વિધિની ભૂલ છે એટલે સાધનની ભૂલ છે, ઉપાયની ભૂલ

છે તેથી અભિષ્ટ સાધ્ય-ઈચ્છિત સાધ્ય-પ્રાપ્ત થતું નથી. એ વિષય સમજીને વિધિનો વિષય જરા વધારે ધ્યાન દેવા જેવો છે.

**'જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી....'** ભગવાન 'ઉમાસ્વામી'નું એક સૂત્ર છે 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ'. જેમણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ એ સૂત્ર આપ્યું છે, એ જ શાસ્ત્રમાં આગળ ઉપર એમણે આ સૂત્ર આપ્યું છે કે જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ. તો એ જ્ઞાન અને ક્રિયા કે જેને કારણે મોક્ષ થાય એવા જ્ઞાનનું સ્વરૂપ શું છે? અને જે ક્રિયાના કારણથી મોક્ષનું કાર્ય થાય, કારણ અને કાર્ય, એ ક્રિયાની જીવોને ખબર નથી. અને એ ખબર વિના પોતાના માનેલા જ્ઞાનની અને માનેલી ક્રિયાની પ્રાપ્તિ કરીને અથવા કરીને લોકો મોક્ષની અભિલાષા રાખે છે જીવો પણ કદી એથી મોક્ષ થતો નથી, એમ કહેવું છે.

**'જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી અને પોતે જ્ઞાન તેમ જ ક્રિયા બંને કરે છે.'** એમ માને છે. એમ ભ્રમણા સેવે છે. માને છે અને જાણે છે. ભ્રમણામાં બેય વાત આવી ગઈ. માને છે અને જાણે છે કે હું જ્ઞાન પણ કરું છું અને હું ક્રિયા પણ કરું છું. હવે કેવી રીતે એ જ્ઞાન માને છે અને કેવી રીતે ક્રિયા માને છે એનું વર્ણન કરે છે.

**'બાહ્ય જ્ઞાનને,...'** પરલક્ષી જ્ઞાનને જ્ઞાન માને છે. અથવા **'ભંગભેદના પલાખાંને,...'** ભેદ-પ્રભેદો કંઠસ્થ કરી લેવા, ધારણામાં લઈ લેવા. પલાખાં બોલીએને? ઘડિયા બોલે છે એમ. બે દુ ચાર, બે તેરીને છ, બે ચોક આઠ, બે પંચાને દસ. એવી રીતે કોઈ ભેદ-પ્રભેદને ધારણામાં શીખી લે છે. **'ભંગભેદના પલાખાંને, ધારણાજ્ઞાનને તેઓ 'જ્ઞાન'માને છે.'** શું કહ્યું? બાહ્યજ્ઞાનને. પહેલો બોલ છે બાહ્યજ્ઞાનનો. બાહ્યજ્ઞાન એટલે શું? કે આત્માને છોડીને, આત્માના અનુભવજ્ઞાનને નહિ પ્રાપ્ત કરીને જેટલું કોઈ જ્ઞાન છે તે બધું બાહ્ય જ્ઞાન છે. આત્માથી બહારનું જ્ઞાન તે બધું બાહ્ય જ્ઞાન છે. એમાં પણ ખાસ કરીને જે પરલક્ષે જ્ઞાન થાય છે, આત્માના લક્ષ વિનાનું જે જ્ઞાન છે, આત્મપ્રાપ્તિના ધ્યેય વિનાનું જે જ્ઞાન છે એ જ્ઞાન ભલે સત્શાસ્ત્રો સંબંધિત ધારણાજ્ઞાન હોય તો પણ એ બધું બાહ્ય જ્ઞાન છે અને તે જ્ઞાનથી આત્માને મોક્ષનું એક અંશે પણ કારણભૂતપણું ઉત્પન્ન થતું નથી. એ જ્ઞાન આત્માને કારણભૂત નહિ થાય.

એના ઉપર તો 'ગુરુદેવશ્રી'એ ઘણાં પ્રવચનો કર્યા છે. ક્ષયોપશમજ્ઞાન, ધારણાજ્ઞાન, બહારનું બાહ્ય મતિ-શ્રુતજ્ઞાન એ જ્ઞાન સાધન નથી. અથવા તે જ્ઞાન તે મોક્ષને પ્રાપ્ત કરવાની વિધિમાં એનો સમાવેશ નથી. એમ ચોખ્ખું કહેવું છે. **'બાહ્યજ્ઞાનને, ભંગભેદના**

**પલાખાંને, ધારણાજ્ઞાનને...**' યાદદાસ્ત. ધારણા એટલે સ્મૃતિ-યાદદાસ્ત. '**તેઓ 'જ્ઞાન' માને છે...**' જ્ઞાનની પ્રાપ્તિ માને છે '**અને પરદ્રવ્યનાં...**' એટલે અન્ય પદાર્થના, પાંચ ઇન્દ્રિયના વિષયોના '**ગ્રહણ-ત્યાગને, શરીરાદિની ક્રિયાને, અથવા બહુ તો શુભભાવને, તેઓ 'ક્રિયા' કલ્પે છે.**' કલ્પના કરે છે. આ ભ્રમણા કરે છે અથવા કલ્પના કરે છે. પરદ્રવ્યનો ગ્રહણત્યાગ. આ રીતે આટલું છોડ્યું અને આટલી ક્રિયા મેં મન-વચન-કાયાથી ગ્રહણ કરી.

જેમ કે કોઈ એવું કપડું રાખવામાં આવે છે. તો એ કપડું રાખવાની ક્રિયા કરી. માળા ફેરવી તો માળા ફેરવવાની ક્રિયા કરી. બેઠો તો બેસવાની ક્રિયા કરી. કાઉસગ્ગમાં બેસે છે ને? ઊભા રહે, બેસીને કાઉસગ્ગ કરે છે. તો એ ક્રિયાનું ગ્રહણ કર્યું. અમુક પદાર્થને એણે ગ્રહણ કર્યા કે મેં આ રીતે આ પુદ્ગલોનું આમ ગ્રહણ કર્યું. આટલા વિષયો છોડ્યો એનો ત્યાગ કર્યો. એમ બહુ બહુ તો પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગને તે ક્રિયા કલ્પે છે. શરીરની કોઈપણ પ્રકારની ક્રિયાને એ ક્રિયા કલ્પે છે કે હું મંદિરે આવ્યો, મેં શાસ્ત્ર ગ્રહણ કર્યું, આવવાની ક્રિયા મેં કરી. મેં બેસવાની ક્રિયા કરી. શરીરની ક્રિયા એ બધી. આદિમાં મન-વચન-કાયા ત્રણ લઈ લેવા. મેં બોલવાની ક્રિયા કરી. આ મૌનની ક્રિયાને બહુ મહત્વ આપે છે ઘણાં તો. મૌનને સાધના ગણે છે. હમણાં 'કોબા' ગયા હતા. સોમવારે. 'કોબા'ના આશ્રમમાં જોવા માટે ગયા હતા. ત્યાં મૌન ઉપર ઘણું વજન છે. રોજના કાર્યક્રમમાં જેમ સ્વાધ્યાયનો કાર્યક્રમ છે એમ મૌનનો કાર્યક્રમ ગોઠવ્યો છે. આટલાથી આટલા ટાઈમ મૌન પાળવું. હું બોલી શકું છું. શબ્દ પુદ્ગલને હું ગ્રહણ કરી શકું છું. અથવા શબ્દ પુદ્ગલોનો હું ત્યાગ કરી શકું અને મૌન પાળી શકું છું. એ બંને મિથ્યાત્વ છે. મૌનના તો પુસ્તકો લખે છે લોકો. મૌનમાં ઘણી શક્તિ છે અને મૌનથી આમ લાભ થાય છે અને ઢીકણું છે ને.

મુમુક્ષુ :- કોબા, શ્રીમદ્નું છે ઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સોનેજી, સોનેજી છે ને? સોનેજી ચલાવે છે ને ? 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ' 'કોબા'.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ મૌન ઉપર ટીકા કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ટીકા કરી છે. એ પોતે અન્યમતમાંથી આવે છે. આ ડોક્ટર છે એ પોતે અન્યમતમાથી આવે છે. અત્યારે તો નામકરણ જુદું કર્યું છે. 'આત્માનંદજી' કરીને નામ રાખ્યું છે.

મુમુક્ષુ :- સોનેજીએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સોનેજીએ નામ બદલી નાખ્યું છે. હવે 'આત્માનંદજી' તરીકે પોતાને ઓળખાવે છે. અને નામકરણનો રીતસર, જેમ 'ગુરુદેવે' પરિવર્તનનો દિવસ રાખ્યો હતો, એમ નામકરણનો એમણે જાહેર Function કરીને નામ બદલાવેલું છે. લૌકિકમાં નામ બદલવું હોય તો Affidevit કરવી પડે છે ને કે હવેથી મારું આ નામ રાખજો. કાયદો છે એ તો. એવી રીતે. મૌન ઉપર ઘણું ત્યાં વજન છે. અને એક સાધનાનું અંગ માને છે. આ બધી વિધિની ભૂલ છે-સાધનની ભૂલ છે.

'**શરીરાદિની ક્રિયા,...**' આદિમાં એ બધું આવી જાય છે. '**અથવા તો શુભભાવને,...**' પૂજા, ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય, દયા, દાન, યાત્રા, જપ-તપ એ બધી ક્રિયા કરતાં જે શુભભાવ થાય એ ક્રિયાને અથવા તે સંબંધીના શુભભાવને એ ધર્મભાવ માને છે અથવા ધર્મના કારણરૂપ ભાવને એ માને છે. અને એવી ક્રિયા કરતાં મોક્ષ થશે. આમ જ્ઞાન અને ક્રિયા મોક્ષનું કારણ છે. જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ. શાસ્ત્ર પણ વાંચીએ છીએ અને આ રીતે બાહ્યક્રિયા પણ અમે કરીએ છીએ.

'**મને આટલું આવડે છે,...**' ક્રિયામાં અથવા શાસ્ત્રમાં મને આટલું આવડે છે. '**હું આવી આકરી ક્રિયાઓ કરું છું.**' આ કરે છે ને? વર્ષીતપ તપ કરે છે. આજે વર્ષીતપની વાત બે વાર આવી. ભગવાન 'ઋષભદેવ સ્વામી'એ તો એવી રીતે વર્ષીતપ કર્યું જ નહોતું. પણ એવી રીતે નથી કરી શકતા એટલે પ્રકારાંતરથી બીજી રીતે કરે છે. એમને તો એક વર્ષ સુધી ઉપવાસ થયેલા. કેટલા? એક વર્ષ સુધી. પણ છ મહિને એમને આહારનો વિકલ્પ ઊઠ્યો અને આહારનો યોગ ન થયો. વિધિપૂર્વક આહાર મળે એવો યોગ ન થયો એટલે એ વિકલ્પને શમાવી દીધો આત્મામાં. વળી પાછા સ્વરૂપધ્યાનમાં લાગી ગયા બીજા છ મહિના સુધી. છ મહિના સુધી પછી આહારનો વિકલ્પ એમને થયો જ નહોતો. એમ એક વર્ષ સુધી એમને આહાર ગ્રહણ કરવાનો પ્રકાર નહોતો ઊઠ્યો અને એક વર્ષ સુધી સ્વરૂપલીનતાના પુરુષાર્થમાં રહ્યા હતા. પુરુષાર્થ પુરુષાર્થને તો કોઈ સમજતું નથી.

એક વર્ષ સુધી કોઈ ભૂખ્યા રહે તો પતી જાય. આહાર-પાણી વગર એક વર્ષ તો કાંઈ શરીરના પુદ્‌ગલો અત્યારે કાંઈ ચાલે એવું નથી. એ વખતના તો સંઘયણ જ આખા જુદા હતા અને એ પોતે તો મોટું આયુષ્ય અને વ્રજઋષભનારાચ સંહનન-મોક્ષનું સંહનન લઈને આવેલા. એ પ્રકારનું શરીરનું પુણ્ય હતું. એટલે એને કાંઈ એ તકલીફ ન થાય. શારીરિક તકલીફ પણ ન થાય. અને આત્માને તો તકલીફ થવાનો સવાલ નહોતો. કેમકે આત્માના આનંદમાં એ બિરાજમાન રહેતા હતા. અત્યારે એક દિવસ આહાર લેવો અને એક દિવસ ઉપવાસ કરવો. એક દિવસ આહાર લેવો એવું

છ મહિના સુધી કરે. પછી પાછા બીજા છ મહિના કરે? એમ એક વર્ષ સુધી કરતા હશે? એક વર્ષ સુધી કરે. બરાબર એક વર્ષ સુધી કરે. એટલે છ મહિના આહાર ગ્રહણ અને છ મહિના (ઉપવાસ). એકાંતરે એકાંતરે કરીને Total મારે એક વર્ષનો.

મુમુક્ષુ :- તિથીમાં Double આવે. આઠમ અને ચૌદશ તિથી હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા ત્યારે બે ઉપવાસ આવે. એકના બદલે બે ઉપવાસ થાય. પછી બે દિવસ આહાર લે કે એક દિવસ જ લે? એક જ દિવસ લે. આપણને બહુ ખબર નથી સંપ્રદાયમાં કેમ ચાલ છે ઈ. પણ એને વર્ષીતપ માને છે. એ ખરેખર તપનું સ્વરૂપ પણ નથી એમ કહે છે અહીંયાં.

**'હું આવી આકરી ક્રિયાઓ કરું છું એમ તેઓ ખોટી હૂંફમાં રહે છે.'** એવા જીવો જ્ઞાન અને ક્રિયાના સ્વરૂપને સમજ્યા વિના હું તપશ્ચર્યા કરું છું એવી હૂંફમાં રહે છે. ગડબડ છે એ બધી. મોક્ષનું કારણ એમાં જરાપણ ઉત્પન્ન થતું નથી. જે મોક્ષનું કારણ નથી એમાં મોક્ષનું કારણ જે માને છે એને દર્શનમોહનો-મિથ્યાત્વનો-પહેલો મોટો દોષ દઢ થઈ જાય છે. ધર્મના ક્ષેત્રમાં ધર્મની ક્રિયા કરવા જાય અને મિથ્યાત્વના મોટા કર્મને વધુ દઢતાથી બાંધે. આવું નુકસાન થાય એની એમને ખબર રહેતી નથી.

મુમુક્ષુ :- આજે ઘણી ગડબડવાળી વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- એક પ્રશ્ન વિચારવા જેવો છે. હમણાં Income tax નો કાયદો આવ્યો ને? તો લોકો એમે કહે છે કે ભાઈ! આમાં માથાકૂટવાળું કામ છે. અત્યારે ધંધા-વેપાર-કારખાના કરવા એટલે બહુ સમજીને કરવું પડે છે. અને જો સમજ્યા વગર કરો તો ઘણી મુશ્કેલી ઊભી થાય. તો એક પ્રશ્ન એમાં ઉઠાવવા જેવો છે અને વિચારવા જેવો છે કે એક પેટીયું રળવું હોય ખર્ચા કાઢવા માટે, પેટિયું જ કહેવાય ને? બીજું શું કહેવાય? એના માટે તમારે આટલી બધી સમજણ કરવી પડે. કે એમાં જો સમજણની ભૂલ રહે તો મુશ્કેલીમાં મૂકાઈ જાવ. બરાબર છે? અને સાદિઅનંત કાળ સુધી આત્માને જન્મ-મરણ છોડાવી દેવા હોય તો તમારે કાંઈ સમજણ કરવી નથી એમને એમ દીધે જ રાખો. ઉપવાસ કરો ને વર્ષીતપ કરો ને એમ ને એમ વાંચી નાખો ને, ધારણા કરી લ્યો અને ક્રિયા કરી નાખો. વગર સમજે ધંધો કરવો છે. સમજણ કર્યા વગર ધંધો કરે તો ખોવાઈ જાય. દુનિયામાં તો એમાં વાંધો નથી આવતો. આ નાનામાં નાનો માણસ સમજે છે કે પહેલા હું સમજી લઉં. એક કમાયેલો માણસ એમ કહે કે ભાઈ! મેં આ ધંધો કર્યો છે અને તમે કરો તો કમાશો. હું તમને કહું છું કે કરો, Guarantee આપું છું. તો કહે ના, હું સમજ્યા વગર નહિ

કરું, ભાઈ! કેમ કે ધંધો મારે કરવો છે. હું ક્યાં ભૂલ કરું પછી તો પૈસા ખોવાઈ જાય. તો ત્યાં સમજણથી આગળ વધવું છે. અહીંયાં મોક્ષમાર્ગની જ્ઞાનક્રિયાની સમજણ કર્યા વિના ધંધો માંડી દેવો અને દુકાન ખોલી નાખવી છે. થાય કોઈ દિવસ? કોઈ દિવસ ન બને. કેટલુ નુકસાન થાય એનો કંઈ હિસાબ રહે નહિ.

'**એમ તેઓ ખોટી હૂંફમાં રહે છે.**' એ આત્માને ધર્મનો લાભ કરવાને બદલે અધર્મનું નુકસાન કરી બેસે છે, એમ કહેવું છે. એટલી વાત કરીને હવે વિધિની વાત કરે છે. આ વિધિમાં ભૂલ થાય છે એટલી વાત કરી પહેલા Paragraphમાં. હવે એ ભૂલ ન થાય તો સાચી વિધિ શું છે? ખરેખર વિધિ શું છે કે જે વિધિથી મોક્ષની પ્રાપ્ત થાય? છેલ્લી લીટી લીધી ને? '**આ વિધિ સિવાય મોક્ષ પ્રાપ્ત કરવાની અન્ય કોઈ વિધિ નથી.**' એમ કરીને ઉપરની બધી વાત વિધિને અનુસરતી કરવી છે. અને ત્રણે કાળે એક જ વિધિ, એક જ ઉપાય, એક જ માર્ગ છે એ વાત કરવી છે. એ વાત હવે પછી જરા વિશેષતાથી લેશું...

## તા. ૧-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૦
## પ્રવચન નં. ૨૬૭

'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૩૫૦. પાનું-૧૨૦. મોક્ષ પ્રાપ્ત કરવા માટેનું જ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત કરવા માટેની ક્રિયા કેવા હોય એની વ્યાખ્યા કરે છે. કહે છે કે **'જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ...'** જેને જ્ઞાન હેવામાં આવે છે એ જ્ઞાન. જ્ઞાન તો તે છે કે જે જ્ઞાનમાં નિજ જ્ઞાયક સ્વરૂપની અનુભૂતિ હોય, અનુભવવાનું કાર્ય થતું હોય. અનુભવવાનું કાર્ય થાય, સ્વાનુભવનું કાર્ય થાય તેને સ્વાનુભૂતિ કહેવામાં આવે છે. અનુભૂતિ એટલે અનુભવનું કાર્ય. સ્વાનુભૂતિ એટલે સ્વના અનુભવનું કાર્ય. એટલે જ્ઞાનમાં સ્વાનુભૂતિ સિવાયનું બધું જ્ઞાન, જ્ઞાન તરીકે નહિ ગણતા જ્ઞાનથી બહાર, જ્ઞાનથી બહાર ગણવામાં આવે છે. સ્વાનુભૂતિનું જ્ઞાન તે જ્ઞાન અને બાકીનું બધું અજ્ઞાન આમ લઈ લેવું છે.

'સ્વાનુભૂતિ' શબ્દ બે અર્થમાં વપરાય છે. એક શુદ્ધોપયોગ થાય ત્યારે સ્વાનુભૂતિ પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે અને શુદ્ધોપયોગ પૂરો થયા પછી જે જ્ઞાનધારાની પરિણતિ છે તે પરિણતિને પણ સ્વાનુભૂતિનું નામ દેવામાં આવે છે. એમ સ્વાનુભૂતિ બે અર્થમાં વપરાય છે. શુદ્ધોપયોગ છે એ પણ મોક્ષના કારણભૂત સ્વાનુભૂતિ છે અને જ્ઞાનધારા છે એ પણ મોક્ષના કારણભૂત જ્ઞાન છે. અને એ જ જ્ઞાન તે ખરું જ્ઞાન છે, સાચું જ્ઞાન છે, નિશ્ચયજ્ઞાન છે. એ સિવાયના જ્ઞાનને ખરેખર જ્ઞાન કહેવાતું નથી. એટલે એ વ્યાખ્યા કરી છે.

એક લીટીમાં મોક્ષના કારણભૂત જ્ઞાનની વ્યાખ્યા છે. એક જ પંક્તિ છે. **'જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ...'** જે જ્ઞાનમાં પોતાના નિજ જ્ઞાયકનો અનુભવ વર્તતો હોય, ચાહે ઉપયોગથી અથવા ચાહે લબ્ધથી-પરિણતિથી, પણ તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાન સાચું જ્ઞાન છે. જે નિજ સત્તાને-નિજ સ્વરૂપને-અવલંબીને ઉત્પન્ન થયેલું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે. તે જ જ્ઞાનનો સ્વભાવિક ધર્મ છે. તે જ અવિકૃત જ્ઞાન છે. બાકીનું જ્ઞાન દોષિત છે. એ સિવાય જે જ્ઞાનની પ્રવૃત્તિ હોય તો તે જ્ઞાન દોષિત છે. અને તે દોષિત જ્ઞાન મોક્ષના કારણભૂત થતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનને કેમ દોષિત કીધું?

પૂજ્ય ભાઈશ્રી :- પરસત્તાને અવલંબે છે એટલે.

મુમુક્ષુ :- પરસત્તાને અવલંબે છે તો ચારિત્રમાં જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જ્ઞાનનું પણ પરિણમન છે ને? જ્ઞાનમાં પણ ચારિત્રનું રૂપ છે. જ્ઞાનને પણ ચારિત્રનું રૂપ છે. એટલે જ્ઞાન પોતે પણ પરસત્તાને અવલંબે છે. ચારિત્ર છે તે અસ્થિરતા (છે). પરિણામના અસ્થિરભાવને ચારિત્ર કહીએ. એમ. એવી રીતે વિભાગ પાડવામાં આવે છે. પણ જે પરપદાર્થને અવલંબીને જાણે, પરપદાર્થની સન્મુખ થઈને જાણે એ જ્ઞાનનો દોષ છે.

મુમુક્ષુ :- કાર્ય તો ચારિત્રનું છે. પર પદાર્થની સન્મુખ થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સન્મુખ થાય છે પણ જ્ઞાન પણ સન્મુખ થાય છે ને? જ્ઞાન અંતર્મુખ રહે છે અને ચારિત્ર સન્મુખ થાય છે એવું છે કાંઈ? જ્ઞાન પણ થાય છે કે નહિ? જ્ઞાનનું પણ એ કાર્ય છે કે નહિ? એમ. ચારિત્ર સાથે છે એ બીજી વાત છે. પણ જ્ઞાન છે કે નહિ? એટલો સવાલ છે. તો એ જ્ઞાનનો પણ દોષ છે. જો જ્ઞાન છે તો તે જ્ઞાનનો દોષ છે.

**'જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ...'** એ સિવાય એનું જ્ઞાન જ નથી એમ કહે છે. એ સિવાયના જ્ઞાનને-શાસ્ત્રના અર્થના જ્ઞાનને, શાસ્ત્રના ભાવાર્થના જ્ઞાનને, શાસ્ત્રના નયાર્થના જ્ઞાનને કોઈ જ્ઞાન માને તો તે જ્ઞાન નથી. એ જ્ઞાનનું સ્વરૂપ નથી એમ કહે છે. મોક્ષના કારણભૂત જે જ્ઞાન છે એ તો સ્વાનુભૂતિયુક્ત જ્ઞાન છે. એ એક જ જ્ઞાન મોક્ષને કારણભૂત છે. એ એક જ જ્ઞાન મોક્ષને સાધનભૂત છે. અને મોક્ષને પામવાની જ્ઞાનની વિધિમાં આટલા જ જ્ઞાનનો સમાવેશ છે, એ સિવાયના જ્ઞાનનો એની અંદર સમાવેશ નથી. બહુ સ્પષ્ટ અને ચોખ્ખો વિષય છે.

મુમુક્ષુ :- શાસ્ત્રજ્ઞાનમાં આ જ્ઞાન કરાવવા માટે વચનો આવે. શાસ્ત્રજ્ઞાનમાં એ વચનો આવે એ પણ આ જ જ્ઞાન કરાવવા માટે જ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વચનો છે એ તો પુદ્‌ગલાત્મક છે. ચાહે લખેલા હોય કે ચાહે અવાજરૂપે હોય પણ એ તો પુદ્‌ગલાત્મક છે. એટલે એ તો જ્ઞાન નથી. શાસ્ત્ર તો કાંઈ જ્ઞાન નથી. એ તો નક્કી થઈ ગયું ને? હવે એ તરફનો જે જીવનો ઉપયોગ છે એને અહીંયાં ના પાડે છે. એ જ્ઞાન નથી. એ જ્ઞાન નથી અને સ્વાનુભૂતિરૂપ જે જ્ઞાન છે એ જ્ઞાનને કારણભૂત પણ તે નથી, એમ કહે છે. એ પોતે તો જ્ઞાન નથી પણ એનું કારણ તો ખરું ને? નહિ. એનું કારણ પણ નહિ. આમ છે.

મુમુક્ષુ :- બી.કોમ ભણીને Theory ગોખી જાય અને થડે બેસીને વેપાર નફો કરે-બે વચ્ચે કેટલો ફેર?

પૂજ્ય ભાઈશ્રી :- ઘણો ફેર છે. એક ભણ્યો છે અને એક ગણ્યો છે.

મુમુક્ષુ :- ઓલો નફો કરે છે, આ માત્ર Theory ગોખ્યા જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગોખ્યા કરે છે. એમાં કાંઈ પેટ ભરાઈ નહિ. એમાં કાંઈ પૈસા આવે નહિ, એમાં કાંઈ લાભ થાય નહિ. એમ કહે છે કે સત્શાસ્ત્ર તો નિમિત્ત છે અથવા એમાં નિમિત્તત્વ છે. તો એને એમ કહે છે કે નિમિત્તત્વ ક્યારે? કે વાચક જે શબ્દો છે તેના વાચ્ય તરફ જ્ઞાન વળે ત્યારે. વાચક એમ કહે છે કે તું જ્ઞાયક આત્મા છો. તું જ્ઞાયક છો. એ જ્ઞાયકરૂપ જે સાક્ષાત્ વાચ્ય છે એના પ્રત્યે જ્ઞાન વળે ત્યારે ઓલા ઉપર નિમિત્તનો આરોપ જાય. નહિતર નિમિત્તનો આરોપ જતો નથી. તો જ્ઞાન ક્યારે થયું? કે નિમિત્તનો આશ્રય છોડ્યો ત્યારે.

ઘણાં વર્ષ પહેલા એક વકીલ આવ્યા હતા ચર્ચા કરવા. 'ઉમાસ્વામી મહારાજે' સમ્યગ્દર્શનની વ્યાખ્યામાં કારણમાં બે કારણ લીધા છે. નિસર્ગાત અધિગમાત્વા. અધિગમમાં શું આવે? કે દેવ-ગુરુ-શાસ્ત્ર. દેવ-ગુરુ-શાસ્ત્ર અધિગમમાં આવે તો તમે કેમ નિમિત્તને માનતા નથી. એ તો સમજે કે 'સોનગઢ' જાય એના ઉપર ચોખ્ખો આરોપ કે 'સોનગઢ'વાળા નિમિત્તને માનતા નથી. આપણે અધિગમમાં એમ લઈએ એક દૃષ્ટાંત લઈએ. સમવસરણની અંદર સાક્ષાત્ જિનેન્દ્ર પરમાત્મા બિરાજમાન છે એમને વાણી છૂટી રહી છે. દિવ્યધ્વનિ ઉપદેશ ચાલી રહ્યો છે અને ભવ્યજીવો બધા ધર્મસભામાં સાંભળે છે. એવા કાળમાં કોઈ જીવને સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થાય છે. ત્યારે એ નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થઈ. વાણી ચાલુ છે, સાંભળતા સાંભળતા એને નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થઈ. તો નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થઈ એ આત્માના પરિણામની ક્રિયા-પ્રક્રિયા કેવી રીતની થઈ એને આપણે તપાસીએ. વાણીમાં જે શુદ્ધાત્મા જ્ઞાયક આત્મા સાંભળ્યો એ આત્મા પોતાનું અંતઃતત્ત્વ સ્વરૂપ પોતાનું સ્વરૂપ છે. અંતર સ્વરૂપ છે. એ સ્વરૂપ ઉપર એ લક્ષ ગયું તો એનું લક્ષ વાણી સાંભળવામાં રહ્યું કે ન રહ્યું એ વખતે? તો વાણી છૂટે અને વાણી સાંભળવામાં લક્ષ ન રહે એ વ્યાજબી વાત છે? સ્વરૂપનું લક્ષ થાય તો વ્યાજબી વાત છે.

અથવા એ વાણી એવા શુદ્ધોપયોગનું વ્યાજબીપણું, સમ્યક્પણું ઠરાવે છે કે ભાઈ! આ વાણી ઉપરનો તારે ઉપયોગ અને લક્ષ છે એ ફેરવીને તું જ્ઞાયક ઉપરનો લક્ષ અને ઉપયોગ કર. એમ વાણી દ્વારા સ્પષ્ટ સીધું જ કહેવામાં આવે છે. તો એવું જે કરે છે એ જ ખરેખર જિનાજ્ઞા માને છે, એ જ વાણીનો આદર કરે છે. વાણીનો આદર કરવા માટે વાણી સન્મુખ ઉપયોગને રાખવો એ વાણીનો આદર નથી. પણ વાણી જે કહે છે એવા પરમાત્મતત્ત્વ ઉપર ઉપયોગને વાળવો તે જ દિવ્યધ્વનિ ને

વાણીનો આદર છે અને નહિતર અનાદર છે. સાંભળ્યા જ કરે અને કીધું ન કરે તો તે અનાદર છે. એ વખતે જે વાણી અને ભગવાન નિમિત્ત છે એ નિમિત્ત ઉપરનો સંબંધ, નિમિત્તનો સંબંધ છૂટ્યો ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો? કે એની ઉપર ઉપયોગ રાખ્યો ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો? નિર્વિકલ્પ સમ્યગ્દર્શનને તો ઉપયોગ જ્યારે ત્યાંથી છૂટીને અંતર્મુખ થયો ત્યારે જ એને નિમિત્તનો આરોપ આવ્યો. નહિતર એને સમ્યગ્દર્શનમાં હજી સુધી વાણી નિમિત્ત થઈ નહોતી.

જ્યાં સુધી એ નિર્વિકલ્પ થઈને અંદર નહોતો ગયો અને એ શુદ્ધોપયોગ કરતા એણે વાણીનો ઉપયોગ નહોતો છોડ્યો, ત્યાં સુધી એને સમ્યગ્દર્શનના નિમિત્તભૂત વાણી એમ લાગુ પડતું નહોતું એના માટે. તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોને કહેવો? કે ત્યાં જોડાઈ રહે ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કે ત્યાંથી છૂટે ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ? પણ જેને નિમિત્ત કર્તા બેઠું છે, નિમિત્ત છે એ કર્તા બેઠું છે એ આટલું વિચારતા નથી. એ તો એક સ્થૂળ રીતે એમ વિચારે છે કે તમે નિમિત્તને કેમ ઉડાવો છો? નિમિત્તનો અનાદર થઈ જશે. એવી રીતે નિમિત્તનો અનાદર થતો નથી.

મુમુક્ષુ :- ખરેખર તો પોતામાં કાર્ય થાય ત્યારે જ સામે નિમિત્ત ગણાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે જ નિમિત્તનો આરોપ એને લાગુ કરી શકાય. પ્રત્યેક પદાર્થ નિજ શક્તિથી તો ઉપદાનસ્વરૂપ છે. જગતના પ્રત્યેક પદાર્થ પોતાની નિજ શક્તિ અનંત શક્તિને સંઘરીને બેઠેલા હોવાથી પોતે તો ઉપાદાનસ્વરૂપે જ છે ખરેખર તો. પણ જે-તે પદાર્થો ઉપર નિમિત્તનો આરોપ ત્યારે આવે છે કે તદ્અનુસાર કોઈ કાર્ય બીજા પદાર્થની અંદર થાય છે ત્યારે તેના અનુરૂપ કાર્યને જોઈને એના ઉપર નિમિત્તનો આરોપ આવે છે. તો પણ નિમિત્ત ખરેખર કાંઈ કરતું નથી. એ વખતની અનકૂળ સંયોગની ઉપસ્થિતિનું જ્ઞાન કરાવવા માટે એ નિમિત્ત છે એવું એનું નામ પાડવામાં આવે છે. બીજું કાંઈ નથી.

એમાં પણ એટલો ભેદ છે. એટલું રહસ્ય છે કે આવું જ્યારે સમ્યગ્જ્ઞાન-દર્શનરૂપી કાર્ય થાય ત્યારે એને નિમિત્ત પણ ચોક્કસ પ્રકારનું હોય. ગમે તે નિમિત્ત હોય ને કાર્ય થાય નહિ. આ પણ નિયમબદ્ધ છે. એ વાતની પણ મર્યાદા બાંધવી છે. અને એ મર્યાદાનું પણ કોઈ ઉલ્લંઘન કરીને કુદેવ આદિમાં, કુગુરુ આદિમાં કોઈ નિમિત્તની વાત ન લઈ જાય, એ રીતે પણ ત્યાં વ્યવહારની મર્યાદા અને બંધન છે. એટલી વાત તો સ્પષ્ટ છે. નહિતર બીજી ગડબડ ઊભી થાય કે જુઓ! નિમિત્ત કાંઈ કરતું નથી. તો એમાં શું? કુદેવને માનતા માનતા પણ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થાય. એવું જરા પણ બની શકે નહિ. એટલી મર્યાદા એની અંદર પણ છે. અને એ બંધન

છે. ત્યાંથી આગળ જવાની વાત નથી.

મુમુક્ષુ :- નિમિત્ત વગર પણ થાય નહિ અને નિમિત્તથી પણ થાય નહિ. ગુરુદેવશ્રી એમ કહેતા ને?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે 'ગુરુદેવ' એ શબ્દોમાં કહેતા કે નિમિત્ત વગર થાય નહિ, નિમિત્ત વગર માને તો મિથ્યાત્વ છે અને નિમિત્તથી માને તો પણ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- આમ તો નિમિત્તની જાત જ એવી છે, વીતરાગતા એની જાત છે. તો જે જાતનું આપણને જોઈતું હોય એ જાતનું જ અવલંબન લેવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બસ. એ તો ક્યારે? કે એ એવું કહે છે એટલા એના ઉપર નિમિત્ત (નો આરોપ અપાય છે). તારો આત્મા જ્ઞાયક છે એવું કહે છે અને પોતાનું લક્ષ જ્ઞાયક ઉપર જાય છે એટલે એને નિમિત્ત કહ્યું. બીજા કોઈ કહેતા નથી, કુગુરુ આદિ કોઈ કહેતા નથી કે તારો આત્મા જ્ઞાયક છે. એવું કહેતા નથી. અને કહેતા હોય તો આ વેદાંતમાં આવે છે પ્રજ્ઞાનં બ્રહ્મ. તો પણ એ અનુભૂતિ સાથે કહેતા નથી. કેમ કે ત્યાં તે વાત જીવંત નથી કહેનારને. એટલે પણ એમાં નિમિત્તત્વ લાગુ પડતું નથી.

મુમુક્ષુ :- એટલે જ્યારે જે કાંઈ કાર્ય થાય એને અનુકૂળ જ નિમિત્ત હોય.

પૂજ્ય ભાઈશ્રી :- કેસ લડવામાં કોઈ કુંભારને રોકે નહિ. વકીલને જ રોકે. સીધી વાત છે. કપડા સિવડાવવા પણ દરજીને ત્યાં જાય અને કુંભારને ત્યાં ન જાય કે માળીને ત્યાં ન જાય. દરજી કપડા સીવે.

મુમુક્ષુ :- (એક મુમુક્ષુ) કહેતા હતા, ઘડો થવાનો હોય ત્યારે કુંભાર હાજર હોય, કાંઈ ડોક્ટર ન હોય ત્યાં.

પૂજ્ય ભાઈશ્રી :- ડૉક્ટર ન હોય ત્યાં. બરાબર છે, એમ જ હોય. એને અનુરૂપ જે કાર્યનો સામે સંયોગ હોય છે. જગતમાં એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ પારિણામિકભાવે છે. એટલે સદાય છે અનાદિઅનંત છે. એમ. અને એ ધર્મમાં જાય છે. પદાર્થના એ ધર્મનું ખાતુ છે, શક્તિનું નહિ. શક્તિ અને ધર્મ જુદી જુદી ચીજ છે.

મુમુક્ષુ :- શક્તિ એટલે ગુણો લેવા?

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ એટલે ગુણો. અને ધર્મ એટલે ધર્મ તો પર્યાયને પણ હોય, ગુણને પણ હોય અને દ્રવ્યને પણ હોય. ત્રણેને ધર્મ પોતપોતાના હોય. જેમ કે પર્યાયનો અનિત્ય ધર્મ છે અને દ્રવ્યનો નિત્ય ધર્મ છે. નિત્ય ધર્મ પર્યાયને લાગુ પડે નહિ અને અનિત્ય ધર્મ દ્રવ્યને લાગુ પડે નહિ. બેયના જુદા જુદા વિરુદ્ધ ધર્મો છે એક જ પદાર્થની અંદર. એવું જે એક ધર્મનું ખાતું છે પદાર્થના વિજ્ઞાનમાં એમાં

નિમિત્ત-નૈમિત્તક સંબંધ ધર્મના ખાતામાં જાય છે. ગુણોના ખાતામાં નહિ. એમ છે. એ પણ પદાર્થનો ધર્મ છે. નિમિત્ત અનુસાર અહીંયાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જોડી શકાય એવો પણ પદાર્થની અંદર ધર્મ છે. ગુણ નહિ, ધર્મ છે. ધર્મ છે અથવા એને યોગ્યતારૂપ ધર્મ પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આમ તો નિમિત્ત અને ઉપાદાન બધા જ દ્રવ્યોમાં રહેલાં જ છે, છએ દ્રવ્યોમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. છએ દ્રવ્યમાં નિમિત્તપણું અને ઉપાદાનપણું છે. ઉપાદાન તો નિજ શક્તિ છે. અને છએ છ દ્રવ્યો પરસ્પર એકબીજાને નિમિત્ત થાય છે. છએ દ્રવ્યો પરસ્પર એકબીજાને નિમિત્ત થતા હોવાથી તે પારિણામિકભાવે અનાદિઅનંત છે એમ કહેવામાં આવે છે.

અહીંયાં એમ કહે છે કે વિધિ-મોક્ષમાર્ગની વિધિ-સાધન-એવું જ્ઞાન કોને કહેવું? જ્ઞાન અને ક્રિયા એનાથી મોક્ષ થાય છે. ત્રીજી વિભક્તિ છે. જ્ઞાન-ક્રિયાભ્યાં. દ્વિવચન. બે છે એટલે સંસ્કૃત વ્યાકરણમાં એકવચન, દ્વિવચન અને બહુવચન એમ ત્રણ વિભાગમાં વ્યાકરણની અંદર શબ્દો વહેંચાયેલા છે. તો જ્ઞાન અને ક્રિયા બે શબ્દ છે. સાધન વડે. તે વડે ભ્યાં-તે વડે-તેના દ્વારા. જ્ઞાન અને ક્રિયા દ્વારા મોક્ષ થાય છે. એ જ્ઞાન કહ્યું કે જે જ્ઞાનમાં જ્ઞાયકની સ્વાનુભૂતિ છે તે જ્ઞાનથી મોક્ષ થાય છે, તે સિવાયનું જ્ઞાન મોક્ષનું કારણભૂત જરા પણ નથી.

મુમુક્ષુ :- જ્ઞાનરૂપી ક્રિયા.

પૂજ્ય ભાઈશ્રી :- ક્રિયામાં અહીંયાં સ્થિરતા-અસ્થિરતા લેવી છે. વ્યાખ્યા કરશે અહીંયાં. પછી બીજી લીટીમાં ક્રિયાની વ્યાખ્યા કરે છે.

**'જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ.'** આ ક્રિયાની વ્યાખ્યા લીધી. અથવા છૂટું પાડીને લેવું હોય તો સ્વરૂપમાં સ્થિરતારૂપ જે ક્રિયા છે તેને સ્વરૂપાચરણ કહેવામાં આવે છે. તેને સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્ર કહેવામાં આવે છે. તેને આત્મામાં જામી ગયો એમ કહેવામાં આવે છે. તે આત્મામાં રમે છે એમ કહેવામાં આવે છે. એમ જુદા જુદા શબ્દોથી તે આચરણની ક્રિયાને-ચારિત્રના ભાવને બતાવવામાં આવે છે. પણ સ્થિરતા-અસ્થિરતારૂપ પરિણામ તે ચારિત્રગુણનું પરિણામ છે. એમ લેવું.

મુમુક્ષુ :- આમ જોઈએ તો ચારિત્ર જુદા ભાવને કહેવા માગે છે અને રમે છે એ પણ જુદા ભાવને કહેવા માગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- રમે છે એટલે એની અંદર એમાં ને એમાં જ છે. લીન

છે. એ લીનતા બતાવે છે. તન્મયતા કહો, લીનતા કહો, રમે છે એમ કહો, ક્રીડા કરે છે એમ કહો, સ્થિર થઈ ગયો એમ કહો, એનું અવલંબન લીધું એમ કહો, જામી ગયો એમ કહો. અથવા એને જ્ઞાયકને ધ્યેય બનાવીને એના ધ્યાનમાં એકાગ્ર થયો એમ કહો. એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ. તો ધ્યાન છે એ ચારિત્રના પરિણામ છે. ચારિત્રમાં જાય છે ધ્યાન.

કેવી રીતે થાય છે એ ચારિત્ર? કે '**જ્ઞાયકના દઢ આલંબને...**' એકદમ સ્થિર થવામાં દઢ અવલંબન આવે છે. '**જ્ઞાયકના દઢ આલંબને...**' ગુણસ્થાન અનુસાર એની દઢતા લેવી. ચોથા ગુણસ્થાને, ચોથા ગુણસ્થાનને યોગ્ય દઢતા હોય છે. પાંચમા ગુણસ્થાને પાંચમા ગુણસ્થાનને યોગ્ય હોય છે. સાતમા ગુણસ્થાને, સાતમા ગુણસ્થાનને યોગ્ય હોય છે. પરિણતિમાં પણ જે-તે ગુણસ્થાનને યોગ્ય અવલંબન હોય છે.

'**જ્ઞાયકના દઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને...**' આત્મદ્રવ્યના બધા જ ગુણો લીધા આમાં. સર્વ ગુણો સ્વરૂપને વિષે એકાગ્ર થઈને પરિણમે છે એમ આખું આત્મદ્રવ્ય લઈ લીધું. '**આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય...**' સ્વભાવ પ્રગટ થયો એવી જે પરિણામની ક્રિયા થઈ તે ક્રિયાને અહીંયાં મોક્ષના કારણભૂત ક્રિયા કહેવામાં આવે છે. આ ક્રિયા તે સાધન છે. બીજી કોઈ ક્રિયા સાધન નથી. મનની ક્રિયા, વચનની ક્રિયા, વાણીની ક્રિયા એ તો પુદ્ગલની ક્રિયા છે, એ તો કોઈ સાધન છે જ નહિ. બહુ ચોખ્ખી વાત છે.

વીતરાગ દર્શનની, વીતરાગ વાણીની આ બહુ ચોખ્ખી વાત છે. અને આ વિષયમાં બધે ગોટા ઉઠ્યા છે. અન્યમતમાં, વેદાંતમાં, શ્વેતાંબરમાં પણ એ બધી ગડબડ છે. શરીરની ક્રિયાને ક્રિયા ગણવામાં આવે છે. મનની ક્રિયાને ક્રિયા ગણવામાં આવે છે. એ ક્રિયાને મોક્ષના સાધનરૂપ ક્રિયા ગણવામાં આવે છે. એ વાત છે. ચોખ્ખી આત્માની સ્વભાવભૂત ક્રિયા. આત્માની વિભાવભૂત ક્રિયા પણ નહિ. પછી એ વિભાવનો વિષય જિનેન્દ્ર પરમાત્મા હોય તો પણ નહિ. જરા પણ ઓછું-અદકું તોળવાની વાત નથી. ચોખ્ખેચોખ્ખી વાત છે.

સ્વભાવભૂત ક્રિયા તે જ એક મોક્ષના કારણભૂત ક્રિયા છે. તે જ મોક્ષની પ્રાપ્તિની વિધિ છે. એ જ એક સાધન છે. એ જ માર્ગ છે. એ માર્ગ સિવાય બીજો માર્ગ કોઈ સ્થાપે તો તે ઉન્માર્ગને સ્થાપે છે. એ માર્ગને સ્થાપતા નથી. એટલી બધી ચોખ્ખી વાત છે અહીંયાં. બહુ ચોખ્ખું કર્યું છે. ત્રણ લીટીમાં તો બંને વાતને સ્પષ્ટ કરી દીધી છે.

'**જ્ઞાયકના દઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા**

**થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ.'** મોક્ષના કારણભૂત-સાધનભૂત કોઈ બીજી ક્રિયા છે જ નહિ કે જેને જ્ઞાનક્રિયાભ્યાંની અંદર સમાવેશ કરવામાં આવે. એવી કોઈ ક્રિયા નથી. એમ કહે છે. બીજી ક્રિયા હોય તો તે સંસારના કારણભૂત છે, મોક્ષના કારણભૂત નથી.

પરિણામમાં બે પ્રકાર-બે જાતના પરિણામ છે. એક સંસારના કારણભૂત અને એક મોક્ષના કારણભૂત. આ બે પ્રકારના પરિણામની જાતને ચોખ્ખે ચોખ્ખી સમજી લેવી જોઈએ, ઓળખી લેવી જોઈએ અને એમાં બીજો ગડબડગોટો ચાલે નહિ. એમાં ગડબડ થાય તો એની સાધના કોઈ દિવસ થઈ શકે નહિ. એ જીવ કદી એમાં ભૂલવાળો હોય તે અંતર્મુખ થઈ શકે નહિ. કેમ કે આ પ્રયોજનભૂત વિષયની ભૂલ છે. એમાં ભૂલ રહી તો એમાં અંતર્મુખપણું કોઈ દિવસ થઈ શકે નહિ.

આગળ કહે છે કે '**પૌદ્ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે?**' મન-વચન-કાયાની કે બીજા પદાર્થના ગ્રહણત્યાગની ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે? આત્મા પૂજાના અર્ઘને ગ્રહણ કરી શકે, જપ કરવા માટે માળાને ગ્રહણ કરી શકે, શરીરને બરાબર સ્વચ્છ રાખી શકે. આમ સ્વચ્છ રાખે ને શરીરને? આત્મા કરી શકે નહિ. પાણીનું ગ્રહણ કરવું કે શરીર સ્વચ્છ હોવું જોઈએ. એ આત્મા નથી કરી શકતો. તેમ પરપદાર્થનો ત્યાગ. આહારનો ત્યાગ આત્મા કરી શકે, પાંચ ઇન્દ્રિયના વિષયનો ત્યાગ આત્મા કરી શકે એ આત્મા કરી શકતો નથી. '**પૌદ્ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે?**' એ તો આત્મા કરી શકતો જ નથી. '**જડના કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડનાં કાર્ય કદી ન થાય.**'

મુમુક્ષુ :- આત્મા ભાવ તો કરે ને?

પૂજ્ય ભાઈશ્રી :- બસ, ભાવ કરે. એ ભાવ કરે એમાં કાં સ્વભાવભૂત કરે અને કાં વિભાવભૂત કરે. જો સ્વભાવભૂત કરે તો તે મોક્ષના કારણભૂત છે અને વિભાવભૂત કરે તો તે સંસારના કારણભૂત છે. પણ જડના કાર્યો ઉપર આત્માએ અધિકાર ક્યારે પણ રાખવો કે જમાવવો નહિ કે આ કાર્ય મેં કર્યું. આત્મા ન કરી શકે. દાન આપવાનો ભાવ આત્મા કરી શકે પણ દાન આપવાની ક્રિયા આત્મા ન કરી શકે. અને જો દાન આપવાની ક્રિયાથી જ પુણ્ય બંધાતું હોય તો તો કોઈપણ જેની પાસે દાન આપવાની વ્યવસ્થા નથી પૈસાની એને તો દાનનું પુણ્ય બંધાય જ નહિ. એવું બનતું હશે ક્યાંય દુનિયામાં કે પૈસાવાળા જ દાનના અને પુણ્યના અધિકારી છે અને બીજા નથી? એવું બનતું નથી.

મુમુક્ષુ :- ખરેખર તો પૈસાવાળો દાન આપી પણ નથી શકતો. કારણ કે..

પૂજ્ય ભાઈશ્રી :- એક દૃષ્ટાંત આપુ કે કોઈ નિર્ધન હોય પણ એને એવો ભાવ આવે કે મારી પાસે હોય તો હું ગમે તેમ કરીને જેટલું થઈ શકે એટલું સન્માર્ગની અંદર ધનને વાપરું. હોય નહિ પણ ભાવ આવ્યા કરે એને. ન આવે? હોય તો જ આવે એવું છે? ભાવ છે એ પુણ્યનું કારણ છે, ક્રિયા તે પુણ્યનું કારણ નથી. કેમ કે ક્રિયા તો આત્મા કરી શકતો નથી. ભાવ જ આત્મા કરી શકે છે. પણ તે પુણ્યભાવ બંધનનો ભાવ છે, તે સંસારનો ભાવ છે, તે મોક્ષનો ભાવ નથી. એ વાત તો સ્પષ્ટ સમજવી જોઈએ. અહીંયાં તો મોક્ષની વિધિનું પ્રકરણ છે.

મુમુક્ષુ :- એવો પ્રકાર બને. પોતાની પાસે એક જ સોનાની ચીજ હોય એ વેચીને ધર્મકાર્યમાં આપી દે. એ ઓલા કરોડપતિ કરતા ઊંચો ભાવ થયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સોનાની એક ચીજ શું સોનું પણ ન હોય પણ પેટે પાટા બાંધીને આપે. પેટે પાટા બાંધીને એટલે શું? કે ઓછું ખાશું હવે. અમુક ટાઈમ ઓછું ખાઈ લેશું. અમુક સમય એવી રીતે કાઢી નાખશું. પણ આમાં તો આજે આપણે આપવું જ છે. એવા પણ જીવો હોય છે.

મુમુક્ષુ :- બહુ ઊંચો શુભભાવ. કરવું, કરાવવું અને અનુમોદનનું...

પૂજ્ય ભાઈશ્રી :- શું?

મુમુક્ષુ :- મન-વચન-કાયા, કૃત-કારિત-અનુમોદના..

પૂજ્ય ભાઈશ્રી :- મન-વચન-કાયાથી ક્રિયા કરવાનો ભાવ. કરવું, કરાવવું અને અનુમોદવાનો ભાવ એમ લેવો. બધે ભાવ લેવો. મનની ક્રિયા આત્મા કરી શકે છે, વચનની ક્રિયા આત્મા કરી શકે છે એમ નહિ. શરીરની ક્રિયા આત્મા કરી શકે છે એમ નહિ. પણ એવો ભાવ, એમ. એવો ભાવ લેવો. એ ભાવના તારતમ્ય અપેક્ષાએ ભેદો છે. એટલે નવ ભેદથી એ પ્રકાર ઊપજે છે. પણ એનો અર્થ ક્યાંય એવો નથી કે કોઈપણ પુદ્ગલની ક્રિયા ચૈતન્ય આત્મા કરી શકે છે એ વાત ક્યાંય નથી. એ મર્યાદા ક્યાંય તૂટતી નથી. એ મર્યાદા બહાર કોઈ દ્રવ્ય કાર્ય કરી શકતું પણ નથી.

.... વિકલ્પ તે વિકલ્પ છે અને જ્ઞાન તે જ્ઞાન છે. ત્યારે જ્ઞાનમાં એમ જ રહે છે કે આત્મા નથી બોલી શકતો. જ્યારે બોલવાનો વિકલ્પ ચાલતો હોય ત્યારે પણ હું જ્ઞાનસ્વરૂપી વિકલ્પનો કર્તા નથી અને વિકલ્પને કરી શકતો નથી એમ જ જ્ઞાનમાં ભાસે, એમ જ જ્ઞાનમાં રહે. જેમ પાણીનો પ્યાલો આપો એમ કહે ત્યારે જ્ઞાનમાં એમ જ રહે કે પ્યાલો તો કાચનો કે ધાતુનો જે હોય તે, એ ભરીને મગાવવાની વાત છે. એ તો ઘન પદાર્થ છે અને પાણી પ્રવાહી પદાર્થ છે. પ્યાલાને કાંઈ પ્રવાહી

બનાવ્યો નથી. ભાષા એમ વાપરી છે કે પાણીનો પ્યાલો, ઘીનો ઘડો. પણ ઘડો તો છે જે તે છે. ઘીની બરણી લ્યો. બરણી તો જે છે ઈ છે. એ ધાતુની છે અને અંદર ઘી ભરેલું છે. જ્ઞાનમાં તો એમ જ રહે છે. જ્ઞાન નિશ્ચય સ્વરૂપનું રહે. ભાષાનો પ્રયોગ ગમે તે પ્રકારે વ્યવહારની બોલણી હોય એ રીતે બોલાય. તો એથી કાંઈ જ્ઞાનને દોષ નથી. વિકલ્પ તો ખુદ દોષસ્વરૂપે જ છે. વિકલ્પ તો ખુદ રાગસ્વરૂપે હોવાથી દોષસ્વરૂપે છે.

મુમુક્ષુ :- આ બધી ભૂલો 'ગુરુદેવશ્રી'એ દર્શાવ્યું ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- ચોખ્ખી કરી છે. 'ગુરુદેવે' તો ઘણું ચોખ્ખું કર્યું છે. ઘણી ગડબડ હતી. કહેતા કે આ સ્વાહા મંદિરમાં પૂજા કરે છે ને? અર્ઘ્યં નિર્વપામિતી (સ્વાહા). અર્ઘ આત્મા ચડાવી શકે છે? પૂછતા હતા ચાલુ વ્યાખ્યાનમાં. આત્મા અર્ઘને લઈ શકતો નથી. આત્મા અર્ઘને સ્વાહા કરી શકતો નથી. એને વિકલ્પ આવે છે. એનો ભાવ થાય છે. એટલો શુભરાગ છે અને એ ધર્મ નથી. એ શુભરાગ છે પણ ધર્મ નથી. એમ દાંડી પીટીને કહેતા. બહુ સ્પષ્ટ વાત છે.

મુમુક્ષુ :- અર્ઘ સ્વાહા કરી શકું છું, એમ માને એ આત્માને જ સ્વાહા કરી દે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે, આત્માનો નાશ કર્યો છે ખરેખર તો.

'**પૌદ્‌ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે? જડનાં કાર્યે તો જડ પરિણમે છે;...**' એક એક પરમાણુ અનંત શક્તિ સંઘરીને બેઠો છે. એને કોઈ જીવની ચેતનની અપેક્ષા નથી. કોઈપણ જડ પરમાણુને પોતાનું કાર્ય પરિણામરૂપ થવા માટે કોઈ ચેતનની અપેક્ષા નથી. એ સ્વયં જ કાર્ય કરે છે. '**જડનાં કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડનાં કાર્ય કદી ન થાય.**' કોઈ કાળે, ભૂતકાળમાં, વર્તમાનકાળમાં કે ભવિષ્યકાળમાં કદી પણ આત્માથી જડના કાર્ય ન થાય.

'**શરીરાદિના કાર્ય તે મારા નહિ...**' '**શરીરાદિના કાર્ય તે મારા નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ,...**' હવે ચોખવટ કરે છે. સંક્ષેપની અંદર પણ બહુ વિશેષ સ્પષ્ટ છે. મન-વચન-કાયાના પરિણામ એ તો જડના કાર્યો છે. પુદ્‌ગલ પરમાણુ પરિણમે છે એ તો મારા નહિ. કેમ કે એ તો ભિન્ન દ્રવ્યો છે, જડ દ્રવ્યો છે. પણ વિભાવકાર્યો થાય તેને આશ્રયે, તેને અનુસરીને, ઉદયને અનુસરીને જેટલા કોઈ વિભાવરૂપ, રાગરૂપ કાર્ય થાય તે પણ સ્વરૂપની પરિણતિ નહિ. તે પણ આત્માની સ્વભાવભૂત પરિણતિ નહિ. સ્વરૂપપરિણતિ નહિ એટલે તે ધર્મની પરિણતિ નહિ. આમ ચોખ્ખી વાત છે.

**'વિભાવ કાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું.'** એટલે શું જોવે છે? કે આ શરીરાદિ કાર્યો થઈ રહ્યા છે. પૂજા કરે, ભક્તિ કરે એમાં જોવે છે કે શરીરના કાર્યો થઈ રહ્યા છે. વિભાવ પણ વિભાવમાં ચાલે છે. પરમાણુ, પરમાણુમાં પરિણમે છે. ત્યારે ધર્મી આત્મા એમ અનુભવ કરે છે કે હું તો જ્ઞાયક છું. આમાં ક્યાંય નથી. ન તો હું શરીરના કાર્યોમાં છું કે ન તો હું વિભાવના કાર્યોમાં છું. બેમાંથી હું ક્યાંય નથી. એ બંનેથી ભિન્ન એવો હું જ્ઞાયક છું. હું જ્ઞાયક છું. હું તો માત્ર જ્ઞાયક છું એવો જ ભાવ એને રહ્યા કરે છે. એવો જે ભાવ રહ્યા કરે છે તે ધર્મ ભાવ છે. તે જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષના કારણભૂત, મોક્ષના માર્ગરૂપ ભાવ છે. અને જ્ઞાયક છે એ પોતે આત્મા છે. હું જ્ઞાયક છું એવો ભાવ છે તે મોક્ષના માર્ગરૂપ છે. એવો વિકલ્પ નહિ. પણ જ્ઞાયકને ગ્રહણ કરીને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના એ પરિણામ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના એ પરિણામ છે. હું જ્ઞાયક છું એ તો શબ્દો થયા. પણ એના વાચ્યભૂત જે દર્શન-જ્ઞાન-ચારિત્રના, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે નિર્વિકલ્પ. વિકલ્પ તે વિભાવ છે. વિકલ્પ એ સ્વભાવ નથી, વિકલ્પ એ વિભાવ છે. પણ નિર્વિકલ્પ પરિણતિ એ સ્વભાવભૂત ક્રિયા છે, તે મોક્ષના સાધનભૂત ક્રિયા છે.

**'શરીરાદિનાં કાર્ય તે મારાં નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું...'** એવા ભાવરૂપ જે નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પરિણતિ **'એવી સાધકની પરિણતિ હોય છે.'** એવી સાધકરૂપ સાધકની પરિણતિ હોય છે. સાધકની પરિણતિમાં એમ નથી કે હું સાધક છું. સાધકની પરિણતિમાં એમ છે કે હું જ્ઞાયક છું. શું ફેર પડ્યો? સાધકની પરિણતિમાં હું સાધક છું એમ નથી પણ હું જ્ઞાયક છું એમ છે.

મુમુક્ષુ :- હું સમ્યગ્દૃષ્ટિ છું, હું મુનિ છું...

પૂજ્ય ભાઈશ્રી :- 'સોગાનીજી'ને પ્રશ્ન પૂછ્યો હતો. તમે ભેદજ્ઞાનરૂપે પરિણમતા સાધક તો ખરા ને? પરિણામ અપેક્ષાએ તમારે મને સાધક કહેવું હોય તો કહો. પણ ખરેખર ન તો હું સાધક છું કે ન તો હું બાધક છું. હું તો ધ્રુવ અપરિણામી જે છું તે છું. એમની ભાષા અનુસાર એમ એ લેતા હતા. એક સમયના પરિણામમાં હું આવતો નથી. સાધક-બાધકના એક સમયના પરિણામમાં હું આવતો નથી. એમ કહો કે 'જયસેનાચાર્ય'ની ટીકાની વાત લો કે જે જ્ઞાયકભાવ છે એમાં બંધના કારણભૂત કે મોક્ષના કારણભૂત, મોક્ષ અને મોક્ષના કારણભૂત, બંધ એને બંધના કારણભૂત આસ્રવ બંનેમાંથી કાંઈ પણ છે નહિ. એના અભાવરૂપ છે, એનાથી શૂન્ય છે, એનાથી રહિત છે.

હું તો જ્ઞાયક છું એવો ભાવ તે સાધકની પરિણતિ હોય છે. એમાં આત્મા આવી ગયો અને આત્માની સાધના પણ એમાં આવી ગઈ, સંક્ષેપની અંદર.

મુમુક્ષુ :- હું સાધક છું, ઈ જે શબ્દ છે ઈ વિકલ્પમાં ... પેલો નિર્વિકલ્પ અનુભવમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ છે એ વિભાવભૂત છે. નિર્વિકલ્પ છે એ સ્વભાવભૂત છે. પરિણતિ નિર્વિકલ્પ છે. પરિણતિમાં વિકલ્પ નથી.

'**સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ.**' સાચા મોક્ષાર્થીને. હવે એ કહે છે કે સાધકને આમ હોય છે તો કોઈ માથેથી કાઢી નાખે કે આપણે જ્ઞાની નથી, આપણે સાધક નથી, આ તો બધી જ્ઞાનીઓની વાત રહી. ઊંચી ઊંચી જ્ઞાનીઓની વાત રહી. જાણે કે મારે કાંઈ લેવા-દેવા નથી. તો કહે છે, ઊભો રહે. તારે શું હોવું જોઈએ એ પણ વાત છે. સાચા મોક્ષાર્થીને અથવા સાચા આત્માર્થીને. એમ. સાચા શબ્દ લગાડે છે. કેમ કે એવા નકલી પણ હોય છે. એટલે સાચા (શબ્દ) લગાડે છે. '**સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ.**' એવું જ એનું પરિણમન અંદર ને અંદર ઘૂંટાઈ... ઘૂંટાઈ... ઘૂંટાઈ... ઘૂંટાઈને એને પણ એક પરિણતિ થઈ જવી જોઈએ. આત્માના રસવાળી એને પરિણતિ થઈ જવી જોઈએ. આત્મરસ જેમાં છે, જેમાં જ્ઞાયકનો રસ છે, જેમાં જ્ઞાયકનો મહિમા છે એવી એને પરિણતિ હોવી જોઈએ. એ ઘૂંટાઈ જવું જોઈએ. એને એ જ ઘૂંટણ ચાલવું જોઈએ.

જેમ સંસારાર્થીને સંસારના સંયોગોનું ઘૂંટણ ચાલે છે કે નહિ? શરીર સાજુ-માદું રહેતું હોય તો એનું ઘૂંટણ ચાલતું હોય. પૈસા ન હોય અને પૈસાની જરૂર હોય તો એની પ્રાપ્તિનું ઘૂંટણ ચાલતું હોય. હોય અને વૃદ્ધિ કરવી હોય તો એનું ઘૂંટણ ચાલતું હોય. બીજી કોઈ ઉપાધિ આવી પડતી હોય તો એનું ઘૂંટણ ચાલતું હોય, પ્રતિકૂળતાઓ આવતી હોય તો. અથવા કોઈ ઘણી અનુકૂળતાનો કોઈ પ્રસંગ હોય તો એનું ઘૂંટણ ચાલ્યા કરે. પંદર દિવસ પછી દિકરાના લગ્ન છે. ફલાણું છે આમ છે.. આમ છે... આમ છે... ચાલ્યા જ કરે પછી એનું રાત દિવસ. પોતાના ઘૂંટણના અનુભવથી તો ઘૂંટણ સમજી શકાય છે કે નહિ? જેનો મહિમા હોય, જેનું મહત્ત્વ હોય, જેની વિશેષતા લાગી હોય, જેની અધિકાઈ રહેતી હોય પરિણામમાં એનું ઘૂંટણ જીવને ચાલ્યા જ કરે છે. ચાલે છે કે નથી ચાલતું? એના બદલે એને આત્માની અધિકાઈ સમજીને એનું ઘૂંટણ (ચાલવું જોઈએ). ભલે સમજણથી એની અધિકાઈ આવીને પણ એ સંબંધીનો એને રસ અને ઘૂંટણ ચાલવું જોઈએ.

મુમુક્ષુ :- આમ સમજણથી અધિકાઈ આવી હોય તો ઘૂંટણ તો ચાલુ થઈ જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલે જ ચાલે. જેમ ઓલામાં સમજણ આવી છે કે આ મારા બહુ મહત્વનો પ્રસંગ છે, આ મારી મહત્વની વાત છે. આમાં ગડબડ થાશે તો નહિ ચાલે. એમ ઘૂંટણ ચાલે છે કે નથી ચાલતું? એ ચાલે જ ચાલે. એ નિયમ છે. પરિણામમાં એ વિજ્ઞાનનો પ્રકાર છે. વૈજ્ઞાનિક સ્વરૂપ છે એ પરિણામનું. જેની જેને જરૂરિયાત હોય અને જેની જેને અધિકાઈ લાગે એનું ઘૂંટણ એને ચાલ્યા જ કરે. એનું ચિંતન અને મનન એને ચાલ્યા જ કરે. એના વિકલ્પો એને આવ્યા જ કરે. એના જ વિકલ્પો આવે. બીજાના વિકલ્પો આવે છે? બીજાના વિકલ્પો નથી આવતા. પોતાને જેને લાગેવળગે છે એની સાથેના વિકલ્પો એને આવે છે.

કહે છે કે '**સાચા મોક્ષાર્થીને...**' હું તો જ્ઞાયક છું એવું એને ઘૂંટાઈ રહેવું જોઈએ. જીવનમાં-પરિણમનમાં. જીવનમાં કહો કે પરિણમનમાં કહો, એવું એને ઘૂંટાઈ જવું જોઈએ. એ ઘૂંટણ થતા ભલે પ્રથમ સવિકલ્પપણે હોય. '**ભલે પ્રથમ સવિકલ્પપણે...**' હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું એમ ભલે વિકલ્પસહિત આવે પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ. હું જ્ઞાયક છું એનો યથાર્થ પાકો નિર્ણય કરવો જોઈએ. પાકો કહો, યથાર્થ કહો. યથાર્થ કહો તે પાકો છે, પાકો કહો તો યથાર્થ હોય તો જ પાકો કહેવાય, નહિતર એ પાકો નથી. ગમે તેવો દૃઢ હોય તો પણ એ કાચો જ છે.

મુમુક્ષુ :- સવિકલ્પ દશા ચાલતી હોય ત્યારે પાકો કેમ કહેવો?

પૂજ્ય ભાઈશ્રી :- સવિકલ્પ દશાના કાળમાં જ્ઞાનમાં ભાવ ભાસે-જેવું આત્મ સ્વરૂપ છે તેવું જ એનો પોતાનો સ્વભાવ ભાસે કે હું આવો જ્ઞાયક છું, સિદ્ધ સમાન છું. તો એ નિર્ણય પાકો છે. જેને લઈને એનો એને મહિમા આવે, જેને લઈને એનો પુરુષાર્થ ઉત્પન્ન થાય જ્ઞાયક સ્વભાવ પ્રત્યેનો. તો એ નિર્ણય એનો પાકો છે.

મુમુક્ષુ :- વિકલ્પ આવે...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વિકલ્પ અને જ્ઞાન બે જુદી જુદી ચીજ છે. જ્ઞાનમાં વિકલ્પ નથી અને વિકલ્પમાં જ્ઞાન નથી. સમ્યગ્દષ્ટિને નહિ મિથ્યાદષ્ટિને પણ વિકલ્પમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં વિકલ્પ નથી. આમ કહેવાય છે ને? ભગવાનના દર્શન કરીએ કે આ તો વિકલ્પાતીત, દેહાતીત અને વિકલ્પાતીત ધ્યાનમાં લીન થયા છે એવા પરમાત્મા છે. તો કહે છે કે તું એ જ વખતે તારા જ્ઞાનને જો. તો તારું જ્ઞાન પણ દેહાતીત અને વિકલ્પાતીત છે. ક્યાંય આઘુ જવાની જરૂર નથી. અત્યારે પણ તારું જ્ઞાન દેહ વિનાનું છે, દેહથી પાર છે અને વિકલ્પથી પણ પાર છે. જ્ઞાન છે

તે જ્ઞાન છે અને વિકલ્પ છે તે વિકલ્પ છે. વિકલ્પ તે જ્ઞાન નથી, જ્ઞાન તે વિકલ્પ નથી.

મુમુક્ષુ :- છે એટલે તો પ્રગટ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે એટલે છે એવો જ એનો અનુભવ થાય છે. સીધી વાત એ છે. જેવું છે એવો એને અનુભવ થાય છે. જો અનુભવ કરવાનો યથાર્થ પ્રયાસ કરે તો. આટલી શરત છે. નહિતર છે એવો અનુભવ નથી થતો. વિપરીત અનુભવ થાય છે કે વિકલ્પસ્વરૂપે છું, હું શરીરસ્વરૂપે છું એવો એને અનુભવ ખોટો થાય છે. એ મિથ્યા અનુભવ છે. એવો છે નહિ.

'**ભલે પ્રથમ સવિકલ્પપણે હો,...**' એટલે શરૂઆતમાં વિકલ્પવાળી અવસ્થામાં એવું હોય '**પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ.**' પ્રથમ નિર્ણય સવિકલ્પ અવસ્થામાં થાય છે. એના ફળમાં નિર્વિકલ્પ અવસ્થા આવે ત્યારે પણ નિર્ણય થયો એમ એક અપેક્ષાએ કહેવાય છે. એ પણ નિર્ણયની ભૂમિકાને ગણવામાં આવે છે. પણ એના કારણભૂત છે તે અનુભવાંશે સ્પષ્ટ પ્રતીતિ. 'શ્રીમદ્જી'એ એને એ વાત લીધી છે- અનુભવાંશે. કે જ્ઞાન તો જુદું જ છે. ભાવમાં ભાસે છે-લાગે છે કે જ્ઞાન જુદું છે. વિચારમાં આવે છે કે જ્ઞાન જુદું છે અને વિકલ્પ જુદો છે એમ નહિ, મને પણ એમ લાગે છે કે જ્ઞાન જુદું છે અને વિકલ્પ જુદો છે. બે વચ્ચે જુદાપણું છે એવું એને ભાસે તો એને ભેદજ્ઞાનનું કાર્ય બરાબર ચાલે. એવું ભાસે જ નહિ, બે જુદા જુદા છે એ જુદા ભાસે જ નહિ તો ભેદજ્ઞાન કરે કેવી રીતે? એ તો વિકલ્પ ચાલે. જ્ઞાયક છું એનો વિકલ્પ ચાલે. કાં જ્ઞાન અને રાગ જુદા છે એવો વિકલ્પ ચાલે પણ ભેદજ્ઞાન ન થાય કાંઈ. '**પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ.**'

મુમુક્ષુ :- ભેદજ્ઞાન થવામાં નિર્ણય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિર્ણય પછી જ ખરેખર ભેદજ્ઞાન યથાર્થપણે થાય છે. એ પહેલા ભેદજ્ઞાન થતું જ નથી. કેમ કે એને રાગ અને જ્ઞાન વચ્ચેની સાંધ દેખાતી નથી. સાંધ એટલે શું? કે આ બે લાદી જોડે છે તો બે વચ્ચે સીમેન્ટ પૂરીને સાંધી દે છે. લાદી જોડાયેલી રહે છે. એક લાદી અને બીજી લાદીમાં એક-બીજાનો એકબીજાની અંદર પ્રવેશ નથી. આનો ભાગ કોઈ આનામાં નથી, આનો અંશ કોઈ આનામાં નથી. આખું તો નથી પણ અંશે પણ એકબીજાની સાથે મળતા નથી. વચ્ચે એક સાંધ છે. એમ અહીંયાં કહે છે કે તને જ્ઞાન અને રાગ વચ્ચેની સાંધ દેખાય છે?

'સમયસાર'ની અંદર ૨૯૪ નંબરની ગાથામાં આ વિષય આચાર્ય મહારાજે ઉપાડ્યો છે. અધિકાર છે મોક્ષનો પણ મોક્ષની ચર્ચા કરતા નથી, ભેદજ્ઞાનની ચર્ચા કરે છે.

આ ભેદજ્ઞાન મોક્ષના કારણભૂત છે. માટે અહીંયાં અમે જે શાસ્ત્રનો વિષય હાથમાં લીધો છે એમાં મોક્ષતત્ત્વનો વિષય હાથમાં લીધો નથી. છતાં મોક્ષનો અધિકાર લખીએ છીએ તો મોક્ષના કારણને દર્શાવીએ છીએ-બતાવીએ છીએ. એ પ્રજ્ઞાછીણીની ગાથા લીધી છે. એમાં રાગ અને જ્ઞાનની સાંધ જોઈને બંનેની સાંધ વચ્ચે પ્રજ્ઞાછીણીને જોરથી પટકવી. એવી એ પ્રયોગની પ્રક્રિયાને શબ્દ અલંકારમાં બતાવી છે.

મુમુક્ષુ :- એ સહજનો પ્રકાર અંદર આત્મામાં કઈ રીતે છે? શું બની રહ્યું છે? કઈ રીતે જાણવું?

પૂજ્ય ભાઈશ્રી :- રાગ રાગમાં પ્રવર્તે છે. બંને એક કાળમાં છે. જ્ઞાનની હયાતી અને રાગની હયાતી બેય એક કાળમાં છે.

મુમુક્ષુ :- અહીંયાં રાગ એટલે પરજ્ઞેય લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. રાગ એટલે રાગ. રાગનો પર્યાય. પર અભિલાષરૂપ રાગનો પર્યાય. જીવને રાગરૂપ પરિણામ, વિકલ્પરૂપ પરિણામ જે કાળમાં છે તે જ કાળમાં એને જ્ઞાનરૂપ પણ પરિણામ છે. જાણવારૂપ-જાણનરૂપ જ્ઞાન. જાણનરૂપ જ્ઞાન પણ છે અને વિકલ્પરૂપ રાગ પણ છે. જ્ઞ-ભાવમાં વિકલ્પ નથી, વિકલ્પમાં જ્ઞાન નથી.

મુમુક્ષુ :- વિકલ્પ તો પરનું પ્રતિબિંબ પડે પછી ઉત્પન્ન થાય છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. બેય એક સાથે જ ઉત્પન્ન થાય છે. જ્ઞાન અને રાગ બંને એકસાથે (ઉત્પન્ન થાય છે). કારણ કે બંને એક-એક ગુણના પરિણામ છે. જ્ઞાન, જ્ઞાનશક્તિનું પરિણામ છે-જ્ઞાનગુણનું પરિણામ છે. વિકલ્પ ચારિત્રગુણનું પરિણામ છે. ભલે વિકારી પરિણામ છે પણ છે ચારિત્રગુણનું પરિણામ. સર્વ ગુણો સર્વ સમયે પ્રતિ સમયે પરિણમે છે એટલે બંને એકસાથે છે. બંને એકસાથે છે એમાં જ્ઞાન તે રાગરૂપ નથી, રાગ તે જ્ઞાનરૂપ નથી. વિકલ્પમાં જાણવાના કાર્યનો અભાવ છે, જાણવાના કાર્યમાં વિકલ્પનો અભાવ છે. વિકલ્પ આંધળો છે. જ્ઞાન છે એ જાણી રહ્યું છે. આમ બંનેના ભાવ જ્ઞાનલક્ષણથી જુદું પાડવામાં એને બરાબર ભેદજ્ઞાનથી જુદું પાડવું જોઈએ.

આ લ્યોને, દૂધવાળો દૂધ લઈને આવે પાણી નાખીને દૂધમાં. દૂધ રેડે. પળી ભરી ભરીને રેડે છે ને? ત્યારે ખ્યાલ જાય દૂધના પરીક્ષક હોય એને કે આ દૂધ લાવ્યો છો? કે દૂધમાં પાણી નાખીને લાવ્યો છો? સાચું બોલજે આજ કેટલું પાણી નાખ્યું છે? તો દૂધમાં પાણી ક્યાંથી જોયું? પાણીનો જે રંગ છે એ તો પારદર્શક છે. એટલે એને કોઈ રંગ નથી. પારદર્શકપણું છે. અને પારદર્શકપણું હોવાને લીધે

સફેદ રંગના દૂધ સાથે એવી રીતે મિશ્રણ થાય છે કે જૂદું પારદર્શકપણું નથી જણાતું. તો પણ દૂધમાં પાણી છે એમ કેમ પકડે છે? દૂધના ક્ષેત્રમાં જ પાણી છે. દૂધ છે ત્યાં જ પાણી રહેલું છે એમ પકડે છે કે નહિ? તો દૂધ છે તે પાણી નથી અને પાણી છે તે દૂધ નથી. એમ બરાબર જ્ઞાનમાં આવ્યું કે ન આવ્યું?

મુમુક્ષુ :- અહીં તો જ્ઞાન સ્વામી આત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનો સ્વામી આત્મા છે. જ્ઞાન તે હું છું.

મુમુક્ષુ :- અહીં રાગનો સ્વામી કોને લેવો?

પૂજ્ય ભાઈશ્રી :- રાગનો સ્વામી જેને થવું હોય તે થાય. મારે નથી થાવું. રાગનો સ્વામી જડ છે. રાગ જડ સ્વરૂપે હોવાથી રાગનો સ્વામી જડ છે. આચાર્ય ભગવાન એમ કહે છે કે રાગનો સ્વામી જડ છે. રાગનો સ્વામી પુદ્‌ગલ છે. રાગનો સ્વામી કર્મ છે. કેમ કે એ કર્મને અનુસરતો કર્મ સદૃશ ભાવ છે. જીવનો ભાવ હોવા છતાં પણ જે ભેદજ્ઞાની થઈને એનું સ્વામીત્વ છોડે છે એને એ પોતાના અંશમાં ગણતા નથી. એને એ પોતાની માલિકીની ચીજ ગણતા નથી. એનાથી છૂટા પડી જાય છે.

મુમુક્ષુ :- રાગ આંધળો હોવા છતાં પરનો આશ્રય લે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરનો આશ્રય લે છે. ચારિત્રગુણનો વિભાવ પરિણામ પરનો આશ્રય લે છે. શ્રદ્ધા પણ પરનો આશ્રય લે છે. આમેય શ્રદ્ધા પણ આંધળી જ છે ને. જ્ઞાન સિવાય કોણ જાણે છે? જ્ઞાન-દર્શન સિવાય જાણવા-દેખવાનું (કાર્ય કોઈ ગુણમાં નથી). ચૈતન્ય અનુવિધાયી ઉપયોગ તો જ્ઞાન-દર્શન જ છે. એ સિવાયના બીજા કોઈ ગુણ તો જાણતા નથી. છતાં જેટલા ગુણ વિભાવભાવે પરિણમે છે એ પરાશ્રિતપણે પરિણમે છે. સુખ પણ પરાશ્રિતપણે પરિણમે છે. તો જ એમાં દુઃખ થાય છે, નહિતર દુઃખ થાય નહિ. સીધી વાત છે.

મુમુક્ષુ :- પરલક્ષી વલણવાલી પર્યાય છે એમાંય જ્ઞાન છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ જ્ઞાન છે. એ જ્ઞાન છે તે જ્ઞાન નહિ. તેને જ્ઞાન અહીંયાં કહેતા નથી. એ તો ના પાડી કે જ્ઞાયકની અનુભૂતિ જેટલું જ જ્ઞાન. એવડું જ જ્ઞાન તે જ્ઞાન અને બાકીનું અમે જ્ઞાન કહેતા નથી.

મુમુક્ષુ :- જુદું પાડવા માટે રાખીએ તો પરલક્ષી વલણવાળું છે તો વલણ ફર્યા પહેલાં જ્ઞાન પકડાય કે વલણ ન ફેરવ્યું હોય અને જ્ઞાન પકડાય?

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે જ્ઞાનને પકડવા જાય ત્યાં વલણ ફરી જાય છે. શું છે? માત્ર જ્ઞાન છું એમ જ્યાં પકડવા જાય છે ત્યાં વલણ ફરી જાય છે. અને

જે વલણ પહેલા આ બાજુનું છે એને કાંઈ પકડી રાખી શકાતું નથી કે એ બાજુનું વલણ છે એને હું પકડી જ રાખું. એવું તો કાંઈ થતું નથી એ તો પર્યાયનો વ્યય થઈ જાય છે. જ્ઞાન છું એવી નવી પર્યાયનો ઉત્પાદ થાય છે એમાં એ વલણ રહેતું નથી. આમ છે.

બહુ અનુકૂળતા છે. કામ કરવામાં બહુ અનુકૂળતા છે. જૂનું એક સમયની પહેલાની પર્યાય વિપરીત અને ત્યાર પછીની બીજી વર્તમાન સમયની પર્યાય અવિપરીત થઈ શકે છે. પહેલી વિપરીત પર્યાય આને આડી નથી આવી શકતી. કેમ કે બે પર્યાય વચ્ચે વ્યતિરેક છે-જુદાપણું છે. એક પર્યાય અને બીજી પર્યાય બે ભેગી થતી નથી ક્યારેય. બે જુદી જ રહે છે હંમેશને માટે. એટલે એક પર્યાય બીજી પર્યાયને કારણભૂત થઈ શકતી નથી.

સવિકલ્પ એ દશામાં પહેલા પોકા નિર્ણય કરવો જોઈએ. એ પ્રથમમાં અથવા પહેલામાં આવી ગયું. પહેલા આમ કરવું... પહેલા આમ કરવું... પહેલા આમ કરવું.. એ બધી વાત મૂકીને પહેલા નિર્ણય કરવો જોઈએ. તારો નિર્ણય કર્યા વિના તારે પહેલા શું કરવું? તારે પછી શું કરવું? એનો એકેય વિવેક તારાથી થઈ શકશે નહિ. પહેલા પાકો નિર્ણય કર. પહેલા યથાર્થ નિર્ણય કર કે હું કોણ છું? પછી હવે પછીની વાત છે. પહેલા આમ કર્યા પછી.

**'પછી જલદી અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય, મોડો કરે તો મોડું થાય.'** પછી સમ્યગ્દર્શન ક્યારે થાય નિર્ણય કર્યા પછી? આત્મદર્શન ક્યારે થાય? કે જો જલદી તીવ્ર પુરુષાર્થ ઉપાડે તો તરત થાય. જો પુરુષાર્થમાં ઢીલાપણું હોય અથવા પછી મોડું શરૂ કરે તો મોડો થાય. મોડું દર્શન થાય. પણ નિર્ણય કર્યા પછી પુરુષાર્થ ઉપડશે. નિર્ણય કર્યા પહેલા કઈ દિશામાં પુરુષાર્થ કરશે? કોને અનુસરીને પુરુષાર્થ કરશે? જે આત્માનો પુરુષાર્થ કરવો છે એનો નિર્ણય જ ન હોય અથવા એનો નિર્ણય અનાદિનો ઊંધો છે. રાગ તે હું અને શરીર તે હું, તો એનો પુરુષાર્થ એ બાજુનો થશે. જ્યાં હુંપણું કર્યું હશે તે બાજુનો થશે. એને જ્ઞાયકનો પુરુષાર્થ ઉપડશે નહિ. એને દર્શન થશે નહિ.

મુમુક્ષુ :- નિર્ણય પછી ક્યો તબક્કો આવ્યો આ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય પછી અંતરના પુરુષાર્થનો તબક્કો આવ્યો, સ્વરૂપ સન્મુખતાનો. સ્વરૂપ સન્મુખની દશામાં જેટલો પુરુષાર્થ કરે, જેવો પુરુષાર્થ કરે, જેટલું કારણ આપે એટલું કાર્ય થાય. એ પુરુષાર્થ કારણ છે અને નિર્વિકલ્પ દર્શન તે કાર્ય છે. એમ લેવું છે. વિશેષ લઈશું...

## તા. ૩-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૧
## પ્રવચન નં. ૨૬૮

૩૫૦. પાનું-૧૨૦. છેલ્લે થોડું બાકી છે. જ્ઞાયક સ્વરૂપનો પાકો નિર્ણય થયા પછી પુરુષાર્થનું કાર્ય શરૂ થાય છે. કોઈને પુરુષાર્થ સહજપણે તીવ્ર ઉત્પન્ન થાય છે અને કોઈને પુરુષાર્થ સહજપણે મંદ રહે છે. જેને તીવ્ર પુરુષાર્થ ઉત્પન્ન થાય છે એનો નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો કાળ નજીક છે અને મંદ પુરુષાર્થ છે તેને થોડો વિશેષ કાળ લાગે છે, વધુ કાળ લાગે છે. અને પુરુષાર્થ કરીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી સ્થિરતા વધારતા વધારતા જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શન પછી સ્વરૂપ સ્થિરતા વધે છે. શ્રદ્ધા અને જ્ઞાન (સમ્યક્ થયા પછી) મતિ-શ્રુતજ્ઞાન, મતિ-શ્રુતજ્ઞાન રહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન રહે છે. ફેર પડે છે તે સ્વરૂપસ્થિરતાનો ફેર પડે છે.

જેટલો પુરુષાર્થ વધે છે તેટલી સ્વરૂપ સ્થિરતા વધતી જાય છે અને મંદપણે કે તીવ્રપણે પણ સ્થિરતા વધતી જ જાય છે. બે ભેદ છે, બે પ્રકાર છે એટલે વર્ણવે છે. પણ બંનેની સ્થિરતા વધતી જાય છે અને આખરમાં જીવ સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. મોક્ષ પ્રાપ્ત કરવાની આ વિધિ સિવાય અન્ય કોઈ વિધિ નથી. અથવા ત્રણે કાળે મોક્ષનું સાધન, મોક્ષનો માર્ગ, મોક્ષનો ઉપાય આ એક જ પ્રકારે છે, બીજા કોઈ પ્રકારે નથી. ૩૫૦ થોડું બાકી હતું એ લીધું.

**કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું. મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે? પ્રથમ ભૂમિકામાં પણ 'માત્ર મોક્ષ-અભિલાષ' હોય છે.**

**જે મોક્ષનો અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે. ખરું તો, અંદરથી થાક લાગે તો, જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂઝ્યા પછી અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતાં આત્મા મળી જાય છે.૩૫૧.**

૩૫૧માં મોક્ષાર્થીજીવની પ્રથમ ભૂમિકાનું એક પાસુ છે, પડખું છે.

**'કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું.'** તીવ્ર રસે કરીને કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થવું. મોક્ષાર્થી જીવે પણ-મુમુક્ષુ જીવે પણ-આ એક લક્ષમાં લેવા જેવો વિષય છે અથવા જાગૃતિમાં રહેવાનો આ વિષય છે કે ઉદયના અનેક પ્રસંગો પૂર્વ કર્મ અનુસાર ઉદયમાન થશે. એમાં કોઈ પણ પ્રસંગમાં, ઉદયમાન કોઈ પણ પ્રસંગમાં

તીવ્ર રસે કરીને એકાકાર ન થવું. અથવા કોઈપણ ઉદયમાં જીવ તીવ્ર રસથી એકાકાર થાય છે એનો અર્થ એ છે કે ઉદયને એ સર્વસ્વપણે માનીને ઘણી કીંમત આપીને, આપવી જોઈએ એના કરતાં પણ ઘણી કીંમત આપીને એકાકાર થાય છે. જોકે પરમાર્થે ઉદય પ્રસંગની કોઈ પણ કીંમત નથી. અથવા જેટલા કોઈ પણ ઉદયના કાર્યમાં જીવ પરિશ્રમ કરે છે, પુરુષાર્થ કરે છે એ તેનો વ્યર્થ જાય છે. વ્યર્થ જાય છે એટલે એનાથી એના આત્માને કોઈ લાભ થતો નથી. નુકસાન તો અવશ્ય થાય છે પણ આત્માને જરા પણ લાભ થતો નથી. તેથી...

મુમુક્ષુ :- એકાકાર થવું... કઈ રીતે એકાકાર થઈ જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એકાકાર એટલે આત્મા બિલકુલ એ વખતે વિસ્મૃત થઈ જાય. પોતે આત્મા છે એ બિલકુલ વિસ્મૃત થઈ જાય. આત્મા છે એવી જરા પણ જાગૃતિનો અંશ પણ ન રહે ત્યારે જીવ તીવ્ર રસે કરીને એકાકાર થઈને ઉદયમાં પ્રવર્તે છે. પછી એ પ્રસંગ સામાન્ય હોય, સાધારણ હોય કે વિશેષ ગણાય એવો હોય અથવા રોજના ઉદય ક્રમનો, નિત્ય ક્રમનો હોય કે એ સિવાયનો કોઈ હોય તો પણ જીવ અજાગૃત અવસ્થામાં ઉદયની પ્રવૃત્તિ કરે છે ત્યારે એકાકાર થઈને કરે છે. એમ લેવું.

મુમુક્ષુ :- ક્રોધ આવી જાય છે ત્યારે આત્મા છે કે નહિ, ખ્યાલ નથી રહેતો.

પૂજ્ય ભાઈશ્રી :- ક્રોધમાં તો શું છે કે આવેગવાળા પરિણામ છે. આવેગમાં તીવ્ર રસ હોય છે. તીવ્ર પુરુષાર્થ ઊલટો, તીવ્ર ઊંધો તીવ્ર પુરુષાર્થ હોય છે એટલે ખ્યાલ નથી રહેતો. પણ જો જાગૃતિ હોય તો એને અંદરથી Break લાગે એના રસ ઉપર. ઉછાળો આવે તો પણ એના રસ ઉપર Break લાગે. જો જાગૃતિ હોય તો.

મુમુક્ષુ :- જેના ઉપર ક્રોધ કરે, ઘડીકમાં ખબર પડે કે આ તો મારા કામનો માણસ છે તો તરત પલટો ખાઈ જાય. એકદમ જાગૃતિ આવી જાય. ઈ ક્રોધી કેમ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- લાભ-નુકસાન ચીજ એવી છે. ભલે માનેલો લાભ-નુકસાન છે પણ એ ચીજ એવી છે.

એમ એકાકાર થઈને ઉદય પ્રસંગમાં પ્રવર્તે તો નુકસાન છે. જેટલી જાગૃતિ એટલો લાભ છે એમ જો લક્ષમાં હોય, એમ જો દઢ થયું હોય, એમ જો યથાર્થ રીતે ભાવમાં આવ્યું હોત તો ઘણો ફેર પડે. પ્રયોજન સિદ્ધિ એક મુદ્દો એ લીધો છે કે આ બધા પ્રકારના પરિણામ સામાન્ય રીતે જે કોઈ વિષય કષાયના પરિણામ સંસારીજીવ કરે છે તે ચારિત્રમોહ સાથે મુખ્યપણે સંબંધ ધરાવે છે. તો પણ જ્યાં

જ્યાં જીવનો રસ તીવ્ર થાય છે ત્યાં ત્યાં દર્શનમોહનો સંબંધ ઊભો થાય છે. જ્યાં જ્યાં જીવનો તીવ્ર રસ છે ત્યાં એ ચારિત્રમોહના પરિણામ સાથે દર્શનમોહ પણ કામ કરતો થઈ જાય છે. એટલે એકાકાર થાય છે જે તીવ્ર રસે કરીને એમ ન થવું એમ બચાવવા માટે જીવને દર્શનમોહથી બચાવવાનો ઉપદેશ છે. એમ લેવુંકરીને.

મુમુક્ષુ :- દર્શનમોહ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાનો મોહ. શ્રદ્ધા સહિત મોહ. મિથ્યાત્વમોહ જેને એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- દર્શન એટલે અહીંયાં શ્રદ્ધા લેવી?

પૂજ્ય ભાઈશ્રી :- હા શ્રદ્ધા. દર્શન એટલે શ્રદ્ધા. દર્શનઉપયોગ નહિ. દર્શનના બે અર્થ છે. દર્શનઉપયોગ અને શ્રદ્ધા. જ્યાં જે પ્રકરણ ચાલતું હોય એ પ્રમાણે અર્થ કરવો. એટલે આમ કહેવા પાછળ હેતુ છે. કોઈપણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું એમ કહેવા પાછળ હેતુ છે કે દર્શનમોહ વૃદ્ધિગત ન કરવા માટે આમ કહેવામાં આવે છે. અને જો તું એકાકાર થઈને તીવ્ર રસે થઈને નહિ પરિણમ તો તને દર્શનમોહ તીવ્ર નહિ થાય. તો મંદ દર્શનમોહના કાળમાં તને આત્મસ્વરૂપ ભાસ્યમાન થવાનો અવસર આવશે.

ઘણો ઉઘાડ હોવા છતાં આત્મસ્વરૂપ કેમ ભાસ્યમાન થતું નથી? કે દર્શનમોહ તીવ્ર છે માટે. ઉઘાડ ઓછો હોય એને પણ આત્મસ્વરૂપ કેમ ભાસ્યમાન થાય છે? કે દર્શનમોહ એનો ગળેલો છે તેથી. આમ જ્ઞાનમાં ભલે આત્મસ્વરૂપ ભાસ્યમાન થાય છે પણ એનો સીધો સંબંધ દર્શનમોહ સાથે છે. એટલે અનેક પ્રકારે, ભલે અહીંયાં એ ચોખવટ ન કરી હોય તો પણ, જે હેતુ છે એ દર્શનમોહ સંબંધીનો પારમાર્થિક હેતુ છે એમ સમજવું જોઈએ.

મુમુક્ષુ :- દર્શનમોહનો સીધો અર્થ વિપરીત શ્રદ્ધા થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિપરીત શ્રદ્ધા. મિથ્યાત્વ અથવા વિપરીત શ્રદ્ધા-મિથ્યાશ્રદ્ધા. એટલે જ્યાં જ્યાં દર્શનમોહ તીવ્ર થાય છે ત્યાં એને એ મિથ્યાશ્રદ્ધા વધારે તીવ્ર થાય છે. જ્યાં દર્શનમોહ મંદ થાય છે ત્યાં એનું મિથ્યાશ્રદ્ધાન ગળે છે. એમાં પણ ખાસ કરીને સમ્યગ્દર્શનને નજીક આવવાના કારણરૂપ જે પરિણામ છે એવા પરિણામો સાથે જ્યારે દર્શનમોહ મંદ થાય છે ત્યારે દર્શનમોહનો રસ અથવા દર્શનમોહની શક્તિ મંદ થાય છે. અને જ્યારે દર્શનમોહની શક્તિ ક્ષીણ થાય છે ત્યારે એ દબાઈને ઉપશમ સમ્યગ્દર્શન સુધી પહોંચે છે. પહેલા તો નાશ થતો નથી. પહેલો ઉપશમ થાય છે. અનાદિ મિથ્યાદૃષ્ટિને દર્શનમોહ પહેલા ઉપશમ થાય છે. મિથ્યાત્વ-મોહ પહેલા ઉપશમ

થાય છે. પણ એ ક્યારે દબાય છે? કે પહેલા એ ગળે છે ત્યારે. કોઈને સીધું એમ ને એમ કામ થાય એવું બનતું નથી. ભલે કોઈ સમય ઓછો લે, કોઈ સમય વધારે લે બીજી વાત છે. પણ એની શક્તિ ક્ષીણ થયા વિના એ એમને એમ દબાતો નથી, ઉપશમને પામતો નથી. એ એનો પૂર્વ ક્રમ નિયત છે.

મુમુક્ષુ :- જ્ઞાની છે... આત્માના આધારે દર્શનમોહ ... થાય છે. અજ્ઞાનીને દર્શનમોહ હળવો પડવામાં શું આધાર?

પૂજ્ય ભાઈશ્રી :- હળવા પડવામાં તો ઘણાં કારણો છે, એના તો ૫૭ બોલ લીધા છે. દર્શનમોહ ક્યાં ક્યાં મદ થાય છે? ક્યાં ક્યાં તીવ્ર થાય છે? લક્ષમાં ખ્યાલમાં આવ્યા એટલા (લીધા છે). ઉઘાડમાં આવે એટલું આવે ને. એટલા લીધા છે. એક જ મુદ્દા ઉપર. તો જ્યાં જ્યાં પોતાને લાગુ પડતું હોય એમાં. જે જે વાત પોતાને લાગુ પડતી હોય... જો કે એમાં તો મુમુક્ષુની ભૂમિકાને સ્પર્શીને જ બધી વાત લખી છે. બીજા જીવોને અનુલક્ષીને કોઈ વાત નથી લખી. ખાસ કરીને મુમુક્ષુની ભૂમિકામાં આવેલા જીવોને અનુલક્ષીને બધા મુદ્દા લીધા છે. તો જ્યાં જ્યાં જે Point પોતાને લાગુ પડતો હોય એ એને લેવો જોઈએ. એ રીતે એનો ઉપયોગ થવો જોઈએ.

અહીંયાં તો એ સીધો પ્રશ્ન પૂછ્યો છે અથવા એ પ્રશ્ન દ્વારા એક અવલંબન આપ્યું છે-આધાર લેવડાવ્યો છે મુમુક્ષુને કે '**મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે?**' તારું ધ્યેય, તારો આદર્શ, તારે પહોંચવાનો છેલ્લો Goal તો મોક્ષ છે. મોક્ષ એટલે સંપૂર્ણ નિર્દોષતા-પરિપૂર્ણ નિર્દોષતા. તે સિવાય તારે શું પ્રયોજન છે? નિર્દોષતા સિવાય તારે શું પ્રયોજન છે? એટલે એમ કે જે-તે પ્રસંગોમાં તું એકાકાર થાય છે ત્યાં તારું પ્રયોજન તને ભાસે છે ત્યારે એકાકાર થાય છે. પોતાનું પ્રયોજન ન ભાસે ત્યાં જીવને ઉદાસીનતા સહેજે થાય છે.

દુકાને એકસાથે પાંચ-સાત ઘરાક આવીને ઊભા રહે. જે ગ્રાહક માત્ર ભાવ પૂછવા આવ્યો છે એને ત્રણ વખત, ચાર વખત, પાંચ વખત પૂછે તો પણ જવાબ ન દે. કે આનો શું ભાવ? ભાવ ન બતાવે. અને જે બરાબર એને વેપાર કરાવવાનો છે એ જરા પણ આઘોપાછો ન થઈ જાય અને છટકીને જાય નહિ કે એને લેવાના વિચારમાં કાંઈ પણ ફેર ન પડી જાય એની કાળજી રાખીને એની સાથે પ્રવૃત્તિ કરે છે. તો પ્રયોજન ભાસે છે ત્યાં જીવ સાવધાન થઈને એકાકાર થાય છે. પ્રયોજન ભાસતું નથી ત્યાં જીવને ઉપેક્ષા ભાવ થઈ જાય છે.

અહીંયાં કહે છે કે '**મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે?**' જો તુ મોક્ષાર્થી છો તો. '**મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે?**' જો તું સંસારાર્થી હો તો બીજી વાત

છે. તો કાંઈ સમજાવાનો પ્રકાર રહેતો નથી. અથવા સમજાવાનો કોઈ અર્થ પણ રહેતો નથી. '**પ્રથમ ભૂમિકામાં પણ...**' લ્યો, ... છે. '**પ્રથમ ભૂમિકામાં પણ 'મોત્ર મોક્ષ-અભિલાષ' હોય છે.**' આ જે પૂર્ણતાને લક્ષે વાસ્તવિક શરૂઆત એ વાત જે 'શ્રીમદ્જી'એ કરી છે, 'ગુરુદેવે' એ વાત ઊઠાવી, અહીંયાં એ જ વાત નિરૂપણ કરી છે. અભિપ્રાય બધાનો સળંગ છે એકસરખો. પ્રથમ ભૂમિકામાં પણ મોક્ષાર્થી જીવને 'માત્ર મોક્ષ-અભિલાષ' હોય છે. અવતરણ ચિહ્નમાં ત્રણ શબ્દો લીધા છે એનું કારણ કે એટલા શબ્દો 'શ્રીમદ્જી'એ આત્મસિદ્ધિની અંદર (લીધા છે). 'મોક્ષ અભિલાષ' જ્યાં મોક્ષાર્થીની ભૂમિકા સ્થાપી છે ત્યાં માત્ર મોક્ષ અભિલાષ હોય છે એ વાત લખી છે.

મુમુક્ષુ :- મોક્ષ અભિલાષ હોય તો સંસારના કાર્યો તો કરવા પડે ને?

પૂજ્ય ભાઈશ્રી :- કરવા પડે એક વાત છે અને હોંશથી કરે એ બીજી વાત છે. કરવા પડે તો રસ નથી. કેમ કે પરાણે કરવા પડે છે. જેલમાં જાવું પડે એ કેટલું સારું લાગે? એમ બતાવી દે કે ૮ બાય ૮ની કોટડી. હોંશ થાય એને? અંદર ઓટલો કરી દીધો છે ત્યાં સૂઈ રહેવાનું, બે ત્રણ ગંધાતા ધાબળા છે. જરૂર પડે તો પાથરવા કે ઓઢવાના કામમાં લેવાના. અને પાણીનું માટલું મૂક્યું છે. જેલમાં કોઈ દિવસ જોવા ગયા હોય તો ખબર પડે બધી કે કેવી હોય છે. કેટલીક હોંશ આવે એને? કરોડપતિ-અબજપતિ માણસ હોય, એને એમ કહે કે આ માટલું મૂક્યું છે. Aluminiumનો વાટકો ઉપર ઢાંક્યો છે. તરસ લાગે તો પાણી એમાંથી પી લેજો. સંડાસ જાવું હોય તો એક બાજુ ખાડો ખોદેલો છે એમાં ને એમાં કોટડીમાં. બહાર નીકળે તો છટકી જાય. બહાર તો નીકળવા ન દે એને. કેટલીક હોંશ આવે એને? જવું પડે એક વાત છે અને પોતે હોંશથી ઉલટીને કરે (એ બીજી વાત છે).

મુમુક્ષુ :- આ સંસારરૂપી જેલ છે ઈ સમજાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને મહેલ લાગે છે જેલના બદલે. જેલના બદલે લાગે છે મહેલ. શરીર પણ જેલ જેવું છે. આ પણ જેલમાં પૂરાણો છે-કોટડીમાં. ઓલી જેલ કરતા આ વધારે ગંધાતી છે. ઓલી કોટડી કરતાં વધારે ગંધાતી છે. તો પણ એને એમ લાગે છે કે આને જરા સરખી રીતે રાખું. આને શોભાયમાન કરું. આને જાળવું, આને સાચવું, એવો રસ.. એવો રસ.. કે જાણે સર્વસ્વ દેહ તે જ આત્મા. એ પરિસ્થિતિમાં (વર્તે છે).

મુમુક્ષુ :- ચારિત્રમોહના જે પરિણામ હોય છે એ મુખ્યપણે તો જ્ઞાનીને જ હોય છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- એકલા ચારિત્રમંદના પરિણામ જ્ઞાનદશાવાનને જ હોય છે.

કેમ કે એનો દર્શનમોહ છે એ તૂટી ગયો છે, ટળી ગયો છે. પણ મુમુક્ષુની ભૂમિકામાં દર્શનમોહ હોય તો પણ એની તીવ્રતા ન થાય એટલું જો કરી શકે તો પણ એને સમ્યગ્દર્શન નજીક જવાનો અવકાશ ઊભો થાય. એટલી વાત છે. સમ્યગ્દર્શન થાય જ એ વાત નથી લેવી. તેમ એટલું જ માત્ર કર્તવ્ય છે એમ પણ નથી લેવું. આ બે વાત તો ધ્યાનમાં રાખવાની છે કે દર્શનમોહ મંદ થયો એટલે પામી જશે એમ નથી લેવાનું. પણ દર્શનમોહ મંદ થયા વિના ક્યારે પામશે એ તો વસ્તુસ્થિતિ જ નથી. એમ વાત છે. બીજું, દર્શનમોહ મંદ થવો એટલું જ કર્તવ્ય નથી. જેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એટલું જ કર્તવ્ય નથી. એ તો મોક્ષ સુધી લંબાય છે કર્તવ્ય તો. એમ આટલી બે વાત તો સાથે સાવધાનીમાં રાખીને થાય છે.

મુમુક્ષુ :- એટલી વાત રાખે તો પણ કાંઈ મેળ ખાય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- તો એ જ ધ્યેય થઈ ગયું એનું. તો એનું એ જ ધ્યેય થઈ ગયું. એ ભૂલ થઈ ગઈ. જો ધ્યેયની ભૂલ છે તો એના સાધનની ભૂલ તો આપોઆપ જ રહેવાની. જેમ સાધનની ભૂલ હોય તો સાધ્યની ભૂલ છે. એમ સાધ્યની ભૂલ હોય તો સાધનની પણ ભૂલ જ છે. બંને એક સાથે સંબંધિત છે એ તો.

મુમુક્ષુ :- તીવ્રપણે ચારિત્રમોહના પરિણામ હોય, મુમુક્ષુને કે સંસારજીવોને, ત્યારે પણ મુખ્યપણે દોષ તો દર્શનમોહનો જ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વખતે દર્શનમોહનો દોષ આપોઆપ વધી જાય. એ મુખ્ય દોષ થઈ જાય. ચારિત્રનો દોષ તો બીજાને દેખાય એટલો હોય છે કે આને બહુ ગુસ્સો આવ્યો, બહુ ક્રોધ કર્યો. પણ ખરેખર એ વખતે દર્શનમોહ તીવ્ર થયો છે. એમ છે. પ્રશસ્ત દ્વેષમાં એમ નહિ પાછું. પ્રશસ્ત દ્વેષમાં નહિ. એ સિવાય, (એને) છોડીને.

**'પ્રથમ ભૂમિકામાં પણ...'** એટલે મુમુક્ષુજીવને પહેલી ભૂમિકામાં પણ **'માત્ર મોક્ષ-અભિલાષ હોય છે.'** અને માત્ર મોક્ષ અભિલાષ જેને હોય એને જ મુમુક્ષુજીવની પ્રથમ ભૂમિકા હોઈ શકે અથવા કહી શકાય. નહિતર પ્રથમ ભૂમિકામાં પ્રવેશ નથી. ભલે શાસ્ત્ર વાંચતો હોય. ભલે મુમુક્ષુને યોગ્ય બધી બાહ્ય ક્રિયામાં પ્રવર્તતો હોય તો પણ માત્ર મોક્ષ-અભિલાષ જ્યાં સુધી ન હોય ભાવમાં, ત્યાં સુધી પ્રથમ ભૂમિકા શરૂ થઈ નથી. ત્યાં સુધી પ્રથમ ભૂમિકાની બહાર છે. એટલે મોક્ષાર્થી નથી એમ લેવું. આટલી શરત છે.

આ મોટી મોટી પરીક્ષા હોય છે ને? આ C.A.ની ને એવી બધી. એમાં પહેલા Entrance examination હોય છે કે તમે પરીક્ષામાં બેસવા લાયક છો કે નહિ?

એની એક પરીક્ષા પહેલા લઈએ. એને Entrance examination કહે છે. અને એ Entrance examination આપવા માટે એને છ મહિના તૈયાર થવાનો વખત આપવામાં આવે છે. એમ આ પહેલા Entranceની Condition છે-દાખલ થવાની પ્રથમ ભૂમિકામાં. કે માત્ર મોક્ષ-અભિલાષ આ વસ્તુ ભાવમાં ઉત્પન્ન થયા વિના, આ સ્થાને આવ્યા વિના પ્રવેશ નથી. મુમુક્ષુની ભૂમિકાનો પ્રવેશ નથી. મોક્ષમાર્ગનો પ્રવેશ નથી એમ નહિ. મુમુક્ષુની ભૂમિકાનો, પ્રથમ ભૂમિકાનો પણ પ્રવેશ નથી. એટલે પછી મુમુક્ષુ જ નથી. નામમાત્ર મુમુક્ષુ છે. જેમ નામમાત્ર જૈન છે લોકો. એમ નામ માત્ર મુમુક્ષુ છે. એમ.

હવે મોક્ષાર્થીની વાત વિશેષ લે છે. '**જે મોક્ષનો અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે. જેમાંથી માર્ગ સૂઝે છે.**' બહુ એવા અમૂલ્ય વચનો લીધા છે, મુમુક્ષુને માટે તો બહુ અસાધારણ કીમતી વસ્તુ છે આ. જે મોક્ષનો અર્થી હોય, મોક્ષનો કામી હોય એ અસ્તિથી લીધું. નાસ્તિથી જેને સંસારથી થાક લાગ્યો હોય. બેય પડખા ચોખ્ખા કર્યા છે. હજી વાક્ય તો પૂરું નથી કર્યું. વાક્યના અર્ધ ભાગમાં અસ્તિ-નાસ્તિથી મુમુક્ષુમાં બેય પડખા ચોખ્ખા કરી નાખ્યા છે કે માત્ર મોક્ષનો અભિલાષી હોય અને સાથે સાથે સંસારથી થાક લાગ્યો હોય. નહિતર તો એમ કહે કે અમને વિચાર આવે છે કે મોક્ષ તો અમારે પ્રાપ્ત કરવો છે. મોક્ષ માટે જ આ બધું વાંચીએ છીએ, કરીએ છીએ જે કાંઈ કરીએ છીએ. થોડો મોક્ષ નથી જોતો ને કરીએ છીએ? ઊભો રહે. બીજું પડખું તને બતાવીએ કે ચાલતો ઉદયભાવ તે તારો સંસાર છે. શરીર અને ઉદયભાવમાં તું એકાકાર થાય છે. ઉદયભાવ તે તારો સંસાર છે. જેને જેવો પૂર્વ કર્મનો ઉદય હોય તે. એમાં કંટાળ્યો છો? કે એમાં ઠરીને ઠામ થઈને બેઠો છો કે આ બધુ મને હવે ઠીક છે? આ બે વાત છે.

જો એમાં થાક લાગ્યો હોય તો આ મોક્ષાર્થીપણું છે. મોક્ષાર્થીપણું હોય એને થાક લાગ્યો જ હોય. એ થાકે ને મોક્ષાર્થી થાય. મોક્ષની અભિલાષા ક્યારે ઉત્પન્ન થાય? કે ચાલતા ઉદયભાવથી ઉદાસીન થવાની વૃત્તિ (થઈ હોય), થાકીને ઉદાસીન થાય કે હવે આ કોઈપણ ભોગે ન જોઈએ. આ જન્મ-મરણ હવે ન જોઈએ તે ન જ જોઈએ. જેમ થાવું હોય તેમ થાવ. ઉદયનું જેમ થાવું હોય તેમ થાવ. એટલે કે એની સાવધાની છોડીને. ઉપેક્ષામાં સાવધાની છૂટે તો જ ઉપેક્ષા આવે. ત્યારે એવા જીવને માટે '**ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે...**'

'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં વાંચન ચાલતું હતું. એમાં બોલેલી વાત લખાયેલી છે.

એ તો પુસ્તકની પ્રસિદ્ધિ પણ 'ગુરુદેવશ્રી'ની ઉપસ્થિતિમાં જ થઈ છે. ૧૯૩૩માં પહેલી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે ને? ૧૯૩૩ સાલ છે, ખ્યાલ છે ત્યાં સુધી. બરાબર છે. ૨૦૩૩. આ ૨૦૪૩ ચાલે છે. ૪૩ વર્ષ પૂરા થયા. દસ વર્ષ પૂરા થયા. ૪૪ ચાલે છે. દસ વર્ષ પૂરા થયા પ્રકાશનને. ૩૬માં 'ગુરુદેવ' નો સ્વર્ગવાસ થયો. ૩૩ની સાલમાં પ્રસિદ્ધિ થઈ.

કહે છે કે આવા મોક્ષાર્થી જીવ **'માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે.'** એને સિધી એના અંતઃકરણ ઉપર ચોંટ મારે એવી 'ગુરુદેવ'ની વાણીનો ધોધ છે. કે એનું અંતર પલળે, પલળે ને પલળે જ. જો સંસારથી થાકેલો હોય અને જો મોક્ષાર્થીજીવ હોય તો 'ગુરુદેવ'ની વાણી એ સાધારણ વાણી નથી પણ એક જેમ મોટો ધોધ પડતો હોય, જેમાંથી આ ધોધ પડે છે તો વીજળી ઉત્પન્ન થાય છે કે નહિ ધોધમાંથી? ચમત્કારિક Current ઊભો થાય. એમ 'ગુરુદેવ'ની વાણીનો ધોધ એવો છે કે અંદરમાંથી આત્મભાવનો Current ઊભો થાય. સ્વભાવભાવનો Current ઊભો થાય. એ ચમત્કારિક વિષય છે! બહુ ચમત્કારીક વિષય છે!! સીધું સિદ્ધપદ સાથે અનુસંધાન થાય એવો ચમત્કારીક વિષય છે. સંસારમાં રખડતા પ્રાણીને પામર પ્રાણીને ત્રણલોકનો નાથ બનાવે છે. એવી વાણી છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...શબ્દ દ્રવ્યદષ્ટિમાં ક્યાંક વાપર્યો છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે ને. મુનિરાજ માટે લીધો છે. કોઈએ પ્રશ્ન પૂછ્યો છે કે આ મુનિરાજને કોઈ વ્યવસ્થા નથી. કપડાની વ્યવસ્થા નથી એટલે ઠંડી, ગરમી સહન કરવી પડે છે. આહારની વ્યવસ્થા નથી, પાણીની વ્યવસ્થા નથી એટલે ભૂખ-તરસના પરિષહ સહન કરવા પડે છે અને બીજી કોઈ પણ વ્યવસ્થા નથી એમના માટે. જેને જગતમાં લોકો જીવન જરૂરિયાતની પ્રાથમિક વસ્તુ કહે. રોટી, કપડા ઔર મકાન. શું કહે છે? રોટલીની વ્યવસ્થા હોવી જોઈએ જમવાના ટાઈમે. પહેરવા માટે કપડાની વ્યવસ્થા હોવી જોઈએ અને રહેવા માટે આશરો મકાનનો હોવો જોઈએ. રસ્તા ઉપર કેવી રીતે જીવે માણસ? એ ત્રણમાંથી એકેય વ્યવસ્થા જેની નથી. અથવા એ ત્રણમાંથી એકેય વ્યવસ્થા જે સ્વીકારતા નથી પોતાના માટે. ન તો પોતે કરે કે ન તો બીજાની કરેલી પોતે સ્વીકારે કે ન તો કોઈએ કરી હોય એનું અનુમોદન આપે. મનથી, વચનથી અને કાયાથી. નવ કોટીએ. આ પ્રકારને જેનું જીવન છે એને દુઃખ નહિ હોય? દુઃખી નહિ થતા હોય? એની સામે 'સોગાનીજી'એ જવાબ આપ્યો છે.

અંદરમાં આનંદનો Current ચાલે છે. શાંતિનો Current ઊભો થયો છે. એટલે મુનિરાજ સુખી છે. સુખી છે નહિ, ઘણા સુખી છે. એદંત સોહી મુનિ વીતરાગી.

મુનિરાજ જ સુખી છે. અને એમને કપડા, આહાર આદિનો વિકલ્પ ઊભો થાય તો દુઃખ છે. આહારનો વિકલ્પ દુઃખ છે. કપડાનો તો વિકલ્પ પણ આવતો નથી. પણ આહારનો વિકલ્પ ઊભો થાય એ પણ દુઃખ છે. બીજા તો વિકલ્પ થતા જ નથી. કપડાનો કે મકાનનો તો વિકલ્પ એમને કરવું, કરાવવું, અનુમોદવું મન-વચન-કાયાથી હોતા નથી. એનું નામ મુનિ ભગવંત છે. મુનિને ભગવાન કહ્યા છે ને? આચાર્યને ભગવાન કહ્યા છે, ઉપાધ્યાયને ભગવાન કહ્યા છે. ભગવાન વિશેષણ લાગે છે એની પાછળ કારણ છે. એટલા એ શાંતિના પવિત્ર શાંતિના ભાવમાં મસ્ત થઈ ગયા છે કે એ કોઈ જરૂરિયાત એમને નથી. વાસ્તવિકતા છે એ. જીવનની એ એમની વાસ્તવિકતા છે.

... વાત છે. ચોખ્ખા આચાર પાળે અને દ્રવ્યલિંગી હોય તો પણ નહિ. આચાર પાળતા નથી એનો કોઈ Class નથી. એના માટે તો કોઈ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...આવી જાય છે, પણ ત્રણ જુદા જુદા મૂક્યા છે. પ્રત્યક્ષતાનું વિશેષ કારણ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રત્યક્ષતાનું તો અરિહંતદેવથી વિશેષ છે. આગળ અરિહંત દેવને લીધા-ણમો અરિહંતાણં. એ પ્રત્યક્ષતાનું સૂચન તો એમાં આવી જાય છે. બાકી તો ત્રણ પદ આમાં હોય છે. અનાદિથી છે. કેટલો ગૂઢાર્થ છે.

મુમુક્ષુ :- અનાદિ મહામંત્ર.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો અનાદિ મહામંત્ર છે. કોઈનો ગોઠવેલો નથી, કોઈનો રચેલો નથી. શું ગૂઢાર્થ છે એ તો કાંઈ સીધુ આવતું નથી ખ્યાલમાં. પ્રશ્ન એમ છે કે ત્રણ પદ લીધા છે સાધુના. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ ત્રણ પદની પાછળ, ત્રણ પદ લેવા પાછળ કાંઈ પ્રત્યક્ષતાનું કારણ છે? એમ. પ્રત્યક્ષ અને પરોક્ષ. જેમ કે સિદ્ધ ભગવાન પરોક્ષ છે, અરિહંત ભગવાન પ્રત્યક્ષ છે. એમનું નીચું પદ હોવાથી પહેલું લેવાઈ ગયું અનાદિ મહામંત્રમાં. અરિહંતપદ કરતા સિદ્ધપદ ઊંચું છે. કેમ કે અરિહંતપદ તેરમે ગુણસ્થાને છે અને સિદ્ધપદ તો ચૌદમે ગુણસ્થાનથી પણ ઉપરનું છે. છતાં અરિહંતપદને પહેલા નમસ્કાર છે એનું કારણ પ્રત્યક્ષપણાનો ગૂઢ ભાવ નીકળે છે.

એ 'શ્રીમદ્જી'એ લીધું ૨૨૫ નંબરના પત્રમાં. પ્રત્યક્ષ સત્પુરુષની વાત લેવા માટે. પ્રત્યક્ષ સત્પુરુષ વિશેષ ઉપકારી છે એ મુદ્દાનું મહત્ત્વ અનાદિ મહામંત્રમાં પણ ભાસે છે. અને તેથી સિદ્ધપદ કરતા પણ અરિહંતપદને પ્રથમ નમસ્કાર થયા હોય એવું આ નમસ્કાર મંત્રની અંદર સમજાય છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુમાં તો Grade

wise જ છે. આચાર્ય છે એ વિશેષ છે. એથી નીચે ઉપાધ્યાય છે, એથી નીચે સામાન્ય સાધુ છે. જૈનદર્શનની પરંપરાનો એ વિષય હોય કે સાધુ સંઘમાં આ ત્રણ પદવી પરંપરાએ હોય છે અને તે માન્ય ગણવા યોગ્ય છે. જેમ કે ગણધરદેવ છે. આમ તો વિષયાતંર છે. ગણધરદેવ છે તે આચાર્યપદે છે. ભગવાનની વાણી સાંભળીને બારઅંગની રચના કરે છે. આચાર્ય પદે છે. એ રીતે કોઈ પરંપરાને સ્થાપિત કરવા, પરંપરાનો સિદ્ધાંત રાખવા માટે હોય. એથી વધારે તો ખ્યાલમાં નથી આવતું.

અત્યારે સાધુ સંઘ નથી અને એની અંદર આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની પદવી અનુસારની જે પ્રક્રિયા છે અને એ રીતે જે અંતર-બાહ્ય ચારિત્રનું જે વહન છે એની સુવ્યવસ્થા કેવી રીતે ચાલતી હોય છે, એ નજરે જોવા મળે એ પરિસ્થિતિ નથી અત્યારે. શું અનુમાન કરવું? અત્યારે તો એ વસ્તુ નજરે જોવા મળે એવું છે નહિ તો એનું અનુમાન શું કરવું? પણ એવું લાગે છે કે જે દિ' બહુ મોટી સંખ્યામાં ભાવલિંગી સંતો હશે, તે દિ' અંતર-બાહ્ય ચારિત્રનું વહન કરવા માટે આ બે પદવીના જે આચાર્ય અને સાધુના જે પદો છે એનું મહત્ત્વ ઘણું હશે. ઘણાં સાધુઓ હોય એને આ જે બાહ્યાચારની સાથે અંતર બંનેનો મેળ કરીને ચારિત્રવહન કરાવવાની અંદર બહુ ઉપયોગી પદ હશે એવું લાગે છે.

મુમુક્ષુ :- સાધુને અતિચાર લાગી જાય તો એ દોષ ત્યાં જાહેર કરે અને એ એની સજા આપે.

પૂજ્ય ભાઈશ્રી :- આ ઉપાધ્યાય જે ભણાવે છે, સાધુને જે અધ્યાત્મ વિદ્યાનું, આગમ વિદ્યાનું જે જ્ઞાન આપે છે એ બધા જે પ્રકાર છે એનું મહત્ત્વ ઘણું હશે. એ પ્રકાર ઘણો ચાલતો હશે વિશાળ પાયા ઉપર. અત્યારે તો એક છાંટોય નથી દેખાતો ત્યાં એનો શું વિચાર વિશેષ સમજી શકાય? પણ જ્યારે બહુ મોટા પ્રમાણમાં હજારોના ટોળામાં જ્યારે સાધુઓ હશે, હજારોના ટોળામાં. 'શ્રવણબેલગોલા' ગયા હતા. ચારૂકીર્તિ વાત કરતા હતા. બે પહાડ છે ને? ચન્દ્રગિરી અને વિંધ્યગિરી. આ ચંદ્રગિરી ઉપર, સામેનો પહાડ, બાહુબલી ભગવાનની સામેનો પહાડ (છે ત્યાં) બાર હજાર મુનિઓનો સંઘ આવેલો છે. 'ભ્રદ્રબાહુ સ્વામી'ના વખતમાં 'ભદ્રબાહુ આચાર્ય' પોતે બાર હજાર મુનિઓ, ભાવલિંગી બાર હજાર મુનિઓ લઈને (આવેલા). દિગંબર બાર હજાર મુનિઓની આહાર-પાણીની વ્યવસ્થા કેમ થતી હશે? અત્યારે તો હજી ત્યાં વસ્તી બે-ત્રણ હજારની, હશે ચાર હજારની. બે-ત્રણ-ચાર હજારથી વધારે વસ્તી નહિ હોય. તે દિ' કદાચ મોટું હોય, ગમે તેમ. બાર હજાર મુનિઓનો સંઘ એ પહાડ ઉપર આવેલો છે. એવી મોટી સંખ્યામાં જ્યારે ભાવલિંગી સંતો હોય ત્યારે

એના અંતર-બાહ્ય આચારોની સુવ્યસ્થા માટે આ પદવીઓ અનિવાર્ય હશે. અનાદિથી. પંચ પમરેષ્ઠીમાં એનું પદ છે એ ચોક્કસ રાખવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- સૂત્રની રચના કરી શકે એટલો ક્ષયોપશમ આચાર્યનો હોય. એટલે આચાર્યની પદવી આપી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આચાર્યોને તો હોય છે. સાધુઓ પણ સૂત્ર રચના કરે છે. આ 'પદ્મપ્રભમલાધારીદેવે' ટીકા કરી છે. એ તો સાધુઓ કરે, આચાર્યો કરે. પણ આચાર્યોને તો આખું શાસન કેમ ચલાવવું... વિશેષ વાત એ છે કે શાસન કેમ ચલાવવું, એનો જે વિશાળ દૃષ્ટિકોણ એનો ઊંડો વિચાર, એના બધા પડખેથી એના ક્ષયોપશની અંદર એ વાત બહુ સારી રીતે હોય છે. એટલો ક્ષયોપશમ સામાન્ય બીજાને ન હોય ત્યારે એને આચાર્ય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આમ તો એવી રીતે થયું ને કે આચાર્ય એટલે આચાર્યના અંતર-બાહ્ય આચારના સંપૂર્ણ જાણકાર અને ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ છે અને શાસનમાં વડા ઈ થઈ ગયા ને. શાસનના મુખ્ય. જેમ કે ગણધરદેવ આચાર્ય છે. તો અરિહંત ભગવાન પછી છદ્મસ્થમાં પહેલી પદવી ગણધરને મળે છે, આચાર્ય પદવી છે. ભગવાન તો વીતરાગ છે. વ્યક્તિગત મામલામાં ક્યાંય પડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વાતચીતનો પણ પ્રસંગ નથી. જ્યારે આ તો છદ્મસ્થ છે. એટલે સીધો સંબંધ છે. કોઈપણ સાધુને કોઈપણ એવી રીતે મદદની જરૂર ઊભી થઈ, મૂંઝવણ થઈ, સંલેખના લીધી હોય, એ તો અનેક પ્રકાર છે. સંલેખના લીધી હોય. પરિણામની કટોકટી ઊભી થઈ ગઈ, આયુષ્ય લંબાઈ જાય. એને ભૂખ-તરસની વેદના તીવ્ર થાય. એ બધા અવલંબનની અંદર એ બધા નિમિત્તભૂત થાય એવા પ્રકારો હોય છે. એને આચાર્ય કહેવામાં આવે છે. એવી યોગ્યતા હોય છે. એ તો ઘણી વાતો હશે. કેટલીયે એવી વાતો હશે કે જેના શાસ્ત્રો અત્યારે વિચ્છેદ ગયા છે અને એ વસ્તુ અત્યારે વિચ્છેદ ગયા જેવી છે. ઉપસ્થિત નથી એટલે.

અહીંયાં તો આત્માર્થી થઈને પોતાનો વિચાર કરવાનું પ્રકરણ છે. ચાલતું પ્રકરણ તો. '**જે મોક્ષની અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે.**' જેને સંસારથી થાક લાગ્યો હોય એને સંસારથી છૂટવાનો માર્ગ સૂઝે છે. નાસ્તિ અપેક્ષાએ. અસ્તિ અપેક્ષાએ એને મોક્ષનો માર્ગ સૂઝે છે. થાક લાગ્યા વિના માર્ગ સૂઝશે નહિ. થાક નહિ લાગે ત્યાં સુધી તને રસ આવશે. રસ આવશે એટલે એકાકાર થઈશ. એકાકાર થઈશ એટલે

દર્શનમોહ જે માર્ગ ન સૂઝવામાં મોટામાં મોટો અવરોધ છે, પ્રતિબંધ છે એ દર્શનમોહ લાગુ થશે. તીવ્ર થશે. આ સીધેસીધી વાત છે. ગણતિના જેવો વિષય છે.

બે વાત લીધી છે. બીજી વાત એ લીધી કે 'ગુરુદેવ'ની વાણીના ધોધમાં માર્ગ સૂઝે. અંતર્મુખ થવાની સૂઝ આવે એ પ્રકાર રહેલો છે. જે એ માર્ગને શોધે છે સંસારથી થાકીને, કેમ અંતર્મુખ થવું એવા માર્ગને જે શોધે છે એને એમ લાગે છે કે આ માર્ગને બતાવવા માટે આ વાણી તો ધોધ જેવી છે. પાણીની ધાર હોય અને ન જડે એમ નથી. ધોધ પડતો હોય, આંખે દેખાય અને કાને પણ સંભળાય બેય વાત છે. એટલું પ્રસિદ્ધિપણું હોય.

અથવા બીજી રીતે વિચારીએ. જે અજ્ઞાન અંધકારમાં અનાદિથી આ જીવને અંતર્મુખ થવાનો માર્ગ સૂઝ્યો નથી, સૂઝ આવી નથી કે કેમ મારે અંતર્મુખ થવું? અંતર્મુખ થવું ત્યાં સુધી ખબર પડી છે કે અંતર્મુખ થયા વિના પત્તો લાગશે નહિ. એ તો અન્યમતી પણ ત્યાં સુધી આવ્યા છે. અંતર્મુખ થવું એ તો એ લોકોમાં વેદાંતની અંદર એ શબ્દ છે. Introvert કહે છે. અંદર વળવું. એ લોકો ત્યાં સુધી આવ્યા છે. કેમ થવું? આ એક સમસ્યા રહી છે. જો અન્યમતી અંતર્મુખ થવું ત્યાં સુધી આવે તો જૈનમાં એ વાત ન સમજવાનો પ્રશ્ન નથી. પણ કેમ થવું? Practically કેમ થવું? આ એક સમસ્યા રહી છે. અને એ સમસ્યાનો ઉકેલ 'ગુરુદેવ'ની વાણીમાં છે. તો અનાદિના અંધકારમાં જે વાત નથી સમજાણી, નથી સૂઝી, એ અંધકારમાં જેમ કોઈ પ્રકાશ કરે અને અજાણ્યો ન રહે, અંધારામાં અજવાળુ થાય તો કેમ માણસ અજાણ્યો રહે? અંધારુ બંધ થઈને પ્રકાશ થાય તો એનાથી અંધારું ગયું કે નહિ? પ્રકાશ થયો કે નહિ? એ પ્રશ્નનો વિષય નથી રહેતો. એમ 'ગુરુદેવ'ની વાણીમાં એવો મોક્ષમાર્ગ પ્રકાશિત છે-પ્રસિદ્ધ છે કે જે શોધે છે એને તો એ અંધારામાં પ્રકાશની જેમ જ દેખાય છે. જેમ અંધારામાં પ્રકાશનું જોવું બહુ જ સામાન્ય અને સહજ અને સહેલું ને સુગમ છે. એટલું જ જે મોક્ષમાર્ગે શોધે છે, અંતર્મુખ કેમ થવું એની શોધમાં જે પડ્યો છે એને એ એટલું સહેલું છે. શોધમાં નથી પડ્યો એને માટે મોટી સમસ્યા છે.

મુમુક્ષુ :- ...મહારાજ થઈ ગયા. એને પૂછેલું કે સાહેબ! અનુભૂતિ માટે આપનો શું અભિપ્રાય છે? તો કહ્યું, અનુભૂતિ જેવું આપણામાં કાંઈ છે જ નહિ. એમ જવાબ આપ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો સંપ્રદાય જ જુદો છે. પણ અત્યારે જે કહેવાતા દિગંબર સાધુ છે એ કેટલાક એમ સ્થાપે છે કે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને છો તો અનુભૂતિ

(થઈ છે)? તો કહે, એ તો બારમા ગુણસ્થાને થાય. શું કહે? કેમ કે જો અત્યારે થાય એમ કહે છઠ્ઠે-સાતમે થાય. પંડિતોને પૂછે તો કહે એ તો છઠ્ઠે-સાતમે સાધુ હોય એને થાય. કેમ કે એ વખતે નહિતર એના માથે ટોપલો આવે. તો પછી બતાવો કેમ થાય? અને શું થાય? સો સવાલ બીજા ઊભા થાય. એ તો જે વિષયથી અજાણ્યા હોય એમાં તો સવાલ આવે તો મૂંઝાઈ જાય માણસ. એટલે ઈ નાખે સાધુપદ થાય ત્યારે થાય. સાધુ હોય (એને પૂછો કે) અનુભૂતિ થાય? તો કહે, એ તો બારમે થાય. અત્યારે આ અંધારું છે દિગંબર સંપ્રદાયના સાધુમાં. શ્વેતાંબરમાં તો પત્તો લાગવાનો પ્રશ્ન જ ક્યાં છે? ત્યાં તો બધા બીજે રસ્તે ચડી ગયા. કોઈ જ્યોતિષના રસ્તે, કોઈ કાંઈ ને કોઈ કાંઈ ને કોઈ કાંઈ. મોટા ભાગે લૌકિક કામમાં પડી ગયા. ફંડફાળા કરવા, ઉપાશ્રયો બંધાવવા, મંદિરો બંધાવવા. જે શ્રાવકો કામ કરે એ વેશ બદલીને સાધુના નામે કરે. એ તો બધી ગડબડ ઘણી છે.

મુમુક્ષુ :- ગુરુદેવે આટલો બધો પ્રકાશ પાડ્યો, એની ઉપરથી ખ્યાલ નહિ આવ્યો હો, એવું બને?

પૂજ્ય ભાઈશ્રી :- ખ્યાલ આવે પણ હવે કરે શું બંધનમાં આવ્યા પછી. કોઈક તો દ્વેષ કરે. એમાં પણ અનેક પ્રકારની યોગ્યતાવાળા હોય છે. સાધુને આમ કહે છે? પોતે સાધુનો આચાર છોડી દીધો પછી એમ જ કરે ને ભ્રષ્ટ થઈને. તો કોઈ ગુસ્સો પણ કરે છે કે પોતે પહેલા સ્થાનકવાસીના સાધુ હતા. હવે સાધુપણું છોડીને હવે સાધુને નિંદે છે. તો ગુસ્સો પણ કરે. કોઈને ખ્યાલ આવે કે વાત તો સાચી છે. પણ હવે કરીએ શું? રોટલા-પાણીનું કરવું શું? આહાર-પાણી કોણ આપે? બંધનમાં પડ્યા છે. અથવા સમાજમાં હોહા થાય.

મુમુક્ષુ :- પોતે પોતાને માટે તો કરી શકે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો છૂટી જાય છે કોઈ. કોઈ તો છૂટી પણ જાય છે. એમાં કાંઈ નથી છૂટતા એવું કાંઈ નથી. એને માટે તૈયારી કરવી જોઈએ. પોતાના ભાવની તૈયારી હોય, પોતાના પુણ્ય ઉપર પોતાને વિશ્વાસ હોવો જોઈએ. જુઓ! દેહ છે, ક્યાં સુધી દેહ છે? કે આયુષ્ય છે ત્યાં સુધી દેહ છે. બરાબર છે? તો આયુષ્ય છે ત્યાં સુધી દેહ છે, તો દેહ છે ત્યાં સુધી દેહને નભવાનું પુણ્ય પણ છે. લઈને આવ્યા છે કે નથી લઈને આવ્યા? તને આયુષ્યનો વિશ્વાસ છે. દેહને ટકવાનો વિશ્વાસ છે તો એ ટકવાને નિમિત્તભૂત પુણ્યનો વિશ્વાસ નથી તને? આટલી જ વાત છે. વાત કાંઈ લાંબી નથી. એને વિશ્વાસ આવવો જોઈએ. તો છૂટી શકે છે. ન જ છૂટે એવું કાંઈ નથી. પણ સંપ્રદાયની જાળ એવી છે અને એમાં જીવ

એવો ગૂંચવાયેલો છે કે કઠણ પડે છે. પણ ન જ છૂટી શકે એવું કાંઈ નથી. જેને સંસારથી છૂટવું છે, જન્મ-મરણથી પરિભ્રમણથી છૂટવું છે (એવું) એકમાત્ર જેને લક્ષ છે એને છૂટવું સહેલું છે. છૂટનારને કોઈ બાંધનાર નથી અને સ્વયં બંધાનારને કોઈ છોડાવનાર નથી જગતમાં. વસ્તુ સ્થિતિ આ છે.

ઘણી માર્મિક વાત લીધી છે કે અંતર્મુખ થવાનો મોક્ષનો માર્ગ 'ગુરુદેવ'ની વાણીમાં ધોધની જેમ વરસે છે એમ અમારો અનુભવ કહે છે. પોતાને સૂઝ્યો છે. એ તો એમ કહે છે. જે દિ' અમે માર્ગ પામ્યા તે દિ' તો 'ગુરુદેવ' આટલું ચોખ્ખું કહેતા જ નહિ. સંપ્રદાયમાં હતા. 'સમયસાર'નું નામ નહિ. બીજા કોઈ દિગંબરના સૂત્રો વાંચ્યા હોય પણ છતા બોલી શકાય નહિ. વીંટાળી વીંટાળીને સત્યને કહે. શ્વેતાંબરના કથાનુયોગના દૃષ્ટાંત આપે એની કથા કરતા જાય અને સાચી વાત કહેતા જાય. એમાંથી પકડ્યું છે. અત્યારે તો ચોખ્ખું નીતરતું સત્ય બહાર મૂક્યું છે. એટલે ધોધની જેમ એ વાત આવે છે, ન દેખાય એવો પ્રશ્ન નથી. શરત એટલી છે કે પોતે એ શોધતો હોવો જોઈએ. શોધે એને દેખાય છે. તો નથી શોધતો એને શું છે? એની સ્થિતિ શું છે? આ એક મુમુક્ષુ તરીકે વિચારવા જેવો વિષય છે કે આ જીવને દરકાર નથી.

પાણીની તૃષા લાગી હોય તો પાણીને કેવી રીતે શોધે? ઉનાળો હોય, પહાડમાં હોય, ક્યાંય લીલોતરી દેખાતી ન હોય અને પાણીના એક ટીપા માટે કેવો આતુર હોય એ? દૃષ્ટાંત લીધો છે પોતે કે પાણીના એક બિંદુ માટે એની કેટલી આતુરતા હોય? એવી એને આતુરતા આવ્યા વિના સાચી શોધ થતી નથી અને સાચી શોધ નથી થતી ત્યાં સુધી દેખાડનાર મળે તો દેખાતું નથી.

એટલે કહે છે, '**ખરું તો અંદરથી થાક લાગે તો,...**' ખરી વાત એ છે કે અંદરથી થાક લાગે તો. '**જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂઝ્યા પછી અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતાં આત્મા મળી જાય છે.**' બહુ સ્પષ્ટ વિષય લીધો છે કે જ્યારે અંદરથી થાક લાગે છે, એવી ખરેખર પરિસ્થિતિ વાસ્તવિક પરિસ્થિતિમાં મુમુક્ષુજીવ આવે છે, જ્યારે થાક લાગે એવી વાસ્તવિક પરિસ્થિતિમાં આવે છે ત્યારે જ્ઞાની દ્વારા કાંઈક દિશાનું સૂચન કરવામાં આવે કે આમ અંતર્મુખ થવાય. એવું એક દિશાસૂચન છે. જ્ઞાની દ્વારા. જેણે પોતે જ જોયું નથી એ શું બતાવે? જેણે પોતે જોયું નથી એ શું બતાવે? '**જ્ઞાની દ્વારા કાંઈક દિશા સૂઝ્યા પછી...**' કાંઈક એમ કે આમ કહે છે. કાંઈક એને ઝાંખી થાય છે, એ વિષયનો ખ્યાલ આવે છે. ત્યારે અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતા. ખ્યાલ આવવો એક વાત છે, ત્યાર પછી એનો પ્રયત્ન અને પુરુષાર્થ ઉપડવો એ બીજી વાત છે.

બે પ્રકાર છે. જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ બંનેનું કામ છે. મોક્ષમાર્ગને વિષે પ્રારંભથી શરૂઆતમાં જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ કામ કરે છે. એટલા માટે મુમુક્ષુને એ પણ માર્ગદર્શન આપવામાં આવે છે કે તું જ્ઞાનનો પણ ઉઘાડ લઈને આવ્યો છો, સંજ્ઞી પંચેન્દ્રિય છો એટલે. અને વીર્યનો પણ ક્ષયોપશમ લઈને આવ્યો છો. હવે એ ક્ષયોપશમરૂપ જે વ્યક્ત શક્તિ, પરિણામની વ્યક્ત શક્તિ છે એનો દુર્વ્યય ન થાય અને એનો સદ્વ્યય થાય તો તને તારું હિત થઈ જાય. એટલું એ ઉઘાડ શક્તિની અંદર સામર્થ્ય છે કે એનો જો સદ્ઉપયોગ થાય તો તારું હિત થઈ જાય.

એટલા માટે બે વાત લીધી છે કે '**જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂઝ્યા પછી...**' અંતર્મુખની દિશા સૂઝ્યા પછી. જ્ઞાન જ્ઞાનને વેદે. જ્ઞાન જ્ઞાનવેદનમાં આવે તે અંતર્મુખપણું છે. તે સ્વસન્મુખપણું છે. સ્પષ્ટ કરી ... અહીંયાં. જ્ઞાન, જ્ઞાનને વેદે એમાં બહિર્મુખપણું છૂટી જાય છે. જ્ઞાન સ્વયંના ચાલતા વેદનમાં સીધું આવે એને અંતર્મુખ થયા વગર વેદન હાથમાં આવે નહિ. આવું એક દિશાસૂચન છે. એ એને કાંઈક ખ્યાલમાં આવે છે, કાંઈક સૂઝે છે કે જ્ઞાનમાંથી વેદન ઉપર ઉપયોગને લઈ જવાનો છે અથવા ઉપયોગમાં વેદનનું ગ્રહણ જો થાય તો તે અંતર્મુખ થઈને થાય અને બીજી રીતે ન થાય. વિચારમાં ન થાય. વિચારથી એક કદમ આગળ છે કે જેને વેદનથી લેવાનું છે.

મુમુક્ષુ :- વિચાર છે એ સંસારતત્ત્વ છે અને પેલું મોક્ષતત્ત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર છે એ બહિર્મુખ ભાવ છે.

અહીંયાં કહે છે કે કંઈક અંદરની દિશા સૂઝે, અંતર્મુખ થવાની દિશા સૂઝ્યા પછી વારંવાર એ અંતર્મુખ થવાનો પુરુષાર્થ કરે. વારંવાર અંતર્મુખ થવાનો જીવ પ્રયત્ન કરે તો એને અવશ્ય આત્મા મળી જાય છે. આ એક પ્રયત્ન એવો છે કે જે હંમેશા સફળ થયો છે. કોઈ જીવ એમાં નિષ્ફળ નથી ગયા. માર્ગની વિશેષ સુંદરતા એ છે કે આવો પ્રયત્ન કરનાર જીવો સોએ સો ટકા સફળ જ થયા છે, કોઈ નિષ્ફળ નથી ગયા. કેમ કે આની અંદર નિર્દોષ પ્રયત્ન છે. કોઈ પણ જાતની વંચના નથી. એક આત્મહિતને જ મુખ્ય કરીને, આત્મહિતના લક્ષે જ જ્યારે કોઈ જીવ અંતર્મુખ થવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે અવશ્ય સફળ થાય છે. ન સફળ થાય એવું બનતું નથી. પણ પ્રયત્ન એણે કરવો જોઈએ. પ્રયત્ન સાધ્ય માર્ગ છે. આ અપેક્ષાએ આ માર્ગ સોએ સો ટકા પ્રયત્ન સાધ્ય છે.

મુમુક્ષુ :- સૂઝ અને પ્રજ્ઞામાં શું ભેદ?

પૂજ્ય ભાઈશ્રી :- એ બંને એક જ જ્ઞાનની જ પર્યાય છે. પ્રજ્ઞા દ્વારા જ સૂઝે છે. પ્રજ્ઞા એટલે નિર્મળ જ્ઞાનની પર્યાય. પ્ર એ નિર્મળતા સૂચક છે. પછી તો

પ્રકરણો અર્થાત, રૂઢિ અર્થાત એના જુદા જુદા અર્થ થાય છે. આંખે ન દેખાતુ હોય એને શું કહે છે? પ્રજ્ઞાચક્ષુ. બુદ્ધિરૂપી ચક્ષુ. એ રૂઢિગત અર્થ છે. પણ શાસ્ત્રની અંદર પ્રજ્ઞા એટલે નિર્મળ મતિજ્ઞાનની પર્યાય, શ્રુતજ્ઞાનની પર્યાય નિર્મળ જે હોય એને પ્રજ્ઞા કહેવામાં આવે છે. ભગવતી પ્રજ્ઞા. પ્રજ્ઞાછીણી એમ કહ્યું.

જે આત્મા પ્રાપ્ત થાય છે-અનુભવમાં આત્મા આવે છે, જન્મ-મરણના નાશની જે ક્ષણ ગણવામાં આવે છે, જ્યાંથી સંસાર તૂટે છે, સંસારની શ્રૃંખલા છૂટે છે એનો Process લીધો છે આ બે લીટીમાં. અંદરથી થાક લાગે એ પરિસ્થિતિમાં જ્ઞાની દ્વારા કાંઈક દિશા સૂઝે. સત્સમાગમનો આટલો હેતુ છે. કાંઈક દિશા સૂઝે અંતર્મુખ થવાની અને જીવ પોતે થાકેલો છે સંસારથી એટલે એ દિશામાં પ્રયત્નવંત થાય હિતના માર્ગમાં તો એને અવશ્ય આત્મા મળી જ જાય છે. એને ભગવાનનો ભેટો થઈ જ જાય છે. અથવા એનો બેડો પાર થઈ જ જાય છે, એ નિષ્ફળ જતો નથી.

મુમુક્ષુ : 'શ્રીમદ્જી'એ સત્સંગ ગાયો એ જ્ઞાની દ્વારા અહીંયાં માતાજી લાવ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધે એક જ વાત છે. કોઈ જગ્યાએ બે વાત છે જ નહિ. ગમે ત્યાંથી મળવે તો મેળવી લેવાય એવું છે.

મુમુક્ષુ :- મૂળમાં થાક લાગવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- થાક લાગવો જોઈએ. નહિતર તો ઈ બાજુનો એટલો રસ છે કે રસના ઘોડેથી હેઠો ઉતરે નહિ અને એનો સંસાર છૂટે નહિ. એ જે સવારી કરી છે રસના ઘોડે એ એને ક્યાં લઈ જશે કહેવું મુશ્કેલ છે. અહીં સુધી રાખીએ..

## તા. ૪-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૨
## પ્રવચન નં. ૨૬૯

૩૫૧નો વિષય છે, જ્ઞાની દ્વારા કાંઈક દિશાસૂઝ મળ્યા પછી. દિશા છે એ અંતર્મુખની દિશા છે. જીવના પરિણામનું મુખ બહારની દિશા ઉપર રહ્યું છે અનાદિથી. એક સમય માટે પણ જીવ અંતર્મુખ થયો નથી. અંતર્મુખ થવાનો ઉપદેશ છે. કેમ અંતર્મુખ થવું એની દિશાસૂઝ મળે છે શ્રીગુરુના વચનામૃતથી. એ પ્રકારે મળે છે કે જ્ઞાન પોતાના અનભૂતિ સ્વરૂપનો અનુભવ કરે. અનુભવ કરવાનો ધર્મ જ્ઞાનનો છે. પોતાનો એ ગુણ હોવાથી, શક્તિ હોવાથી પોતે જ અનુભૂતિસ્વરૂપ છે. અને પોતામાં રહેલા અનુભવને ઉપયોગાત્મક કરે અથવા ઉપયોગને યથા સ્થાનરૂપ કરે ગો એને પોતાનું વેદન વેદનગોચર થાય છે. અથવા વેદન અનુભવગોચર થાય છે. એવું જે જ્ઞાનથી જ્ઞાનનું સ્વયંનું વેદવું, જ્ઞાનનું સ્વયમેવ પોતાથી પોતાનું વેદવું એ જ અંતર્મુખપણું છે, એ જ સ્વસન્મુખપણું છે. અને એ વિષય જ્યારે સૂઝે છે ત્યારે એ વિષયનો પ્રયત્ન ચાલુ થાય છે. વારંવાર એનો અભ્યાસ રહે છે. એ અંતર અભ્યાસના ફળમાં શુદ્ધોપયોગની ઉત્પત્તિ થાય છે. એ અંતર અભ્યાસને ખરેખર ભેદજ્ઞાનનો અભ્યાસ કહેવામાં આવે છે.

પર અપેક્ષાએ તે ભેદજ્ઞાન છે. પરથી જુદું. એ પરની અપેક્ષાએ જે ભેદજ્ઞાન છે અને સ્વથી સ્વનો અનુભવ. સ્વ અપેક્ષાએ તે અભેદ જ્ઞાન છે. સ્વમાં ને સ્વમાં ભેદ પડતો નથી. એટલે કહ્યું ભેદજ્ઞાન છે. એટલે એવો પ્રયત્ન કરતાં આત્મા અવશ્ય મળી જાય છે. અવશ્ય એને પ્રાપ્તિ થાય છે. એવા પ્રયત્નની અંદર નિષ્ફળ કોઈ જાય એવું બનતું નથી. અને જીવ અતિ ઉત્સાહમાં ઘણાં જોરથી, ઘણાં ઉમંગથી નિજ હિતનું કાર્ય કરવાનો, નિજ હિત કરવાનો જેને ઉત્સાહ છે, ઉમંગ છે, રસ છે, ઘણો રસ છે, અત્યંત રસથી એવા રસથી એ કાર્ય કરવામાં આવે છે એટલે એમાં નિષ્ફળ જવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે આત્મા મળી જાય છે એને. અથવા મળી જાય છે એમ કહો કે સ્વાનુભવ થાય છે એમ કહો, બંને એક વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. રાગનું વેદન છે એ રાગની સન્મુખ થઈને કરે છે. એ રાગ મારામાં પ્રસરી જતો હોય એવું જ્ઞાનમાં ભાસે છે. ખરેખર જ્ઞાનમાં રાગ પરજ્ઞેય છે, રાગ સ્વજ્ઞેય નથી. રાગનું તો પ્રતિબિંબ જ્ઞાનમાં પડે છે. એને એમ લાગે છે કે મારામાં એટલે જ્ઞાનમાં થાય છે. એકલા જ્ઞાનને જોવે તો આત્મા જ જ્ઞાન સ્વરૂપે

પરિણમી રહ્યો છે. આત્મા જ જ્ઞાનભાવે પરિણમી રહ્યો છે. આત્મા જ જ્ઞાનસ્વરૂપી હોવાથી જ્ઞાનપણે ચમકી રહ્યો છે, પરિણમી રહ્યો છે. જેમ હીરો ચમકી રહ્યો છે, એમ જ્ઞાનસ્વરૂપી આત્મા (ચમકી રહ્યો છે). ગુરુદેવ એટલા માટે કહેતા, જ્ઞાનનો ગાંગડો છે. આત્મા તો જ્ઞાનનો ગાંગડો છે.

જેમ સાકરના ગાંગડામાં પ્રદેશે પ્રદેશે સાકરનું ગળપણ ભરેલું છે, મીઠાશ ભરેલી છે. એમ આત્માના પ્રદેશે પ્રદેશે અનંત અનંત બેહદ જ્ઞાન સ્વભાવ ભરેલો છે. એમાંથી જ્ઞાનનો પ્રવાહ અવિરતપણે વહે છે કે જે જ્ઞાનમાં બીજું કાંઈપણ મિશ્રણ થવાનો અવકાશ નથી-જગ્યા નથી, ગુંઝાઈશ નથી. જ્ઞાન હંમેશા જ્ઞાનરૂપે જ રહે છે. બીજા રૂપે થઈ શકતુ નથી. પ્રતિબિંબ રાગનું થાવ, રાગના વિષયનું પ્રતિબિંબ પડો એ તો જ્ઞાનની શુદ્ધતાને પ્રકાશવાની વાત છે. પણ ખરેખર જ્ઞાન ન તો કોઈમાં વ્યાપે છે રાગાદિમાં કે ન તો રાગાદિ કોઈ જ્ઞાનમાં વ્યાપે છે. વ્યાપ્ત-વ્યાપકભાવથી પોતાનું અભિન્નપણું, પોતાથી પોતાનું અભિન્નપણું અને સર્વ અન્ય દ્રવ્ય-ભાવોથી પોતાનું ભિન્નપણું સદાય જ્ઞાન રાખે છે. એવું જે જ્ઞાન છે એ રાગથી અતીત છે, વિકલ્પથી અતીત છે, દેહથી અતીત છે. પાર છે. સ્વરૂપે કરીને જ એવું છે. એવું સ્વરૂપે કરીને એનો અનુભવ કરવો. જેવું છે એવો જ એનો અનુભવ કરવો છે. એ અંદરમાં વળતાં થાય છે. એને દિશા બદલી એમ કહે છે. આ દિશા બદલવી તે પણ અપૂર્વ છે. અહીંથી અપૂર્વતા શરૂ થાય છે.

**'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.**

**ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર ! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે. ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ જ્ઞાન ! આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ! એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. આપનો શો મહિમા થાય? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે; મારી પર્યાય તો અનંતમા ભાગે છે.'**

**આ પ્રમાણે પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં, પર્યાય-અપેક્ષાએ-જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઈત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ - પોતાની પામરતા જાણે છે. ૩૫૨.**

૩૫૨. "**દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું,' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.**' સાધકનું દૃષ્ટાંત છે. સમર્થ દૃષ્ટાંત હોવાથી મહામુનિની વાત લે છે. પણ સમ્યગ્દૃષ્ટિથી માંડી સર્વ દશાના સર્વ કોટીના સાધકો દ્રવ્યે પોતાને પરિપૂર્ણ મહાપ્રભુ માને છે, દ્રવ્યે પોતાને ભગવાન માને છે, દ્રવ્યે પોતાને કૃતકૃત્ય માને છે. કાંઈ કરવાનું બાકી નથી. દ્રવ્ય સ્વયં પોતાના સ્વરૂપથી પરિપૂર્ણ સર્વગુણ સંપન્ન છે. એમાં કોઈ ગુણ લાવવો, પ્રગટ કરવો નથી. કોઈ દોષ છે નહિ કે જેથી એને મટાડવો કે કાઢવો છે. એવું પોતાનું સ્વરૂપ શ્રદ્ધાનમાં માનતા હોવા છતાં. એ માનતા એમ લીધું છે. અને પર્યાયમાં જાણે છે એમ લીધું છે. બેયના કાર્ય બદલી નાખ્યા છે. દ્રવ્યની વાત માનવામાં લીધી છે. પર્યાયની વાત જાણવામાં લીધી છે. આખી ખૂબી છે. ભાષા સાદી લાગે પણ એની અંદર ખૂબી છે. એ બધી ઉપયોગથી વાત આવે છે. એમ ને એમ બોલી નાખે છે એવું નથી.

'**દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું, એમ...**' પોતાના સ્વરૂપની માન્યતા હોવા છતાં '**પર્યાયે તો હું પામર છું**' અથવા પોતાની અવસ્થા જેવી છે- છદ્મસ્થની અનંતમાં ભાગે છે. પરિપૂર્ણ દ્રવ્ય સ્વભાવ તદ્રૂપ પ્રગટ થતી જે અનંત ચતુષ્ટયરૂપ અવસ્થા, સિદ્ધ અવસ્થા એની સાથે મેળવે, સરખામણી કરે તો છદ્મસ્થની અવસ્થા અનંતમા ભાગે હોવાથી એને પામર કહે છે. પછી મુનિદશાની હોય તો પણ એને પામરપણું લાગુ પડે છે. '**એમ મહામુનિઓ પણ જાણે છે**'. ક્ષણે ક્ષણે સ્વરૂપમાં ઝુલનારા. ચૈતન્યગોળો છૂટો પડી જાય એક ક્ષણમાં વગર વિકલ્પે. શુદ્ધઉપયોગ કરવો છે એવો વિકલ્પ ન આવે એ પહેલા તો છૂટો પડી જાય.

જેમ આ કોઈ જાપટ મારે તો આંખ મીંચી જાય માણસ. વિકલ્પ કરે? આ જાપટ મારે છે, હવે મારે આંખ મીંચવી પડશે. નહિ આંખ મીંચુ તો મને આંખમાં ઈજા થશે. એવો વિચાર કરવાનો અવકાશ નથી. સીધી સાવધાની આવે છે અને કાર્યનો અમલ થાય છે. લોકો એમ કહે છે, પહેલા તો વિકલ્પ હોય ને પછી કામ થાય ને? બતાવ, આમાં ક્યાં વિકલ્પ છે પહેલા? કેટલાક કાર્યો એવા છે કે જેમાં વિચાર કરવાનો અવકાશ નથી હોતો. એ પહેલાં જ એ કાર્ય કરવાની સાવધાની તત્કાળ ઊભી થઈ જાય છે. એવું સહજ જ છે, જ્યાં મમત્વ છે ત્યાં. જ્યાં પોતાપણું છે ત્યાં એવું સહજ જ છે.

મુનિરાજની દશા પણ એવી કેળવાઈ ગઈ છે પોતાના સ્વરૂપમાં, સ્વપણાના અનુભવની વગર વિચારે, વગર વિકલ્પે ક્ષણે ક્ષણે દેહથી ભિન્ન એવા પોતાના ચૈતન્યપિંડને

ભિન્ન જ્ઞાનાનંદમય અનુભવ કરે. એકાકાર જ્ઞાનસત્તાનો ને એકાકાર આનંદભાવનો અનુભવ કરે, આનંદસ્વભાવનો અનુભવ કરે એને મુનિદશા કહેવામાં આવે છે. એને મુનિ ભગવંત કહેવામાં આવે છે. કેમ કે પૂર્ણ ભગવાન થવાની બરાબર તૈયારી થઈ ગઈ છે. અથવા પૂર્ણ ભગવાન થવાનું કારણ સેવી રહ્યા છે. તેથી એને ભગવાન કહેવામાં આવે છે. આચાર્ય ભગવંત, મુનિ ભગવંત એમ ને એમ નથી કહેવામાં આવતું. અથવા ગમે તે વેશ પરિધાન કરે માટે એને કોઈ ભગવંત કહે. સાધુનો વેશ અંગીકાર કરે માટે એને ભગવંત કહે એમ પણ નથી. એ તો આત્માની દશાની વાત છે.

પવિત્ર દશા ધારણ કરનારા મહામુનિઓ એમ જાણે છે કે **'પર્યાયે તો હું પામર છું.'** અથવા પોતાની પર્યાયનું બરાબર એને જ્ઞાન હોય છે. માન્યતા પરિપૂર્ણ કૃતકૃત્ય ભગવાન સ્વરૂપની હોવા છતાં, ભગવાનઆત્માની માન્યતા હોવા છતાં પોતાને અવસ્થાનું બરાબર જ્ઞાન છે. ઘરમાં મીઠાઈના ભંડાર ભર્યા હોય, અન્નના ભંડાર ભર્યા હોય પણ કેટલું પચાવી શકું છું? કેટલું ખાઈ શકાય અને કેટલું પચાવી શકાય? એ જો ખાનારને વિવેક ન હોય તો શું દશા થાય? તબિયત બગડી જાય, બીજું કાંઈ ન થાય. એમ અંદરમાં ભંડાર ભરેલો જોવે છે પણ જેટલી પોતાની શક્તિ છે કેટલી વિચ્છેદ થઈ છે. કેટલી પચાવે છે? શ્રદ્ધા-જ્ઞાન સ્વભાવને કેટલું પચાવે છે? કેટલું સ્થિર થવાય છે? એ બધું જ્ઞાન છે.

બીજી રીતે વિચાર કરીએ તો અવસ્થા છે એ તો પદાર્થની ઉપરની ચીજ છે. અને દ્રવ્ય સ્વભાવ એ પદાર્થનું અંતરંગ છે-અંદરની ચીજ છે. અંતઃતત્ત્વ સ્વરૂપ છે. તો જે બહિરંગ છે, જે અંતઃતત્ત્વને ભગવાનસ્વરૂપ કૃતકૃત્ય મહાપ્રભુ જાણે એટલો ઊંડો જઈને અંતર તત્ત્વને, પદાર્થના અંતરંગને જાણે એ આત્મા શું પદાર્થના બહિરંગને-ઉપરના ભાવને ન જાણે? બાહ્ય અંગને ન જાણે કે બાહ્ય અંગ કેવું છે? એ તો સહેજે જાણે.

પાણીમાં કૂવાના તળિયે કોઈ જાય તો ઉપલી સપાટીની ખબર જ ન હોય કે ઉપરની સપાટી ક્યાં છે અને તળિયે જાય? ઉપરની સપાટી તો એને પહેલા દેખાય છે, તળિયું તો પછી દેખાય છે. જોવા જાય ત્યાં પહેલા ઉપરની સપાટી નજરમાં આવે છે અને પછી એ નજર વધારે ઊંડી જઈને તળિયાને માપે છે કે આમાં દસ ફૂટ પાણી છે, વીસ ફૂટ પાણી છે કે પચ્ચીસ ફૂટ પાણી છે? કેટલું ઊંડે તળીયું છે? ઉપલી સપાટી દેખાય જ નહિ કોઈને અને તળીયું દેખાય એમ બનતું હશે? એમ પોતાની દશાનું જ્ઞાન ન થાય, ભાન ન રહે અને એને દ્રવ્ય સ્વભાવ દેખાય એવું તો કદી કોઈ સાધકને બનતું નથી.

જેને દ્રવ્ય સ્વભાવનું માપ આવે છે, દ્રવ્ય સ્વભાવનું પ્રમાણજ્ઞાન થાય છે; માપ એટલે પ્રમાણ, એને પોતાની અવસ્થાનું જ્ઞાન તો સહજમાત્રમાં થાય છે. કેમ કે એ ઉપરની ચીજ છે. એટલે દ્રવ્યે પોતાને પરિપૂર્ણ ભગવાન માનનાર કદી સ્વચ્છંદી થતા નથી. સાધક આત્માઓ કદી સ્વચ્છંદી થતા નથી. એનું આ એક Practical કારણ છે કે એને પોતાની અવસ્થાનું જ્ઞાન તો પહેલા થાય છે. એ નથી થતું એ પ્રશ્ન રહેતો નથી. અને એમાં ભૂલ થાય છે એ પણ પ્રશ્ન રહેતો નથી.

કેમ કે સ્વભાવ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. એની સરખામણીમાં પર્યાય છે એ સ્થૂળ ભાવ છે. આ સૂક્ષ્મ છે અને આ સ્થૂળ છે. સૂક્ષ્મનો વિવેક કરી શકે અને સ્થૂળનો વિવેક ન કરી શકે એ વાત તો કાંઈ સ્વીકારવા જેવી નથી. કોઈ એમ કહે કે નાનો અક્ષર વાંચી શકું છું પણ આ મોટો અક્ષર નથી વંચાતો. એવું કેમ બની શકે? એ બની જ ન શકે. મોટો અક્ષર પહેલો વંચાય. નાનો વંચાય કે ન વંચાય. પણ નાનો વંચાય એને તો મોટો અક્ષર વંચાય, વંચાય ને વંચાય જ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પુરુષાર્થ... આ તો હજી બાળક છે. બાળક છે એ તો પા પા પગલી માંડે ત્યારે ડર લાગે કે કદાચ ઉથલી પડે. જુવાન માણસ તો દોડ લગાવે. મુનિરાજ તો સ્વરૂપમાં દોડ લગાવે છે. એમની યુવાની પ્રગટી છે. પુરુષાર્થની યુવાની એમાં પ્રગટી છે. મુમુક્ષુ તો બાળક છે, બચ્ચુ છે, માંડ માંડ ઊભું થાય, પડે હેઠું, ઊભું થાય અને પડે હેઠું એ પરિસ્થિતિ છે. એટલો બધો પુરુષાર્થમાં ફેર છે.

અહીંયાં તો શું છે? એમ છતાં, માનતા હોવા છતાં એવી જે શૈલી લીધી છે વચનની એની અંદર એક ધ્વનિ છે એવો કે પોતાને મહાપ્રભુ ચૈતન્ય મહાપ્રભુ કૃતકૃત્ય ભગવાનસ્વરૂપે માને તો ક્યાંક સ્વચ્છંદ તો નહિ થતો હોય ને? એ પ્રશ્ન નથી રહેતો. સાધકજીવને સ્વચ્છંદ થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમ કે એવી અનુભવ કરવાની દશા એમણે પ્રગટ કરી છે. પોતાનું જેવું ભગવાન સ્વરૂપ છે એ જ સ્વરૂપે એનો અનુભવ કરવાની દશા અહીંયાં પ્રગટ કરેલી છે. એ દશાથી એ પોતાના સ્વરૂપનો અનુભવ કરીને માને છે. એમ ને એમ કલ્પના કરીને માનતા નથી, વિકલ્પ કરીને માનતા નથી. અનુભવ કરીને માને છે. એવા અનુભવીને અનુભવ થનાર, કરનાર દશા જે છે એની શું સ્થિતિ છે, એનું ગુણસ્થાન અનુસાર બરાબર જ્ઞાન વર્તે છે. એમાં એની ભૂલ થતી નથી.

મુમુક્ષુ :- દ્રવ્યની માન્યતામાં શ્રદ્ધા આવીને?

પૂજ્ય ભાઈશ્રી :- માન્યતામાં શ્રદ્ધા આવી. અહીંયાં જ્ઞાન કામ કરે છે. શ્રદ્ધા

પર્યાયને વિષય કરતી નથી. જ્ઞાન દ્રવ્ય અને પર્યાય બંનેને વિષય કરે છે. કેમ કે પોતે પ્રમાણજ્ઞાન છે. એટલે શ્રદ્ધાનો વિષય કેવો કેવડો છે? મારી માન્યતાનો વિષય કેટલો છે? એ પણ જ્ઞાન જાણે છે. અને મારી અવસ્થા કેટલી અધૂરી છે એ પણ જ્ઞાન જાણે છે. પર્યાયે પામર છું અને દ્રવ્યે પ્રભુ છું એમ બંને એક સાથે જ્ઞાન જાણે છે. શ્રદ્ધા તો પોતાના ભગવાન સ્વરૂપનો સ્વીકાર કર્યા સિવાય કાંઈ સ્વીકારતી નથી. એને એવી શ્રદ્ધા હોવાથી સર્વસ્વપણે એવા ભગવાન સ્વરૂપની જ ઉપાદેયતા સિવાય એને શ્રદ્ધામાં બીજું કાંઈ ઉપાદેય નથી. આ પરિસ્થિતિ ઊભી થઈ છે અને તેથી કરીને પર્યાય પ્રતિક્ષણ શુદ્ધ જ થતી જાય છે. શુદ્ધતા વધતી જ જાય છે. એ સહજ પરિણામની ગતિ થઈ જાય છે.

મુમુક્ષુ :- દ્રવ્ય ... માન્યતા મુખ્ય અને અહીંયાં જાણવું મુખ્ય, પર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટ વાત છે. પર્યાયે પામર છું એમ માનતા નથી. સ્પષ્ટ કરીએ તો પર્યાયે હું પામર છું એમ માનતા નથી. કેમ? કે માન્યતાનો વિષય પર્યાય નથી. પર્યાયે તો પછી કેવા છે એમ માને છે? પણ એનો વિષય નથી. એ માન્યતાનો વિષય જ નથી. માન્યતાનો વિષય પોતાનું ભગવાન સ્વરૂપ છે અને એને છોડીને માન્યતાનો કોઈ વિષય ત્યાં છે નહિ પછી. એનું નામ સાચી માન્યતા, એનું નામ સમ્યક્ શ્રદ્ધા. ત્યારે જ એ શ્રદ્ધાને સમ્યક્ એવું વિશેષણ લાગે છે. પરમ સત્ય સ્વરૂપ, પરમ સત્ય સ્વરૂપ ભગવાન આત્માની શ્રદ્ધા તે સત્ય શ્રદ્ધા, તે સમ્યક્ શ્રદ્ધા. બસ. જ્ઞાન પછી વિવેક કરે છે દ્રવ્યનો અને પર્યાયનો.

**'ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર ! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી.''** કેવળજ્ઞાન સામું જોઈને કહે છે. તીર્થંકર જિનેન્દ્ર પરમાત્માના કેવળજ્ઞાનની સામું જોઈને કહે છે. ગણધર દેવ એટલે ત્યાર પછી જેમનો સીધો નંબર આવે છે. મંગલમ ભગવાન વીરો, મંગલમ ગૌતમો ગણી. સીધું પછી ગણધરદેવનું નામ આવે છે. 'ગુરુદેવ' કહેતા કે જિનેન્દ્ર પરમાત્મા એ ત્રણલોકના નાથ મહારાજા છે. કેમ કે એમની માથે કોઈ ધણી નથી. અને એમના મંત્રી, પ્રધાન મંત્રી-મુખ્ય મંત્રી ગણધરદેવ છે. પધાન પદે મુખ્ય કોઈ બિરાજમાન હોય તો એ ગણધરદેવ છે. પછી બીજા બીજા સાધકો છે. ભગવાનની નજીકમાં નજીક એ છે. ઉત્કૃષ્ટ પાત્ર.

ભગવાન મહાવીસ્વામીના ઈતિહાસમાં એ પ્રકાર બન્યો કે ભગવાનની વાણી કેવળજ્ઞાન થયા પછી તરત પ્રગટ ન થઈ. એટલે એમ લાગ્યું કે કાંઈક વાત કોઈ અસાધારણ છે. ભગવાનને કેવળજ્ઞાન થાય એટલે વાણી ખરે. સ્વયં જ વાણી ઊપજે અને બધાને દેશનાનો લાભ મળે ભવ્યજીવોને. સમવસરણમાં અભવ્ય જીવો આવતા

નથી. એટલે બીજી કાંઈ પરિસ્થિતિ છે. ઈન્દ્રને અવધિજ્ઞાન હોય છે. એમ થયું કે કાંઈક કારણ છે. ભગવાન તો કાંઈ વાતચીત કરે નહિ, બોલે નહિ, કહે નહિ કે ભાઈ! ગૌતમ ગણધર નથી, આમાં કોઈ એવો ઉત્કૃષ્ટ પાત્ર નથી કે જે ગણધરપદે બિરાજમાન એવા કોઈ અત્યારે નથી. એ કાંઈ કહે તો નહિ. કાંઈ વાતચીત છદ્મસ્થની જેમ કરે નહિ કોઈ. નિરવશેષ અંતર્મુખ થઈને શુક્લધ્યાનમાં ધ્યાનસ્થપણે બિરાજમાન છે અરિહંત દશામાં. ઈન્દ્ર અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકે છે.

આ પ્રસંગ આખો બાકી છે સભાની અંદર. ગૌતમ ગણધરની હાજરી નથી. જોવે છે અવધિજ્ઞાનથી તો ખ્યાલ આવે છે કે આ તો અન્યમતના કોઈ આચાર્ય થઈને બેસી ગયા છે અત્યારે. હજારો શિષ્યના ગુરુ હતા એ. બ્રાહ્મણ હતા. વેદાંતની માન્યતાવાળા હતા. અંદરની યોગ્યતા ઘણી હતી. કેવી યોગ્યતા હતી? કે અલ્પ કાળમાં ભગવાનના ગણધર થશે. વાડાના બનાવેલા જૈનનો નંબર ન લાગ્યો. વાડામાં જન્મેલા જૈનો ઘણાં હતા. અરે..! કેટલાક તો મહામુનિઓ હતા. હતા મુનિઓ. કેટલાક મહામુનિઓ દેવલોકમાં દેવ થઈને પાછા આવ્યા હતા સમવસરણમાં. કેવળજ્ઞાન થાય છે ભગવાનને પછી સમવસરણ રચે છે. પહેલા તો કેવળજ્ઞાન થાય છે. ત્યારે કેવળજ્ઞાન કલ્યાણ જોવા માટે કરોડો દેવો આવે છે. બસ્સો, પાંચસો, હજારનો વરઘોડો ત્યાં નથી નીકળતો. કરોડો દેવો આવે છે. એ વખતે કોઈ આકાશ જોવે તો આકાશ ન દેખાય એને. ઉપરથી આવે છે એટલે આકાશમાં દેવોની સંખ્યા એટલી બધી હોય છે કે એ તો આકાશગામિની (છે), એ ભૂચર હોતા નથી, એ તો ખેચર હોય છે બધા. આકાશમાં જોવે તો ક્યાંય આકાશ ન દેખાય, દેવોથી છવાઈ ગયેલું હોય આકાશ. દેવો અને એના વિમાનો. એટલા કરોડો દેવો હોય ઉત્સવ ઉજવવા માટે. એમાં કેટલાય ભૂતકાળના મહામુનિઓ હોય, આચાર્યો હોય, અધૂરી સાધના રહેતા મનુષ્ય આયુ પૂર્ણ કરીને પર્યાયાંતર થઈને દેવપણે ઊપજ્યા હોય, એ પણ હોય. પણ નંબર કોઈનો નહોતો. યોગ્યતા બહુ મોટી ચીજ છે. કહેવાનો મતલબ એ છે, યોગ્યતા બહુ મોટી ચીજ છે. જાતે બ્રાહ્મણ, અન્યમતિ, ગ્રહીત મિથ્યાદષ્ટિ, એના નાયક, એના ધર્મનાયક આખો પંથ ચલાવે. ઈન્દ્રે યુક્તિ કરી. મહારાજ! વાદવિવાદ કરીએ. તમે મોટા સમર્થ હશો કાંઈક. એણે બ્રાહ્મણનું રૂપ લીધું. વાદવિવાદ કરવામાં પ્રશ્ન મૂકવા મંડ્યા એટલે મૂંઝાણા. (એક શ્લોક આપીને કહ્યું) આનો અર્થ કરો.

આ બધા એને કાંઈ વેદાંતની અંદર હતુ નહિ. વસ્તુનું પરિજ્ઞાન તો છે નહિ. એને એમ થયું કે આ તો હું એક સાધારણ માણસ પાસે હારી જઈશ. (એટલે કહ્યું), તારી સાથે ચર્ચા હું કરું નહિ. તારા જેવા સાધારણ ચાલુ માણસ સાથે ચર્ચા

કરવાનું મારું કામ નથી. જેમ 'રાજીવ ગાંધી' ગમે તેની સાથે વાત કરવા જાય નહિ અને ગમે તેને મુલાકાત આપે નહિ. દરવાજેથી જ પાછો કાઢી મૂકે કે ભાઈ! તારું કામ નહિ, તને રજા નહિ મળે. તારે ફરિયાદ કરવી હોય તો? તો કહે, તારા ગામમાં જઈને કરજે. કાં તારા પ્રધાનને જઈને કરજે. તારા પ્રાંતમાં જઈને કરજે. અહીંયાં પ્રધાન મંત્રી મળી શકે એવું નથી. સમય નથી, વખત નથી. તારી સાથે ચર્ચા નહિક કરું. તારા ગુરુને બોલાવી આવ. મારા ગુરુ પાસે તમે આવો. મને વાંધો નથી. એમને તો છળ દો ઈ જ હતું અંદર કે આને ગુરુ પાસે લઈ જવા છે. તીર્થંકરદેવ પરમગુરુ પાસે લઈ ગયા. બધી બાજી પલટાઈ ગઈ. એવા ગણધરદેવ કહે છે.

**'ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી.''** ચાર જ્ઞાનના ધણી છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન. ચાર જ્ઞાનના ધણી છે. અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ એટલો વિશાળ છે કે અંતર્મૂહુર્તમાં બાર અંગની રચના કરે છે. એટલો જેનો શ્રુતજ્ઞાનનો દરિયો ઉછળી ગયો છે અંદરથી. તો પણ એમ કહે છે કે હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી.

**'આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે. ક્યાં આપનું અનંત-અનંત દ્રવ્યપર્યાયોનું જાણતું અગાધજ્ઞાન અને ક્યાં મારું અલ્પજ્ઞાન!'** ભગવાનના કેવળજ્ઞાન સામે જોવે તો ભક્તિ ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાનની મહાનતા જોઈને એને પોતાની અલ્પતાનો ખ્યાલ બરાબર છે એ પણ એમને લાગે છે. સ્પષ્ટ લાગે છે, જ્ઞાનની અંદર જણાય છે. એ જ્ઞાન અપેક્ષા લીધી છે. એક Second ના અસંખ્ય ભાગમાં સમસ્ત લોકાલોકની અને પોતાની પણ ભૂતકાળની અનંત પર્યાયો અને ભવિષ્યની અનંત પર્યાયો અને વર્તમાનમાં અનંતે અનંત ગુણની અનંત પર્યાયો. એક એક પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ, અનંત અવિભાગ પ્રતિચ્છેદ. એક પર્યાયને અનંત. એક સમયની એક ગુણની એક પર્યાયને અનંત અવિભાગ પ્રતિચ્છેદ. બધું. સકળવિમળ કેવળજ્ઞાનની અંદર સ્પષ્ટપણે પ્રતિભાસે છે. મારું જ્ઞાન તો એની પાસે કાંઈ નથી, અનંતમે ભાગે છે, એમ ગણધરદેવ કહે છે. પછી બીજાને વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. બધા સાધકોનું અનંત ભાગે છે. એમ બધા સાધકોને સ્પષ્ટ જ્ઞાનમાં હોય છે.

બીજો પણ એક વિચાર છે એની અંદર કે છદ્મસ્થ છે. ભગવાનનું કેવળજ્ઞાન અરૂપી હોવા છતાં ભગવાનનના કેવળજ્ઞાનને બરાબર જાણે છે. ભગવાનના કેવળજ્ઞાનને બરાબર જાણે છે. શ્રુતજ્ઞાન જાણે છે કે ભગવાનનું કેવળજ્ઞાન કેવું છે અને કેવડું છે? જ્ઞાન તો અરૂપી છે. લોકોલોકને જાણવા કાંઈ બહાર નીકળ્યું નથી. આત્મપ્રદેશો

છોડીને કોઈ ગુણની કોઈ પર્યાય ક્યારે પણ પોતાનું સ્વક્ષેત્ર છોડીને બહાર જતી નથી. ભગવાનના દેહમાં રહેલો જે આત્મા, એની જે પૂર્ણ કેવળજ્ઞાનની અવસ્થા એને ગણધર ભગવાનનું જ્ઞાન જાણે છે. સાધકનું જ્ઞાન પણ જાણે છે. પણ આ સમર્થ દૃષ્ટાંત છે. આપ તો બધાને જાણી રહ્યા છો. મારું જ્ઞાન આપના જ્ઞાન પાસે કાંઈ હિસાબમાં નથી. અનંતમે ભાગે એટલે કાંઈ હિસાબમાં નથી. .... સાથે સરખામણી થાય નહિ. એ જ્ઞાનની વાત લીધી.

હવે આનંદની દશાની વાત કરે છે કે '**આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો.**' ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ! આ બે મુખ્ય ગુણની વાત કરી છે. આપનો આનંદ પણ મને દેખાય છે. ઠીક! નહીં તો છે તો અરૂપી આનંદનો પર્યાય, પરમાનંદનો પર્યાય. અરિહંત ભગવાનનો, જિનેન્દ્ર દેવનો પર્યાય જ્ઞાનનો, આનંદનો અરૂપી છે. પણ શ્રુતજ્ઞાન જોવે છે કે આપ પરિપૂર્ણ એવા પરમાનંદમાં બિરાજમાન છો. પરમાનંદની અંદર આપ લીન થઈ ગયા છે. આનંદ તો મને પણ પ્રગટ્યો છે. ગણધરદેવ કહે છે કે આનંદ તો મને પ્રગટ્યો છે. મારી અને આપની આનંદની જાત તો એક જાતિની છે. છતાં પણ ક્યાં આપનો પરમાનંદ અનંત પરમાનંદ, ક્યાં મારો અલ્પ આનંદ!

એ કેવી રીતે દેખાતો હશે? ચક્ષુઈન્દ્રિયનો તો વિષય નથી. કાંઈ કર્ણેન્દ્રિયનો વિષય નથી. કાંઈ કેવળજ્ઞાનની ગંધ આવતી નથી નાકમાં કે કોઈ સ્પર્શ નથી. કોઈ મનથી વિચાર કરવાનો એ વિષય નથી. કેમ કે કેવળજ્ઞાન અને પરમાનંદ એ મનાતીત વિષય છે. મનમાં એનો સમાવેશ થતો નથી. છતાં મનથી રહિત એવું જે અતીન્દ્રિય મતિ-શ્રુતજ્ઞાન પ્રગટ્યું છે એમાં એ વિષય ગોચર થાય છે. કેવળજ્ઞાન પણ એમાં જણાય છે અને ભગવાનનો પરમાનંદ પણ એમાં જણાય છે. જણાય છે ત્યારે એને પોતાની સરખામણી થાય છે કે ક્યાં આપનો પરમાનંદ, પરિપૂર્ણ આનંદ! પરમ એટલે પરમસીમાએ, ચરમસીમાએ પહોંચેલો આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ.

ક્ષણે ક્ષણે આનંદના અનુભવમાં આનંદના ફૂવારામાં બેઠેલા છે એ મુનિ વાત કરે છે કે મારો આનંદ અનંતમા ભાગે છે. આપના આનંદ પાસે એનો કોઈ હિસાબ લાગે એવું નથી. અંદરમાં પરમાનંદનો પિંડ છે એને સ્પર્શીને વાત કરે છે. ભગવાનનું જ્ઞાન અને ભગવાનનો આનંદ જોવે છે તો અંદરમાં નિજ ભગવાનનું જ્ઞાન અને નિજ ભગવાનના આનંદના સ્પર્શીને જોવે છે. એટલે એને જણાય છે. એટલે એનું જ્ઞાન થાય છે. નહિતર ઓલું કેવી રીતે થાય? એ તો પરદ્રવ્ય છે. સમવસરણમાં બેઠેલા જિનેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર તો પરદ્રવ્ય છે. એની અરૂપી પર્યાયો છે, જણાય

કેવી રીતે? અંદરમાં પોતાના નિજ પરમાનંદની ખાણને જોવે છે. નિજ અનંત કેવળજ્ઞાન સ્વભાવને અંદરમાં વિષય કરે છે. અને એ ઉપરથી ભગવાનને જોતાં જ એને ખ્યાલ આવે છે કે ઓહો...! કેવળજ્ઞાન અને પરમાનંદમાં તો ભગવાન સ્થિત થઈ ગયા છે. ઢીમ થઈ ગયા છે, બિરાજમાન થઈ ગયા છે. ક્યાં એમની દશા અને ક્યાં મારી દશા.

મુમુક્ષુ :- અજ્ઞાનીને ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે આવે? અજ્ઞાનીએ વસ્તુ જોઈ નથી. એને તો કેવી વસ્તુ છે એ ખબર જ નથી. જેમ કે કોઈ એવું ફળ છે જે પરદેશમાં થતું હોય અને કોઈ માણસે ખાધું ન હોય. એના સ્વાદનું કોઈ વર્ણન કરે કે આ એક ફળ થાય છે ફલાણાં દેશમાં, ગજબનો કોઈ સ્વાદ છે. એ બીજાને કેવી રીતે ખબર પડે? આકારની વાત કરે, રંગની વાત કરે પણ સ્વાદની કેવી રીતે ખબર પડે? એ કાંઈ ખબર પડે નહિ. એ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. એ જ રીતે અનંત ગુણોની. જ્ઞાન અને આનંદ બે ગુણની વાત કરી. એ જ પ્રકારે આત્મામાં રહેલા સર્વ ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. '**આપનો શો મહિમા થાય?**' આપના મહિમાની શું વાત કરવી? આપની ભક્તિ કેટલી કરીએ? એમ કહે છે. ગણધરદેવને પણ જિનેન્દ્ર પરમાત્માની દશા જોઈને ભક્તિના ભાવ આવે છે. મહામુનિ છે તો પણ એટલા ભક્તિના ભાવ આવે છે. ભક્તિના ભાવ આવે છે એટલું જ નહિ. એમને જેવી ભક્તિ આવે છે એવી ભક્તિ બીજાને આવતી નથી. એમ છે ખરેખર.

મુમુક્ષુ :- ખરેખરો એમનો મહિમા દેખાણો...

પૂજ્ય ભાઈશ્રી :- એમનું સ્વરૂપ દેખાય છે. એટલે એની મહિમા આવ્યા વિના રહે નહિ. મહિમાવંત સ્વરૂપ જાણે અને મહિમા ન આવે તો જાણ્યું શું? એણે કાંઈ જાણ્યું એ પ્રશ્ન રહેતો નથી.

'**આપનો શો મહિમા થાય? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે;...**' જેવું આપનું દ્રવ્ય છે, સ્વભાવ છે તેવો જ સ્વભાવ, અવ્યક્ત સ્વભાવ વ્યક્ત થઈ ગયો છે. સ્વભાવ અવ્યક્તપણે અવ્યક્ત રહીને સ્વભાવ જેવી જ પર્યાય, જેટલી જ પર્યાય, જેવડી જ પર્યાય વ્યક્ત થઈ ગઈ છે. અને '**મારી પર્યાય તો અનંતમાં ભાગે છે.**' લાખ, કરોડ, અબજ એ ભાગ નથી લેતા. અડધા ભાગે છે એમ નથી લેતા. આપ તેરમા ગુણસ્થાને, હું છઠ્ઠા-સાતમામાં. એટલે સાડા છ તો ગણો. અડધા પચાસ ટકા તો પહોંચ્યો કે નહિ? અરિહંત ભગવાન તેરમા

ગુણસ્થાને. ગણધરદેવ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને. છઠ્ઠુ છે અને સાતમું આપણે .. કરીએ. ... એટલે અડધું કરીએ, Average કાઢીએ તો સાડા છ. પચાસ ટકાએ હું પહોંચ્યો છું એમ નથી કહેતા. હું અનંતમા ભાગે છું એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ મર્યાદિત છે અને પેલું અમર્યાદિત છે. બે વચ્ચે બહુ મોટો ફેર છે.

'**આ પ્રમાણે...**' આ તો દૃષ્ટાંત લીધું છે-ગણધરનું અને મહામુનિનું. '**આ પ્રમાણે પ્રત્યેક સાધક,...**' પછી ચોથા ગુણસ્થાનવર્તી હોય, પાંચમા ગુણસ્થાનવર્તી હોય કે ગણધર સિવાયના બીજા મુનિઓ હોય, આચાર્યો હોય કે ઉપાધ્યાય હોય કે સાધુ હોય. '**પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં,...**' જોયું! ત્યાં માનતો શબ્દ લીધો છે. '**પર્યાય અપેક્ષાએ-જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઈત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ-પોતાની પામરતા જાણે છે.**' ફેર પડે છે? ઉતાવળમાં કાંઈ બોલી જાય બીજું? અહીંયાં માને છે અને અહીંયાં જાણે છે. આ માન્યતાનો વિષય નથી. અધુરી પર્યાય કે પૂરી પર્યાય, પાછું એમ પણ નથી કે કેવળજ્ઞાન આદિ દશા પૂરી પ્રગટ થઈ ગઈ એટલે એ માન્યતાનો વિષય થઈ જાય એમ પણ નથી. માન્યતાનો વિષય અવ્યક્ત પરમાત્મા, પર્યાય અપેક્ષાએ અવ્યક્ત અને સ્વભાવ અપેક્ષાએ સદાય પ્રગટ અને વ્યક્ત, એની શ્રદ્ધા છે. પછી એ શ્રદ્ધામાં બીજો કોઈ ફેરફાર થતો નથી. એનો વિષય ઓછો અદકો પણ ક્યારેય થતો નથી.

'**આ પ્રમાણે પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં,...**' બધાય સાધક એકસરખું જ માને છે એમ કહે છે. મુનિરાજ કાંઈ બીજું માને છે, સમ્યગ્દૃષ્ટિ કાંઈ બીજું માને છે એ વાત નથી. એથી મુનિરાજનું અને ચોથા ગુણસ્થાનવર્તીનું સમ્યગ્દર્શન એકસરખું છે. અને સિદ્ધ દશામાં પણ એ જ સ્વરૂપની માન્યતા હોવાથી એનું સમ્યગ્દર્શન સરખું છે.

'ગુરુદેવ' એ સરખામણી કરતા. એક તિર્યંચને સમ્યગ્દર્શન પ્રગટે અને સિદ્ધ પરમાત્માને સમ્યગ્દર્શન છે. બન્ને સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિપણાની અપેક્ષાએ બંને સરખા છે. દૃષ્ટિની અપેક્ષાએ બંને સરખા છે. એવું એક સર્વજ્ઞદેવ અથવા જિનેન્દ્ર દેવ પંચ પરમેષ્ઠીમાં સર્વોત્કૃષ્ટ પદ સિદ્ધદેવ, અરિહંતદેવ અને સિદ્ધદેવ, પરમાત્માની બરાબર તુલ્ય જેનો એક મહાન ગુણ, મૂળ ગુણ પ્રગટ થઈ ગયો છે.

ફરીથી, પરમાત્માને જે મુખ્ય ગુણ, મૂળ ગુણ, મહા ગુણ જેટલો જેવડો પ્રગટ થઈ ગયો છે, એવડો જ આને પ્રગટ થઈ ગયો છે. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' તો

૧૪૩ ગાથામાં મતિ-શ્રુતજ્ઞાનને, સમ્યગ્દૃષ્ટિના શ્રુતજ્ઞાનને સરખાવવા માટે કેવળજ્ઞાનનું દૃષ્ટાંત લીધું છે. જેમ કેવળજ્ઞાની પોતાના આત્માને જેવો છે એવો જાણે છે પરિપૂર્ણ શુદ્ધ. એવો જ શ્રુતજ્ઞાની જાણે છે. બંનેનું જ્ઞાન પોતાને જાણવામાં એકસરખો વિષય તુલ્ય-સરખું જ જાણે છે. કેવળજ્ઞાન પોતાના સ્વરૂપને જાણે અને શ્રુતજ્ઞાન પોતાના સ્વરૂપને જાણે અને જ્ઞાતા-દૃષ્ટાપણું બંનેને પ્રગટે, બંને જ્ઞાતા-દૃષ્ટા થઈને બરાબર જાણે છે. શ્રુતજ્ઞાનને સમજાવવા કેવળજ્ઞાનનું દૃષ્ટાંત લીધું! એકલી શ્રદ્ધા નથી લીધી, જ્ઞાન પણ લીધું છે 'અમૃતચંદ્રાચાર્યદેવે' તો. એવી પરમાત્માની તુલ્ય જેની સરખામણી કરી શકાય છે અને જેના જ્ઞાન-શ્રદ્ધાનને સમજાવવા માટે પરમાત્માને દૃષ્ટાંતમાં લાવવા પડ્યા છે. એટલે પરમાત્માને જેમ વંદન, ભક્તિ, નમસ્કાર કરવામાં આવે છે, એમ સમ્યગ્દૃષ્ટિના શ્રદ્ધા-જ્ઞાનને પણ વંદન, ભક્તિ અને નમસ્કાર કરવામાં આવે છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાની સાથે જ્ઞાનને કેમ લીધું?

પૂજ્ય ભાઈશ્રી :- 'સમયસાર'માંથી જ લઈએ. બીજું શું? બહુ સરસ સરખામણી કરી છે. ભાષા તો આચાર્યદેવની એટલી વિદ્વતાપૂર્ણ છે કે કોઈ કથનની અંદર ફોદો ન કાઢે. એટલી વિદ્વતાપૂર્ણ ભાષા છે ત્યાં.

પહેલેથી શરૂઆતથી જ ટીકા એવી રીતે કરે છે. '**જેવી રીતે કેવળી ભગવાન,...**' કેવળી ભગવાનનું દૃષ્ટાંત લીધું છે. તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ કહેવું છે. '**જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે...**' બહારના પરજ્ઞેય લીધા. ભગવાનને કેવળજ્ઞાન છે. એ કેવળજ્ઞાન જે છે એમાં જ્ઞેય જે આખું વિશ્વ છે તો એને કેવી રીતે જાણે છે? કે સાક્ષી ભાવે જાણે છે. કેવળજ્ઞાન કેવી રીતે જાણે છે? સાક્ષી ભાવે જાણે છે. '**વિશ્વના સાક્ષીપણાને લીધે...**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બેયને જ્ઞાતા-દૃષ્ટાપણું સાક્ષીભાવ જ્ઞાનમાં ઉત્પન્ન થઈ ગયો છે, એમ કહેવું છે. કેવળજ્ઞાની સાક્ષી છે તો સમ્યગ્દૃષ્ટિ પણ સાક્ષી છે, એમ કહેવું છે. એટલે અહીંયાં દૃષ્ટાંત પરમાત્માનું હોવાથી સિદ્ધાંતમાં સમ્યગ્દૃષ્ટિને અહીંયાં પરમાત્મા કહ્યો છે એમણે. આ એક જ ગાથા એવી છે કે જેમાં સમ્યગ્દૃષ્ટિને પરમાત્મા નામનું વિશેષણ પોતે લગાવ્યું. એ આ એક જ ગાથા છે 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકાની.

'**વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને કેવળ જાણે છે...**' ભગવાનને નયજ્ઞાન નથી પણ નયપક્ષને જાણે છે. શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયના પક્ષો છે. બે ભાગ પડે છે ને? આ વ્યવહારનયનો વિષય, આ નિશ્ચયનયનો વિષય. આ દ્રવ્ય, આ પર્યાય.

આ સ્વ આ પર. એ બંને **'તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** કેવળ જાણે છે એટલે સાક્ષીભાવે જાણે છે. કેમ કે કેવળજ્ઞાનને નય નથી. શ્રુતજ્ઞાનને નય છે.

**'કેવળ જાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને...'** કેવા થઈ ગયા છે કેવળજ્ઞાન વડે? નિરંતર જેનું પ્રકાશમાનપણું છે. ક્યારેય વચમાં એક સમય પણ કેવળજ્ઞાન બંધ રહેતું નથી. જ્ઞાન છદ્મસ્થ જીવનું પ્રવાહરૂપ ચાલુ જ રહે છે, એમ કેવળજ્ઞાનનો પ્રવાહ ચાલુ રહે છે. સહજ છે, કોઈ કૃત્રિમતા નથી. વિમળ છે-મળ વિનાનું છે. મળનો જેમાં નાશ થઈ ગયો છે. અને સકળ એટલે સંપૂર્ણ છે. એવું જે કેવળજ્ઞાન તેના વડે **'સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને...'** કેવા? વિજ્ઞાનઘન થઈ ગયા છે.

**'શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે...'** શ્રુતજ્ઞાનની ભૂમિકાને એ ઓળંગી ગયા છે. એથી આગળ ગયા છે. અને **'સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી...'** હવે નયપક્ષનું ગ્રહણ દ્રવ્ય-પર્યાયની ખેંચતાણ રહી નથી. પહેલા પૂર્વભૂમિકામાં સમ્યગ્દૃષ્ટિને નિશ્ચયનયનો પક્ષ આવે છે ચોથા ગુણસ્થાનમાં. પણ ચોથું ગુણસ્થાન થતાં એ પણ નયપક્ષની ભૂમિકાને ઓળંગી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નયપક્ષ તો હજી સમ્યગ્દર્શન પહેલાની પૂર્વભૂમિકા દેખાડે છે. મિથ્યાત્વની દશામાં નયપક્ષ ઊભો થાય છે. પક્ષ થઈ જાય છે. કેવળજ્ઞાની તો નય પક્ષથી દૂર થઈ ગયા છે. કોઈપણ નયપક્ષને ગ્રહણ કરતા નથી.

**'તેવી રીતે...'** ક્યાંય ફોદો ન કાઢે એટલે સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકાનો મુદ્દો લીધો, લોકાલોકની વાત લઈ લીધી, વ્યવહાર-નિશ્ચયનયના પક્ષની વાત લઈ લીધી અને પોતાની નિર્મળતાની વાત લઈ લીધી. **'તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા) ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે...'** એને ક્ષયોપશમજ્ઞાન છે, કેવળજ્ઞાન નથી. **'એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં...'** શ્રુતજ્ઞાનમાં વિકલ્પ છે. પરને જાણતાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. એવો વિકલ્પ એને ઉત્પન્ન થતો હોવા છતાં પણ **'પરનું ગ્રહણ કરવા પ્રત્યે ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,...'** પરને જાણતાં પરનું ગ્રહણ કરતા નથી. એટલે ભિન્ન રહીને જાણે છે. મિથ્યાદૃષ્ટિ પરને જાણતા પરનું ગ્રહણ કરે છે. પ્રસરી જાય છે અંદર. વ્યાપી જાય છે, એવો મિથ્યા અનુભવ કરે છે. આ કહે છે ઉપરને ગ્રહણ કરવાથી નિવૃત્ત થઈ ગયા છે.

**'પરનું ગ્રહણ કરવા પ્રત્યે ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** પ્રમાણજ્ઞાન છે એમાં બંને

નયોના પક્ષને જાણે છે. એવું પ્રમાણજ્ઞાન તટસ્થ છે. એમાં ન કાંઈ મુખ્ય છે ન કાંઈ ગૌણ છે. પ્રમાણમાં બંને સરખું છે-તુલ્ય છે. '**પરંતુ...**' હવે વિશેષતા શું છે? '**અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી...**' સ્વરૂપને વિષે તો અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલો પોતાનો આત્મા. '**ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત;...**' સદાય પ્રગટ '**ચિન્મય, સમય...**' એટલે સ્વ શુદ્ધ આત્મા. ચિન્મય સમય-ચિન્મય શુદ્ધાત્મા તેનાથી '**પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે)...**' અનુભવને આવી રીતે દેખાડ્યો છે. ચૈતન્ય આત્માનો અનુભવ સાદો શબ્દ છે. શાસ્ત્રિય પરિભાષામાં, અધ્યાત્મભાષામાં શું કહે છે? કે '**અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલય, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમય...**' નિજ શુદ્ધાત્મા એમાં પ્રતિબદ્ધ થઈ ગયા છે. એમાં બંધાયેલા છે. જેનું શ્રુતજ્ઞાન એમાં બંધાયેલું છે. '**(અનુભવન) વડે તે વખતે (અનુભવ વખતે)...**' અનુભવ વખતના લીધા છે. પહેલો જ્યાં અનુભવ પ્રગટે છે સમ્યગ્દર્શન થાય છે ત્યારે, '**(અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને...**' જેમ કેવળજ્ઞાનમાં વિજ્ઞાનઘન થયા છે, તો અહીંયાં શુદ્ધોપયોગમાં વિજ્ઞાનઘન થયા છે. મતિ-શ્રુતનો ઉપયોગ છે. શુદ્ધોપયોગમાં વિજ્ઞાનઘન થયા હોઈને.

'**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણા વડે...**' ત્યાં નયપક્ષનું અતિક્રાંત લીધું. તો અહીંયાં પણ કહે છે કે શ્રુતજ્ઞાનના જે વિકલ્પો છે એનો અંતર્જલ્પ-બહિર્જલ્પ છૂટી ગયો છે. હું આત્મા છું અને જ્ઞાન તે આત્મા છું, હું પૂર્ણ છું ને શુદ્ધ છું એવો કોઈ સ્થૂળ વિકલ્પ પણ નથી રહ્યો અને સૂક્ષ્મ વિકલ્પ નથી રહ્યો. અથવા જેનું નામ વિકલ્પ આપી શકાય એવો કોઈ વિકલ્પરૂપ ભાવ નથી રહ્યો. એમ લઈ લેવું. એનું નામ નિર્વિકલ્પ છે. અતિક્રાંતપણા વડે તેને ઓળંગી ગયા છે અને '**સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી...**' હવે કોઈ નયપક્ષનું ગ્રહણ નથી કરતા. પૂર્વભૂમિકામાં કરતા હતા. શુદ્ધાત્માનો પક્ષ કરતા હતા. પર્યાયનું હેયપણું લાવતા હતા અને શુદ્ધાત્માનો પક્ષ કરતા હતા. ક્યાં સુધી? કે વિકલ્પ હતો ત્યાં સુધી.

મુમુક્ષુ :- ... નિશ્ચયમાં જ પરિણમી ગયા પૂરેપૂરા. ભગવાન નિશ્ચયમાં જ પરિણમી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- આ પણ પરિણમી ગયા છે.

મુમુક્ષુ :- ...એનો હજી પક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, અહીંયાં નયપક્ષ છૂટી ગયો છે. પૂર્વભૂમિકા સુધી નયપક્ષ છે. રાગ નથી. શુદ્ધોપયોગ વખતે અંતર્જલ્પ અને બહિર્જલ્પરૂપ વિકલ્પ નથી. એકાકાર

શુદ્ધોપયોગમાં છે. કેવળીની જેમ, એમ કહે છે.

મુમુક્ષુ :- જે શુદ્ધઉપયોગ છે એ કેવળીની જેમ...

પૂજ્ય ભાઈશ્રી :- બે શબ્દ ત્યાં સરખા વાપર્યા છે.

'**નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા...**' છે. કોણ? કેવળી ભગવાન. અહીંયાં, '**નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી...**' તે પોતે જ વિજ્ઞાનઘન થતા હોય ને. સમયના પ્રતિબદ્ધપણા વડે '**નિર્મળ, નિત્ય-ઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે... પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' ત્યાં પણ વિજ્ઞાનઘન થયા છે અને અહીંયાં પણ વિજ્ઞાનઘન થયા હોય છે. કેટલાક તો એવા સમ્યગ્દૃષ્ટિ થયા છે કે જેને આગમનું બહુ જ્ઞાન એ વખતે ન હોય. એને આવો શુદ્ધોપયોગ થાય ને, ત્યારે સીધું એમ કહે છે કે હવે કેવળજ્ઞાન લેવાનો છું. હમણાં કેવળજ્ઞાન લેવાનો છું. મને જે અનુભવ થયો વિજ્ઞાનઘન થઈને. બસ! હવે તો હું કેવળજ્ઞાન હમણાં લઈશ. શું? શું વાત કરે? હમણાં કેવળજ્ઞાન લઈશ. એવો ઉપયોગ એ પ્રગટ થાય છે. વિજ્ઞાનઘન થઈને એ ઉપયોગ પ્રગટ થાય છે. એવું પણ કોઈ બોલે. અપ્રયોજનભૂત ક્ષયોપશમજ્ઞાનની ભૂલ છે. પણ અપ્રયોજનભૂત ભૂલ છે. એવો ઉત્સાહ આવી જાય છે. વિજ્ઞાનઘન થઈને શુદ્ધોપયોગમાં પ્રદેશે પ્રદેશેથી નિજ પરમાત્માનો નિજ પરમાત્મસ્વરૂપે જ અનુભવે કરે છે. અથવા કેવળજ્ઞાન સંપન્ન એવા શુદ્ધાત્માનો કેવળજ્ઞાન સંપન્ન સ્વરૂપે પોતાનો અનુભવ કરે છે. તો એને એમ થાય છે કે તો પછી હવે જો મારું કેવળજ્ઞાન સ્વરૂપ છે તો મને કેવળજ્ઞાન થવામાં શેનો વાંધો હોય? હમણાં પ્રગટ થશે મને હવે. મને હવે હમણાં પ્રગટ થશે, એમ એને થઈ આવે છે. કેટલા પગથિયા ચડવા બાકી છે એ ભૂલી જાય છે, એમ કહેવું છે. એવો જોશ હોય છે. શુદ્ધોપયોગમાં પુરુષાર્થનું જોર એવું હોય છે, ધૂન એવી હોય તો ભૂલી જાય.

નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોઈને, કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી, એવા તે સમ્યગ્દૃષ્ટિ આત્મા '**ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.**' આટલા શબ્દો વાપર્યા છે. શુદ્ધોપયોગમાં આવ્યા તો કહે છે, એ પમરાત્મા છે. જે શુદ્ધોપયોગથી પરમાત્મા થવાય છે તે શુદ્ધોપયોગ પ્રાપ્ત થતા એ વખતે કહી દીધું કે પરમાત્મા છે. રાજાને ત્યાં કુંવર જન્મ્યો તો પ્રજા કહેવા લાગી કે અમારો રાજા જન્મ્યો છે હવે. હવે અમારો રાજા જન્મ્યો. એના ગીત ગાય તો કહે, આ અમારો રાજા છે, આ અમારો ધણી છે એમ કહે. શું પ્રજા કહે? અમારો રાજા છે. હજી તો ઘોડિયામાં (હોય).

એ રીતે એને પણ પરમાત્મા કહેવામાં આવે છે.

આચાર્યદેવે પોતે કહ્યું છે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને. **'स खलु निखिलविकल्पेभ्यः परतरः परमात्मा ज्ञानात्मा प्रत्यग्ज्योतिरात्मख्यातिरूपोनुभूतिमात्रः समयसारः'** આટલા સંસ્કૃત શબ્દો છે. એક હજાર વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય'ના લખેલા છે. 'જયચંદ્ર પંડિત' ભાવાર્થમાં એને એમ કહે છે કે જ્યારે સમ્યગ્દષ્ટિ આત્મા નયપક્ષને છોડીને **'વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.'** એમ જાણવું. એ 'જયચંદ્રજી'નું લખાણ છે.

એ રીતે અહીંયાં પોતાની દશાની પામરતાનો ખ્યાલ હોવા છતાં પણ આ બધી વાતો જેમ છે એમ બરાબર સમજવી જોઈએ. એટલે પ્રત્યેક સાધક પર્યાય અપેક્ષાએ પોતાની અવસ્થાનું બરાબર એને જ્ઞાન છે અને પોતાનું માપ પણ છે એ જ્ઞાનની અંદર. એ રીતે એમને સર્વજ્ઞપણું ભગવાનનું જોઈને ભક્તિ આવે છે. નિજ સ્વરૂપનું શ્રદ્ધાન હોય છે અને જ્ઞાનમાં બંને વાત સાથે હોય છે. અહીં સુધી રાખીએ...

## તા. ૫-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૨, ૩૫૩
## પ્રવચન નં. ૨૭૦

૩૫૩ બોલ. પાનું-૧૨૨.

મુમુક્ષુ :- ૩૫૨નો છેલ્લો Paragraph. .. જાણવામાં શું તફાવત છે?

પૂજ્ય ભાઈશ્રી :- ૩૫૨માં વાતને ફરીને સ્થાપી છે, જે બોલમાં કહેવા માગે છે. પ્રત્યેક સાધકને સર્વ સાધકને પોતાની માન્યતાનો આશ્રયનો અવલંબનનો વિષય, પોતાનું પરિપૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા છે. 'હું છું' એવા ભાવે આશ્રય થાય છે. અવ્યક્ત સ્વરૂપનો સામર્થ્ય રૂપ ભાવનો આશ્રય થાય છે. એટલા સુધી પહોંચનાર, અવ્યક્ત સામર્થ્ય સુધી પહોંચનાર જે શ્રદ્ધા-જ્ઞાન છે એમાં શ્રદ્ધાએ પોતાનું કામ પૂરું કર્યું. હવે એને એથી આગળ કોઈ કામ કરવાનું બાકી રહેતું નથી. પોતાના ભગવાન આત્માની પૂર્ણ શ્રદ્ધા શ્રદ્ધાએ કરી. જ્ઞાનમાં પોતાને જાણ્યો, શ્રદ્ધાનો વિષય પોતાનો મૂળ સત્ સ્વરૂપ જ્ઞાનમાં આમ છે એમ જાણ્યું. એ ઉપરાંત જ્ઞાનમાં એમ પણ જાણ્યું કે જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય એમાં શ્રદ્ધાની પર્યાયમાં નથી લીધી. પર્યાય અપેક્ષાએ એમાં શ્રદ્ધાની પર્યાય નથી લેતા.

'**જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઈત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ...**' શ્રદ્ધાની અપેક્ષા બાદ રાખીને. '**પોતાની પામરતા જાણે છે.**' શ્રદ્ધાની પર્યાય નથી લીધી. સર્વ પર્યાયમાં પણ એટલી મર્યાદા સમજવી કે શ્રદ્ધાનું કામ અધુરું નથી, ઓછું નથી, અલ્પ નથી. એટલે જે અલ્પ વિકસિત શુદ્ધ અવસ્થા છે, અવસ્થા શુદ્ધ થઈ છે ખરી પણ જે શુદ્ધતાનો વિકાસ પૂરો નથી થયો, અધૂરો રહ્યો છે, અલ્પ વિકસિત છે એને પણ કેટલી વિકાસ પામી છે ગુણસ્થાન અનુસાર તેટલું તે પ્રમાણે એ જાણે છે.

ચોથા ગુણસ્થાને જેટલો વિકાસ છે, પાંચમા ગુણસ્થાને જેટલો વિકાસ છે, છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને જેટલો વિકાસ છે, જેટલો જેટલો વિકાસ છે એટલું એટલું જાણવું થાય છે ત્યાં. જાણવું થાય છે પણ મારું એવું અલ્પ વિકસિત સ્વરૂપ છે એમ માનવું થતું નથી. એમ માનવું થતું નથી અને એમ મારું સ્વરૂપ છે એમ જાણવું પણ થતું નથી. કેમ કે જે માનવું થાય એ જાણવું થાય પછી જ માનવું થાય. એટલે જ્ઞાને પોતાનું મૂળ સ્વરૂપ તો પરિપૂર્ણ પરમાત્મા જે ભગવાન આત્મા છે એમ જ જાણ્યું છે. શ્રદ્ધાએ એમ જાણ્યા પછી માની લીધું છે.

એ સિવાય જ્ઞાને અવસ્થાને જાણી તો અવસ્થાનું જે અધૂરાપણું છે એ પણ જાણ્યું છે. પણ એ અવલંબનનો વિષય નહિ હોવાથી અથવા એ મૂળ સ્વરૂપ એટલું અને એવડું અધૂરું નહિ હોવાથી જ્ઞાની એમ જાણે છે કે મારું આટલું સ્વરૂપ નથી. પણ અવસ્થા આટલે દરજ્જે પહોંચી છે. અવસ્થાનું કાર્ય આટલા દરજ્જે થઈ રહ્યું છે. આ Stage અવસ્થા કામ કરી રહી છે. એટલું જ્ઞાન જાણે છે.

મુમુક્ષુ :- જ્ઞાન પૂરાને જાણે અને અધૂરાને પણ જાણે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન પૂર્ણ સ્વરૂપને પણ જાણે, અધૂરી અવસ્થાને પણ જાણે. અધૂરી અવસ્થાની સાથે સાથે વિકારી અવસ્થા છે એને પણ જાણે. વિકારી અવસ્થાનું નિમિત્ત છે એને પણ જાણે. જ્ઞાનનું કાર્ય જાણવાનું છે, એ કોને ન જાણે? એ સર્વને જાણે. જાણીને એની અંદર હેય ઉપાદેયનો વિવેક કરે. જેમ કે આત્માની અંદર સ્વતંત્રપણે નૈમિત્તિકભાવ થવાનો ધર્મ છે. નિમિત્તને આધીન થઈને નહિ. પણ નિમિત્તને અનુસરતો, સ્વતંત્રપણે નિમિત્તને અનુસરતો, સ્વતંત્રપણે પરાધીન થતો. એવો નૈમિત્તિકભાવ થવાનો ધર્મ છે અને એવી યોગ્યતા જ્યાં સુધી પ્રવર્તે ત્યાં સુધી જ્ઞાની તેમાં પણ વિવેક કરે છે કે કયુ નિમિત્ત મારા નૈમિત્તિક ભાવને અનુકૂળ છે અને કયુ નિમિત્ત મારા નૈમિત્તિકભાવને અનુકૂળ નથી.

ભગવાનની પ્રતિમા મોક્ષમાર્ગી જીવ શા માટે સ્થાપે છે? એ મિથ્યાદૃષ્ટિનો અધિકાર નથી. ખરેખર એ અધિકાર તો સમ્યગ્દૃષ્ટિનો છે. તો એને એ ખબર છે કે હજી મારા પરિણમનમાં પણ નૈમિત્તિક ભાવની યોગ્યતા રહેલી છે. સ્વતંત્ર મારી યોગ્યતા છે. તેથી એવા નિમિત્તોના એવા સંગમાં હું વર્તું. નિમિત્તાધીન દૃષ્ટિ નથી. કેમ કે એ તો જાણે છે કે આ સ્વતંત્ર યોગ્યતા છે. નિમિત્તાધીન દૃષ્ટિ કોની છે? કે જેને નિમિત્તનું આધીનપણું સ્વીકૃત છે કે ઈ મને કાર્ય કરાવે છે. એને લઈને મારો ભાવ થાય છે. એ હોત તો મારો ભાવ થાત અને ન હોત તો મારો ભાવ ન થાત. એવી જેની માન્યતા છે એને નિમિત્તાધીન દૃષ્ટિ છે. પણ જે નૈમિત્તિક ભાવના સ્વતંત્ર ધર્મને સમજે છે કે એ પણ જીવનો સ્વતંત્ર ધર્મ છે. પુદ્‌ગલનો પણ એવો સ્વતંત્ર નિમિત્ત-નૈમિત્તિક ધર્મ છે.

મુમુક્ષુ :- એ ધર્મ છે?

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ છે, ગુણ નથી. પદાર્થનો એ ધર્મ છે. એવા અનંતા ધર્મો છે એમાં આવો એક ધર્મ છે. પણ દરેક ધર્મ સ્વતંત્ર છે. પોતાના પદાર્થને આધીન છે. પર પદાર્થને આધીન નથી. પણ પર પદાર્થની અપેક્ષા એમાં લાગુ પડતી હોવાથી તેને અપેક્ષિત ધર્મ કહેવામાં આવે છે. એને અપેક્ષિત ધર્મ (કહે છે). જેમ કે

નાસ્તિત્વ ધર્મ. તો આત્મા પરથી નાસ્તિ છે. અસ્તિત્વ અને નાસ્તિત્વ બેય ધર્મ છે. અસ્તિત્વ શક્તિ જુદી, અસ્તિત્વ ધર્મ જુદો. દ્રવ્યાર્થિકનયના વિષયભૂત જે દ્રવ્ય શક્તિ જુદી અને દ્રવ્યત્વ ધર્મ જુદો. એવું ઘણું છે એની અંદર. નાસ્તિત્વ ધર્મ છે એ પરથી નાસ્તિ એમ બતાવે છે. એમાં એકલી પરની અપેક્ષા આવે છે પણ ધર્મ કોનો? કે પોતાનો. ધર્મ પોતાનો અને સ્વતંત્ર ધર્મ. જરા પણ પરને આધીન નહિ. એમ જ્ઞાનીનો સંગ કરવો, ભગવાનનું જિન મંદિર બનાવીને એમાં જિનેન્દ્રની સ્થાપના કરવી એ પોતાના ધર્મને જાણીને. જ્ઞાન ધર્મને જાણે. જ્ઞાન દ્રવ્યને જાણે, ગુણને જાણે, પર્યાયને જાણે, ધર્મને જાણે, ધર્મના નિમિત્તને પણ જાણે. તો એનો વિવેક કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પર્યાયમાં ઉત્પન્ન થાય છે. ધર્મ છે એ પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પદાર્થનો ધર્મ હોવા છતાં એ પર્યાય અપેક્ષિત ધર્મ છે. પર્યાયની યોગ્યતા છે. 'ગુરુદેવ'ને કોઈએ પ્રશ્ન પૂછ્યો છે. કે ગુણ વિનાની પર્યાય થાય ખરી? તો કહે, હા. થાય. ગુણ વિનાની પર્યાય થાય? કે હા થાય. કેવી રીતે? કે આ જે બધી ધર્મની પર્યાય છે ને એના ગુણ નથી. એમણે તો બહુ સમર્થ ઉત્તર આપેલો છે ત્યાં. ભવ્યત્વ અને અભવ્યત્વ બંને પર્યાય છે છતાં એ સંબંધી કોઈ ગુણ નથી આત્મામાં. ભવ્યત્વ અને અભવ્યત્વનો કોઈ ગુણ આત્મામાં નથી. છતાં એની પર્યાય છે.

પદાર્થનું જે પરિજ્ઞાન છે એમાં તો બરાબર સમજવું જોઈએ. નહિતર પોતે નૈમિત્તિક ધર્મના ઊભો હોય એટલે જેવા જેવા નિમિત્તોમાં આવે એની અસર એને પહોંચતી હોય. તદ્અનુસાર એનું પરિણમન સ્વતંત્રપણે નિમિત્તને અનુસરતું થઈ જતું હોય. સ્વતંત્રપણે જ થાય છે. એ માને ગમે તેમ. જ્ઞાનીનો કે અજ્ઞાનીનો, નૈમિત્તિક ભાવ તો સ્વતંત્ર જ થાય છે. એવી યોગ્યતા છઠ્ઠા ગુણસ્થાનના વિકલ્પ સુધી હોય છે. અને વિકલ્પ હોય છે ત્યાં સુધી વિવેક કરવાનો વિષય ઉપદેશેલો છે. જ્યાં સદ્ નિમિત્તોની વાત આવે ત્યાં આડોડાઈ કરે કે આ તો નિમિત્તાધીન દૃષ્ટિની વાત કરો છે. અને અસત્ નિમિત્તમાં ચાલ્યો જાય ત્યાં પાછો વિચાર કરે નહિ કે મારી યોગ્યતા આ ખોટા નિમિત્તને અનુસરવાની છે તો પછી હું સાચા નિમિત્તને અનુસરવાનો વિવેક કાં નથી કરતો? અને ત્યાં નિમિત્તાધીન દૃષ્ટિનો સિદ્ધાંત વચ્ચે લાવીને મૂકું છું. પણ તું નિમિત્ત-નૈમિત્તિક સંબંધને સમજે છે જ ક્યાં? નૈમિત્તિક ભાવ પણ સ્વતંત્ર થાય છે જીવને. કોઈપણ જીવને સ્વતંત્ર થાય છે. એનું નામ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત કરાવે છે એ વસ્તુના સ્વરૂપમાં નથી.

મુમુક્ષુ :- એ એનું ઉપાદાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ઉપાદાન જ છે. નૈમિત્તિક ભાવ કહો કે ઉપાદાન કહો. બેય એક જ વાત છે. શબ્દો જુદા જુદા છે. ઉપાદાનના બે ભેદ. ત્રિકાળી ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન. ઘણો વિસ્તારવાળો વિષય છે દ્રવ્યાનુયોગનો તો.

મુમુક્ષુ :- એક વખતે માને છે કે હું ભગવાન છું.

પૂજ્ય ભાઈશ્રી :- એવું માને છે. એવું માને છે, એવો આશ્રય પણ લે છે. શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, આચરણે કરીને અવલંબન પણ લે છે. નીચેનો બોલ અવલંબનનો છે.

મુમુક્ષુ :- માનવું અવલંબનપૂર્વક હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. માને એટલે માનવામાં તો અવલંબન આવી જ જાય. જેને માને એનું અવલંબન શ્રદ્ધા કરે, એનું અવલંબન જ્ઞાન કરે, એનું અવલંબન આચરણ કરે. જેને ન માને એને જાણે ખરો, અવલંબે નહિ. જાણે ખરો પણ અવંલબે નહિ. અને ખેંચાણ થોડું થઈ જાય અશક્તિને વશ તો એનો નિષેધ કરે પણ એનું અવલંબન લે નહિ.

એટલે અહીંયાં તો એ લેવું કે જેણે ત્રિકાળી અવલંબનભૂત સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવને જાણ્યો અને માન્યો એ પોતાની અવસ્થા કેટલી વિકાસ પામી છે, કેટલી બાકી રહી છે એને પણ બરાબર એ જાણે છે. બીજા એને બરાબર નથી જાણી શકતા. જેને એનો અનુભવ છે એ બરાબર જાણી શકે છે. અને એમ ન જાણે એવું બને નહિ. કેમ કે એ જાણવું એને માટે સહજ છે. એવું પોતાનું સ્વરૂપ છે એમ તો ન માને. કેમકે સ્વરૂપ તો જાણ્યું કે આવું મારું સ્વરૂપ છે. પૂર્ણ પણ મારું સ્વરૂપ છે અને અધૂરું પણ મારું સ્વરૂપ છે એમ કેમ જાણે? પૂર્ણ સ્વરૂપ છે એમ જાણે, અધૂરું છે એમ ન જાણે.

કોઈને પૂછો અન્યમતવાળાને કે તમારો પરમેશ્વર અધૂરો છે કે પૂરો છે? તો કોઈ એમ નહિ કે અમારો પરમેશ્વર અધૂરો છે. તમારો પરમેશ્વર જો અધૂરો નથી તો પછી એને ઇચ્છા કેમ થાય છે? ઇચ્છા તો અધૂરાને થાય. હું સૃષ્ટિ રચું, હું મારા ભક્તોની મદદ કરું, હું દુષ્ટોનો વિનાશ કરું, હું જગતની વ્યવસ્થા કરું એવી ઇચ્છાઓ કેમ થાય છે ઈશ્વરને? ઇચ્છા સ્વયં એમ સાબિત કરે છે કે એમાં પૂર્ણતા નથી થઈ. પૂર્ણતામાં ઇચ્છાનો નાશ થઈ જાય, વિલય થઈ જાય. એની પાસે એનો જવાબ નથી. કે ઇચ્છા છે એ અધૂરાશને બતાવે છે એમાં કાંઈ બીજું ચાલે એવું નથી. તો પણ એ પોતાના પરમેશ્વરને અધૂરો સ્વીકારવા તૈયાર નથી.

મુમુક્ષુ :- ... ખ્યાલ નથી છતાં અધૂરો સ્વીકારવા તૈયાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વીકારવા તૈયાર નથી. હા નહિ પાડે કે તો મારો પરમેશ્વર અધૂરો છે એ હું સ્વીકારું છું. એમ નહિ કહે. તો જેણે પૂરો પરમેશ્વર જોયો એણે અધૂરી અવસ્થા પણ જોઈ. અધૂરો પરમેશ્વર નથી જોયો. અધૂરી અવસ્થા જોઈ. એ પોતાના પૂરા પરમેશ્વરને સ્વીકારે કે અધૂરી અવસ્થાને પોતા સ્વરૂપે સ્વીકારે? સીધી વાત છે. એટલે એ જાણે છે કે મારું પરિણમન કેટલું હીણું છે એ પણ જાણે છે. પૂર્ણતાની અપેક્ષાએ ઘણું હીણું છે એમ પણ જાણે છે. અને ઘણું હીણું છે એમ જાણે છે તેથી ઘણો પૂરુષાર્થ કરવાની વૃત્તિનો વિવેક પણ એને ઉત્પન્ન થઈ જાય છે. જો મારું પરિણમન ઘણું હીણું છે તો એ પરિણમન મારું જેવું પૂર્ણ સ્વરૂપ છે એવું જ તદાકાર થાય. એના પુરુષાર્થનું ઉત્થાન પણ એને થાય. જાણે તો. ૩૫૨ થયો. બીજો પ્રશ્ન નથી ને?

મુમુક્ષુ :- માનવામાં શું કહેવા માગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- માનવામાં સર્વસ્વપણે પોતાના સ્વરૂપનો સ્વીકાર છે. માનવું એટલે સ્વીકારવું. પોતાના સ્વરૂપે સ્વીકારી લેવું. અને એ સ્વીકારમાં કાંઈ કચાશ રહેવી નહિ. બરાબર પોતાનું આવું જ સ્વરૂપ છે એવું એને અભેદ ભાવે દૃષ્ટિ-પ્રતીતિ થાય છે. આવો જ છું એમ પ્રતીતિ થાય છે. જેવો અનુભવ થાય છે, જેવો અનુભવમાં આવે છે એવો જ છું એમ પ્રતીતિ થાય છે.

મુમુક્ષુ :- અનુભવ થાય એટલે પ્રતીતિ આવે જ ને.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતીતિ થાય. કેમ કે પ્રત્યક્ષ અનુભવ થયો. પછી પ્રતીતિ નહિ થવાનું શું કારણ છે? જે જ્ઞાન પ્રત્યક્ષપણે પોતાના સહજ પ્રત્યક્ષ સ્વરૂપનો અનુભવ કરે, સહજ પ્રત્યક્ષ સ્વરૂપનો પ્રત્યક્ષ ભાવે અનુભવ કરે, પ્રત્યક્ષ થઈને અનુભવ કરે તો એને પછી નહિ પ્રતીતિ થવાનું શું કારણ છે? એને પ્રતીતિ થાય જ થાય. જેમ નજરે જોયું હોય એમાં નહિ માનવાનું શું કારણ છે? એને નહિ માનવાનું કારણ રહેતું નથી. ભિન્ન પદાર્થમાં પણ માન્યતા કરે છે સુખની તો અભેદ ભાવે વાસ્તવિક સુખને અનુભવે કે જેની પાસે અનંત કાળથી માનેલું દુઃખ, માનેલું સુખ, સુખની કલ્પના અથવા દુઃખ છે એમ સ્પષ્ટ જ્ઞાન થાય, એવું વિશદ્ નિર્મળ જ્ઞાન થાય તો પછી પેલા સુખની પ્રતીતિ કેટલી જબરદસ્ત આવે? અનંત કાળથી આ સુખ છે એવા સંસ્કાર દૃઢ કર્યા છે. એ કલ્પના ખલાસ કરી નાખે. એ માન્યતાને ખલાસ કરી નાખે. કેટલું બળવાનપણું હશે એ પ્રતીતિમાં!

મુમુક્ષુ :- વર્તમાનમાં અધુરાશ છે, વિપરીતતા છે. છતાં પોતાને ભગવાન છું, પરિપૂર્ણ છું (એમ માને છે)?

પૂજ્ય ભાઈશ્રી :- અવસ્થામાં અધુરાશ છે. જે કાંઈ છે એ અવસ્થામાં છે. વર્તમાનમાં મૂળ સ્વરૂપમાં એવું નથી પાછું. કોઈ વર્તમાનમાં કે અત્યારે વર્તમાનમાં કોઈ મૂળ સ્વરૂપમાં એવું નથી. વર્તમાન અવસ્થામાં એવું હોવા છતાં વર્તમાન મૂળ સ્વરૂપમાં એવું નથી. બેય વર્તમાન છે. પાછુ એક વર્તમાન છે અને એક વર્તમાન નથી એને સ્વીકારી લેવી છે એમ નથી. બેય વર્તમાન છે.

વળી અવસ્થા જે વર્તમાન છે એ ક્ષણિક છે. એટલે એનું વર્તમાન પૂરું થઈ જશે. એક ક્ષણમાં ચાલ્યું જશે. એ વર્તમાન ભૂતકાળમાં ચાલ્યુ જશે. જ્યારે જે વર્તમાન ભગવાન છું એવું જે વર્તમાન છે એ પ્રત્યેક વર્તમાનમાં વર્તમાન જ રહેશે. એનો ભૂતકાળ કદી નહિ થાય. તો હવે કયુ વર્તમાન બળવાન છે? જ્યારે એમ વજન જાય છે કે પણ વર્તમાનમાં પામરતા છે ને? વર્તમાનમાં અધુરાશ છે ને? વર્તમાનમાં વિપર્યાસ છે ને? તો કહે છે કે એના ઉપર વજન જાય છે પણ એ તો એક ક્ષણમાં નાશ પામતી ચીજ છે. અને જે ત્રિકાળ વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... ત્રણે કાળ વર્તમાન જ વર્તે છે. એવું ને એવું વર્તમાન વર્તે છે એના ઉપર વજન કાં નહિ? જે તારું સ્વરૂપ છે, જે અસલ તારું સ્વરૂપ છે. આ કોઈ વિલિન થતી અવસ્થા એ અસલ તારું સ્વરૂપ નથી. એ તો વેષ છે. જેમ કપડા એ વેષ છે. પછી માણસ કફની પહેરે કે ખમીસ પહેરે પણ એ વેષ છે. અસલ નથી. એમ મિથ્યાત્વ, મુમુક્ષુપણું, સંસારીપણું, સમ્યગ્દૃષ્ટિપણું, મુનિપણું, અરિહંતપણું, સિદ્ધપણું બધો વેષ છે. પર્યાયમાત્ર વેષ છે. મૂળ સ્વરૂપ નથી. તો જેનું જે સ્થાન છે, જે સ્થાનમાં જે છે એને એ સ્થાનમાં જાણવું જોઈએ. એને બીજા સ્થાનમાં શું કરવા લઈ જાય? વેષ છે એને અસલ સ્વરૂપમાં શું કરવા સ્વીકારે? શું કરવા જાણે? શું કરવા માને? એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- માનતો છે એ શ્રદ્ધાગુણનું કામ અને જાણવું એ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનું કાર્ય છે. જે માનવાનું છે એ તો પોતાનું પૂર્ણ સ્વરૂપ માનવાનું છે. પૂર્ણ સ્વરૂપ માન્યા પછી કોઈને માનવાનો પ્રશ્ન રહેતો નથી. મારે હવે બીજા કોઈને માનવા નથી. મેં માની લીધું. જેને માનવું હતું એની માન્યતા મેં કરી લીધી. નિજ પરમેશ્વરની માન્યતા કરી, હવે કોઈની માન્યતા કરવાનો પ્રશ્ન રહેતો નથી. કેમ કે માન્યતા તો જેને માને એને પરમેશ્વરપણે જ માને છે. માન્યતા જેને માને એને પરમેશ્વરપણે માને છે. એટલે પૂછે છે કે તારી માન્યતા શું છે? જેને માનશે એને. ભૂલ કરશે મિથ્યાપણે તો પરમેશ્વર નહિ હોય એને પરમેશ્વર માનશે. અને કાં તો નિજ પરમેશ્વર છે એને પરમેશ્વર માનશે. માન્યતાનું કામ તો પરમેશ્વરપણે

માનવાનું છે. બીજું એનું કામ નથી. એવો એનામાં ગુણ છે. જ્ઞાનની અંદર તો જેનું જે સ્થાન છે-પરમેશ્વરનું પરમેશ્વર સ્થાન છે જ્ઞાનની અંદર. નહિ પરમેશ્વરનું નહિ પરમેશ્વર સ્થાન છે. પરનું પર સ્થાન છે. એ બધો વિષય જ્ઞાનનો છે જાણવાનો.

**સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ અનાદિ-અનંત પરમપારિણામિકભાવે રહેલ છે. મુનિરાજ (નિયમસાર ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે) આ પરમપારિણામિક ભાવની ધૂન લગાવી છે. આ પંચમભાવ પવિત્ર છે, મહિમાવંત છે. તેનો આશ્રય કરવાથી શુદ્ધિની શરૂઆતથી માંડીને પૂર્ણતા પ્રગટે છે.**

**જે મલિન હોય, અથવા જે અંશે નિર્મળ હોય, અથવા જે અધૂરું હોય, અથવા જે શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય, અધ્રુવ હોય અને ત્રિકાળીક-પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય, તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી; માટે ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.**

**જે પૂરો નિર્મળ છે, પરિપૂર્ણ છે, પરમ નિરપેક્ષ છે, ધ્રુવ છે અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે-એવા અભેદ એક પરમ-પારિણામિકભાવનો જ-પારમાર્થિક અસલી વસ્તુનો જ-આશ્રય કરવાયોગ્ય છે, તેનું જ શરણ લેવાયોગ્ય છે. તેનાથી જ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.**

**આત્મામાં સહજભાવે રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ ઈત્યાદિ અનંત ગુણો પણ જોકે પારિણામિકભાવે જ છે તોપણ તેઓ ચેતનદ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં સાધકને નિર્મળતા પરિણમતી નથી.**

**તેથી પરમપારિણામિકભાવરૂપ અનંતગુણસ્વરૂપ અભેદ એક ચેતનદ્રવ્યનો જ-અખંડ પરમાત્મદ્રવ્યનો જ-આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ દેવી, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે.**

**માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ, વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે. આત્મા અનંતગુણમય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી, તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે.**

**આ પંચમ ભાવ પાવન છે, પૂજનીય છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે, સાચું મુનિપણું આવે છે, શાન્તિ અને સુખ પરિણમે છે, વીતરાગતા થાય છે, પંચમ ગતિની પ્રાપ્તિ થાય છે. ૩૫૩.**

૩૫૩. ૩૫૩ બોલમાં 'નિયમસાર' પરમાગમનો સાર ભર્યો છે. 'નિયમસાર' પરમાગમ વાંચીને કદાચ નહિ સમજાય તો આ એક બોલ વાંચીને 'નિયમસાર' આખું સમજાય જાય એવું છે. ૩૫૩ બોલ એટલે 'નિયમસાર' અને 'નિયમસાર'નું તાત્પર્ય. 'નિયમસાર' વાંચે. ક્ષયોપશમ હોય તો એને અર્થ અને ભાવાર્થ સમજાય પણ યોગ્યતા હોય તો તાત્પર્ય સમજાય અને નહિતર તાત્પર્ય સમજાય નહિ. અહીંયાં 'નિયમસાર' નો ભાવાર્થ અને તાત્પર્ય બધું લઈ લેવું છે.

એમ કહે છે... 'નિયમસાર'ના ટીકાકાર 'શ્રી પદ્મપ્રભમલધારીદેવ' મુનિરાજ છે. જેને આત્માની ઘણી મસ્તી વર્તે છે એવા એ મુનિરાજ છે. 'કુંદકુંદાચાર્યદેવ'ના સૂત્રોની ટીકા કર્તા. 'નિયમસાર' છે એ 'કુંદકુંદાચાર્યદેવ'ની રચના છે. પોતાની સ્વરૂપ ભાવના અર્થે, નિજ ભાવના અર્થે એ ગ્રંથ રચાઈ ગયો છે એમનાથી. ત્યાર પછી મુનિરાજ થયા 'પદ્મપ્રભમલધારીદેવ'. એમણે એ ગ્રંથ વાંચીને પોતાને પણ નિજ સ્વરૂપની ભાવનાને મસ્તીનો ઉછાળો ઘણો આવ્યો છે અને એમાં એમણે આ ટીકાની રચના કરી છે.

'**સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ...**' નિજાત્મ દેવ. '**સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ અનાદિ-અનંત પરમપારિણામિકભાવે રહેલ છે. મુનિરાજે આ પરમપારિણામિક ભાવની ધૂન લગાવી છે.**' આ નથી લોકો ધૂન બોલતા? 'રઘુપતિ રાઘવ રાજા રામ. હરે રામ, હરે કૃષ્ણ' ધૂન બોલે છે કે નહિ? અન્યમતમાં એ વધારે છે. ભગવાન સામે બેસીને કલાકો સુધી ધૂન બોલે. એ ધૂનના Programme, ચોવીસ કલાકના અખંડ ધૂનના Programme પણ એ લોકો રાખે છે. પણ એ અખંડ ધૂન તો મૂળ આત્માની ઊપડે છે નિજ પરમેશ્વરની. પછી ઓલું બધું તો એમાંથી વિકૃતિ પામીને બધું બહાર નીકળેલું છે. મૂળ અખંડ ધૂન તો આ વસ્તુ છે. એમાં ચોવીસ કલાકની મર્યાદા નથી. એમાં સાદિઅનંત કાળનો વિષય છે. સાધક અવસ્થા છે. ત્યાં સુધી સાધક અવસ્થા અને પછી સિદ્ધ અવસ્થામાં નિજ પરમાત્માને છોડવાનો પ્રશ્ન ઉપસ્થિત થો નથી.

મુમુક્ષુ :- શ્રીમદ્‌માં આવે છે, લય લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. લય લાગ છે. લય લાગે છે એમ કહો, લગની લાગે છે એમ કહો. લય, લગની, રઢ લાગે છે. લગની લાગે છે. ઘણા શબ્દો છે.

'**સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ...**' પરમેશ્વર, નિજ પરમેશ્વર પરમપદ છે પોતાનું. અનાદિઅનંત-એની શરૂઆત નથી-સાદિપણું નથી. એનો કદી અંત નથી. એ સદાય છે, છે ને છે. એવો પોતાનો ચૈતન્યદેવ પરમપારિણામિકભાવે રહેલ છે.

મુનિરાજને એની ધૂન લાગી છે. આ શાસ્ત્રની ટીકા કરતાં એમ લાગે છે, એમ સ્પષ્ટ જણાય છે કે મુનિરાજને એની ધૂન લાગી છે. એવી ધૂન લાગી છે કે એમનું જે પરિણમન છે એ વિશેષ વિશેષ ઉગ્ર થતું જાય છે. એવી ધૂન લાગી છે. ધૂન લાગે છે ત્યારે શબ્દોની અંદર મહિમાસૂચક, પરમપારિણામિકભાવના મહિમાસૂચક શબ્દોના પ્રયોગ અનેક પ્રકારે થાય છે.

કહે છે કે '**આ પંચમભાવ પવિત્ર છે, મહિમાવંત છે.**' આ પંચમભાવ પવિત્ર છે અને મહિમાવંત છે. પરિપૂર્ણ પવિત્ર છે. જેમાં દોષના કલંકનો અનંતમા ભાગે કોઈ અંશ પણ નથી. કોઈ અંશ પણ નથી. ચૌદમા ગુણસ્થાને હજી અસિદ્ધત્વ છે. ગુણસ્થાનમાં જે ટોચનું ગુણસ્થાન છે એમાં અસિદ્ધત્વ છે. ચૌદમા ગુણસ્થાને. સિદ્ધદશામાં કોઈ કલંક નથી. તો પણ સિદ્ધદશા કોઈ કાળે નવી શરૂ થયેલી છે. અનાદિથી નથી. અને ક્ષણવર્તી છે. બીજા સમયે બીજી સિદ્ધ અવસ્થા, ત્રીજા સમયે ત્રીજી સિદ્ધ અવસ્થા, ચોથા સમયે ચોથી સિદ્ધ અવસ્થા.

આ પરમપારિણામિકભાવ તો અનાદિ સિદ્ધસ્વરૂપે છે. અનાદિ સિદ્ધ છે. આ શબ્દ વાપર્યો છે 'સમયસાર'ની ટીકા કરતા 'અમૃતચંદ્રાચાર્યદેવે' છઠ્ઠી ગાથામાં. અનાદિ સિદ્ધ છે. જે અનાદિ સિદ્ધ છે. જ્ઞાયકભાવ કેવો છે? કે અનાદિથી સિદ્ધ જ છે. એમાં સિદ્ધપણું નથી કરવું. અને એ વાત એમણે લક્ષણમાં નાખી. લક્ષ-લક્ષણની ચર્ચા આત્માને ઓળખવામાં એ વાત નાખી છે. કેટલું મહત્વ છે વિષયનું! જે સ્વસંવેદનથી સિદ્ધ જ છે. કેવું છે લક્ષગત થતું એવું જે સ્વરૂપ? કે જે સ્વસંવેદનથી સિદ્ધ જ છે. પ્રસિદ્ધ સ્વસંવેદનથી જે સિદ્ધ જ છે. પ્રગટ સ્વસંવેદનથી જે સિદ્ધ જ છે. એને કાંઈ પ્રસિદ્ધ કરવું નથી. એને સિદ્ધ કરવું નથી. એની શરૂઆત કરવી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ પદાર્થની અવસ્થાનું આયુષ્ય એક સમયનું છે. પછી જડ હોય કે ચૈતન્ય હોય. સંસારી હોય કે સિદ્ધ હોય. બધાની. દ્રવ્ય, ગુણ અને પર્યાય એવું જે પદાર્થનું બંધારણ છે. બંધારણ એટલે તો ખ્યાલ આવે છે ને? પદાર્થનું બંધારણ છે ત્રણ અવયવથી-દ્રવ્ય, ગુણ અને પર્યાય. એમાં જે પર્યાય અંગ છે, આ ત્રણ અંગ છે પદાર્થના-દ્રવ્ય, ગુણ અને પર્યાય, એ ક્ષણવર્તી છે, અનિત્ય છે, સમય સમયનું વર્તનારું છે. એક સમયે એક હોય, બીજા સમયે એવું ને એવું થાય તો પણ તેનું તે ન હોય. જેમ કે સિદ્ધ અવસ્થા છે તે એવી ને એવી છે.

એક સમયની પહેલા સમયની સિદ્ધ અવસ્થા અને ત્યાર પછીના અનંત સમયની સિદ્ધ અવસ્થા બધી સિદ્ધ અવસ્થાઓ એકસરખી તેવી ને તેવી જ. પણ તેની તે

એકેય નહિ. એકેય તેની તે નહિ. બસ! આ પદાર્થનું સ્વરૂપ છે. એ પદાર્થનું સ્વરૂપ જ છે આ. જ્યારે ત્રિકાળી સિદ્ધ સ્વરૂપ છે પરમાત્મા આત્મા પોતે, એ તો સદાય એવોને એવો સિદ્ધ જ છે. અનાદિ સિદ્ધ જ છે. એ નવું સિદ્ધપણું એમાં પ્રગટ કરવાનું છે નહિ. પ્રથમ નિર્ણયમાં એ ઓળખાય છે. પોતાનું સ્વરૂપ ચૌદ ગુણસ્થાનથી પાર અને એક સમયની સિદ્ધ અવસ્થાથી પણ પાર. કારણ કે વર્તમાનમાં તો સિદ્ધ અવસ્થા પ્રગટ થઈ નથી. ભવિષ્યકાળની થાશે તો પણ એનાથી પાર. ત્રિકાળ અનાદિ સિદ્ધ સ્વરૂપ છે. એવું પહેલું અસ્તિત્વ, પહેલું અસ્તિત્વ ગ્રહણ થાય છે અને એ નજરાય છે. કેમ એ ખસતું નથી? કે એવું છે તેથી ખસતું નથી. એવું જ છે. એટલે ખસતું નથી. કેમ ખસતું નથી? કે એવું જ છે.

એક સો-બસ્સો ગ્રામનો રૂનો પોલ હોય. રૂનો પોલ... પોલ એટલે આવે છે ને? એનું આટલું મોટું કદ હોય. સો-બસ્સો ગ્રામનું હોય પણ આટલું મોટું રૂ દેખાતું હોય. આટલી જગ્યા રોકે એટલું. હવે એના ઉપર એક કીલોનું કાટલુ મૂકી દો વજનદાર તો રૂ દબાઈ જાય. રૂ દબાઈ જાય અને કોઈ પ્રશ્ન કરે કે કેમ રૂ દબાઈ ગયું? એવડું મોટું હતું ને. કાટલુ તો આવડું છે અને રૂ તો આવડું મોટું હતું. રૂ આવડું મોટું અને કાટલુ આવડું છે. તો આટલા એવા કાટલાથી આવડું મોટું રૂ કેમ દબાઈ ગયું? વજન એટલું છે. આનું સો ગ્રામ હતું અને આ એક કિલો છે.

એમ અનાદિનો જે ઊંધો નિર્ણય છે કે હું સંસારી છું, હું ફલાણો છું, હું વાણિયો છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું, એવું જે અનાદિ કર્મજનિત પર્યાયનો જે નિર્ણય હતો એ રૂના પોલ જેવો હતો પોલો. લાગતો હતો મોટો પણ હતો સાવ પોલો. એમાં વજન પડ્યું આ. દસ ગણું વજન નથી પણ અનંત ગુણું વજન પડ્યું છે. સિદ્ધપદ તો અનંતુ જ્ઞાન છે. અસ્તિત્વ ગ્રહણમાં એનો મહિમા ભાસ્યો છે. તો એટલું બધુ વજન પડ્યું કે ઓલો નિર્ણય ખલાસ થઈ ગયો. દબાઈ ગયો નહિ પણ ખલાસ થઈ ગયો. નિર્ણય આખો બદલાઈ ગયો. મિથ્યા માન્યતા હતી એ આખી બદલાઈ ગઈ, પલટાઈ ગઈ.

પહેલી લીટી એ છે. '**જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે,...**' આટલું વાક્ય છે. છઠ્ઠી ગાથાની પહેલી લીટી. અનાદિનો અર્થ કર્યો છે. '**यो हि नाम स्वतःसिद्धत्वेनानादि**' અનાદિ સિદ્ધ છે. પોતાથી હોવાથી જે અનાદિથી સિદ્ધ છે અને એવું જે સિદ્ધપદ છે એની અહીંયાં ધૂન લાગી છે. એવા સિદ્ધપદને જોયું કે ઓ..હો..હો..! મારું આવું સ્વરૂપ! ધૂન ચડી ગઈ એની. લોટરી લાગે તો પાગલ થાય છે કે નથી થતા? માંદો હતો એ સાજો થઈ ગયો,

હવે સાજો દેખાય છે એમ કહે. માંદલો માંદલો ચાલતો હતો એ હવે સાજો દેખાય છે એમ કહે. હજી તો કાંઈ આવ્યું ન હોય, હજી તો નંબર જ વાંચ્યો હોય.

'**જ્ઞાન પ્રસિદ્ધ છે,...**' પ્રગટ છે, પ્રત્યક્ષ છે. '**કારણ કે જ્ઞાનમાત્રને...**' જ્ઞાનમાત્ર એવો આત્મા. '**જ્ઞાન પ્રસિદ્ધ છે, કારણ કે જ્ઞાનમાત્રને...**' જ્ઞાનમાત્ર તે જ્ઞાયક આત્મા. '**સ્વસંવેદનથી સિદ્ધપણું છે...**' ત્યાં એ શબ્દ નાખ્યો છે 'અમૃતચંદ્રાચાર્યદેવે'. સ્વસંવેદનથી એને સિદ્ધપણું છે. જ્ઞાયકભાવ સિદ્ધપણે છે. સ્વસંવેદનથી જોવામાં આવે તો એ સિદ્ધપણે દેખાય છે. એ કંઈ અસિદ્ધપણે નથી દેખાતો. સિદ્ધપણે દેખાય છે. જ્ઞાનમાત્ર તો સિદ્ધપણે છે. સ્વસંવેદનથી-વેદનથી સિદ્ધપણે છે આ તો. આ ઓળખાણનો વિષય છે.

મુમુક્ષુ :- સિદ્ધપણે એટલે સિદ્ધ ભગવાનપણે?

પૂજ્ય ભાઈશ્રી :- જે લેવું હોય ઈ લ્યો. ખરેખર તો સિદ્ધ ભગવાનપણે જ ઓળખાય છે. કેવો ઓળખાય છે? કે ચૌદ ગુણસ્થાનથી પાર હું અનાદિ સિદ્ધ છું. ચૌદ ગુણસ્થાનથી પાર હું સિદ્ધ જ છું. અત્યારે સિદ્ધ છું. સર્વ કાળે સિદ્ધ છું. ભૂતકાળે પણ સર્વ કાળે સિદ્ધ હતો અને અનંત ભવિષ્યકાળે પણ હું સિદ્ધ જ રહીશ. મારું સિદ્ધ સ્વરૂપ છે એમાં કાંઈ બદલાતું નથી. એવું એ વજ્ર જેવું સિદ્ધ સ્વરૂપ છે. એમાં કાંઈ બદલાતું નથી.

મુમુક્ષુ :- આમેય સિદ્ધનો અર્થ હયાતીને વેદવી...

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધ એટલે પ્રગટ, સિદ્ધ એટલે પ્રસિદ્ધ, સિદ્ધ એટલે હયા. બધું થાય છે. એટલે તો કહ્યું કે લેવું હોય ઈ લો. ઓળખાણમાં તો સિદ્ધપદ આવે છે. એ વાત સ્પષ્ટ છે કે ઓળખાણમાં સિદ્ધપદ આવે છે. નિજ સિદ્ધપદની જ ઓળખાણ થાય છે. અને નિજ સિદ્ધપદની ઓળખાણ થયા પછી બીજું વિસ્તારવાળું આગમજ્ઞાન ન હોય તો પણ વર્તમાન અવસ્થાનું જ્ઞાન થાય છે કે આ વર્તમાન અવસ્થામાં સિદ્ધપણું નથી. હજી તો ઓળખાણાત્ર થઈ, અનુભવ બાકી છે. અવસ્થા છે એમાં વિપર્યાસ અથવા બિનઅનુભવપણું અથવા અધૂરાપણું એ બધું જ્ઞાન પછી યથાર્થ થાય છે. પણ પછી એને આગમજ્ઞાન થઈ ગયું. અહીંયાં સિદ્ધપણાનું જ્ઞાન થતાં એને પર્યાયનું જે જ્ઞાન થયું એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું આગમજ્ઞાન એને થઈ ગયું. પછી એને વિશેષ આગમજ્ઞાન હોય તો સ્વરૂપ સ્થિરતા થાય અને નહિતર સ્વરૂપ સ્થિરતા ન થાય એ વાત રહેતી નથી.

જૈનદર્શનનો વિષય બહુ સૂક્ષ્મ છે અને એટલી બધી જુદી જુદી મર્યાદાઓથી વચન વ્યવહાર અને શાસ્ત્રના કથનો છે કે લોકો મૂંઝવણમાં પડે. ન સમજે તો મૂંઝવણમાં

પડે. સમજે તો નથી મૂંઝવણમાં પડતા. પણ ન સમજે તો મૂંઝવણમાં પડે.

જેમ કે 'પ્રવચનસાર'માં એવું આવે છે. કાલે (એક મુમુક્ષુ ભાઈએ) ચર્ચા કરીને? એ 'પ્રવચનસાર'નો વિષય છે. મુનિરાજને આગમજ્ઞાન હોય છે. મુનિરાજ આગમચક્ષુ છે. એ મુનિરાજને સ્વરૂપ સ્થિરતાનું કારણ છે. આગમજ્ઞાન એ સ્વરૂપ સ્થિરતાનું કારણ છે. વસ્તુનું સ્વરૂપજ્ઞાન એટલું બધુ યથાર્થ, નિઃશંક અને દૃઢ છે કે જેને લઈને એની સ્વરૂપ સ્થિરતાને પામે છે. ત્યાં શું લીધું? કે સ્વરૂપ સ્થિરતારૂપ જે ગુણ ઉપજ્યો-સામ્યભાવ ઉપજ્યો. શુદ્ધતા, નિર્દોષતા, વીતરાગતા ઉત્પન્ન થઈ. તો એનો આધાર શું છે? કે વસ્તુનું સ્વરૂપ. વસ્તુના સ્વરૂપના આધારે વીતરાગતા ઉત્પન્ન થઈ છે એમ ત્યાં સાબિત કરવું છે. તો વળી કોઈ મુનિરાજ એમ કહે કે શાસ્ત્રમાં બુદ્ધિ અમારી જાય છે તે વ્યભિચારિણી છે. શું કીધું? શાસ્ત્રમાં રમતી બુદ્ધિ વ્યભિચારીણી છે. દોષ છે એમ કહે. જેમ વ્યભિચાર દોષ છે તો આ દોષ છે એમ કહે. એક કોરથી એમ કહે કે આગમજ્ઞાન સ્વરૂપ સ્થિરતાનું કારણ છે. બીજી કોર કહે કે એ દોષ છે. આ કથનો ક્યાં કેવા આવે છે? તો ઉપયોગ નિજ પરમાત્માને છોડીને શાસ્ત્રમાં ગયો એનો દોષ છે.

તો બે જગ્યાએ અવિરોધ ક્યાં છે? કે નિજ પરમાત્મામાં રહેવું એ બંનેમાંથી નીકળે છે માટે વાત અવિરોધ છે. બંને વાત અવિરોધ છે. સ્વરૂપમાં રહેવું એ વાત તો બંને જગ્યાએ નીકળે છે. માટે આ એક Point ઉપર બેય વાત અવિરોધ છે. અને આ એક જ વાત કહેવા માટે બંને પ્રકારના કથન છે. બંને પ્રકારના કથન આ એક જ કહેવા માગે છે. શાસ્ત્ર વાંચ તો પણ સ્વરૂપમાં આવવા માટે. શાસ્ત્ર વાંચવાનું છોડ તો કહે સ્વરૂપમાં રહેવા માટે. બીજી કોઈ વાત (નથી). સ્વરૂપમાં રહેવા સિવાય બીજી કોઈ વાત નથી. એક જ હેતુ છે. બે હેતુ એમાં નથી. કથનની શૈલી એવી આવે. એવી કથનની શૈલી આવે કે પરસ્પર વિરુદ્ધ લાગે માણસને. અહીંયાં આમ કહે છે, અહીંયાં આમ કહે છે. બંને જગ્યાએ એક જ વાત કહે છે. કથનની શૈલી જુદી જુદી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુનું સ્વરૂપ પણ થોડુંક એવું છે. વસ્તુનું સ્વરૂપ પણ થોડું વિચિત્ર છે. નિત્ય અને અનિત્ય, શુદ્ધ અને અશુદ્ધ, એક અને અનેક એમ વસ્તુના સ્વરૂપમાં પણ વિચિત્રતા ઘણી છે. મેચક અને અમેચક. વસ્તુના સ્વરૂપમાં એ બધું છે વિચિત્રપણું. તો વસ્તુનું સ્વરૂપ જેણે જાણ્યું, સાંગોપાંગ અનુભવ્યું એ વસ્તુના સ્વરૂપને કહે છે. યથાર્થપણે કહે છે. એમાં ક્યાંય વાંધો આવતો નથી. લોકોને વિરોધ

આવે છે પણ ક્યાંય વિરોધ દેખાતો નથી. કોઈને દેખાય છે તો દેખાતો હશે પણ ખરેખર તો ક્યાંય દેખાતો નથી. એ વાત બરાબર છે. સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- જો એને બરાબર વીતરાગતાનું લક્ષ હોય તો એને સીધો સળંગ રસ્તો છે.

પૂજ્ય ભાઈશ્રી :- કહેવા શું ધારે છે અને એમાંથી તાત્પર્ય બરાબર નીકળે છે, એમ જ્યાં ખ્યાલમાં આવે એટલે પતી ગયું. પછી એને વિરોધ નહિ લાગે. અને એ વસ્તુ નહિ દેખાય ત્યાં સુધી એને ક્યાંક ને ક્યાંક ડખલ ઊભી થશે કે આમ કેમ કીધું? આમ કેમ કહ્યું? અહીંયાં કેમ કહ્યું? એમ.

શું કહે છે અહીંયાં? કે **'આ પંચમભાવ પવિત્ર છે, મહિમાવંત છે. તેનો આશ્રય કરવાથી શુદ્ધિની શરૂઆતથી માંડીને પૂર્ણતા પ્રગટે છે.'** આ પંચમભાવ ચૈતન્યદેવ જે કહ્યો ઉપર. ચૈતન્યદેવ. દેવની ઉપમા આપી છે. ખરેખર દેવ જ છે. ઉપમા ક્યાં એને તો..? ખરેખર દેવ છે. મહાપવિત્ર છે, પરિપૂર્ણ પવિત્ર છે, અનંત મહિમાવંત છે અને તેનો આશ્રય કરવાથી જે અવસ્થા તેનો આશ્રય કરે તે અવસ્થામાં શુદ્ધિ પ્રગટે, શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધીની. પોતે ચૈતન્યદેવ છે. પરમપારિણામિકભાવ સ્વરૂપે છે. પોતે તો એ જ છે.

હવે એ આશ્રયનો વિષય છે અને અવલંબનનો વિષય છે તો શું શું આશ્રય અને અવલંબનનો વિષય નથી એનો આ બીજો Paragraph છે. આશ્રયનો વિષય-અવલંબનનો વિષય આટલો પરમપારિણામિકભાવ છે એટલો જ છે. હવે અવલંબનના વિષયમાં ભૂલ થાય છે તેથી એ વિષયનું સ્પષ્ટીકરણ છે. આ પણ અવલંબનનો વિષય નહિ, આ પણ અવલંબનનો વિષય નહિ, આ પણ અવલંબનનો વિષય નહિ.

જેમ કે **'જે મલિન હોય,...'** મલિન હોય એટલે રાગાદિ ભાવો. પુણ્યનો ગમે તે પરિણામ હોય. પ્રશસ્ત રાગનો કોઈ પણ અંશ હોય તો તે સ્વરૂપે કરીને મલિન હોવાને લીધે મલિનાતાનો આશ્રય કરાય નહિ. એનો આધાર લેવાય નહિ. એના આધારે પરિણમન થાય તો તે વ્યાજબી નથી અથવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- મલિનના આધારે પરિણમન થાય તો મલિન જ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- મલિનતાના આધારે બીજું શું નીકળે? મલિનતા જ નીકળે. કોલસા સાથે હાથ ઘસે તો શું થાય? હાથ કાળા થાય. સીધી વાત છે.

મુમુક્ષુ :- ચાર ભાવ ક્યા?

પૂજ્ય ભાઈશ્રી :- ચાર ભાવમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક.

મુમુક્ષુ :- આ જ Paragraphમાં છેલ્લે....

પૂજ્ય ભાઈશ્રી :- છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચારે. ચાર ભાવમાં

નિગોદથી માંડીને સિદ્ધ સુધીની બધી પર્યાયો આવી ગઈ. કેટલાક વચનો અથવા છદ્મસ્થ જ્ઞાનીની વાણી, છદ્મસ્થ મુનિરાજ હોય, જ્ઞાની હોય, આચાર્ય હોય, કેવળજ્ઞાન અનુસારીણી છે. કેમ? કે એક વાક્યમાં કેવળજ્ઞાનનો વિષય એ સમાવી દે છે. ચાર ભાવ. ચાર ભાવમાં શું આવ્યું? કે અનંતા નિગોદના જીવથી માંડીને અનંતા સિદ્ધના જીવ ને સંસારી અનંતા જીવ, બધા એ ચાર ભાવના પરિણામમાં આવી ગયા. કેવળજ્ઞાનમાં જે વિષય આવે એક સમયમાં એ અહીંયાં એક વચનમાં આવી ગયો. માટે વાણી કેવળજ્ઞાન અનુસારીણી છે. એવા તો હજારો પુરાવા છે વાણીના.

**'જે મલિન હોય, અથવા જે અંશે નિર્મળ હોય,...'**

મુમુક્ષુ :- શુભભાવ મલિન છે એ 'ગુરુદેવે' પ્રગટ કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંપ્રદાયની અંદર તો શુભભાવને ધર્મ માનીને, પવિત્ર માનીને જ કરવામાં આવે છે. ત્રણે ફિરકામાં શુભભાવને જ ધર્મ માની લીધો. અન્યમત જેવું થઈ ગયું. જેમ અન્યમતમાં શુદ્ધભાવનું પ્રકરણ નથી, એમ કહેવાતા જૈનોમાં શુદ્ધભાવનું પ્રકરણ જ ખલાસ થઈ ગયું. અને એકલો શુભભાવ, શુભક્રિયા એને ધર્મ માનીને ચાલવા માંડ્યા.

મુમુક્ષુ :- સેંકડો આધારો ગુરુદેવશ્રીએ આપ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાછા એ શાસ્ત્રો છે. હજારો વર્ષથી આ શાસ્ત્રો છે. પણ સંપ્રદાયમાં કોઈ વાંચવાની તસ્દી લે નહિ. વાંચે તો સમજવાની તસ્દી લે નહિ. એના અનુભવી જ્ઞાની મળે તો વિરોધ કરે, તોફાન કરે. આ જીવની અવળાઈ પણ કાંઈ ઓછી નથી.

મુમુક્ષુ :- પંડિતો પણ અર્થના અનર્થ કરીને છપાવે પુસ્તકો. પુરુષાર્થસિદ્ધિ ઉપાય છપાવ્યું છે, સાવ ઊંધો વિપરીત અર્થ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

**'જે મલિન હોય, અથવા જે અંશે નિર્મળ હોય,..'** અંશે નિર્મળ હોય એટલે અધૂરી નિર્મળતા હોય. સમ્યગ્જ્ઞાન પૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન નથી. જેમકે વીતરાગતા છે ચોથા ગુણસ્થાને, પાંચમો ગુણસ્થાને, મુનિને એ અધૂરી નિર્મળતા છે. યથાખ્યાત ચારિત્રની પૂરી નિર્મળતા પ્રગટ થઈ નથી. **'જે અંશે નિર્ણ હોય, અથવા જે અધૂરું હોય,...'** જેમ કે કેવળજ્ઞાન થયું નથી. સમ્યગ્જ્ઞાન છે તે અધૂરું છે. **'જે અધૂરું હોય અથવા જે શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય,...'** એમ. કેવળજ્ઞાન યથાખ્યાત ચારિત્ર શુદ્ધ છે અને પૂર્ણ છે. અધૂરું જ્ઞાન નથી. શુદ્ધ જ્ઞાન છે, શુદ્ધ ચારિત્ર છે, શુદ્ધ આનંદ છે પણ અપેક્ષિત છે. સાપેક્ષ હોય એટલે એને ક્ષાયિક-કર્મના ક્ષયની

અપેક્ષા છે હજી. કર્મના ક્ષયના નિમિત્તે ઉત્પન્ન થયેલો ભાવ છે. ચોથો ભાવ ક્ષાયિકભાવ જે લીધો ને એ. એ સાપેક્ષ છે.

જે '**પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય, અધ્રુવ હોય...**' કાયમ ટકતું ન હોય. કેવળજ્ઞાન પણ સમયે સમયે બદલાય છે. અરિહંત દશામાં પણ સમયે સમયે નવું નવું પરિણમન છે. ચૌદમા ગુણસ્થાનમાં પણ સમયે સમયે નવું નવું પરિણમન છે. સિદ્ધ અવસ્થામાં સિદ્ધ અવસ્થાનું નવું નવું પરિણમન છે. અધ્રુવ છે એ, ધ્રુવ નથી. અને એ '**ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવાળુ ન હોય, તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી;...**' એટલે ઘણાં લોકો કહે છે ને કે અમે સિદ્ધનું ધ્યાન કરીએ તો? અરિહંતનું ધ્યાન કરીએ તો? પરનું અવલંબન લેવા જઈશ તો નિયમથી રાગ ઉપજશે. તને તો સિદ્ધ દશા અને અરિહંત દશા ઉત્પન્ન થઈ નથી એટલે એનું ધ્યાન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અનુપસ્થિત થવાને અભિલાષા કરવા જઈશ તો પણ રાગ તને થશે, થશે ને થશે જ. એટલે '**તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી;...**' ઊલટાનો રાગ પ્રગટે છે અને રાગ સ્વયં અશુદ્ધ અને મલિન છે. રાગ કોઈ શુદ્ધ છે નહિ, કોઈ રાગ શુદ્ધ નથી.

મુમુક્ષુ :- શુદ્ધ અને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ છે, ઈ સમજાવો.

પૂજ્ય ભાઈશ્રી :- સાપેક્ષ જ્ઞાયિકભાવરૂપ કેવળજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર એમ. ક્ષાયિક સમ્યગ્દર્શન, ક્ષાયિકજ્ઞાન એટલે કેવળજ્ઞાન. ક્ષાયિકચારિત્ર એટલે યથાખ્યાત ચારિત્ર એ બધા અપેક્ષિત ભાવો છે. કર્મના ક્ષયના નિમિત્તે ઉત્પન્ન થયેલા ભાવો છે. એટલે એને ચાર ભાવમાં ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. કેવળજ્ઞાન આદિ ક્ષાયિકભાવ છે. ક્ષાયિક સમ્યગ્દર્શન ક્ષાયિકભાવ છે.

મુમુક્ષુ :- એ હોવા છતાં શુદ્ધતા પ્રગટ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, શુદ્ધ છે અને પૂર્ણ છે. છતાં પણ તે અપેક્ષિત છે. અને અપેક્ષિત છે માટે આશ્રયને યોગ્ય નથી એમ લેવું છે. એનો આશ્રય ન કરાય.

મુમુક્ષુ :- નિરપેક્ષ હોય એનો જ આશ્રય લેવાય, એમ કહેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિરપેક્ષનો આશ્રય લેવાય. અપેક્ષાવાળાનો આશ્રય લેવાય નહિ. અપેક્ષાવાળો પાંગળો છે.

મુમુક્ષુ :- અરિહંતપદ પણ અપેક્ષાવાળું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અપેક્ષિત ભાવ છે. કેવળજ્ઞાન સાપેક્ષ છે.

મુમુક્ષુ :- સિદ્ધ પણ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ અનંત કર્મના ક્ષયે ઉત્પન્ન થયેલી મોક્ષદશા છે. એટલો

કોઈ પર્યાય નથી રહેતી. ટૂંકામાં કહીએ તો કોઈ પર્યાય અવલંબન અને આશ્રયનો વિષય રહેતી નથી. એમ છે. અને જે અધૂરું હોય એ પાછું લઈ લીધું. પાછું જે અધૂરું હોય. કોઈ એમાં એમ લાવે કે કર્મના ક્ષયે પ્રથમ તો મોક્ષદશા ઉત્પન્ન થઈ અને બધા કર્મનો ક્ષય થઈ ગયો. પછી જે મોક્ષ દશાઓ ઉત્પન્ન થઈ એને તો હવે નવો કર્મનો ક્ષય કરવાનો નહોતો. સમુચ્ચયપણે ભલે તમે એમ કહો કે ભાઈ! કર્મનો ક્ષય કરીને એણે મોક્ષદશા પ્રાપ્ત કરી. પણ એ તો પહેલા સમયે બધા ક્ષય થઈ ગયા. પછી તો બધી જે અવસ્થા છે એને તો હવે નવો ક્ષય કરવાનો હતો નહિ. અને એ દશા એવી ને એવી મુક્ત દશા રહી. એનું તો અવલંબન લેવું કે ન લેવું? તો કહે નહિ. ન લેવું. કેમ ન લેવું? કે અધ્રુવ છે. ધ્રુવ નથી. કેટલા વિશેષણ વાપર્યા છે! અને એક એક વિશેષણની અંદર કેટલી વિચિક્ષણતા છે! કેટલી સમજણ છે! એક એક વાતની પાછળ કારણ મૂકી દીધું છે. શા માટે એનો આશ્રય નહિ એનું કારણ. સિદ્ધ અવસ્થાનો આશ્રય નહિ એનું શું કારણ? કે અધ્રુવ છે માટે.

રાગમાં તો તમે બહાનું કાઢો કે પોતે મલિન છે એનો આશ્રય કેમ કરાય? મુનિદશાની વીતરાગતામાં એ બહાનું નીકળી ગયું, પોતે અધૂરી દશા છે એનો આશ્રય કેમ કરાય? પણ સિદ્ધ દશામાં પહેલી દશા નહિ પણ અનંત કાળ સુધી સિદ્ધ રહ્યા પછી શું? પણ કોણ ...? તૂં કે બીજા કોઈ? પરદ્રવ્યનું અવલંબન તો દુઃખનું જ કારણ છે, રાગની જ ઉત્પત્તિ કરે નિયમથી. પરપદાર્થ પ્રત્યે પરિણામ જાય તો એમાં રાગ ઉત્પન્ન થાય, થાય ને થાય જ. તો કોઈ પરનું અવલંબન લેવાનો પ્રશ્ન રહેતો નથી. તને ઉત્પન્ન થઈ નથી. જે થઈ નથી એનું અવલંબન ક્યાંથી લઈશ? જે છે જ નહિ, જેની હયાતી નથી એનું અવલંબન ક્યાંથી લઈશ? ત્રીજું એનું કારણ. એ પોતે ધ્રુવ નથી. જેનો આધાર લેવો છે એ ટકતી ચીજ નથી. જે ચીજ ટકે નહિ એનો આધાર કેમ લેવો?

એક તાવડી એવી હોય કે રોટલી મૂક્યા પહેલા તૂટી જાય. ભલે એવી હજાર તાવડી લાવ્યા પણ રોટલી મૂકો ને તૂટી જાય. રોટલી મૂકો અને તૂટી જાય. ચૂલે ચડાવો ને તૂટી જાય. કેટલી રોટલી થાય? એકેય રોટલી થાય નહિ. હજાર તાવડી હોય તો ન થાય? પણ નહિ. કેમ કે જે મૂકો એ તૂટી જાય છે. ચૂલે ચડાવે એ ભેગી તૂટી જાય છે. જરાય ગરમી સહન કરી શકતી નથી. રોટલી પકાવવા માટે એને નીચેથી ગરમી લાગે અને તાવડી તૂટે. કેટલી રોટલી થાય? હજાર તાવડીએ એકેય ન થાય? લાખ તાવડીએ એકેય ન થાય. એમ અધ્રુવ અવસ્થાના આશ્રયે શુદ્ધતાનો અંશમાત્ર પ્રગટે નહિ. એકેય અંશ ન પ્રગટે. જઘન્ય શુદ્ધતા પણ ન પ્રગટે. કેમ

કે અધ્રુવ છે, તકલાદી છે.

મુમુક્ષુ :- આ પ્રશ્ન અજ્ઞાનીને જ છે, જ્ઞાનીને નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન જ નથી. જો જ્ઞાનીને હોય તો એ જ્ઞાની શેના? શેનું જ્ઞાન કર્યું એણે? ધ્રુવપદનું તો જ્ઞાન કરવાનું છે. અવલંબનને યોગ્ય મારું ધ્રુવપદ છે એનું તો એણે જ્ઞાન કર્યું છે. જો એ પ્રશ્ન એમને રહી ગયો તો એ જ્ઞાની શેના? શેનું જ્ઞાન કર્યું? પ્રશ્ન જ નથી.

'**અધ્રુવ હોય અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય, તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી;....**' પરિપૂર્ણ સામર્થ્ય હોય પણ ત્રિકાળી જ ન હોય પાછું. તો '**તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી;...**' જરાય શુદ્ધતા નથી પ્રગટતી. '**માટે ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.**' આ ચારેય શબ્દો છે એ આગમભાષાના છે. જૈન દર્શનના જે જૈનાગમ છે એની આગમભાષાના આ શબ્દો છે.

ઔદયિકભાવ (અર્થાત્) કર્મના ઉદયથી, ઉદયના નિમિત્તે જોડાઈને જે નૈમિત્તિક ભાવ થાય એને ઔદયિકભાવ કહે છે. અધ્યાત્મભાષાએ આત્માને સંસારમાં ખેંચી જનારો ભાવ તેને ઔદયિભાવ કહેવામાં આવે છે. મલિનતા જેમાં ઉત્પન્ન થઈ છે એવા ભાવને ઔદયિકભાવ કહેવામાં આવે છે. એ ઔદયિકભાવ છે.

ક્ષાયોપશમિકભાવ છે એમાં કેટલાક કર્મનો ક્ષય હોય અને કેટલાક કર્મનો ઉપશમ હોય એને ક્ષાયોપશમિકભાવ કહે છે. અધાત્મભાષામાં એને ઊઘાડ કહે છે. અથવા અલ્પ વિકસિત ભાવ કહે છે.

ઔપશમિકભાવમાં જે કર્મના ઉપશમનું નિમિત્ત પામીને ઉત્પન્ન થયો હોય તેને ઉપશમભાવ કહે છે. અધ્યાત્મભાષામાં એને નિર્મળભાવ કહે છે. કેમ કે પછી એમાં પ્રગટ મલિનતા હોતી નથી.

ક્ષાયિકભાવ જે કર્મના ક્ષયના નિમિત્તે ઉત્પન્ન થયો છે એને ક્ષાયિકભાવ કહે છે અને એમાં પણ નિર્મળતા હોય છે. પહેલામાં મલિનતા દબાયેલી છે. જેમ પાણીમાં મેલ નીચે આસરીને પાણી ઉપર મેલ ન હોય. ઉપરનું ચોખ્ખું નિર્મળ છે પણ નીચે હજી મેલ બેઠો છે. ક્ષાયિકભાવમાં નીચે મેલ નથી અને ઉપર પણ નથી, ક્યાંય નથી. મેલનો ક્ષય કર્યો છે. એવો શુદ્ધભાવ.

મુમુક્ષુ :- ચારે ચાર ભાવ ફરીને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ફરીને લઈએ. ઔદયિકભાવ એટલે કર્મના ઉદય સાથે સંબંધવાળો જીવનો પરિણામ તેને ઔદયિકભાવ કહેવામાં આવે છે. જેમ કે અશાતા

કર્મનો ઉદય છે અને જીવને વ્યાધિની ઉપાધિ રહ્યા કરે કે મને આ રોગ છે, મટે તો સારું. મને આ રોગ છે અને મટે તા સારું. એ બધો ઔદયિકભાવ છે. અથવા સંસારના સર્વ કાર્યોનો ભાવ તે બધો ઔદયકિભાવ છે. અહીંયાં બેઠા બેઠા વાંચન થાય છે એ બધો ઔદયિકભાવ છે. ઉદય છે. સાંભળવાનો, વાંચવાનો, કહેવાનો, બોલવાનો, શ્રવણ કરવાનો એ બધો ઔદયિકભાવ છે. જેટલા વિકલ્પ ઊઠે એ બધા ઔદયિકભાવમાં લઈ લેવા. સ્થૂળપણે લઈએ તો. પછી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના બધા જે ભેદ પાડીને કહેવાય પણ આ સ્થૂળપણે સમજવા માટે.

મુમુક્ષુ :- ...ઈ ભાવ પાછા શુભ અને અશુભ.

પૂજ્ય ભાઈશ્રી :- અશુભ. ઔદયિકભાવના બે ભેદ. શુભ અને અશુભ. તીવ્ર કષાયથી જે થાય તે અશુભ. મંદ કષાયથી થાય તે શુભ. આટલું લેવું. કષાયની મંદતાને શુભ કહીએ અને કષાયની તીવ્રતાને અશુભ કહીએ. અથવા કષાયની મંદતાને પુણ્ય કહીએ અને કષાયની તીવ્રતાને પાપ કહીએ.

મુમુક્ષુ :- રોગ આવ્યો, અશાતા આવી ઈ ભાવ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવો જ રોગ એને થવાનું કારણ છે. જેવો રોગ મટાડવાનો ઉદયભાવ વર્તે છે એવો જ રોગ ફરીને થવાનું કારણ છે.

મુમુક્ષુ :- એટલે રોગ આવે તો એમ વિચાર ન કરવો કે મારે ન મટવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ન મટવું જોઈએ નહિ. રોગ મારો છે જ નહિ. મારો ક્યાં છે? બીજાના રોગનો કેમ વિકલ્પ કરતા નથી? ગામમાં તો દવાખાના ઘણાં છે ને ઘણાં રોગી છે, કોઈનો વિકલ્પ આવે છે? નથી કરતા. તો પછી આ શરીરના રોગનો શું કરવા વિકલ્પ? કે મારું છે માટે. પછી ક્યાં પ્રશ્ન છે? મારાપણું છોડો એટલે વાત પૂરી થઈ ગઈ. પછી પ્રશ્ન નથી રહેતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપશમમાં કર્મના પરમાણુ ઉપશમિત થઈ જાય છે. એટલે સત્તામાં રહે છે. ઉપશમ થઈને સત્તામાં રહે છે એનો ઉદયભાવ નથી થતો. શું થાય છે? કરુણાયોગથી વિચારીએ તો ઉદયાવલીમાં આવ્યા પહેલાં, છતાં ઉદયમાં આવવાની તૈયારીવાળા હોય એવા જે કર્મના પરમાણુ, જેની ઉદયમાં આવવા યોગ્ય તૈયારી થઈ ગઈ હોય પણ ઉદયાવલીમાં ન આવ્યા હોય. આવલી એટલે કેટલાક સમય એવા છે કે ઉદયાવલીમાં આવ્યા પછી એનો ઉપશમ ન થાય કે એનો ક્ષય ન થાય કે એમાં કાંઈ ફેરફાર ન થાય. એ જેવા હોય એવા જ સ્વરૂપે ઉદયમાન થઈ જાય. ઉદયાવલીમાં આવ્યા પછી કોઈ કર્મમાં ફેરફાર નથી થતો.

એ આવ્યા પહેલા જો જીવનો કોઈ એવો પુરુષાર્થ હોય કે જેનું નિમિત્ત પામીને કાં તો એ પરમાણુ પાછા ઉદયભાવ છોડી દે, ઉદયમાં આવવાનું છોડી દે. પાછા સત્તામાં ચાલ્યા જાય. એવો નબળો ભાવ હોય પુરુષાર્થનો થોડો તો ઉપશમ થાય અને જોરદાર પુરુષાર્થ હોય શુદ્ધાત્માના અવલંબનનો તો એનો ક્ષય થાય. તો એ પછી ઉદયમાં આવ્યા પહેલા ખરી જાય. એને ઉદયાભાવી ક્ષય કહેવામાં આવે છે. ઉદયમાં આવ્યા પહેલા જ એનો ક્ષય થઈ જાય. એ પરમાણુ પાછા કર્મ પરમાણુરૂપે થઈ જાય. કાર્મણવર્ગણામાં સામાન્ય કાર્મણવર્ગણામાં ચાલ્યા જાય. એની પ્રકૃતિ છોડી દે, એના ઉદય છોડી દે, એનો અનુભાગ છોડી દે. બધું છોડી દે. તો એને ક્ષય કહે છે.

ક્ષયોપશમમાં ક્ષય અને ઉપશમ બંને પ્રકાર એક જ સાથે કેટલાક પરમાણુમાં ઉપશમનો થાય અને કેટલાક પરમાણુમાં ક્ષયનો પ્રકાર ઉત્પન્ન થાય. એના અનુસરીને થતાં જીવના નૈમિત્તિક પરિણામને આ નામ લાગુ પડે છે. જે પરમાણુના પર્યાયના નામ એ જ જીવના ભાવના નામ છે. સદશપણું-પરિણામમાં એકસરખાપણું બતાવવા માટે સદશભાવ બતાવવા માટે નામ એકસરખા છે. એક જીવના પરિણામ છે, એક પુદ્‌ગલના પરિણામ છે. જેમ કે દ્રવ્યસંવર અને ભાવસંવર. દ્રવ્યઆસ્રવ અને ભાવઆસ્રવ, દ્રવ્યબંધ અને ભાવબંધ, દ્રવ્યમોક્ષ અને ભાવમોક્ષ. એવી રીતે. નામ એકના એક ભિન્ન-ભિન્ન દ્રવ્યોના પર્યાયો છે. અહીં સુધી રાખીએ...

## તા. ૬-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૩
## પ્રવચન નં. ૨૭૧

૩૫૩. પાનું-૧૨૨. બીજો Paragraph ચાલે છે. અવલંબનને યોગ્ય એક પરમપારિણામિકભાવ છે. અને તે સિવાયનું બીજું કાંઈ અવલંબનને યોગ્ય નથી. એટલું આ Paragraph માં કહે છે. એમાં મલિન એટલે સર્વ પ્રકારના પ્રશસ્ત રાગાદિ ભાવ લીધા. આંશિક નિર્મળ હોય છે, ક્ષયોપશમની પર્યાય લીધી. અધૂરું હોય એટલે અલ્પ વિકસીત વીતરાગતા, અધૂરી વીતરાગતા, અલ્પ વીતરાગતા હોય, અલ્પ જ્ઞાન હોય. શુદ્ધ અને પૂર્ણ છે એ કેવળજ્ઞાન આદિ દશા છે એ શુદ્ધ અને પૂર્ણ છે. છતાં તે કર્મ સાપેક્ષ છે. કર્મના ક્ષયે ઉત્પન્ન થયેલા પરિણામ છે. એ પણ અવલંબનને યોગ્ય નથી. અભાવનો સંબંધ છે. શુદ્ધ અને પૂર્ણ દશાને સદ્‌ભાવનો સંબંધ નથી પણ અભાવનો સંબંધ છે. એ અભાવનો સંબંધ છે તો એનું અવલંબન ન લેવાય.

કોઈ એમ કહે કે ભાઈ! આ એક વાર જેલમાં જઈ આવેલા છે. શું કહે? કોઈનું ખૂન કર્યું હતું અને એક વાર જેલમાં ગયા હતા. અત્યારે બધો વ્યવહાર સારો છે. અત્યારે બધું એમનું જીવન બરાબર છે. અત્યારે જેલમાં નથી. અત્યારે ઘરમાં છે એમ કહે તો? સંબંધ ન બાંધે. કેમ કે એ પણ લાંછન છે એના માટે. ભલે અત્યારે જેલમાં નથી પણ ભૂતકાળમાં જઈને આવેલા છે એ પણ એનું એક લાંછન છે.

એમ અભાવનો સંબંધ છે કર્મ સાપેક્ષ. કર્મનો ક્ષય કર્યો છે એવી પર્યાય છે. તો કહે છે, અવલંબનને યોગ્ય નથી. એનું અવલંબન લેવાય નહિ, એનો આધાર લેવાય નહિ, એની માન્યતા કરાય નહિ, એનો વિશ્વાસ કરાય નહિ. એમ લેવું છે. અધ્રુવ હોય, જે ક્ષણવર્તી હોય, આધાર લેવા જતાં જે પોતે જ ટળી જતું હોય એવું એક સમયનું પરિણમન અને જેનામાં ત્રિકાળી પરિપૂર્ણ સામર્થ્ય ન હોય એવું બધું એ અવલંબનને યોગ્ય નથી. તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી અથવા શુદ્ધતા પ્રગટ થવાની શરૂઆત પણ થતી નથી.

આ તો અધ્યાત્મનું વિજ્ઞાન છે. શુદ્ધતા પ્રગટ કરવી એ અધ્યાત્મનો વિષય છે. અને એનું એ વિજ્ઞાન છે કે કોના આધારે શુદ્ધતા પ્રગટે? અવસ્થામાં શુદ્ધતા પ્રગટે તો કોનો આધાર લે તો શુદ્ધતા પ્રગટે? કે આટલું આટલું હોય એ તો નકામું જ છે, આધાર લેવા માટે એકેય કામનું નથી.

મુમુક્ષુ :- ...અભાવ. ફરી વાર.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મનો ક્ષય. કર્મનો ક્ષય એ અભાવ થયો ને? ક્ષાયિકભાવ. કેવળજ્ઞાન ક્ષાયિકભાવ છે, યથાખ્યાત ચારિત્ર છે એ પણ ક્ષાયિકભાવ છે. તો એવી જે પૂર્ણ શુદ્ધ પર્યાય છે. શુદ્ધ અને પૂર્ણ હોવા છતાં જે સાપેક્ષ હોય, કર્મના ક્ષયની અપેક્ષા જેને લાગુ પડતી હોય. આ ભાઈ જેલમાંથી છૂટેલા છે. એમ એને લાગુ પડે છે. તો કહે છે, નહિ. એ અવલંબનનો વિષય, એનો આધાર, એનો વિશ્વાસ લેવાય નહિ. એમ એ અવસ્થાનો આધાર ન લેવાય. અવસ્થાનો વિશ્વાસ ન થાય.

એનો બીજો અર્થ એ છે કે જ્યાં સુધી પરમપારણિકભાવનું અવલંબન જીવને નથી, ત્યાં સુધી આ જીવ પરિણામના આધારે પરિણમી રહ્યો છે. કેમ કે ઓલી વસ્તુ એને દેખાતી નથી. પરિણામના આધારે જે પરિણમી રહ્યો છે એ મુશ્કેલીમાં મૂકાશે. માણસ એમ કહે છે ને? કે ભાઈ! અત્યારે ફલાણાના બાજુ લાગી ગયો છે. ફલાણાને પડખે ચડી ગયો છે, હવે આગળ ઉપર મુશ્કેલી ઊભી થશે. કોના પડખે ચડ્યો છે એમ જોવાય છે કે નહિ? નિજ પરમેશ્વરના પડખે ચડ્યો છે? તો વાંધો નથી. પર્યાયના પડખે ચડ્યો છે? નક્કી મુશ્કેલીમાં આવશે. પરિણામનો વિશ્વાસ નહિ. પરિણામનો વિશ્વાસ કરાય નહિ. પરિણામનો વિશ્વાસ કરે તો ધોખામાં રહી જાય. અત્યારે તો પરિણામ સારા છે ને પણ. એ ધોખામાં રહી જાય. નિયમથી એ ઉન્માર્ગે ચડી જાય. નિયમથી ચડી જાય.

મુમુક્ષુ :- અત્યારે પરિણામનો જ વિશ્વાસ કરીને ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામના વિશ્વાસે ચાલે છે એ ભવિષ્ય સારું નથી. એ એને બદલવું રહ્યું, છોડવું રહ્યું.

'**તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી; માટે ઔદયિકભાવ, ક્ષયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.**' ઉદયભાવ તો પ્રગટ મલિનભાવ છે, ક્ષયોપશમભાવ છે એ અંશે નિર્મળ છે. ઉપશમભાવ છે તે નિર્મળ છે પણ અધૂરો નિર્મળ છે અને ક્ષાયિકભાવ છે એ પૂર્ણ નિર્મળ હોવા છતાં પણ એનામાં ત્રિકાળિક સામર્થ્ય નથી. આમ હોવાથી એને પોતાને અવલંબન લેવા યોગ્ય નથી, એ અવલંબનને યોગ્ય નથી.

મુમુક્ષુ :- સંસારી મિથ્યાદષ્ટિને કેટલા ભાવ હોય? આમાંથી ક્યા ભાવ હોય?

પૂજ્ય ભાઈશ્રી :- સંસારિક મિથ્યાદષ્ટિને ઉદયિકભાવ છે. ક્ષયોપશમભાવમાં જ્ઞાનાદિક ક્ષયોપશમ છે. પણ ક્ષયોપશમ સમ્યગ્દર્શન કે એ પ્રકારનો ક્ષયોપશમ નિર્મળ નથી. જ્ઞાનાદિક ક્ષયોપશમની શુદ્ધતા થોડી છે, સ્વચ્છતા છે. પણ સમ્યગ્દર્શન કે ચારિત્ર

એ જાતનો નિર્મળ ક્ષયોપશમ નથી. ઉપશમભાવ એને નથી. ઉપશમભાવ એને નથી. ક્ષાયિકભાવ એને નથી. પારિણામિકભાવ એને છે. એટલે ત્રણ ભાવ રહ્યા એને. ઉદયભાવ, પારિણામિકભાવ અને ક્ષયોપશમભાવ. સંસારી મિથ્યાદષ્ટિને આ ત્રણ પ્રકારના પરિણામ હોય છે.

મુમુક્ષુ :- પારિણામિકભાવ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પારિણામિકભાવ સર્વ જીવોને સદાય છે. એનો એને અભાવ ક્યારેય થઈ શકતો નથી. એ તો ધ્રુવ ભાવ છે. શાશ્વત ભાવ છે. એનો અભાવ થઈ શકતો નથી. ભલે મિથ્યાદષ્ટિ એને સ્વીકારતો નથી એ બીજી વાત છે. હું પારિણામિકભાવે છું એમ સ્વીકારતો નથી. હું તો ઉદય અને ક્ષયોપશમભાવે છું એમ સ્વીકારે છે. એટલે ઉદયભાવમાં રાગાદિ ભાવનો સ્વીકાર કરે છે કે હું રાગી, હું દ્વેષી, હું મનુષ્ય, હું સંસારી, હું વાણિયો, ફલાણો. અને ક્ષયોપશમભાવમાં હું બુદ્ધિવાળો, ઉઘાડવાળો, હું આવડતવાળો. એ બધો ક્ષયોપશમ છે. એવો એને સ્વીકાર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયિકભાવમાં કેવળ ઉદયને અનુસરવું એમ લેવું. અને ક્ષયોપશમમાં ગુણથી એ પડખું લેવું.

મુમુક્ષુ :- છે તો ઔદયિકભાવ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં મિથ્યાદષ્ટિને ક્ષયોપશમભાવ પણ ઉદયભાવમાં જાય છે. પણ છતાં એ ક્ષયોપશમભાવ એ ક્ષયોપશમભાવ છે. ક્ષયોપશમની દૃષ્ટિએ એને જોવાય છે અને ઉદયની દૃષ્ટિએ એને જોવાય છે. બેય રીતે જોવાય છે.

મુમુક્ષુ :- ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ અને પારિણામિકભાવ, એ બેમાં શું ફેર? એક જ? એકાર્થ જ લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ. એક જ છે. ત્રિકાળ ધ્રુવ કહો, પારિણામિકભાવ કહો, જ્ઞાયકભાવ કહો, જ્ઞાનમાત્ર આત્મા એમ કહો બધું એક જ છે.

મુમુક્ષુ :- પરમપારિણામિકભાવ એ?

પૂજ્ય ભાઈશ્રી :- પારિણામિક કહો કે પરમપારિણામિક કહો, આત્માને માટે તો બેય એક જ વાત છે. છએ દ્રવ્યોને પારિણામિકભાવ છે. એટલે મૂળ શાશ્વત સ્વરૂપ છે છએ દ્રવ્યને. એ સામાન્ય પારિણામિક લેવા. આત્માનું પારિણામિક સ્વભાવપણું પરમઉપાદેય હોવાથી એને પરમપારિણામિક એવું પરમ વિશેષણ લાગે છે. પરમ એટલે ઉત્કૃષ્ટ. ઉત્કૃષ્ટપણે ઉપાદેય. અથવા પોતાના માટે ઉત્કૃષ્ટપણે છે, શ્રેષ્ઠપણે છે. બીજું

છે-બીજાના પારિણામિક, બીજા જીવોના કે બીજા અજીવોના પારિણામિક પોતાને ઉપાદેય નહિ હોવાથી એને પરમપારિણામિક કહેતા નથી. પણ પોતાના સ્વભાવભાવને પરમપારિણામિકભાવ કહેવામાં આવે છે. પરમપારિણામિકભાવનો વિષય શ્વેતાંબર સંપ્રદાયમાં પ્રચલિત નથી. છે? સાંભળ્યું હતું પરમપારિણામિકભાવ? પરમપારિણામિકભાવની ચર્ચા ચાલે છે?

મુમુક્ષુ :- અત્યારે તો વિભાવની ચર્ચા છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર.

હવે પરમપારિણામિકભાવની વાત કરે છે. અવલંબનને યોગ્ય આટલુ નથી લીધું. હવે અવલંબનને યોગ્ય શું છે? કે '**જે પૂરો નિર્મળ છે...**' જેમાં ક્યારેય ડાઘ હતો જ નહિ. હતો નહિ, છે નહિ અને હશે નહિ. એવો જે ત્રણે કાળે '**પૂરો નિર્મળ છે, પરિપૂર્ણ છે,...**' જેમાં અધુરાશ નથી, ક્ષતિ નથી, એવું કાંઈ નથી. ખોડખાપણ નથી. જે પરિપૂર્ણ છે. '**પરમ નિરપેક્ષ છે,...**' કોઈની જેને અપેક્ષા નથી. કર્મના ઉદયની, ઉપશમની, ક્ષયોપશમની કે ક્ષયની. કર્મની ચાર પ્રકારની જે પર્યાય છે એ ચારેયમાંથી એકેય પ્રકારનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જેને લાગુ પડતો નથી. પરમ નિરપેક્ષ કહો કે સર્વથા નિરપેક્ષ કહો. એવો છે એ. જે '**ધ્રુવ છે.**' જે એકરૂપ છે. ધ્રુવ છે એટલે ટકી રહે છે. સદાય વિદ્યમાન રહે છે. ક્યારે પણ જેનું અવિદ્યમાનપણું થતું નથી. અને એવું ને એવું વિદ્યમાનપણું રહે છે. ફેરફાર થઈને પણ વિદ્યમાનપણે રહે છે એમ પણ જે નથી.

'**ધ્રુવ છે અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે...**' ત્રણે કાળે છે. પરિપૂર્ણ સામર્થ્યમય છે. કેટલું સામર્થ્ય છે? અનંતુ સામર્થ્ય, પૂર્ણ સામર્થ્ય ત્રણે કાળે જેનું છે. '**એવા અભેદ...**' જેમાં ભેદ નથી. ગુણભેદ નથી, પર્યાયભેદ જેમાં નથી. '**એવા અભેદ એક પરમપારિણામિકભાવનો જ...**' એવો એક અભેદ પરમપારિણામિકભાવ એટલે કે '**પારમાર્થિક અસલી વસ્તુ...**' અથવા નિશ્ચય પરમાત્મા. નિશ્ચય નિજ પરમાત્મા અથવા મૂળ સ્વરૂપ આત્માનું, વાસ્તવિક પારમાર્થિક સ્વરૂપ. તેનો જ '**આશ્રય કરવાયોગ્ય છે,...**' આ એક જ જીવને પોતાને પોતાનું સ્વરૂપ જ આશ્રયસ્થાન છે. આ સિવાય કોઈનો આશ્રય કરવા જેવો નથી.

વ્યવહારથી એમ કહે કે દેવ-ગુરુને શરણે જવું, સત્પુરુષને શરણે જવું. એ વ્યવહારથી વાત છે. ખરેખર એમ કહેવા માગતા નથી. પણ દેવ-ગુરુ અને સત્પુરુષ કહે છે કે તું તારા સ્વરૂપનો આશ્રય લે, એનું નામ એમના શરણે ગયા એમ કહેવામાં આવે છે. એમની આજ્ઞા માની, એમની આજ્ઞા શીરોધાર્ય કરી.

એ જ '**આશ્રય કરવાયોગ્ય છે, તેનું જ શરણ લેવાયોગ્ય છે. તેનાથી જ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.**' સમ્યગ્દર્શન પણ પરમપારિણામિકભાવનો આશ્રય થતાં પ્રગટ થયું. પછી શ્રાવકદશા પણ એ જ આશ્રય ઉગ્ર થતાં, થોડો ઉગ્ર થતાં શ્રાવકદશા પ્રગટ થશે પંચમ ગુણસ્થાનની. એ આશ્રય જરા વિશેષ ઉગ્રતામાં આવશે ત્યારે મુનિદશા પ્રગટ થશે. એ સ્વરૂપાશ્રયની તારતમ્યતાના ભેદો છે. ગુણસ્થાનના ભેદો છે અથવા બહારમાં શ્રાવકપણું, મુનિપણું કહેવાય છે એ. ઉપરના ગુણસ્થાનમાં શ્રેણી માંડે છે શુક્લધ્યાનમાં અને ઉપર ઉપરના ગુણસ્થાને ચડવું થાય છે પરિણામનું. એ પણ આશ્રયનો જ તબક્કો છે બધો. સ્વરૂપનો આશ્રય જેટલી ઉગ્રતાથી વધારે લેવાય છે, જેટલી સ્થિરતા વધે છે, જેટલો પુરુષાર્થ વધે છે તેટલી અશુદ્ધતા વધે છે. એટલો ટૂકામાં કહીએ તો આશ્રય વધે છે. પરમપારિણામિકભાવનો આશ્રય વધે છે.

મુમુક્ષુ :- આ એક અસલી વસ્તુ બાકી બધી નકલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ એક અસલી વસ્તુ છે. બાકી આ આત્માને બીજું કાંઈ પ્રયોજનભૂત નથી. પોતાના નિજ સ્વરૂપનું જ પ્રયોજન છે. એટલું જ પ્રયોજનભૂત તત્ત્વ પોતાને માટે છે. કેમ કે આશ્રય કરવાનો છે. બાકીનું કોઈ પ્રયોજનભૂત તત્ત્વ જગતમાં પોતાને માટે નથી.

મુમુક્ષુ :- આટલું તો અશરણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આનો રસ આવવો જોઈએ. પરમપારિણામિકભાવનો અથવા શુદ્ધ આત્માનો પોતાને રસ આવવો જોઈએ.

મુમુક્ષુ :- નવ તત્ત્વમાં જે આત્મતત્ત્વ છે એ નિરાધાર જ લાગે ને? કોઈનો આધાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એને કોઈનો આધાર લેવો પડે એવું પાગળું નથી. આધાર કોને લેવો પડે? પાંગળાને લેવો પડે. પોતે નિરાલંબ નિરપેક્ષ સદા ત્રણે કાળે ટકતું તત્ત્વ છે. હયાત રહેતું તત્ત્વ છે. એને કોઈના આધારની જરૂર નથી. જીવને પોતાને પોતાનું એવું સ્વરૂપ અંતરંગમાં ભાસ્યમાન થવું જોઈએ. આમ સૂર્ય-ચંદ્ર સામે જોવે છે આકાશની અંદર, એને કોઈ આધાર છે નીચે? આકાશની અંદર તેજનો ગોળો અધ્ધર છે કે નીચે છે કોઈનો આધાર? હેઠે નહિ પડી જાય? કેટલું વજન હશે? લાખો ટનનું વજન હશે. અબજો ટનનું વજન હશે. આકાશમાં અધ્ધર છે કે નહિ? નીચે લાખો માઈલ, અબજો માઈલ. અબજોના અબજો માઈલ અસંખ્ય માઈલ નીચે બધું ખાલી જગ્યા છે. કોઈ ટેકો નથી. જો જગતની વસ્તુ નજરે, નરી આંખે દેખાય

એવી વસ્તુ અધ્ધર ટકી રહે છે, આટલું વજનદાર હોવા છતાં. જેનું અબજો ટનનું વજન હોવા છતાં અધ્ધર ટકે છે, તો તારું પણ એક તત્ત્વ એવું છે કે જે જગતમાં અધ્ધર જ રહે છે. નિરાલંબ-કોઈના અવલંબન વિના સદાય ટકે છે. સદાય શાશ્વત રહે છે. એકે એક વસ્તુ નિરાલંબ નિરપેક્ષ છે, કોઈને કોઈના આધારની જરૂર નથી.

મુમુક્ષુ :- ... આધાર વિના જીવાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવો ભય છે અને એટલે પકડાણો છે. પોપટ જીવતો ન પકડાય. પોપટને પકડવા જાય તો ઊડી જાય. કેવી રીતે જીવતો પકડાય? પણ એ ક્યારે પકડાય છે? કે પોતાની ઉડવાની શક્તિને ભૂલે છે ત્યારે. ભુંગળીમાં પકડાય છે. ઊંધો થઈ જાય છે તો એને એમ થાય છે કે જો હું આમ પંજો ખોલી નાખીશ તો પડીશ હેઠો. એ વખતે મારી પાંખ વીંઝાશે અને હું ઊડી જઈશ એ વસ્તુ ભૂલી જાય છે એટલે જીવતો પકડાય છે. 'અપની સુધ ભૂલ આપ આપ નલિની લટકાયો.' પોતાની સુધ ભૂલીને, સુધ સાન ભૂલ્યો એટલે ભૂંગળીમાં લટકાણો. આમ છે.

મુમુક્ષુ :- એમ આ પોપટ ભૂલ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ પાંજરામાં-સંસારના પાંજરામાં પુરાણો. પોતાની નિરાલંબ નિરપેક્ષ શક્તિઓને ભૂલ્યો એટલે સંસારના બંધનમાં અને પાંજરામાં આવ્યો છે. છૂટે તો પોતાની શક્તિનું ભાન કરે. થોડીક પણ પ્રતિકૂળતા આવે, પોતાને ધારેલી અનુકૂળતા ન થાય તો એને ફાવતું નથી. મને ન ફાવે.. મને ન ફાવે એમ કરે. પણ તને થાય શું? ન ફાવે તો શું થઈ જાય? તારા આત્મામાંથી કાંઈ વયું જાય? કાંઈ ચાલ્યું જાય? તું અડધો થઈ જા? પોણો થઈ જા? પા થઈ જા? શું થઈ જા? કાંઈ તારામાં થાય એવું નથી. શાશ્વત તત્ત્વ છો. તારા અનંત ગુણ સામર્થ્યથી અને અનંત સુખથી છલોછલ ભરેલો છો કે જેને કોઈની અપેક્ષા નથી. જેના સુખની કોઈની અપેક્ષા નથી, જેના જ્ઞાનને કોઈની અપેક્ષા નથી.

એ તો સીધુ અહીંથી સમજાય છે કે જો તારા જ્ઞાનને. જ્ઞેયથી જ્ઞાન થાય છે કે જ્ઞાનથી જ્ઞાન થાય છે? જ્ઞાન કોનાથી થાય છે? તપાસ! ઉત્પન્ન થતાં જ્ઞાનને તપાસીને નક્કી કર કે જ્ઞાન કોનાથી થયું? જ્ઞયોથી થયું કે જ્ઞાનથી થયું? ભલે જ્ઞેય અનુસાર હોય તો પણ જ્ઞેયે કિંચિતમાત્ર કાંઈ પણ જ્ઞાનને ઉત્પન્ન થવામાં કે આકૃતિ થવામાં કાંઈ કર્યું નથી. જ્ઞેય, જ્ઞેયના ક્ષેત્રમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. જ્ઞાન, જ્ઞાનમાં છે. એકબીજાને સ્પર્શ્યા નથી. જો પોતાના જ્ઞાનને એમ તપાસે, તપાસીને પ્રતીત કરે કે જ્ઞાન જ્ઞાનથી જ છે અને જ્ઞાન કોઈને લીધે નથી. તો સુખ પણ મારાથી છે અને કોઈને લઈને મારું સુખ નથી. આ સીધું આવી જશે. જ્ઞાનને નક્કી કરશે તો સુખ

નક્કી થઈ જશે. સુખ નક્કી કરશે તો એની દીનતા અને પામરતા અને પરાલંબનપણાની જે અભિપ્રાયરૂપ વૃત્તિ છે એ પહેલા ખલાસ થશે. પછી અસ્થિરતાની રહેશે એ હળવે હળવે જશે. પણ પહેલો અભિપ્રાય ખલાસ થશે કે નિશ્ચયથી તો હું નિરાલંબ છું. આ મારો નિશ્ચય છે. એમાં કોઈ ફેરફાર નહિ, નહિ ને નહિ. પરાધીનતા હું સિદ્ધાંતિક રીતે શ્રદ્ધાની રીતે સ્વીકારતો નથી. પરાધીનતા થઈ જાય તો એ મારો દોષ છે પણ પરાધીન છું એ વાત હું સ્વીકારવા માગતો નથી. આટલું તો એને સ્પષ્ટ હોવું જોઈએ.

મુમુક્ષુ :- ક્ષયોપશમભાવ ...

પૂજ્ય ભાઈશ્રી :- જુદા જુદા બોલમાં જુદું જુદું છે. જેમ કે જ્યારે જ્ઞાનનો ક્ષયોપશમ છે ત્યારે મિથ્યાદર્શન છે મિથ્યાદૃષ્ટિને. તો એ ક્ષયોપશમભાવે નથી. એ ઉદયભાવમાં જાય છે. મિથ્યાશ્રદ્ધાન જે છે, ઊંલટું શ્રદ્ધાન છે એ સીધો ઉદય સાથે જોડાય છે. તો એમાં ક્ષયોપશમ નથી. હવે જ્ઞાનમાં મિથ્યાત્વ દશામાં શું છે કે જ્ઞાનનો ક્ષયોપશમ છે એ ઉદય સાથે જોડાય છે. પણ બેને જુદુ પાડવું હોય તો એક ઉદયભાવમાં નાખે અને એકને ક્ષયોપશમભાવમાં નાખે.

મુમુક્ષુ :- બેયના ભંગ તો જુદા પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બેને સમજવા માટે. આને તો એકલો ઉદય સાથે જોડાણો એમાં કાંઈ ક્ષયોપશમ નથી. જ્યારે જ્ઞાનની અંદર ક્ષયોપશમ છે. ભલે ઉદય સાથે જ્ઞાન જોડાયું હોય તો પણ જ્ઞાનમાં ક્ષયોપશમ છે. એકલો ઉદય છે મિથ્યાત્વની જેમ એમ તો નથી.

મુમુક્ષુ :- આ જે ઔદયિકભાવ છે એમાં પણ જ્ઞાનનો ક્ષયોપશમ તો આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં જ્ઞાનનો ક્ષયોપશમ આવે છે. એટલે તો કહું છું પણ છતાં એને ક્ષયોપશમથી પણ જોવાય અને ઉદયથી પણ જોવાય.

મુમુક્ષુ :- આ બેને જુદા કેમ પાડ્યા?

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વને લ્યે તો? એમાં ક્ષયોપશમ નથી.

મુમુક્ષુ :- આમાં પણ મિથ્યાત્વ છે અને આમાં પણ મિથ્યાત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાજ્ઞાન છે. પણ બેયમાં પ્રકાર જુદો જુદો છે એમ કહેવું છે. બેયમાં મિથ્યાજ્ઞાન અને મિથ્યાશ્રદ્ધાન હોવા છતાં મિથ્યાશ્રદ્ધાન ઉદયિકભાવે છે. અને મિથ્યાજ્ઞાન છે એ ઉદયિક અને ક્ષયોપશમભાવે છે. એમાં ઉદયભાવ પણ છે અને ક્ષયોપશમભાવ પણ છે. એવી રીતે જોવાય. રાગાદિ ભાવ છે એ ઉદયભાવ છે. પણ એમાં પાછો જો મંદ કષાય કરે તો એમાં પાછો ચારિત્રનો ક્ષયોપશમ ઊભો થાય. એક જ પર્યાયને અનેક Angle થી જોવાનો જૈનદર્શનની અંદર દૃષ્ટિકોણ છે.

એક તત્ત્વને, એક પર્યાયને, એક સમયની એક પર્યાયને અનેક દૃષ્ટિકોણથી જોવાનો વિષય છે અને એવો જ્ઞાનનો પ્રકાર છે. જૈનદર્શનની અંદર આ વિશિષ્ટતા છે કે એક જ તત્ત્વને અનેક ભેદે અનેક પડખેથી એનું પરિજ્ઞાન કરે છે બરાબર.

મુમુક્ષુ :- ક્ષયોપશમ ન હોય તો પાછા ઈના ઈ ભાવ એવા ને એવા બંધાય. ....

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દરેકનું સ્થાન છે. ઉદયિકભાવમાં ઉદયનું સ્થાન છે, ક્ષયોપશમમાં ક્ષયોપમનું સ્થાન છે. એ તો પડખું પાડ્યું છે તો કાંઈ સમજીને છે અને પાડ્યું છે કે એમ ને એમ અધ્ધરથી કલ્પના થોડી ચાલે છે? આ તો વસ્તુનું વિજ્ઞાન છે, વસ્તુનું સ્વરૂપ છે એને પ્રદર્શિત કરવાની વાત છે. પછી જે પડખાથી પ્રદર્શિત કરાય એ પડખેથી પ્રદર્શિત કરવામાં આવે છે. પણ એ વસ્તુનું સ્વરૂપ છે.

'**ઉદયિકભાવ, ક્ષયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.**' ચાર પ્રકારના જીવના જે પરિણામ છે એ ઉદયિકભાવ છે એ સર્વથા મલિન છે. ક્ષયોપશમિકભાવ છે એ મલિન સમળ અને વિમળ બંનેપણું છે એની અંદર-ક્ષયોપશમની અંદર. ઔપશમિકભાવની અંદર નિર્મળપણું છે પણ મલિનપણું હજી નીચે દબાયેલું બેઠું છે. અને ક્ષાયિકભાવની અંદર મલિનતાનો ક્ષય કરેલો છે. એ ચારે પ્રકારના પરિણામમાં આખા બધા જીવોના પરિણામ આવી ગયા. કોઈ જીવના પરિણામ આ ચાર પ્રકારથી બહાર હોતા નથી. એટલે કે સમસ્ત પ્રકારના પરિણામ અવલંબનને યોગ્ય નથી એમ લઈ લેવું.

મુમુક્ષુ :- સમળ અને વિમળ ક્ષયોપશમભાવમાં...

પૂજ્ય ભાઈશ્રી :- મિશ્ર ભાવ લઈ લેવો.

મુમુક્ષુ :- સંસારીજીવને કેટલા ભાવ હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હમણાં બહેને પ્રશ્ન પૂછ્યો હતો. ત્રણ ભાવ લીધા. ઉદયભાવ, પારિણામિકભાવ અને ક્ષયોપશમભાવ. જ્ઞાનાનાદિનો ક્ષયોપશમ છે એ અપેક્ષાએ. સમ્યગ્દર્શનનો ક્ષયોપશમ, ક્ષયોપશમ સમ્યગ્દર્શન નથી હોતું. પણ જ્ઞાન અને આચરણની અંદર ક્ષયોપશમભાવ હોય છે. ત્રમ લેવા. પણ એટલું વિશેષ કે મિથ્યાદૃષ્ટિ સંસારી પારિણામિકભાવ એને હોવા છતાં એનો સ્વીકાર એને વર્તતો નથી. એનો એને અસ્વીકાર વર્તે છે. આટલો વિશેષ છે.

મુમુક્ષુ :- કાલે રાતે અમારે ચર્ચા થઈ હતી કે પરમપારિણામિકભાવ સૌને હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધાને હોય છે. એનો એને સ્વીકાર નથી. બાકી તો એ ધ્રુવ ભાવ છે અને શાશ્વત ભાવ છે એટલે એના નહિ હોવાનો પ્રશ્ન નથી. આ

ચાર ભાવ તો થાય છે ને જાય છે, થાય છે ને જાય છે એટલે એમ કહેવાય કે કોઈને હોય અને કોઈને ન હોય. પણ પરમપારિણામિકભાવ એવો છે કે એ તો કોઈ જીવને ન હોય એ પ્રશ્ન ઉપસ્થિત જ થતો નથી. કેમ કે એની બિનહયાતીનો પ્રશ્ન જ નથી ક્યારે. એ તો શાશ્વત ચીજ છે. અનાદિઅનંત છે. એટલે એ બધાને હોય છે.

મુમુક્ષુ :- ક્ષાયિકભાવમાં જેવો પરમ શુદ્ધ આત્મા છે એવો જ અંદર ... તો ભિન્ન કઈ અપેક્ષાએ પાડ્યા? કારણ કે જેવું અહીં છે એવું જ અહીં છે પર્યાયમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા કેવળજ્ઞાનમાં. પર્યાયમાં તો એનું જ્ઞાન આવે છે. જણાય છે ત્યાં એનું જ્ઞાન આવે છે. પણ એ તો જ્ઞાનનો ક્ષાયિકભાવ કેવળજ્ઞાન. કેવળજ્ઞાન તે જ્ઞાનનો ક્ષાયિકભાવ. પણ ક્ષાયિકભાવે સમ્યક્શ્રદ્ધાન હોય છે. ક્ષાયિકશ્રદ્ધાન, ક્ષાયિક સમ્યગ્દર્શન તે પણ ક્ષાયિકભાવે છે. યથાખ્યાત ચારિત્ર તે પણ ક્ષાયિકભાવે છે. અનંત પુરુષાર્થ તે પણ ક્ષાયિકભાવે છે. કેમ કે અંતરાય કર્મનો-પાંચે પ્રકારના અંતરાય કર્મનો ક્ષય થતા ઉત્પન્ન થયેલો પુરુષાર્થ છે તે ક્ષાયિકભાવે છે.

મુમુક્ષુ :- એમાં કર્મની અપેક્ષા આવે છે એટલે.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મની અપેક્ષા આવે છે-કર્મના ક્ષયની અપેક્ષા આવે છે. ક્ષયની અપેક્ષા આવે એ પણ એને લાંછન છે એમ કહે છે. એમ કહે કે ભાઈ! એક વખત જેલમાં જઈ આવ્યા છે. અત્યારે તો ઘણાં વર્ષથી ઘરે છે. હવે વાંધો નથી કાંઈ પણ ભૂતકાળમાં એકવાર ખૂન કર્યું હતું તો જેલમાં ગયા હતા. એ એના માટે લાંછન છે. ભલે જેલમાંથી છૂટ્યા છે તો પણ એને માટે લાંછન છે. જ્યારે પારિણામિકભાવ છે એને કોઈ ડાઘ નથી. એ અનાદિઅનંત નિષ્કલંક. નિષ્કલંક-નિરંજન પરમાત્મા છે. નિરંજન-નિરાકાર-નિષ્કંલક પરમાત્મા છે. એને કોઈ ડાઘ નથી, એને કોઈ કલંક નથી. જ્યારે પર્યાયને તો ભૂતકાળનું કલંક છે કોઈપણ જીવ માટે. એટલે અવલંબનને યોગ્ય નથી.

મુમુક્ષુ :- અનિત્ય છે અને આ નિત્ય છે, એમ પણ લેવાયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ અનિત્ય છે. એ બહુ મોટો ફેર છે. પરિણામ છે એ એક સમયવર્તી તકલાદી છે. આ અનાદિઅનંત છે. એટલો બધો ઊલટો-સૂલટો જ ફેર છે. કાળનો નાનામાં નાનો જે પરિમાણ અંશ છે....

... પણ Practically શું લેવું જોઈએ મુમુક્ષુજીવે? કે પોતે દુઃખી છે એ વાત નક્કી છે. દુઃખી ન હોય તો સુખનો ઉપાય કરતો ન હોત. જો દુઃખી ન હોત તો સુખનો ઉપાય કરતો ન હોત. એટલે દુઃખી છે એક વાત નક્કી છે. પછી તીવ્ર

દુઃખ છે, મંદ દુઃખ છે, બીજો વિષય છે. પણ છે દુઃખ. હવે એને સુખનું નિધાન જો પોતામાં છે એમ કોઈએ દર્શાવતા વિશ્વાસ આવ્યો અને એને જોયું. જેમ જ્ઞાનને નિરાલંબ નિરપેક્ષ જોયું એવી રીતે એણે સુખને જોયું કે મારું પરિપૂર્ણ સુખ અને અનંત સુખ મારામાં જ ભરેલું છે. તો પછી એને બીજી બધી માથાફોડમાં ઉતરવું, બિનજરૂરી ચર્ચામાં ઉતરવું શું યોગ્ય છેય? એને માટે જરૂરી છે કાંઈ? સમય બગાડવાની વાત છે.

જરૂર સુખની છે, પ્રયોજન સુખનું છે. અને સુખનું નિધાન પોતામાં છે એમ દર્શાવે છે. જ્યાં સુધી એ ન દેખાય ત્યાં સુધી એ પોતામાં જોવાનો પ્રયાસ ચાલુ રાખે. કહેનાર ઉપર વિશ્વાસ છે માટે. બસ! આથી વધારે કાંઈ લાંબી-ટૂંકી વાતની જરૂર નથી. પછી પોતાને સમાધાન ન થતું હોય અને સમાધાન કરવા માટે પૂછી લે પણ એ કોઈ પ્રયોજનનો વિષય નથી. આ તો શેને વાત લીધી?

કેવળજ્ઞાન મોટું કે ધ્રુવ મોટું? આ પ્રશ્ન નીકળે છે. કેવળજ્ઞાન મોટું કે ધ્રુવ મોટું? અનુભવ મોટો કે ધ્રુવ મોટું? ભાઈ! આ પ્રશ્ન કોની સામેથી જોઈને વાત છે? પહેલા તો કોની સામે જોઈને વાત છે? કે એમ ને એમ અદ્ધરથી તર્ક ઊઠે છે. મતિ અવ્યવસ્થિત હોવાને લીધે તર્ક ઊઠે છે જીવને અને એમ ને એમ એને તર્કમાંથી પ્રશ્ન ફેંકે છે. અવલંબનનો વિષય છે. પરમ પ્રયોજનભૂત વિષય છે. અને આટલી એની મહાનતા છે અને આટલું એનું સામર્થ્ય છે. પછી એનાથી કોઈ મોટું છે એ પ્રશ્ન રહેતો નથી.

'પરમાત્મપ્રકાશ'ની ૬૫ થી ૬૮ ગાથા ઉપરના પ્રવચનોમાં, 'દ્રવ્યષ્ટિ પ્રકાશ'ના બીજા ભાગમાં જે પ્રવચનો લીધા છે, એમાં તો બધું અપરમભાવે છે. પરમપારિણામિક લઈને બધું અપરમભાવે છે. કેવળજ્ઞાન અપરમભાવે છે, યથાખ્યાતચારિત્ર અપરમભાવે છે. અનંતસુખ પ્રગટ થયું તે અપરમભાવે છે. બધું અપરમભાવે છે. એક પરમપારિણામિકભાવ પરમભાવે છે. બીજાની તો વાત જ, ચર્ચા જ કરવાનો પ્રશ્ન નથી. બધી ક્ષાયિક પર્યાયો અપરમભાવે છે અને આ પરમભાવે છે. કેમ કે આ જ પરમ આશ્રયને યોગ્ય છે. આ સિવાય બિલકુલ આશ્રયને યોગ્ય નથી. સમ્યગ્દર્શન તો એનો એકનો જ આશ્રય કરે છે પણ બીજા ગુણોને પણ આ જ આશ્રયસ્થાન છે. બીજું આશ્રયસ્થાન નથી. ભલે બીજો વિષય જ્ઞાન આદિમાં પ્રતિબિંબિત થતો પણ એ કોઈ આશ્રયસ્થાન નથી.

એનું શરણ લેવાથી જ '**સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.**' એટલે કે સમસ્ત સાધક દશા એ પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપના આશ્રયથી ઉત્પન્ન

થયેલી દશાઓ છે અને બીજી કોઈ રીતે ઉત્પન્ન થયેલી એ દશા નથી. આ 'નિયમસાર'માં શું કહે છે? 'નિયમસાર'નો સાર ચાલે છે. **'આત્મામાં સહજભાવે રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ ઈત્યાદિ અનંત ગુણો પણ જોકે પારિણામિકભાવે જ છે તોપણ તેઓ ચેતનદ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં સાધકને નિર્મળતા પરિણમતી નથી.'** હવે એક બીજી વાત વિશેષ કરે છે કે પારિણામિકભાવનું અવલંબન લેવાનું કહ્યું તો ત્યાં એક વિશેષણ વાપર્યું છે કે અભેદ એક પારિણામિકભાવનો જ આશ્રય કરવો. કેટલી વાત કરી છે? અભેદ એક પારિણામિકભાવનો જ આશ્રય કરવો. એ અભેદ શબ્દ કહેવાની પાછળ મર્મ રહેલો છે. કેમ કે પારિણામિકભાવે તો ગુણો પણ રહેલા છે. પોતાના ગુણો પણ પારિણામિકભાવે રહેલા છે. એને સહજભાવે રહેલા, પારિણામિકભાવે રહેલા એમ કહેવામાં આવે છે.

**'આત્મામાં સહજભાવે રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ...'** આત્મા સહજાનંદી છે એમ કહેવાય છે ને? એ સહજ આનંદ એ વગેરે **'અનંત ગુણો પણ જોકે પારિણામિકભાવે જ છે...'** એ બધા ગુણો પણ પારિણામિકભાવે જ છે. તો એનું અવલંબન લેવું કે નહિ પારિણામિકભાવે છે માટે? **'તો પણ તેઓ ચેતનદ્રવ્યના એક એક અંશ...'** છે. એ આખી વસ્તુ નથી. સહજાનંદ કોઈ આખી વસ્તુ નથી. સહજ જ્ઞાન કોઈ આખી વસ્તુ નથી. એક ગુણ તે કાંઈ આખો ગુણી નથી. એમ લેવું છે. એટલે પારિણામિકભાવે હોવા છતાં **'તેઓ ચેતનદ્રવ્યના એક અંશરૂપ હોવાને લીધે...'** દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મના વિષયની અંદર સ્પષ્ટ સમજણ છે કે આ ગુણો છે એ વસ્તુના બંધારણમાં પારિણામિકભાવે રહેલા અવયવો રૂપે છે. એક એક ગુણ છે, ત્રિકાળી ગુણો છે તે ત્રિકાળી પારિણામિકભાવના અવયવભૂત છે. સ્વભાવભૂત છે. તો પણ તે એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતા, તેમને જુદા જુદા અવલંબતા, એક ભેદરૂપે જોતા, એક ભેદરૂપે અવલંબતા સાધકને નિર્મળ દશાની ઉત્પત્તિ થતી નથી. અભેદ પારિણામિકભાવને અવલંબતા અભેદમાં તે બધા ભેદોનો સમાવેશ હોવાને લીધે તે બધાનું સાધકને અવલંબન છે અને નિર્મળતા ઉત્પન્ન થાય છે. પણ તેમનું ને તેમનું ભેદરૂપે અવલંબન સાધકને નથી.

મુમુક્ષુ :- ભેદ કરવા જાય તો વિકલ્પ ઉત્પન્ન થઈ જાય એટલા માટે?

પૂજ્ય ભાઈશ્રી :- છદ્મસ્થ જીવ ભેદને અવલંબે એટલે રાગની ઉત્પત્તિ થાય. ભેદનું જાણવું એક વાત છે, અવલંબવું બીજી વાત છે. કેવળજ્ઞાનમાં બધા ભેદો જણાય અનંતેઅનંત. છદ્મસ્થને તો કેટલાક જ જણાય. જાણવું તે ગુનો નથી, અવલંબવું તે ગુનો છે.

મુમુક્ષુ :- છદ્મસ્થને જણાય તો ખરાને આમ? અવલંબતા ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જણાય. અવલંબન આવે એટલો દોષ થાય-રાગની ઉત્પત્તિ થાય. જણાય તો કાંઈ એમાં દોષ નથી. જાણવું અને અવલંબવું એક જ જ્ઞાનમાં બે જુદી જુદી વાત છે.

મુમુક્ષુ :- આમેય તે ભાઈ, એક અખંડ વસ્તુને સાધવી હોય તો કોઈ અંશ પકડાતો જ નથી, અખંડને જ પકડી લે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુમાં ભેદ હોવા છતાં અને વસ્તુમાં અભેદપણું હોવા છતાં ભેદમાં અભેદ નથી અને અભેદમાં ભેદ નથી. આ વસ્તુ સમજાવી જોઈએ. ભેદમાં અભેદ નથી અને અભેદમાં ભેદ નથી.

એક મીઠાઈ બનાવે છે એમાં અનેક જાતના તેજાના મસાલા, સુગંધિત દ્રવ્યો મીઠાશના દ્રવ્યો બધું ઘણું નાખે. નામ પાડે કે આ લાડવો. આ મોતીચુરનો લાડવો. આમાં કેસર નાખ્યું છે, ફલાણું નાખ્યું છે, ઢીકણું નાખ્યું છે, બરાબર? પણ કેસર એ મોતીચુરનો લાડવો નથી. ખાંડ પોતે મોતીચુરનો લાડવો નથી. ચણાનો લોટ મોતીચુરનો લાડવો નથી, ઘી મોતીચુરનો લાડવો નથી. એ બધું મળીને એક અમુક અવસ્થાએ રહ્યું તે, એક અભેદ અવસ્થાએ રહ્યું તે મોતીચુરનો લાડવો છે. એમ છે. તો ભેદમાં અભેદ નથી અને અભેદમાં ભેદ દેખાતો નથી. એવી રીતે ભેદ અને અભેદનું જ્ઞાન કરવું જોઈએ. ભેદને જાણતા ભેદ જણાય અને અભેદને જાણતા અભેદ જણાય. પણ એનું જ્ઞાન સાચું ક્યારે? કે ભેદમાં અભેદ નહિ અને અભેદમાં ભેદ નહિ. આ રીતે એને જાણવું જોઈએ, સમજવું જોઈએ.

મુમુક્ષુ :- કોઈ પૂછે તો એમ નથી કહેતા કે ખાંડ ખાઉં છું, કેસર ખાઉં છું. લાડવો જ ખાઉં છું.

પૂજ્ય ભાઈશ્રી :- લાડવો ખાઉં છું એમ કહે. લાડવો ઈ લાડવો છે પાછો. ખાંડ ઈ ખાંડ છે. કેસર ઈ કેસર છે.

મુમુક્ષુ :- કોઈ પૂછે તો એમ નથી કહેતો.

પૂજ્ય ભાઈશ્રી :- હો, ન જ કહે, એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- એને લાડવાનું સમ્યગ્દર્શન છે.

પૂજ્ય ભાઈશ્રી :- લાડવાનું યથાર્થ જ્ઞાન તો છે. બાકી તો એને સુખનું કારણ સમજે તો એને એનું મિથ્યાદર્શન છે. સમ્યગ્દર્શન નથી પણ મિથ્યાદર્શન છે.

મુમુક્ષુ :- એના સ્વાદને ... અંદર બધાય સ્વાદનો ખ્યાલ આવે. બધા સ્વાદનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે છે કે નહિ? બધાનો એકસાથે. બરાબર છે, એમ જ છે.

મુમુક્ષુ :- અંદરમાં અવલંબવું અને જાણવું, એમાં ફરક કેવી રીતે પડે છે?

પૂજ્ય ભાઈશ્રી :- છે, જરા સૂક્ષ્મ વિષય છે. અવલંબવામાં આધાર લેવાની વાત આવી જાય છે. આશ્રય લેવાની વાત આવે છે. માત્ર જાણવું છે એમાં આશ્રય લેવો નથી. માત્ર જાણવું છે.

મુમુક્ષુ :- આધાર તો લેવાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. છદ્મસ્થને ભેદનો ઉપયોગ થતાં માત્ર જાણવું નથી થતું પણ થોડુ અવલંબન થઈ જાય છે. એમ પરનો ઉપયોગ થતાં માત્ર જાણવું નથી થતું પણ થોડુ અવલંબન લેવાઈ જાય છે. એટલે જ્ઞાનમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય હોવા છતાં, સ્વ અપેક્ષાએ જ્ઞાન સિવાયના બીજા ગુણોને જાણે તે પર. વસ્તુ અપેક્ષાએ પોતાના સિવાય બીજા પદાર્થોને જાણે તે પર. એમ પરનું જાણવાનું સામર્થ્ય હોવા છતાં એનો પક્ષ નથી કરવામાં આવતો. એને ગૌણ કરાવે છે. એ પડખાને ગૌણ કરાવ્યું છે. અધ્યાત્મના પ્રકરણમાં હંમેશા એને ગૌણ કરાવ્યું છે. એનું આ કારણ છે કે એ અવલંબનનો વિષય નથી. ગુણભેદ અવલંબનનો વિષય નથી. પરપદાર્થ અવલંબનનો વિષય નથી. અને છદ્મસ્થ જીવ ઉપયોગથી જો એને જાણવા જાય તો અવલંબન સહિત એને જાણવું પડે છે. નહિતર નથી જાણી શકતો. તો એવું સદોષ જાણવું એનો નિષેધ કરવામાં આવે છે કે નહિ, એ પ્રકાર નથી કરવાનો.

એટલે 'સોગાનીજીએ' કહ્યું કે, જ્યારે મને એમ ખબર પડી કે કેવળજ્ઞાનમાં બધું જણાઈ જવાનું છે તો પછી ત્યારે હું શું કરવા ખેંચાઈ-ખેંચાઈને જાણું કે શાસ્ત્ર વાંચીને જાણું કે છાપુ વાંચીને જાણું, બીજાની વાત સાંભળીને જાણું. એ શું કરવા કરું હું? એવું શું કરવા કરું? આપણે ઈ કાર્યપદ્ધતિ બંધ કરો હવે. આપણે સ્વરૂપમાં જમે રહો. આપણે તો સ્વરૂપમાં જમે રહો. એક જ વાત રાખી એમણે. એનું કારણ છે. છદ્મસ્થ જીવને પણ જાણવું તે દોષ નથી છતાં અવલંબન સહિત જાણવું થતું હોવાથી દોષ થાય છે. તો એ પ્રકારના જાણવાને અનુમોદવામાં આવતું નથી.

મુમુક્ષુ :- પરને જાણવામાં તો મિથ્યાત્વ થઈ જાય છે. પર પોતાનું નથી અને એમાં મારાપણું મનાઈ જાય છે, પણ ગુણોમાં તો પોતાપણું માનવાનું છે અને મારાપણું થાય છે તો..

પૂજ્ય ભાઈશ્રી :- પણ ભેદ ઊભો થાય છે ને? ભેદ ઊભો થાય છે. ભેદ ઊભો થાય છે એટલે. ખાતા-ખાતા કોઈ વાત કરાવે કે આમાં કેસર નાખ્યું છે, આમાં ઘી નાખ્યું છે, આમાં આટલી ખાંડ નાખી છે, આમાં આવી રીતે આ ...

કર્યું. ભાઈસા'બ! એને ખાઈ લેવા દો ને. એમ કહે. અત્યારે એ માથાફોડ કરવાની જરૂર નથી. જ્યારે જમવાનો જ આનંદ, સ્વાદનો જ આનંદ માણવો છે ત્યારે કેટલી કેટલી ચીજો ક્યારે-ક્યારે કેમ વાપરી છે એની પણોજણમાં ઉતરે તો ખાવાનો આનંદ એને આવે નહિ.

એમ ભેદ છે એ એના વસ્તુના ભોગવટામાં વિઘ્નરૂપ છે. વસ્તુનો ભેદ વસ્તુના ભોગવટામાં વિઘ્નરૂપ છે. Practically આ વાત છે ને? એટલે એમ કહે કે ભલે એની ને એની ચીજ રહી પણ ભેદ છે એ અવલંબનનો વિષય નથી. એનાથી રાગની ઉત્પત્તિ થાય છે અને આનંદ હણાય છે. એના સુખની હાનિ થાય છે એની અંદર.

મુમુક્ષુ :- જે વસ્તુનો ભેદ ... પેલો તો શબ્દથી જ જાણે છે કે આમાં કેસર નાખ્યું છે, આમાં બદામ નાખી છે. એ તો શબ્દ જ છે. પણ પેલો જે અનુભવનો આનંદ છે...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવમાં પણ એ ભેદનો વિચાર બાધક છે. શબ્દ તો એક બાજુ રહ્યો. પણ ભેદનો વિચાર પણ બાધક છે. હીરાનો હાર ખરીદવા જાય ત્યારે ઝીણામાં ઝીણી નજરથી હીરાને જોવે. ચોખ્ખો મજાનો હીરો જોઈએ. પહેરતી વખતે એ વિચાર કરે તો એને પહેરવાનો આનંદ ન રહે. એના આનંદને એ ઘાત કરે. માટે પહેરતી વખતે એ વાત ન જોઈએ. આ તો Practical વાત છે કે નહિ?

મુમુક્ષુ :- બરાબર છે, અભેદની દૃષ્ટિ કરાવવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- એમ અભેદની દૃષ્ટિમાં અભેદનું અવલંબન છે. અભેદમાં અવલંનમાં જ અભેદની દૃષ્ટિ છે, એમાં જ વસ્તુનો ભોગવટો છે. અને એ જ પ્રકાર જીવને સમ્યક્ છે. ભેદની દૃષ્ટિ કરવા જેવી નથી. ભેદનું જ્ઞાન થાય એ જુદી વાત છે. પણ અવંલબીને જ્ઞાન થાય એ બરાબર નથી.

કેટલી ચોખવટ કરી છે! ગુણો-જ્ઞાન, આનંદ, દર્શન ચારિત્ર આદિ ગુણો પારિણામિકભાવે હોવા છતાં વસ્તુના એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતા. તેમને અભેદરૂપે અવલંબે તો વાંધો નથી. પણ તેમને ભેદરૂપે અવલંબતા સાધકને નિર્મળતા પરિણમતી નથી. ઉત્પન્ન થતી નથી. રાગની ઉત્પત્તિ થાય છે. અથવા એ બાધકપણું ઉત્પન્ન થાય છે. તેથી..

મુમુક્ષુ :- જ્ઞાનમાત્ર કહીને એના અવલંબનનું તો કીધું છે અને અહીંયાં જ્ઞાનને ભેદમાં નાખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનમાત્ર કહેતા આખો પારિણામિકભાવ લેવો છે. નામ જ્ઞાનનું પાડ્યું ત્યાં. જ્ઞાનમાત્ર કહેતા પારિણામિકભાવને જ્ઞાનમાત્ર કહો, જ્ઞાયક કહો,

સ્વભાવ કહો, ધ્રુવ કહો બધું એક જ છે. એ તો જુદા જુદા એના નામ છે અધ્યાત્મભાષાના. જ્ઞાનમાત્ર કહેતા આખો પારિણામિકભાવ લઈ લેવો છે. એકલો જ્ઞાન ગુણ નથી લેવો. અનંત ગુણનું એકરૂપ લેવું છે.

એ તો અનેકાંતમાં એ વસ્તુ ખોલી છે 'અમૃતચંદ્રાચાર્યદેવે' કે અમે અહીંયાં 'સમયસાર'ના આત્માને જ્ઞાનમાત્ર કહ્યું એના ઘણાં કારણો છે. એક તો લક્ષ-લક્ષણથી ઓળખાવવો છે. બીજું, જ્ઞાનમાત્ર કહેતા રાગાદિ અને પરથી ભિન્ન પાડવો છે. ત્રીજું, જ્ઞાનમાત્ર કહેતા અનંત ગુણોથી અભેદ બતાવવો છે. આવા બધા પડખાથી જ્ઞાનમાત્ર કહેવું છે આનું નામ અનેકાંત છે. એમ કરીને અનેકાંતનું પરિશિષ્ટ લખ્યું છે. આનું નામ અનેકાંત છે. એ જ્ઞાનમાત્રમાં અનેકાંતપણું સ્થાપ્યું છે. એ 'અમૃચંદ્રાચાર્ય' પરિશિષ્ટની અંદર બહુ મહત્ત્વના વિષયનો સમાવેશ કર્યો છે.

'**તેથી પરમપારિણામિકભાવરૂપ અનંતગુણસ્વરૂપ અભેદ...**' અભેદ શબ્દ સાથે લીધો. જોયું? કારણ કે અનંત ગુણ કહેતા અનંત ગુણના ભેદ ઊભા થઈ ગયા. અહીંયાં ભેદની વાત નથી કરવી. '**અનંતગુણસ્વરૂપ અભેદ એક ચેતનદ્રવ્યનો જ-અખંડ પરમાત્મદ્રવ્યનો જ-આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ દેવી, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે.**' આ ધર્મ કરવાની વિધિ છે. ખરેખર તો આ વિધિનો બોલ છે. વસ્તુનું સ્વરૂપ દર્શઆવ્યું હોવા છતાં સાથે સાથે મુખ્યપણે આમાં વિધિ બતાવી છે.

'**તેથી પરમપારિણામિકભાવરૂપ...**' જે અભેદ અખંડ એક ચેતન પરમાત્મદ્રવ્ય છે, નિજ ચૈતન્ય પરમાત્મદ્રવ્ય છે, જેમાં અનંત ગુણોનો સમાવેશ અભેદપણે છે. ભેદરૂપે નથી. તેનો જ્ઞાનથી પણ આશ્રય કરવો. શ્રદ્ધામાં? તો કહે ત્યાં જ દૃષ્ટિ દેવી. આચરણમાં? તો એનું જ ચરણ અને શરણ લેવું. અને એકાગ્રતામાં તેનું જ ધ્યાન કરવું. બધા ગુણો, સમગ્ર ગુણોથી એકમાં જવું. સમગ્ર ગુણો દ્વારા એકમાં જ વ્યાપ્ય-વ્યાપકભાવે એકનું જ અવલંબન લેવું. સમગ્ર ગુણોથી એકનું અવલંબન લેવું. કોઈ ગુણ બીજાનું અવલંબન લે, ભેદનું અવલંબન લે એ વાત મંજૂર કરવામાં આવતી નથી.

'**તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, કે જેથી અનંત નિર્મળ પર્યાયો...**' સર્વ ગુણોની, અનંત ગુણોની, સર્વ ગુણોની '**નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે.**' આપોઆપ જ ખીલી ઊઠશે. પર્યાયને નિર્મળતા પ્રગટ કરવા માટે આ સિવાય બીજી કોઈ વિધિ નથી. અથવા તો પર્યાયનું પણ એમાં અવલંબન નથી. પર્યાયની મુખ્યતા નથી અને પર્યાયનું એમાં અવલંબન નથી. આ વિધિ છે. ભલે પર્યાયને નિર્મળ કરવી છે તો પણ પર્યાયની મુખ્યતા નથી અને પર્યાયનું અવલંબન નથી. આ વાત રાખીને

બધી પર્યાયની ચર્ચા છે.

પર્યાયની ચર્ચા વિશેષ છે શાસ્ત્રની અંદર. કેમ કે ગડબડ ત્યાં છે. અને તેનો સુધારો માગે છે. એટલે એની ઘણી ચર્ચા છે. વળી એમાં ગડબડ ને જે અવગુણ છે એના પ્રકાર અનેક છે. એના Stage અનેક છે. એટલે એની ચર્ચાનો વિષય બહોળો થઈ જાય છે, વિશાળ થઈ જાય છે. એમ હોવા છતાં, એ બધું હોવા છતાં તે પર્યાયનું મહત્ત્વ નથી, તે પર્યાયનું એકત્વ નથી, તે પર્યાયની વિશેષતા નથી. ધ્રુવ પાસે બધું જ ગૌણ (છે). આમ રાખીને વાત છે.

મુમુક્ષુ :- ટૂંકમાં બધું હેઠ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનાથી બધુ હેઠ છે. ક્યાંય એની મુખ્યતા નથી. એવી રીતે એ વાત સમજવાની છે.

'ગુરુદેવ' કેરીનું દૃષ્ટાંત આપતા હતા. કે કેરીની મોટી બનાવવી હોય. નાની-નાની ખાખટી આવે આંબા ઉપર મોર આવે. ફળ બેસે. મોટી કરવી હોય તો ત્યાં પાણીની ડોલ લઈ જાય તો બધું ખરી જાય. કોર આવેલો બધો, મોર આવેલો બધો ખરી જાય અને ખાખટી નાની કેરી બેઠી હોય તો બગડી જાય. પાણીની ડોલ ત્યાં લગાડાય નહિ. મૂળમાં પાણીનું સિંચન કરવું જોઈએ. મૂળમાં પાણીમાં પાવું પડે.

એમ પર્યાયને પરિપક્વ કરવા માટે પર્યાયની મુખ્યતા જો કરવા જાય તો પર્યાયની હાલત બગડી જાય, પર્યાય બગડી જાય. હવે ચર્ચા પર્યાયની ઘણી છે. તો પણ પર્યાયની મુખ્યતાની વાત ક્યાંય નથી. આ વિશિષ્ટ વાત છે. પર્યાયનું અવલંબન ક્યાંય લેવડાવ્યું નથી. ક્યાંય પર્યાયનો આશ્રય લેવાડાવ્યો નથી. એ વાત મર્યાદા રાખીને જ બધી પર્યાયની ગમે તેટલી પીંઝણ થાય પર્યાય સંબંધીની આટલી મર્યાદા રાખીને (વાત છે).

**'અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે.'** એનું કારણ કે પરમપારિણામિકભાવનો આશ્રય કર્યો છે તેથી. પર્યાયનો આશ્રય કરવાથી પર્યાય ખીલશે નહિ. એ પ્રશ્ન થાય છે કે મુનિદશાની ભાવના ભાવી છે, 'શ્રીમદ્જી'એ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? એ મુનિદશાની ભાવના ભાવતા... ભાવતા... ભાવતા... એમાં અરિહંત દશાની ભાવના પણ એમાં આવે છે કે આવું તેરમું ગુણસ્થાન પ્રગટ થશે. અપૂર્વ અવસર આવશે. આવું અયોગી ગુણસ્થાન પણ મને પ્રગટ થાય. એવો મને અપૂર્વ અવસર ક્યારે આવે? એ બધી વાત આવે છે. તો કહે છે, એમાં આશ્રય અને અવલંબનની વાત નથી. ત્યાં ચોખવટ આ જ છે. એની ભાવના દેખાય, એની અભિલાષા દેખાય. ચોખ્ખા શબ્દોમાં એમ કહે કે એવો મને અપૂર્વ અવસર ક્યારે આવશે? પણ મુનિદશા

તો અધૂરી અવસ્થા છે, અલ્પ વિકસિત અવસ્થા છે. ભલે સયોગી અયોગી પરમાત્મ દશા નથી પણ આ તો સાધકદશા છે તો પણ એની ભાવના ભાવી છે.

તો એ ભાવનાની અંદર સામાન્ય વાત એ છે કે પોતે નિર્દોષતાનો અભિલાષી હોવાથી પોતાનું સ્વરૂપ પરિપૂર્ણ નિર્દોષ હોવાને લીધે અવસ્થામાં પણ પરિપૂર્ણ નિર્દોષતાની જ એને અભિલાષા હોવાથી વર્તમાન દશા કરતા મુનિદશા નિર્દોષ છે. મુનિદશા કરતાં ઉપર ઉપરના ગુણસ્થાનોની દશા નિર્દોષ હોવાથી નિર્દોષતાની ભાવના એમાં રહેલી છે. નિર્દોષતાની ભાવનામાં નિર્દોષ સ્વભાવભાવની ભાવના રહેલી છે. પણ એક સમયની અવસ્થાનું અવલંબન લેવાની ક્યાંય વાત નથી. આ વાત તો એને બરાબર સમજાવી જોઈએ.

**'માટે દ્રવ્યષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો.'** શું કહે છે? માટે દ્રવ્યષ્ટિ કરીને. અહીં આ શ્રદ્ધાનો વિષય લીધો. અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈને, એ જ્ઞાનનો વિષય લીધો. તેનું અવલંબન કરો. એ ચારિત્રનો વિષય લઈ લીધો. શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી. ત્રણે વાત આવી ગઈ. **'માટે દ્રવ્યષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ, વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે.'** આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ છે એને બહુ જ સાદી ભાષામાં એક શબ્દમાં કહેવું હોય તો તે નિજ સ્વરૂપનો આશ્રય છે. બીજું કાંઈ નથી. પરમપારિણામિકભાવ કહો કે નિજ સ્વરૂપ કહો, એનો એક આશ્રયમાત્ર છે. બીજું કાંઈ નથી. શાસ્ત્રભાષાએ એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી કહો. બહુ ઘરગથ્થુ સાદી ભાષાએ એમ કહો કે પોતાનો આશ્રય કરવો એમ કહો. પોતાના સ્વરૂપનો આશ્રય કરવો એમ કહો. સાવ ટૂંકુ ને ટચ છે.

મુમુક્ષુ :- ત્રિકાળ હયાત છે, આ તો બહુ સહેલું...

પૂજ્ય ભાઈશ્રી :- પોતે સદા હયાત છે. પરમાત્મસ્વરૂપે હયાત છે અને સ્વઘરને પોતાના નિજઘરને પકડીને બેસી રહેવાની વાત છે. આથી જુદી કોઈ લાંબી-ટૂંકી વાત નથી. આટલી જ વાત છે. આ 'નિયમસાર'નું તાત્પર્ય ચાલે છે. 'નિયમસાર'નું આ તાત્પર્ય છે.

**'આત્મા અનંતગુણમય છે પરંતુ દ્રવ્યદષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી,...'** કેમ કે દૃષ્ટિ છે એને તો કોઈ ભેદને ગ્રહણ કરવાનો એનામાં ધર્મ નથી, એનો ગુણ નથી. એના પરિણમનનો એ પ્રકાર જ નથી કે એ ભેદને ગ્રહણ કરે. એટલે આત્મામાં અનંત ગુણો ભેદ અપેક્ષાએ હોવા છતાં પણ જે દ્રવ્યષ્ટિ છે એ તો ગુણોના કોઈ

ભેદને ગ્રહણ કરતી નથી. તો એ શું કરે છે?

**'તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે.'** દૃષ્ટિનું કાર્ય તો પોતાના નિજ પરમાત્મસ્વરૂપને અભેદપણે સ્વસ્વરૂપે ગ્રહણ કરી લેવું. વ્યાપ્ય-વ્યાપકભાવે પ્રસરીને ગ્રહણ કરી લેવું અને તન્મય થઈ જવું એ જ દૃષ્ટિનું કાર્ય છે. બીજા ગુણો પણ એ જ રીતે તન્મય થશે ત્યારે એનું કાર્ય સિદ્ધ થશે. જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી એના કાર્યમાં ખામી રહેશે. પણ દૃષ્ટિ પહેલેથી કામ કરી લે છે. એનો ધીમે ધીમે કામ કરવાનો એનો સ્વભાવ નથી એટલા માટે.

મુમુક્ષુ :- બીજું કરવું પડશે ને? ઘરનું કાંઈક કરવાનું...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કાંઈ કરી શકતો જ નથી. બીજું તો કરી શકતો જ નથી. એ વાત એમ રાખવી. એ કરી શકાતું જ નથી. જેટલો વિકલ્પ ઊઠે છે એટલો દોષ થાય છે. જેટલો વિકલ્પ ઊઠે છે એટલો દોષ થાય છે. બાકી આત્મા કરી શકતો નથી. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- આ એક જ કામ કરી લેવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ કરી શકે છે અને આ કર્તવ્ય છે. કરી શકે છે અને કર્તવ્ય છે. ઓલો કરી શકતો નથી અને કર્તવ્ય પણ નથી. બેય વાત ચોખ્ખેચોખ્ખી છે. અહીં સુધી રાખીએ...

## તા. ૮-૦૪-૧૯૮૮, વચનામૃત- ૩૫૩, ૩૫૪
## પ્રવચન નં. ૨૭૨

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૫૩ ચાલે છે. છેલ્લો Paragraph બાકી છે. **'આ પંચમ ભાવ પાવન છે, પૂજનીય છે.'** આ પંચમ ભાવ ચાર ભાવથી જુદો પરમપારિણામિકભાવ નિજ પરમેશ્વરપદ પાવન એટલે પવિત્ર છે. એમાં દોષ નથી. કલંક નથી, મલિનતા નથી. તેથી તે પરમપવિત્ર છે. પૂર્ણ પવિત્ર છે. પાવન છે એટલે પૂર્ણ પવિત્ર છે. અને પૂજનીય છે. પોતાને તે પૂજવાયોગ્ય છે. પોતે જ પોતાને નમસ્કાર કરવા યોગ્ય છે. પોતે જ પોતાને પૂજવા યોગ્ય છે. પોતે જ પોતાને વંદવા યોગ્ય છે. પોતે જ પોતાને સ્તુતિ કરવા યોગ્ય છે. કેમ કે ગુણભંડાર આત્મા પોતે જ છે. **'તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે,...'** એના આશ્રયથી **'સાચું મુનિપણું આવે છે, શાન્તિ અને સુખ પરિણમે છે, વીતરાગતા થાય છે, પંચમ ગતિની પ્રાપ્તિ થાય છે.'** વસ્તુ એટલી મહાન છે કે તેની સન્મુખ થનાર અવસ્થામાં સન્મુખ થતા જ સમ્યગ્દર્શન પ્રગટે છે. વધારે સન્મુખ રહે તો મુનિદશા ઉત્પન્ન થાય છે. દશા એકદમ સુખ-શાંતિમય થઈ જાય છે. સન્મુખ થનારી દશા એકદમ સુખશાંતિરૂપ થઈ જાય છે. અથવા નિરામય થઈ જાય છે. કોઈપણ પ્રકારનો એમાં રોગ રહેતો નથી. અથવા કોઈપણ પ્રકારનો અશાંતિનો ઉપદ્રવ એમાં રહેતો નથી. સર્વાંગ સમાધાન આવે છે. ક્યાંય સમાધાન થતું નથી.

કોઈ પણ જગતમાં ચિત્ર-વિચિત્ર અનેક પ્રકારના પ્રસંગો ઉપસ્થિત થાય છે, જગતની વિચિત્રતાનો આ બાજુ પાર નથી. તો આ બાજુ જીવનું સમાધાન સ્વસન્મુખભાવમાં રહેલું, થયેલું સમાધાન એ એનાથી પણ વિશિષ્ટ છે. આગળ છે એ તમામ વિચિત્રતાનું ઉલ્લંઘન કરીને પોતે સમાધાનમાં રહે છે. એનાથી પાર છે. જો વિચિત્રતા અપાર છે તો એનાથી પણ આ અપાર છે એમ છે. અથવા જ્ઞાની એમ કહી શકે કે એવી કોઈ પણ સમસ્યા લાવો કે જેનું સમાધાન સમ્યગ્જ્ઞાનમાં નથી. એમ ખુલ્લી Challange આપી શકાય એવું છે. સમ્યગ્જ્ઞાનમાં કોઈ એવી સમસ્યા નથી કે જેનું સમાધાન ન હોય. એવા સમાધાન સહિત સુખ શાંતિમાં પરિણમે છે. એમાં વીતરાગતા થાય છે, પંચમગતિની પ્રાપ્તિ થાય છે. અને મોક્ષગતિની મોક્ષદશાની પ્રાપ્તિ થાય. જન્મ-મરણ છૂટી જાય છે. પંચમગતિએ પ્રાપ્તિ થતા પછી જન્મ-મરણ ઉત્પન્ન થતા નથી. એ ૩૫૩ પૂરો થયો.

**તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઈત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમકાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમના ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો. ૩૫૪.**

૩૫૪ માં 'ગુરુદેવશ્રી'નો મહિમા કહ્યો છે. સાથે સાથે આ વિશ્વની અંદર અનેક સંપ્રદાયો પ્રવર્તે છે એમાં સત્ય ક્યાં રહ્યું છે એ વાતની પણ જાહેરાત કરી છે.

'**તીર્થંકરભવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે.**' જેનો પક્ષ લીધો, સંપ્રદાય અપેક્ષાએ જેનો 'ગુરુદેવે' પક્ષ લીધો એ જ સંપ્રદાયમાં પક્ષ લેનારનો વિરોધ કરે. મૂર્ખાઈ તે કાંઈ થોડી નથી. માણસો પક્ષમાં રહેવા માટે ખર્ચ કરે, લાંચ-રુશ્વત આપે, પ્રલોભનો આપે, માન આપે, પોતાના સિદ્ધાંતોની બાંધછોડ કરે અને જેમ-તેમ કરીને પોતાના પક્ષમાં લે. પક્ષને મજબૂત બનાવવા. અને જેનાથી પક્ષ મજબૂત થાય એવા સમર્થ પુરુષો એ પક્ષનું સમર્થન કરે તો મૂર્ખાઓ એનો વિરોધ કરે.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' કહ્યું ને ગાંડાના કાંઈ ગામ થોડા હોય?

પૂજ્ય ભાઈશ્રી :- આવું જ મેં કહ્યું હતું. આવ્યા હતા ને Delegation લઈને. આ વાત કરી હતી. આ એક દિગંબર સંપ્રદાયમાં રહેલા લોકોની વિચિત્રતા મને નથી સમજાતી. હું તો બહારથી આવું છું. પણ 'ગુરુદેવ' અમારા બહારથી આવે છે. હું બહારથી આવું છું. સંપ્રદાયમાંથી નથી. પણ જગતમાં તો લોકો સંપ્રદાયોને વધારવા કાંઈક-કાંઈક કરે છે. આ ક્રિશ્ચનો જુઓ, મુસલમાનો જુઓ. કેટલું-કેટલું કરે છે એના સંપ્રદાય વધારવા! અમે તો અમારા પૈસાનું સમર્પણ કરીએ, અમારી શક્તિનું સમર્પણ કરીએ. તમારી તાકાત વધે. અમારી શક્તિથી તમારી તાકાત વધે. તમે ઊલટાનો વિરોધ કરો છો. આ તે શું છે? કાંઈ સમજણનો થોડોક તો અંશ હોવો જોઈએ કે નહિ? શાંતિથી સાંભળી લેતા હતા. વિચાર તો કરે ને?

મુમુક્ષુ :- આપણાવાળા જ કરે, એ તો કરે પણ આપણાવાળા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- દુર્ભાગ્યની નિશાની છે. દુષમકાળનું દુર્ભાગ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જૈન પથદર્શક વાંચ્યું લાગે છે. બરાબર છે. મેં પણ કાલે જ વાંચ્યું. 'કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટમાં' કહાન શબ્દ તો ખાલી પૈસા માટે લગાડેલો છે. કેટલાક 'કાનજીસ્વામી'ના પ્રવચન સાંભળવાવાળા લોકો આવતા હતા અને એ લોકો પૈસા આપવા તૈયાર હતા. પૈસા આપે એવું હતું એટલે અમે એમાં 'કહાન' શબ્દ ઉમેર્યો. નહિતર અમે તો 'કહાન' શબ્દ કાંઈ લગાડવાના નહોતા. અને ખરી વાત છે, પહેલા વિરોધ થયો હતો. આ ટ્રસ્ટમાં 'કાનજીસ્વામી'નું નામ ન લગાડવું. પછી મુખ્ય-મુખ્ય માણસોની ચર્ચા ચાલતી હતી. અમે બધા સાથે હતા. પૈસા કોણ આપશે? આ દિગંબરો કાંઈ ખર્ચ કરતા નથી. પૈસા આપતા નથી. જે પૈસા આપે છે એ આ લોકો જ આપે છે-'કાનજીસ્વામી'વાળા જ આપે છે. એનું નામ હશે તો પૈસા આવશે. નહિતર પૈસા કોણ આપશે? એટલે એમને એ ખ્યાલ છે એટલે એમ કે પૈસા માટે આ કર્યું હતું. એમને બોલતા ખ્યાલ નથી રહ્યો કે આમાં બુદ્ધિનું પ્રદર્શન પણ થાય છે.

મુમુક્ષુ :- એ વખતે તો ઉપકાર...

પૂજ્ય ભાઈશ્રી :- એમની આજ્ઞાથી જ શરૂ થયું છે.

મુમુક્ષુ :- ઉપકાર ગણીને નામ લખે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપકાર ગણીને નામ લખે. જે ચર્ચા કરનારાઓ હતા એમાં ઉપકારની લાગણી નહોતી. એમાં પૈસાની ગણતરી હતી. Frankly કહીએ તો એમ જ વાત હતી. ઉપકાર-કુપકારની તો તે દિ'એ વાત નહોતી. પણ પૈસા જોતા હતા. ખરી વાત હતી. એક કરોડનો Target હતો અને પૈસા જોતા હતા. રાખવું કે ન રાખવું? બે મત પડ્યા એની અંદર. કોઈ કહે ન રાખવું, કોઈ કહે રાખવું. પછી કહે નહિ રાખવાથી શું નુકસાન? અને રાખવાથી શું લાભ? નહિ રાખવાથી શું લાભ? ચર્ચા તો થાય સાથે સાથે. આપણો પહેલો ધ્યેય છે કે પૈસા ભેગા કરવા છે. પૈસા વગર કોઈ કામ થવાનું નથી. આ તો બાહ્ય પ્રભાવનાના કામ કરવા હતા. મોટું Fund કરવું છે.

'ગુરુદેવ'નું નામ હશે તો પૈસા આવશે. નહિતર પૈસા નહિ આવે. લોકોને 'ગુરુદેવ' પ્રત્યે એટલું સમર્પણ છે. 'ગુરુદેવ'ના સમાજને. એના નામ હોય તો સમજ્યે, વગર સમજ્યે પણ પૈસા આપે. આપ્યા લોકોએ પૈસા. .... પણ એ સિવાય 'ગુરુદેવ'ની

આજ્ઞા લીધેલી શરૂ કરતાં પહેલા. 'ગુરુદેવ'ના આશીર્વાદથી થયું. એના બદલે દેષભૂષણના ... આચાર્યના આશીર્વાદથી શરૂ કર્યું છે, એવું બધું Statement આપ્યું છે. ઘણી ગડબડ છે. 'ટોડરમલ સ્મારક'માં પણ એમ 'ગુરુદેવ'થી શરૂ થયું છે એ નથી લીધું. બધા ટ્રસ્ટોનો ઇતિહાસ કહેવા બેઠા છે પણ ઘણી ગડબડ કરી છે. મતિ ફરી જાય ત્યારે એવું થઈ જાય. લોકસંજ્ઞાએ લોકોને સારું લગાડવા ગમે તેમ લઈ લેશે.

મુમુક્ષુ :- ટોડરમલ સ્મારકના ખાતમુહૂર્તથી લઈને બધામાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગુરુદેવથી જ .. થઈ છે. એ તો (એક મુમુક્ષુ) 'ગુરુદેવ'થી પ્રભાવિત થયા હતા. ગુરુદેવના નિમિત્તે જ થયું છે એ તો. 'ગુરુદેવ'નો જ ઉપકાર છે.

'ગુરુદેવ'નો ઉપકાર છે તેથી 'ગુરુદેવ'નો મહિમા આવે છે કે '**તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ...**' અત્યારે સંપ્રદાયમાં અનેક પ્રકારની વિકૃતિ આવી છે એવો જૈન ધર્મ નહિ. અત્યારે દિગંબર સંપ્રદાયમાં રહેલા લોકો જે રીતે દિગંબર ધર્મને સમજે છે એ દિગંબર જૈન ધર્મનું સ્વરૂપ નથી. મૂળ દિગંબર જૈનધર્મ. બે હજાર વર્ષો પહેલાના શાસ્ત્રોથી શોધીને એનું સત્ય સ્વરૂપ ગુરુદેવે પ્રકાશ્યું. એ કોઈ નવો ધર્મ પ્રકાશ્યો છે એમ પણ નથી.

મુમુક્ષુ :- જેને વાસ્તવિક રીતે ઉપકાર થયો હોય અને જેને ઉપકાર ન થયો હોય એની ...માં ઘણો ફેર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ફેર પડે. સ્વભાવિક છે. ઉપકાર તો ઉપકાર નીચે દબાયેલો રહે. જેને ઉપકાર થયો છે એ તો ઉપકાર નીચે દબાયેલો છે. પ્રત્યુપકાર વાળાવાનું કોઈ મારી પાસે સાધન નથી. એને એમ લાગે છે કે આ મહાપુરુષનો પ્રત્યુપકાર વાળવાનું કોઈ સાધન મારી પાસે નથી. એવો ઉપકાર અનુપમ ઉપકાર છે. જેને ઉપકાર નથી એ તો ગમે તેમ સ્વચ્છંદમાં ... બોલી શકે.

મુમુક્ષુ :- આત્માની ...

પૂજ્ય ભાઈશ્રી :- શું થાય? વિષય એવો છે. અસાધારણ ઉત્કૃષ્ટ વિષય છે, સર્વોત્કૃષ્ટ વિષય છે.

મુમુક્ષુ :- ચર્ચા વિરોધીઓની ક્યાં ચાલતી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નહોતી ચાલતી. એના કરતા તો વેદાંતમાં ઘણી ચર્ચા ચાલે છે. વેદાંતની અંદર ઘણી ચર્ચા ચાલે છે. કેમે કે એ લોકોએ સત્-ચિત્ અને આનંદ સ્વીકાર્યું છે. સત્-ચિત-આનંદ સ્વીકાર્યું છે અને પોતાનું જે સ્વરૂપ છે Self realisation એને એ લોકો સ્વીકારે છે. અનેક પ્રકારના વિકારોનો નાશ કરીને અંતર્મુખ થવાય છે એટલી વાત એ સ્વીકારે છે. મનને બહિર્મુખપણું છે એમાં અનેક પ્રકારના

વિકારોની ઉત્પત્તિ છે અને અંતર્મુખ થાય તો એને સત્-ચિત્ અને આનંદ સ્વરૂપની અનુભૂતિ થાય. એ વાત તો એ પણ સ્વીકારે છે. એટલી હદ સુધી તો ત્યાં વાત છે.

મુમુક્ષુ :- ...વાત છે તે મનથી ઓળંગીને વાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- મનથી ઓળંગીને વાત છે. પણ એ લોકો મનને લે છે. એને તો એ વિષય નથી મનને. પછી એમ કહે છે કે એમાં મતિ છે એ બુદ્ધિપૂર્વકથી આગળનું Stage છે. બુદ્ધિપૂર્વકની કોઈ પ્રવૃત્તિ ત્યાં નથી. Beyond intelligence જાવું પડે. એટલી વાત આવે છે.

આ તો સાંગોપાંગ '**તીર્થંકરોભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈનધર્મ જ સત્ય છે એમ 'ગુરુદેવે' યુક્તિ-ન્યાયથી...**' અંધશ્રદ્ધાથી નહિ પણ '**યુક્તિ-ન્યાયથી સર્વપ્રકારે...**' એટલે ચારે પડખેથી સ્પષ્ટપણે સમજાવ્યું છે. શા માટે આ ધર્મ સત્ય છે? કોઈ બાપ-દાદાના ધર્મનો પક્ષ નથી રાખ્યો. કુળધર્મનો પક્ષ રાખ્યો નથી. આ સત્ય છે. સત્યનો પક્ષ કર્યો છે.

મુમુક્ષુ :- ગુરુદેવ સ્થાનકવાસી સંપ્રદાયમાંથી આમાં આવ્યા ત્યારે તો એમને ઉદય તો આ જાતનો હતો નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉદય કરતાં પણ પુરુષાર્થે કામ કર્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાન પલટીને જ્ઞાન થયું ને. 'સમયસાર' જ્યારે હાથમાં આવ્યું, એ પહેલા સંશોધક અવસ્થા હતી એમાં અજ્ઞાન છે એ ઢીલું થઈ ગયું. સત્ય શું છે એ મારે ખોળવું છે. સંપ્રદાયમાં જ્યાં હતા ત્યાં સત્ય ખોળવા ગયા ત્યાં અસત્ય સીધું હાથમાં પ્રકાશિત થઈ ગયું. કે આ લોકો મૂર્તિને માનતા નથી. આત્માર્થી પણ નથી. એટલે અસત્ય હતું એ પકડાઈ ગયું કે અહીંયાં તો ઊભું રહેવાય નહિ. ત્યારે સત્ય શું છે? શ્વેતાંબરના બાકીના આગમ વાંચી લીધા. પછી દિગંબરના વાંચવામાં પહેલું 'સમયસાર' હાથમાં આવ્યું. 'સમયસાર' હાથમાં આવ્યું, પ્રકાશ થઈ ગયો. અજ્ઞાન મટી ગયું. જ્ઞાન થઈ ગયું. એ પુરુષાર્થથી કર્યું છે, ઈ કામ પુરુષાર્થથી થયું છે. ઈ ઉદયથી નથી થયું.

મુમુક્ષુ :- હા, .... ઉદયથી જુદા પડીને જ થઈ શકે, ઈ પહેલાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ પહેલા તો સત્ય શું છે એની જિજ્ઞાસા અને એની જે શોધ છે એ મિથ્યાત્વને નબળું પાડે છે, અજ્ઞાનને નબળું પાડી દે છે. એવી જ ભૂમિકા ઊભી થાય છે.

મુમુક્ષુ :- એ ઉદયિકભાવ નહિ ને?

પૂજ્ય ભાઈશ્રી :- ના, છે ઉદયિકભાવ પણ છતાં એમાં ફેર છે. ઉદયિક-ઉદયિકભાવમાં ફેર છે. મિથ્યાદૃષ્ટિ તો સમ્યક્સન્મુખ છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. અને જગતમાં નિગોદનો જીવ છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. મુસલમાન પણ મિથ્યાદૃષ્ટિ છે. ક્રિશ્ચન પણ મિથ્યાદૃષ્ટિ છે અને જૈનાભાસી પણ મિથ્યાદૃષ્ટિ છે અને સમ્યક્ સન્મુખ (થયો છે એ) પણ મિથ્યાદૃષ્ટિ છે. પણ બધા મિથ્યાદૃષ્ટિમાં સમ્યક્સન્મુખ મિથ્યાદૃષ્ટિ છે એ સમ્યક્ પામવાની ઊર્ધ્વ શ્રેણીમાં છે. ઉત્તરોત્તર એવા પરિણામની શ્રેણી એને ઉત્પન્ન થાય છે કે મિથ્યાત્વને ત્યાગીને સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરશે. તો એનો વર્ગ જુદો છે પછી.

મુમુક્ષુ :- એમાં પુરુષાર્થ તો છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં પુરુષાર્થ છે. એમાં પુરુષાર્થ છે. પણ હજી શું છે કે સ્વાનુભવ નથી થયો એટલે એને ઉદયભાવથી બીજો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક જે સમ્યક્ પ્રકારના ત્રણ મોક્ષના પરિણામ છે એ એને લાગુ નથી પડતા. એટલે ચાર ભાગમાંથી કોઈ પૂછે કે આ ચારમાંથી કયો પ્રકાર છે તો શું કહેવું? કે ઉદયભાવ છે. વિષય તો ચારનો ચાલે છે ને? આગલા બોલનો. ઉદય છે? ઉપશમ છે? ક્ષયોપશમ છે? કે ક્ષાયિક છે? તો છે હજી ઉદયભાવ. પણ છતાં ફેર છે. ફેર છે એ ફેર છે એટલું જાણવું જોઈએ. સમજવું જોઈએ.

મુમુક્ષુ :- ... પ્રાપ્ત થયા પહેલા તો સીધો દિગંબર ધર્મ ... એટલે દિગંબરમાં આવવાનો જે ઉદય છે એ તે વખતે તો પહેલા થયો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બહારનો લેબાસ અને બધો વેશ તો સ્થાનકવાસીનો રહ્યો. પણ અંદર સત્ય આ છે એમ ભાવ તો ફરી ગયો હતો. ભાવ ફરી ગયો હતો. દ્રવ્યે ફેરફાર નહોતો થયો પણ ભાવે ફેરફાર થઈ ગયો હતો. 'સમયસાર' હાથમાં આવ્યા પછી. આત્મા અંદરથી માંહેથી ફરી ગયો. પછી જે બહારનો ફેરફાર છે એ એના સ્વકાળે થયો. ભાવની સાથે તો અંદર રહે. અંદરને ભાવની સાથે સંબંધ છે. બહારના ભાવની સાથે સંબંધ ત્યાં નથી હોતો. ઈ ભૂમિકામાં.

મુમુક્ષુ :- આ અશરીરી થવાનું શાસ્ત્ર છે, ઈ વખતે જ તડ પડી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરમસત્ય હાથમાં આવી ગયું. અશરીરી એવો જે સિદ્ધ આત્મા-શુદ્ધ આત્મા-સિદ્ધ આત્મા, બરાબર એનો પત્તો લાગી ગયો. પરમસત્ય હાથમાં આવી ગયું બસ. બધો ફેરફાર થઈ ગયો. આ જ સાચું અને આ સિવાયનું આથી વિરુદ્ધ જાય એ બધું ખોટું. આને જેટલો અનુકૂળ રહે એટલો માર્ગ સાચો.

મુમુક્ષુ :- ...આવે છે કે આ અશરીરી શાસ્ત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- અશરીરી થવાનું શાસ્ત્ર છે. અશરીરી એવા આત્માને બતાવનારું આ અશરીરી થવાનું શાસ્ત્ર છે. એટલે સિદ્ધપદનું આ શાસ્ત્ર છે. સિદ્ધપદનું પદ જ આ ... છે. એમ જ થાય. થાય એમાં એમ જ થાય. સિદ્ધપદનો જ પત્તો લાગે છે.

મુમુક્ષુ :- ...ઊર્ધ્વતા છે અને પેલામાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા એવું છે. એ તો અધઃપતનનો માર્ગ છે. એક ઊર્ધ્વ ગમનનો માર્ગ છે, એક અધઃપતનનો માર્ગ છે. અને જગતમાં આ બે જ માર્ગ છે, ત્રીજો કોઈ માર્ગ નથી.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિ હોવા છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે મિથ્યાદષ્ટિ હોવા છતાં એ ઊર્ધ્વતામાં જઈ મિથ્યાત્વનો નાશ કરશે. એમ છે.

આ જ સત્ય છે '**એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે.**' જૈનમાં ને જૈનમાં નામધારી બીજા સંપ્રદાયમાં પણ અંતરબાહ્ય, વ્યવહારથી બાહ્ય વ્યવહારથી માંડીને અંતરંગ તત્ત્વજ્ઞાનની પરિસ્થિતિને પરીક્ષા કરવામાં આવે, તપાસવામાં આવે, એનું તોલન કરવામાં આવે તો દિગંબરની સાથે કોઈ આવી શકે એવું નથી. એ તો નિર્વિવાદ વસ્તુ છે. એટલું બધું અંતર છે કે એ અંતરની લગોલગ પણ કોઈ જઈ શકે એવું નથી. એટલું બધું અંતર છે એની અંદરનું. એટલી અંતર-બાહ્ય નિર્દોષતા છે.

'**માર્ગની ઘણી છણાવટ કરી છે.**' વ્યવહાર-નિશ્ચયથી મોક્ષમાર્ગની ઘણી છણાવટ કરી છે. બધા પડખેથી, અનેક પડખેથી અનેક દાખલાથી દૃષ્ટાંતથી માર્ગ એટલે ઉપાય, માર્ગ એટલે વિધિ, માર્ગ એટલે સાધન, ભૂલ્યા છે એ સાધનમાં ભૂલ્યા છે. એટલે જે ભૂલ્યા છે એને સાધ્ય હાથમાં આવતું નથી. '**માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા,...**' શું શું વાત લીધી છે? એ પછી મુદ્દા લીધા છે. એક વિચાર એ આવ્યો કે જેઓ સ્થાનકવાસીમાં અને દેરાવાસીમાં પડ્યા હતા એ લોકોને જે આવવાનું કારણ બન્યું એ બહુ મોટી વાત થઈ ગઈ. નહિતર એ તો બિચારા નીકળી શકે કૂવામાંથી, સંપ્રદાયના કૂવામાંથી, જેમ કૂવામાંથી દેડકો કેવી રીતે બહાર નીકળે? ૨૫-૫૦ ફૂટ નીચે તળીયે પાણી હોય, અંદર દેડકું હોય, કૂવામાં જન્મ્યું. હવે એ ૫૦ ફૂટનો ઠેકડો મારે કેવી રીતે? અને એ કૂવામાંથી બહાર કેવી રીતે આવે? ૫૦-૧૦૦ ફૂટ નીચેથી દેડકું કે દિ' કૂવામાંથી બહાર નીકળે? આ સંપ્રદાયના દેડકાને બહાર કાઢી નાખ્યા 'ગુરુદેવે'. કૂવામાંથી બહાર કાઢ્યા છે.

મુમુક્ષુ :- સ્થાનકવાસી, શ્વેતાંબર છે એમ દિગંબરમાં પણ આવી ગયા ને?

પૂજ્ય ભાઈશ્રી :- દિગંબરમાં પણ મૂળ વસ્તુ તો હતી.

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો અત્યારે પણ એમ જ છે. ઈ અત્યારે એમ જ છે. એ પણ બિચારા કૂવામાં જ પડ્યા છે.

મુમુક્ષુ :- ... વાતની કિંમત અમને ખરેખર બહુ આવે દિગંબરોને.

પૂજ્ય ભાઈશ્રી :- એમ. સારી વાત છે.

હવે શું શું કર્યું? કે એક તો જાણે દ્રવ્યની સ્વતંત્રતા સમજાવી. જે છણાવટ કરી છે એ બધા વિષય લઈએ તો '**દ્રવ્યની સ્વતંત્રતા,...**' સમજાવી છે અને '**દ્રવ્ય-ગુણ-પર્યાય,...**' એ ઉપરાંત જે વસ્તુનું બંધારણ છે દ્રવ્ય-ગુણ-પર્યાયમય, એ સમજાવ્યું છે. '**ઉપાદાન-નિમિત્ત,...**'માં આખા જગતના જે ઝઘડા છે, ગેરસમજણ છે એનો ફેંસલો બોલાવ્યો છે. '**નિશ્ચય-વ્યવહાર,...**' નિશ્ચય મારું શું છે? અને એને અનુરૂપ મર્યાદિત જે બાહ્ય પ્રવૃત્તિ અને પરિણામ છે એનો વ્યવહાર સનાતન માર્ગમાં કેવી રીતે છે એ પણ સ્પષ્ટ કર્યું છે.

મુમુક્ષુ :- વ્યવહારને નિશ્ચય માની લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- બધે એમ જ છે. નિશ્ચયનું અજ્ઞાન હોવાને લીધે વ્યવહારને જ નિશ્ચય માનવામાં આવ્યો છે.

'**આત્માનું શુદ્ધ સ્વરૂપ,...**' આ મૂળ વિષય. આત્માનું મૂળ શુદ્ધ સ્વરૂપ. સમ્યગ્દર્શન શું છે? એનું શ્રદ્ધાન શું છે? એનું જ્ઞાન એટલે સ્વાનુભૂતિ શું છે? અને મોક્ષનો માર્ગ શું છે? સમયે સમયે ભાવબંધ અને દ્રવ્યબંધમાંથી છૂટવાનો જે મોક્ષનો ઉપાય છે એ શું છે? '**ઈત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે.**' આ બધા પ્રયોજભૂત વિષય લીધા છે. એક-એક બોલ લીધા એ બધા એકદમ પ્રયોજનભૂત વિષય લીધા છે. એકમાં પણ ભૂલ થાય; કોઈ એમ કહે કે નિશ્ચય તો અમે બરાબર સમજ્યા છીએ પણ વ્યવહારમાં અમારી ભૂલ થઈ ગઈ તો એ ભૂલ છે એમ નથી. નિશ્ચય-વ્યવહાર સાપેક્ષ છે. જોડકું છે અને ક્યાંક ભૂલ થાય તો વ્યવહારમાં ભૂલ થાય, કહેવાની જરૂર નથી કે નિશ્ચયમાં એ ભૂલ્યા જ છે. એવી રીતે નિમિત્ત-ઉપાદાનમાં છે. નિમિત્તનો વિવેક છૂટે, કહેવાની જરૂર નથી કે ઉપાદાનનો વિવેક થયો જ નથી એ પ્રકારે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- થયો નથી. ઉપલબ્ધ સાહિત્યમાં ઈતિહાસમાં અજોડ છે. આ

પ્રવચન રત્નાકર બહાર પડ્યા છે અને હજી બહાર પડતા જશે. તો એક નવો ઈતિહાસ જ સર્જાશે. જૈન સાહિત્યનો એક નવો ઈતિહાસ સર્જાશે. એમના નિમિત્તે ઉત્પન્ન થયેલા બીજા જ્ઞાનીઓ. આ 'બહેનશ્રીના વચનામૃત' બહાર પડ્યા તો એવું પુસ્તક પણ મળવું મુશ્કેલ છે. આ તો ઈ જ છે, એમાં જ આ વાત છે. એમના નિમિત્તે ઉત્પન્ન થયેલા 'સોગાનીજી'. 'દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ' પુસ્તક ગોત્યું જડે એવું નથી. એક નવો ઈતિહાસ છે. નવો યુગ સર્જ્યો છે, નવો ઈતિહાસ રચ્યો છે એમાં કોઈ સવાલ રહેતો નથી.

મુમુક્ષુ :- ...ઈ તો બેહદ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બેહદ. કામ તો કોઈ બેહદ થઈ ગયું છે એમાં તો કોઈ સવાલ નથી. એવા જ કોઈ સાતિશય પુણ્ય લઈને આવેલા. નહિતર આવા દુષમકાળમાં મારી નાખે લોકો. શું કરે? રીતસર મારી નાખે. અને કંઈક સંત-મહાત્માઓને મારી નાખ્યા છે. ભૂતકાળના ઈતિહાસમાં કંઈક સત્પુરુષોનો એવી રીતે ઘાત થયેલો છે. મુનિ હોય તો મુનિઓને મારી નાખે. આ 'ટોડરમલજી' જુઓ ને! 'ટોડરમલજી'નું શું થયું? જરાક માથું ઉચક્યું સંપ્રદાયોની સામે, એક પુસ્તક જે પૂરું નહોતું લખ્યું, અધુરું લખ્યું ત્યાં... સમાજની અંદર તો જેને પોતાનું કલ્પેલું હિત પણ ઘવાય છે કે આમાં અમને નુકસાન કરશે આ તો. એની હસ્તી ન હો. એને તો એવો જ ભાવ આવે કે એની હસ્તી ન હો. પછી તો આયુષ્ય ... હોવા નહિ હોવાને.

'**ઈત્યાદિ બધું...**' બધું એટલે કાંઈ બાકી નથી રાખ્યું એમ કહે છે. બધું એટલે? કાંઈ બાકી નથી રાખ્યું. જેને મોક્ષમાર્ગ પામવો છે એને અખંડ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય એવું બધું આવી ગયું છે. કોઈ ચીજ બાકી રાખી નથી. તે '**બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે.**' જાહેર થઈ ગયું-બહાર આવ્યું એટલે. આ કાળે...

અરે...! આ મહાપુરુષ આટલી બધી ચોખવટ કરીને ગયા છે. આ તો હથેળીમાં આમળો આપ્યો છે. પકડી લેશે. એ પોતાની સ્વતંત્રતાનો વિષય છે. સ્વતંત્ર પુરુષાર્થનો વિષય છે. સ્વતંત્ર ... વિષય છે. આ કાળે પણ લાભ થયો, ભવિષ્ય કાળે પણ અનેકને લાભ થશે. એવું સત્ય બહાર આવ્યું.

મુમુક્ષુ :- પંચમ કાળના છેડા સુધી.

પૂજ્ય ભાઈશ્રી :- પંચમ કાળના અંત સુધી 'ગુરુદેવે' જે માર્ગનો પાયો નાખ્યો છે-નીંવ નાખી છે એ માર્ગ પ્રકાશિત રહેશે. એમના નિમિત્તે અનેક ધર્માત્માઓ પ્રગટ થશે. અને એ રીતે દ્રવ્યે અને ભાવે મોક્ષમાર્ગ ચાલુ રહેશે. એ એમનો પ્રતાપ છે.

મુમુક્ષુ :- આ કાળમાં આવવાવાળા જીવો ભવિષ્યમાં આવવાવાળા જીવો સાહિત્ય વાંચીને પોતાનું હિત કરી લેશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કરી લે. સંસ્કારી હોય કોઈ.

મુમુક્ષુ :- અત્યારે નથી ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પાત્રતાનો સવાલ છે, આ તો યોગ્યતાનો સવાલ છે. એમાં કાંઈ સારું લગાડવા એમ કહેવાય કે ના, ના. તમે ઘણું કરો છો. શું પ્રશ્ન છે કે ભવિષ્યમાં કોઈ યોગ્યતાવાળા જીવો 'ગુરુદેવ'ના વચનોથી પામી જશે. સંસ્કારી. અને અત્યારે તો આપણને પ્રત્યક્ષ પરિચય થયો, પ્રત્યક્ષ યોગ મળ્યો. આટલું બધું સમજણ થાય એવું એવો આગળ-પાછળનો બધો મેળ છે અને ન પામી શકીએ. તો ઓલા આગળ કે આપણે આગળ? તો કાંઈ સારુ લગાડવા એમ કહેવાય કે અત્યારે તમે આગળ છો? પાછળ એ પાછળ અને આગળ એ આગળ. એમાં કાંઈ પક્ષપાત થોડો થાય એવો છે.

મુમુક્ષુ :- શું બોધ લેવો હવે આમાંથી?

પૂજ્ય ભાઈશ્રી :- ઝડપ કરવી. બોધ એ લેવો કે આ આત્માએ ઝડપ કરવી. અને આત્માના હિતની ઝડપ કરવી છે. બીજા કોઈ કામની ઝડપ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- લાભની તો વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- લાભની વાત છે. પોતાનું હિત કરી લેવું હોય તો આ તક છે. જેટલા આયુષ્યના સમય બાકી છે એમાં ઝડપ કરવી. નહિતર કાળ કોઈનો રોક્યો રોકાતો નથી.

**'ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે.'** કેમ કે એ પોતે ઉપસ્થિત હતા ત્યારે લખેલું, બહાર પડેલી વાત છે ને. **'ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે.'** એ શું જુદું ભાસ્યું છે પોતાને એ એમના અનુભવનો વિષય છે. એ કોઈ એમની વાણીમાં પણ એ વાત આવી શકે એવું નથી. એટલે આટલું કહીને અટકી જાય છે. એમના શ્રુતજ્ઞાનની ધારા કોઈ જુદી છે. નથી કોઈ સંસ્કૃત વ્યાકરણનો માસ્તર રાખ્યો કે પંડિત રાખ્યો. નથી પાઠશાળામાં કે જૈનશાળામાં ભણવા ગયા અને અંદરથી અધ્યાત્મના સૂક્ષ્મમાં સૂક્ષ્મ રહસ્યો ખોલ્યા છે. અંદરથી શ્રુતજ્ઞાનનો દરિયો ઉલ્લસ્યો છે અને એ દરિયાની અંદરથી કંઈક મોતી નીકળ્યા છે.

**'ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે.'** આ બધી વાત કરી તો એના પેટા ભેદની વાત કરી. પણ એ બધા

સમગ્ર વાતોને એક શબ્દની અંદર વાત લઈએ તો-તરવાનો માર્ગ. આ આત્મા આખા સંસારને તરીને સિદ્ધપદને લાધે-આ માર્ગ દેખાડ્યો છે, આ ઉપાય દેખાડ્યો છે. એમ એકદમ સંક્ષેપમાં લીધું. બહારમાં કોઈ પાંચ-પચ્ચીસ લાખ આપી દે ને તો ગુલામની જેમ સેવા કરે. કેવી રીતે કરે? નથી કહેતા? ભાઈ! અમારી મીલ ચાલે છે. વેચાણ બધું તમારા હાથમાં. .. છે, ભાઈ! કેટલું કરે એની વાંહે? આ તો અનંત સંસાર ટાળવાની વાત છે.

**'તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે!'** અંદર મંથન કરી-કરીને પ્રત્યક્ષપણે જોવામાં આવે છે. કોઈ તૈયાર થઈને નથી આવતા. આ ગાથા ચાલવાની છે તો એના ઉપર મારે આવું ભાષણ કરવાનું છે. અત્યારે લોકો ભાષણબાજીમાં તૈયાર થાય છે ને. એ પરિસ્થિતિ નથી. એ જ વખતે આચાર્ય મહારાજના જે શબ્દો પડ્યા છે શાસ્ત્રમાં, એ શબ્દોની અંદર જે અધ્યાત્મનું ગહન રહસ્ય ભર્યું છે, એને ઉકેલવાનો શ્રુતજ્ઞાન સ્વતંત્ર પુરુષાર્થ કરે છે. આ જે 'બહેનશ્રી'ને દેખાય .. એ વાત છે. સ્વતંત્ર પુરુષાર્થ એ વખતે નવો કરે છે. એક વાર તો એમ કહેલું કે અંદર એટલું બધું ભર્યું છે, એવું ભાસે છે પોતાને જ્ઞાનમાં કે એટલું બધું અંદર ભર્યું છે કે આપણી તો શક્તિ છે એટલી વાત કરીએ છીએ એમાં. જે ઉઘાડમાં અલ્પ આવે છે, ભાષામાં એથી અલ્પ આવે છે. ખ્યાલમાં એથી ઘણું આવે છે અને કદાચ ખ્યાલમાં આવે છે એથી પણ ઘણું અંદર ભર્યું છે એ ખ્યાલ આવે છે. આટલી બધી વાત કરેલી છે.

કહે છે કે '**પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે!**' ઘણું કાઢે છે. ઘણા લોકોને એવું છે કે આ 'ગુરુદેવ' એકની એક વાત કેટલી વાર કહે છે. ચાર વાર કહે, પાંચ વાર કહે, કોઈ વાર છ વાર કહે, કોઈ વાર આઠથી દસ વાર કહે. કોઈને એમ થતું કે આ Repeat કર્યા કરે છે. પુનરાવર્તન કરે છે. શબ્દોનું, વિષયનું. એમ નથી. જો કે પોતે એ સ્પષ્ટ કરતા કે આ નવું નવું આવે છે. આ નવું નવું આવે છે.

પ્રવચન રત્નાકરો લખાતા હતા, લખવાનું શરૂ કર્યું. ત્યારે એ પ્રશ્ન ચર્ચાણો હતો. લખનાર હોય, લખનારની સાથે ચર્ચા થઈ હતી. લખનારાઓ એક ફરિયાદ કરતા હતા કે આમાં Repeatation બહુ આવે છે. તો જો વારંવારનું Repeatation લખશું તો ગ્રંથ છે એ વાંચતા લોકોને કંટાળો આવે એવું એમ કે કાર્ય થઈ જશે. અને લોકોની રુચિ વાંચવાની ઓછી થઈ જાય એવું પુસ્તક થાય. તો પુનરાવર્તન આવે એ કાપી નાખવું કે ન કાપી નાખવું? આ એક પ્રશ્ન આવ્યો હતો અમારી સામે. તો કહ્યું કે જે પુનરાવર્તન છે કે એમાં કાંઈ નવું આવ્યું છે એની શોધ કરજો.

ખાલી લખવા ખાતર આ લખવું નથી. થોડુંક આત્મહિતનું કામ થશે. અને નવી દિશા અંદર દેખાશે.

મુમુક્ષુ :- .... ગુરુદેવના અંતરંગને ઓળખ્યું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને ખ્યાલ ન આવે કે આ તો એકની એક વાત ફરી ફરીને આવ્યા કરે છે લખવામાં. તો એકની એક વાત આવે છે કે કાંઈ એમાં નવું આવે છે? કોઈ વખત શબ્દ બદલાય છે, કોઈ વખત વાક્ય રચના બદલાય છે, કોઈ વખત એનો કહેવાનો જે Tone છે, ધ્વનિ છે, Force છે એની અંદર ફેરફાર થાય છે? અનેક પ્રકારના ફેરફાર થાય છે. ઉપરટપકે જુઓ તો એની એ વાત લાગે છે. જરાક બારિકાઈથી જોવામાં લાગે તો એની અંદરથી કોઈ વિશિષ્ટ ભાવ પ્રસિદ્ધ થાય છે. એવું એની અંદર છે. એ જોવાની મહેનત કરશો તો તમને એમ નહિ લાગે. અને એને કેવી રીતે લેવું? કેટલું લેવું? એ બરાબર સમજાઈ જશે. એ બધી ચર્ચાઓ ચાલેલી.

મુમુક્ષુ :- ક્ષયોપશમની દૃષ્ટિએ એકને એક લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું એકનું એક લાગે કે આ તો કંટાળો આવશે. એ પોતે કહેતા. નવું નવું આવે છે અંદરથી. નવા ભાવ આવે છે. પોતાનું જ્ઞાન ઊંડાણમાં જાય છે. કેવળજ્ઞાનને લઈને બહાર આવે છે.

મુમુક્ષુ :- એના કરતાં એમ જ લેવું જોઈએ કે આ બાર વાર Repeat કર્યું તોય હજી...

પૂજ્ય ભાઈશ્રી :- વારંવાર Repeat કર્યું પણ એ Repeat કર્યું એવું જ નથી. એમ છે, એની અંદર એક બીજી વાત છે કે જે વિષય આચાર્યદેવનો પ્રસ્તુત વિષય જે શાસ્ત્રનો પરમાગમનો સામે છે, એક વચન ઉપર ચાલે છે, એક શબ્દ ઉપર ચાલે છે. જ્ઞાન એ વિષયમાં આચાર્યદેવ શું કેટલા ઊંડે ગંભીર જઈને આ વિષય ખોલવા માગે છે એનું જ્ઞાન તત્કાલીય પ્રયત્ન કરે છે. એ કાળનો સ્વતંત્ર પ્રયત્ન કરે છે. એ પ્રયત્નવશ એમાંથી કાંઈક લઈને આવે છે એ જ્ઞાન. અને એના નિમિત્તે કેટલાક શબ્દો બહાર આવે છે. તો સાંભળનારે કેટલી ગરજથી અને કેટલી કાળજીથી અને સાવધાનીથી વિષયને ગ્રહણ કરવા માટે તત્પર રહેવું જોઈએ. તરસ્યો પાણી પીવા માટે તત્પર રહે એમ. તો એને ઘણું મળે અંદરથી.

મુમુક્ષુ :- ....વાંચતી વખતે .... આપણે ગુરુદેવનું પ્રવચન વાંચીએ છીએ. એની શૈલી, એના ઘરગથ્થુ શબ્દો,...

પૂજ્ય ભાઈશ્રી :- હા. Original રાખવું જોઈએ. Originality સાચવવી જોઈએ,

ચોક્કસ રાખવી જોઈએ. કેમ કે ફેરવનાર તો એનાથી આગળ હોય તો ફેરવે. કોણ ફેરવે? એ તો હજી કોઈ જોવામાં આવતું નથી. એ પ્રશ્ન જ અસ્થાને છે. બહુ ચર્ચાઓ થઈ છે. એ દિવસોમાં બહુ ચર્ચાઓ થઈ છે. એની આખી Policy અને લાઈનદોરી નક્કી કરેલી છે પછી આ બધું ચાલે છે. એક કરતા વધારે બેઠકો થઈ છે જુદા જુદા વખતે.

**'પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે.'** સમજવાના પ્રયત્નમાં ઘણા આવ્યા. કહે છે શું? ક્યાંના ક્યાંયથી હિન્દુસ્તાનના છેડેથી લોકો આવ્યા. કેટલું સમજ્યા બીજી વાત છે. પણ શું કહે છે આ? કાંઈક વાત અસાધારણ બહાર આવી છે અને કાંઈક બીજો ચમત્કારિક કોઈ વિષય છે. ... લોકો ઘરેડબંધી વાત કરે છે સંપ્રદાયની એવી કોઈ વાત નથી. કોઈ વિશિષ્ટ વાત છે. સમજવાનો પ્રયત્ન કરે છે.

મુમુક્ષુ :- એની મહત્તા સમજાણી. મહત્તા સમજાયા વગર ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાંઈક કાંઈક વિશેષ છે એટલું સમજે ત્યારે એટલે બધેથી આવે ને. નહિતર કોણ (આવે)? ધંધો, વેપાર, કુટુંબ-પરિવાર મૂકીને કોણ નવરો થઈને હજારો માઈલનું અંતર કાપીને આવે વગર આમંત્રણે? કોઈ કરોડપતિ હોય, કોઈનું સમાજની અંદર સ્થાન હોય, કોઈ કાંઈ હોય, કાંઈ હોય. ત્યાં તો કોઈ ઓળખે નહિ, પાળખે નહિ. કાંઈ માન-સ્થાન મળે નહિ તો પણ આ કહે છે શું? અને તોપના ગોળાની જેમ વાણી નીકળતી હોય. કોઈ દૈવી વાણી છૂટતી હોય! તો આપણો છદ્મસ્થનો એ વિષય નથી પણ કોને ખબર કેટલાના અંતર ભેદી નાખ્યા હશે એ કોને ખબર છે? એ બધા કાંઈ કહેવા આપણને? કે ભઈ, અમને આટલી ચોંટ મારી છે. આટલી ચોંટ અમને લાગી છે. આટલી ચોંટ અમને લાગી છે એવું કોઈ કંઈ કહેવા થોડા આવે? સૌને ત્યાં સૌ પોતાની રીતે કામ કરે.

હમણાં થોડા વખત પહેલાં જ અમદાવદામાં અઠવાડિયા, બે અઠવાડિયા પહેલાં જ એક ભાઈ મળ્યા હતા. રહે છે, આપણા મંદિરથી લગભગ દસેક માઈલ દૂર રહે છે, આઠ-દસ માઈલ. 'અમદાવાદ'માં. મોટું શહેર છે. (એ કહે), હું તો મંદિર ભાગ્યે જ બે-ચાર મહિને જઈ શકું. શું સંસ્થામાં થાય, મંદિરમાં થાય કાંઈ ખબર નથી હોતી. મોટા મોટા બનાવો બન્યા છે તે બધાને ખ્યાલ છે. પણ બીજી કાંઈ ખબર નથી હોતી. તો ત્યાં પ્રયોજન સિદ્ધિ એમના હાથમાં આવ્યું. એના ઉપરથી વાત કરતા હતા. ત્યાં તો સેક્રેટરી ... હતા એટલે એણે ગોતી ગોતીને અભ્યાસી હોય એને પહોંચાડ્યા હશે. તો કહે મંદિરમાં જઈએ તો આવું બધું કાંઈક હોય તો ખ્યાલ

આવી જાય. પણ હવે અમે બહુ દૂર રહીએ છીએ. Retired માણસ હતા. હું તો ક્યાંય બહાર નીકળતો નથી. આખો દિવસ 'ગુરુદેવ'નું સાહિત્ય એટલું બધું વિપુલ પ્રમાણમાં બહાર આવ્યું છે. એમની કેસેટો છે, સાંભળ્યા કરું છું. મૂળ સ્થાનકવાસી. મૂળ સ્થાનકવાસી. પણ એવું લાગે છે કે 'ગુરુદેવ' ન હોત તો હજી સ્થાનકવાસીમાં જ હોત. 'ગુરુદેવ' ન હોત તો હજી સ્થાનકવાસીમાં જ હોત એ વાત નક્કી છે. પણ એમ લાગે કે ખૂણેં-ખાંચરે જાહેર રીતે બહાર ન આવતા હોય, ન આવી શકતા હોય એવા પણ 'ગુરુદેવ'ની વાણીનો તો લાભ લે છે. નિવૃત્ત માણસ હોય, રોજનો ઓછામાં ઓછો ચાર-છ કલાકનો સ્વાધ્યાય કરે, વિચાર કરે.

**'ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે.'** અમારે (એક મુમુક્ષુ) કહેતા હતા. ગુજરી ગયા ને? માણસને બહારમાં પુણ્યયોગ મળે તો એમ કહે કે ભાગ્યશાળી.. ભાગ્યશાળી એમ કહેવાય. સૌભાગ્ય કહો કે ભાગ્યશાળી કહો. સૌભાગ્ય સાહિત્યનો શબ્દ છે અને ભાગ્યશાળી ચાલુ ભાષાનો શબ્દ છે. બેય એક જ વાત છે. તો કહે કોઈ પૈસાવાળા થઈ જાય, કોઈ કુટુંબવાળા થઈ જાય, કોઈ આબરૂવાળા થઈ જાય, કોઈ મોટા પદાધિકારી સત્તાવાળા થઈ જાય, કોઈ મોટા રાજા થઈ જાય, શેઠિયા થઈ જાય, અરે..! હું તો કહું, દેવલોકના દેવ થાય. પણ ઈ બધાય કરતાં આ 'ગુરુદેવ'નો સંગ મળ્યો છે એ સૌથી મોટું ભાગ્ય છે! એ આવી વાત કરતા હતા.

કેમ કે એ પુણ્યનો યોગ છે એનો પ્રકાર જુદો છે. ઓલા બધા ભલે પુણ્યના યોગ છે. આ પ્રકાર જુદો છે. એમ કહેવાનું તાત્પર્ય Quality ફેરનો હતો. કહેવાય પુણ્યયોગ. પણ ઓલી Quality જુદી અને આ Quality જુદી. ઓલા પુણ્યના યોગમાં જે પરિણામ થશે એ સંસારમાં રખડાવશે. આ પુણ્યના યોગમાં જે પરિણામ થશે એને અંતર્મુખની દિશા સૂઝવામાં એ પ્રયત્નવંત થશે. એના શ્રદ્ધા-જ્ઞાનનો લાભ થશે એ બહુ મોટી વાત છે.

મુમુક્ષુ :- એને ભાગ્યશાળી નહિ, પણ ભાંગશાળી કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :- એને ભાંગ ચડે છે ને. ઠીક છે.

મુમુક્ષુ :- પોતે કહેતા, ભાગ્યશાળીને વાત કાને પડી ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. પોતે કહેતા હતા. ઘણીવાર બોલેલા છે.

**'પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે.'** ક્યાંય નહિ. આટલું તો મેં કર્યું ને એ નથી આવતું. ઉપાદાન નહિ સમજતા હોય? નિમિત્તાધીન દૃષ્ટિ થઈ હશે કાંઈ? જ્યાં ઉપકારી ગુરુ

પ્રત્યે લક્ષ જાય ત્યાં આવો જ ભાવ આવે કે હે ગુરુદેવ! આપ જ અમારા સર્વસ્વ છો. અને આપ જ અમને સર્વસ્વ આપ્યું છે. 'તે તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન.' 'શ્રીમદ્જી'એ સો વર્ષ પહેલા ગાયું. આજે આ 'બહેનશ્રી' કહે છે. એક જ વાત છે.

**'જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે.'** ક્યાંય અવગુણ દેખાતો નથી એમ કહે છે. ગુણથી ભરપૂર છે એટલે ક્યાંય અવગુણ દેખાતો નથી. એમ કહીને એમ કહે છે કે કોઈને ખટક રહેતી હોય તો કાઢી નાખવી. આમ કેમ કર્યું 'ગુરુદેવે'? 'ગુરુદેવ' આમ કેમ કરતા હતા? 'ગુરુદેવ' આવું કેમ બોલ્યા હતા? 'ગુરુદેવે' મને આમ કેમ કીધું? અથવા ફલાણાને આમ કેમ કીધું? એ છોડી દેવું. એવી વાત છે.

પણ જીવ અન્યાય કેવો કરે છે? અથવા મૂર્ખાઈ કેવી કરે છે? કે એક માણસ તમને અબજોના અબજોની દોલત આપી દે. એ કોઈવાર એમ કહે, અબજોના અબજો આપ્યા પછી. પાંચ-પચ્ચીસ માંગો તો ના પાડી દે. તો અબજો આપીને ભૂલી જાય. અબજો આપ્યા છે એ ભૂલી જાય અને પચ્ચીસ ન આપ્યા. પચ્ચીસ મને કેમ ન આપ્યા? મને કેમ પચ્ચીસ કેમ ન આપ્યા? એના જેવું કરે. એના જેવી મૂર્ખાઈ છે. અરે..! મૂરખ તને અબજો આપ્યા છે એના વ્યાજમાં લાખો આવે છે. અને પચ્ચીસની માંડે છે તું? એમ જેણે ઉપકાર સંસાર તરવાનો કર્યો એને કોઈ તારી કલ્પના કે તારા વિકલ્પ કે તારી ઇચ્છા કે તારી ધારણાને અનુકૂળ કોઈ વાત ન થઈ, એની કીંમત શું છે? એનું મૂલ્યાંકન શું છે? ઈ તો કાંઈ નથી. તુચ્છ છે. તો એની મુખ્યતા કરે અને બધું આપેલું ભૂલી જાય. તો એના જેવો તો કોઈ લૌકિક ભાષામાં નગુરો કહેવાય છે. ઉપકારને ઓળવે છે. એ અનંત સંસારી છે. ઉપકારને ઓળવે છે તે અનંત સંસારી છે. એમાં અનંત સંસારનું બીજ એના ગર્ભમાં ભર્યું છે.

મુમુક્ષુ :- આવા આવા ઉપકાર છે 'ગુરુદેવશ્રી'ના. અને 'ગુરુદેવશ્રી'ને કોઈ કોઈ જગ્યાએથી બહાર કરવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગડબડ છે.

**'જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે.'** એમનો મહિમા જેટલો કરવામાં આવે એટલો બધો ઓછો જ છે. **'તેમના ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.'** આ ભક્તિ આવી છે મહિમાથી. મહિમા આવે તો ભક્તિ આવ્યા વિના રહે નહિ. મહિમા પોતે જ ભક્તિના પરિણામ છે. જો ઓળખે તો મહિમા આવે અને મહિમા આવે એ પોતે જ સ્વયં ભક્તિસ્વરૂપ છે. જ્ઞાન ભક્તિનો ઉત્પાદક છે. અથવા જ્ઞાન, યથાર્થજ્ઞાન, સાચું જ્ઞાન સ્વયં પોતે

જ ભક્તિના પરિણામ સ્વરૂપ છે. એ પોતે જ ભક્તિના પરિણામ છે. જો પોતે ધર્માત્મા થઈને આટલી ભક્તિ કરે છે, તો મુમુક્ષુઓને કેટલી ભક્તિ હોવી જોઈએ! એ વાત કોઈ સમજાવવાની રહેતી નથી. આપોઆપ જ એ વાત આવી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એક બીજો પ્રશ્ન પૂછું. વ્યવહારમાં એવું નથી કરતા. વ્યવહારમાં એનો નોકર હોય અને Technician હોય. Technician technique જાણતો હોય. એ એના કરોડપતિ શેઠને એમ કહી દે કે આમ ન થાય, હોં! આખું કારખાનું સ્વાહા થઈ જશે. તમે આ ચાંપ જો ખોટી દાબશો તો તમારું આખું કારખાનું એક ધડાકે સાફ. તો એની કીંમત કરતા એને આવડે છે કે નથી આવડતી? ત્યાં એમ કહે છે કે તને Techniqueની ખબર પડે એટલે તું કહી શકે પણ હું કેમ માનું? હું નહિ માનું એમ કહે છે? ભાઈ! તું જેમ કહે એમ, હોં! ઈ બધા કાગળીયામાં તારી સહિ ચાલશે. મારી સહિ નહિ ચાલશે. તને અધિકાર કહેતો હોય અત્યારથી લખી દઉં કે Technical affairs અને Technical aspectમાં બધો અધિકાર આ ફલાણા ભાઈનો છે. ઈ કહે એ મને કબૂલ-મંજૂર છે. કરે કે ન કરે? તો એટલું તો એને ખબર પડવી જોઈએ કે ન હોવી જોઈએ? કે ધર્માત્માના હાથમાં Technique છે અને એ જ્યારે આમ કહે છે ત્યારે મારે વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ રીતે તો આવવું જોઈએ ને? ઈ રીતે આવે તો એને ઓળખાણ થઈ જશે. પણ ઈ રીતમાં ન આવવું હોય તો ઓળખાણ થવાનો અવસર નથી, પ્રસંગ નથી. એમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બસ. એમ લેવું. ઓળખાણ નથી એટલે ઓળખાપૂર્વકનો જે પ્રકાર આવવો જોઈએ એ પ્રકાર ન આવે. બાકી કોઈ કચાશ રહેવી જોઈએ નહિ. ઓળખાણનો જે પ્રકાર આવે એ તો ઓળખાણથી જ આવે. એમાં તો બીજો વિકલ્પ નથી. પણ વગર ઓળખાણે પણ જે પ્રકાર આવવો જોઈએ એ પ્રકારમાં તો મુમુક્ષુ હોવો જોઈએ. અને નહિતર એને કોઈ રીતે હિતની દિશામાં એક ડગલું પણ એ આગળ વધી શકે નહિ. એ ૩૫૪ (પૂરો) થયો. અહીં સુધી રાખીએ...

## તા. ૯-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૫
## પ્રવચન નં. ૨૭૩

**તરવાનો ઉપાય બહારના ચમત્કારોમાં રહેલો નથી. બાહ્ય ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી. ચૈતન્યચમત્કારસ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે. જે ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માનાં દર્શન થતાં નથીં. નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એક આત્માની જ રઢ લાગે અને અંદરમાંથી ઉત્થાન થાય તો પરિણતિ પલટ્યા વિના રહે નહિ. ૩૫૫.**

૩૫૫. '**તરવાનો ઉપાય બહારના ચમત્કારમાં રહેલો નથી.**' મૂળ અધ્યાત્મ વિદ્યાથી જગત અજાણ છે એટલે ચમત્કારોમાં જગતના જીવને વ્યામોહ થાય છે, વિશેષતા લાગે છે. એ ચમત્કારથી આત્માને સુખી કરી શકાશે (એમ લાગે છે). આખર તો જીવને સુખ પ્રાપ્તિની કલ્પના છે ચમત્કાર પાછળ પણ. બહારમાં કોઈ ચમત્કાર કરી દે તો તેથી શું? તેની કોઈપણ કીંમત મોક્ષમાર્ગમાં આવવાના અભિલાષી જીવને આવવી જોઈએ નહિ. કહેવાનો ભાવાર્થ એવો છે કે જેને મોક્ષમાર્ગ જોઈએ છે, જેને આત્માને સંસારથી તારવો છે, એણે બહારના ચમત્કારને કોઈ મહત્તા આપીને એ બાજુ એનું આકર્ષણ હોય તો એને મોક્ષમાર્ગમાં આવવાનું બની શકે નહિ.

ધર્મના ક્ષેત્રમાં આ વિષય ઉપર બહુ મોટો વેપાર ચાલે છે. બહુ મોટી દુકાનદારી ચાલે છે. તમામ સંપ્રદાયોમાં, દિગંબર સંપ્રદાયમાં પણ આ ચમત્કારનું ભૂત વળગેલું છે. જીવોને ચમત્કારનું ભૂત વળગેલું છે એમ કહીએ તો ચાલે. ક્યાંક ચમત્કાર જોવે એટલે કાંઈક વિશેષ, અસાધારણ (જોવે), પછી એ ભલે તર્કટ હોય, બનાવટી હોય યુક્તિથી-Trickથી કાંઈ કરવામાં આવતું હોય, જીવો એની પાછળ સમર્પણ કરી બેસે છે અને આત્મા બાજુનો રસ્તો બંધ કરી દે છે. આત્મહિતનો રસ્તો બંધ થઈ જાય છે એમાંથી. એટલે એના ઉપર તો ચોકડી મૂકી દેવી એમ કહે છે. ચમત્કાર ઉપર તો ચોકડી મૂકી દેવી.

એ કોઈ તર્ક કરે છે કે સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગી મુનિરાજ હોય એના જીવનમાં પણ એવા ચમત્કાર તો બને છે. 'સુદર્શન શેઠ'ને શૂળીનું સિહાંસન થઈ ગયું. ચમત્કાર થયો ને? એ થયું હોય તો પણ એ તરવાનો ઉપાય નથી. એ પુણ્યનું ફળ છે,

પુણ્યનો પ્રકાર છે. પુણ્યના ઉદયનો એ બનાવ છે. એ કાંઈ આત્માના મોક્ષમાર્ગનું કોઈ કારણ છે કે ઉપાય છે એમ તો હરગીઝ નથી. ચાહે સમ્યગ્દષ્ટિનો હો કે ચાહે મિથ્યાદષ્ટિનો હો. એ પ્રકાર તો પુણ્યયોગનો છે. અત્યારે તો એવો પુણ્યયોગ કોઈને હોતો નથી. ભાગ્યે જ અથવા કોઈને હોય, કોઈ પૂર્વનો ઉદય હોય તો. બાકી અત્યારે તો યુક્તિથી, Trickથી લોકોને છેતરવાનું કામ ચાલે છે. કરે છે ને સાંઈબાબા ને બીજા ને...

એક Professor challange મારી હતી કે હાથમાં કંકુ કાઢે છે તો હાથમાંથી હોસ્પિટલ કાઢે નહિ. તો દર્દીઓને આરામ થઈ જાય. કંકુ તો હાથમાં છૂપાવી શકાય એવી ચીજ છે. હાથમાં કાંઈ હોસ્પિટલ રહે? હોસ્પિટલ કાઢી દે. સામર્થ્ય હોય તો. તો દર્દીઓ માટે તો એક સગવડ થઈ જાય, કરોડો રૂપિયાનું સાધન થઈ જાય. પાંચ-પચ્ચીસ પૈસાનું કંકુ કાઢે એમાં લોકોનું શું દાળદર ફીટે?

અહીંયાં એક મંદિર થયું છે 'સાંઈબાબા'નું. બહુ ચાલે છે. લોકો ટોળાબંધ જાય છે. સામાન્ય બીજા મંદિરે ન દેખાય એટલી સંખ્યા ત્યાં દેખાય છે. એટલે ખબર છે કે જગતમાં આ પ્રવાહ વિશેષે કરીને છે. ચમત્કાર ઉપરનું આકર્ષણ ઘણું છે. એટલે કહેવત થઈ ગઈ છે કે ચમત્કાર ત્યાં નમસ્કાર. ચમત્કાર ભાળે તો લોકો નમવા માંડે. નમતા ભજતા આવે.

અહીંયાં એ વાતને સીધે સીધો રદિયો આપવામાં આવે છે. પાયામાંથી એનો નિષેધ છે કે '**તરવાનો ઉપાય બહારના ચમત્કારોમાં રહેલો નથી.**' આત્માને તરવાનું કોઈ કારણ ચમત્કારના ઓલામાં-ચમત્કારના પ્રસંગમાં નથી.

મુમુક્ષુ :- અતિ લોભના પરિણામમાં ચમત્કારની સામે જુકવાનું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. લોભી હોય ત્યાં જ ચમત્કારની અસર પહોંચે. એટલે તો અમારે ગુજરાતીમાં કહે છે કે 'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે મરતા નથી.' આ બધું જે Trick કરે, યુક્તિ-પ્રયુક્તિથી લોકોની બનાવટ કરે, છળ-કપટ કરે છે, એ લોભિયા માણસોને એમાંથી સુખ મળી રહેશે, એમાંથી કાંઈક કલ્યાણ થઈ જશે, એમાંથી આપણી અનુકૂળતાઓ આવશે, પ્રતિકૂળતાઓ દૂર થઈ જશે એ પ્રકારનો જે લોભ છે એ સંયોગી પદાર્થના લોભ પાછળ એનું આકર્ષણ થાય છે, એમાં વ્યામોહ થાય છે, એમાં સમર્પણ થાય છે. આત્માને બહુ મોટા નુકસાનનું કારણ છે.

આ કે. લાલ છે એ આ બધા કરે છે ને? પ્રયોગો જાદુના. એ લોકો તો તો પણ એટલું ચોખ્ખું રાખે છે કે ખરેખર દુનિયામાં જાદુ નામની, ચમત્કાર નામની કોઈ વસ્તુ નથી. આ તો એક તમારી નજર ચુકાવીને કેટલીક યુક્તિ-પ્રયુક્તિથી દેખાડવાના

ખેલ છે, બાકી કોઈ જાદુ-ફાદુ આમાં નથી. આચાર્ય રજનીશના એક માણસે 'વડોદરા'માં સંપર્ક કર્યો હતો એક વખત. કે આવું કાંઈ તમે જાણતા હો, Mesmerism, કોઈ વિદ્યા, કોઈ સંમોહન વિદ્યા, કોઈ Mesmerismની વિદ્યા. તો આચાર્યને શીખવું છે. તમે આવીને શીખવી જાવ. તમારે જે Charge લેવો હોય એ લેજો. Tuition charge. તો આ કહે કે હું પાપ કરું છું એમાંથી પણ મારે તો હવે છૂટવું છે. જો કે અમે ધર્મના નામે તો એ કરતા નથી. અમારો એ ધંધો છે પણ તો પણ પાપ છે એમ સમજીએ છીએ. કેમ કે બોલવું કાંઈક, બતાવવું કાંઈક. તો તમે તો જગતને ધર્મના નામે છેતરશો. એવું શીખડાવવાનું મારે બીજું મોટુ પાપ કરવું નથી. ના પાડી દીધી. ઈ પાપ મારે નથી કરવું. કોઈપણ પૈસા આપો તમે. લાખો-કરોડો આપે, કોઈ પૈસાથી નહિ. કેમ કે એ તરવાનો ઉપાય નથી. એમાંથી અનર્પિત એ નીકળે છે કે એ રખડવાનો ઉપાય છે. તરવાનો ઉપાય નથી તો એ સંસારમાં પરિભ્રમણ કરવાનો ઉપાય છે.

મુમુક્ષુ :- ચમત્કારો પાસે જાય તો એ કાંઈ તરવાની ...

પૂજ્ય ભાઈશ્રી :- તરવાની તો એને પડી હોય તો તો જાય શું કરવા? તો તો એ સમજે કે આનો સાચો ઉપાય શું છે? પણ જગતનો જીવ સંયોગમાં સુખ માનીને એ શ્રદ્ધાથી એને એ શ્રદ્ધા ખાતર જે કરવું હોય તે કરવા તૈયાર છે. કોઈનું કોઈ ખૂન કરે છે તો શું કરવા? એમ કરવાથી મને સુખ છે. કતલખાના ખોલે છે તો શું કરવા? કે એમ કરવાથી મને સુખ મળશે. એમ એણે માનેલું સુખ મેળવવા માટે ગમે તે કરવા તૈયાર છે. પોતાની પણ જાનની બાજી લગાવવા તૈયાર છે. જાનનું જોખમ કરવા તૈયાર છે.

આ શ્રદ્ધા શું કરાવે? જો ઊંધી શ્રદ્ધા આટલું કાર્ય કરાવે, પ્રાણની આહુતી દેવડાવે તો સવળી શ્રદ્ધાની શક્તિ તો એના કરતા વધારે હોય એ કાંઈ સમજાવવાની જરૂર છે કે કેટલી શક્તિ એની વધાર હોય? આ તો વિભાવ છે, મેલ છે શ્રદ્ધાનો. શ્રદ્ધામાં તો અનંતી શક્તિ છે. એ શ્રદ્ધાના આધારે મુનિપણું પ્રગટે છે. એ શ્રદ્ધાના આધારે સિદ્ધપદ પ્રગટે છે.

મુમુક્ષુ :- જયપુર પાસે દિગંબર ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દિગંબરનું મંદિર છે. દિગંબર પ્રતિમા છે.

મુમુક્ષુ :- પદ્મપુરી. યાત્રા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, યાત્રા કરે છે. જોયું છે. એ 'સાળંગપુરના હનુમાન' જાય કે પદ્મપુરી જાય, બેય સરખા છે. આ 'બોટાદ' અને 'ધંધુકા'ની વચ્ચે 'સાળંગપુર'નો રસ્તો જાય છે. ૧૫૦-૧૭૫ વર્ષ જૂનો સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થા નીચે ચાલતું

મંદિર છે. અને હનુમાનજીનો અડ્ડો બધે છે. વૈષ્ણવ હોય તોય હનુમાનજીની મૂર્તિ મૂકે. સ્વામિનારાયણ હોય તો પણ હનુમાનજીને રાખે અને શંકરને માનનારો હોય તોય હનુમાનજીને રાખે. એણે માનેલા હનુમાનજી, હોં ! એ ચમત્કારિક મૂર્તિ છે એમ માનવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્યોતિષમાં આ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં પણ લોભમાં જ જાય છે. જ્યોતિષ એક ગણિત છે. એમ જગતમાં મેલી વિદ્યાઓનું અસ્તિત્વ છે, જ્યોતિષનું અસ્તિત્વ છે. પણ એ બાજુનો વ્યામોહ એની મહિમા આપવી, એની કીંમત આપવી, એ બાજુની પ્રવૃત્તિ કરવી, કરાવવી, અનુમોદવી, મનથી, વચનથી અને કાયાથી એ બધું આત્માને પરિભ્રમણનું કારણ થાય, બીજું કાંઈ થાય નહિ. જ્યોતિષમાં તો આપણા મુમુક્ષુ લોકો ઘણાં ખેંચાય છે. એ 'ગુરુદેવ'ની વાતને સમજ્યા નથી. ચોખ્ખું લખે છે કે નહિ?

'ગુરુદેવ'ના જે સિદ્ધાંત છે એની તાકાત શું છે? સત્યની શક્તિ શું છે? સત્ સ્વરૂપની પ્રાપ્તિથી શું થાય? એ રસ્તો શું છે? એ માર્ગ શું છે? એ વસ્તુની ગંધ પણ એમાં નથી. ચમત્કારમાં અને જ્યોતિષમાં એ વાતની ગંધ પણ નથી અને આ માર્ગમાં એની ગંધ નથી. બંને સામસામે છે. આત્માને અત્યંત અહિતકર છે એમ કરીને એનાથી દૂર રહેવું જોઈએ. અત્યંત અહિતકર છે એમ માનવું.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' પ્રખર જ્યોતિષી હતા, બંધ કરી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :- એમને તો કુદરતી ઊઘાડ હતો. જ્યોતિષ શાસ્ત્ર વાંચીને જ્યોતિષમાં જે લોકો તૈયાર થાય છે એવો પ્રકાર જ્યોતિષીનો એમનો નહોતો. પણ એ તો એમનું ઉઘાડજ્ઞાન એ હતું. કુદરતી અંદરનો ઉઘાડ હતો. તો પણ એમણે એવા શબ્દો વાપર્યા છે, કોઈએ પ્રશ્ન પૂછાવ્યો છે કે આપ જ્યોતિષમાં જાણો છો તો જરાક આ વાત બતાવશો? તો કહે છે, મારી તમને ભલામણ છે કે એવા કલ્પિત જ્ઞાન પાછળ તમારે આકર્ષાવું નહિ. તમારે કલ્પિત જ્ઞાન પાછળ જાવું નહિ.

તર્ક કરનાર તો તર્ક કરી શકે કે એ તો ગણિત છે. એને કલ્પિત કેમ કહો છો? તો કલ્પિત સુખને શોધવા માટે લોકો એ જ્ઞાનનો ઉપયોગ કરી રહ્યા છે. તેથી એ જ્ઞાનને કલ્પિત કહીએ છીએ. કલ્પનાના સુખને મેળવવા માટે એ જ્ઞાનનો ઉપયોગ થતો હોવાને લીધે એ જ્ઞાનને અમે કલ્પિત કહીએ છીએ, સાચું હોવા છતાં. એ વિષયમાં એ જવાબ નહોતા આપતા. એનો ઉત્તર ન આપે. જાણતા હોય તો પણ ન કહે. કેમ કે એને વધારે એની અંદર અનુમોદન મળી જાય કે ઠીક છે. આ વાત

મેં પૂછી મને જવાબ દીધો. હવે જરાક વધારે જાણવું હશે તો કો'ક દિ' કામ આવી જશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ વળી બીજી વાત છે. એમાં કોઈ સાંસારિક હેતુ નથી. એમાં જે શુભકાર્ય દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધીનો આરંભ કરવો છે એમાં કોઈ વિઘ્ન ન ઉત્પન્ન થાઓ એવી ભાવના પાછળ (એ કરવામાં આવે છે). એટલે તો એ ગણિત છે એમ કહ્યું. એ ગણિત છે. નિમિત્તા આદિનું ગણિત છે, કાળનું ગણિત છે, એ બધું ગણિતને ફેરવવું નથી. પણ એમાં વિઘ્ન ન થાઓ એવો રાગી જીવને રાગ આવે છે. મારે આ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા કરવી છે, ભગવાનની સ્થાપના કરવી છે તો એવા મારા કાર્યમાં કોઈ વિઘ્ન ન થાય. એવું જોવાનો એને વિકલ્પ આવે છે કે સારા કાળમાં એ પ્રારંભ કરું કે જેથી કોઈ વિઘ્ન ન આવે. એમાં કોઈ સાંસારિક હેતુ નથી.

મુમુક્ષુ :- વિઘ્ન રોકાય તો ખરું ને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નહિ, ન રોકાય. સારુ મુહૂર્ત જોઈને કરવામાં આવે છે. આપણે આદિનાથ નગર સળગ્યું કે ન સળગ્યું? વિઘ્ન આવ્યું હતું. એ તો કોઈના હાથની બાજી નથી. પણ રાગી જીવને રાગ આવે છે કે આવું દેવ-ગુરુ-શાસ્ત્રનું કાર્ય નિર્વિઘ્ને સંપન્ન થાય તો સારું. એટલી વાત છે. એથી કરીને થાય એવો કોઈ નિયમ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં રાગ તીવ્ર થશે. વાંધો એ છે. એ રાગને વધારે તીવ્ર રસ રેડવા માટે આ એક વધુ સાધન અપનાવ્યું. એમાં નુકસાન છે કે લાભ છે? પહેલા તો જે સ્ત્રી-પુત્રાદિ પ્રત્યે રાગ છે એ લાભ છે કે નુકસાન છે?

મુમુક્ષુ :- નુકસાન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો પછી વધુ એમાં રસ રેડાય એ લાભ છે કે નુકસાન છે? વધુ નુકસાન છે એમાં. સીધી વાત છે. નુકસાનીનો સરવાળો વધારવો છે કે નુકસાની ઘટાડવી છે? સો રૂપિયાનું નુકસાન જાય અને મીંડુ ચડાવો તો હજાર થાય. વધારે નુકસાન થાય. દસ ગણું થાય. બીજું એક મીંડુ ચડાવો તો સો ગણું થાય. શું કરવું છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શુભના પરિણામ છે. અશુભના પરિણામ છે. પેલું તો

ગણિત, ગણિતના સ્થાને છે. અહીંયાં એ જ ગણિત અશુભનું નિમિત્ત પડે છે. અહીંયાં એ જ ગણિત શુભનું નિમિત્ત પડે છે. બીજું કાંઈ નથી. ગણિત પોતે પાપ-પુણ્યનું કારણ નથી. જીવનો અભિપ્રાય એની પાછળનો છે એના ઉપર એને ફળ મળે છે.

આ શાસ્ત્ર વાંચન છે. શાસ્ત્ર વાંચન છે એ શાસ્ત્ર વાંચન છે. શાસ્ત્ર એ શાસ્ત્ર છે અને વાંચન એ વાંચન છે. જીવ કયા દૃષ્ટિકોણથી વાંચે છે એના ઉપર એનો આધાર છે. આ શાસ્ત્ર વાંચન કરવાથી મને કાંઈક અંગત રીતે કોઈ પણ પ્રકારે લાભનું કારણ છે. એ દૃષ્ટિકોણ એને પાપનું કારણ છે. એ જ શાસ્ત્ર વાંચન એને પાપનું કારણ છે.

'ગુરુદેવ' તો ત્યાં સુધી બોલેલા છે કે આચાર્ય ભગવાનનો અધ્યાત્મનો ઊંચામાં ઊંચો ન્યાય હોય, બહુ ઉચ્ચ કોટીનો ન્યાય હોય, અધ્યાત્મનો ન્યાય હોય અને એ અહીંયાં દર્શાવવા માટે કોઈ પોતાની મહત્તાને દર્શાવવાનો અભિપ્રાય રાખે કે જુઓ! આવી ઊંચી વાત હું સમજું છું, કહી શકું છું, સમજાવી શકું છું, મારા ધ્યાનમાં આવી છે, મારા લક્ષમાં આવી છે. એને પાપ બંધાય છે. ઊંચામાં ઊંચી કોટીની અધ્યાત્મની વાત કરતા એ જીવ પાપ બાંધે. આવો બહુ જવાબદારીવાળો આ માર્ગ છે. જે ચારિત્રવંત મુનિઓની ત્રણ-ત્રણ દિવસ પરીક્ષા થાય તો એની શ્રદ્ધા માટે તો કેટલી તકેદારી રાખવી પડે? કેટલી કાળજી રાખવી પડે? એટલે બિલકુલ એમ ને એમ ચાલવાનો માર્ગ નથી.

મુમુક્ષુ :- ધવલની વાત કરો છો? ચારિત્રવંત મુનિની વાત કરી?

પૂજ્ય ભાઈશ્રી :- ધવલમાં નહિ, શેમાં આવે છે એ?

મુમુક્ષુ :- ધરસેન આચાર્યે પરીક્ષા કરી ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ભગવતી આરાધના'નો વિષય છે. 'ભગવતી આરાધના'માં આવે છે. ખરેખર તો એની પરીક્ષા નથી. પોતાને લાભ-નુકસાન ન થાય એની સાવધાની છે એની અંદર. મુનિની પરીક્ષાથી પોતાને કાંઈ લાભ-નુકસાન નથી. પણ એનો સંગ કરવા જતા મને લાભ થશે, એને અનુમોદવા જતા મને લાભ થશે, મને નુકસાન થશે એ વિષય ઉપરની સાવધાની છે. બહુ સાવધાનીનો માર્ગ છે.

'**બાહ્ય ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી.**' કોઈ ચમત્કાર કરી દેખાડે માટે કાંઈક એ સાધક છે એ બિલકુલ એનું લક્ષણ નથી. ચમત્કાર એ કોઈ સાધકનું લક્ષણ નથી. સીધી ચોકડી મૂકી છે. એ દૃષ્ટિકોણ બંધ કરી દે. તને ચમત્કારની મહત્તા કેમ આવે છે? એ આખા રસ્તો જ નહિ ચાલવા માટેનો છે. એ રસ્તે જવા જેવું જ નથી. એમ પહેલેથી જ પૂર્ણવિરામ ત્યાં મૂકી દેવા જેવું છે.

**'બાહ્ય ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી.'** મૂળ તો શું છે કે સામાન્ય મનુષ્યમાં પણ માનસિક નબળાઈ વધે છે ત્યારે ચમત્કાર અને ત્યારે જીવ જ્યોતિષાદિ બાજુ વળે છે. એની વૃત્તિ કેમ ચમત્કાર અને જ્યોતિષ બાજુ જાય છે? કે એની માનસિક નબળાઈ વધી જતા એમ બને છે. કોઈ સંયોગનો ભય, કોઈ વિશેષ અનુકૂળ સંયોગની આતુરતામાં તીવ્રતા અથવા ભય પ્રકૃતિમાં નબળાઈ, બંને નબળાઈ જ છે. એવી માનસિક નબળાઈના કાળમાં ચમત્કારનો આશરો લેવો કે જ્યોતિષનો આશરો લેવો એ પ્રકારમાં, એ દિશામાં જીવ વળે છે.

માનસિક રોગની શરૂઆત છે. બીજી રીતે કહીએ તો એ માનસિક રોગની શરૂઆત છે. અને એની દુકાનદારી કરનારા મનોવૈજ્ઞાનિકો હોય છે. માનસ વિજ્ઞાનના અભ્યાસી હોય અને પારંગત હોય એ લોકો એ દુકાન માંડે છે, એનો ધંધો કરે છે. એટલે સામાના પ્રશ્ન ઉપરથી એની નબળાઈનો આંક મૂકે છે. પછી એને કેવી રીતે જવાબ દેવો, કેવી Style થી જવાબ દેવો, ક્યારે જવાબ દેવો, કેમ એને ચક્કરમાં વધારે ફસાવવો, એ બધું પછી એને આવે છે. કેમ કે એ ધંધાનો જાણકાર છે અને પેલો અજાણ છે. શું થાય?

તદ્દન અજાણ્યો માણસ હીરા લેવા જાય અને રોકડેથી નોટોના બંડલ લઈને જાય. ઓલાને ખબર પડે કે આને હીરામાં કાંઈ ખબર પડતી નથી, પથરો આપી દઈએ તો પણ. એ તો ગમે તે આપી દે. સીધી વાત છે. લૂંટી લે એ તો, બીજું કાંઈ ન થાય. એમ લૂંટાવા સિવાય બીજું કાંઈ એમાં છે નહિ.

મુમુક્ષુ :- ચોસઠ ઋદ્ધિધારી મુનિરાજોને ઋદ્ધિનું મહત્ત્વ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઋદ્ધિનું મહત્ત્વ નથી અને ઋદ્ધિ પ્રગટ થઈ હોય તો કેટલાકને ખબરેય હોતી નથી. ઉપયોગ પણ નથી મૂકતા કે અમને ૠદ્ધિ પ્રગટ થઈ છે. એનું મહત્ત્વ હોતું નથી. કોઈને જ્ઞાન થાય કે અમુક પ્રકારની ૠદ્ધિ મને પ્રગટી છે તો એનો પ્રયોગ કરે નહિ. પ્રયોગ કરે તો મિથ્યાદષ્ટિ થઈ જાય. ચારિત્રવંત તો ન રહે પણ મિથ્યાદષ્ટિ થઈ જાય. મુનિના લેબાસમાં જે લોકો જ્યોતિષિ જોવે છે, કહેવાની જરૂર નથી કે એ બધા ગ્રહીત મિથ્યાષ્ટિ છે. આમ છે. ભાવલિંગી સંત હોય, ૠદ્ધિ પ્રગટી હોય અને પ્રયોગ કરે તો મિથ્યાદષ્ટિ થઈ જાય. કરે જ નહિ. એને ખબર હોય તો પણ ન કરે. કેટલાકને તો આત્માની મસ્તીમાં એની ખબર પડતી નથી.

મુમુક્ષુ :- વિષ્ણુકુમાર મુનિને ખબરેય નહોતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને પોતાને ખબર નહોતી. બીજાએ કહ્યું કે તમને આટલી ૠદ્ધિ છે. એમને વિકલ્પ આવ્યો. ગયું મુનિપણું. મુનિપણું છૂટી ગયું.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો એ વિકલ્પ આવે અને એ પ્રકાર થઈ જાય. ઉત્પન્ન થઈ જાય. એમ.

મુમુક્ષુ :- ત્યાં ૠદ્ધિનો ઉપયોગ કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૠદ્ધિનો ઉપયોગ કર્યો પણ એ ભગવાનના દર્શન કરવાની ભાવનામાં થયો. એવો ઉપયોગ થયો. ભાવના થઈ અને પુણ્યનો ઉદય આવ્યો એટલે એ પ્રકાર ભજ્યો. એનાથી કોઈ જગતના કાર્યો કરે, કોઈના કાર્યો કરે, કોઈ સંસારિક કાર્યો કરે, પ્રતિકૂળતાઓ દૂર કરે, અનુકૂળતાઓ મેળવે એવું કાંઈ ન થાય. એ પાપનું કારણ છે. પણ એમાં ચારિત્રની સાથે સાથે શ્રદ્ધાનો દોષ ઉપજી જાય.

મુમુક્ષુ :- એની સાથે ... શરત લાગુ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધે બધે એમ જ લાગુ પડે છે. પ્રયોજનનો આશય... આ ડોક્ટર છે. હાથમાં લોહીવાળી છરી હોય અને માણસ મરેલો, ઘાયલ થયેલો સૂતો હોય. એ કાંઈ ખૂન નથી. એને ખૂનની સજા નથી થતી. બધા દાર્શનિક પૂરાવા છે. એ તો ક્રિયા છે એ ક્રિયા છે, વસ્તુ છે એ વસ્તુ છે. જીવના અભિપ્રાય અને પરિણામ ઉપર બધો આધાર છે કે આનો ઈરાદો શું છે? એનો આશય શું છે? એના ઉપર જ આધાર છે. ગુણ-દોષ તો એના ઉપર જ તોળાયને? બીજી રીતે ગુણ-દોષને કેમ તોળી શકાય? અને આ તો માર્ગ જ ગુણ-દોષનો છે. વીતરાગ માર્ગ તો ગુણ-દોષનો માર્ગ છે. ચમત્કારનો માર્ગ નથી. અને ચમત્કાર એ સાધકનું પણ લક્ષણ નથી. મોક્ષમાર્ગના સાધક, વીતરાગ માર્ગના સાધક, એ ચમત્કાર એનું લક્ષણ નથી. એ ચમત્કાર બતાવે માટે એ સાધક છે અને ચમત્કાર નથી માટે સાધક નથી, એ પરિસ્થિતિ ખરેખર છે નહિ.

હવે એક બીજા ચમત્કારની વાત કરે છે. લૌકિક ચમત્કારોની આ બધી વાત કરી. હવે એક અલૌકિક ચમત્કારની વાત કરવી છે કે '**ચૈતન્ય ચમત્કારસ્વરૂપ સ્વસંવેદન...**' સ્વસંવેદન કેવું છે? કે ચૈતન્યના ચમત્કારસ્વરૂપ છે. અનાદિથી આકુળતા અને દુઃખમાં અને મૂંઝવણમાં ઘેરાયેલો જીવ કોઈ અલૌકિક આનંદની દશાની અને સ્થિતિને પ્રાપ્ત કરે છે એવો એક ચૈતન્યનો સ્વસંવેદનમાં ચમત્કાર છે. ક્યારેય એના અનંત કાળના જીવનમાં કોઈ વખત એવો આનંદ એણે અનુભવ્યો નથી. એવા અલૌકિક આનંદની પ્રાપ્તિ કરાવે એવું સ્વસંવેદન છે. એ ચૈતન્યનો સાચો ચમત્કાર છે. કે જે સાક્ષાત્ સિદ્ધપદ પ્રગટવાના બીજરૂપ ચમત્કાર છે. ત્યાંથી સિદ્ધપદ પ્રગટશે.

સ્વસંવેદન એ સિદ્ધપદ પ્રાપ્ત થવાનું Advance booking final registered

થઈ ગયું. એમાં કોઈ ફેરફાર કરી શકે નહિ. પછી એનું નક્કી થઈ ગયું કે આને સિદ્ધપદ પ્રાપ્ત થશે, થશે ને થશે અલ્પ કાળમાં જ. એમાં કોઈ ફેરફાર થાય નહિ. એવો સ્વસંવેદનનો Trademark છે-સિક્કો છે-મહોર છે. વીતરાગ ભગવાનની એ મહોર છે. જેમ હોય છે ને? આ રાષ્ટ્રપતિનો કાગળ આવે તો ઓલો ત્રણ સિંહના મહોરાની મહોર મારેલી હોય. રાજ્યની મહોર છે એમ કહે. આ કાગળ રાષ્ટ્રપતિનો છે. Valid છે. એમ આ સર્વજ્ઞ ભગવાનની મહોર છે. સ્વસંવેદન છે એ સર્વજ્ઞ ભગવાનની મહોરછાપ છે. આનંદ છે, આત્માનો આનંદ ઉત્પન્ન થયો એ સર્વજ્ઞ ભગવાનની મહોરછાપ છે. એને મોક્ષ થવાનો, થવાનો ને થવાનો જ. એ ચમત્કાર છે.

**'ચૈતન્યચમત્કારસ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે.'** બાહ્ય ચમત્કાર, લૌકિક ચમત્કાર એ સાધકનું લક્ષણ નથી. પણ અંદરમાં સ્વસંવેદનથી આનંદ ઊપજે આત્માનો, આત્માની શાંતિ અને આનંદ પ્રગટ થાય એ સાધકનું લક્ષણ છે. સાધક તેના વડે લક્ષિત થાય છે અથવા ઓળખાય છે. એનું નામ લક્ષણ છે. કોઈ સાધકને ઓળખવા હોય તો એને એ રીતે ઓળખવા, એમ કહે છે. એને આત્માનું સ્વસંવેદ પ્રગટ્યું છે? એ સ્વસંવેદનને આત્મજ્ઞાન કહે છે. તેને આત્માનો આનંદ પ્રગટ્યો છે? તો એ સાધક છે અને નહિતર એ સાધક નથી. ગમે તે વેશમાં હોય અને ગમે તેટલું જગતની અંદર એને બિરૂદ આપવામાં આવ્યું હોય. ભગવાનનું બિરૂદ આપી દે છે લોકો. હજી સાધક થયા પછી ભગવાન થાય તે સાધ્ય છે. જે સાધક પણ ન હોય એને તો સાધ્ય થવાનો પ્રશ્ન જ રહેતો નથી.

**'ચૈતન્યચમત્કારસ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે.'**

મુમુક્ષુ :- ચોથું, પાચમું, છઠ્ઠું, સાતમું ગમે તે ગુણસ્થાન હોય પણ આ છે કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વસંવેદન હોય તો ચોથું હોય. સ્વસંદન ન હોય તો ચોથું જ ન હોય તો પાચંમું, છઠ્ઠ, સાતમાનો પ્રશ્ન વિચારવાનો જ રહેતો નથી. ઉપસ્થિત જ નથી. ભગવાનનું તો તેરમું ગુણસ્થાન છે. સદેહે જે ભગવાન કહેવાય છે એનું તેરમું ગુણસ્થાન છે. અને સિદ્ધ પરમાત્મા ચૌદ ગુણસ્થાનથી પાર છે. જગતની અંદર પંચ પરમેષ્ઠીને ભગવંતની ઉપમા લાગે છે. ભગવાન વિશેષણ કોને લાગે છે? પંચ પરમેષ્ઠીને લાગે છે. એ સિવાય કોઈને લાગતી નથી.

મુમુક્ષુ :- એક લીટીમાં તો સાચા-ખોટાનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા એક લીટીમાં.

**'જે ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે,...'** આ માને છે

એટલે શ્રદ્ધાની અપેક્ષા આવી. ક્યાંય પણ એની શ્રદ્ધામાં '**ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માના દર્શન થતાં નથી.**' રાગ રહિત એવું જે પરમતત્ત્વ એના દર્શન એને થતાં નથી. કેમ કે એણે શ્રદ્ધામાં રાગને પકડ્યો. રાગથી મને લાભ. એને વીતરાગ ભગવાનના અંતર સ્વરૂપના દર્શન થતા નથી. એટલે એને ચોથું ગુણસ્થાન પ્રગટતું નથી, એને સ્વસંવેદન થતું નથી, એને આત્માનો આનંદ પ્રગટ થતો નથી. કોઈ નથી હોતું. ... પુરુષાર્થ આનંદ બધું એમાં આવી જાય.

મુમુક્ષુ :- ... ડગલે-પગલે

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ તો બહુ તાકાતનો વિષય છે. મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવો એ પુરુષાર્થનો વિષય છે.

આત્મદર્શન સ્વરૂપની સાવધાનીનું એક કાર્ય છે. જે જીવ સ્વરૂપમાં સાવધાન થાય તેને આત્મદર્શન થાય. આત્મામાં સાવધાન થાય. જે અનાત્મામાં સાવધાન થાય તે આત્મામાં સાવધાન થઈ શકે નહિ. તો એક વાર વિચાર વડે કરીને વિચારી લેવું જોઈએ કે મારી જે સંયોગની સાવધાની છે એ મને મારા સ્વરૂપમાં સાવધાન નહિ થવા દે.

બીજી રીતે પરિણામના વિજ્ઞાનને વિચારવામાં આવે તો બહિર્મુખપણું છે એ ક્યાં સુધી જળવાય છે? કે જ્યાં સુધી બાહ્ય પદાર્થ ઉપરની સાવધાની ઊભી થાય છે ત્યાં સુધી. એ એને અંતર્મુખ નહિ થવા દે. એટલે એક એણે નક્કી કરવું પડે છે, સાધકને સાધક થયા પહેલા વિચારથી પણ એક નિર્ણય લેવો પડે છે, નિશ્ચય કરવો પડે છે કે આ સંયોગની સાવધાનીથી મારે મારો માર્ગ ખોવો? કે આ સાવધાની છોડીને મારે મારા આત્માનો માર્ગ અંગીકાર કરવો? આટલી વાત તો એણે વિચારમાં, અભિપ્રાયમાં નિશ્ચય કરવો પડશે. પછી નિર્ણયનું બળ આવશે. એ પહેલા વાંચન વિચાર ઉપર ઉપરથી ગમે એટલું કરે એમાં કાંઈ વળે એવું નથી.

મુમુક્ષુ :- પાંચેયમાંથી એકેય પરમેષ્ઠી ઉપર વિશ્વાસ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. કોઈના ઉપર વિશ્વાસ નથી. વિશ્વાસ આવે તો અનુભવ થયા વિના રહે નહિ. એ તો 'દીપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં સાધક-સાધ્યના બોલમાં નાખ્યું છે, કે પ્રતીતિ સહિતનો વિચાર સાધક છે અને નિર્વિકલ્પ અનુભૂતિ સાધ્ય છે એમ લીધું છે. એનું સાધ્ય નિર્વિકલ્પ અનુભૂતિ લીધી છે. ઘણાં બોલ એવા લીધા છે. હેય ઉપાદેયનો વિચાર સાધક છે. મને શું ઉપાદેય છે? અને મને શું હેય છે? એ હેય ઉપાદેયનો વિચાર-વિવેક સાધક છે અને નિર્વિકલ્પ રસ પીવો તે સાધ્ય છે. એવો શબ્દ ત્યાં ઈ વાપર્યો છે. આનંદરસ પીએ છે ને? નિર્વિકલ્પરસ

પીવો તે સાધ્ય છે. ઘણી વાતો લખી ગયા છે. ૨૦૦-૨૫૦ વર્ષે પહેલાં એવું લખી ગયા છે કે સમાજ ઉપર નજર કરતા આ વાત કોઈ સાંભળે એવું દેખાતું નથી. સાંભળીને સ્વીકારે એવું કોઈ દેખાતું નથી. માટે હું લખતો જાઉં છું. જે મને અનુભવ થયો અને જે ચૈતન્યચમત્કાર મોક્ષનો સિદ્ધપદનો માર્ગ છે એ લખતો જાઉં છું, બતાવતો જાઉં છું. ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં આવી કંગાળ પરિસ્થિતિ હતી સમાજની.

મુમુક્ષુ :- ગુરુદેવ વખતે સાવ સ્થિતિ બદલાઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો કહેતા હતા. તીર્થંકર દ્રવ્ય છે અને એક વખત તો એમ લાગે 'સોનગઢ'માં આવનારને કે અહીંયાં ચોથો આરો છે. મહાવિદેહક્ષેત્ર અહીંયાં છે અને ચોથો આરો અહીંયાં છે. એટલી અધ્યાત્મની ચર્ચાઓ દ્રવ્ય-ગુણ-પર્યાયની ચર્ચાઓ. ઘણું વાતાવરણ બહુ સારું હતું.

મુમુક્ષુ :- દીપચંદજી લખી ગયા. આ કાળમાં વંચાણું, પ્રગટ થયું.

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ. એટલે તો એ લખી ગયા. ભવિષ્યમાં પણ કોઈ પાત્ર જીવોના હાથમાં આ વાત આવે તો હિત સાધી જાય એ તો. સંસ્કારી જીવ હોય તો હિત સાધી જાય.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીએ જોરથી પ્રગટ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી જોરથી. 'અનુભવ પ્રકાશ' ઉપર તો પ્રવચનો થયા છે.

'**જે ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માનાં દર્શન થતા નથી.**' સંયોગ ઉપર સાવધાની અને વૃત્તિ જાય છે શું કરવા? સુખ માટે કે બીજું કાંઈ કારણ છે? અને અનંત સુખનો ભંડાર તો અહીંયાં છે. એની સાવધાની નહિ. અને જ્યાં સુખની ગંધ પણ નથી એવા સંયોગ ઉપરની સાવધાની સુખ માટે. કેટલો બધો વિપર્યાસ મોટો છે. કે જ્યાં અનંત સુખનો સાગર છે, અનંત સુખનો ભંડાર છે એવો ચૈતન્યપિંડ આત્મા પોતે છે. પ્રદેશે-પ્રદેશે બેહદ સુખ ભરેલું છે. હયાત છે. સર્વ કાળે હયાત છે.

જેમ કોઈપણ વાતની પહેલા જ્ઞાનમાં કલ્પના થાય છે ને? કોઈ કામ કરવું હોય તો શું કરે છે માણસ? આમ... આમ... આમ... બધી એને કલ્પના આવે છે. આવે છે કે નથી આવતી? એક વાત બરાબર કલ્પનામાં Fit થાય છે પછી એનો આરંભ થાય છે. ક્યાં સુધી? કે આ જે લોકો ચિત્ર દોરે છે એ પણ પહેલા કલ્પનાચિત્ર પહેલા દોરે છે એના મનમાં. જે લોકો ગ્રંથ રચના કરે છે એને પણ આખું પહેલા Fit કરી લ્યે છે કે આમ... આમ... આમ... વ્યવસ્થિત આ બધી રચના આમ થાય. દરેક કાર્યમાં આવું થાય.

અહીંયાં કહે છે કે તારો જે કારણપરમાત્મા છે, ત્રિકાળી પરમાત્મા છે એ આવો જ છે એમ તને વર્તમાનમાં જે દિ' સ્વ આકારરૂપે ભાસે તે દિ' કારણશુદ્ધપર્યાય તને ભાસી. ભાઈનો પ્રશ્ન હતો કારણશુદ્ધપર્યાયનો. બહુ સહેલામાં સહેલી વાત આ છે-કારણશુદ્ધપર્યાયની. સૂક્ષ્મમાં સૂક્ષ્મ છતાં સહેલામાં સહેલી વાત એ છે. જે ત્રિકાળી પરમાત્મા વર્તમાનમાં એના સ્વઆકારપણે ભાસે, એ એને કારણશુદ્ધપર્યાય સહિતનો પરમાત્મા ભાસ્યો. આમ છે. એનું એને અવલંબન આવીને કાર્ય શુદ્ધ થયા વિના રહેશે નહિ. કેમ કે વર્તમાનમાં ... છે. ચોખ્ખે ચોખ્ખું ચિત્ર આવે.

અવંલબનના કાળે એને 'આવો જ છું' એમ ચોખ્ખું ચિત્ર આવે છે અને અવલંબે છે. એ એની કારણશુદ્ધપર્યાય છે. અને એ નિયમથી કાર્યશુદ્ધનું શુદ્ધકારણ છે. શુદ્ધકાર્યનું એ શુદ્ધકારણ છે. એમ છે. એટલે પછી આચાર્ય મહારાજે એની પ્રશંસા કરી છે, એની સ્તુતિ કરી છે કે એ તો પૂજિત પંચમભાવ પરિણતિ છે. કેમ કે જે પારિણામિકભાવ છે એ પંચમભાવ સ્વરૂપ છે. અને વર્તમાનમાં એ આલંબનભૂત થતી હોવાથી એને પૂજિત કહી દીધી છે. એ પૂજિત પંચમભાવ પરિણતિ છે. બહુ વ્યક્ત કરવાની શક્તિ છે મુનિરાજની ગજબની છે!

મુમુક્ષુ :- કોઈ પણ કાર્ય કર્યા પહેલા મગજમાં Underline તો આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો હજી ઝાખું-પાતળું આવે. આ બહુ ચોખ્ખું આવે છે. એવું જે છે એ હજી આછું-પાતળું આવે છે. આમાં એવું આછુ-પાતળું નથી. વિશેષતા એ છે કે એ સહજ પ્રત્યક્ષ સ્વરૂપે છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય એ સહજ પ્રત્યક્ષ સ્વરૂપે છે. એટલે એનું ચોખ્ખું ચિત્ર આવે છે કે વર્તમાનમાં હું આવો જ છું એમ પોતાનો સ્વઆકારભાસે છે. એ સ્વઆકાર તે પોતે જ કારણશુદ્ધ પર્યાય છે એમ છે.

મુમુક્ષુ :- બીજામાં જે આકાર આવે છે એ સ્વપણે નથી ભાસતો, આ ...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો પોતાપણે પ્રત્યક્ષ ભાસે છે. પ્રત્યક્ષમાં પછી અવિશ્વાસ રહેવાનો શું સવાલ છે? બતાવો જોઈએ. જે વાત પ્રત્યક્ષ થાય, જે વસ્તુ પ્રત્યક્ષ હોય એમાં અવિશ્વાસનો શું સવાલ છે? જગ્યા શું છે અવિશ્વાસ લેવાની? એમાં અવિશ્વાસની કોઈ જગ્યા નથી. Practically વાત છે. શું કહે છે?

**'ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માના દર્શન થતા નથી.'** એના ઉપર તો ગાથા છે 'સમયસાર'ની. 'અણુમાત્ર રાગાદિનો સદ્ભાવ વર્તે જેને.' માન્યતામાં સદ્ભાવ વર્તે છે. ... ની પર્યાયમાં. માન્યતામાં સદ્ભાવ વર્તે છે. 'એ હોય આગમધર ભલે...' અગિયાર અંગ અને નવ પૂર્વના આગમને જાણતો

હોય. '**જાણતો નહિ આત્મને.**' આત્માના દર્શન એને થતા નથી. બસ, એ સિદ્ધાંત છે અહીંયાં. તેથી હવે પ્રેરણા આપે છે આટલી વાત સ્થાપીને. આ બોલ છે એ પ્રેરણાનો છે.

'**નિસ્પૃહ એવો થઈ જા...**' જો આમ વસ્તુસ્થિતિ છે તો જગતની અનુકૂળતા અને પ્રતિકૂળતાથી નિસ્પૃહ એવો થઈ જા. પ્રતિકૂળતાને હડસેલો મારવો અને અનુકૂળતાને ખેંચીને લાવવી, જો કે બેય વાત અશક્ય અને અસંભવિત છે, તારા પરિણામથી અને તારા આત્માથી તો, પણ અભિપ્રાયમાં નિસ્પૃહ તો થા વસ્તુસ્થિતિ સમજીને કે એવો નિસ્પૃહ થઈ જા કે મારે આ અનુકૂળતા અને પ્રતિકૂળતાની ભાંજગડમાંથી છૂટીને એક મારું અસ્તિત્વ જ જોઈએ છે. બીજું કાંઈ જોઈતું નથી. અહીંયાં આવી જા તું. એની પ્રેરણા છે આ બોલમાં.

એવો નિસ્પૃહ થઈ જા, એમ કહે છે. પણ પ્રતિકૂળતા આવે તો? આવે તો એમ વિચાર કર, પ્રતિકૂળતા આવે તો એમ વિચાર કર કે મારા આત્મપુરુષાર્થનો વધુ વિશેષ તીવ્રતા લાવવાનો અવસર મને મળ્યો. મને તક મળી કે હવે હું કેમ ટકી શકું છું? જે વસ્તુનું સ્વરૂપ મારા સમજમાં આવ્યું, મારા જ્ઞાનમાં આવ્યું, જેની શ્રદ્ધા મારે કરવી છે, જેમાં અભેદ થવું છે. એ બાજુ પુરુષાર્થ લગાવવાની એક તક મને મળી છે એમ લે ને. અને અનુકૂળતા આવે તો એને તુચ્છ સમજ કે એવા બધા તુચ્છ સંયોગો, આથી અનંતગુણા પણ સંયોગો તુચ્છ છે કે જે અનંત વાર મળેલા છે. એ આત્માને સુખ ન આપી શક્યા. એ સંયોગો આત્માને સુખ આપી શક્યા નહિ. આ પણ આત્માને સુખ આપી શકવાના નથી. કોઈ સુખનું કારણ મને એમાં દેખાતું નથી. તેથી એ ચાલ્યા જાય તો એમાં દુઃખનું કારણ મને દેખાતું નથી. બસ! નિસ્પૃહ થઈ જા. એના પ્રત્યેથી ઉપેક્ષિત થઈને તું નિસ્પૃહ થઈ જા. બહુ ભાવવાહી વિષય છે.

'**નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે,...**' મારું જે અસ્તિત્વ છે, જે અસ્તિત્વની અંદર અનંતા નિધાન પડ્યા છે આત્માના, ગુણનિધાન પડેલા છે એવું મારું અસ્તિત્વ જ જોઈએ છે. એમાં ખોડ, ખામી નથી. કોઈ એમાં ખોડખાપણ નથી, કોઈ ખામી નથી. અને એમાં મારે જોઈએ તે બધું જ છે. કાંઈ બાકી નથી. પરમાત્મા સર્વગુણ સંપન્ન છે. નિજ પરમાત્મા સર્વગુણ સંપન્ન છે. કાંઈ પણ તકલીફ પડે એવું અંદરમાં છે નહિ, ઊલટાનો આનંદનો આરામ મળે એવું છે અંદરમાં બધું કોઈપણ હાલતમાં. 'દૌલતરામજી'એ લખ્યું છે ને, અંતર સુખરસ ગટાગટી. 'બનારસીદાસ'નું છે? 'બાહિર નારકી કૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી'. 'નાટક

સમયસાર'નું છે? બનતા સુધી 'નાટક સમયસાર'નું નથી. યાદ નથી. નાટક સમયસાર તો મળશે ક્યાંક. સમ્યગ્દૃષ્ટિની સ્તુતિમાં હોવું જોઈએ. સાતમી નારકીએ દુઃખના બદલે ઘણું સુખ વેદે, આત્માનો આનંદ વેદે એ કોઈ કલ્પનાનો વિષય નથી, કોઈ ભાષા અલંકારનો વિષય નથી કે કોઈ અતિશયોક્તિનો વિષય નથી. એક હકીકત બતાવી છે. તેરમા અનુભવનું વર્ણન છે.

મુમુક્ષુ :- છ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ભેદવિજ્ઞાન જગ્યો જિન્હકે ઘટ... એ નથી. સ્વાર્થકે સાચે પરમાર્થકે સાચે,... જાકે ઘટ વિવેક પ્રગટ્યો.. એ સમ્યગ્દૃષ્ટિની સ્તુતિ છે. ગણધર જેવો વિવેક પ્રગટ્યો છે. શરૂઆતમાં તો નથી ચૌદ-પંદર પાના સુધી. નિર્જરામાં હોય તો કદાચ.

(અહીંયાં) શું કહે છે? કે **'નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'** એ મુમુક્ષુની ભૂમિકામાં ૨૫૪માં એ લીધું છે 'શ્રીમદ્જી'એ કે લૌકિક સુખની અલ્પ પણ સુખેચ્છા. ઘણી સુખેચ્છાવાળાને નથી લીધા. લૌકિક સુખની અલ્પ પણ સુખેચ્છા. અભ્યાસ કરવા જેવો વિષય છે. જ્યાં જ્યાં સુખાભાસ થાય ત્યાં ત્યાં એણે અનુભવને તપાસવો જોઈએ, અવલોકન કરવું જોઈએ કે આભાસ છે કે ખરેખર સુખ છે? આમાં આકુળતા છે કે સુખ છે? તપાસીને નક્કી કરવું જોઈએ.

**'એક આત્માની જ રઢ લાગે અને અંદરમાંથી ઉત્થાન થાય તો પરિણતિ પલટ્યા વિના રહે નહિ.'** શું કહે છે? એક આત્માની જ રઢ લાગે. મારું અસ્તિત્વ જોઈએ છે એમ ઉપર ઉપરથી લાગે એમ ન કહ્યું. એની રઢ લાગે. રઢ લાગે એટલે શું છે? માણસ જેમ કોઈ હઠ લે અને હઠ છોડે નહિ. મરી જાઉં તોય હું મારી જાત ન મૂકું. એમ રઢ લાગે. એની પાછળ પડ્યો તે પડ્યો. પછી જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એને એ છોડે નહિ. એવો પ્રયત્ન એનો ચાલે.

મુમુક્ષુ :- હઠ છે એ અવગુણ છે અને આ રઢ છે એ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં ગુણમાં છે એ.

મુમુક્ષુ :- એટલે બીજું બધું મૂકી દે એમ કહેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક જ બાજુ લાગી પડે ત્યારે એને રઢ લાગી એમ કહેવામાં આવે છે. ધૂન લાગી છે. એવી રઢ લાગે કે બીજા વિષયનો પરિણામમાં પ્રવેશ થાય નહિ. આત્મ પ્રાપ્તિની રઢ લાગે તો એને બીજાનો પ્રવેશ થાય નહિ. જગતના વ્યવહારમાં કદાચ ફેર પડી જાય એને જગત સાથેના વ્યવહારમાં. તો જગત

કદાચ ટીકા કરશે કે આ તો વ્યવહારમાં સમજતા નથી. લોકોને કહેવું હોય એમ કહે પણ મારે હવે મારું કામ કરવું છે એમાં હું કોઈનું કાંઈ સાંભળવા માગતો નથી. કોઈનું કાંઈ ન સાંભળે, કોઈને કાંઈ ગણકારે નહિ અને પોતાનું કામ કરે જાય. ત્યારે એને રઢ લાગી છે એમ કહેવામાં આવે છે.

**'એક આત્માની જ રઢ લાગે અને અંદરમાંથી ઉત્થાન થાય...'** અંદરમાંથી જોર આવે કે મારું કામ કરવું છે, કરવું છે ને કરવું જ છે. તો તે જીવની **'પરિણતિ પલટ્યા વિના રહે નહિ.'** એની પરિણતિ થઈ જાય. આવા જોરમાં અને આવી રઢમાં એની પરિણતિ થઈ જાય છે. અંદરની જે અનાદિની સંસારિક પરિણતિ થઈ હોય છે એ છૂટી જાય છે, મટી જાય છે અને એની પરિણતિ પલટાઈ જાય છે. પરિણતિ પલટાય તો ઉપયોગ પલટાયા વિના રહે નહિ. પરિણતિ ન પલટાય અને ઉપયોગ પલટાવા માગે તો ઉપયોગ નહિ પલટે. એમ છે.

એટલે સમ્યગ્દર્શન અથવા શુદ્ધ શ્રદ્ધાન થવાનું એ કારણ છે. પરિણતિ પલટાય છે ત્યારે અનંત કાળથી અનંત શક્તિથી ઊંધુ પડેલું શ્રદ્ધાન, શ્રદ્ધાન શક્તિનું ઊંધુ કાય અનંત શક્તિથી જ થાય છે, સવળું કે અવળું, એને આખેઆખું ઉથલાવીને સવળું કરવામાં આવે છે. ઊલટામાંથી સુલટું સીધું. અને એ પરિણતિ કરી શકે છે. પરિણતિ પલટાયા વિના કાંઈ થઈ શકે નહિ.

મુમુક્ષુ :- નિસ્પૃહ એવો થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- નિસ્પૃહ એવો થઈ જા. જગતથી એટલો નિસ્પૃહ થઈ જા કે આત્મા જ જોઈએ છે. જગતમાંથી મારે કાંઈ જોઈતું નથી. આ જગતમાંથી હવે મારે કાંઈ જોઈતું નથી. આમ છે. કોઈ જરૂરિયાત નથી. આવો નિસ્પૃહ થઈ જા, એમ કહે છે. આકરી શરત છે થોડી. એ આકરી લાગે કે વગર આકરી લાગે, સહેલી લાગે પણ આ પરિસ્થિતિએ આવ્યે જ છૂટકો છે. આજે, કાલે કે અનંત કાળે ગમે ત્યારે આવે જ છૂટકો છે. બીજો કોઈ એનો ઉપાય નથી.

મુમુક્ષુ :- આમ જોઈએ તો બાહ્ય ત્યાગ કરતા પણ વિશેષ ... આકરું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બાહ્ય ત્યાગ કરવો સહેલો છે. અભિપ્રાયમાં નિસ્પૃહ થવું એ અઘરું છે. ઓલું તો બાળકો પણ કરે છે કે પાંચ દિવસ નથી ખાવું. જાવ, અઠાઈ કરી નાખી, ફલાણું કર્યું, ઢીકણું કર્યું. એ ખરેખર નથી. આ સાચો ત્યાગ આ છે. ત્યાગનું મૂળ જ આ છે. બાહ્ય ત્યાગનું મૂળ આ છે. ઓલો તો ખોટો ત્યાગ છે. એમ છે. અહીં સુધી રાખીએ...

## તા. ૧૦-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૫થી ૩૫૭. પ્રવચન નં. ૨૭૪

'બહેનશ્રીના વચનામૃત' ૩૫૬.

મુમુક્ષુ :- ૩૫૫માં છે-ચૈતન્યચમત્કારસ્વરૂપ સ્વસંવેદન, એ જરા વિશેષ...

૩૫૫મા બોલમાં બે પ્રકારના ચમત્કારની સમીક્ષા કરી છે. જગતમાં કેટલાક અસાધારણ બનાવો બને છે, જેને ચમત્કાર કહેવામાં આવે છે. અને એ ચમત્કાર પાછળ લોકો છેતરાય છે, ભૂલાવામાં પડે છે. કોઈ એને ધર્મનું કારણ માને છે, કોઈ એને ધર્મ માને છે, કોઈ એને ક્રિયાનું કારણ માને છે, કોઈ આત્માને સુખી થવાનું કારણ માને છે. એ મોક્ષમાર્ગના સાધકનું લક્ષણ નથી એમ કહેવું છે. એની સમીક્ષામાં એટલે એને અનુસરીને ચૈતન્ય ચમત્કારની વાત કરી છે કે આત્મામાં પોતાના સ્વરૂપનું સ્વસંવેદન થાય એવું સ્વસંવેદનરૂપ પરિણામ તે પોતે ચૈતન્યના ચમત્કારસ્વરૂપ છે. અનંત કાળમાં જીવને એવું વેદન આવ્યું નથી.

સ્વસંવેદનમાં જ્ઞાનને જ્ઞાનનું વેદન છે. એ ઉપરાંત જ્ઞાનને આનંદનું વેદન છે. આત્માના આનંદનું જે વેદન છે એ અસાધારણ ચમત્કારસ્વરૂપ છે. વર્તમાનમાં એનું વેદન અસાધારણ હોવાથી ચમત્કારસ્વરૂપ છે અને એનું ફળ મુક્ત દશા છે-મોક્ષ છે એ પણ ચમત્કારસ્વરૂપ છે. એના ફળનો પણ ચમત્કાર છે અને એ પોતે પણ ચમત્કારસ્વરૂપ છે.

મુમુક્ષુ :- જે કદી આવ્યું નથી, હજી સુધી.

પૂજ્ય ભાઈશ્રી :- અનંત કાળમાં આ અપૂર્વ દશા છે. પૂર્વે નહિ થયેલી દશા છે. એટલે એના જેવો બીજો કોઈ ચમત્કાર નથી. '**તે જ સાધકનું લક્ષણ છે.**' બહારમાં કોઈ રોગ મટાડી દે તો ચમત્કાર ગણાય. નિર્ધન હોય અને ઘણા ધનના ઢગલા પ્રાપ્ત કરાવી દે તો ચમત્કાર ગણાય. આ પત્થરમાંથી સોનું બનાવે છે. પણ એવું બધું એ કાંઈ અપૂર્વ નથી. અનંત વાર રાજા થયો, અનંત વાર મોટો શ્રીમંત અબજોપતિ થયો, અનંત વાર દેવ થયો. અને અનંત વાર રોગમાંથી મુક્ત થઈને નિરોગી થયો. એ બધું પૂર્વાનુપૂર્વ છે, કોઈ અપૂર્વ નથી.

આ સ્વસંવેદન અને આત્માનો આનંદ છે એ અપૂર્વ છે એમ કહેવું છે. એટલે એના જેવો કોઈ ચમત્કાર જગતમાં નથી. એ જ સાધકનું લક્ષણ છે. બહારમાં કોઈ

ચમત્કાર કરી દેખાડે એ કોઈ આત્માના મોક્ષમાર્ગના સાધકનું લક્ષણ નથી. મોક્ષમાર્ગના સાધકને કોઈ પૂર્વને પુણ્યના યોગે એવો ચમત્કાર થવાની સંભાવના હોય પણ ખરી અને ન પણ હોય ખરી. મુનિઓને મોટા રોગ થાય છે. જો ધર્મથી રોગ મટાડી શકાતો હોય તો એમને ઘણો ધર્મ પ્રગટ થયો છે. મુનિ દશામાં-સાધુ દશામાં તો ઘણો પ્રગટ થયો છે. જો ધર્મથી રોગ મટતો હોય તો મટી જવો જોઈએ. તો કોઈ એમ કહે કે માનતુંગ આચાર્ય. આ બધાની સ્તુતિ કરી છે ને? તાળા તોડ્યા છે, રોગ મટાડ્યો છે. બધું થયું છે.

મુમુક્ષુ :- વિષપહાર સ્તોત્ર.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિષપહાર સ્તોત્ર.

મુમુક્ષુ :- એકીભાવ સ્તોત્ર છે, વિષપહાર સ્તોત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો એ બધા તો એમ કે કામ કરે છે. કોઈને પુણ્યનો યોગ હોય, થાય તો પણ એ સાધકનું લક્ષણ નથી. ઘણા મુનિઓને રોગ થયો છે અને નથી મટ્યો. ધર્મથી રોગ મટતો હોય તો થવો જ ન જોઈએ અથવા થાય તો મટી જવો જોઈએ. પણ રોગ થવો એ પાપનું ફળ છે અને રોગ મટવો એ પુણ્યનું ફળ છે. ધર્મ કોઈ બીજી ચીજ છે એનાથી. એને ને એને કોઈ કાર્ય-કારણનો સંબંધ ખરેખર નથી. એમ છે.

મુમુક્ષુ :- સ્વસંવેદન કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વસંવેદન તો બધેથી આકર્ષણ છૂટી જાય જગતમાં. રાગની અને શરીરની પણ આધારબુદ્ધિ છૂટી જાય. અને સ્વસંવેદનસ્વરૂપ છે એનું અવલંબન લેવામાં આવે. સ્વસંવેદનસ્વરૂપ આત્મા પોતે જ છે અને તે જ ચૈતન્યમૂર્તિ વેદકસ્વભાવી સ્વસંવેદનની મૂર્તિ જ પોતે છે. સ્વસંવેદન એનો સ્વભાવ છે. સ્વસંવેદનરૂપે થવું, પરિણમવું એ પણ એનો સ્વભાવ છે. એવો છે એવો શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર આવે એટલે સ્વસંવેદન થાય છે. જેવો છે એવો જ્ઞાનમાં આવે, જ્ઞાનમાં આવતા એનો એટલો જ મહિમા આવે. અનંત મહિમાવંત હોવાથી એટલો જ મહિમા આવે કે જેના ફળ સ્વરૂપ મહિમાની પરાકાષ્ઠા એ છે કે નિર્વિકલ્પ અમૃત આનંદઅમૃતરસને એ પીએ. એ મહિમાની પરાકાષ્ઠા છે. તે સાધકજીવનું લક્ષણ છે. એને સાધકજીવનું લક્ષણ કહ્યું. પુણ્યનું ફળ હોય તે સાધકજીવનું લક્ષણ નથી.

જગતમાં તો વર્તમાન પાપ કરનારા તીવ્ર પાપીમાં પાપી જીવને પણ પૂર્વકર્મના પુણ્યનો ઉદય જોવામાં આવે છે અને તેથી લોકોને સમાધાન નથી થતું કે આ પાપ કરે છે એને કેમ લહેર છે બધી? સગવડતા, અનુકૂળતા એને બધું સારું સારું છે.

પ્રમાણિક માણસ માર્યો જાય છે. અપ્રમાણિક માણસ મેળવી જાય છે. લોકોને સમાધાન નથી થતું. ખરેખર એમ નથી. એ પૂર્વ કર્મનું છે. વર્તમાન જે ઉદય છે એ પૂર્વ કર્મનો છે. અત્યારે જે પરિણામ થાય છે એના જે કર્મ બંધાય છે એની સ્થિતિ પાકશે ત્યારે એના ફળ આવશે. ત્યાં સુધી એ સત્તામાં રહે છે કર્મ. એટલે એ કોઈ પૂર્વ પુણ્યનો ઉદય એ કોઈ સાધકનું લક્ષણ નથી.

મુમુક્ષુ :- અહીંયાં જ કરે છે અને અહીંયાં જ ફળ ભોગવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જ્યારે એ પાપ પરિણામ કરે છે ત્યારે એને એની એ જ વખતે આકુળતા ઉત્પન્ન થાય છે. તે આકુળતાનું દુઃખ તે તે જ વખતનું ફળ છે. એ ભાવમાં છે. અને બહારમાં જે પુદ્‌ગલમાં ફળ આવે છે એ પાછળથી આવે છે. એની સ્થિતિ પડે છે. ચાર જે પડખા છે કર્મબંધનના. સ્થિતિ, અનુભાગ, પ્રકૃતિ અને પ્રદેશ એનું ફળ પાછળથી આવે છે. એમાં પૂર્વનો ભાવ નિમિત્ત છે. પૂર્વે કરેલો ભાવ નિમિત્ત છે.

મુમુક્ષુ :- દ્રવ્યકર્મ...

પૂજ્ય ભાઈશ્રી :- એ દ્રવ્યકર્મ છે.

મુમુક્ષુ :- એ જ્યારે જોડાણ કરે...

પૂજ્ય ભાઈશ્રી :- એ નવું ભાવકર્મ છે. ત્યારે જોડાય તે નવું ભાવકર્મ છે. ત્યારે ન જોડાય તો એ સ્વતંત્ર છે. જોડાવા પણ સ્વતંત્ર છે. સ્વતંત્રપણે જોડાય અને સ્વતંત્રપણે ન જોડાય. જીવના પરિણામની સ્વતંત્રતા અબાધિત છે. ૩૫૫ કાલે પૂરો થયો હતો.

**મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે. ઉપયોગ તીખો થઈને ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે. બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે. શાન્તિનો સાગર પ્રગટ્યો છે. ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઊછળે છે. જ્ઞાનમાં કુશળ છે, દર્શનમાં પ્રબળ છે, સમાધિના વેદનાર છે. અંતરમાં તૃપ્ત તૃપ્ત છે. મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે. જિન નહિ પણ જિનસરખા છે. ૩૫૬.**

૩૫૬ બોલમાં મોક્ષમાર્ગમાં, વીતરાગ માર્ગમાં ઉત્કૃષ્ટ સાધક દશા એવી જે મુનિદશા, સાધુની દશા, મુનિની દશા કવી હોય છે એનું કેટલુંક વર્ણન છે. કેટલુંક વર્ણન છે એટલે પૂરું વર્ણન તો થઈ શકે એવું નથી. પણ શબ્દોમાં કહેવું હોય તો પણ ક્યારેક

કોઈ પડખેથી, ક્યારેક કોઈ પડખેથી, ક્યારેક કોઈ પડખેથી એમ જુદા જુદા એના પાસા બતાવવામાં આવે છે.

કહે છે કે જે આત્મા મુનિદશાને પામ્યો, સાધુદશાને પામ્યો તે મુનિરાજ છે. એ '**મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે.**' ખરેખર ક્યાં રહ્યા છે એ? આત્મામાં રહ્યા છે. શરીરમાં રહ્યા નથી અને જંગલમાં પણ રહ્યા નથી. મુનિરાજ જંગલમાં વસે છે એમ કહો એ વ્યવહારથી વાત છે. દેહમાં એમનો નિવાસ એમ કહો તો પણ એ વ્યવહારથી વાત છે. ખરેખર તો એટલે કે નિશ્ચય તો. નિશ્ચયથી કહો કે ખરેખર કહો, વાસ્તવિક કહો તો એ પોતાના આત્મામાં નિવાસ કરે છે. ચૈતન્યદેશમાં નિવાસ કરે છે. ક્યાં પોતે રહે છે? કે પોતાના ચૈતન્યક્ષેત્રમાં રહે છે. બહારના ક્ષેત્રમાં કહેવું તે વ્યવહાર છે.

'**મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે. ઉપયોગ...**' એટલે એમનો જ્ઞાનનો પર્યાય, જ્ઞાનની દશા, એમનું જે જ્ઞાન છે, જ્ઞાનનું પરિણામ છે તે તીક્ષ્ણ થઈને, '**તીખો થઈને...**' એટલે તીક્ષ્ણ થઈને '**ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે.**' મુનિરાજનો ઉપયોગ-જ્ઞાનના પરિણામને ઉપયોગ કહે છે. આત્મામાં જ્ઞાનશક્તિ છે. એ જ્ઞાનશક્તિનું કાર્ય જાણવું તે છે. જ્ઞાન એટલે જાણવું. એવું જે જાણવાનું કાર્ય છે એને અહીંયાં શાસ્ત્ર પરિભાષામાં ઉપયોગ કહે છે. એ ઉપયોગ તીક્ષ્ણ થઈને-જ્ઞાન ઘણું સૂક્ષ્મ થઈને, તીક્ષ્ણ થઈને ચૈતન્ય સ્વભાવમાં, ચૈતન્યના સ્વભાવની ગુફામાં (ચાલ્યો જાય છે). ચૈતન્ય સ્વભાવ બેહદ ઊંડો છે. અપરિમિત છે. અસીમ સ્વભાવ છે. એમાં ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... એના અનુભવમાં ચાલ્યો જાય છે.

આ વિષય ભાવનો હોવાથી થોડું સમજવામાં તકલીફ પડે એવું છે. પણ વેદનનો વિષય હોવાથી જ્ઞાન એ પોતે, ચૈતન્ય સ્વભાવનું વેદન છે એ પોતે ચૈતન્યગુફાનું ઊંડુ પરિણમન છે. એને સમજાવવા માટે સામે વેદનથી એને સમજાવવું છે. જેમ કોઈને એવી વેદના ઉપડે શરીરની અશાતાની, દુઃખની, પીડાની વેદના ઉપડે. બહુ વેદના થાય ત્યારે બેભાન થયા પહેલા એને ભાન હોય તો એ એમ કહે કે આ પીડામાં મારો જીવ તો ઊંડો ઊંડો ઉતરી જાય છે. ખરેખર એનો ઉપયોગ એની વેદનાની પીડામાં ઊંડો જાય છે. એટલે તીક્ષ્ણ તારતમ્યતાથી એની સાથે સંબંધ પામે છે. શરીરની વેદના સાથે એનું જ્ઞાન તીક્ષ્ણપણે સંબંધ કરે છે. અથવા એકાગ્રતામાં ઘણું દઢપણું છે અને એવી રીતે સંબંધ થાય છે કે જેમાં એકાગ્રતા પણ ઘણી તીખી છે. ત્યારે એને બતાવવા માટે ઉપયોગ ઊંડો જાય છે એમ નહિ, ત્યાં જીવ શબ્દ વપરાય છે. કેમ કે આખેઆખો ત્યાં પકડાઈ ગયો છે. વેદનામાં પોતાનું આખું સ્વરૂપ

સર્વસ્વપણે અનુભવે છે એટલે એ એમ કહે કે મારો જીવ ઊંડો ઊતરતો જાય છે. એટલો બધો ઊંડો ઉતરી જશે કે પછી મને ભાન નહિ રહે કદાચ. એમ કહે છે કે નહિ?

અહીંયાં જ્ઞાનમાં સ્વસંવેદનમાં મુનિરાજ જ્ઞાન, જ્ઞાનને વેદે છે. જ્ઞાન અનંત જ્ઞાનસ્વભાવનું સ્વપણે સર્વસ્વપણે અનુભવ કરે છે ત્યારે એટલા તીક્ષ્ણપણે, તીખો થઈને એ ઉપયોગ અનુભવ કરે છે કે એ જ્ઞાનની-ચૈતન્યની ગુફામાં-આત્માની ગુફામાં-ઊંડે-ઊંડે ચાલ્યો જાય છે. એટલે ઊંડે ચાલ્યો જાય છે કે એ વખતે એને સર્પ કરડે, વીંછી કરડે તો એની એને ખબર રહેતી નથી. કોઈ શસ્ત્રથી પ્રહાર કરીને અંગને છેદે તો એને ખબર પડતી નથી. એટલો બધો ઉપયોગ એકાગ્ર થઈને આત્મામાં સમાધિમાં ઊંડે લાગી ગયો છે નિર્વિકલ્પ સમાધિમાં કે મુનિરાજને દેહના સ્પર્શની ખબર પડતી નથી. દેહની વેદનાની ખબર પડતી નથી. અથવા પાંચ ઇન્દ્રિયના કોઈ વિષય પ્રત્યે ઉપયોગ ગેરહાજર-Absent થઈ ગયો હોવાથી કોઈ વિષયની ખબર પડતી નથી. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ બધા. કોઈ વિષયની ખબર નથી પડતી. એટલો ઊંડે ચાલ્યો જાય છે.

'**ઉપયોગ તીખો થઈને ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે.**' નિર્વિકલ્પ દશામાં, શુદ્ધોપયોગમાં. આત્મામાં ઉપયોગ લીન થાય છે એટલું નથી કહેતા, આત્મામાં ઉપયોગ એકાગ્ર થાય છે એટલું નથી કહેતા, તન્મય થાય છે, અભેદ થાય છે એટલું નથી કહેતા પણ એટલો બધો તીક્ષ્ણપણે એકાગ્ર થાય છે-તીક્ષ્ણપણે લીન થાય છે, લીનતામાં પણ એટલા બધા અવિભાગ પ્રતિછેદોની તારતમ્યતા વિશેષ છે કે જાણે એ ચૈતન્યની ગુફામાં ક્યાંયના ક્યાંય ઊંડે ઊતરી ગયા છે. એટલો બધો સ્વસંવેદનનો અને આનંદનો રસ લે છે કે બહાર આવે તો પણ, વિકલ્પમાં આવે તો પણ દેહની, શરીરની દરકાર, ભૂખ-તરસની દરકાર રહેતી નથી. સંયોગોની દરકાર રહેતી નથી. ઉપયોગ અંદર જાય ત્યારે તો કાંઈ વિકલ્પ જ નથી શરીરનો કે બીજો કોઈ, પણ બહાર આવે તો પણ એની સાવધાની ન આવે. એવી સ્થિતિ (થઈ જાય છે). એટલો બધો રસ લઈ લે છે કે એમને રાગરસ, સંયોગનો રસ પછી ઉત્પન્ન થતો નથી.

એટલે બહાર આવે ત્યારે '**બહાર આવતાં મડદા જેવી દશા હોય છે.**' જેમ મડદાને કાંઈ ખાવું, પીવું, અનુકૂળતા, પ્રતિકૂળતા નથી, એમ મુનિ બહારના સંયોગોની અપેક્ષાએ મડદાની જેમ વર્તે છે.

મુમુક્ષુ :- સાતમા ગુણસ્થાને બધાની તારતમ્યતામાં ફેર હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે બધા એકબીજા મુનિઓ વચ્ચે?

મુમુક્ષુ :- સાતમા ગુણસ્થાનધારી મુનિ ...

પૂજ્ય ભાઈશ્રી :- એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ. ચોથા ગુણસ્થાનમાં નિર્વિકલ્પ થનારાના અસંખ્ય ભેદ, પાંચમામાં નિર્વિકલ્પતાના અસંખ્ય ભેદ તારતમ્ય અપેક્ષાએ. સાતમાના પણ અસંખ્ય ભેદ. એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ છે. અને આઠ, નવ, દસ એ બધા ગુણસ્થાન બહુ અલ્પ કાળના ચડતી શ્રેણીના છે તો પણ એક એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ છે. બધા એકસરખા નથી. એક ગુણસ્થાનમાં સાધકના અસંખ્ય ભેદ છે. પણ એ તો કેવળીગમ્ય વિષય છે. કોઈ છદ્મસ્થના જ્ઞાનનો એ વિષય નથી.

મુમુક્ષુ :- આઠ પછી તો સવિકલ્પ થતા જ નથી ને?

પૂજ્ય ભાઈશ્રી :- સાત અને સાતથી ઉપરના બધા ગુણસ્થાન નિર્વિકલ્પ છે. શુદ્ધોપયોગના જ ગુણસ્થાન છે. અને એટલા માટે શુદ્ધોપયોગને સાધક કહ્યું છે અને મોક્ષને સાધ્ય કહ્યો છે. શુદ્ધોપયોગ સાધક છે અને મોક્ષ સાધ્ય છે. 'અનુભવપ્રકાશ'માં સાધ્ય-સાધકનો બોલ છે.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનવાળા પણ મડદા જેવા થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- ચોથા ગુણસ્થાને...?

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનવાળાને આ નમૂનો છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનો નમૂનો છે અત્યારે. 'ગુરુદેવ' 'પૂજ્ય બહેનશ્રી' માટે એ શબ્દ વાપરે છે કે જુઓને! બહારમાં મડદા જેવા છે. એવી કોઈ મન-વચન-કાયાની ચંચળતા ઘટી ગઈ છે. અંતરની સાધના ઘણી છે. તો એ શબ્દપ્રયોગ કરતા હતા. જુઓને! સાવ મડદા જેવા છે. ઉદાસ... ઉદાસ. કોઈ પ્રવૃત્તિમાં રસ નહિ, કોઈ કાર્યમાં રસ નહિ, ખાવું પણ જેને બોજો લાગે. આ બધી પરિસ્થિતિ છે. વર્તમાન પરિસ્થિતિ છે. આહાર લેવો એ પણ બોજો લાગે.

'**બહાર આવતાં મડદા જેવી દશા હોય છે.**' અંદરની દશા જુઓ તો એમને હાલતા-ચાલતા સિદ્ધ કહેવામાં આવે છે. હાલતા-ચાલતા સિદ્ધ. સિદ્ધ ભગવાન સ્થિર છે, આ હાલતા-ચાલતા છે. જેને સિદ્ધ ભગવાનની ઊપમા લાગુ પડે છે. જેને મોક્ષતત્ત્વની ઉપમા લાગુ પડે છે. 'અમૃતચંદ્રાચાર્યે' મોક્ષતત્ત્વ કહ્યું. 'પ્રવચનસાર'માં છેલ્લી પાંચ ગાથામાં ભાવલિંગી મુનિરાજને મોક્ષતત્ત્વ કહ્યું. દ્રવ્યલિંગી મુનિને સંસારતત્ત્વ કહ્યું અને ભાવલિંગી મુનિને મોક્ષતત્ત્વ કહ્યું.

'**શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે.**' શરીર પ્રત્યે એમને રાગ નથી. શરીરની અનુકૂળતાનો વિકલ્પ નથી. વિકલ્પ આવે છે અને વિકલ્પને દબાવે છે એમ નથી.

મુનિરાજને શરીરનો વિકલ્પ આવે છે અને એનું દમન કરે છે એમ નથી. પણ એ વિકલ્પ એમને ઉત્પન્ન થતો નથી. પોતાના શરીરની અનુકૂળતાનો વિકલ્પ પોતે કરતા નથી. બીજા પોતાની શરીરની અનુકૂળતા માટે કાંઈ કાર્ય બીજાને કરાવવા માટે પ્રેરણા કરતા નથી. અને વગર પ્રેરણાએ કોઈ કરે તો એને અનુમોદન આપતા નથી. મનથી, વચનથી અને કાયાથી. આ નવ કોટીએ છે. નવ પ્રકારે શરીરસંબંધીની અનુકૂળતાઓને એમણે છોડી દીધી છે. એનો કોઈ વિકલ્પ નહિ.

કેવી આત્માની અંદરની મસ્તી હશે એ એક જગતનો ચમત્કાર છે!! ઠંડીની ઋતુમાં ઠંડી એટલી પડે કે લોકો મકાનની અંદર પણ Heater વાપરે, ગરમ કપડા પહેરે અને તો પણ એના અંગ સંકોચ પામી જાય. આમ હાથ અદબ વાળીને બેસે, સૂવે તો ટૂટીયું વળી જાય ગોદડા હોય તો પણ, ગરમ ધાબળા હોય તો પણ. કેટલું રક્ષણ હોય? મકાનનું રક્ષણ, કપડાનું રક્ષણ, ઓઢવાનું રક્ષણ. આવી ઠંડી પડે ત્યાં મુનિરાજ નિર્વસ્ત્ર દશામાં જંગલમાં રહે, પવનના સુસવાટામાં. અને છતાં એને એ ઠંડીથી બચવાનો વિકલ્પ ન હોય કે પવન ઘણો વધી ગયો છે એટલે હવે હું કોઈ ઓથ લઈને બેસું. ઝાડની, ઝૂંપડીની, મકાનની, ગુફાની ઓથમાં બેસુ એમ નથી. વિકલ્પ નથી.

મુમુક્ષુ :- વિકલ્પ આવે તો?

પૂજ્ય ભાઈશ્રી :- આવે જ નહિ. આ સવાલ છે.

મુમુક્ષુ :- મુનિપણું જાય.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ આવે તો મુનિપણું જાય.

મુમુક્ષુ :- સીધા પહેલે ગુણસ્થાને?

પૂજ્ય ભાઈશ્રી :- ચોથે ગુણસ્થાને. પહેલા નહિ, ચોથે. શ્રદ્ધા નહિ છૂટે. મુનિદશા છૂટી જાય.

મુમુક્ષુ :- શરીર સાથે એકતાબુદ્ધિ થઈને?

પૂજ્ય ભાઈશ્રી :- શરીર સાથે ચારિત્રનો દોષ થઈ જાય. એક્તાબુદ્ધિ થાય તો શ્રદ્ધાનો દોષ થાય. તો પહેલા ગુણસ્થાનમાં આવે. અને ચારિત્રનો દોષ થાય તો ચોથા ગુણસ્થાને આવે. ઈતિહાસમાં એવા પણ પ્રકારો બન્યા છે, આ 'વિષ્ણુકુમાર' મુનિને ભલે પોતાના નહિ પણ બીજાના શરીરરના રક્ષણનો વિકલ્પ આવ્યો છે તો ચોથા ગુણસ્થાને આવ્યા છે. મિથ્યાદષ્ટિ નથી થયા. પછી આ લગ્ન કરે છે. વાદિરાજ મુનિ છે? 'માઘનંદિ મુનિ' છે. માઘનંદિ મુનિ. એ મુનિ લગ્ન કરે છે તો મુનિદશા નથી રહેતી. ગૃહસ્થ દશામાં આવે છે. મોક્ષમાર્ગ છે એની પાસે. શ્રદ્ધાન છે. અને

આગમમાં એટલા બધા સમર્થ અને કુશળ હતા કે કોઈ શાસ્ત્રાર્થનો મોટો પ્રસંગ બન્યો અને શાસન ને સમાજની અંદર એક પરીક્ષાનો કાળ ઊભો થયો. તો એમના આચાર્ય-ગુરુએ એને યાદ કર્યા કે 'માઘનંદિ મુનિ' હોત તો બીજી વાત હોત. બીજા મુનિઓને એમ થયું કે અરે...! આવા એક આપણા સંઘમાં મુનિ હતા કે જેને આજે પણ આચાર્યદેવ સંભારે છે! ચાલોને એમાં શું આપણે એને વિનંતી કરીએ કે આ રીતે શાસન ઉપર શાસ્ત્રાર્થનો મોટો પ્રસંગ ઊભો થયો છે. જાય છે. ગુરુ મહારાજે આપને યાદ કર્યા છે. હેં! હજી મારું આટલું સ્થાન છે? કે ગુરુના હૃદયમાં મારું સ્થાન છે? ફડાક કરતાને છોડી દીધું બધું. ગૃહસ્થપણું છોડ્યું. વળી મુનિ થતા એને વાર નહિ પાછી. મુનિદશામાં આવી ગયા. એવા એવા ઉલટા-સુલટા પ્રકાર બને છે. પણ છૂટી ગયો છે એટલે રાગ ઉત્પન્ન થતો નથી એનું નામ છૂટી ગયો છે. એવી દશા થઈ ગઈ છે કે એને રાગ ઉત્પન્ન થતો જ નથી.

'**શાન્તિનો સાગર પ્રગટ્યો છે.**' નાસ્તિથી રાગની નાસ્તિ કરી છે, અભાવ કર્યો છે. અસ્તિથી અંદરમાં શાંતિનો સાગર પ્રગટ્યો છે. અંદરમાં આનંદનો દરિયો ઉછાળા મારે છે. એની ભરતી પર્યાયના કાંઠે આવે છે. ડૂબી જાય છે એ ભરતીમાં પોતે. આનંદની ભરતીમાં એ ડૂબી જાય છે. ડૂબેલા રહે છે. એક ક્ષણમાં શુદ્ધોપયોગમાં આવે છે. બહાર આવ્યા, ન આવ્યા અને વળી પાછા અંદર ચાલ્યા જાય છે. એવી આનંદમાં ઝુલતી, આત્મામાં ડૂબતી દશા છે.

મુમુક્ષુ :- કેવું મધુર વર્ણન આવી ગયું છે!

પૂજ્ય ભાઈશ્રી :- સામે મુનિ ઊભા હોય અને એનું પરિણમન જોતા હોય એવું વર્ણન લીધું છે. અત્યારે એવા મુનિ દેખાતા નથી. જાતિસ્મરણથી યાદ છે. જાતિસ્મરણ ન હોય તો પણ જ્ઞાનીને મુનિદશા કેવી હોય એનો ચિતાર એના જ્ઞાનમાં આવે છે. જેમ ન જોયેલો દેખાવ કોઈ ચિત્રકાર ચિતરી શકે છે, એમ ન જોયેલી-નજરે નહિ જોયેલી મુનિદશાને પણ જ્ઞાની છે એ પોતાના જ્ઞાનમાં એનો ચિતાર ઊભો થતો હોવાથી બરાબર એને કહી શકે છે. એનું વર્ણન એ બરાબર કરી શકે છે. જ્ઞાનમાં સાક્ષાત્ મુનિદશા આવે છે. કેમ કે એ જાતિનો જ્ઞાન અને આનંદ જ્ઞાનીને ચોથા ગુણસ્થાને પ્રગટ થયા છે. એટલા એના ઉપરથી એની વૃદ્ધિગત પામેલી દશા અને એની પૂર્ણ દશા-મોક્ષની દશા એ બધાનું જ્ઞાન એમાં આવે છે. નવ તત્ત્વના જ્ઞાનમાં મોક્ષદશા, સંવર, નિર્જરા તત્ત્વ એ બધાનું જ્ઞાન એમાં આવી જાય છે.

મુમુક્ષુ :- સ્વરૂપ નિશ્ચયમાં જ થઈ જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર અનુભવના કાળમાં લેવું જોઈએ વિશેષ. કારણ કે

સ્વરૂપ નિશ્ચયની અંદર તો પરોક્ષપણે એનો ભાસ આવે છે. અહીંયાં વેદનથી જે આવે છે એ વાત આખી એક જુદા જ તબક્કાની છે. એ તબક્કા અને એ તબક્કા વચ્ચે બહુ મોટો ફેર છે. ફેર ઘણો છે. એક સાધક દશા છે, એક હજી સાધક દશા નથી. મિથ્યાત્વમાં છે. મિથ્યાત્વ છે કે અનંત સંસારનું બીજ છે. અહીંયાં અનંત સંસાર એનો ખલાસ થઈ ગયો છે, કપાઈ ગયો છે. અથવા એને પોતાનું નિજ પરમાત્મતત્ત્વ હાજરાહજૂર વર્તે છે. એમ છે. પરિણતિમાં એને ઉપસ્થિત છે. હાજરાહજૂર છે. કોઈ સમયે ગેરહાજર નથી.

જે સાક્ષાત્કાર શુદ્ધોપયોગમાં કર્યો એ સાક્ષાત્કારની પરિણતિ ચાલી જતી નથી. પરિણતિ રહી જાય છે. ઉપયોગ છે એ પરિણતિને મુકતો જાય છે. તો પરિણતિ એમ કહે છે કે જો તેં મને જન્મ આપ્યો છે તો હવે વારંવાર શુદ્ધોપયોગ થવો એ વાતથી છૂટી નહિ શકાય. ઉપયોગ એને છોડી નહિ શકે. એને ઉપયોગમાં આવ્યે જ છૂટકો છે. શુદ્ધોપયોગમાં આવ્યે જ છૂટકો છે. અને એ વારંવાર શુદ્ધોપયોગમાં આવે છે. એમ પરિણતિ અને ઉપયોગ, પરિણતિ અને ઉપયોગ થતાં સાધક દશા આગળ વધે. મુનિદશામાં એ કેળવાય છે એટલું કે સહજમાત્રમાં એક-એક ક્ષણમાં સ્વરૂપમાં લીનતા અને તન્મયતા થઈ જાય છે. એવી મુનિદશા થાય છે. એવી મુનિદશા અત્યારે વેશધારી કોઈ સાધુઓમાં નથી. છતાં આવું વર્ણન કરે છે.

મુમુક્ષુ :- પંચમકાળ છે એટલે ફેરફાર થયો.

પૂજ્ય ભાઈશ્રી :- ફેરફાર થયો એટલે? સાધકદશા જ નથી. એ સાધુ જ નથી, મુનિ જ નથી. સર્વ કાળે મુનિદશા તો એકસરખી હોય. કાળ અપેક્ષાએ સંખ્યા ઓછી-વત્તી હોય. અત્યારે ક્યારેક મુનિ હોય, ક્યારેક ન હોય, હોય તો કો'ક જ થાય, એકાદ થાય. પણ એનો અર્થ એમ નથી કે મુનિ બીજી જાતના પણ હોય. એવું પંચમકાળમાં ન હોય. એટલો ફેર પડે પંચમકાળમાં. પણ હોય તો જેવા ચોથા કાળમાં મુનિ હોય, જેવા મહાવિદેહમાં અત્યારે મુનિ હોય એવા, થાય તો એવા જ થાય. બીજા પ્રકારના ન થાય.

મુમુક્ષુ :- મુનિ હોય તો મુનિ કહેવાય ને.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિ હોય એને મુનિ કહેવાય. ન હોય એને મુનિ કહેવાનો પ્રશ્ન રહેતો નથી.

આ એક મોટી વાત લીધી છે. '**શાન્તિનો સાગર પ્રગટ્યો છે.**' અંદરથી શાંતિનો સમુદ્ર છે એણે ઉછાળો નાખ્યો છે. મધદરિયેથી જેમ ભરતી આવે છે, એમ 'ગુરુદેવ' દૃષ્ટાંત આપતાને? ૧૧૮ ડિગ્રીનો તડકો તપતો હોય ચૈત્ર-વૈશાખ મહિનાનો, તો પણ

સમુદ્રમાં મધ્યબિંદુમાંથી ભરતી આવે છે. પાણી... પાણી જળબંબાકાર કરી નાખે એટલી ભરતી આવે છે. આટલો તડકો તપે છે, પાણી શોષાઈ જવું જોઈએ. ભરતીને એ તડકો લાગુ પડતો નથી. કોઈ રોકી શકે નહિ. અંદરથી ભરતી આવે છે.

એમ મુનિને (અંદરથી ભરતી આવે છે). ... એ વખતે અંદરથી એવી ભરતી આવે કે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે. અંતઃકૃત કેવળી કહે છે. છેલ્લી ઘડીએ. આ બાજુ પ્રાણ છૂટવાની તૈયારી હોય તો આ બાજુ કેવળજ્ઞાન થવાની તૈયારી હોય. એટલો શુદ્ધોપયોગની અંદર પુરુષાર્થ વિશેષ પ્રગટ કરે. એટલે બહારની પ્રતિકૂળતા એને રોકી શકતી નથી, એને સ્પર્શી શકતી નથી. પ્રતિકૂળતાઓની પહોંચ, કોઈ સંયોગની પહોંચ આત્માના ભાવમાં પહોંચતી નથી.

‘**ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઊછળે છે.**’ ચૈતન્યની પર્યાયના અનંત ગુણના વિધવિધ પ્રકારના સ્વભાવવાળા પર્યાયો એટલે તરંગો અંદરમાં ઊછળે છે. અને એ અનંત શક્તિઓના ઉછળતા પરિણમનમાં એમનો આત્મા લીન છે. મુનિરાજનો આત્મા લીન થયેલો છે-તન્મય થયેલો છે. હવે એક એક ગુણની વાત કરે છે.

‘**જ્ઞાનમાં કુશળ છે,...**’ આગમજ્ઞાનમાં મોટા ભાગના મુનિઓ કુશળ હોય છે. અને આગમ જ્ઞાનના વિસ્તારમાં કુશળ ન હોય તો પણ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ સ્વરૂપને ગ્રહણ કરવાની જે જ્ઞાનની શક્તિ છે, સ્વગ્રાહકશક્તિ, જે સ્વપરગ્રાહકશક્તિ જ્ઞાન છે એમાં સ્વગ્રાહપણું છે એ સ્વને ગ્રહણ કરવામાં મુનિરાજ ઘણા કુશળ છે. અત્યંત કુશળ છે. એટલી બધી એમની કુશળતા છે કે એટલી કુશળતા ચોથે અને પાંચમા ગુણસ્થાનના સાધકને એ કુશળતા નથી.

મિથ્યાદષ્ટિ અગિયાર અંગ અને નવ પૂર્વધારીનો તો સરખામણી કરવાનો જ સવાલ નથી એમની સાથે. પણ એક મિથ્યાદષ્ટિ અગિયાર અંગ અને નવ પૂર્વનો શાસ્ત્રપાઠી હોય અને એક મુનિરાજને નવ તત્ત્વના નામ ન આવડતા હોય તો પણ મુનિરાજ જ્ઞાનમાં કુશળ છે. સ્વરૂપ ગ્રહણ કરવાના જ્ઞાનમાં એ કુશળ છે. અને મિથ્યાદષ્ટિનો ઉપયોગ સ્થૂળ છે. એ પોતાના સ્વરૂપને જ્ઞાનમાં ગ્રહણ કરી શકતો નથી. સ્થૂળ ઉપયોગી છે.

‘**જ્ઞાનમાં કુશળ છે,...**’ તીક્ષ્ણ અને સૂક્ષ્મ જ્ઞાનવાળા છે. ‘**દર્શનમાં પ્રબળ છે,...**’ એમની શ્રદ્ધા ઘણી બળવાન છે. શ્રદ્ધામાં જરા પણ મચક આવતી નથી. સાતમેથી છઠ્ઠે ગુણસ્થાને આવે છે, જેને પ્રમત્ત દશા કહેવામાં આવે છે. સાતમાને અપ્રમત દશા કહે છે. તો એ ચારિત્રમાં મચક આવી છે પણ એ કાળે શ્રદ્ધાનમાં મચક આવતી નથી. દર્શનમાં પ્રબળ છે. દર્શન એટલું પ્રબળપણે પ્રગટ થાય છે કે એમાં કાંઈ ફેર

પડતો નથી. ચારિત્રમાં ઉપર-નીચે, ઉપર-નીચે પરિણામમાં ઝોક આવે છે અને એટલી મચક ખાય છે પરિણામ. પણ શ્રદ્ધામાં મચક ખાતા નથી. એટલે એમાં પ્રબળ શબ્દ લીધો છે.

**'જ્ઞાનમાં કુશળ છે,...'** એક એક શબ્દ પાછળ બહુ સમજણથી શબ્દપ્રયોગ છે. જ્ઞાનની વિશેષતા કુશળતામાં લીધી છે અને દર્શનની વિશેષતામાં પ્રબળતા લીધી છે. કેમ કે જ્ઞાન વિચિક્ષણ છે. બહાર જાય તો પણ ભિન્ન રહેવાની એનામાં કુશળતા છે. કોઈપણ પ્રકારના વિકલ્પ ઊઠે, પ્રશ્ન આવે, પ્રશ્ન ઊઠે તો પણ સમાધાન કરવાની જ્ઞાનમાં કુશળતા છે. જ્યારે દર્શનની અંદર આત્માને વળગી રહેવાની પ્રબળતા છે.

જ્ઞાનમાં કુશળતા છે અને દર્શનમાં પ્રબળતા છે. એ રીતે જ્ઞાન કુશળ છે કે કોઈ તબક્કે ભૂલું પડતું નથી. ક્યાંય ફસાતું નથી. આત્મજ્ઞાન થયા પછી એ જ્ઞાન ક્યાંય ફસાતું નથી. ગમે તે વિષય સામે જ્ઞાનમાં આવી શકે છે. એનો કોઈ નિયમ નથી કે આ વિષય જ્ઞાનમાં નહિ સામે આવે. કોઈ પણ આંટીઘૂંટીવાળો વિષય આવે તો પણ મુનિરાજ જ્ઞાનમાં કુશળ છે અને શ્રદ્ધાનમાં એ પ્રબળ છે. આવું છે.

આચરણમાં **'સમાધિના વેદનાર છે.'** આચરણમાં વેદન લીધું છે. નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર રહેવું એ મુનિનું આચરણ છે અને પોતાના સ્વરૂપના વેદનમાં સ્થિર થઈ ગયા છે એવા મુનિરાજ છે. શાંતિની અપેક્ષાએ લઈએ તો અંતરમાં તૃપ્ત તૃપ્ત છે. અંદરમાં અમૃતની ધારથી પોતે તૃપ્ત થાય છે. જેમ તૃષાવાનને ધારાવાહી કોઈ પાણી પાય અને એ પાણી પીધા જ કરે અને તૃપ્તિ એને થયા જ કરે. એમ અંદરમાં શાંતિની ધારા પ્રગટી છે. એ શાંતિથી પોતે શાંત શાંત, તૃપ્ત તૃપ્ત થાય છે.

**'અંતરમાં તૃપ્ત-તૃપ્ત છે. મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે.'** સાક્ષાત્ વીતરાગતાની મૂર્તિ જોઈ લ્યો! ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' 'અષ્ટપાહુડ'માં જે પહેલું પાહુડ લખ્યું છે એ આ વિષય ઉપર લખ્યું છે. આત્મામાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉગ્ર દશા પ્રગટે છે એને ભાવ મુનિદશા કહેવામાં આવે છે. એ અરૂપી આત્માના અરૂપી પરિણામ હોવાથી ઇન્દ્રિયોના રૂપીપણાને જાણવાના ક્ષયોપશમભાવને જ્ઞાનગોચર થતા નથી. એવા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ રૂપી પદાર્થને જાણવાવાળું જે ઇન્દ્રિયજ્ઞાન, એને અરૂપી પદાર્થ, અરૂપી પર્યાયો, અરૂપી ભાવો જ્ઞાનગોચર થતા નથી. એવું જે મુનિદશાનું અમૂર્તિક સ્વરૂપ છે એનું એક મૂર્તિમંત સ્વરૂપ પણ છે એમ કહે છે. એ વીતરાગતા ભાવે અમૂર્તિક હોવા છતાં એમના બહારમાં મન-વચન-કાયાના યોગમાં એ વીતરાગતાની એટલી સામે ઝાંય પડે છે-છાપ આવે છે કે કોઈને વીતરાગમાર્ગને મૂર્તિમંતપણે જોવો હોય તો મુનિરાજના દર્શન કરવા. મુનિરાજ એટલે

અરૂપી આત્માનું રૂપીપણે મૂર્તિમંતપણે, અમૂર્તિક એવા આત્માનો મૂર્તિમંતપણે જો કોઈ મોક્ષમાર્ગ હોય તો તે ભાવલિંગી મુનિ છે.

મુમુક્ષુ :- આ જૈનદર્શન.

પૂજ્ય ભાઈશ્રી :- આ જૈનદર્શન છે. જૈનમાર્ગ. મૂર્તિમંત જૈનમાર્ગ. એ મુનિદશા છે. બહુ સરસ, બહુ રસિક અધિકાર લખ્યો છે. 'અષ્ટપાહુડ'માં શ્વેતાંબર મત એ વખતે શરૂ થયો છે. આખો ગ્રંથ દાર્શનિક ગ્રંથ છે. એટલે શ્વેતાંબર દર્શન અને દિગંબર દર્શન ઉપર એમને પ્રકાશ પાડવો છે. દર્શન ઉપર પ્રકાશ પાડનારો દાર્શનિક ગ્રંથ કહેવાય છે. તો એમાં મુનિરાજથી વાત ઉપાડી છે. વીતરાગમાર્ગને વિષે, જિનમાર્ગને વિષે મુનિ કેવા હોય? કે આવા જે ભાવલિંગી સંત છે એ મૂર્તિમંત મોક્ષમાર્ગ છે. બહુ સરસ વર્ણન લીધું છે. એ વાત અહીંયાં લેવી છે.

'**મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય...**' અમૂર્તિક ભાવને શું કહે છે કે મૂર્તિ હોય. '**એ રીતે પરિણમી ગયા છે.**' એવું જ્ઞાન થાય છે. એમને જોઈને વીતરાગતાનું જ્ઞાન થાય છે બીજાને. ન બોલે તો પણ, હોં! બોલે તો તો થાય એમાં કાંઈ પ્રશ્ન નથી. કેમ કે એમની વાણીમાં એ નિમિત્ત હોય છે. પણ ન બોલે તો વીતરાગતાનો ઉપદેશ મળે એવી મુનિની દશા હોય છે. લીધું છે, દીપચંદજીએ લીધું છે મોક્ષમાર્ગમાં. મુનિરાજની શાંત મુદ્રા વગર બોલે પણ વીતરાગતાનો ઉપદેશ આપે છે, શાંતિનો ઉપદેશ આપે છે, શાંતિનો બોધ મળે છે. એમના દર્શનમાત્રથી વીતરાગતાનો બોધ મળે છે. એ વાત લીધી છે.

'**મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે.**' રાગી જીવોનો દેહ હોય એવી કોઈ પ્રકારની ચેષ્ટાઓ દેહની અંદર દેખાતી નથી. ઉદાસ ઉદાસ જગતથી. અને અંતર્મુખી પરિણમન. દેખાઈ આવે એવું અંતર્મુખી પરિણમન છે એમનું વીતરાગી પરિણમન. '**જિન નહિ પણ જિનસરખા છે.**' સાક્ષાત્ જિનેન્દ્ર છે. જિનેન્દ્રને બીજી ભાષામાં મુનિન્દ્ર પણ કહેવામાં આવે છે. મુનિદશાની ટોચ કક્ષાએ, ઉત્કૃષ્ટ દશાએ પહોંચ્યા એવા જિનેન્દ્રને મુનિન્દ્ર પણ કહેવામાં આવે છે. મુનિન્દ્ર એવું નામ આપવામાં આવે છે. મુનિઓમાં ઈન્દ્ર સમાન. તો ભલે મુનિ મુનિન્દ્ર નથી પણ મુનિ તો છે. એમ મુનિ જિનેન્દ્ર નથી પણ જિન નથી પણ જિનસરખા તો છે. જિન જેવા જ છે. એ તો પોતે એક બોલ લીધો છે ને? કે જેમ પિતાનો અણસાર પુત્રમાં આવે છે. અને અણસાર ઉપરથી કોઈ કહી દે છે કે તમે ફલાણાના દિકરા લાગો છો? તો કહે, હા. બરાબર અણસાર આવે છે તમને. એમ જિનરાજનો અણસાર મુનિરાજમાં આવે છે.

મુમુક્ષુ :- વચનામૃતના ...

પૂજ્ય ભાઈશ્રી :- ... છે ને. મુનિદશાના ઘણા બોલ લીધા છે ને. તો ઘણી ઘણી વાતો લખી છે. એક-એક બોલની અંદર બધી વાત સરખી છે એમ નથી. પણ જુદા જુદા પાસા લીધા છે. અને એક મુનિદશાને વર્ણવવા માટે કેટલે પડખેથી એ મુનિદશાને સ્પષ્ટ કરે છે.

'**જિન નહિ પણ જિનસરખા છે.**' જિનેન્દ્ર જેવા જ છે. એવા જ દેખાય છે. અને તેથી તેમાં મોક્ષતત્ત્વનો આરોપ કરવામાં આવે છે. એ ૩૫૬ બોલ થયો.

**આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે, એકલો મુક્ત થાય છે. તેને કોઈનો સાથ નથી. માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે. આમ ચૌદ બ્રહ્માંડમાં એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણમના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય. ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે, વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે. માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે. ૩૫૭.**

૩૫૭. '**આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે, એકલો મુક્ત થાય છે. તેને કોઈનો સાથ નથી.**' શું વાત લેવી છે? એકત્વભાવના લે છે. આ વસ્તુસ્થિતિ છે. આ વસ્તુસ્થિતિથી જીવના વિપરીત પરિણામ છે એને વિભાવ પરિણામ કહે છે. અને એ વિપરીત પરિણામથી જીવ કોઈના ને કોઈના સાથથી રહેવા માગે છે. કોઈનો સાથ હોય તો એને હૂંફ રહે છે. અને નહિતર એને સંસારમાં એકલું એકલું ગમતું નથી.

એને એમ કહે છે કે ભાઈ! તું જન્મ્યો હતો એકલો. તું જન્મ્યો પણ એકલો, હવે દેહ ત્યાગ... દેહનો સંયોગ છે, જન્મ એટલે દેહનો સંયોગ, આત્મા જન્મતો નથી. પણ નવા નવા દેહનો સંયોગ થાય છે. એવો જે જન્મ સંસારમાં કહેવામાં આવે છે એમાં પણ તને દેહનો સંયોગ થયો. અને દેહ ત્યાગને મૃત્યુ કહે છે. આત્મા મરતો નથી પણ દેહનો વિયોગ થાય છે. તો એ દેહત્યાગ પણ એકલો કરીશ. તારી સાથે કોઈ બીજા દેહ ત્યાગ કરશે તારી ખાતર એમ બનવાનું નથી.

**'આ સંસારમાં જીવ એકલો...'** દેહના સંયોગમાં આવે છે એટલે જન્મે છે. અને દેહનો ત્યાગ કરીને મરે છે એમ કહે છે એ પણ એને એકલાને જ એ પરિસ્થિતિમાંથી પસાર થવાનું હોય છે. એમાં કોઈનો સાથ હોતો નથી. અનેક પ્રકારના ભવભવાંતરમાં પરિભ્રમણ કરે છે. પશુ, પક્ષી, કીડી, મકોડાથી માંડી, ઢોર-ઢાંખરથી માંડીને નારકીમાં જાય, દેવલોકમાં જાય, મનુષ્ય થાય. ચાર ગતિમાંથી ચારે ચાર ગતિમાં ચોર્યાશી લાખ યોનીમાં પરિભ્રમણ કરતો કરતો પણ એ એકલો જ પરિભ્રમણ કરે છે. એમાં એને કોઈ સાથ દે છે એમ છે નહિ. એને એકલાને જ પરિભ્રમણ (કરવું પડે છે). કેમ કે એ પોતાના ભાવનું ફળ છે. ભાવ એકલો કરે છે. એનું ફળ પણ એકલો જ ભોગવે છે. પીડા થાય તો અશાતાની વેદનાને એકલો ભોગવે છે. કે કોઈ અંદર બીજો ભાગ પડાવી શકે? એવું બનતું નથી.

સાધકદશામાં સાધના-ધર્મ સાધે તો પણ એકલો સાધે. અને એના પરિણામસ્વરૂપ, ફળસ્વરૂપે મુક્તિમાં જાય તો પણ એકલો જાય. એમાં કોઈ સાથ આપે અને સાથ આપે તો થાય એવી કોઈ વસ્તુસ્થિતિ નથી. જેમ સંસારના પરિભ્રમણમાં કોઈનો સાથ નથી, એમ મુક્તિમાં પણ કોઈનો સાથ નથી. એકલું જ આ બધું કાર્ય થાય છે. પાપ કરે તો પણ એકલો, પુણ્ય કરે તો પણ એકલો, ધર્મ કરે તો પણ એકલો. આ કહે છે ને આપણે બધા ભેગા થઈને, જૈનો ભેગા થઈને ધર્મ કરીએ. સમૂહ પૂજા થાય પણ સમૂહ ધર્મ ન થાય. એનો અર્થ કે પૂજા ધર્મ નથી. શું કહે છે? સમૂહ ભક્તિ કરીએ, સમૂહ પૂજા કરીએ, સમૂહ શાસ્ત્ર-સ્વાધ્યાય કરીએ, સમૂહ જાપ કરીએ, સમૂહ યાત્રા કરીએ. બધા કહે છે ને? સમૂહ ફંડ-ફાળા કરીએ-દાન. કહે છે, એ કોઈ ધર્મ નથી. એ કોઈ ધર્મ નથી.

ધર્મ તો વસ્તુનો સ્વભાવ છે. વત્થુ સહાવો ધમ્મો. વસ્તુના વિજ્ઞાન અનુસાર, વસ્તુના સ્વરૂપ અનુસાર ધર્મની દશા છે. અને એ સ્વરૂપના શુદ્ધ શ્રદ્ધાનરૂપ, શુદ્ધ જ્ઞાનરૂપ અને શુદ્ધ ચારિત્રરૂપ છે. શુદ્ધ આનંદ અને શુદ્ધ શાંતિ સ્વરૂપે છે. એવો જે ધર્મ છે એ એકલો થાય છે. પાપ જેમ એકલો કરે જીવ, પુણ્ય એકલો કરે. એના ભાવ તો એકલો જ કરે કે બધા કરે છે? દરેકને સમૂહમાં કરે તો પણ થાય Individual-વ્યક્તિગત થાય. એમાં કોઈને ઊંધા પરિણામ કરતા રોકી શકાય નહિ. એમ ધર્મ કરે તો જીવ એકલો કરે. એનું ફળ ભોગવે તો પણ મુક્તદશા એકલાની થાય છે.

**'એકલો મુક્ત થાય છે. તેને કોઈનો સાથ નથી.'** એને કોઈનો સાથ નથી. એનો અર્થ એમ છે કે એના અવળા-સવળા દરેક પ્રકારના કાર્યોમાં કોઈ સાથ આપે તો

થાય અને નહિતર ન થાય એવું કાંઈ નથી. જીવ સ્વતંત્રપણે પોતાનું કાર્ય કરે છે. કોઈનો સાથ એમાં કામ આવતો નથી. છતાં પણ એમાં કોઈ સાથ લેવાની માન્યતા રાખે તો એ માન્યતા માત્ર ભ્રમણા છે. એ માન્યતા છે એ ભ્રમણા છે, અજ્ઞાન છે, મિથ્યાભાવ છે, મિથ્યાશ્રદ્ધાન છે.

**'માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે.'** ખરેખર કોઈની ઓથ અને કોઈના આશ્રયે કોઈ કામ થાતું નથી. એક તો જીવ એ ભૂલી ગયો છે કે આત્મામાં અનંત શક્તિ છે. અને અનંત શક્તિને લઈને પોતાની શક્તિથી જ પોતાનું કાર્ય કરી શકે છે. એ પોતાની શક્તિને જ્યારે ભૂલે છે ત્યારે એ બીજાની ઓથ લેવાના પરિણામ કરે છે કે જો મને સંયોગની અનુકૂળતા હોય તો હું ધર્મ સરખી રીતે કરું. એકવાર બરાબર આજીવિકા ચાલે એટલી મૂડીનું વ્યાજ છૂટે એટલી મૂડી થાય તો પછી 'સોનગઢ' જઈને નિરાંતે બેસું. અને ધર્મ કરું 'સોનગઢ'માં જઈને. થાય કે ન થાય?

મુમુક્ષુ :- પહેલા કાદવ ચોપડું અને પછી ધોઉં.

પૂજ્ય ભાઈશ્રી :- પણ કાદવ ચોપડ્યા પછી પણ એ ધોઈ શકે કે ન ધોઈ શકે ઈ સવાલ છે. ભાઈ! તેં આધાર કોનો લીધો? અહીં તો એમ કહે છે કે હજી એણે કાદવ ચોપડવાનું બંધ જ નથી કર્યું. ભલે દુકાન બંધ કરી હશે, દુકાને નહિ જતો હોય, વેપાર નહિ કરતો હોય. પણ મૂડીના વ્યાજના આધારે મારે ધર્મ કરવો છે તો હજી કાદવ ચોપડવાનું બંધ કર્યું નથી. એમ છે.

મુમુક્ષુ :- તો ધોવાનો સવાલ જ પેદા નથી થતો.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક ને. કાદવ ધોવાનો હજી સવાલ પેદા નથી થતો.

ધર્મ તો આત્માના આધારે થાય છે અને તે કોઈપણ પરિસ્થિતિમાં થાય છે. ચીંથરેહાલ હોય તો પણ ધર્મ થાય છે. ચીંથરેહાલ એટલે સમજ્યા? શરીર ઉપર કપડું ન હોય અને ચીંથરા વીંટાળવા પડ્યા હોય. કપડું સીવડાવવાનું નવું કાપડ ન હોય તો ચીંથરા હોય. ફાટી ગયેલા ચીંથરા જેવું કપડું. એવું ચીંથરેહાલ હોય. એટલે દારિદ્ર હોય તો પણ ધર્મ કરી શકે છે. ધર્મ કરવાનો એનો સોએ સો ટકાનો અધિકાર છે. કેમ કે એનામાં ધર્મ કરવાની શક્તિ છે અને એ ધર્મ કરી શકે છે.

એનો અર્થ એ થાય છે કે જો જીવે ધર્મ કરવો હોય તો એણે કોઈપણ હાલતમાં ધર્મ કરી શકું છું એવી એની અભિપ્રાયમાં માનસિક તૈયારી હોવી જોઈએ. આ સ્પષ્ટ વાત છે. જો એમ ન હોય તો પછી કરીશ એ વાત એને ઊભી થયા વિના રહેશે નહિ. અને પછી કરીશ એ ક્યારેય કરી શકવાનો નથી. પછીવાળાનું સદાય પછી જ રહેવાનું છે. કોઈ દિ' પહેલા થવાનું જ નથી. એટલે જેણે કરવું હોય એણે અત્યારથી

જ શરૂઆત કરી દેવી, કોઈ પણ હાલત હોય. એને પછી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ઘરમાં હો-હલ્લો ચાલતો હોય, રેડિયો ચાલતો હોય, ટીવી હોય..

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ વેદના થતી હોય તો વેદનામાં વિક્ષેપ પડે છે? જ્યારે ઘરમાં ટીવી ચાલતું હોય, રેડિયો ચાલતો હોય, બીજા અવાજ થતા હોય ત્યારે વેદનામાં કેવો એકાગ્ર થાય છે? પીડા થતી હોય તો. ત્યાં એ બધા એને ખલેલ પાડે છે એની વેદનામાં? તો આ સ્વસંવેદનની આત્મવેદના છે. પેલી અશાંતિની અને દુઃખની વેદના છે અને આ શાંતિની વેદના છે. વેદના એ બધાથી પર છે. એનો અર્થ શું છે? કે વેદના અવળી હોય, અશાંતિની હોય કે શાંતિની હોય, વેદના બહારના અવાજથી પર છે. બહારની દખલબાજીથી વેદના પર છે. એને લઈને કાંઈ થાય છે એવું હોતું નથી. એટલે કોઈપણ હાલતમાં માણસ કાર્ય કરી શકે છે.

લૌકિકમાં લોકોને એવું હોય છે, અમારે એક સંબંધી હતા. એ કહે કે જો હું વાચવા બેસુ... Mechanical engineer થયેલા. Professor હતા ... એ જો વાંચવા બેસે તો ઈ એના દિવાનખાનામાં સોફા ઉપર વાંચવા બેસે. ચાર-પાંચ ગોદરેજના કબાટ હોય. એ કહે, આઠ માણસ આવીને એક એક કબાટ ઉપાડી ઉપાડીને વયો જાય તો પણ મને ખબર પડે કે આઠ માણસ ઘરમાં ગરીને કબાટ ઉપાડવા માંડ્યા છે. આટલું એકાગ્રપણું તો લોકોને લૌકિક વિષયમાં હોય છે, ભણતરના વિષયમાં હોય છે. વાંચતા હોય અને એને જમવા બોલાવ્યા હોય તો સાદ પાડે તો એ કાંઈ જમવા આવે નહિ. રસોડામાંથી એમની બા કે એમના પત્ની સાદ પાડે અને.. એ .. હલાવવા પડે, ચાલો જમવાનું થઈ ગયું છે. કાં પુસ્તક લઈ લેવું પડે હાથમાંથી. આટલી તો લોકોની બહારમાં એકાગ્રતા લૌકિક વિષયમાં થાય છે.

તો આત્માના વિષયમાં અનંત શાંતિનો દરિયો છે એમાં જવાનું જોશ ઊભું થયું હોય એને ક્યાં પ્રશ્ન છે ... નડવાનો કે અવાજ એમને અશાંતિ કરે. એ બધું તો ઠોઠ નિશાળીયાને વતરણા જાજા. આ મારે પેન્સિલ સરખી જોઈએ, આ પેન્સિલ મારે નાની પડે છે ને આ બરાબર નોટ સારી નથી ને મને નવી ચોપડી લાવી દો તો હું ભણું. એ બધા ઠોઠ નિશાળિયાના લક્ષણ છે. ફાટેલી ચોપડીએ પહેલો નંબર આવવાવાળા હોય છે. અહીં સુધી રાખીએ.

## તા. ૧૨-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૭,૩૫૮ પ્રવચન નં. ૨૭૫

'બહેનશ્રીના વચનામૃત' ૩૫૭ બોલ. ૧૨૬-પાનું. આત્મહિત કરી લેવા જેવું છે એ વાત કહેવા માટે જીવનો ભૂતકાળ બતાવે છે. જીવે એકલું જન્મ-મરણ કર્યું છે. સંસારમાં સુખ-દુઃખનો ભોક્તા એકલો હોવા છતાં બીજાનો આશ્રય-ઓથ-લે છે. જન્મ-મરણ કરતા કરતાં ચૌદ બ્રહ્માંડમાં એટલે આખા વિશ્વમાં બધે બધા પ્રકારના ભવો એણે ધારણ કર્યા.

'**આમ ચૌદ બ્રહ્માંડમાં એકલા ભમતાં જીવે...**' કોઈનો સાથ મળ્યો છે એમ નહિ પણ એકલા ભમતા જીવે '**એટલા મરણ કર્યા છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય.**' જુઓ! પ્રમાણ આપ્યું છે. જે-તે ભવમાં દેહત્યાગ થાય છે ત્યારે વધુમાં વધુ મમત્વ એની માતાને હોય છે. તિર્યંચમાં પણ ગાયને વાછરડા પ્રત્યે, એમ ચકલીને એના બચ્ચા પ્રત્યે મમતા રહે છે. એને કાંઈ થાય તો એને દુઃખ થાય છે. પણ એક મનુષ્યના ભવ લઈએ તો પણ મનુષ્યના ભવ એટલા કર્યા છે કે મનુષ્યની જે માતા છે એના આંસુથી દરિયા ભરાય. કેટલો કાળ રખડ્યો? અને કેટલા કેટલા દુઃખ ભોગવ્યા?

એવા ચૌદ બ્રહ્માંડમાં '**ભવપરિવર્તન કરતાં કરતાં...**' અનેક પ્રકારના ભવમાં જન્મ-મરણ, જન્મ-મરણ કરતાં કરતાં '**માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે,...**' મનુષ્યભવ બહુ લાંબા ગાળે આવે છે. અનંત કાળે આવે છે. પ્રાપ્ત થયો છે અને એ સંબંધીનું અજ્ઞાન છે એટલે એનું મૂલ્ય ભૂલી જાય છે. પણ ખરેખર અનંત કાળે મનુષ્યભવ મળ્યો છે. મનુષ્યભવ મળ્યો છે એટલું જ નહિ પણ '**આવો ઉત્તમ જોગ મળ્યો છે,...**' આ એક વિશેષ વાત કરી છે.

અનંત વાર મનુષ્યભવ મળ્યો હોય એવા અનંત વારના મનુષ્યભવમાં આવો ઉત્તમ યોગ અનંત વારમાં ક્યારેક એકાદ વખત મળે છે. સ્પષ્ટપણે જોવામાં આવે છે. પોણા છ, છ અબજની વસ્તીમાં આ વાત ક્યાંય છે નહિ. જ્યાં આ વાત છે ત્યાં પણ આ વિષયનું જે ગંભીર રહસ્ય છે એ સંબંધીની અત્યંત દરિદ્રતા વર્તે છે. વિષયનું ગંભીર રહસ્ય એટલું છે કે મનુષ્યભવમાં સિદ્ધપદને હાંસલ કરી લ્યે. એ મનુષ્યપણું

માત્ર ક્ષુદ્ર કાર્યોમાં વ્યતીત થઈ જાય તો એના જેવી મોટી મૂર્ખાઈ પણ કોઈ નથી.

'**ભવપરિવર્તન કરતાં કરતાં માંડ માંડ તને આ મનુષ્યભવ મળ્યો છે,...**' એમાં પણ '**આવો ઉત્તમ જોગ મળ્યો છે. તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે,...**' આત્મહિત માટેનો ઉત્તમથી ઉત્તમ યોગ મળ્યો છે. આવા નિકૃષ્ટ કાળમાં આવો ઉત્તમ યોગ મળવો એવું જવલ્લેજ બને છે. અનંત મનુષ્યભવમાં કોઈ એક મનુષ્યભવમાં આવો યોગ મળે છે. દુર્લભતા લીધી છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષના સમાગમની દુર્લભતા લીધી છે અહીંયાં. તેથી '**આત્માનું હિત કરી લેવા જેવું છે,...**' એવું એકમાત્ર લક્ષ જો જીવને હોય તો જ આત્મહિત થાય અને નહિતર આત્મહિત ન થાય એ વાત પણ સ્પષ્ટપણે સમજી શકાય એવી છે. જો એકમાત્ર જ લક્ષ હોય તો જ એ કાર્ય થાય અને નહિતર ન થાય. નહિતર જીવનો સમય અને આયુષ્ય જાણે કે પલમાત્રમાં ચાલ્યો ગયો એવી દશાએ પહોંચતા-આયુષ્યના છેડે પહોંચતા-વાર લાગતી નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'નો આવો ઉત્તમ યોગ મળ્યો અને ક્ષુદ્ર વસ્તુમાં ગુમાવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- પોતા ઉપર લેવા જેવું છે, પોતા ઉપર લેવા જેવું છે. જેમ બીજા ગુમાવે છે એમ હું તો ગુમાવતો નથી ને? બસ! આ લેવા જેવું છે. બીજાને ગુમાવતા જોઈએ છીએ તો એના ઉપરથી મારું આવું ન થાય એ વાતની જાગૃતિ (આવી) એમાં સતર્ક થઈ જાય જીવ તો એણે બીજું જોયું એ સાર્થક છે. નહિતર તો પરલક્ષે તો એણે ગુમાવ્યું એમ તેં એના લક્ષે ગુમાવ્યું. એને બીજા લક્ષે ગુમાવ્યું તો તેં એના લક્ષે ગુમાવ્યું એમ થઈ જશે.

મુમુક્ષુ :- ગુમાવ્યું એનું દર્દ નથી આવતું.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. એનું દર્દ લાગે એટલે તો આટલો ઈતિહાસ કહ્યો. આટલો ઈતિહાસ કહીને પછી આત્માનું હિત કરી લેવા જેવું છે એવી એક પ્રેરણા આપી છે. મુખ્ય વાત તો આખા બોલમાં પ્રેરણાની છે અને એ વાત કહેવા માટે જીવનો આગલો ઈતિહાસ કહ્યો. જો ભાઈ! આમ તારી ભૂતકાળની ઘટનાઓ છે એનું આ વર્ણન છે અને એનું હવે તને જો દર્દ લાગે તો તો ઉપાય છે અને ન લાગે તો એનો કોઈ ઉપાય પણ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાય નથી. જીવનો ઉદયભાવમાં એટલો વેગ છે. શું સૂચવે છે? એ પરિસ્થિતિ શું જાહેર કરે છે-પ્રસિદ્ધ કરે છે? કે ઉદયભાવમાં જીવનો એટલો વેગ છે કે એ વેગમાં એ ધસમસતો દોડે છે અને વિચાર સુદ્ધા કરવાનો અવકાશ

રહેતો નથી. આમ છે.

મુમુક્ષુ :- પરવસ્તુ રહી ન જાય, પરવસ્તુ ચાલી ન જાય, ઓછી ન થઈ જાય. એની ચિંતા કરે છે. સતર્ક રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સતર્ક. એટલે જ તો આનો વિચાર આવતો નથી. એટલે આ વિચાર આવતો નથી. અને છતાં એ એના હાથની બાજી બિલકુલ નથી, જરા પણ નથી. એના હાથની બાજી એ જરાય નથી. ઓછી થાય, ઘટી જાય, કાંઈ પણ ફેરફાર થાય, એક પરમાણુને સ્પર્શી શકે એ આત્માના અધિકારનો વિષય નથી. એના અધિકાર બહારનો વિષય છે.

મુમુક્ષુ :- ઓઘસંજ્ઞાએ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે. પછી આશા શું? પછી આત્મહિતની આશા રાખવી. કેવી રીતે બને?

એટલે તો 'સોગાનીજી' એ વાત અવારનવાર લે છે કે આવી જે આત્માના પરમહિતની વાત છે, જે અનંત કાળે યોગ થયો છે કહેનારનો, તો તને ચોંટ લાગવી જોઈએ. પહેલી વાત તો એ છે કે તને ચોંટ લાગવી જોઈએ. તારું મર્મસ્થાન ભેદાવું જોઈએ અને તારો પ્રયાસ ચાલુ થઈ જવો જોઈએ. આ બે વાત ઉપર એમનું ઘણું વજન છે. એ સિવાય, એ બે લક્ષણ ઉત્પન્ન થયા સિવાય તારું સાંભળવું, વાંચવું, વિચારવું બધું ખાલી થોથે-થોથું છે. એમાં કાંઈ વાતમાં માલ નથી. એ તો સીધી આવી વાત લે છે કે તપાસી લે. ચોંટ લાગી અંદર? સાંભળતા જ પ્રયાસ ચાલુ થયો? તો આ Lineમાં તારો પ્રવેશ છે એનું લક્ષણ સાચું છે. પુત્રના લક્ષણ પારણામાંથી એમ કહે છે ને? એમ આ Lineમાં પ્રવેશ થયાનું લક્ષણ સાચું છે અને નહિતર આ Lineમાં પ્રવેશ થયાનું હજુ સાચું લક્ષણ ઊભું થયું નથી. બાકીનું પૂર્વાનુપૂર્વ આવું બધું તો તેં અનંત વાર કર્યું છે. અગિયાર અંગ અને નવ પૂર્વનો જ્ઞાનાભ્યાસ, આગમ અભ્યાસ અને દ્રવ્યલિંગી પર્યંતની બહારની ક્રિયા, આ અનંતવાર કરી ચૂક્યો છે. અંદરમાં એને ચોંટ લાગી નથી. દીક્ષા ઉદયના ઘરની લીધી છે. આત્માના ઘરની નહિ.

'**આત્માનું હિત કરી લેવા જેવું છે,...**' અને તેને માટે સમય ઘણો ઓછો છે પાછું એમ કહે છે. ઘણો વખત પડ્યો છે અને ગમે ત્યારે કરી લેશું એ વાત પણ ઉચિત નથી, યોગ્ય નથી. કેટલો વખત ઓછો છે? કે '**વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે.**' આટલો વખત ઓછો છે. એક Secondનો ઓછો ભાગ હોય છે. એક Second પૂરી નથી. એક Secondથી પણ ઓછો ભાગ હોય છે.

પૂર્વતૈયારી કેટલી હોય તો એ મોતી પરોવે? મોતી, દોરો અને એનું લક્ષ છે એ તત્પરતા બરાબર તૈયાર હોય તો ફટ દોરો જાય. આ બાજુ Secondમાં ઝબકારો થાય. સોયનું નાકું જોઈને દોરો બરાબર ત્યાં જ તૈયાર હોય તો વાર લાગે નહિ. આમ તૈયારી છે.

કેટલા પુરુષાર્થથી, કેટલી તત્પરતાથી એ કાર્ય થાય છે એ પણ આત્મહિતના લક્ષે વિચારવા જેવો વિષય છે. જે જે આત્માઓ સમ્યગ્દર્શન આદિ ધર્મને પામ્યા એનો પુરુષાર્થ ફાટફાટ એ દિશામાં ચાલ્યો ત્યારે પામ્યા. નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આવ્યા પહેલા એના પુરુષાર્થનો બંબો ફાટ્યો હોય છે. ત્યારે આ બાજુ આવે છે. નહિતર બીજેથી ઉખડવું મુશ્કેલ છે. જે ઉદયભાવમાં ચોંટી ગયો છે આત્મા. આમ તો પરિણામ ચોંટ્યા છે પણ ત્યાં એકત્વ થયું છે એટલે આખો આત્મા ચોંટી ગયો છે. ઉખડવું મુશ્કેલ છે. એટલે એ સારી રીતે વિચારવા જેવો વિષય છે.

'**વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો...**' બે વાત સાથે લીધી છે. વર્તમાન મનુષ્યભવ અને પ્રાપ્ત થાય એવા પૂર્ણ, માર્ગ પ્રાપ્ત થાય એવા સર્વ પ્રકારના સાનુકૂળ યોગ-બે વાત સાથે લીધી છે. ચાલ્યા જતા વાર નહિ લાગે એમ કહે છે. '**વીજળીના ઝબકારાની જેમ અલ્પકાળમાં ચાલ્યા જશે.**' આપણે ચર્ચા થઈ હતી. ચાલીસ વટાવ્યા એણે તો અડધેથી વધારે જિંદગી પૂરી થઈ કરી. એમાં ચાલીસમાં પહેલા વીસ પાછા એ તો સાવ અબુધ દશામાં જાય છે. કોઈને વીસ, કોઈને પચ્ચીસ, કોઈને ત્રીસ સુધી તો સાવ અબુધ દશામાં જાય છે. એમાં તો એને કાંઈ આ બાજુનો વિચાર વિવેક થવાનો ભાગ્યે જ યોગ હોય છે. ભાગ્યે જ પ્રકાર ઉત્પન્ન થાય છે. પણ એ તો એવું કાંઈ નથી. જ્યારથી સમજ્યો ત્યારથી સવાર. જાગૃત થાય ત્યારથી પુરુષાર્થ કરે તો વાર નથી. અને પુરુષાર્થ ન કરે તો અનંત કાળે થાય નહિ. સીધી વાત તો પુરુષાર્થની છે.

ઊંધા સંસ્કારના એવા થરના થર બાજેલા છે. એક તો એને સમજણમાં વર્ષો લાગે. વાતની ઘડ બેસાડતા એને વર્ષોના વર્ષો લાગે. પછી પુરુષાર્થ કરવાનો તો વળી પછીનો તબક્કો છે. સમજ્યા વગર તો કાંઈ, સમજણ વગર તો પુરુષાર્થ થાય એવું છે નહિ. આવી પરિસ્થિતિ લગભગ આ કાળમાં જીવોની છે.

'**આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે. માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે,...**' સંસારમાં ક્યાંય તને સુખ નથી, ક્યાંય તને ચેન નથી. વિષય બદલ્યા જ કરે છો, સંયોગોમાં પણ ફેરબદલી કર્યા જ કરે છો. ક્યાંય તને ઠરીને ઠામ થવાનું સુખચેન પડતું નથી. એમ

એકલો એકલો દુઃખી થઈ રહ્યો છો, **'તેમ એકલો જ સુખના પંથે જા,....'** કોઈની પણ અપેક્ષા રાખ્યા વિના, કોઈનો પણ આધાર રાખ્યા વિના. આ મારું કામ કરી દેશે, મને આટલી આ મદદ કરશે, એવું કાંઈ રાખ્યા વિના. એકલો જ. આ અભિપ્રાયનો વિષય છે. પછી વિકલ્પ ઊઠે તો એનો નિષેધ થાય. પછી સમાગમનો વિકલ્પ ઊઠે તો એનો નિષેધ આવે. નહિતર સમાગમનો વિકલ્પ ઊઠે અને નિષેધ આવે નહિ. ના, ના. સત્સંગ તો કરવા જેવો છે. કાંઈ નહિ તો સત્સંગ તો કરવા જેવો છે. પણ કામ મારે એકલાએ કરવાનું છે. સત્સંગ મળે તો પણ કામ તો મારે એકલાએ જ કરવા જેવું છે. એ અભિપ્રાય તો એને પહેલો થઈ જવો જોઈએ.

**'તેમ એકલો જ સુખના પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે.'** બહારમાં પણ લોકો પુરુષાર્થ કરે છે. જેમ પોતાના ધારેલા માર્ગે જવું હોય તો એમ કહે છે કે ભાઈ! કોઈ નહિ આવે તો હું એકલો જઈશ. પણ મારે જવું છે એ વાત સાચી. રાષ્ટ્રિય ગીતમાં એક પદ હતું કે તારી સાથે કોઈ ન આવે તો તું એકલો જા ને. એનો અર્થ શું છે? કે પોતાની મક્કમતા છે. એ કાર્ય કરવાનું લક્ષ છે મક્કમપણે કે કામ કરવું છે, કરવું છે અને કરવું જ છે. અને અહીંયાં તો વસ્તુનું વિજ્ઞાન એવું છે કે કોઈનું કાર્ય કોઈ કરી દે એ વસ્તુસ્થિતિ છે નહિ. એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. એટલે બીજી કલ્પના કરવી એ તો વ્યર્થ જ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ છે અને અત્યારે વર્તમાનના પ્રયોગથી સમજે કે ભાવ એકલો કરે છે કે કોઈ કરાવે છે? ક્ષણે ક્ષણે વર્તતા ભાવો ગમે તે પ્રકારના થાય, એકલો સ્વયં કરે છે કે કોઈ કરાવી દે છે? કે કોઈ કરાવે છે તો થાય છે અને નહિતર નથી થતા? એ સ્વયં એકલો જ કરે છે. જો એકલો કરી રહ્યો છે તો આ પણ ભાવનું જ કાર્ય છે. જે કાંઈ કાર્યક્ષેત્ર છે એ તો બધું ભાવાત્મક છે. અને એ કાર્ય પોતાના ચાલતાના પરિણામથી એકલો જ કરશે અને એકલો જ કરી શકશે અને એકલો જ કરવાનો છે એ વાત એને સમજાય એવી છે.

એટલે એમાં એકલો છું માટે કાંઈ એમાં ગભરાવાની જરૂર નથી. એકલો છું પણ અનંત સામર્થ્યનો ધણી છું. એકલો છું પણ કાંઈ તું દુબળો છો, દરિદ્ર છો, નમાલો છો, એવું કાંઈ નથી. અનંત અનંત બેહદ શક્તિનો પિંડ છે પોતે. જેમ Atom bomb ક્ષેત્રથી ભલે નાનો હોય પણ હજારો માઈલમાં તારાજ કરી દે. એમ અનંત શક્તિનો મોટો Bomb છે એ તો. એની એને હયાતી ભાસવી જોઈએ અને પ્રતીતિ આવવી જોઈએ.

મુમુક્ષુ :- દસ-પંદર જણ ઘરમાં હોય તોય પોતે એકલો જ છે. માને કે આ બધા છે પણ હોય તો બધું પરિણમન સ્વતંત્ર.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વતંત્ર એકલો કરે છે. દુઃખી એકલો જ થાય છે. સુખી એકલો થાય છે. એકલો એકલો રાગના રસ્તે દોડ્યો જાય છે. શું કરે છે? એની યોગ્યતા પ્રમાણેના રાગના રસ્તે એકલો એકલો ચાલ્યો જાય છે. છે તો બધે એકલો જ છે. ભાવને તપાસે તો તરત જ ખબર પડે.

મુમુક્ષુ :- પ્રત્યેક આત્મા જુદા જુદા દોડ્યે જાય. ઘર એક હોય પણ પ્રત્યેક આત્મા...

પૂજ્ય ભાઈશ્રી :- સૌ સૌના રાગના રસ્તે સૌ ચાલ્યા જાય છે. અને પોતાના રાગના આડે કોઈ આવે તો એ સ્વજનનું સાંભળવા તૈયાર નથી.

મુમુક્ષુ :- સ્વતંત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ સ્વતંત્રતા તો એની અબાધિત છે. ભગવાન તીર્થંકરના સમવસરણમાં પણ આ જીવ પોતે અનંત વાર ઉપસ્થિત રહ્યો છે અને ભગવાનની આજ્ઞા, ભગવાનના વચનોને નહિ ગાઠવામાં સ્વતંત્ર રહ્યો છે કે નથી રહ્યો? સ્વતંત્રપણે એટલું કામ કર્યું છે કે એક બાજુ ભગવાનને વંદન નમસ્કાર કર્યા છે અને બીજી કોરથી એમનું માનવાની પોતે તૈયારી રાખી નથી. સ્વતંત્રપણે. કોણે એને એમ કીધું કે તું નહિ માનતો? ત્યાં તો બધા માનવાવાળા હતા. ઘણાં માનવાવાળા હતા. ભગવાન પણ બહુ અતિપ્રભાવિત અતિશયવાળા હતા. અતિશય જેનો પ્રભાવ છે એવા હતા. પણ છતાં એની સ્વતંત્રા હણી શકે એવો કોઈ પ્રભાવ જગતમાં નથી.

ભૂલ પણ અનંત વાર કરી છે. એનું જ્ઞાન એમ કરવાનું છે કે હવે ભૂલ કરવી નથી. એમ એનું જ્ઞાન કરવાનું છે. તો એને ભૂલ કરી છે એ સમજણ સાચી થઈ અને નહિતર અનંત વાર કરી છે. અને હજી અનંત વાર કરશે એ સ્થિતિમાં ઊભો છે. એક ભૂલ નથી કરતો. અનંત વાર કરશે એવી ભૂલમાં ઊભો છે.

મુમુક્ષુ :- અનંત તીર્થંકરના સમવસરણમાં આ જીવ જઈ આવ્યો અને ત્યાં પ્રાપ્ત ન કર્યું અને આ જોગ પ્રાપ્ત થયો એ તેથી અધિક છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ. કરી લે તો એથી અધિક છે અને ન કરે તો કાંઈ નથી. ન કરે તો કાંઈ નથી એના માટે. 'સોનગઢ'માં બીજી પણ ચાર હજારની વસ્તી છે. ગામના લોકો રહે છે કે નથી રહેતા?

મુમુક્ષુ :- ઈ પણ ગુરુદેવશ્રીનો જય જય બોલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... મહારાજ અહીંયાં રહ્યા તો આ કાછીયાઓ કહે,

અમારું શાક ખપે છે. નહિતર ‘સોનગઢ’માં આટલું શાક ક્યાંથી ખપે? અમારી દુકાનો ચાલે છે. મહારાજશ્રીએ નિવાસ કર્યો તો આ અમારા બધાનું આ ચાલે છે. એ યોગ અયોગ બરાબર છે. એને યોગ છે એ અયોગ બરાબર છે. એમ પોતે જો પારમાર્થિક લાભ ન લે તો પોતાને પણ યોગ અયોગ બરાબર છે. જો પોતાના સ્વરૂપની સાવધાનીમાં ન આવે, સ્વરૂપની જાગૃતિમાં ન આવે, માર્ગ પ્રાપ્તિના કાર્યમાં જાગૃત ન થાય તો યોગ અયોગ થશે. બીજું કાંઈ નથી.

કાં તો એણે પૂર્વઆગ્રહ છોડ્યો નથી. કાં તો એને મધ્યસ્થતા આવી નથી. કાં તો એને જે અત્યંત પરમ પ્રેમ અને પરમ ભક્તિ થવી જોઈએ તે થઈ નથી. કાં તો એણે પોતાનો સ્વચ્છંદ ટાળ્યો નથી. અથવા કાંઈક અનુસર્યો છે તો પ્રમાદ છોડ્યો નથી. પુરુષાર્થ કરવા માટે એણે પ્રમાદ છોડ્યો નથી. પૂજા, ભક્તિ, સ્વાધ્યાય રોજનું રોજ યાંત્રિક ઢબથી, યાંત્રિક પદ્ધતિથી કરે જાય છે પણ પ્રમાદ છોડ્યો નથી. જાગૃતિ માટે પ્રમાદ છોડ્યો નથી.

મિથ્યાઆગ્રહ, પ્રમાદ, સ્વચ્છંદ, પરમ પ્રેમનો અભાવ આ બધા કારણો છે. યોગ મળવા છતાં અયોગ થવાના આ બધા કારણો છે. ૬૦૯માં લીધા છે ને? ‘શ્રીમદ્જી’એ ૬૦૯ નંબરના પત્રમાં લીધા છે. ‘**મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇંદ્રિયવિષય...**’ એનો રસ. ઉપેક્ષા થવાને બદલે એનો રસ. એ પ્રકાર ભજ્યા ‘**હોય તો જ સત્સંગ ફળવાન થાય નહીં,...**’ તો જ યોગ છે એ કાં અયોગ થાય અને કાં એનો યોગ બરાબર સાર્થક થાય. અથવા એ બધું થવા અર્થે. એ ચારે પ્રકાર ભજવા અર્થે પ્રાપ્ત સત્સંગમાં એકનિષ્ઠા અને અપૂર્વ ભક્તિ આણી ન હોય તો ફળવાન થાય નહિ.

‘**જો એક એવી અપૂર્વભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પકાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે,...**’ આદિ એટલે ચારેય દોષ લઈ લીધા. એ નાશ પામે. ‘**અને અનુક્રમે સર્વદોષથી જીવ મુક્ત થાય.**’ દસ નંબરનો Paragraph. તેર Paragraphનો પત્ર છે. ૩૫૭ (પૂરો) થયો.

**ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્યભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પેંથીએ પેંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે. ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે ‘લે, ખાઈ લે.’ હવે ખાવાનું પોતાને છે. ૩૫૮.**

૩૫૮. 'ગુરુદેવ'નો મહિમા કર્યો છે. **'ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે.'** વિદ્યમાનતામાં સ્વાધ્યાય ચાલેલો છે એટલે એમ કહે છે કે **'ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે.'** માર્ગ એટલે આત્મહિતનો ઉપાય, માર્ગ એટલે અંતર્મુખ કેમ થવું એ વિધિ અને રીત. ઘણું સ્પષ્ટ બતાવી રહ્યા છે. દેખાય છે પોતાને, સમજાય છે. અનુભવમાં વાતને ઉતારી છે. એટલે એમ કહે છે કે ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. અધ્યાત્મનો વિષય બહુભાગ તો વચનાતીત છે. મોટો ભાગ તો વચનાતીત છે. જેટલું કાંઈ વચનગોચર થાય છે એ સંકેતમાત્રપણે છે એમ કહીએ તો ચાલે. તો પણ પાત્ર જીવના મતિ-શ્રુતજ્ઞાનમાં એટલી ક્ષમતા કે સંકેતમાત્રમાંથી આખો માર્ગ ઝડપી લે છે. આ એક વિશિષ્ટતા છે.

બહુ અલ્પપણે દર્શાવી શકાતું હોવા છતાં જો જીવની પાત્રતા હોય તો એ પોતે આખી વાત ઝડપી લે છે, આખી વાત પકડી લે છે. થોડામાંથી ઘણું અથવા પૂરેપૂરું જાણી લે છે. એ એક વિશેષતા છે. એટલે એમ કહેવામાં આવે છે. નહિતર એક બાજુથી એમ કહે કે બહુ અલ્પ કહેવાય છે. બીજી બાજુથી એમ કહ્યું કે ઘણું સ્પષ્ટ કહેવાય છે. તો આનો મેળ શું છે? આ તો પરસ્પર વિરુદ્ધ વાત થઈ ગઈ. પાત્રતાવાળાને એમ લાગે છે કે જાણે મને પૂરું કહી દીધું. કહેનારને ખ્યાલ છે કે જેટલું જ્ઞાનમાં અને અનુભવમાં આવે છે એટલું વચનમાં આવતું નથી. એ સમજે છે બરાબર કહેનાર તો. અને પકડે છે એ બરાબર પૂરું પકડે છે.

એમ પોતે પકડ્યું છે એટલે એમ કહે છે કે ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. વળી સરખામણી કરવામાં આવે તો અન્ય જ્ઞાનીઓ થયા ઉપલબ્ધ સાહિત્ય પણ આચાર્યોનું, જ્ઞાનીઓનું અનેકવિધ પુસ્તકોની અંદર, ગ્રંથોની અંદર ગ્રંથારૂઢ થયેલું છે. તો પણ 'ગુરુદેવ'ની અધ્યાત્મ વિષયક સ્પષ્ટતા છે એ ઘણી અસધારાણ છે. એ તો માનવું જ પડે એવી વાત છે. એ તો માન્યા વગર ચાલે એવું નથી.

... એટલું કાઢીએ છીએ. એમ કહેતા હતા. કેટલું દેખાતું હશે! એમ. અંદરમાં અધ્યાત્મના રહસ્યના ભંડારો ભર્યા છે એ ભંડારમાંથી અમારી શક્તિ છે એટલું બહાર મૂકીએ છીએ. જે દર્શાવવામાં આવે છે એ તો અમારી શક્તિ છે એટલું દેખાડીએ છે. અંદર તો ભંડાર ભરેલા છે એ વાત નક્કી છે. વિષય બહુ ઊંડો છે, અધ્યાત્મનો વિષય બહુ ઊંડો છે.

**'ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્યભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે...'** આચાર્યો ભગવંતોએ સત્શાસ્ત્રોને વિષે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે સ્પષ્ટપણે. આવા નિકૃષ્ટ કાળમાં પણ આવો યોગ છે એમ કહેવું છે. મુક્તિનો

માર્ગ પ્રકાશ્યો છે. અખંડપણે મોક્ષમાર્ગ છે એ જળવાઈ રહ્યો છે. સાબૂત રહ્યો છે. કોઈ ભવ્યજીવ હોય તો એ ગ્રહણ કરી લે છે, પ્રાપ્ત કરી લે છે.

આચાર્યભગવંતોએ જે મુક્તિનો માર્ગ શાસ્ત્રોની અંદર, પરમાગમોની અંદર પ્રકાશ્યો છે, ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. એ આગમ ઉપરથી ગુરુદેવ એ સ્પષ્ટ કરે છે. 'ગુરુદેવે' હંમેશા એ મર્યાદા રાખી છે. પ્રણાલિકા મૂકતા ગયા છે આપણા સૌ માટે કે સામે શાસ્ત્ર રાખીને, શાસ્ત્રને અડીને વાંચે. લૌકિકમાં જેમ ભાષણ કરનારાઓ ભાષણ કરે એમ સીધેસીધું પોતાના ઘરનું ભાષણ કરે છે, એવી રીતે કદી એમણે સ્વાધ્યાય કર્યો નથી. કોઈને કોઈ શાસ્ત્ર સામે રાખશે. આ એક વિશેષતા છે. અને શાસ્ત્રમાં જે વાત હોય એ ક્રમસર વાંચતા... વાંચતા.. વાંચતા... ગાથા પૂરી કરતા કરતા એક શાસ્ત્ર છે એ આદિ શરૂ કરીને અંત સુધી બરાબર એનો સ્વાધ્યાય ચાલશે. એમ નહિ કે શાસ્ત્રની એક લીટી વાંચી છે અને પછી ૫૫ કે ૫૮ મિનિટ સુધી પછી એ વાત બીજો જ વિષય ચાલ્યો જાય. એવી રીતે શાસ્ત્ર વાંચતા નથી.

**'આચાર્યભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે.'** જે પ્રકાશ્યો છે શાસ્ત્રમાં, પ્રસિદ્ધ કર્યો છે, દર્શાવ્યો છે એ 'ગુરુદેવ' સ્પષ્ટ કરી રહ્યા છે. આચાર્યના વચનો ગંભીર છે. 'ગુરુદેવ' એને ખોલીને સ્પષ્ટ કરે છે. જેમ સૂત્રકર્તા આચાર્યનો ભાવ સ્પષ્ટ કરવા માટે ટીકાકાર આચાર્ય એ વિષયને લંબાવે છે. બે જ લીટીમાં જે સૂત્ર રચ્યું હોય એના માટે આખો Paragraph, આખું પાનું જેટલું પોતાને આવશ્યક લાગે એટલું ખોલે છે. 'ગુરુદેવે' એ ટીકાના શબ્દો ઉપર કલાકો સુધી ભાવને ખોલતા હતા. એટલું સ્પષ્ટીકરણ આપતા હતા.

એટલી બધી અપેક્ષાઓ અને વિવિક્ષાઓ છે કે પોતાની મતિથી શાસ્ત્ર વાંચે તો ભૂલો પડતા એને વાર લાગે નહિ. એ 'ગુરુદેવે' સ્પષ્ટ કર્યું છે. અને જીવોને ભૂલા પડતા બચાવ્યા છે. ખરેખર તો જીવોને ભૂલા પડતા બચાવ્યા છે. જો ભાઈ! આમાં ઘણી જાતની મર્યાદાઓ છે કથનોની. અને અહીંયાં આમ કહેવા માગે છે... અહીંયાં આમ કહેવા માગે છે... અહીંયાં આમ કહેવા માગે છે. તો કોઈ વાદવિવાદ કરનારા પણ આવતા હતા. કોઈ વિરોધભાવ લઈને. કોઈ 'ગુરુદેવ'ને સમજાવવાનો અભિપ્રાય લઈને, કોઈ ખાલી તર્ક વિતર્કથી વાતને Disturb કરવા માટે-ડહોળવા માટે એમ અનેક પ્રકારથી માણસો આવતા હતા. તો 'ગુરુદેવ'ને ખ્યાલ આવી જતો હતો. એવો જ્યારે વિચિત્ર પ્રકાર હોય તો 'ગુરુદેવ'ને ખ્યાલ આવતો હતો. એ એમ કહેતા કે વાદવિવાદે આનો પાર આવતો નથી અને અમે કોઈની સાથે વાદવિવાદ કરવા તૈયાર નથી. સત્ય અમને સમજાણું છે એ વાત નક્કી છે. અનંત તીર્થંકરોની

એમાં સાક્ષી છે. સત્ય સમજાણું છે એમાં અનંત તીર્થંકરોની સાક્ષી છે અને એ સત્ય કહીએ છીએ. સમજવાની બુદ્ધિથી સમજવું હોય તો આત્મહિતનું કારણ છે. બાકી બીજો હેતુ હોય તો અમારી પાસે એવો ફાલતુ સમય નથી. ના પાડી દે. વાદવિવાદે પતે એવું નથી. એની કાંઈ ચર્ચા ન હોય. વાદવિવાદ હોય નહિ આનો. આનો વાદવિવાદ હોય નહિ. કેમ કે દરેકને પોતાના અભિપ્રાયને પુષ્ટ કરવા માટેનું કોઈને કોઈ શાસ્ત્રવચન મળી લે. એ વચનનો છળ પકડે અને આગ્રહ રાખે તો મૂળ પારમાર્થિક વિષય છે એ માર્યો જાય. એવી ફૂરસદ તો કાંઈ કોઈને હોતી નથી.

મુમુક્ષુ :- ... જુદી જુદી જગ્યામાં શાસ્ત્રમાં .. પોતે જ સમાધાન કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ કે આવા તર્ક-વિતર્ક આવે તો એનું આ સમાધાન છે.

મુમુક્ષુ :- અહીંયાં આમ કહેવા માગે છે અને અહીંયાં આમ કહેવા માગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં આમ કહેવા માગે છે. આ જગ્યાએ આ મર્યાદા છે. આ જગ્યાએ આમ અપેક્ષાએ છે. અગિયારમી ગાથામાં ભૂતાર્થનો આશ્રય કરાવવાના હેતુથી એમ કહ્યું કે વ્યવહાર સઘળો અભૂતાર્થ છે. એ વ્યવહારમાં તો શુદ્ધ સદ્ભુતવ્યવહારનયનો વિષય કેવળજ્ઞાન પર્યંતની દશા આવી જાય છે. અને એ વ્યવહારમાં અસદ્ભુત વ્યવહારનયનો વિષય, સદ્ભુત છતાં પણ ગુણભેદનો વ્યવહાર છે એ પણ એમાં આવી જાય છે. ઓલો સદ્ભુત છે, આ પણ સદ્ભુત છે. શુદ્ધસદ્ભુત વ્યવહારથી બંને. ગુણભેદ અને કેવળજ્ઞાન આદિ શુદ્ધપર્યાય સદ્ભુત વ્યવહારનયના વિષય છે.

તો કહે છે કે એ સઘળોય અભૂતાર્થ છે. અભૂતાર્થ છે એમ કહીને એની ગૌણતા કરાવવી છે. ચોખવટ કરી છે. આચાર્ય મહારાજને જોર દેવું છે. જોર દેવા માટે એમ કહે છે કે અભૂતાર્થ છે. તો વળી કોઈ સ્વચ્છંદે ન ચડે તો એ ગૌણ કરાવવા માટે એવો શબ્દપ્રયોગ કર્યો છે. જોર તો એવું જ આવે. જોર આવે ત્યારે તો એવું જ આવે. પણ ત્યાં ગૌણ કરાવ્યું છે એમ સમજવું. બધી વાતોની સ્પષ્ટતા કરી છે.

**'મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પેંથીએ પેંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે.'** આ બહેનો નાખે છે માથામાં તેલ. મોટા વાળા હોય, ઘણાં વાળ હોય તો પેંથીએ-પેંથીએ તેલ નાખે. ત્યારે બરાબર માથુ સરખું ઓળી શકાય. નહિતર ઘૂંચવાય. એ ઘૂંચવણ ન રહે એના માટેની બધી સ્પષ્ટતા છે કે જીવ ક્યાંય ઘૂંચાય નહિ, ક્યાંય ભૂલાવામાં પડે નહિ, ક્યાંય એને મૂંઝવણ થાય નહિ. સીધો પાધરો એ મોક્ષમાર્ગમાં દાખલ થઈ શકે. એવી બધી વાત પરમાર્થની વાત મુખ્ય રાખીને, દૃષ્ટિના વિષયની વાત મુખ્ય રાખીને, શ્રદ્ધાન મુખ્યપણે કરાવવાના હેતુથી બધો સ્વાધ્યાય કર્યો.

સ્તોત્ર વાંચે, ભક્તિના અધિકાર વાંચે તો પણ એમાંથી એ વિષય લે કે દૃષ્ટિના વિષયથી આમ વાત છે. છતાં ભક્તિ તો આવી જ આવે. હે કુંદકુંદાચાર્યદેવ! બીજા મુનિઓ આમ ભક્તિ કરે. આચાર્યોની બીજા આચાર્યો અને બીજા મુનિઓ આમ ભક્તિ કરે કે આપ ન થયા હોત તો આ અધ્યાત્મનો માર્ગ કેવી રીતે ચાલ્યો હોત એ અમને નવાઈ લાગે છે. અમે લોકો પણ અધ્યાત્મના માર્ગે હોત કે કેમ એ સવાલ લાગે છે. ઉપડ્યો છે સૌનો પુરુષાર્થ. પણ ભક્તિ એવી જ કરે છે. અને ભક્તિ તો ભક્તિની રીતે જ થાય. બીજી રીતે થાય નહિ. એમ અધ્યાત્મ અધ્યાત્મની રીતે નિરૂપણ થાય. આગમનું આગમની રીતે નિરૂપણ થાય. વ્યવહારનું વ્યવહારની રીતે નિરૂપણ થાય. નિશ્ચયનું નિશ્ચયની રીતે નિરૂપણ થાય. એ બધું ચોખ્ખું કર્યું.

મુમુક્ષુ :- બીજનો ઉત્સવ આવે છે સોનગઢ તો એ કઈ રીતે ઉજવવો અમારે?

પૂજ્ય ભાઈશ્રી :- બીજ પ્રગટ કરીને ઉજવવો. સમ્યગ્દર્શનનું બીજ પ્રગટ કરીને ઊજવવો. બીજનો ઉત્સવ જ બીજ પ્રગટ કરવા માટે છે. કુદરતી બીજનો જન્મ છે. 'બહેનશ્રી'નો શ્રાવણ વદ બીજ છે. આ વૈશાખ સુદ બીજ છે. છે બીજ જ છે. બેય મહાન પુરુષોનો બીજનો જન્મ છે. સમ્યગ્દર્શનનો જન્મ બીજ કહેવાય છે ઉપમાએ. કેમ કે પછી કેવળજ્ઞાનચંદ્ર સોળે કળાએ પ્રગટ થશે. બહારની ધમાલમાં કાંઈ ધર્મ નથી. પુરુષાર્થ હોય તો અંદરની ધમાલ કર અને પ્રાપ્ત કરી લે. એમ છે. અને એ એમની આજ્ઞા છે. નિશ્ચયઆજ્ઞા એ છે-ખરી આજ્ઞા એ છે-સાચી આજ્ઞા એ છે કે હે જીવ! તું સમ્યગ્દર્શનને-ધર્મને પ્રાપ્ત કર. અમે તો અમારા પુરુષાર્થમાં ધર્મ પ્રાપ્તિના હેતુથી લાગેલા છીએ. બહારમાં આવતા તને પણ એ જ વાત કરવી છે. અમારે પાસે બીજી કોઈ વાત છે નહિ. સીધી વાત આ છે. આટલી જ વાત છે. જે કરીએ છીએ એ કહીએ છીએ. એ સિવાય અમારે કોઈ અપેક્ષા છે નહિ. કાંઈ અપેક્ષા છે અને વ્યાખ્યાન કરીએ છીએ એ વાત છે નહિ.

એ તો બહુ ચોખ્ખુ કહેતા. કેમ કે ઘણા કરોડોપતિઓ આવે, પૈસાવાળા લોકો આવે. ... લઈને આવે કે અમે પણ કાંઈક છીએ. અમારે કાંઈ લેવા-દેવા નથી. અમારે તો આ સત્ય છે એનો ગરજવાન થઈને તારે સાંભળવું હોય તો આ વાત છે. તારા હિતની વાત છે. બાકી કોઈ અપેક્ષાથી વાત કરવામાં આવે છે એ વાત છે નહિ.

એટલે તો ઇન્દ્રનું દૃષ્ટાંત દેતા હતા કે ભગવાનના સમવસરણમાં ઇન્દ્ર ગલુડિયાની પેઠે બેસીને સાંભળે. ઇન્દ્રને ગલુડિયું કહેતા. એ તો બત્રીસ લાખ વિમાનનો સાહેબો છે. મોટા મોટા પુણ્યશાળી દેવો એની તૈનાતમાં છે. જેની પાસે દૈવી ચમત્કારો છે

પુણ્યના એવા દેવો એની તહેનાતમાં છે. એ ભગવાનની સામે ગલુડિયાની જેમ બેસે છે. એને પરમાર્થનો વિષય સાંભળવો કેટલો કીંમતી છે એનો ખ્યાલ છે. સમ્યગ્દષ્ટિ છે ને. આ વસ્તુ કેટલી કીંમતી આવે છે એનો એને ખ્યાલ છે. અને એનો આટલો આદર થયા વિના એ વાત પલ્લે પડશે નહિ. આત્મામાં સ્થાન નહિ પામે. એનો જેટલો આદર કરવા યોગ્ય છે એટલો સમાદર થયા વિના એ વાત આત્મામાં સ્થાન નહિ પામે.

ભગવાન વીતરાગ છે એને કોઈ તારા આદરની જરૂર નથી. એ તો કોઈની સામું પણ જોતા નથી. બરાબર છે? એ તો સ્વરૂપમાં સ્થિત છે. નિર્વિકલ્પ ધ્યાનમાં, નિર્વિકલ્પ સમાધિમાં શુક્લધ્યાનની શ્રેણીમાં બિરાજમાન છે. એને જરૂર નથી કે તારો આદર-નમસ્કાર હોય તો કાંઈક ઠીક અને નહિતર ઠીક નહિ. એવી દરિદ્રતા એમને નથી. પણ એને પોતાને ખ્યાલ છે. એને પોતાને મહિમાવંતનો મહિમા આવ્યા વગર રહે નહિ. મારે આત્મામાં સ્થાન પામવા માટે આટલી જગ્યા કરવાની જરૂર છે. નહિતર મારો જ અહંભાવ મને જ મારશે. આ વાત સ્થાન પામશે નહિ.

મુમુક્ષુ :- ચૂકાઈ ગયો અવસર.

પૂજ્ય ભાઈશ્રી :- એને ખ્યાલ છે ને અનંત કાળ કેમ ગુમાવ્યો છે એને પોતાને ખબર છે.

'**પૈંથીએ પૈંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે.**' સૂક્ષ્મમાં સૂક્ષ્મ અપેક્ષાઓ સ્પષ્ટ કરીને, ચોખ્ખું કરીને સમજાવે છે. ઘણી સ્પષ્ટતા. ... એટલે અસાધારણ સ્પષ્ટતા છે. અને હજારો પ્રશ્નો થયા છે. અત્યાર સુધીના હજારો આત્મધર્મ પ્રગટ થઈ ગયા. આમ તો સંખ્યાએ નંબર આપીએ તો સેકડોં સંખ્યા છે. એમ હજારો પ્રશ્ન આવી ગયા છે. એ બધામાં મુખ્ય વાત કે '**ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે.**' શું લીધું? 'ગુરુદેવે' વિસ્તાર ઘણો કર્યો. આટલો બધો વિસ્તાર કર્યો... આટલો બધો વિસ્તાર કર્યો એમ કહીને મુદ્દાની વાત કરે છે કે તમામ વિસ્તારમાં કોઈ મુદ્દાની વાત હોય તો એ ભેદજ્ઞાનની છે. આત્મા પોતે જ્ઞાયક છે અને એ જ્ઞાયકથી અન્ય સર્વ છે એ બધું જ્ઞેયમાં જાય છે. જ્ઞેયમાં જાય છે એટલે એ ભિન્ન છે. ભિન્ન છે એટલે ઉપાદેય નથી. ઉપાદેય નથી એટલે એનો કોઈ આશ્રય કરવાનો પ્રશ્ન રહેતો નથી. તારે અભિન્નતા થઈ રહી છે એ સંસારનો માર્ગ છે અને ભેદજ્ઞાન કર તો એ મોક્ષનો માર્ગ છે. એમ '**ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે.**' કેટલો સ્પષ્ટ કરે છે? હથેળીમાં દેખાડે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. આપણે તો બધાએ સાંભળ્યા છે 'ગુરુદેવ'ને. સ્પષ્ટતા કેટલી થતી હતી એનો અનુભવ કર્યો છે. અને એથી જ અત્યારે જે ટેપમાં આપણને સમજાય છે એ કદાચ ભૂતકાળમાં જેમણે પ્રત્યક્ષ સાંભળ્યા નથી એને એટલો ખ્યાલ નહિ આવે જેટલો ખ્યાલ આપણને અત્યારે આવી શકવા યોગ્ય છે. એટલે ખ્યાલ બીજાને નહિ આવે. કેમ કે જેણે પ્રત્યક્ષ લાભ નથી લીધો એને પરોક્ષ અનુમાન પહોંચાડવું પડે છે. આ બધા ભાઈઓ કેટલાક આવે છે એમને પ્રત્યક્ષ નથી સાંભળ્યા. એ ટેપમાંથી એટલો એમને ખ્યાલ ન આવે જેટલો આપણને ખ્યાલ આવે છે. એટલો એમને ખ્યાલ આવી શકે નહિ. એ ફર્ક રહી જાય.

મુમુક્ષુ :- જે મોઢા ઉપરના હાવભાવ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રત્યક્ષમાં તો ચેષ્ટા છે. એ પણ જેમ જેમ કાળ જાય એમ થોડી ઝાંખું થતું જાય છે. સ્મૃતિનો વિષય છે ને. અને સ્મૃતિ છે એ કાળાંતરે ઘસાતી જાય છે. અને એક કાળ એવો આવે છે કે સ્મૃતિ વિસ્મૃતિને પામે છે. એટલે હજી જેમ જેમ તાજેતાજુ છે તેમ તેમ હજી તાજુ ... કાળ જાય એમ ઝાંખુ પડતું જાય, ઘસાતું જાય. એ સ્મૃતિજ્ઞાનનો, મતિજ્ઞાનનો એક પ્રકાર છે.

મુમુક્ષુ :- ....કામ કરી લેવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કહેવું છે. એ ભૂંસાઈ જાય એ પહેલાં કામ કરવા જેવું છે. એ પહેલાં પ્રત્યક્ષ કરી લેવા જેવું છે. પરોક્ષમાંથી એ પ્રત્યક્ષ કરવા જેવું છે.

'**ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે.**' જો આ જ્ઞાન છે. જીવને રાગ તે હું, એમાં જ્ઞાનનો છેદ ઉડાડ્યો છે. જ્ઞાન હયાત હોવા છતાં જ્ઞાનનો છેદ ઉડાડ્યો છે. એને એમ કહે છે કે આ જ્ઞાન તે હું. આ રાગ તે હું એવું તને થાય છે, તને રાગની કે ક્રોધની હયાતી જણાય છે તો જ્ઞાનની હયાતી વિના તેં આ ક્રોધ છે એમ ક્યાંથી જાણ્યું? જેની હયાતી વિના ક્રોધાદિ છે એમ જણાતા નથી. એવું જ્ઞાન તો ઊર્ધ્વ છે અને અગ્ર છે-આગળ છે, કાં એને ભૂલી જા છો?

મુમુક્ષુ :- ...એ સમયે જ્ઞાનને ગૌણ કરી દ્યે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાવ જ્ઞાન રહેતું જ નથી, જાણે કાંઈ છે નહિ, એની હયાતી જ જાણે નથી. એવું ગૌણ થાય (છે). ગૌણ થાય છે એટલે એ સ્થિતિએ આવી જાય છે કે જાણે જ્ઞાનપણે મને મારી હયાતી છે જ નહિ. એને એમ કહે છે કે આ ક્રોધાદિ છે એ જ્ઞાનની હયાતી વિના હયાતી વિના જણાય કેવી રીતે પણ? એનામાં તો જાણવાનું કોઈ સત્ત્વ નથી. ક્રોધમાં તો, રાગમાં તો જાણવાનું કોઈ સત્ત્વ નથી. જેની હયાતી વિના ક્રોધાદિ ન જણાય એની હયાતીને કાં ચૂકી જા છો? અને

કા ભૂલી જા છો? એમ કહે છે. છે એવો બોલ બહુ સરસ છે 'પરમાગમસાર'માં. જમણા હાથ બાજુ. ૩૦૨.

**'કોઈપણ જીવ પોતાની હયાતી વિના,...'** અથવા જ્ઞાનની હયાતી વિના. પોતાની એટલે જ્ઞાનની અને જ્ઞાનની એટલે પોતાની. **'કોઈપણ જીવ પોતાની હયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે,....'** આ ક્રોધ થયો **'એમ જાણી શકે જ નહિ.'** આમ ભેદજ્ઞાનનો વિષય કેવી કેવી શૈલીથી (લીધો છે). ભેદજ્ઞાનનો વિષય કહેવા માટે કેવી કેવી શૈલી કરી છે! બહુ વિચિક્ષણતાથી વાત આવી છે. કોઈપણ જીવ પોતાની હયાતી વિના ક્રોધાદિ થવા કાળે **'આ ક્રોધાદિ છે એમ જાણી શકે જ નહિ.'** પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. પોતાની એટલે જ્ઞાનની વિદ્યમાનતામાં જ આ ક્રોધાદિ છે એમ જણાય છે. **'રાગાદિને જાણતા પણ જ્ઞાન... જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં...'** એ અગ્ર છે. એ અગ્ર છે, ઊર્ધ્વ છે અને મુખ્ય છે. અગ્ર છે, ઊર્ધ્વ છે. ઊર્ધ્વ છે માટે મુખ્ય છે. એમ રાગાદિ, ક્રોધાદિને જાણતા. જાણતા ચાલુ વર્તમાનકાળ છે. જાણતાં એ વખતે ચાલુ વર્તમાનમાં.

**'જ્ઞાન... જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં...'** જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... મુખ્યપણે તો જ્ઞાન છે. એમ જ્ઞાન મુખ્યપણે જણાવા છતાં **'જ્ઞાન તે હું એમ ન માનતાં. જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એક્તાબુદ્ધિથી જાણે છે, માને છે. તેથી તે મિથ્યાદષ્ટિ છે.'** આ એકત્વબુદ્ધિ કેમ થાય છે? એમાંથી ભેદજ્ઞાન, ભેદજ્ઞાન અને એકત્વબુદ્ધિ બે વિષય એકસાથે લઈ લીધા. ભેદજ્ઞાનનો વિષય બહુ ગંભીર છે એમાં પણ પાછો. **'રાગાદિને જાણતા પણ જ્ઞાન... જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં...'** તેં ભલે એને ગૌણ કર્યું પણ છે એ મુખ્ય. મુખ્ય છે એને ગૌણ કર્યું છે માટે તારા પરિણમનને મિથ્યાત્વનું વિશેષણ આપીએ છીએ કે આ તારું મિથ્યા કાર્ય છે. છે તો એ મુખ્ય. આ વિષય અહીંયાં બધે ભેદજ્ઞાનનો વિષય ચાલ્યો છે. આ જગ્યાએ ૩૦૪માં, ૩૦૭માં.

એવો ભેદજ્ઞાનનો માર્ગ, ભેદજ્ઞાનનો વિષય **'હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને, તૈયાર કરીને આપે છે...'** લાપસી ચોળીને તૈયાર કરીને આપે છે કે **'લે ખાઈ લે' હવે ખાવાનું તો પોતાને છે.'** એ ખાઈ નહિ દે. ચોળીને તૈયાર કરીને આપશે. તારે બહુ ચાવવું નહિ પડે. પરિશ્રમ નહિ પડે. હજમ કરવામાં પણ સહેલું પડશે. ત્યાં સુધીની તૈયારી કરી દીધી છે. એવો 'ગુરુદેવ'નો ઉપકાર ગાયો છે આ બોલમાં. વિશેષ લઈશું....

## તા. ૧૩-૦૪-૧૯૮૮, વચનામૃત-૩૫૯
## પ્રવચન નં. ૨૭૬

**સહજતત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી. શરીરથી તે ભિન્ન છે, ઉપસર્ગ તેને અડતા નથી, તરવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતા નથી. વાહ તત્ત્વ! અનંત કાળ ગયો તો પણ તું તો એવું ને એવું જ છે. તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે. મુનિના તેમ જ સમ્યગ્દષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં આ સહજતત્ત્વ નિરંતર બિરાજમાન છે. ૩૫૯.**

૩૫૯. પાનું-૧૨૭. '**સહજતત્ત્વનો કદી નાશ થતો નથી,...**' સહજ તત્ત્વ એટલે પોતાનું સહજ સ્વરૂપ-અવિનાશી સ્વરૂપ. નાશ થતો નથી. શાશ્વત તત્ત્વ છે. સદાય પોતાના ગુણસ્વભાવોથી એવું ને એવું ભરપૂર રહેતું તત્ત્વ છે. સહજ એટલે કોઈથી નહિ ઘડાયેલું-અકૃત્રિમ. જેની હયાતી અનાદિ કાળથી છે. અને પોતાના સહજજ્ઞાન, સહજઆનંદ આદિ અનંત ગુણવૈભવથી જે સદાય સમૃદ્ધ છે. કદી જેનો નાશ થતો નથી. એવું શાશ્વત તત્ત્વ પોતે છે. '**તે મલિન થતું નથી,...**' નાશ થતો નથી અને કદી મલિન પણ થતું નથી.

'**તેમાં ઊણપ આવતી નથી.**' અને ક્યાંય ઘસારો લાગતો નથી. જગતમાં બીજા સંયોગી પદાર્થો શરીરથી માંડીને અમુક કાળાંતરે એમાં ઘસારો લાગે છે, કાંઈને કાંઈ ઊણપ ઊભી થાય છે. ગમે તેવું મજબૂત મકાન બંધાવ્યું હોય તો પણ એ વગર વાપર્યે જૂનું થયેલું જોવામાં આવે છે. કાંઈ ઉપયોગ ન કર્યો હોય તો એમ કહે કે બનાવ્યું હતું પછી દસ વર્ષે એ જૂનું દેખાય છે. પરમાણુઓ સ્વયં પરિણમે છે. એક એક પરમાણુ શાશ્વત છે પણ કોઈ પરમાણુની કે કોઈ આત્માની અવસ્થા શાશ્વત નથી. એ બદલતી ચીજ છે, પોતાના ગુણધર્મ અનુસાર.

મુમુક્ષુ :- પરમાણુનો પણ કોઈ દિવસે નાશ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પણ શાશ્વત છે. એમાં પણ મૂળ સ્વરૂપમાં કાંઈ ઊણપ આવતી નથી. અને એના જ મૂળ સ્વરૂપમાં એટલે પારિણામિકભાવમાં. એના પારિણામિકભાવમાં પણ કદી મલિનતા થતી નથી. પરમાણુની અવસ્થામાં જે મલિનતા

દેખાય છે અને જીવની અવસ્થામાં મલિનતા દેખાય છે, એની મર્યાદા અવસ્થા સુધીની જ છે. પારિણામિક સ્વભાવમાં તો કોઈની મલિનતા આવતી નથી. પણ પરમાણુની સાથે પોતાને કાંઈ સુખ-દુઃખનો સંબંધ નથી કે સુખ-દુઃખનું કારણ કાર્ય નથી. પરમાણુનું તો જે હોય તે હોય. જ્યારે પોતાને સંબંધ નથી પછી એનું જેમ હો તે હો. પોતાના સ્વરૂપમાં પોતે દુઃખી શેનાથી છે? પોતામાં પોતે દુઃખી શેનાથી છે? હું રહીશ કે નહિ રહું? હું જીવીશ કે નહિ જીવું? જીવીશ કે મરીશ? મારા સંયોગો આ બધા છે તે એમ ને એમ રહેશે કે એમાં કાંઈ ફેરફાર થઈ જશે? આ બધી અનિશ્ચિતતા અને અનિત્યતા એને પોતાના સ્વરૂપે ભાસે છે એટલે એનું એને દુઃખ થાય છે. જે આધારભૂત તત્ત્વ છે, જેનો આધાર લેવાનો છે એ તો શાશ્વત તત્ત્વ છે અને એનો કદી નાશ થતો નથી.

મુમુક્ષુ :- આવું સ્વરૂપ જ ગુરુદેવશ્રીએ સમજાવ્યું. અત્યાર સુધી તો હું મરી ગયો, હું મરી ગયો...

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. એ તો ભ્રાંતિમાં તો એમ જ થાય છે. સંયોગી દૃષ્ટિ છે. અસંગ સહજતત્ત્વની દૃષ્ટિ નથી. દૃષ્ટિ છે એટલે સંયોગમાં હુંપણું માન્યું છે એને અસંગતત્ત્વમાં હુંપણું સ્વીકાર્યું નથી. એને દૃષ્ટિ નથી એમ કહે છે. અને એને અહીંયાં સ્વરૂપ દર્શાવે છે. મહિમા સહિત સ્વરૂપ દર્શાવે છે.

મુમુક્ષુ :- સંયોગમાં હુંપણું માન્યું એટલે એ પુદ્‌ગલ સાથે પોતાના પારિણામિકભાવમાં ... કરાય. પેલા ક્ષણિક છે અને આ ... છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષણિકમાં પણ પાછું પુદ્‌ગલમાં પણ પુદ્‌ગલની અનિત્ય પર્યાયો સાથે હુંપણું કર્યું છે. પુદ્‌ગલને એના સ્વરૂપે તો જાણ્યું નથી. જો મૂળ સ્વરૂપે પુદ્‌ગલને પણ સમજે તો એની અનિત્ય પર્યાયોમાં વ્યામોહ ન થાય. જેમ કે એક મીઠાઈની પર્યાય છે એ આઠ કલાક પછી વિષ્ટાની પર્યાય છે. પરમાણુ પરમાણુ રૂપે છે. પર્યાયમાં રાગ-દ્વેષ છે. પર્યાયને લક્ષે રાગ-દ્વેષ છે. આ રાગનું કારણ આમ, આ અવસ્થા, આ પરમાણુ દ્વેષનું કારણ છે. વસ્તુગતે જોવે, વસ્તુ સ્વરૂપે જોવે તો પર્યાય ગૌણ થઈ જાય છે. મૂળ સ્વરૂપને મુખ્ય રાખે તો પર્યાય ગૌણ થાય છે. પર્યાય મુખ્ય રાખે તો મૂળ સ્વરૂપ ગૌણ થાય છે. બંનેની મુખ્યા પણ થતી નથી અને બંનેની ગૌણતા પણ થતી નથી. છદ્મસ્થને તો મુખ્ય-ગૌણનો ઉપયોગ હોવાથી પરિણમન જ એનું મુખ્ય-ગૌણતાવાળું હોવાથી કોઈ એકને મુખ્ય કરે તો બીજું પડખું એનું ગૌણ થઈ જ જાય આપોઆપ.

પર્યાયદૃષ્ટિ હોવાને લીધે પોતાની પર્યાયની પણ મુખ્યતા વર્તે છે અને પુદ્‌ગલ

પરમાણુની પર્યાયમાં પણ એને પર્યાયની જ મુખ્યતા વર્તે છે. પર્યાય એને દશ્યમાન છે અને પર્યાય વેદાય છે. એટલે અનાદિની પર્યાયબુદ્ધિ છે એ છૂટતી નથી અને દ્રવ્યદૃષ્ટિ થતી નથી. એ દ્રવ્યદૃષ્ટિ કરાવવા માટે સ્વરૂપમહિમા છે. એને દૃષ્ટિ કરાવવાનો આશય છે.

મુમુક્ષુ :- વસ્તુગતે એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુના સ્વરૂપે. વસ્તુગતે એટલે મૂળ વસ્તુ સ્વરૂપે, નિત્ય વસ્તુ સ્વરૂપે વસ્તુને જોવી જોઈએ, વસ્તુને સ્વીકારવી જોઈએ. અને અવસ્થામાત્રને ગૌણ કરવી જોઈએ. અવસ્થાનું જ્ઞાન થાય એક વાત છે. એના ઉપર વજન જાય તદ્દન બીજી વાત છે. બે તદ્દન જુદી જુદી વાત છે. અવસ્થામાત્ર જ્ઞાન કરવાનો, માત્ર જાણીને ગૌણ રાખવાનો વિષય છે. આ સિવાય આથી વધારે જરાપણ અવસ્થા બાજુ ખસે એટલે પર્યાયબુદ્ધિ અને પર્યાયનું એકત્વ એ રૂપ જે મિથ્યાત્વ એ સીધું થાય, ઉત્પન્ન થાય. એ ટાળવા માટે આ વાત છે.

અથવા સ્વરૂપનો મહિમા એ ભગવાન જિનેન્દ્રથી માંડીને, સર્વ સંતોથી માંડીને, સર્વ સાધકોની વાણીનો મુખ્ય વિષય રહ્યો છે. આત્મ સ્વરૂપનો મહિમા એ એક જ મુખ્ય વિષય રહ્યો છે. કેમ કે એથી ઉત્કૃષ્ટ મહિમાવંત કોઈ છે નહિ. અને એનો મહિમા કહેનારને ઉપજેલો છે. વાસ્તવિક્તા એ છે કે જેને જેની મહિમા હોય, એને એ પ્રદર્શિત કર્યા વિના રહી શકે નહિ. કોઈપણ રૂપે જેને જેનો મહિમા હોય તેનું જ તે પ્રસિદ્ધિ અને પ્રદર્શન કરે. તેની જ મુખ્યતા કરે. આ બહુ સ્વભાવિક છે.

મુમુક્ષુ :- સૂત્ર જેવી વાત થઈ. જેને જેની મહિમા હોય એને પ્રદર્શિત કર્યા વગર રહે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દેખાય છે ને. 'ગુરુદેવ' ત્યાં સુધી દૃષ્ટાંત આપતા. દૃષ્ટાંત તો ગંભીર નથી પણ મર્મ તો છે એની અંદર. એક માજીને હીરાની વીંટી દેખાડવી હતી તો ઝૂંપડી બાળી. જુઓ! મારી ઝુંપડી બળે, જુઓ! મારી ઝુંપડી બળે. એનો અર્થ શું છે? કે ઓછું ભણેલો, વધારે ભણેલો એને ભણતર સાથે કાંઈ સંબંધ છે નહિ. દૃષ્ટાંત એવું લીધું છે કે જેને કાંઈ લાંબી બુદ્ધિ નથી. પોતાની ઝૂંપડી બાળવાની શું બુદ્ધિ છે? એવું દૃષ્ટાંત લે છે. મહિમા કરવો એ તો જીવને આવડે છે. એમાં કોઈ ભણતરની જરૂર નથી. કે એ અમુક ભણ્યો હોય તો એને મહિમા કરતા આવડે. એ તો દરેક જીવ પોતાને જે રુચે છે, પોતાને જે ગમે છે, પોતાને જે સારું લાગે છે એનો મહિમા કર્યા જ કરે છે.

અહીંયાં કહે છે કે મહિમાવંત, મહિમા કરવાયોગ્ય જે પોતાનું સ્વરૂપ છે એનો

જ મહિમા સર્વ જિનેન્દ્રોએ, તીર્થંકરોએ સમવસરણમાં કર્યો છે. સત્‌શાસ્ત્રોમાં પણ એ જ વાત ઠામ ઠામ ભરેલી છે. એમાં ૫ 'અનુભવ પ્રકાશ' જેવા શાસ્ત્ર લ્યો તો એમાં તો એકલી સ્વરૂપ મહિમાની વાત જોરશોરથી આવે છે. 'સમ્યગ્જ્ઞાન દીપિકા' લ્યો. 'અનુભવપ્રકાશ'માં તો બે-ચાર પાના મૂકો ને સ્વરૂપની મહિમાની વાત આવે છે. અનુભવની મહિમા કહો, સ્વરૂપની મહિમા કહો બંને એકાર્થ છે.

આ ગ્રંથમાં પણ સ્વરૂપ મહિમાના ઘણાં બોલ છે. એમાં પહેલા અવિનાશીપણું લીધું છે કે પોતે સહજતત્ત્વ એટલે પોતે આત્મા. સહજતત્ત્વ એટલે કોઈ Third personની વાત છે એમ નથી. પણ સહજતત્ત્વ એટલે પોતે જ પોતાનું જ મૂળ સ્વરૂપ પરમાત્મતત્ત્વ. તેનો '**કદી નાશ થતો નથી,...**' આ સહજતત્ત્વથી પોતાનો ભાવ પોતાના જ સ્વરૂપથી દૂર છે તેથી એને એનું દુઃખ છે. એ વાત સમજાવી જોઈએ. પોતાના ચાલતા દુઃખનું કારણ પોતાના સુખસ્વરૂપથી પોતે દૂર વર્તે છે, પોતાના ભાવથી જ પોતે દૂર વર્તે છે, સ્વભાવથી જ ભાવ દૂર વર્તે છે એ જ એને દુઃખનું કારણ છે.

મુમુક્ષુ :- મોહનીય કર્મ કામ ન કરે એમાં?

પૂજ્ય ભાઈશ્રી :- મોહનીય કર્મ એટલે ભાવમોહનીય લેવું છે? કે પરમાણુની પ્રકૃતિ છે તે દ્રવ્યમોહનીય લેવું છે? મોહનીયના બે પ્રકાર. કયો મોહનીય લેવો છે? જો ભાવમોહનીય લ્યો તો પોતાનો જ ભાવ છે. અને દ્રવ્યમોહની તો એને અડતું નથી. પરમાણુ આત્માને અડતો નથી, આત્મા પરમાણુને અડતો નથી. કોઈ કોઈના ઉપર અસર કરે છે એવું પણ નથી. કોઈની કોઈના ઉપર અસર થાય છે એવું પણ ખરેખર નથી.

મુમુક્ષુ :- ભાવમોહનીય...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવમોહનીય છે તે એ છે કે પોતે પોતાને મૂળ સ્વરૂપે ન સ્વીકારવું એનું નામ દર્શનમોહ છે, એનું નામ વ્યામોહ છે. અથવા માત્ર વર્તમાન પર્યાય સ્વરૂપે પોતાને સ્વીકારવો. હું મનુષ્ય છું, હું પુરુષ છું, ફલાણો છું. એવું જે સ્વીકારવું એ વ્યામોહ છે અથવા દર્શનમોહ છે. પોતે છે જ નહિ. મનુષ્ય નથી પોતે. જે રીતે જગતમાં ઓળખાય છે એવો પોતે નથી, એ રૂપ પોતે નથી. પોતે કો'ક બીજો છે.

મુમુક્ષુ :- સાચી સમજણનો જ અભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમજણ ઉપર, બધો આધાર સમજણ ઉપર છે. એટલે તો ગુરુદેવનું મુખ્ય વાક્ય હતું, કાંઈ સમજાય છે? તારું સ્વરૂપ છે એ અમે વારંવાર કહીએ છીએ એમાં કાંઈક તને સમજાય છે? જો તને કાંઈક સમજાય તો આ રસ્તો પકડવા

જેવો છે. અને નહીંતર પરિભ્રમણ ઊભું છે.

પોતાના સ્વરૂપનો '**સહજતત્ત્વનો...**' એટલે પોતાના સ્વરૂપનો '**કદી નાશ થતો નથી,...**' એટલે આ જીવે એ વિષયમાં શંકા કરવાની પણ જરૂર નથી. નિઃશંકપણે પોતાની શાશ્વતતાનો અનુભવ કરવા જેવો છે. જો નિઃશંક થઈને પોતાના શાશ્વતપદનો અનુભવ કરે તો એ નિર્ભય થઈ જાય. એને પછી કોઈ ભય રહેવાનો પ્રશ્ન રહેતો નથી. '**તે મલિન થતું નથી,...**' અવસ્થાની મલિનતા પણ એને સ્પર્શતી નથી. અથવા મલિનભાવ અંદરમાં ક્યાંય ત્રણે કાળને વિષે હયાતી ધરાવતો નથી. તેમજ '**તેમાં ઊણપ આવતી નથી.**' કોઈ ક્ષતિ ઊભી થતી નથી. અત્યારે નથી, ક્યારેય થવાનો પણ કોઈ અવકાશ નથી, કોઈ પ્રશ્ન નથી. એવી પરિસ્થિતિ છે. જેનો આધાર લેવો છે એને આ રીતે જાણીને આધાર લે તો એની દીનતા ક્યાંય રહે નહિ. ક્યાંય દીનતા ન કરે એ. દીનતા કરવાનું એને કોઈ કારણ ન મળે. કેમ કે સંયોગથી પોતાની અધિકતા નથી અને સંયોગને એ રીતે અધિકાઈ આપીને પોતાને દીન થવું નથી.

મુમુક્ષુ :- અહીં જે મલિનતા કીધી તો મલિનતા તો દર્શનગુણ, જ્ઞાનગુણ અને ચારિત્રગુણ ત્રણ ગુણ મલિન થાય છે. બીજા?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર મુખ્ય છે. પછી સુખ મલિન થાય છે ત્યારે દુઃખ થાય છે.

મુમુક્ષુ :- આનંદગુણ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ મલિન થાય છે ત્યારે દુઃખ થાય છે. એ મુખ્ય ગુણ છે. પાંચ ગુણ મુખ્ય છે. આમ ત્રણથી વાત લેવાય છે. પણ સુખની સાથે સંબંધ છે એટલે ચારિત્રમાં સુખનો કોઈવાર સમાવેશ કરે છે.

મુમુક્ષુ :- હવે આ મલિનતા છે, તો એની દૃષ્ટિમાં મલિનતા થાય છે માટે મલિનતા કીધી? કે ત્યાં Physically કાંઈ change થાય છે? દૃષ્ટિ મલિન માટે મલિન.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે પોતાના મૂળ સ્વરૂપે મલિન નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ સ્વરૂપ તો જેમ છે એમ પહેલાં સમજી લેવું પડે. બરાબર છે?

મુમુક્ષુ :- મલિનતા દૃષ્ટિમાં મલિનતા છે...

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિમાં મલિનતાનો અર્થ શું છે? કે મલિનતાનો સ્વીકાર એનું નામ દૃષ્ટિની મલિનતા છે. જે દૃષ્ટિ મલિન ભાવને સ્વસ્વરૂપે સ્વીકારી લે છે એનું નામ દૃષ્ટિ મલિન છે. માટે એને મલિનતા છે.

મુમુક્ષુ :- એમાં બીજું કોઈ ...

પૂજ્ય ભાઈશ્રી :- બીજું કોઈ મલિનતા જેવું તત્ત્વ નથી. Element લઈએ, તત્ત્વ લઈએ તો મલિનતા જેવું કોઈ તત્ત્વ નથી અને મલિનતાની વાતો ચાલે છે એ વેદાંતનો વિષય છે. વેદાંત શું કહે છે? જગત છે જ નહિ. એ ભ્રમણા છે. અથવા બેપણું જગતમાં નથી. એક પરમબ્રહ્મ છે. એમાં દ્વૈત ઊભું થયું તે ભ્રમણા છે. તો એને એમ પૂછી શકાય કે ભ્રમણા કોઈ તત્ત્વ છે કે અતત્ત્વ છે? એનો જવાબ નહિ મળે. એમ અહીંયાં વસ્તુના સ્વરૂપને પહેલા વસ્તુના વિજ્ઞાનથી જોવામાં આવે તો અનાદિથી જીવવસ્તુની અવસ્થામાં શ્રદ્ધામાં, જ્ઞાનમાં, આચરણમાં, સુખગુણમાં મલિનતા પ્રવર્તી રહી છે.

હવે મલિનતા છે તો એના કારણ-કાર્યમાં જો જવું છે. એનું જો Logic તપાસવું છે તો એમ કહે છે કે મૂળમાં આ જીવની દૃષ્ટિ એટલા જ ભાગ ઉપર છે. મલિનતા અનાદિથી થઈ રહી છે. કોઈ નવી શરૂ થઈ છે એમ નથી. અને આ જીવની દૃષ્ટિ એટલા જ ભાગ ઉપર છે કે હું આટલો છું. જેટલો મલિન ભાવ છે એટલો જ હું એવી આ જીવની દૃષ્ટિ છે. અને આ દૃષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી મલિનતાનો ઉત્પાદ પણ ચાલુને ચાલુ રહેવાનો છે. મટવાનો નથી. એ તો એના સંસારરોગનું નિદાન કર્યું.

હવે એમ કહે છે કે જો ભાઈ! શરીરમાં એક Resistance power છે-કુદરતી તંદુરસ્તીનું બળ છે. શક્તિ છે, તંદુરસ્તીની શક્તિ છે. એમ તારામાં પણ તારા અનંત ગુણનું સામર્થ્ય સંપૂર્ણ તંદુરસ્ત છે. જેમાં મલિનતા કદી થતી નથી, થઈ નથી, થવાની નથી. આ પરિસ્થિતિ છે. એનાથી તું અજાણ્યો છો. એટલે તારી દૃષ્ટિ બદલ. જે મલિનભાવ પૂરતો જ તેં તને સ્વીકાર્યો છે એ જૂઠી દૃષ્ટિ છે. મૂળ તારું સ્વરૂપ એવું નહિ જોવાથી એને જૂઠી દૃષ્ટિ કહીએ છીએ. અને તારું જે દ્રવ્ય સત્ય સ્વરૂપ છે એ સત્યની દૃષ્ટિ કર, તારી મૂળ સત્તાની દૃષ્ટિ કર એ સત્ય દૃષ્ટિ છે. તો તને અવસ્થાની અંદર મલિનતા પણ નહિ થાય. અને છતાં પણ અવસ્થાની અંદર મલિનતા નહિ થાય એ વાત મુખ્ય નથી, થાય એ મુખ્ય વાત નથી. તારું મૂળ સ્વરૂપ આવું છે એ મુખ્ય વાત છે.

ફરીથી. એમ કહ્યું કે તારી મલિનતા દૃષ્ટિ ફેરવવાથી મટી જશે. તો એ મટી જશે એ મુખ્ય વાત નથી. રહી છે એ મુખ્ય વાત નથી તેથી મટી જશે એ પણ મુખ્ય વાત નથી. તારું જે મૂળ સ્વરૂપ છે એ મુખ્ય છે.

મુમુક્ષુ :- મટી જશે એમ માનીએ તો કોઈ તત્ત્વ અંદર પેસી ગયું છે એમ

નક્કી થશે.

પૂજ્ય ભાઈશ્રી :- મટી જશે તો જ્યાં છે ત્યાંથી મટશે. મલિનતા અવસ્થામાં છે અને અવસ્થામાં મટશે. બીજું, કે એ મલિનતા અવસ્થામાં છે તેટલો જ, તેવડો જ હું છું એ ઊંધી દૃષ્ટિ છે, એ જૂઠની દૃષ્ટિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુનું સ્વરૂપ, મૂળ સ્વરૂપ એવું છે જ નહિ.

મુમુક્ષુ :- દૃષ્ટિના દોષના કારણે એને ભ્રમ થઈ ગયો કે હું મલિન થઈ ગયો. દૃષ્ટિદોષના કારણે એને ભ્રમ થઈ ગયો કે હું મલિન થઈ ગયો. એટલે દૃષ્ટિ ચોખ્ખી થઈ જાય તો ... ભ્રમ જ હતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભ્રમ જ હતો. ભ્રમ છૂટી જાય છે. બરાબર છે. એને ભ્રમ છૂટી જાય છે. પણ ભ્રમ જેવું કાંઈ પહેલા હતું નહિ એમ નથી.

મુમુક્ષુ :- એ ભ્રમના કારણે આકુળતા, રાગ-દ્વેષ...

પૂજ્ય ભાઈશ્રી :- આખો સંસાર, આખો સંસાર હતો

મુમુક્ષુ :- ભ્રમ રહ્યો કે છૂટ્યો એ મુખ્ય વાત નથી. મુખ્ય વાત એ મલિન નથી એ મુખ્ય વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્ય વાત તો એ છે. અથવા ભ્રમણા રહિત, નિર્ભ્રાંત તત્ત્વ હું છું એ મુખ્ય વાત છે. નિર્ભ્રાંત સ્વરૂપે હું છું એ મુખ્ય વાત છે. અને એની મુખ્યતા થતાં ભ્રાંતિ રહેતી નથી, ભ્રમણા રહેતી નથી. પણ એ રહેતી નથી કે રહે છે એ મુખ્ય નથી. નિર્ભ્રાંત છું એ મુખ્ય વાત છે.

મુમુક્ષુ :- સોગાનીજી કહે છે ને કે નિગોદ હો કે સિદ્ધ હો.

પૂજ્ય ભાઈશ્રી :- દશાની ગૌણતા રહેવી જોઈએ. ભ્રમણા તો મટી ગઈ ને. સમ્યગ્દર્શન તો થયું ને. એમ કરીને જોર દેવાનું નથી એના ઉપર. એ બહાને પાછું એનું છે એ ઊંધી દિશામાં જાય છે અથવા બહારની દિશામાં જાય છે.

મુમુક્ષુ :- જે પરિણામ ઉત્પન્ન થાય છે એ તો મલિનતા રહિત થાય છે. પરિણામ પોતે તો મલિનતા રહિત પણ એનો ઉપયોગ એનો આશ્રય કરે છે ત્યારે મલિનતા ઊભી થાય છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એક જ કાળમાં છે. પછી-પહેલા નથી. એક જ કાળમાં છે. ઉપયોગની સ્વચ્છતા એ ઉપયોગની સ્વચ્છતા છે. જે મલિનતા છે ભ્રમણાને લઈને એ મલિનતા છે. અને બેય એક જ કાળમાં છે.

મુમુક્ષુ :- એક જ કાળમાં છે પણ તેનું ઉત્થાન ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સામાન્ય જ છે. સામાન્યમાં મલિન નથી. એમ લ્યો

તો સામાન્ય મલિન નથી. સામાન્યજ્ઞાન, જ્ઞાનસામાન્ય મલિન નથી. જ્ઞાનવિશેષમાં મલિનતા છે અથવા અશુદ્ધતા છે.

મુમુક્ષુ :- ઈ નવું થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નવું નવું. પ્રતિ સમય નવું નવું. એ તો અવસ્થામાત્ર પ્રતિસમય નવી નવી થાય છે. સામાન્ય અવસ્થા પણ પ્રતિસમય નવી નવી થાય છે. કેમ કે એ તો અવસ્થાનો ધર્મ જ છે નવીન ઊભું થવાનો. વ્યય થઈને નવું થવું... વ્યય થઈને નવું થવું એ અવસ્થા ધર્મ છે. એમ. પણ જે વિશેષ આકાર છે, જ્ઞેય અનુસાર જે જ્ઞાનાકાર છે એને મેચકભાવ કહ્યો છે. અને મેચકપણું છે એ અશુદ્ધતા છે એમ લીધું છે. એકરૂપપણાને શુદ્ધ કહ્યું છે. અમેચકપણાને શુદ્ધ કહ્યું છે અને મેચકને અશુદ્ધ કહ્યું છે.

મુમુક્ષુ :- ...ભ્રમણા રહિત થવાને માટે છે. છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધી મહેનત કેરી ખાવા માટે છે. કેરીનો રસ લેવા માટે છે, કેરી પકવવા માટે છે. પણ ક્યાં મહેનત કરવી? એ તો સવાલ છે કે નહિ? જ્યાં કેરી ઊગી છે ત્યાં પાણીની ડોલ ટીંગાડાય નહિ કે પાણી છંટાય પણ નહિ ત્યાં. ખરી જાય. કાચી કાચી કેરી બગડી જાય. રોગ લાગુ પડી જાય. પાણી તો મૂળમાં જ સિંચન કરવું પડે. આંબાના મૂળમાં જ ખાતર-પાણી દેવાય. ત્યાં પાણી લગાડાય નહિ. .. બાંધી રાખે નહિ. કપડા ભીના કરીને કરીને જે કેરી ઉગી હોય એને વીંટાળી રાખો. એને પાણી મળ્યા જ કરે અને પાણી પીધા કરે કેરી. બગડી જાશે, ભાઈ! એ કેરી નહિ પાકે. એવી વિચિત્રતા છે આ તો. અવસ્થાના વિજ્ઞાનની વિચિત્રતા એ છે કે એ કેરી નીચે ઉતાર્યા પછી ગરમીથી પકાવવી પડે છે. જેને પાણીની શીતળતા આપી આપી... આપીને આવડી બનાવી, એને પાછી ગરમી આપીને પકવવી પડે છે. એ વસ્તુનું વિજ્ઞાન છે. વિજ્ઞાનને વિજ્ઞાનની દૃષ્ટિથી જોવું પડે છે. એમાં બીજા તર્ક-વિતર્ક ચાલતા નથી. એ તર્ક-વિતર્કનો વિષય નથી.

મુમુક્ષુ :- અવસ્થામાં મલિનતા છે, ... દ્રવ્યમાં માનીએ તો ..

પૂજ્ય ભાઈશ્રી :- અવસ્થામાં મલિનતા છે તે ભ્રમ નથી. પણ મલિનતા તે હું એ ભ્રમ છે. હું એ દ્રવ્યમાં માન્યું. એને દ્રવ્યની ખબર નથી. જેણે મલિનતામાં હુંપણું કર્યું એ દ્રવ્યની ખબર નથી કે દ્રવ્ય શું ચીજ છે. પણ મલિનતારૂપ હું એનું નામ ભ્રમ. મલિનતા ભ્રમ નહિ પણ મલિનતા તે હું એ ભ્રમ છે. એમ છે. નહિતર વેદાંત થઈ જાય. એટલો ફર્ક છે વેદાંતમાં અને એનામાં. એક વેદાંતી પાસે આ નિર્ભ્રાંત દર્શનની કેડીએ ગયું. (એ કહે), અરે..! બિલકુલ તમે વેદાંતની વાત કરી છે. ખુશ

થઈ ગયા એ તો. મેં કીધું, ભાઈ! વેદાંતમાં અને આમાં શું તફાવત છે? એ જરા વિચારવા જેવો વિષય છે. વેદાંત નથી પણ વેદાંતમાં અને આમાં કાંઈક તફાવત છે એ સમજવાનો વિષય છે. ઘણો ફેર છે પણ એને ખ્યાલ ન આવે. ત્યાં તો ચોખ્ખો વિષય જ નથી. કેવી વાતો અંતર્મુખ થાવું ત્યાં સુધીની વાતો (કરે છે). વસ્તુ આત્મા પરમતત્ત્વ સચ્ચિદાનંદ સ્વરૂપે છે અને અંતર્મુખ થઈને દ્વૈત છૂટી જવું એનું નામ સાધના છે, એ બધી વાત ત્યાં આવે છે. ત્યાં સુધીની વાત છે ત્યાં. એ વાત ઉપર જેને મેળ ખાતો હોય, એ અભિપ્રાયના ઢાળામાં જેટલી વાત આવતી હોય તો એને એમ થાય કે આ તો આપણી જ વાત કરે છે, આ તો આપણી જ વાત કરે છે. ક્યાં કેટલો ફેર છે એ આખો બીજો વિષય છે.

અથવા જે ધાર્મિક સાહિત્ય છે એના મુખ્ય જે બે વિભાગ છે એ રીતે લગભગ ધાર્મિક સાહિત્યનો અભ્યાસ કરનારાઓ એ રીતે નથી સમજતા. એક વિભાગ છે વસ્તુના વિજ્ઞાનનો અને બીજો વિભાગ છે ઉપદેશનો. તો ઉપદેશનો વિભાગ ઘણોખરો મળતો આવશે. અનેક ધર્મો સાથે મળતો આવશે. કેમ કે ધર્મ છે એ ખરાબી મટાડવા માટે છે. જે કાંઈ ખરાબી છે જગતની અંદર એ ખરાબપણું ન હોવું જોઈએ, સારું હોવું જોઈએ. એ સારી સારી, સારી સારી વાત ઉપદેશથી બધા ધર્મો કરે છે. એટલે ઘણાંને એમ લાગે છે કે બધા ધર્મ એક જ વાત કરે છે. અને ધર્મો તો બધા આખરમાં એક જ છે ને. થોડો થોડો ફેર હોય એ ફેર મુખ્ય કરીને નકામું ક્લેશમાં નહિ ઉતરવું જોઈએ. એના કરતાં સમન્વય કરીને શાંતિમાં રહેવું જોઈએ. આવો એક અભિપ્રાય માણસો કેળવે છે.

બધાને સારું કરવું છે. કોઈ ધર્મ પાપ કરવાનું કહેતું નથી. કોઈ ધર્મ ચોરી-લુંટફાટ કરવાનું કહેતુ નથી, મારામારી કરવાનું કહેતું નથી. બધા ધર્મો સારું કાર્ય કરવાનું કહે છે. તો બધા ધર્મ તો એક છે. ઝીણું ઝીણું કાંતિને ફેર કાઢવો ને નકામો ક્લેશ વધારવો કે ક્લેશ ઊભો કરવો એના કરતાં સમન્વય કરીને બધા ભાઈચારાથી, શાંતિથી, પ્રેમથી બધા સાથે રહે તો સારું. એમાં ખોટું શું છે? વાત તો સલાહ, વાત સારી અને સુફિયાણી લાગે એવી વાત છે આ બધી. પણ એટલાથી રાજી થવાનો આ વિષય નથી. આત્માનું પોતાનું હિત કરવાનો, ધર્મ એ આત્માનું હિત કરવાનો વિષય છે. હિત કેમ થાય? અને કેમ ન થાય? તે વસ્તુના વિજ્ઞાન અનુસાર સમજવો પડશે, માત્ર ઉપદેશ અનુસાર નહિ.

અમારે કો'ક વાર શું થાય છે? અન્યમતિ સાથે ચર્ચાના પ્રસંગો થાય. તો આ બે ભાગ જુદા પાડવા પડે છે. 'ખંડવા'માં એક ભાઈ આવ્યા હતા ને? વેદાંતી આવ્યા

હતા. પહેલી વાત તો એ છે કે ઉપદેશ છે એને વસ્તુના વિજ્ઞાનની સાથે કાંઈ સંબંધ છે કે નહિ? જૈનદર્શનમાં ઉપદેશનો આધાર વસ્તુનું વિજ્ઞાન અથવા વસ્તુનું સ્વરૂપ છે. એ વસ્તુના સ્વરૂપના આધારે આ ઉપદેશનો પ્રકાર ચાલ્યો છે. જ્યારે અન્યમતની અંદર વસ્તુવિજ્ઞાન જેવી કોઈ વૈજ્ઞાનિક પરિસ્થિતિ જોવામાં આવતી નથી. ઉપદેશની ઘણી વાતો મળે છે. અને એથી લોકો રાજી થઈ જાય કે વાહ! બહુ સારી વાત.. બહુ સારી વાત.. બહુ સારી વાત. પણ એ કોઈ ખેરખર આગળ વધવાનો મુખ્ય મોક્ષમાર્ગની અંદર પ્રકાર ઉત્પન્ન નહિ થાય.

મુમુક્ષુ :- વસ્તુ વિજ્ઞાનમાં જૈનદર્શન અને બીજા દર્શનને ફેર પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણો ફેર પડે છે. વસ્તુ વિજ્ઞાન જ નથી. કેમ કે વસ્તુનું જે મૂળ સ્વરૂપ છે એક આત્માનું, એક પરમાણુનું. જડ સાથે એને સંપર્ક કરીને મલિનતા ઊભી કરે છે. તો પરમાણુનું સ્વરૂપ, પરમાણુનું વિજ્ઞાન અને આત્માનું સ્વરૂપ, એનું વિજ્ઞાન. એ મૂળ કેવળીગમ્ય હોવાથી ...

કોના આધાર ટકે? માત્ર વાતના આધારે નહિ ટકી શકાય. કલ્પનાના આધારે નહિ ટકી શકાય. નક્કર વસ્તુસ્થિતિ જોઈશે. ટકવા માટે તો એને નક્કર વસ્તુસ્થિતિ જોઈશે. નહિતર તો ટકી નહિ શકે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... પ્રયત્ન કરે છે. પણ એ કેવી રીતે આચરણને કેળવી શકશે? આચરણને કેળવી નહિ શકે. કલ્પનાના આધારે એનું બળ કેટલું હશે? જે કલ્પનાના આધારે એણે નક્કી કર્યું હશે એનું બળ કેટલું હશે? કે એ ઉપદેશના ભાવોનું એને કાંઈ બળ નહિ હોય. અહીંયાં તો વસ્તુના સ્વરૂપના આધારે કોઈ એવું બળ ઉત્પન્ન થાય છે કે વસ્તુ શાશ્વત છે. તો એ શાશ્વતતાના આધારે એનું બળ પણ એનું શાશ્વતતા જાણે ધારણ કરે એવું સાદિઅનંત રહેશે. એ બહુ મોટો ફરક છે.

**'સહજતત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી.'** એ બધું પોતામાં લેવું. મારું સહજતત્ત્વ કદી નાશ થતું નથી. અંદરમાં ક્યાંય મલિનતા થતી નથી. એમાં કદી ખામી આવતી નથી. અને આ **'શરીરથી તે ભિન્ન છે.'** શરીરનું જે ખોખું છે એનાથી આ તદ્દન ભિન્ન છે. શરીર કેવળ જડ છે. શરીરની સર્વ અવસ્થાઓ જડ છે. ચાહે શાતાની હોય કે ચાહે અશાતાની હોય. મડદું જ છે. જ્યારે જીવ સાથે સંયોગમાં છે ત્યારે પણ શરીર તો મડદું જ છે. મડદાને મડદું જ જોવાય. મડદાને જીવતું જોવે તો એને ભ્રમણા થાય. મડદાને જીવતું જોવે તો એને ભૂતાવળ ભૂત વળગે. સીધી વાત છે. કે ન વળગે? **'શરીરથી તે ભિન્ન છે,**

**ઉપસર્ગ તેને અડતા નથી,...**' અથવા કોઈપણ પ્રકારની પ્રતિકૂળતાઓ એ આત્માને વિષે પ્રવેશ પામતી નથી. આત્માને સ્પર્શ સુદ્ધા કરતી નથી. જરા પણ એમાં આત્માને કાંઈ સંબંધ પામતો નથી.

મુમુક્ષુ :- મુનિરાજને ઉપસર્ગ-પરિષહ અડતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- શેના આધારે એ ટકે છે? કે એ ત્યાં વાસ્તવિકપણે જોવે છે કે આ વાઘ કે સિંહ શરીર ખાય છે. કે એરુ કે વીંછી શરીરને કરડે છે. એમાં મારો આત્મા વેદ્ય-વેદકભાવે, વ્યાપ્ય-વ્યાપકભાવે પ્રત્યક્ષપણે સર્વથા ભિન્ન રહે છે. એનું અંદરમાં પ્રતિબિંબ પડે છે. સિવાય કાંઈ બીજું થતું નથી. એમાં એ ટકી રહે છે. સ્થિત રહે છે. એવો વાસ્તવિક પોતાના સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ એ એવું બળવાન કારણ છે કે વેદનાનું જ્ઞાન કરે છે પણ વેદનાને ભોગવતા નથી. જ્ઞાન કરવું, ભિન્ન રહીને પાછું. જ્ઞાન કરે છે એ પણ ભિન્ન રહીને જ્ઞાન કરે છે. એને જરા પણ વેદના થાય છે, મને થાય છે એ પ્રકાર આવતો નથી. એટલે એને મટાડવાનો વિકલ્પ નથી. આને દૂર કરું, સર્પને હું દૂર કરું, વીંછીને હું આઘો ખસેડું, એ વિકલ્પ પણ નથી આવતો. વિકલ્પ જ નથી આવતો. એને એ વિકલ્પ નથી.

મુમુક્ષુ :- એ વખતે આનંદ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર આનંદ કરે. જે શરીરમાં મને મારાપણું નથી લાગતું તેથી મારાપણાનો મોહ જેમાં નથી એવા શરીરમાં એને કરડવાનો મોહ થતો હોય તો ભલે કરડે. કરડવા દો એને. બહુ ચોખ્ખી સમજણ છે. ચોખ્ખે ચોખ્ખી સમજણ જ છે એની અંદર.

મુમુક્ષુ :- એ વખતે જ્ઞાન તો બરાબર છે. જ્ઞાન તો છે ને કરડે એનું?

પૂજ્ય ભાઈશ્રી :- કરડે ઈ જાણે છે, મને કરડે એમ જ્ઞાન નથી.

મુમુક્ષુ :- શ્રદ્ધાન તો છે.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાન ચોખ્ખું છે, જ્ઞાન પણ ચોખ્ખું છે અને આચરણ પણ બરાબર છે કે મારામાં કોઈ કાંઈ કરડવા આવતું નથી. મારા કોઈ પ્રદેશને એ સ્પર્શી શકતું નથી. શરીરનું શરીરમાં, મારું મારામાં. હું અને એ ભિન્ન છે. મને સ્પર્શે છે એ વાત નથી. મારું ચૈતન્યશરીર, ચૈતન્યદેહ એ તો ચૈતન્યવજ્ર છે. એમાં વીંછીનો આંકડો એને અડી શકે એવું નથી. વીંછીનો આંકડો એને અડી શકે એવું નથી. એવો વિચાર નથી, એવો અનુભવ છે. એવો પ્રત્યક્ષ અનુભવ છે. પ્રત્યક્ષ એવો અનુભવ છે. વિચાર તો પરોક્ષ જાય છે. આ તો પ્રત્યક્ષ અનુભવ છે. ત્યાં એ સ્થિત રહી શકે છે. એટલે સ્થિર રહી શકે છે. એમ છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એમ આવે કે ઉપસર્ગ આવે એટલે વધારે સ્થિર થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ વધે એનું નિમિત્ત બતાવવું છે. પુરુષાર્થ વધે છે એનું નિમિત્ત બતાવવું છે. પણ નિમિત્ત કાંઈ કરે છે એવું તો ક્યાંય બતાવવું નથી. નિમિત્ત કહીને ક્યાંય નિમિત્ત કાંઈ કરે છે એવું કાંઈ બતાવવું નથી. એ નિમિત્ત પડે છે એટલી વાત છે. એના ઉપર લક્ષ જાય છે ત્યારે એને નિમિત્ત ગણવામાં આવે છે. એટલી જ વાત છે.

મુમુક્ષુ :- એ નિમિત્તપણું ... સમાધિમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- ના.

મુમુક્ષુ :- આમ .... અને ઉપસર્ગ થાય ત્યારે સમાધિમાં જામી જાય. આમ જ્ઞાનમાં ખબર પણ પડે કે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. એને પોતાના એ સ્વકાળનો ખ્યાલ આવે છે કે આ મારો સ્વરૂપલીનતા વધવાનો સ્વકાળ આવ્યો છે. દૂરથી કોઈ ૨૫-૩૦ વર્ષથી વિખૂટા પડેલો મિત્રો હોય. પ્રિય મિત્ર હોય. દૂરથી ચાલ્યો આવતો જોવે. તો જોતાં જ એને પ્રેમ ઊપજે છે કે નહિ? પછી મળશે, વાતચીત કરશે, બેસશે પછીની વાત છે, પણ એને જોતા જ એને પ્રસન્નતા ઊપજે છે ને! આહા..! લે ઘણાં વખતે આ. આ ક્યાંથી અહીંયાં? ઘણાં વર્ષે આવી ગયો? તો એ 'શ્રીમદ્જી'એ લીધું કે 'જાણે પામ્યા પરમમિત્રનો યોગ જો.' શું લીધું છે? એને એમ થાય છે કે અરે..! મારા પુરુષાર્થનો કાળ આવ્યો આ તો. મારો ઉપસર્ગ આવ્યો એમ નહિ, મારો પરિષહ ઊભો થયો એમ નહિ, પણ મારા પુરુષાર્થનો કાળ આવ્યો. એટલે તો મૃત્યુ મહોત્સવ લીધો છે. એ તો મહોત્સવનો કાળ છે. એટલે એ સહજપણે એ રીતે ઢળે છે. સહેજે સહેજે એમ જ ઢળે છે. પરિણમન જ એવું થઈ ગયું છે કે એમ પરિણમન ઢળે છે.

મૂળ તો આ બધા પ્રશ્નોમાં જે મૂળ વાત છે એ છે, પ્રશ્નના મૂળમાં, કે જીવે પોતાની શક્તિ જોઈ નથી. જો પોતાની શક્તિ જોવે તો એને એમ લાગે કે આવા પ્રસંગોમાં એ Power ફાટંફાટ જાય. એમાં કાંઈ કહેવાની જરૂર, સમજાવવાની જરૂર રહેતી નથી. સીધી વાત છે. જ્યારે Battery ની ચાંપ દાબો ત્યારે Light થાય. તો Power તો ભરેલો જ છે. ચાંપ દાબવાનું એક નિમિત્ત પડે છે તો દેખાય છે કે Power પ્રકાશ પ્રકાશ કરે છે. Power પ્રકાશે છે એ ચાંપ દાબે ત્યારે ખબર પડે છે. એમ આ બધા પ્રસંગો તો એક ચાંપ છે. એનો પ્રકાશ બહાર આવે છે શક્તિનો એ વખતે. પણ એ શક્તિ પોતે સામર્થ્યની ભંડાર છે. અને એ સામર્થ્યના

ભંડારનો સામર્થ્યરૂપે સદ્ઉપયોગ થવો એ જ એનું સ્વરૂપ છે. એ એનું સ્વરૂપ જ છે એવું. અંદર એ શક્તિને ગોંધી રાખે, બાંધી રાખે તો વિકૃતિ ઉત્પન્ન થાય. શક્તિનો ઉપયોગ થાય. જેમ Powerને ન વાપરે તો ફાટી જાય. શું થાય? ફાટીને બહાર બધું નીકળી જાય. એસીડ બધો બહાર આવવા માંડે. એમ ઉપયોગ થવો જરૂરી છે. એમ શક્તિનો ઉપયોગ ન થાય તો વિકૃતિ થાય. એનો ઉપયોગ થવો જોઈએ. આ એનો ઉપયોગ થાય છે. સાધકદશામાં એનો ઉપયોગ થઈને સિદ્ધદશામાં પૂરેપૂરો ઉપયોગ થઈ જાય છે.

'**ઉપસર્ગ તેને અડતા નથી, તરવાર તેને છેદતી નથી,...**' કોઈ હથિયાર. તીક્ષ્ણમાં તીક્ષ્ણ હથિયાર એને છેદવાનો પ્રશ્ન રહેતો નથી. અંદરથી શક્તિના તણખા એવા ઝરે છે કે હથિયાર બધા બુઠ્ઠા થઈ જાય. કોઈ હથિયાર એને અડતા નથી. '**અગ્નિ તેને બાળતો નથી,...**' એને કોઈ અગ્નિથી સળગવાનું થાય, અગ્નિથી કોઈ ઈજા પામે, હાનિ પામે કાંઈપણ અગ્નિથી થાય (એવી) કોઈ ચીજ એનામાં નુકસાન કરી શકતી નથી. આટલું તો અન્યમતમાં પણ આવે છે. અગ્નિ બાળે નહિ, પવન સૂકવે નહિ, પાણી પલાળે નહિ, કોઈ અસ્ત્ર-શસ્ત્ર એને ઘાત કરી શકે નહિ. આવે છે કે નહિ? ... પાવક એટલે અગ્નિ. શસ્ત્રો એને છેદતા નથી અને અગ્નિ એને બાળતી નથી.

'**વાહ તત્ત્વ!**' મહિમા કરે છે. '**રાગદ્વેષ તેને વિકારી કરતા નથી.**' જુઓ! એથી આગળ ગયા છે. અગ્નિ બાળતો નથી અને અવસ્થાના રાગદ્વેષ એને વિકારી કરી શકતા નથી. અવસ્થાની વિકૃતિ મૂળ સ્વરૂપને વિષે પહોંચતી નથી, પેસતી નથી, સ્પર્શતી નથી. એવો પોતે અવિકારી રસનો કંદ છે. એ એમ ને એમ કોરે કોરું નક્કોરે નક્કોર રહે છે. એમાં કાંઈ જૂનાપણું થતું નથી કે એમાં કોઈનો પ્રવેશ થતો નથી. એવો અનુભવ છે. પછી જે શ્રદ્ધા-જ્ઞાન થયા પછી ચારિત્રના મલિન અંશનો અનુભવ એ રીતે છે કે એ ઉપર ઉપર થાય છે પણ મને અડતો નથી. થાય છે. મારામાંથી થતો હું જોતો નથી. હું એને કરું છું એમ જોતો નથી. અને ફક્ત એ ભિન્ન જ્ઞેયની જેમ, પરજ્ઞેયની જેમ બીજા જ્ઞેયો જણાય છે એમ આ એક પણ મને જણાય છે. પણ મારામાં થાય છે એવું તો હરગીઝ જણાતું નથી.

'**રાગદ્વેષ તેને વિકારી કરતા નથી.**' અથવા રાગ-દ્વેષ પોતાને વિકારી કરતા નથી. એમ જે રાગ-દ્વેષને જાણે છે. '**વાહ તત્ત્વ!**' વાહ તત્ત્વ! અને વાહ તત્ત્વનું સામર્થ્ય! એમ છે. પોતે પોતાને શાબાશી આપે છે કે વાહ રે વાહ! '**અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે.**' નિગોદમાં ગયો, અનંત કાળ મલિનતામાં સબડ્યો, અનંત કાળ ભવભ્રમણ કર્યું, અંદરમાં તો તું એવો ને એવો જ છો. તને કાંઈ થયું

નથી. એટલે કે મને કાંઈ થયું નથી. ભ્રમણાથી બધું જે કાંઈ એકમેકપણું માનીને દુઃખનો અનુભવ કર્યો. એ હવે ભાનમાં બધું છૂટી જાય છે.

એટલે સમ્યગ્દર્શન થતાં એક ન્યાયે મોક્ષ થઈ ગયો એમ કહેવામાં આવે છે. એનું આ કારણ છે કે ચાલતા વિકાર અંશમાં તે બંધન પામતો નથી. ભ્રમણાએ કરીને જે પકડાતો હતો કે હું રાગી, હું દોષી, હું મનુષ્ય, હું ફલાણો એ પક્કડ છૂટી ગઈ છે. પછી એને ભિન્ન જ્ઞેય તરીકે જાણે છે એટલે મુક્ત જ છે પોતે. જેમ મુક્ત આત્માઓ રાગાદિ અને બીજાના રાગાદિને ભિન્ન (જાણે છે), એને પોતાને એની અવસ્થામાં પણ રાગાદિ નથી. તો બીજાના રાગાદિને ભિન્નપણે જાણે છે, એમ આ પોતાના રાગાદિને ભિન્નપણે જાણે છે. એની અવસ્થાના રાગાદિને ભિન્નપણે જાણે છે.

મુમુક્ષુ :- મોક્ષ થતો નથી પણ મોક્ષ સમજાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતે મોક્ષ સ્વરૂપે છે એમ સમજાઈ ગયું. કરવાનો પ્રશ્ન ક્યાં રહ્યો? મારા મૂળ સ્વરૂપને વિષે મોક્ષ કરવો એ તો બંધાયો હોય એને છોડાવવાની વાત છે. એવી ભ્રાંતિ, મોક્ષની ભ્રાંતિ, મોક્ષ કરવાની ભ્રાંતિ સ્વરૂપને વિષે કરવાની કોઈ જગ્યા નથી. જગ્યા જ નથી. એવી ભ્રાંતિની પણ ત્યાં તો જગ્યા નથી. એવું નિર્ભ્રાંત છે.

'**વાહ તત્ત્વ! અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે.**' આશ્ચર્યકારી છે. મહા આશ્ચર્યકારી! પોતે ભૂલ્યો અનંત કાળ પર્યંત ભૂલ્યો. ભૂલ્યો એમ નહિ, એને દેખાડનારા મળ્યા તો એની સાથે ઝઘડો કર્યો, તોફાન કર્યું, તકરાર કરી કે એમ કહો છે મને? બિલકુલ એમ નથી. આ નથી સ્વીકારતા એ શું છે? જે નિષેધ કરે છે એનો અર્થ શું છે? કે પોતના પરમતત્ત્વનો નકાર છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ પ્રત્યેનો જે વિરાધનાનો ભાવ છે એ સ્વરૂપનો નિષેધ છે. કેમ કે એ સ્વરૂપના કહેનારા છે. તો કહે છે કે નહિ, તમારી સાથે હું વિરોધ કરું. કેમ કે તમે સ્વરૂપના કહેનારા છો. તો પણ સ્વરૂપ એવું ને એવું રહ્યું, એમ કહે છે. તોપણ એનું સ્વરૂપ તો એવું ને એવું જ રહ્યું છે. એ જ્યારે એને ભાન થાય છે ત્યારે સમજાય છે કે ઓહો! મેં તો કાંઈક કર્યું છે. આવા સ્વરૂપનો નિષેધ કરવામાં મેં બાકી રાખી નથી એવો નિષેધ કર્યો છે. પણ વાહ તત્ત્વ! તું તો એવું ને એવું છો. છતાં પણ તને મટાડી શકાય એવું નથી એવું અમિટ તત્ત્વ છે પોતે. એને મટાડી શકાતું નથી.

'**અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે. તને કોઈ ઓળખે કે ન ઓળખે,...**' પોતે પણ પોતાને ઓળખે કે ન ઓળખે. એની પણ એને દરકાર

નથી. કોઈ ન ઓળખે તેથી મહાનતા ઓછી થઈ જાય. ઓળખે એટલે એની મહાનતા વધે એ વાત નથી. અથવા એ એવું અપૂર્ણ નથી કે એક સમયની પર્યાય આડીઅવળી ચાલતી હતી તે સીધી થઈને એની સાથે ચાલવા માંડે તો પૂર્ણ થાય અને નહિતર અપૂર્ણ રહી જાય. એવું નથી.

અમારી એક મુમુક્ષુની સાથે આ દલીલ ચાલતી હતી, કે એક સમયની પર્યાયને શ્રદ્ધાના વિષયથી જુદી પાડશો તો વસ્તુનો ખંડ થઈ જશે. વસ્તુ અખંડ નહિ રહે. વસ્તુ અપૂર્ણ થઈ જશે. કહ્યું કે, આ પરિપૂર્ણ તત્ત્વ એવું અખંડ છે કે એક સમયની પર્યાયની અપેક્ષા એને નથી. એ આવે તો પૂરું અને ન આવે તો અધુરું. આડી ચાલે તો અધુરું અને સીધી ચાલે તો પૂરું. સિદ્ધદશા થાય તો વસ્તુ પૂરી એમ નથી એને. વસ્તુ પૂરી જ છે અનાદિથી.

'**તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે.**' એવું રહ્યું છે અને એવું જ રહેવાનું છે. એ એની મહિમા છે, એ એની મોટાઈ છે. '**મુનિના તેમજ સમ્યગ્દષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં...**' જુઓ! આ મહિમાવાચક શબ્દો છે. સર્વ સાધકોના. મુનિના હો કે સર્વ સમ્યગ્દષ્ટિના '**હૃદયકમળના સિંહાસનમાં આ સહજતત્ત્વ નિરંતર બિરાજમાન છે.**' અન્યમતમાં એવું આવે છે. પરમાત્મા હૃદયકમળને વિષે બિરાજમાન છે. પછી તો આ Heartને માને છે. Pumping station છે, Heartને જ એ પરમાત્માનું સ્થાન માને છે. કેમકે મુખ્ય ભાગ છે એ શરીરનો. એટલે આ જે માંસનો લોચો છે એને જ એ ભગવાનનું સ્થાન માની લે છે કે ભગવાન ત્યાં જ બિરાજે છે. ખરેખર એ હૃદયકમળ નથી.

મુમુક્ષુ :- એક કોર એમ કહે, પાછા બીજામાં એમ કહે કે આખા જગતમાં પરમાત્મા બિરાજે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વળી ત્રીજા પ્રકરણમાં એમ કહે કે જે મૂળ તત્ત્વ છે એનું આ Reflaction છે. અંશ છે. અંશ છે અને એ Reflaction રૂપે છે. Reflacted part છે એનો. જેમ સૂર્યનું પ્રતિબિંબ પાણીની ભરેલી તાંબાકૂંડીમાં પડે અને બીજો સૂર્ય દેખાય એમ.

મુમુક્ષુ :- ....મૂળમાં ભળી જશે. જ્યોતમાં જ્યોત ભળી જશે. કંઈક ગોટા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભળી જશે. બહુ ગોટા છે. કેમકે વસ્તુનું વિજ્ઞાન નથી ત્યાં. વસ્તુનું વિજ્ઞાન નથી. પાછા જૈનદર્શનમાં ગુણોની વાત છે. તો કહે હા, અમારામાં પણ ગુણની વાત છે. સત્ત્વ, રજસ અને તમસ ત્રણ ગુણ છે અમારે. તો કહે, અમારામાં દર્શન, જ્ઞાન, આનંદની વાત છે. તો કહે, અમારામાં સચ્ચિદાનંદની વાત

છે. તમે અંતર્મુખ થવાની વાત કરો છો, તો કહે, અમારે અંતર્મુખ થવાની વાત છે. ગડબડ ઘણી છે. એ તો એને પકડાણું હોય એ સમજાવવું બહુ મુશ્કેલ છે. સમજી ન શકે જલ્દી. નસીબદાર હોય ને છૂટી જાય બીજી વાત છે. બાકી બહુ તકલીફ પડે એવો વિષય છે. મમત્વ થઈ જાય છે સંપ્રદાયનો. મારું છે. મારું છે ઈ સાચું છે એવું મમત્વ જીવને થઈ જાય છે. પછી એને ઘડ બેસતી નથી.

મુમુક્ષુ :- હૃદયકમળ એટલે અખંડ આત્મામાં?

પૂજ્ય ભાઈશ્રી :- હૃદયકમળ એટલે હુંપણું શ્રદ્ધામાં, જ્ઞાનમાં, આચરણમાં હુંપણું કરે છે. એ હુંપણું કરે છે એ એનું સ્થાન છે. એ એનું હૃદયકમળ છે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં એને બિરાજમાન કરે છે. પરમતત્ત્વને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં બિરાજમાન કરે છે.

મુમુક્ષુ :- ગુરુદેવ ન મળ્યા હોત તો આપણે એનાથી પણ નીચામાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ક્યાંના ક્યાં ગયા હોત કહેવું મુશ્કેલ છે. સાવ સાચી વાત છે. જેમ આ સંપ્રદાયમાં ... એવો જ .. લેવાતો હોત, બીજું કાંઈ નહિ.

મુમુક્ષુ :- ...આપણી સ્થિતિ જાણતા હોઈને કે આપણે કેવા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે.

મુમુક્ષુ :- એ કાંઈ કોઈને પૂછવા જાવું નથી પડતું.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે, સાચી વાત છે. ગુરુદેવનો ઉપકાર છે કે સંપ્રદાયના કૂવામાંથી બહાર કાઢ્યા. રસ્સી નાખીને બહાર કાઢ્યા. હવે પકડી લે, ભાઈ! ગાળિયો નાખ્યો છે. બેસી જા, બહાર નીકળી જા. નહિતર કૂવામાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. ચડવાના કોઈ પગથિયા નથી. એવું છે.

મુમુક્ષુ :- મોક્ષ પણ નથી કરવો, આટલી ઊંચી વાત તો ક્યાંય નથી. ... મોક્ષ સ્વરૂપ જ છે, મોક્ષ કરવો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મોક્ષ સ્વરૂપે છે એ પણ ખરેખર લાગુ નથી પડતું. કેમ કે મોક્ષ તો બંધ અપેક્ષિત છે. ત્રિકાળીને બંધ કે દિ' હતો? એટલે 'સોગાનીજી'એ એમ કહ્યું કે મુઝે મોક્ષ કહના વહ તો ગાલી દેને બરાબર હૈ. લાંછન છે એને. એવું તત્ત્વ છે.

મુમુક્ષુ :- આ વાત તો ગુરુદેવે જ બતાવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે.

## તા. ૧૧-૦૫-૧૯૮૮, વચનામૃત-૩૬૨, ૩૬૩, પ્રવચન નં. ૨૭૭

**જેમ અજ્ઞાનીને 'શરીર તે જ હું, આ શરીર મારું' એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી, તેમ જ્ઞાનીને 'જ્ઞાયક તે જ હું, અન્ય કંઈ મારું નહિ' એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી. સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે. ૩૬૨.**

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૬૨ બોલ. પાનું-૧૨૮. ઊલટું પરિણમન થઈ રહ્યું છે. અજ્ઞાનદશામાં વિપરીત પરિણમન કેવા પ્રકારે થઈ રહ્યું છે એનો અનુભવ સાથે મેળવીને નિર્ણય કરે. જેવો ઊલટો અનુભવ કરે છે, એવું જ સૂલટું અનુભવરૂપ પરિણમન જ્ઞાનદશામાં ચાલે છે. આ બોલનો એ વિષય છે.

'**જેમ અજ્ઞાનીને...**' પોતાના શરીરાદિ સંયોગ પ્રત્યે અત્યંત રસ હોવાથી. મમત્વનો અત્યંત રસ છે. શેને લઈને રસ છે? જ્યાં જીવને પોતાપણું છે-મારાપણું છે ત્યાં રસ છે. પારકામાં કોઈને રસ નથી. ચાહે પારકી ચીજ સારી હોય કે ખરાબ હોય પારકા સાથે કોઈને સંબંધ નથી. પણ પોતાપણું હોવાને લીધે અત્યંત રસ, એકત્વબુદ્ધિનો અત્યંત રસ હોવાને લીધે આ '**શરીર તે જ હું,...**' અથવા સંયોગો તે હું, એ મારા અને હું એનો '**એમ સહજ રહ્યા કરે છે,....**' 'સમયસાર'માં આવી એક ગાથા છે. જ્યાં સુધી પરદ્રવ્યમાં, પરદ્રવ્ય મારું છે અને એનો હું છું, (એમ માને છે) ત્યાં સુધી આસ્રવો આસ્રવે છે. ક્યાં સુધી આસ્રવ છે? કે જ્યાં સુધી પરદ્રવ્યમાં મમત્વ છે ત્યાં સુધી.

અહીંયાં એ વાત લીધી છે કે અજ્ઞાનદશામાં આ પ્રકારનું પરિણમન સહજ જ રહ્યા કરે છે. એકદમ સ્વભાવિક થઈ ગયું છે. સહજ થઈ ગયું છે. એને વારંવાર રટણ કરે તો જ એવું પરિણમન થાય, એવું પરિણમન ચાલું રાખવા માટે એને રટણ કરવું પડે, ગોખવું પડે એટલે રટણ કરવું પડે અથવા એ ભૂલી જાય છે માટે એને યાદ કરવું પડે, સ્મૃતિમાં લાવવું પડે, સ્મરણ કરવું પડે એવું નથી. એ પોતાના ચાલતા અનુભવથી મેળવણી કરી, અનુભવ સાથે મેળવણી કરીને જીવ સમજી શકે છે.

મેળવણી કરવાનો પ્રકાર એ છે કે પરિણમન થઈ ગયા પછી પાછળથી એનો

વિચાર કરે એમ નહિ. જ્યારે પણ એમ ચાલે છે ત્યારે જ પોતાના અનુભવને જોઈને, પોતાના અનુભવને તપાસીને મેળવે. એમ પદ્ધતિ હોવી જોઈએ. મેળવવાની આ પદ્ધતિ છે. બે વચ્ચે ફરક છે. જેને પાછળથી વિચાર આવે છે એ એને માત્ર વિચારણામાં રહે છે. અને જે ચાલતા પરિણમનમાં તપાસે છે એ વિચારણાથી આગળ વધીને પ્રયોગમાં આવે છે. આ બેમાં તફાવત છે અહીંયાં. વાત સાદી છે. પણ જો ગોખવું પડતું નથી અને યાદ કરવું પડતું નથી પણ સહજ રહે છે એમ કહેવું છે. એની પાછળ ચાલતી પરિસ્થિતિને જોઈને નિર્ણય કરવાની વાત છે, તપાસીને નિર્ણય કરવાની વાત છે. પાછળથી વિચાર કરીને નિર્ણય કરવો એ પદ્ધતિ બરાબર નથી. અથવા એ પરિપક્વ પદ્ધતિ નથી. સમજવાની એ સાચી પદ્ધતિ નથી.

બે વચ્ચે જે તફાવત છે એ તફાવત એ પ્રકારનો છે કે માત્ર પાછળથી વિચારીને જે સમજે છે, નિર્ણય કરે છે એને કાંઈક ખ્યાલ તો આવે છે કે આમ થઈ રહ્યું છે એ વાત બરાબર છે કે, ના. સાચા છે એવું જ થઈ રહ્યું છે મને. અને એવું એને સમજાય છે તો પણ એની ઓઘસંજ્ઞા છૂટતી નથી. એ સમજે છે ખરો પણ ઓઘસંજ્ઞામાં રહીને સમજે છે.

હવે ચાલતા પરિણમનમાં તપાસીને જે પ્રસ્તુત વિષય છે, સામે આવેલો વિષય છે સમજમાં ક્ષયોપશમની સામે, એને એ રીતે તપાસે છે. એને ઓઘસંજ્ઞા નથી રહેતી. પણ બીજી ઘણી ઘણી સૂક્ષ્મ પરિણમનની વાતો અને વિષયો એને જાણવા અને સમજવા મળે છે. ઓઘસંજ્ઞામાં સ્થૂળતા જળવાઈ રહે છે. લાંબો સમય જો ઓઘસંજ્ઞા રહે તો એ સ્થૂળતા વધવાની પરિસ્થિતિ ઊભી થાય છે. જ્યારે ઓઘસંજ્ઞાથી રહિતપણે પદાર્થને ઓળખવા માટેનો જે સાચો રસ્તો છે એ પદ્ધતિએ જતાં સૂક્ષ્મતા વધે છે. અને જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું ભાવભાસન થાય છે.

જેમ કે અહીંયાં વિભાવનો વિષય ચાલે છે. તો સામાન્ય રીતે મિથ્યાત્વ છે એ એટલું સૂક્ષ્મ પરિણમન છે કે જીવ પકડી નથી શકતો કે આમાં મિથ્યાભાવ શું થાય છે. અને જો એ તપાસીને નિર્ણય કરવા જાય, ચાલતા પરિણમન ઉપરથી તપાસીને નિર્ણય કરવા જાય તો એને પોતાનો કેટલો રસ છે અને એ ચીજ શું છે એ એને પરિણમન ઉપરથી પકડાય છે. ભલે તરત ન પકડાય તો કેટલાક અભ્યાસથી પકડાય છે, વારંવારના અભ્યાસથી પકડાય છે. અને જ્યારે ભૂલ પકડાય ત્યારે એ ભૂલ છૂટી જાય તેવો નિયમ છે.

ભૂલનું જ્ઞાન એ જ ભૂલની નિવૃત્તિનું-ભૂલના અભાવનું કારણ છે. બીજું કોઈ ભૂલને છૂટવાનું કારણ નથી. એક સમયની ભૂલ કેમ છૂટે? કે એ ભૂલ સંબંધીનું

જ્ઞાન થાય તો છૂટે. હવે જ્ઞાન બે પ્રકારે થાય છે. એક ભૂલને સમજાવવામાં આવે છે. ઓઘસંજ્ઞામાં રહીને જીવ ભૂલને સમજે છે. તોપણ એ ભૂલની નિવૃત્તિ નથી થતી. આપણા મુમુક્ષુ સમાજમાં જે ચાલે છે એ આ તબક્કે ચાલે છે કે સમજીએ છીએ, સમજાય છે, બીજાને સમજાવી શકીએ છીએ. પણ હજી અંદરમાં ભૂલ પકડાતી નથી અને ભૂલ ટળીને જ્ઞાનદશામાં અવાતું નથી. આ સમસ્યા ઊભી થઈ છે. કારણ આનું? કે એનું કારણ ઓઘસંજ્ઞા છે. ઓઘસંજ્ઞાએ ભૂલ સમજ્યો છે. એવું ઓઘસંજ્ઞાએ સમજણનું જ્ઞાન ભૂલ ટાળવા માટે સમર્થ નથી.

જેમ કોઈ રાગ છે એ આત્માનું કાર્ય અથવા આત્માની ભૂલ સુધારવા માટે સમર્થ નથી. રાગ સાધન નથી. તેમ જે આ ઓઘસંજ્ઞારૂપ જ્ઞાન છે એ પણ ભૂલ મટાડવાનું સામર્થ્ય એનામાં નથી. કેમ કે એમાં યથાર્થ જેવો ભૂલનો ભાવ છે એ ભાસ્યો જ નથી, ભાસતો નથી. ઓઘેઓઘે ખ્યાલમાં આવે છે કે આમ કહેવા માગે છે. ન્યાય, યુક્તિ, શાસ્ત્ર, આગમથી બધું મેળ ખાય છે. માટે સમજણમાં ફેર નથી એવો એને એક વિશ્વાસ ઊભો થાય છે અને જીવ ધોખામાં રહી જાય છે. બફમમાં રહી જાય છે. આ બધું રહસ્ય છે. આ વચનમાં રહેલું આ રહસ્ય છે. સાદી ભાષામાં જે ગંભીરપણું છે એ આ છે.

**'એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી,...'** શરીર તે હું એવો વિકલ્પ કરવો પડતો નથી, વિચાર કરવો પડતો નથી, રટણ કરવું પડતું નથી, સ્મૃતિમાં લાવવું પડતું નથી. નિર્વિકલ્પ ભાવે એ પરિણતિ ચાલ્યા જ કરે છે કે આ હું... આ હું... આ હું.... આ હું... આ હું. એનું વાચ્ય જે છે- 'આ હું' એ વાચ્ય છે એ પરિણમન ચાલ્યા જ કરે છે. નિર્વિકલ્પપણે ચાલ્યા કરે છે. પરિણતિ શું ચીજ છે? અજ્ઞાનદશામાં પણ પરિણતિ તો છે. પણ પરિણતિ પલટવી જોઈએ, પરિણતિ બદલાઈ જવી જોઈએ.

જેમ અજ્ઞાનદશામાં ચાલતું પરિણમન આ પ્રકારે છે. તેમ જ જ્ઞાનીને.. હવે અહીંથી સીધી વાત લે છે. '**તેમ જ્ઞાનીને..**' જ્ઞાયક સ્વભાવનો અત્યંત રસ હોવાને લીધે. જેમ પેલાપણે શરીરમાં હુંપણાનો અત્યંત રસ, એકત્વભાવનો અત્યંત રસ હોવાને લીધે. એમ અહીંયાં જ્ઞાયક સ્વભાવનો, નિજ જ્ઞાયક સ્વભાવનો અત્યંત રસ હોવાને લીધે. જ્ઞાયક એટલે કોઈ લુખ્ખો શબ્દ નથી. પણ એનો ભાવ છે-વાચ્ય છે-એ અનંત રસનો પિંડ જ છે. સ્વયં જ અનંત રસનો પિંડ છે. એટલે પોતે સ્વયં જ રસાળ છે. નહિતર એ પણ પ્રશ્ન થાય છે કે રસ કેમ આવે જ્ઞાયકનો? જ્ઞાયક તો બરાબર જ્ઞાયક છે. અમે ક્યાં ના પાડીએ છીએ? અમને સ્વીકાર્ય છે. ... ના પાડતા હોય

એની વાત જુદી છે. પણ એનો રસ કેમ આવે? આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ બધું ઓઘસંજ્ઞામાંથી ઊભું થાય છે. સમજાય છે તો ન્યાય, યુક્તિથી કાંઈ વાંધો એવો ન દેખાય એવું સમજાય છે. એ સમજણમાં વાંધો ન દેખાય. છતાં પણ એનો રસ કેમ ઊપજે? એનો પુરુષાર્થ કેમ ઊપજે? એની રુચિ કેમ થાય? એનો મહિમા કેમ આવે? આ બધા પ્રશ્નો ઓઘસંજ્ઞાને પ્રસિદ્ધ કરે છે, જાહેર કરે છે, પ્રદર્શિત કરે છે.

જો જ્ઞાયક સ્વભાવ જેવો છે એવો જ એનો ભાવ ભાસે જ્ઞાનલક્ષણ પરથી. જ્ઞાનલક્ષણ ઉપરથી જ્ઞાયકસ્વભાવનો જેવો છે એવો ભાવ ભાસે તો રસને લેવા જાવો પડે નહિ. રસને શોધવા જાવો પડે નહિ. કેમ રસ આવે એ સમસ્યા અને પ્રશ્ન ઊભો રહે નહિ. ઊલટાનો એ રસને રોકી ન શકાય એ પરિસ્થિતિ અનિવાર્યપણે ઉપસ્થિત થાય. અનિવાર્યપણે એ પરિસ્થિતિ ઉપસ્થિત થાય. એટલે જ્ઞાનીને તો જ્ઞાયકનો અત્યંત રસ હોવાને લીધે. '**જ્ઞાયક તે જ હું, અન્ય કંઈ મારુ નહિ**' વિકલ્પ નથી કરવો પડતો. આ પરિણતિ છે એની. હું જ્ઞાયક છું અને બીજું કાંઈ હું નથી. હું માત્ર જ્ઞાયક છું. એવું જે '**એવી સહજ પરિણતિ...**' ઓલા પણે પરિણતિ શબ્દ નથી વાપર્યો. કેમ કે ત્યાં અધ્યાત્મનો વિષય નથી. એટલે એવું સહજ રહ્યા કરે છે એમ સાદુ લઈ લીધું. પરિણતિ એને પકડાતી તો નથી. એને પરિણતિ શું કહેવી? એને તો પરિણતિ પકડાતી નથી. છે એની પરિણતિ ઊલટી. અહીંયાં તો શબ્દ વાપર્યો છે કે જ્ઞાનીને તો '**એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે...**' કાંઈ '**ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી.**'

'**જ્ઞાયક તે જ હું...**' એવો સ્વરૂપરસથી '**સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે.**' ઊલટી દશામાં પણ ઊલ્ટો પુરુષાર્થ વર્ત્યા જ કરે છે. શરીર તે હું, એમાં શરીરમાં હુંપણું કરવાનો પુરુષાર્થ તો છે જ. વીર્યગુણનું પરિણમન કાંઈ બંધ થયું નથી. જેવી રુચિ એવો જ પુરુષાર્થ. પુદ્ગલની રુચિ, રાગની રુચિ તો એવો જ પુરુષાર્થ. જ્ઞાયકની સ્વભાવની રુચિ તો એવો જ પુરુષાર્થ. '**જ્ઞાયક તે જ હું, અન્ય કાંઈ મારું નહિ...**' આ સિદ્ધ થયેલું પરિણમન છે. સિદ્ધ થયેલું જ્ઞાન કહો કે સિદ્ધ થયેલું પરિણમન કહો. જે ભાવનાથી સિદ્ધ થાય છે એ જ્ઞાન કેટલું ઝડપથી આશ્ચર્ય થાય એવી રીતે કામ કરી રહ્યું છે. એ તો જગતના પ્રસંગોથી પણ સમજી શકાય છે.

આ સરકસમાં ખેલ કરે છે ને? જાનનું જોખમ ખેડતા હોય એવો ખેલ કરે છે. પણ એને એ સ્વભાવિક થઈ ગયું છે. એને જરા પણ અચકાટ થાય છે, એ પ્રયોગ દેખાડતા એને કાંઈ Audienceની સામે જરાય અચકાટ થાય ત્યાં સુધી એને Stage ઉપર ન આવવાનું હોય. એને Audience સામે આવવા ન દે. નિર્ભયપણે,

સહજપણે રમતમાત્રમાં ખેલ કરતા કરતા કરી શકે એટલી Practice થાય પછી એને Stage ઉપર મૂકે. ત્યાં સુધી એને કેળવે છે. આ એની એક પદ્ધતિ છે. એટલું સહજ થઈ જાય છે. બીજાને આશ્ચર્ય લાગે કે આવી રીતે કેમ થઈ શકતું હશે! પોતે કરવા જાય તો એને એમ થાય કે ઓહોહો..! આ તો ઘણું અઘરું છે. એને માટે સહજ છે. આ Practiceનો વિષય છે. દરેક બાબતમાં. જગતમાં જેટલી કળા અને કારીગરી છે એ બધામાં આમ છે. જે કળા, કારીગરી, Technique, Art એમ જે કહેવામાં આવે છે એ બધામાં આ પ્રકાર છે. એ Practiceથી સિદ્ધ થઈલું છે. એટલું સહજ થઈ જાય છે કે એને માટે એને કાંઈ પુરુષાર્થ કરતો હોય એમ લાગે નહિ. છે પુરુષાર્થ ખરો ત્યાં. પણ પોતે પુરુષાર્થ કરતો હોય એમ ન લાગે એને. ઊંધો પુરુષાર્થ કરે છે એમ ક્યાં લાગે છે? આ શરીર તે હું... એ શરીર તે હું... શરીર તે હું, એવી પરિણતિનો પુરુષાર્થ કરે છે એવું એને ક્યાં લાગે છે? એવું લાગવા બેસતું નથી એને. સહજ જ થઈ ગયું છે.

જ્ઞાની કહે છે કે તું તપાસ. તો તને ખ્યાલ આવે એવું છે કે તારા પરિણમનમાં શું શું થઈ રહ્યું છે. કેમ થઈ રહ્યું છે? કેવી રીતે થઈ રહ્યું છે? એમાં ઊલટું શું છે? સુલટું શું છે? નુકસાન શું છે? લાભ શું છે? એ બધું જ્ઞાની દર્શાવે છે. જો પોતે જોવે નહિ, દર્શાવે છે છતાં જોવે નહિ તો પોતે માનવા તૈયાર નથી. માનવા તૈયાર નથી. અથવા ઊંધી રીત પકડી છે એ છોડવા તૈયાર નથી. હા પાડશે. કાલે કહ્યું હતું. અમે તો હા પાડીએ છીએ, જય બોલાવીએ છીએ. પણ છતાં એ વાત બીજી છે. એટલેથી પતે એવું નથી.

મુમુક્ષુ :- 'માતાજી' નથી કહેતા? કળા હાથમાં આવી જાય પછી સહજ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક વખત એને બરાબર પ્રયોગમાં આવવું જોઈએ. તો જ ઓઘસંજ્ઞા છૂટે કે મટે. નહિતર ઓઘસંજ્ઞા મટે નહિ.

ધર્મના ક્ષેત્રમાં એક તો જીવ કાં તો લોકસંજ્ઞામાં ફસાય અને કાં તો ઓઘસંજ્ઞામાં ફસાય. કોઈ એવા લોકસંજ્ઞાથી છૂટીને, કે ના ના આપણે તો આત્માનું જ કરવું છે. લોકોનું કાંઈ આપણે ગણવું નથી, જોવું નથી લોકોની સામે. એ પાછા ઓઘસંજ્ઞામાં જો ફસાય તો પણ એ માર્ગ ઉપર આવી શકતા નથી. ત્યાંથી પણ નીકળવું જોઈએ. અને તે યથાર્થ કાર્યપદ્ધતિ હોય તો જ નીકળી શકાય. નહિતર નીકળી શકે એવું નથી.

પ્રથમ શુદ્ધોપયોગ થયો જ્ઞાનીને એ શુદ્ધોપયોગ જ્ઞાયકના ભાવભાસનથી ઊપજેલા મહિમાથી અને અત્યંત રસના ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલો એવો શુદ્ધોપયોગ છે. એટલો

તીવ્ર રસ રેડ્યો છે સ્વભાવનો, જ્ઞાનદશા પ્રગટ થવા અર્થે પ્રથમ જ પૂર્વે એટલો રસ એ જ્ઞાનીએ રેડ્યો છે કે શુદ્ધોપયોગ છૂટ્યા પછી એની દશા સહજ પરિણતિએ વર્ત્યા કરે છે.

મુમુક્ષુ :- એ રસનું ફળ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ રસ પછી ચાલુ રહે છે. કેમ કે જ્ઞાની વિરુદ્ધ રસમાં જતા નથી. એટલા જાગૃત છે કે શરીર તે હું, સંયોગ તે હું, રાગ તે હું એવા વિરુદ્ધ રસમાં જતા નથી. કેમ જતા નથી? કે સ્વભાવરસમાં સુખ છે અને વિભાવરસમાં દુઃખ છે.

અગ્નિ અને બરફ. ઉનાળો છે ને? કાળો ઉનાળો એમ કહેવાય છે. ધોમધખતો હોય અને બરફ હોય. સહેજે ગરમીમાંથી છૂટીને ઠંડીમાં જીવ ખસે છે. ગરમી તરફથી ખસીને ઠંડી તરફ આવે છે. એમાં અનુકૂળતા-પ્રતિકૂળતા અને સુખ-દુઃખનો પ્રકાર હોવાથી એમ થવું જેમ સહજ છે, એમ જ્ઞાનીને વિભાવનું દુઃખ સહજ છે અને સ્વભાવનું સુખ પણ સહજ છે. એટલે વિભાવ તરફથી ખસવાનો અને સ્વભાવ પ્રત્યે પ્રવર્તવાનો પુરુષાર્થ સહજ જ થાય છે. અને તેથી એમની એ પરિણતિ છે એ જળવાય રહે છે. પરિણતિ ટકી રહે છે, પરિણતિમાં વૃદ્ધિ થાય છે પોતાના શુદ્ધભાવની, સ્વભાવભાવની. એનું કારણ પુરુષાર્થ છે.

આમ જ્ઞાની અને અજ્ઞાની બંનેની સમીક્ષા કરી. સામે સામે બે લઈને. વિશેષ આ પ્રકાર છે સમજવાનો આ. જેને અનુભવપદ્ધતિથી સમજવું છે એને તો જ્ઞાની એમ કહે છે કે તારું ઊલટું પરિણમન છે એના ઉપરથી સુલટા પરિણમનને તું સમજી શકે એવું છે. સુખનો તને અનુભવ નથી થયો, પણ દુઃખનો તો તને અનુભવ છે કે નહિ? દુઃખનો અભાવ અથવા દુઃખથી ઊલટું તે સુખ. જેમ અહીંયાં પરિણતિ. એવી જ રીતે પુરુષાર્થ છે, રુચિ છે, જ્ઞાન છે, શ્રદ્ધાન છે એ બધાના પરિણમનને ઊલટા ઉપરથી એની સૂલટી દશાને સમજી શકાય છે. અનુભવગોચરપણે, અનુભવ પદ્ધતિથી એને સમજી શકાય છે. અને એ સમજવાની યથાર્થ પદ્ધતિ છે. કે જેનાથી ઓઘસંજ્ઞા છૂટે અને ભાવભાસન થાય. ૩૬૨ થયો.

**મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે; ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે; અતીન્દ્રિય આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે. સમરસમય અચિંત્ય દશા છે! ૩૬૩.**

૩૬૩. '**મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે;...**' મુનિદશાનું વર્ણન છે. વિશેષતા છે, પૂજ્ય બહેનશ્રીના વચનોની આ વિષયની વિશેષતા છે. વર્તમાનમાં આવા ભાવલિંગી મુનિના દર્શન નહિ હોવા છતાં. વર્તમાનમાં આવા ભાવલિંગી મુનિના દર્શન છે નહિ. 'ગુરુદેવ' તો બહુ એ વિષયની અંદર લાગણીવશ થઈ જતાં. અરેરે..! કોઈ ભાવલિંગી મુનિ નથી, જેના દર્શન કરીએ, એના પગના તળીયા ચાટીએ. એમ કહેતા. એમ કહેતા પોતે. સંતોનો વિરહ અને વિયોગ, એવી લાગણીમાં આવતા હતા. કેમ કે એમના વચનો જોયા, એ વચનોમાં રહેલો વીતરાગરસ એનું માપ આવ્યું, એનો ભાવ ભાસ્યો. તો સાક્ષાત્ એ રસની પરિણમન સહિતની મૂર્તિ કેવી હશે એના પર ધ્યાન જવું એ બહુ સ્વભાવિક છે. સહેજે જાય.

જેમ અજ્ઞાનીને એમ લાગે કે જો કોઈ એને જ્ઞાનદશા પ્રાપ્ત કરવાની અભિલાષા જાગૃત થાય પ્રથમ જ. First thought જેને કહેવામાં આવે છે કે આવા કોઈ જ્ઞાનદશાવાળા જ્ઞાની હોય ખરા? તો એના ચરણોમાં હું જાઉં. આ પહેલો વિચાર એને આવે. એમ જ્ઞાનીને આવો વિચાર આવ્યા વિના રહેતો નથી. જો એ આચાર્યોના આગમ અને પરમાગમ જોવે અને એમાં જ અધ્યાત્મરસનો પ્રવાહ જોવે, વચનોથી. ભલે સેંકડો-હજારો વર્ષ પહેલા થયા હોય પણ એમાં જે અધ્યાત્મરસ જોવે, ત્યારે એને એમ થાય કે આવા કોઈ સંત હોય તો એના ચરણમાં હું નિવાસ કરું. જ્ઞાનીને એમ થાય. જેમ આત્માર્થી અજ્ઞાનીને એમ થાય, એમ જ્ઞાનીને આમ થાય છે. એ પ્રકાર 'ગુરુદેવશ્રી'ના પ્રવચનોમાં તો પ્રત્યક્ષ સાંભળવા અને જોવા મળેલો.

એમ અત્યારે આવા ભાવલિંગી સંત મુનિરાજની, આચાર્યોની વિદ્યમાનતા નહિ હોવા છતાં આબેહુબ સામે એના દર્શન કરીને, એની પરિણતિના દર્શન કરીને એનો ચિતાર્થ ચિતરતા હોય એવું ભાવલિંગી મુનિનું ભક્તિયુક્ત, મહિમાયુક્ત વર્ણન આવ્યું છે.

'આગ્રા'ની પહેલી શિબિરમાં ત્યાંનો સંપ્રદાયનો સમાજ સાંભળવા ઘણો આવતો હતો. ઘણાં માણસો આવતા હતા. એ લોકો એમ માને છે કે 'કાનજીસ્વામી'ના ભક્તો છે એ મુનિઓને માનતા નથી અને અમે બધા મુનિભક્તો છીએ. એ ભલે 'કાનજીસ્વામી'ના ભક્તો હોય, વસ્ત્રધારીના. અમે તો દિગંબર મુનિના ભક્તો છીએ. કુદરતી શું કર્યું ત્યાં મંડપની અંદર કે મુનિદશાની મહિમાવાળા જે બોલ છે 'બહેનશ્રી'ના એના ચાકળા બનાવીને લગાવેલા. પછી એક એક ચાકળા ઉપર વાંચન ચાલુ કર્યું. લોકો એમ માનતા હોય સંપ્રદાયમાં કે આ મુનિને માનતા નથી. પણ મુનિની આવી ભક્તિ હોય તો કોઈ આવો સામે. આવી મુનિભક્તિ કરનાર કોઈ હોય તો આવો સામે. આવા ભાવ એની પાસે ક્યાંથી હોય? એ તો સ્વરૂપને ઓળખતા નથી. એ

તો ઓઘસંજ્ઞાએ સંપ્રદાયબુદ્ધિથી માને છે. એમાં આવી ભક્તિ આવે નહિ. બહુ રસથી સાંભળતા લોકો. બહુ રસથી આ વિષય સાંભળતા તે દિવસે લોકો. સંપ્રદાયના માણસો આવતા. બહુ રસથી સાંભળતા. આ લોકોમાં આવી બધી વાતો છે! આપણે તો એમ માનીએ છીએ. અથવા એ જાતની અફવાઓ ચાલે છે સમાજમાં. લોકો દૂર રહે સાચી વાતથી એટલે અફવાઓ ચલાવવી એ એક સામાન્ય પદ્ધતિ થઈ ગઈ છે.

મુમુક્ષુ :- એકનું સો કરી નાખે અફવામાં તો.

પૂજ્ય ભાઈશ્રી :- અરે..! કાંઈ ન હોય ને સો કરી નાખે. એક હોય અને સો કરે ત્યાં સુધી તો હજી કાંઈક આપણે એના ટકા રાખીએ. એક ટકો તો છે વાત. કાંઈ ન હોય. મુનિને માનતા જ નથી એમ કહી દે. મૂળમાંથી આ લોકો મુનિને માનતા જ નથી. જે આપણા ગુરુને ન માને એને આપણે આપણા સંપ્રદાયવાળા સ્વીકારવા કેમ? એને Boycott રાખો. આપણા સંપ્રદાયમાં નહિ. એ ભલે એને દિગંબર કહેવડાવે. આપણે એને દિગંબર તરીકે માનવા નહિ. ભાઈ! આ કાંઈ નાત-જાત અને સંસ્થાનો વિષય નથી.

ઈંદોરમાં એકવાર સંમેલન ભરાણું. દિગંબર પંડિતો અને શેઠિયાઓ (ભેગા થયા). 'ગુરુદેવશ્રી'ની ઉપસ્થિતિમાં. પછી પેપરમાં વાત આવે. તો એમાં એ વાત આવી કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરી શકે એમ માને તે દિગંબર નહિ. એમ નક્કી કરો આપણે. ઠરાવ કરો. આ સભાની અંદર એક એવો ઠરાવ કરો કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરે એને દિગંબર તરીકે સ્વીકારવા નહિ. હવે એને ખબર નથી કે 'કુંદકુંદાચાર્ય'ને પહેલા બાદ કરવા પડશે આમાંથી. 'સમયસાર'ની અંદર 'કુંદકુંદાચાર્ય'નું આ નિરૂપણ છે. 'કુંદકુંદાચાર્ય'ની આમ્નાય છે. 'કુંદકુંદ આમ્નાય'. એ 'કુંદકુંદ આમ્નાય'વાળા છે. 'કુંદકુંદ'? તો કહે દિગંબરની નહિ. ઠીક! એક વ્યક્તિગત દ્વેષને લીધે કેટલો મહાન અપરાધ થાય છે એ જીવના ધ્યાનમાં આવતું નથી. આ એક બધા તબક્કે સમજવા જેવો વિષય છે.

કોઈ .. કરી દે તો એનો એ સ્વીકાર કરતા નથી. કરવું, કરાવવું અને અનુમોદવું. અત્યારે જે મકાનમાં રહે છે એમાં અનુમોદનની કોટી તૂટે છે. નવ કોટીમાંથી અનુમોદનની કોટી. અમે કર્યું નથી, અમે આ મકાન કરાવ્યું નથી. પણ અમારા રહેવા માટે આ છે. અહીંયાં મુનિઓને ઉતારો આપવામાં, આશ્રય આપવામાં આવે છે. એમાં અનુમોદન થઈ જાય છે. એક કોટી તૂટે તો નવેય કોટી તૂટે. મનથી, વચનથી, કાયાથી, કરવું, કરાવવું અને અનુમોદવું. આપસમાં ગુણો તો ત્રણ તેરીને નવ થાય. એક કોટી તૂટે તો નવે નવ કોટી તૂટી જાય.

મુમુક્ષુ :- મુનિરાજ નિમિત્તે, આહાર-વિહાર નિમિત્તે ... એ અનુચિત કહેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. એની સાથે જે લઈ જાય છે એ ને?

મુમુક્ષુ :- ભંડાર રાખે. આ મુનિરાજને આહારદાન આપવા માટે પેટી છે એમાં નાખે.

પૂજ્ય ભાઈશ્રી :- અપરાધ છે. કરવું અને કરાવવું બેય અપરાધ છે. એના નિમિત્તે .... કરનારનો અપરાધ. એમાં પૈસા નાખે એ પૈસા નાખનારનો અપરાધ. કાંઈ થાય નહિ. માર્ગ જવાબદારીનો છે. એમ ને એમ ઘેટાની જેમ ચાલ્યો જાય કે ફલાણાં કરે છે માટે આપણે કરો. એમ નથી. બહુ જવાબદારી છે. એક એક કાર્યની જવાબદારી છે. વ્યવહારના એક એક કાર્યની જવાબદારી છે. નિશ્ચયની તો વાત જુદી છે આખી, પણ વ્યવહારના પ્રત્યેક કાર્યની જવાબદારી છે. કેમ કે એને નિશ્ચય સાથે અપેક્ષિત સંબંધ છે. વ્યવહાર નિશ્ચય સાપેક્ષ છે એટલે. શ્વેતાબંરમાં તો શું છે કે તત્ત્વની વિચારણા જ રહી નથી. જોકે દિગંબરમાં પણ અત્યારે તો તત્ત્વની વિચારણા નથી.

મુમુક્ષુ :- અમારામાં પણ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અત્યારે તો તમારામાં પણ નથી. તત્ત્વની વિચારણા નથી રહી. એ 'ગુરુદેવ'ની દેન છે બહુ મોટી કે એક એક વાતના ખુલાસા, એક એક વાતના. જોઈને પગલું ભરવાની વાત છે. બાકી તો બધે અંધારું, ઘોર અંધારુ છે.

મુમુક્ષુ :- લોકોને એમ લાગે કે મુનિની ભક્તિ કરીએ છીએ. પૈસાની અર્પણતા કરીને મુનિની ભક્તિ કરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભક્તિ નથી કરતા પણ અભક્તિ કરે છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વનું મોટું પાપ.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વની વિરાધનાને દૃઢ કરે છે. વિરાધનાને દૃઢ કરે છે. એ તો એવું જ છે. દાન તો સાધન કહ્યું છે. બધા બાહ્ય પરિણામને સાધન કહ્યા છે. એ સાધન નથી, ખરેખર તો બાધક છે. જો સમ્યક્‌સહિત હોય તો ચારિત્રમોહમાં બાધક છે અને નહિતર દર્શનમોહ સહિતમાં બાધક છે. રાગમાં તો બેય બાધક જ છે. સમજણ ન હોય તો દર્શનમોહ સહિત અનંતાનુબંધી સહિત બંધાય. નહિતર ચારિત્રમોહને તો બાંધે જ બાંધે. રાગ માત્ર .. જે જે બાહ્ય સાધન કહ્યા છે એ નિશ્ચયથી બાધક છે.

મુમુક્ષુ :- મુનિરાજને કાંઈ સગવડતા ન હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- સગવડતાનો પ્રશ્ન જ નથી મુનિને. સગવડતા-અગવડતા હોય

તો મુનિપણું લીધું શું કરવા? ઘરે શું ખોટું હતું? ઘરે બધી સગવડતા જળવાઈ રહેચ. દીકરા હોય, ઘરે કુટુંબ હોય, પરિવાર હોય બધી સગવડ સાચવે એની. ઘરે બેસવું હતું, સગવડ સાચવવી હોય તો.

મુમુક્ષુ :- શ્રાવકો ..

પૂજ્ય ભાઈશ્રી :- શ્રાવકોના તો ઠેકાણા છે નહિ. શ્રાવકોના ઠેકાણા નથી. એવા શ્રાવકમાંથી પણ જશે આ તો. આ તો શ્રાવકમાંથી પણ જશે. મુનિની પ્રતિજ્ઞા લે અને મુનિપણું તોડે તો એ શ્રાવકથી ઊંચો છે એવું છે કાંઈ? શ્રાવકથી નીચો છે. પ્રતિજ્ઞા લઈને તોડવી એ મોટો અપરાધ છે. એના કરતાં તો-પ્રતિજ્ઞા નહિ લેવા કરતાં. શાસ્ત્રમાં આ વિધાન છે કે તમે મુનિ દીક્ષાની પ્રતિજ્ઞા ન લ્યો એનો વાંધો નથી એટલો, જેટલો વાંધો તમે લઈને એનો ભંગ કરો એનો છે. એમ છે.

મુમુક્ષુ :- મુનિપણું મૂકાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- એને આત્માનું હિત નજર સામે નથી. બીજું કાંઈક નજર સામે છે. શું બીજું નજર સામે છે? કે આ રોટલા-પાણી અને માન-સન્માન જળવાઈ રહે. સગવડતાઓ સચવાઈ રહે. આ નજર છે એની. એને આત્માની નજર નથી. મારા આત્માનું શું થાય છે એની એને ખબર નથી. એમ છે ખરેખર.

જેમ દુકાનદારને એના નફા ઉપર નજર છે. શેના ઉપર નજર છે? ઘરાક ઉપર નજર છે? કે ભાઈ, આ ઘરાક છે એ રૂપાળો છે અને આ ઘરાક છે એ કાણોકુબડો છે. કાણોકૂબડો હોય કે વગર કાણોકૂબડો હોય, એને દસ હજારનો વકરો કરાવે તો ઈ એના માટે એ સારામાં સારો છે. આ મેલો-ઘેલો છે અને આ સ્વચ્છ કપડા પહેરીને આવ્યો છે. ઘરાકની સામે જોવે છે? એ તો એના નફા સામું જોવે છે. એમ આ એના સામું જોવે છે. દુકાનદાર થઈ ગયા, બીજું કાંઈ નહિ.

આગ્રામાં એક ભાઈ મળ્યા હતા. ઓલા 'મહેતાજી'. વિચિક્ષણ માણસ હતો. દેખાવમાં બહુ સાધારણ લાગતો હતો. એક દિવસ વાંચન પૂરું થયું એટલે મને કહે કે પાંચ-દસ મિનિટ કામ છે એક બાજુ આવોને. સાથે બેસીને દસ મિનિટ વાત કરવી છે. દસ મિનિટ ક્યારે આપશો? અત્યારે જ તે. ક્યારે શું ? .... જઈને બેઠા. ઓળખાણ આપી. લાલબહાદુર શાસ્ત્રી સાથે એનો ઘણો પરિચય હતો. આજે એના કુટુંબ સાથે પરિચય છે. જરા બુદ્ધિવાળો માણસ હતો. દેખાવ એવો નહોતો. પણ બુદ્ધિવાળો હતો. મને કહે, બધે દુકાનદારી ચાલે છે. પંડિતો રોટલા માટે પ્રવચન કરે છે. શું કીધું એણે? પંડિત તરીકે પ્રવચન કરતા હોય. પંડિતો રોટલા માટે પ્રવચન કરે છે. હું તો બહુ ફર્યો છું. ઘણું જોયું છે. હતો દિગંબર. દિગંબર સંપ્રદાયમાં નહિ,

એને કોઈમાં વિશ્વાસ ન આવે. બધે રખડ્યો છું. અન્યમતમાં બધે, વેદાંતમાં, આમા-તેમાં બધે જઈ આવ્યો છું. બધે દુકાનદારી ચાલે છે. ધર્મના નામે બધે દુકાનદારી ચાલે છે. વાત તો તમારી સાચી છે પણ હવે અહીંયાં તપાસ કરજો. કીધું. આ જે જગ્યાએ અત્યારે તમે આવ્યા છો આ જગ્યાએ તપાસ કરજો કે અહીંયાં દુકાનદારી ચાલે છે કે નહિ? એમ તો ન કહેવાય કે પહેલા મારી તપાસ કરજો. ચમક્યો. કીધું, તમે જ્યાં આવ્યા છો ત્યાં તપાસ કરો. વાત તમારી સાચી છે. મારો પણ તમારા જેવો જ અભિમત છે. પણ હવે એક અહીંયાં તપાસ કરજો. અહીંયાં દુકાનદારી છે કે નહિ? દુકાનદારી છે ત્યાં સમર્પણ નથી અને સમર્પણ છે ત્યાં દુકાનદારી નથી. (આપણા એક મુમુક્ષુનું) તો મોટું સમર્પણ છે. એને તો ખ્યાલ છે કે આ માણસે ઘણું સાહસ કર્યું છે. અહીંયાં તમે તપાસ કરજો બરાબર. પછી તો બે-ત્રણ વખત બેઠા.

અહીં તો જુદી પડે એવી વાત છે. એટલા સરવાળામાં તો આવ્યો. આવવું જ છે મારે. મારે 'સોનગઢ' આવવું છે. 'ભાવનગર' આવું છે મારે. મારે આવવું છે. મેં કીધું, આ તમારા મિત્રને સાથે લેતા આવજો. (એ મુમુક્ષુને) કીધું, આને લેતા આવજો. એ કહે, અમારા આગ્રામાં એક માણસ બદલે (તો) સમાજ ઉપર બહુ મોટી અસર થાય એવું છે. સમાજમાં બહુ મોટો ફેરફાર થાય એવું છે. એને જે કાંઈ એને શંકા-કુશંકા-આશંકા જે કાંઈ હોય એ, જેટલા પ્રશ્નો હોય એ લાવે. ઘણા પ્રશ્નો કર્યા. એક પ્રશ્ન એવો કર્યો કે વૈષ્ણવમાંથી આવ્યા છો તો આ સાચું છે એમ કેમ માન્યું? દરેક પોતાનું સાચું કહે છે. એમ જૈનો એનું સાચું કહે. ભગવાન મહાવીર સાચું કહે છે એ તમે શું કરવા માની લીધું? એવો પણ પ્રશ્ન કર્યો એણે. પરીક્ષાબુદ્ધિવાળો માણસ હતો. એને બધા જવાબ દીધા. મને કહે, હવે મારે આવવું છે ત્યાં. જરૂર આવો. કોણ ના પાડે છે, આવો ખુશીથી. એવું છે.

અત્યારે જે સંપ્રદાયના મુનિ છે એની ટીકા કરે તો માણસને દુઃખ લાગે. એટલે એ દિશામાં ન જવું જોઈએ. ટીકા કરવાનો સમય નથી. પણ સાચું સ્વરૂપ શું છે એ સમજી અને ખોટું છોડી દે માણસ તો પણ એને પોતા પૂરતો તો દોષમાંથી બચી જાય. દુનિયાનું દુનિયા જાણે, જગતનું જગત જાણે. પણ સાચું-ખોટું પરીક્ષા કરીને નક્કી કરે. પોતાના પક્ષમાંથી વિમુક્ત થાય. સાચું ગ્રહણ કરે તો એને .. પ્રયોજનનો વિષય છે. એ નુકસાનથી બચી જાય. એટલી વાત છે.

મુમુક્ષુ :- .. આપણે આપણા ....

પૂજ્ય ભાઈશ્રી :- ... એ કલ્પના ખોટી છે. એમાં એક એટલું પ્રયોજન સિદ્ધ

કરવા માટે એ મુનિઓને મુનિ તરીકે માનવાનું ગ્રહીત મિથ્યાત્વને કેવી રીતે તમે છોડી શકશો? તો એમ કહો તમે કે અમે મુનિ તરીકે નથી માનતા. આ તો આટલો અમારો સ્વાર્થ છે એટલે જ માનીએ છીએ. એટલું ચોખ્ખું કરો. માયાચાર નહિ કરો તમે. અમારે તો આટલું જ પ્રયોજન છે. તમને અમારે ત્યાં લાવવા માટેનું આટલું જ પ્રયોજન છે. બાકી અમે કોઈને મુનિ તરીકે સપનામાં પણ માનતા નથી. કહો જોઈ. એની આંખ કેવી ફરે છે એ ખબર પડે. ... શાસ્ત્રો ન બાળતા હોય અને નાશ કરતા હોય તો એ કરાવે. જો આટલું તમે કહો તો.

આ વાત જો તમે સ્પષ્ટ કરો કે જે ગુરુનો અમારા ઉપર ઉપકાર છે, જે સ્વામીજીનો ઉપકાર છે એ અનુસાર અમારા સિદ્ધાંતમાં કાંઈ ફેર નથી. અમે કોઈને દ્રવ્યલિંગી પણ માનતા નથી. ભાવલિંગી તો નહિ પણ દ્રવ્યલિંગી પણ માનતા નથી. એટલું સ્પષ્ટ કરીને ચાલો. જેમ કોઈ કહે છે, એક પ્રશ્ન આપણે શરૂઆતમાં આવતો હતો જ્યારે 'ગુરુદેવ' જુદા પડ્યા ત્યારે. અમે સ્થાનકવાસી છીએ. ઘણા વર્ષ સ્થાનકવાસીમાં રહ્યા છીએ. હવે અમારે ત્યાં વહોરવા આવે તો શું કરવું? અમારે આહાર આપવો કે ન આપવો? આ પ્રશ્ન થતો હતો કે નહિ? ત્યારે આપણે ત્યાં આ સ્પષ્ટીકરણ થતું. મહારાજ! આહાર લેવા આવ્યો છો. આહાર દેવામાં વાંધો નથી પણ અમે મુનિ તરીકે માનતા નથી. આપને એ રીતે સ્વીકાર્ય હોય તો સ્વીકારો. એ રીતે સ્વીકાર્ય ન હોય તો અમારે બીજું કાંઈ કહેવાનું રહેતું નથી. સ્પષ્ટતા કરે. પણ સંપ્રદાયવાળાને એમ તમે જ આહાર આપો. તો બીજા એમ જ માનવાના કે આપણે માનીએ છીએ અને આ પણ માને છે. એનામાં અને આપણામાં કાંઈ ફેર નથી. જો આ માનતા હોય તો આપણે સાચા છીએ. જો આ લોકો આહાર દેતા હોય તો આપણે સાચા જ છીએ એમ એને થઈ જાય. આમાં શું બગડે? કે કોઈ વિદ્વાન હોય, શાસ્ત્રના અભ્યાસી લોકો જ્યારે એને સ્વીકારવા માંડે ત્યારે જે લોકો .. ની અંદર અનુસરવાવાળા હજારો માણસો છે એને તો એમ થાય કે એ સાચું હોય તો જ કરે. માટે આપણે હવે મુનિઓને માનો. અને આજે પરિસ્થિતિ ઊભી થઈ છે કે 'ગુરુદેવ'ને ... ક્ષેત્રમાં નહોતા માનતા હતા એ બધા આહારદાન દેતા અને માનતા થઈ ગયા છે. હમણાં આંટો મારીને આવ્યા. ત્યાં આ પરિસ્થિતિ ઊભી થઈ છે. ... મુનિ તરીકે માનતા થઈ ગયા છે. મોટો દોષ એ આવે. અને એની ગૃહીત મિથ્યાત્વની બીજી ૨૫ વાતમાંથી એક વાતને ના નહિ પાડી શકો તમે. જ્યારે આદેશ આપશે, મુનિ તરીકે છે એ તો કે આમ કરવું જોઈએ. પછી કેવી રીતે ના પાડશો? એકવાર તમે સ્વીકાર્યા એને, આદર-સત્કારથી એને બોલાવ્યા. હવે એ કહે કે મારો આ આદેશ છે. શું કરશો?

પચીસ લફરા ઘૂસેલા છે. મોટા ભાગના મુનિઓ વીસપંથી છે. કોઈ શુદ્ધ આમ્નાયના મુનિ ગોતવા મુશ્કેલ છે અત્યારે. દિગંબર મુનિઓમાં કુદેવને સ્થાપન કરવાવાળા, કરાવવાળા મોટાભાગના મુનિઓ છે. દોઢસો-બસ્સો મુનિઓમાં મોટા ભાગના તો વીસપંથી છે. આજે સંપ્રદાયમાં વીસપંથી મુનિઓનું જોર છે. શું દશા થાય?

મુમુક્ષુ :- વીસપંથી એટલે શું? પદ્માવતી ક્ષેત્રપાળને...

પૂજ્ય ભાઈશ્રી :- પદ્માવતી ક્ષેત્રપાળ કુદેવ-દેવીઓને બેસાડવાવાળા. આ તો એક અમારે ત્યાં એક પ્રશ્ન ઉપસ્થિત થયેલો છે. ભાઈએ સમજીને પ્રશ્ન કરેલો છે. સામાજિક પ્રશ્ન છે જરા. પણ થોડોક આપણી શ્રદ્ધાને સ્પર્શતો વિષય છે આ.

'ગુરુદેવે' પહેલી જે મુખ્ય વાત કરી છે એ શ્રદ્ધાના દોષને બચાવવાની. તારા શ્રદ્ધાના દોષથી બચીને જે કરવું હોય એ કર. શ્રદ્ધામાં આભડછેટ લાગે અને શાસ્ત્ર બચાવવા જઈશ, શાસ્ત્ર નહિ બચે તારા. ઊલટાના શાસ્ત્ર બધા હોમાઈ જશે. પરિસ્થિતિ એ ઊભી થશે. આગળ સરવાળો શું આવશે? કે બધા શાસ્ત્રો હોમાઈ જશે. કેમ કે એ લોકો તો કુદેવને માનવાવાળા છે. ક્યાંથી તમારી સલામતી રહેવાની હતી? એમાં ગયા પછી તમે કેટલા અને એ કેટલા? તમારી સલામતી ક્યાંથી રહેવાની હતી? દૂર રહો. કે ભાઈ ! અમારું જુદું. અમે અમારી રીતે રહેશું. તો તો તમે સુરક્ષિત છો. ઊંધા ગયા પછી તો ખલાસ થઈ ગઈ વાત.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ હયાતીમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સીધી વાત છે. એ પ્રશ્ન તો ઉપસ્થિતિમાં એક પ્રકાર બની ગયો. .... હતો. છતાં આ પ્રયોગ કોઈએ કર્યો નથી આપણે ત્યાં. જે પ્રયોગ અત્યારે થયો છે એ પ્રયોગ કર્યો નથી. નહિતર તો કાંઈ ખ્યાલમાં આવ્યા વગર ન રહે. 'ગુરુદેવ'ને ખ્યાલમાં આવી જાય. આપણે આમ કરો, આપણે આમ કરો. કે નહિ. આમાં કોઈ દ્રવ્યલિંગી પણ નથી. બેધડક. આમાં કોઈ દ્રવ્યલિંગી નથી. એમ પ્રશ્ન ઉપસ્થિત ...

મુમુક્ષુ :- આમાં તો ઘણા મુનિઓના....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો બધું ગડબડ ઘણી બહુ મોટી છે. દિગંબર મુનિઓમાં શ્વેતાંબર જેવી બધી ગડબડો થઈ ગઈ છે. બહુ મોટી ગડબડ. એ બધું કાદવની કોઠી ઉલેચવા જેવો વિષય થઈ જાય છે. ઘણી મોટી ગડબડ છે. એમાં તું લપસ્યો, ગયો સમજી લ્યો. લપસવા જેવું નથી. કોઈ ગમે તે કરે. આપણી જાત આપણે સંભાળવાની છે.

**'મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે;...'**

આશ્ચર્યકારી ઋદ્ધિ છે. કેવી છે અંદરમાં ઋદ્ધિઓ, ચૈતન્યની ઋદ્ધિઓ? આશ્ચર્યકારી ઋદ્ધિઓ છે. જેના વર્ણન કરવા માટે જ્ઞાનીઓને શબ્દો મળતા નથી. એમ કહીને છોડી દેવું પડે છે કે આ આશ્ચર્યકારી ઋદ્ધિ છે. એમ કહીને છોડી દેવું પડે છે. શબ્દ નથી. એવા '**ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે;...**' આત્માના અસંખ્ય પ્રદેશમાં અનંત આનંદ અને અનંત શાંતિ ભરેલો છે. અને જેમાંથી પ્રવાહ ચાલુ થઈ ગયો છે. શાંતિના ફૂવારામાં બેઠા છે. જેમ કોઈ બળબળતા તડકામાં ઠંડા પાણીના ફૂવારામાં બેસે અને ઊભા થવાનું મન થાય નહિ. એમ છે.

'**ચૈતન્ય મહેલમાં નિવાસ કરે છે; ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે;...**' કેટલું જોવાનું છે? અનંત પ્રકારનું જોવાનું છે. કુતૂહલ પણ જીવે કર્યું નથી. બહારમાં પુદ્ગલને જોવા માટે કુતુહલ કરે છે. કે આ કેવું? ફૂલ કેવું? ફલાણું કેવું? આ કેવું? તે કેવું? અનેક જાતના પાંચ ઇન્દ્રિયોની વિધવિધતાના અનેક વિષયો છે એમાં કુતુહલ કરે છે. અરે..! ઘરમાં એક નાનું બાળક તોતડું બોલતું હોય તો એનું પણ કુતૂહલ કરે છે. મમત્વ છે એને એને? નાનું બાળક તોતડું બોલતા શીખે તો એનું કુતુહલ કરે છે કે લે આ તો આવું બોલે છે! એની ભાષા એને મીઠી લાગે છે. મમત્વ છે ને એટલે મીઠાશ લાગે છે. અહીંયાં કહે છે કે એવો પરમ પ્રેમ અને એવી પ્રીતિ તને શ્રીગુરુના વચન ઉપર આવે છે? પરમ પ્રેમ અને પરમ પ્રીતિથી જે દિ' શ્રીગુરુના વચન સાંભળીશ, તે દિ' તારું અંતર ભેદાયા વિના રહેશે નહિ. અને એ સ્થિતિએ નહિ સાંભળ ત્યાં સુધી તારું અંતર ભેદાઈને પરિણમન થાય, ગ્રંથિભેદ થાય એ બની શકે એવું નથી.

'**ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે;...**' ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે. એક, બે, પાંચ, પચ્ચીસ ચીજ જોવાની નથી એમ કહે છે. અનંત પ્રકારનું જોવાનું છે. પણ અંદર ડોક્યું મારે તો એને સમજાય એવું છે. ભાષાનો વિષય નથી. છે ખરું. જે ચક્રવર્તીઓને પાંચ ઇન્દ્રિયોના વિષયની કોઈ ખામી નહોતી. એણે એવું તે શું જોયું કે સહજ માત્રમાં ત્યાંથી નીકળી પડ્યા? જરાય કષ્ટ નથી થયું. દુઃખ નથી લાગ્યું કે મારે આ છોડવું પડે છે એ વાત નથી. રહેવું પડે છે એનું દુઃખ થયું હતું. ચૈતન્યની ઋદ્ધિને જોવા માટે બહારના રાજમાં અને મહેલમાં રહેવું પડે એનું દુઃખ હતું. એ દુઃખથી છૂટીને સુખમાં ગયા છે. સુખથી છૂટીને દુઃખમાં નથી ગયા.

એવું '**ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું...**' જંગલમાં બેસીને ચોવીસે કલાક અવલોકન કરે છે. અંદર અવલોકન કરે છે. જોયા જ કરે છે... જોયા જ

કરે છે. 'સોગાનીજી'ને કોઈએ પ્રશ્ન પૂછ્યો હતો. ભક્તિ-બક્તિમાં નહિ આવ્યા હોય 'સોનગઢ'માં. તો કહે, આપ ભક્તિમાં નહોતા આવ્યા? તો કહે, ના ના નહોતો આવ્યો. તો તમે ચોવીસે કલાક કાંઈ આત્માના નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં રહો છો તો ભક્તિમાં નથી આવતા? ઠપકાની દૃષ્ટિએ કીધું. જરાક વાત ચાલી ગઈ. ચોવીસ કલાક શુદ્ધોપયોગ તો નથી રહેતો. એટલે શુભોપયોગ રહે છે. ભલે તત્ત્વ ચિંતન રહેતું હોય. તો પછી ભક્તિમાં આવવું જોઈએ ને? ભક્તિમાં તમે જઈને શું કર્યું? તમને શું ઉપયોગ થયો? અહીંયાં એમ કે તત્ત્વચર્ચામાં બેઠેલા. તત્ત્વચર્ચામાં શું થાય છે? શુભોપયોગ થાય છે. શું થાય છે? ઓલા શુભોપયોગની ગણતરી છે અને આ શુભોપયોગની ગણતરી નથી. પણ ધ્યાનમાં બેસે તો એમ કહે, કે ભાઈ! કલાકો સુધી ધ્યાનમાં બેસો છો તો પણ નિર્વિકલ્પ ઉપયોગ તો એક ક્ષણમાત્ર નથી. સેકન્ડનો ભાગ છે. એટલું બધું બેસીને શું કરવાનું ? કે જ્ઞાતા-દૃષ્ટા થઈને ચૈતન્યને નિહાળવાનું કામ છે. નિજ ચૈતન્યને પણ વીતરાગભાવે નિહાળવાની વાત છે. રાગભાવે નહિ. એમ છે. વીતરાગભાવ. 'દીપચંદજી'એ એક જગ્યાએ વાત કરી છે. 'વીતરાગભાવે તારા સ્વરૂપનું અવલોકન કર.' વીતરાગભાવથી. એ પણ વીતરાગભાવથી.

એમ '**ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે...**' અનંત અજાયબીઓ છે એમ કહેવું છે. અનંત આશ્ચર્યકારી અજાયબીઓ છે એને જોવાની છે, તેનું અવલોકન કર. એમણે જવાબ દીધો કે શુદ્ધોપયોગ તો ક્યારેક આવે. જેટલી વાર ધ્યાનમાં બેસે એટલી વાર આવે જ એવો કાંઈ નિયમ નથી. અને આવે તો ક્ષણ પૂરતો હોય. તો શું કે અવલોકન ચાલે છે. નિજ સ્વરૂપનું અવલોકન ચાલે છે. અને જે પરિણામના ખેલ છે. એમને તો મિશ્ર પરિણામ છે સાધકને, એ પણ જ્ઞાતાદૃષ્ટા-તમાસગીર થઈને જોવે છે. પરિણામના નાટકન જોવે છે. 'નાટક સમયસાર' પડ્યું એના ઉપરથી. એના ઉપરથી 'નાટક સમયસાર' પડ્યું છે. એકલું કાંઈ જોવે છે કે બીજું કાંઈ થાય છે?

એ ચૈતન્યનું અવલોકન કરતાં, ચૈતન્ય સ્વભાવનું અવલોકન કરતાં ચૈતન્યરસ વૃદ્ધિગત થાય છે. એ રીતે ચૈતન્ય પરિણતિની કેળવણી થાય છે એની અંદર. પણ એ અંતરંગનો વિષય છે. બહુભાગ જ્ઞાની એ વાતને ખોલતા નથી. કેમ કે પોતાના ઉપર આવે છે એટલે. પણ ખરેખર તો એમ છે કે એ પોતાની ચૈતન્ય પરિણતિને રસથી કેળવે છે.

ભરત ચક્રવર્તીએ છ ખંડના ફેલાવામાં, વિસ્તારમાં અને સંયોગોના ઘેરાવામાં. છ ખંડના સંયોગના ઘેરાવામાં ઘેરાઈને રહેલા. એમાં વચ્ચે આ કામ કરતા હતા. શું? ચૈતન્યરસની પરિણતિને કેળવવામાં. એટલી કેળવી... એટલી કેળવી... એટલી કેળવી...

કે જેવી મુનિદશા લીધી કે સીધું કેવળજ્ઞાન પકડ્યું. કેળવણી કેવી કરી હશે? અને છ ખંડમાં રહીને કેવી રીતે કરી હશે! જો સંયોગનો એટલા ઘેરાવામાં રહીને પણ આત્માને કેળવી શકાય છે તો તારે તો કાંઈ નથી. એવું કોઈ નથી તારે કે જેની અંદર તારે ફસાવું પડે એવું કાંઈ છે નહિ. એના પ્રમાણમાં તો કાંઈ ટકાવારી આવે એવું નથી એનું તો.

'**તેનું અવલોકન કરે છે; અતીન્દ્રિય આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે.**' લ્યો ઠીક! 'આનંદામૃત નિત્ય ભોજી'. આનંદ અમૃતના નિત્ય ભોજન કરનારા છે. ભોજી એટલે ભોજન કરનારા. સંસ્કૃત શબ્દ છે ભોજી શબ્દ. આનંદાઅમૃત નિત્ય ભોજી. 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના કળશમાં આવે છે આ વાત. બનતા સુધી નિર્જરાનો કળશ છે. નિર્જરા અધિકારનો. કેવો છે સમ્યગ્દષ્ટિ? કે આનંદાઅમૃત નિત્ય ભોજી. આનંદ અમૃતનું નિત્ય ભોજન કરે છે. અંદરમાં થાળ ભરેલા છે, ભંડાર ભરેલા છે. પીરસેલું તૈયાર છે. બનાવવાની કોઈ ચીજ Preparationની બાકી નથી. તૈયાર છે.

'**અતીન્દ્રિયઆનંદરૂપ સ્વાદિષ્ટ...**' અમૃત જેવું સ્વાદિષ્ટ. કેવું સ્વાદિષ્ટ? અહીં તો એક કેરી સારી નીકળી હોય ને ત્યાં કેરીથી અડધો થઈ જાય. કેરી પાંચ રૂપિયાની હોય તો આ અઢી રૂપિયાનો થઈ જાય. એડધો એટલે. અડધો થઈ જાય એનો અર્થ- અડધો અડધા થઈ જાય નથી કહેતા? કે આને જોવે છે ત્યાં અડધો અડધો થઈ જાય છે.

મુમુક્ષુ :- Double કીંમત આપી.

પૂજ્ય ભાઈશ્રી :- એને Double કીંમત આપી. પોતે અડધો થઈ ગયો. પુદ્‌ગલનો સ્વાદ છે. Second જીભ ઉપર રહેવાની ચીજ છે.

'**તે ભોજન જમે છે.**' આ ખરેખરું આહારદાન પોતે દે છે અને પોતે લે છે. સંપ્રદાન શક્તિ પોતાની અને અપાદાન શક્તિ પણ પોતાની. વીતરાગભાવે સમરસ. સમરસ એટલે વીતરાગભાવે આ ભોજન જમે છે. જમે છે એમાં કાંઈ રાગથી જમે છે એમ નહિ. વીતરાગભાવે આનંદરસને પીએ છે. એવી '**સમરસમય અચિંત્ય દશા છે!**' વિષમરસનો જેમાં અભાવ છે રાગ અને દ્વેષના. વિષમરસનો જેમાં નાશ થઈ ગયો છે. અને એકલો સામ્યરસ છે, જ્ઞાતાદષ્ટાનો સામ્યરસ છે. એવા વીતરાગભાવમય '**અચિંત્યદશા છે!**' અચિંત્ય દશામાં મુનિરાજ પોતાના આનંદના ભોજનને જમીને મસ્ત થઈને રહે છે જંગલમાં. જેમ જંગલમાં સિંહ મસ્ત થઈને પડ્યા હોય. એમ મુનિરાજ પણ જંગલમાં મસ્ત થઈને આત્માની મસ્તીમાં બિરાજે છે. જંગલમાં સિંહની બીક

લાગતી હશે કે ક્યાંકથી શિયાળિયું લઈ આવીને બટકુ ભરી જશે તો? એટલે મુનિરાજને ઉપમા સિંહની આપે છે. શાર્દુલ. હે ભવ્ય શાર્દુલ! શાર્દુલ એટલે સિંહ. શાર્દુલની ઉપમા આપે છે. એવા જેમ કોઈ નિર્ભય થઈ ગયા છે. નિઃશંક અને નિર્ભય થઈ ગયા છે. નિર્ભયતા વગર નિઃસંગતા ટકી શકે એમ નથી. જેઓ જંગલમાં રહેતા નથી તે નિર્ભય નથી એટલે એ નિઃશંક રહી શકતા નથી. એમ છે ખરેખર તો. જંગલમાં રહે તો કેટલો ભય થાય? એ તો જંગલમાં રહે એને એકાદ રાત રહે એને સમજણ પડે એવું છે. અહીં સુધી રાખીએ...

## તા. ૧૩-૦૫-૧૯૮૮, વચનામૃત-૩૬૪
## પ્રવચન નં. ૨૭૮

**ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઊકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્‌ભુત છે, 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું', 'જ્ઞાયક છું' - ઈત્યાદિ ઈત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશાં ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવાયોગ્ય નથી. ૩૬૪.**

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૬૪મો, પાનું-૧૨૯. આ બોલમાં 'ગુરુદેવ' પ્રત્યે ભક્તિ વ્યક્ત કરી છે. ઉપકારી શ્રીગુરુની ભક્તિ કેવી હોય? જેનાથી બોધ પ્રાપ્ત થયો છે, શ્રીગુરુના સાનિધ્યમાં નમ્રતા કેવી હોય? એનો બહુ સુંદર દષ્ટાંત આ બોલમાં એ દષ્ટાંત પૂરું પાડે છે.

**'ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઊકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે.'** 'ગુરદેવશ્રી'એ કોઈ જ્ઞાનીના પ્રત્યક્ષ ઉપદેશના યોગ વિના પોતાના અંતર પુરુષાર્થને સમ્યક્‌પણે પરિણમાવીને... પુરુષાર્થ તો બધા જીવો કરે છે પણ એ પુરુષાર્થનું મૂલ્ય ક્યારે છે? કે જે પુરુષાર્થ આત્માનું હિત સાધે એ પુરુષાર્થની કિંમત છે. બાકી ગમે એટલો પુરુષાર્થ હોય, જીવને નુકસાનનું કારણ થાય છે. આ સિવાયની બધા પ્રકારની પુરુષાર્થની પરિણતિ ઊલ્ટી દિશામાં જાય છે.

શાસ્ત્રોની અંદર શબ્દ પડ્યા છે પણ એ એનું રહસ્ય છે એ શોધવું એ અસાધારણ વસ્તુ છે. એ વિષયમાં સિદ્ધાંત એવો છે કે પૂર્વ સંસ્કારી હોય તે જ જીવ શાસ્ત્રમાંથી રહસ્યને પામી શકે છે. એ સિવાયનો કોઈ જીવ શાસ્ત્રના આધારે એના રહસ્યને પ્રાપ્ત કરે એવું નથી બની શકતું.

છેલ્લા એક સૈકામાં બે મહાપુરુષના આ પ્રસિદ્ધ દષ્ટાંત છે. એક સો વર્ષ પહેલા થઈ ગયેલા 'શ્રીમદ્ રાજચંદ્રદેવ' અને બીજા 'ગુરુદેવ'. એમને કોઈ પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ નહિ હોવા છતાં શાસ્ત્રમાંથી એ રહસ્યોનો ઉકેલ પૂર્વ સંસ્કાર અને વર્તમાન

પુરુષાર્થ બંને સાથે મળીને. પૂર્વ સંસ્કાર હોય પણ જ્યાં સુધી પોતાનો પુરુષાર્થ તથારૂપ યોગ્યતા ધારણ ન કરે ત્યાં સુધી પણ એ સંસ્કાર સંસ્કાર તરીકે કોઈ એની સફળતાને પામતા નથી.

મુમુક્ષુ :- ... તો એ બંને જુદા પંથમાં જન્મેલા અને સત્ય ...

પૂજ્ય ભાઈશ્રી :- છતાં રહસ્ય પકડ્યું. કેમ કે પૂર્વે સંસ્કાર હતા. સત્ય શું છે? એ સત્ય શોધવામાં એ પુરુષાર્થ જાગૃત થયો અને સત્ય સામે આવ્યું. ત્યાં સંસ્કારમાંથી અંકુર ફૂટ્યો. બીજ પડેલું હતું. સંસ્કારનું બીજ પડેલું હતું, એમાંથી આ અંકુર ફૂટ્યો. ક્યારે? કે પોતે શોધતા હતા અને પુરુષાર્થમાં આવ્યા ત્યારે. નહિતર તો જ્યારથી સંસ્કાર લબ્ધ થાય-પ્રાપ્ત થાય ત્યારથી બીજા સમયથી પૂર્વ સંસ્કારનો વિષય ગણાય છે. જે સમયે સંસ્કાર ગ્રહણ કર્યા, પછી જેટલો સમય વ્યતીત થાય એ બધા સમયમાં એ સંસ્કાર પૂર્વ સંસ્કારમાં જાય છે. પણ અમુક સમયે, અમુક કાળે, એની પ્રાપ્તિ છે એ કેમ? કે જ્યારે પોતે પુરુષાર્થ કરીને તૈયાર થાય છે ત્યારે. ત્યાં સુધી નહિ.

'ગુરુદેવશ્રી' પૂર્વ ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં હતા. વિદ્યમાન એવા શ્રી સીમંધર સ્વામીના સમવસરણમાં, જે હજી પણ વિદ્યમાન છે. આવતી ચોવીસીના તેરમા તીર્થંકરના કાળે નિર્વાણને પ્રાપ્ત થશે. એટલું લાંબુ આયુષ્ય છે. એક ક્રોડ પૂર્વનું. એક ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. ત્યાંના આયુષ્ય છે. દિવ્યધ્વનિમાંથી એ સંસ્કાર ઝીલેલા છે. ત્યાં પોતે રાજા છે. રાજપાટ, રાણીઓ અને ભૌતિક વૈભવ હોવા છતાં એમના આત્માને ત્યાં અધ્યાત્મની રુચિ ઘણી હતી. રુચિ થઈ ગઈ. એ રુચિવશ જે શુદ્ધાત્માનો બોધ દિવ્યધ્વનિમાં આવ્યો એ રુચ્યો અને સંસ્કાર ગ્રહણ થયા. પૂર્વ કર્મના યોગે અહીંયાં આવ્યા. એ સીમંધર પરમાત્મા પાસેથી સાંભળીને લખાયેલા શાસ્ત્રો 'કુંદકુંદાચાર્યદેવ'થી એ રહસ્યવાળા શાસ્ત્રો અહીંયાં વિદ્યમાન હતા. 'કુંદકુંદાચાર્ય' ભાવલિંગી સંત હતા પણ છતાં ત્યાં ભગવાનના ઉપદેશને સાંભળીને આવીને શાસ્ત્રો રચ્યા. એટલે એમના શાસ્ત્રોને વિષે અધ્યાત્મનો વિષય ઘણો આવ્યો છે. બહુ ગહન રહસ્ય છે.

વસ્તુના મૂળ સ્વરૂપ સુધી, જે સન્મુખ થઈને મૂળ સ્વરૂપ સુધી પહોંચવાનું થાય છે એ કાર્યની જે પદ્ધતિ છે એ ઘણી ગહન રહી છે. આત્મનઃ તત્ત્વં. 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે કે, આ આત્માનું તત્ત્વ છે. તત્ત્વનું તત્ત્વ છે. એટલે એ ગહન રહસ્ય છે. એમનો ઉકેલ યોગ્યતા હોય તો ... કર્યો કોયડો કોડિનો નહિ એના જેવું છે. એક તિર્યંચ પણ પ્રાપ્ત કરે. એ પૂર્વ સંસ્કાર લઈને ગયો છે. ત્યાં તો શાસ્ત્રનું નિમિત્ત પણ નથી. તિર્યંચના જીવને શાસ્ત્રનું નિમિત્ત નથી. સ્વયંભૂરમણ સમુદ્રમાં અનેક તિર્યંચો છે. અસંખ્ય. અનેક એટલે લાખ, કરોડ, અબજ નહિ અસંખ્ય. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માઓ

તિર્યંચના ખોળિયામાં છે. તિર્યંચનું ખોળિયું હાડકા, ચામડા, માંસ, રુધિર એ કોઈ આત્મા નથી. અંદરનો આત્મા છે એ સમ્યક્ પરિણમી ગયો છે. એમ છે.

દૃષ્ટાંત લેવાનું પ્રયોજન એ છે કે મનુષ્યે વિચાર કરવા જેવો વિષય છે. જ્યાં ઘણી જ્ઞાનની વિચારશક્તિ ઘટી જાય છે, બીડાઈ જાય છે, અલ્પ શક્તિ રહે છે. એવી તિર્યંચદશામાં પણ જે પોતાના આત્માની સન્મુખ થવાના ગહન રહસ્યને પ્રાપ્ત થાય છે, તો મનુષ્યને માટે એ થોડું સુગમ છે. સુગમ ક્યારે? કે પોતે તૈયારી કરે ત્યારે. નહિતર નહિ. નહિતર મનુષ્ય થઈને પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ પાળીને અગિયાર અંગ અને નવ પૂર્વનું અધ્યયન કરીને પણ કોરો રહી જાય. અને એટલું તો અભવિ પણ કરે છે, ભવિ પણ કરે છે. એટલે ગહન રહસ્ય છે એમ કહ્યું.

'**ગહન રહસ્યો ઊકેલીને સત્ય શોધી કાઢ્યું...**' પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો. અને '**આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે.**' પોતે જે સાક્ષાત્કાર કર્યો, જે સ્વરૂપનો અનુભવ કર્યો, જેવી રીતે અનુભવ કર્યો, તે બધું સ્પષ્ટ કરીને મૂક્યું છે. અક્ષરે અક્ષર પોતાના અનુભવથી રહેલું છે. નિમિત્ત-નૈમિત્તક સંબંધ થયો છે પોતાને ઉપદેશનો એટલે પોતાના અનુભવને વ્યક્ત કર્યો છે. જાણે કે '**આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી.**' ખરેખર તો જ્યારે પોતાને ભાવના થઈ ત્યારે સત્યની શોધમાં આવેલા. કદાચ અભિનંદન ગ્રંથમાં એ વિષય બહાર આવશે. પોતાની મુમુક્ષુની ભૂમિકામાં પંડિતજીને પત્રો લખ્યા છે. એ પત્રોની અંદર એમણે આત્માની શોધનો જે પુરુષાર્થ છે એ સ્પષ્ટ વ્યક્ત થયો છે. કદાચ મુમુક્ષુને પ્રેરણા મળે એટલે કદાચ પ્રસિદ્ધ થાય તો થાય. ... થશે. ૭૫મી....

હવે પોતે સત્ય શોધવા નીકળ્યા છે મુમુક્ષુની ભૂમિકામાં. અને યોગાનુયોગે 'ગુરુદેવ'નો યોગ થયો છે. પૂર્વમાં યોગ હતો. અહીંયાં પાછો ફરીને યોગ થયો છે. પૂર્વમાં તો પોતે સાધક અવસ્થામાં આવેલા છે. પાછા ચ્યુત થયેલા છે. ફરીને સાધક અવસ્થામાં પાછો એટલો જ પુરુષાર્થ જરૂરી છે. જેટલો પુરુષાર્થ પહેલો કર્યો છે એટલો જ પુરુષાર્થ અહીંયાં જરૂરી છે. સોનું તો જેટલી વાર જાવ એટલી વાર પૈસા દેવા પડે. એ ખરીદવા જેટલી વાર નાણાવટીને ત્યાં જાવ, એ જેટલું માંગે એટલા પૈસા દેવા પડે. પહેલા લઈ ગયો છું માટે બીજી વખથ મફત આપો એમ કહેવાય? તમારે ત્યાંથી ઘણું સોનું લીધું છે. એક વખત નથી લઈ ગયા. બસો-પાંચસો તોલા સોનું લીધું છે. હવે બે-પાંચ તોલા તો મફત આપી દો એમ ચાલે? જ્યારે જાવ ત્યારે (પૈસા ચૂકવવા પડે).

એમ ભલે પૂર્વે પુરુષાર્થ કરીને પામ્યા હોય. પણ જો પાછા મિથ્યાત્વદશામાં આવે, ફરીને પામવા માટે તેટલો જ પુરુષાર્થ આવશ્યક છે. એ વસ્તુ સ્પષ્ટ થઈ છે એમના પત્રોથી. ભાઈ પણ ક્યારેક વર્ણન કરે છે. કેટલી તાલાવેલી, કેટલી લગની હતી. આત્મા પ્રાપ્ત ન થાય તો રડતા હતા. બાળક રડે એમ રડતા હતા. જોઈએ એટલે જોઈએ જ. બસ. લીધે છૂટકો. એવી ભૂમિકા કેવી હોય? એ બધો ચિતાર છે. છતાં 'ગુરુદેવ'નો ઉપકાર માને છે ત્યાં એ વાત આગળ નથી કરતા. પોતાને જે એના જે વિચારો છે એ .... ભક્તિ કરે છે ત્યારે એમ નથી કરતા કે મેં આટલો બધો પુરુષાર્થ કર્યો પછી મને પ્રાપ્તિ થઈ. એમ નથી કહેતા.

જાણે કે '**આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી.**' સત્ય સામે આવીને કોઈ દઈ જાય એવો 'ગુરુદેવે' ઉપકાર કર્યો છે. કેવી પદ્ધતિ આવી છે! પોતે શું કર્યું છે એ ખબર નથી? કેટલો પુરુષાર્થ કર્યો છે એ ખબર નથી? જેમ કોઈ કરેડિયા કરે. અમારે ગુજરાતીમાં ઘરગથ્થુ શબ્દ છે. કરેડિયા કરે એટલે શું? કોઈ એમ કહે કે બસ, મરી જાઉં તો ભલે મરી જાઉં પણ હવે આ કામ તો મારે કરવું જ છે. એને કરેડિયા કહે છે. એવો કરડો પુરુષાર્થ. એને કરેડિયો કહે છે. કરડો પુરુષાર્થ. એટલો પુરુષાર્થ કર્યો હોવા છતાં શ્રીગુરુની ભક્તિ એમ કરે છે કે જાણે સત્ય અમારે શોધવું જ નથી પડ્યું.

આમાં પણ રહસ્ય છે. ઠીક! સાચી વાત બીજી છે. છતાં ભક્તિ બીજી રીતે કરવામાં આવે છે એમાં પણ રહસ્ય છે. ઠીક! એ રહસ્ય એવું છે કે એક તો જેમ કોઈ દાન દેનાર કદી એમ ન કહે કે મેં આટલું દાન આપ્યું. એમ કહે? તો દાન દેનારો સાચો નથી. દાન દેનાર એમ કહે કે મેં આટલું આટલું દાન આપ્યું છે. મેં આ બધું આપી દીધું. મેં આમ આપી દીધું. મારું બધું આપી દીધું. એ સાચું નથી. અનુચિત લાગે. એમ આ ન્યાય છે એ જાતનો. અને શ્રીગુરુ પ્રત્યે ઉપકાર બુદ્ધિથી જે ભક્તિ આવે છે એ શ્રદ્ધા-જ્ઞાન આદિ આત્માના ગુણને પરિણમવામાં નિર્મળતાનું કારણ છે. ખરું રહસ્ય તો એ છે. એ વ્યક્તિરાગ નથી. પણ મુમુક્ષુને એ નિર્મળતાનું કારણ છે. આ તો જ્ઞાની છે. જ્ઞાનદશામાં લખ્યું છે. મુમુક્ષુને તો બીજો પ્રશ્ન જ હોઈ શકે નહિ. પણ એ પોતાના પરિણામમાં નિર્મળત્વનું કારણ છે. આ એનું રહસ્ય છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને ભાવ નહિ હોવો જોઈએ. ખરી વાત એ છે. દાન લેનાર ગમે તે કરે. એમાં બીજો હેતુ હોય છે કે જેમ સંખ્યા દાન લેનાર છે. એ સંસ્થામાં બીજાને પ્રેરણા મળે માટે એવી રીતે કોઈ પ્રસિદ્ધિ કરે છે. તે પણ વારંવાર

નહિ. એમ. જ્યારે દાન મળે ત્યારે પ્રસિદ્ધિ કરે. દાન દેનારને તો એ પરિણામ પોતાના હિતને અનુકૂળ નથી. પોતાના અહિમાં જાય છે. આમાં કાટલા, આવા પ્રકારના ન્યાયમાં કાટલા જુદા જુદા છે. ત્રાજવા-કાટલા બદલાય જાય છે.

જેમ કોઈ પોતાના ઉપર થોડો પણ ઉપકાર કરે તો ઘણો કર્યો છે એમ પ્રસિદ્ધ કરે. એ ન્યાયસંગત છે. પોતે બીજાના પ્રત્યે ઘણો ઉપકાર કરે તો કાંઈ કર્યું નથી એ ન્યાયસર છે. થોડું કર્યું છે એમ નહિ. જાણે કે મેં કાંઈ કર્યું જ નથી. એ ન્યાયસર છે. એમ ત્રાજવા-કાટલા બદલાઈ જાય છે. આવા ન્યાયમાં જુદા જુદા ત્રાજવા-કાટલા છે. બેય પક્ષે.

એમ અહીંયાં એમ કહે છે કે પોતે પુરુષાર્થ કર્યો છે એમ જોખતા નથી. 'શ્રીગુરુ'એ મને બધું આપ્યું છે એમ જોખે છે. ત્રાજવા-કાટલા જુદા જુદા છે.

મુમુક્ષુ :- કોઈ બે લાખ આપે અને નામ લખો તો આપીએ. મારું નામ લખો તો બે લાખ રૂપિયા આપીએ. તો સંસ્થાને લાભ થાય ને બે લાખનો?

પૂજ્ય ભાઈશ્રી :- સંસ્થાએ એવું શરતી દાન નહિ લેવું જોઈએ.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- ... ન આપે તો કાંઈ નહિ. એના માનકષાયને પોષણ આપવા માટે સંસ્થાએ અનુમોદન આપવું નહિ જોઈએ. સંસ્થાના કાર્યકર્તાઓએ અનુમોદન નહિ આપવું જોઈએ.

મુમુક્ષુ :- એ સરસ પ્રણાલી છે. આપણા 'સોનગઢ'માં છે કે મંદિરમાં કોઈનું નામ નહિ. લાખ આપો કે પાંચ લાખ આપો.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલેથી પદ્ધતિ એ છે. શરતી દાન લેવાની પદ્ધતિ નથી. એ તો 'ગુરુદેવ'નો ઉપકાર છે કે કોઈ આડીઅવળી પદ્ધતિ ચાલતી નહોતી.

મુમુક્ષુ :- કોઈ લોભમાં લલચાઈ જાય તો મરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ઊલટું થઈ જાય. ... દાન થાય. નુકસાનનું કામ થાય. લાભને બદલે નુકસાનનું કામ થાય.

મુમુક્ષુ :- કામ તો અટકવાનું જ નથી. જે થવાનું એ થવાનું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જ્યારે જે થવાનું છે એ થવાનું જ છે. દાન તો દેવાનો ભાવ કરે છે. એ સિવાય આત્મા બીજું કાંઈ કરી શકતો નથી. લેવા-દેવાની ક્રિયા આત્માના અધિકારનો ક્યાં વિષય છે. એ તો પરમાણુનું કાર્ય પરમાણુથી થાય છે.

મુમુક્ષુ :- પોતાના પુરુષાર્થને જો આગળ કરે તો સેવકપણું છૂટી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના પુરુષાર્થને આગળ કરે અને 'ગુરુદેવ'ના ઉપકારને

પાછળ કરે તો દશા છૂટી જાય. દશા પણ છૂટી જાય. જે ગુરુના ઉપકારને ઓળવે, અનંત સંસારી છે. આવે છે, 'પરમાગમસાર'માં લીધું છે. જીવતી ચામડી ઉતારીને જોડા સીવડાવે તો પણ જેનો પ્રતિઉપકાર વળે નહિ એવા શ્રીગુરુના ઉપકારને ઓળવે, અનંત સંસારી છે. અનંત સંસાર ઊભો છે એનું એ Significance છે, Signal છે. યથાર્થતામાં તો એમ આવે જ નહિ. આત્માર્થી હોય, યથાર્થ વિચારધારા હોય, સાચી સુવિચારણા હોય એને તો એ આવે જ નહિ. એ પ્રકારના ભાવ જ એને ઉત્પન્ન ન થાય, એની યોગ્યતામાં ઊગે જ નહિ એ પરિણામ. એ કુદરતી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- આ પણ એક માર્ગનું રહસ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પણ રહસ્ય છે. એક એક વાતમાં અધ્યાત્મનું રહસ્ય છે. આ ગ્રંથની વિશિષ્ટતા જ એ છે. ભાષા સાદી, ઉપર ઉપરથી વિદ્વાનો જોવે તો એમ થાય કે આમાં શું આટલું બધું કહી દીધું છે? આ તો બધી સાધારણ વાત છે. અંદરમાં બધામાં અધ્યાત્મનું રહસ્ય ભર્યું છે. એ વિશિષ્ટ ગ્રંથ છે.

મુમુક્ષુ :- પહેલેથી છેલ્લે સુધીનું રહસ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સેંકડો પડખા છે. સેંકડો પડખાથી રહસ્યને સ્પષ્ટ કર્યું છે.

પછી એ એમ કહ્યું કે '**ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી.**' એનો અર્થ એમ છે કે ગોતવા ગયા હોત તો પત્તો લાગત કે કેમ? અથવા કેટલા પરિશ્રમથી પત્તો લાગત? અને એ પરિશ્રમ બચી ગયો અને માર્ગ ચીંધ્યો અને માર્ગ પકડાણો. ... એનો તફાવત એ જ સમજે છે. બીજો હિસાબ-કિતાબ મૂકીએ તો આ જીવે પણ અનંત કાળમાં અનંત વાર સત્યને શોધવા પાછળ અથવા આત્માનું કલ્યાણ કરવા પાછળ એ જ સત્ય છે. કાંઈ મહેનત નથી કરી એમ નથી. ઊંધા માથે લટક્યો છે. છ-છ મહિનાના ઉપવાસ કર્યા છે. પણ છતાં યથાર્થ રીતે માર્ગને ગ્રહણ કરવાની Line પકડી નથી. એટલે સામે જ્યાં દર્શાવનાર મળ્યા તો પોતાનો અવળે રસ્તે જવાનો પરિશ્રમ કેટલો બચી ગયો એ ખ્યાલમાં આવે છે. માર્ગ ચીંધે એટલે સાચે રસ્તે ચડી ગયા અને નહિતર કદાચ બીજે રસ્તે ગયા હોત તો કેટલા દૂર નીકળી જાત. અને પાછા વળતા કેટલો પરિશ્રમ થાત, એ બધો હિસાબ-કિતાબ મૂક્યો છે આની અંદર.

મુમુક્ષુ :- પ્રથમ દેશનાના કાર્યમાં ગુરુદેવ નિમિત્ત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, સીમંધર ભગવાન છે. સીમંધર ભગવાન છે. છતાં વર્તમાન ઉપકારી પ્રત્યેની ભક્તિ જોઈ લ્યો! 'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર.' એ પણ એવા સંસ્કારી હતા એણે આ ગાયું છે. જો કે એમને કોઈ પ્રત્યક્ષ સદ્ગુરુ નહોતા મળ્યા. છતાં ગાયું છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' પહેલા પામેલા છે? અગાઉ પામેલા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પામેલા છે. એ પણ ચ્યુત થઈને આવેલા. એ પામેલા. જાતિસ્મરણમાં યાદ છે કે બહુ બહુ મેહનત કરીને, બહુ બહુ આથડીને જે વસ્તુ હું ન પ્રાપ્ત કરી શક્યો એ સત્સમાગમના યોગે સહજમાત્રમાં પત્તો લાગેલો. એટલે એ વિષય ઉપર એમનું વજન બહુ આવ્યું છે. મુમુક્ષુની ભૂમિકામાં આવનાર જીવોને આ વિષયથી અજાણ્યા હોવાને લીધે એ વિષય ઉપર એમણે પ્રકાશ પાડ્યો છે. પત્રે પત્રમાં, કાવ્યોમાં એ વિષય ઉપર એમનું વજન ઘણું જોવામાં આવે છે. એ તો એમ જ કહે છે કે સર્વ શાસ્ત્રનું શાસ્ત્રલક્ષ જ આ છે કે એકવાર તું સત્પુરુષને શોધ, પછી જો તને મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. એક વાર આત્માને શોધ એમ ન કહ્યું. એકવાર સત્પુરુષને શોધ, પછી જો મોક્ષ ન મળે તો હું બેઠો છું. Guaranted.

**'આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી.'** એવી રીતે જેણે સત્યને તૈયાર કરીને આપી દીધું. જેમ કોઈ... એક દૃષ્ટાંત એ પણ લે છે કે જેમ કોઈ બાળકને એની માતા ખવડાવે. ભાતની અંદર ગોળ નાખે કે ખાંડ નાખે, ઘી નાખે. દાણા છૂટા છૂટા ભાતના હોય તો એકસરખું ચોળીને બરાબર સરખુ બનાવી દે. દાંત વગરનો બાળક, હજી બે-ચાર દાંત આવ્યા હોય તો ચાવવામાં અપચો થાય નહિ. ચોળીને તૈયાર કરીને મોઢામાં કોળિયો મૂકે. ત્યાં સુધીની 'ગુરુદેવે' તૈયારી કરી દીધી છે. બસ, ચાવવાનું કે ગળે ઉતારવાનું પોતાને છે. બાક ત્યાં સુધીની તૈયારી છે. એટલું બધું તૈયાર કરીને આપ્યું છે.

મુમુક્ષુ :- મુમુક્ષુના ભાગ્ય હશે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. ચોક્કસ. કોઈ લાયક જીવો હોય છે. એના નિમિત્તે આવા પ્રકાર ઉત્પન્ન થાય છે. સાથે સાથે બીજાની પણ યોગ્યતાઓ તૈયાર થવાની જેવી જેની તૈયારી, જેવી જેની લાયકાત. વાછટ બીજાને પણ (મળે છે). કોઈને વરસાદ મળે તો કોઈને વાછટ પણ મળે જ છે. વરસાદ આવે ત્યારે વાછટ પણ થાય જ છે.

**'ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે.'** વર્તમાનમાં 'ગુરુદેવ'નો જે પ્રતાપ છે એ અદ્ભુત છે. અંતરબાહ્ય વ્યક્તિત્વ અસાધારણ હતું 'ગુરુદેવ'નું. એટલે ધર્મ પ્રભાવના થવા અર્થેનો જે યોગ હતો એ અસાધારણ (હતો). નહિતર સત્યને કહેવા જાય તો દુનિયામાં તો તોફાન થતા વાર લાગતી નથી. એવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા એમ કહેવું છે કે 'ગુરુદેવ'ની સભામાં 'પૂજ્ય બહેનશ્રી' જેવા ધર્માત્માઓ હતા તો ઘણી અધ્યાત્મની વાતો બહાર આવી. જેમ તીર્થંકરની સભામાં ગણધર હોય અને વાણી છૂટે એવો પ્રકાર છે. એક પાત્ર જીવ હોય (તો) અમૃતના વરસાદ વરસે. જેવી જેની યોગ્યતા હોય એ ... છે. એમ. તો આટલું બધું બહાર આવી ગયું એનું કારણ પણ આ છે. ખરેખર એમ છે.

**'ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે.'** નહિતર વક્તા બોલી જાય અને સાંભળવામાં કોઈ સમજે એવું ન હોય, કોઈ જીલે એવું ન હોય (તો) Automatic વાણી બંધ થઈ જાય એ તો. કેમ કે ન સમજે એને રસ પડે નહિ. સાંભળનારને રસ ન હોય તો કહેનારને ક્યાં સુધી રસ રહેવાનો હતો? રહે જ નહિ. **'ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે.'** અસાધારણ યોગ છે કે આવા દુષમકાળમાં અથવા દુષમકાળની અંદર પણ અધ્યાત્મના ધોરિયા વહ્યા અને વહેવડાવ્યા. નહિતર આ વિષય ચાલે એવો નથી.

.... મંડળની માળાના મેર-મુખ્ય કહ્યા. જો એમને આટલી નમ્રતા છે તો બીજાએ તો એથી વિશેષ નમ્રતા (રાખવી જોઈએ) એ તો સીધી વાત છે. પોતે પૂર્વના સાધક છે. વર્તમાનમાં યોગ્યતામાંથી આગળ વધીને જ્ઞાનદશાને પ્રાપ્ત છે. પછી આ પ્રવચન કરે છે, બહેનોની સભામાં. એ જ ... એમ કહે છે કે આત્મા બોલતા શીખ્યા હોય તો. ઠીક! આ બધો રહસ્યવાળો વિષય છે. કેમ આટલી ભક્તિ કરી છે એ બહુ રહસ્યવાળો વિષય છે.

મુમુક્ષુ :- આ બહુ સરસ વાત છે. નીચેના જે મુમુક્ષુઓ હોય એને તો આખી ... ભક્તિ આવવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- સીધી વાત છે. જેને પામવું છે એને તો પરમેશ્વરબુદ્ધિ આવવી જોઈએ. 'શ્રીમદ્જી'ના શબ્દોમાં કહીએ તો એને પરમેશ્વરબુદ્ધિ આવવી જોઈએ. આવવી જોઈએ એટલે કોઈ લાવવાની ચીજ નથી. પણ પાત્ર જીવને એમ જ દેખાય કે મારા માટે આ પરમેશ્વર છે. દેહધારી પરમાત્મા મારા માટે, જાણે કે અવતાર મારા માટે ધારણ કર્યો હોય એમ એને લાગે. એવું એને ભાસે કે મારે તરવાનું હતું એટલે મને તારવા માટે આવ્યા હોય એવું લાગે છે. એને એમ જ આવે. સીધો એને એ પ્રકારનો જ પરિણામનો ભાવ આવવાનો ... એમ.

'શ્રીમદ્જી'એ લીધું છે ને, **'હે કુંદકુંદાદિ આચાર્યો! આપના વચનામૃત આ પામરને...'** એ જ્ઞાનદશામાં લખેલી વાત છે. ૨૯મા વર્ષે. પોતાને પામર ગણાવ્યા છે જ્ઞાનદશામાં. **'સ્વરૂપાનુસંધાનને વિષે નિમિત્તભૂત થયા છે તે અર્થે આપને અત્યંત ભક્તિથી નમસ્કાર કરીએ છીએ.'** મુનિ પણ ભક્તિ કરે છે ને. મુનિઓ પણ ભક્તિ

કરે. એ જ્ઞાનનો પર્યાય છે. લોકોને જ્ઞાન નથી દેખાતું. ભક્તિ એ રાગનો પર્યાય છે કે જ્ઞાનનો પર્યાય? આ એક પ્રશ્ન ઉઠાવવા જેવો છે. રાગનો પર્યાય નથી. રાગ તો ચારિત્રગુણનો વિપર્યાસ છે. જ્ઞાનનો પર્યાય છે. ભક્તિ એટલે બહુમાન. જે જ્ઞાનની અંદર મૂલ્યાંકન થયું છે સામા પદાર્થનું, સામી વસ્તુનું. એનું જેટલું મૂલ્ય છે એટલું જ્ઞાનમાં ભાસ્યું અને બહુમાન આવ્યું એનું નામ ભક્તિ છે. જ્ઞાન અને ભક્તિ બે જુદી ચીજ નથી. એક જ પર્યાયના બે નામ છે. જ્ઞાનને લોકો સમજતા નથી. રાગની ચેષ્ટા અને રાગ બીજાને સમજાય છે. એટલે એ કાળે જ્ઞાનની સાથે ઘસડાતો ચારિત્રગુણનો પર્યાય, ખેંચાતો ચારિત્રગુણનો પર્યાય, તણાતો એવો ચારિત્રગુણનો પર્યાય હજી સીધો નથી થયો. સીધો થાય તો તો વીતરાગભાવ થઈ જાય. એને લોકો જોવે છે એટલે એમ લાગે છે કે આ ભક્તિ એટલે રાગ છે. પણ ખરેખર એમ નથી.

મુમુક્ષુ :- ભક્તિ એ જ્ઞાનનો પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનો પર્યાય છે, રાગનો નહિ. એટલે રાગયુક્ત ભક્તિ હોય અને જ્ઞાનમાં મૂલ્યાંકન ન આવ્યું હોય તો તે ભક્તિ નથી. એને ભક્તિ ન કહેવાય. ભક્તિ નથી. ઓઘસંજ્ઞાએ ભક્તિ એ ભક્તિ નથી. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :- એ તો રાગ છે, અભક્તિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગ છે. એ રાગનો આદર હોય નહિ. રાગનો તો હંમેશા નિષેધ જ છે. નિષિધ્ય છે એ. ... ચર્ચા ગમે એટલી ચાલે, ભક્તિ શું છે? એ વિષય અપ્રસિદ્ધ રહ્યો છે. આપણા સમાજમાં પણ આ વિષય અપ્રસિદ્ધ રહ્યો છે.

મુમુક્ષુ :- ... જરા અંશ પૂરતો રાગ થયો ઈ પણ રાગ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગ તો રાગ જ છે. પણ રાગ આદરણીય નથી. જ્ઞાન આદરણીય છે. '**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि**'. જ્ઞાન જ્ઞાનની પ્રાપ્તિ વિના ...

આ વચન બહુ જોરદાર મૂકી દીધું છે. પોતાનું ઘણું સામર્થ્ય હોવા છતાં અધ્યાત્મના ગૂઢ રહસ્યને હૃદયમાં સંઘર્યું હોવા છતાં અને અધ્યાત્મની બહુ સારી દશા પ્રાપ્ત હોવા છતાં એમ કહે છે કે એક **''આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે.**' બહુ જોરદાર વાત મૂકી દીધી છે. આત્મા આત્મા તો ઘણાં કરે છે પણ. 'ગુરુદેવ'ના પ્રતાપ વગર પણ આત્મા આત્મા તો કરે છે. પણ યથાર્થપણે એ વાત નથી. આત્મા કહેતા જેમાં આત્મભાવ આવિર્ભાવ થાય. આત્માના કોઈ પણ વાચક શબ્દને બોલવાના વિકલ્પ કાળે પણ જેમાં આત્મભાવનો આવિર્ભાવ થાય ત્યારે આત્મા શબ્દ બોલ્યો સાર્થક છે. શબ્દ બોલાયો એ સાર્થક ક્યારે? કે શબ્દનું વાચ્ય

છે એ ભાવનો આવિર્ભાવ થાય ત્યારે. જો જ્ઞાનમાં, જો શ્રદ્ધાનમાં, જો ઉપાદેયતાના આચરણમાં એ વાચ્યનો પ્રકાર ઊભો ન થાય તો એ શબ્દ તો વ્યર્થ ગયો. એનો કોઈ અર્થ નથી. એ તો પોપટ પણ બોલે છે અને Tape recorder પણ બોલે છે. એક Tapeની પટ્ટી હજાર વાર વગાડો 'ગુરુદેવ'નું વ્યાખ્યાન. એનું કલ્યાણ થાય કે ન થાય? ન થાય? હજાર વાર આખું 'ગુરુદેવ'નું વ્યાખ્યાન અક્ષરશઃ, એક અક્ષર ચૂક્યા વિના આ Tape બોલી જાય. Tapeનું કલ્યાણ નહિ થાય. Tapeના Machineનું કલ્યાણ નહિ થાય. એમ ભાવ વિનાની ભાષા એ Tape recorder જેવી અથવા તે દિ' Tape recorder નહોતું ત્યારે પોપટની ભાષા કહેવામાં આવતી હતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અદ્વીતિય! એ તો સીધી વાત છે. એને એટલી ભક્તિ આવવી એ બહુ કુદરતી છે. અનંત તીર્થંકરોથી પણ મારા માટે અધિક છે. એમ 'ગુરુદેવ' પ્રત્યે જે બહુમાન આવ્યું, યથાર્થ રીતે આવ્યું છે. એમ જ આવે, એવું જ આવે.

મુમુક્ષુ :- આ રાગ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ રાગ નથી. જ્ઞાનમાં એમ આવ્યું છે કે અનંત તીર્થંકરોના સમવસરણમાં આથડી આવ્યો અને ભટકી આવ્યો, કોરે કોરો રહીને પાછો આવ્યો છું. મારું આત્મહિત સધાયું નથી. મારું નિજ કાર્ય, હિતનું કાર્ય સંપન્ન થયું નથી. મારું કાર્ય અહીંયાં સંપન્ન થયું છે. અનંત તીર્થંકરોથી અધિક કામ થયું છે. જ્ઞાનનો વિષય છે. જ્ઞાનમાં એ વાત બરાબર મૂલ્ય થઈને આવી છે.

મૂળ તો શું છે કે જીવને પરિભ્રમણની વેદના આવી નથી. જન્મ-મરણથી થાક્યો નથી. અને એની વેદનામાં એ આવ્યો નથી. અને વેદનામાં આવે તો પોતાના આત્માની હિંસા ન કરે. એ લીધું છે ને? 'શ્રીમદ્જી'એ લીધું છે. અનંત જન્મમરણ કરી ચૂકેલા એવા આ આત્માની જેને કરુણા આવે. હિંસા ન કરવા માટે કરુણા આવે. કરુણા શબ્દનો પ્રયોગ કર્યો છે. પત્રાંક છે ૪૦મો. ૪૦મા પત્રમાં આ છે. બહુ મોટો પત્ર છે. બે-ત્રણ Paragraph આમાં તારવેલા છે.

**'અનંત જન્મમરણ કરી ચૂકેલા આ આત્માની કરુણા તેવા અધિકારીને ઉત્પન્ન થાય છે...'** એ પાત્ર જીવ છે, એ અધિકારી છે તત્ત્વ પામવાનો. મુક્ત થવા માટેનો એ અધિકારી છે. એને વેદના થવી જોઈએ. **'તેવા અધિકારીને ઉત્પન્ન થાય છે અને તે જ કર્મમુક્ત થવાનો જિજ્ઞાસુ કહી શકાય છે.'** એને મુક્તિનો અધિકારી કહી શકાય, એને જિજ્ઞાસુ કહી શકાય, એને પાત્ર કહી શકાય, એને મુમુક્ષુ કહી શકાય. અને તેવો જ જીવ, તે જ જીવ, તે જ પ્રકારમાં આવનારો, તેવી જ યોગ્યતા હોય તો.

તો જ, નહિતર નહિ.

**'તે જ પુરુષ...'** તેવો આત્મા **'યથાર્થ પદાર્થને યથાર્થ સ્વરૂપે સમજી...'** પછી એના જ્ઞાનમાં અસરળતા અને આડોડાય નથી થતી. પછી તર્ક-કુતર્ક-વિતર્ક નથી થતા. તેવો જીવ **'યથાર્થ પદાર્થને યથાર્થ સ્વરૂપે સમજી મુક્ત થવાના પુરુષાર્થમાં યોજાય જાય છે.'** ક્યારે? જન્મ-મરણ કરી ચૂકેલા આત્માની કરુણા આવે તે દિવસે. હજી જન્મ-મરણ થાય એવા પરિણામોમાં જેને હોંશ અને ઉત્સાહ વર્તે છે એને પોતાની કરુણા નથી. જ્ઞાનીઓ કહે છે કે અરે..રે...! બિચારા જીવને પોતાની જ કરુણા નથી. એને બીજું શું કહીએ? એને બીજું શું કહીએ? જેને પોતાની જ કરુણા નથી એને બીજું શું કહીએ? એને કરુણા છૂટે છે એના પ્રત્યે. **'જે આત્મા મુક્ત થયા છે તે આત્મા કાંઈ સ્વચ્છંદવર્તનાથી મુક્ત થયા નથી. પણ આપ્ત પુરુષે બોધેલા માર્ગના પ્રબળ અવલંબનથી મુક્ત થયા છે.'** ૪૦મો તો પત્ર બહુ સારો છે. ૨૧મા વર્ષે આ પત્ર લખ્યો છે. બહુ તત્ત્વ આવ્યું છે એમાં. .. ના ચાર બોલ લીધા છે. મિથ્યાઆગ્રહ, સ્વચ્છંદ, જીતેન્દ્રિયતા, સરળતા. તત્ત્વ પામવાનો અધિકારી કોણ છે? એના ઉપર તો આખો પત્ર છે.

'ગુરુદેવ'નો મહિમા કર્યો છે એટલે રોજ કરે છે. નહિ તો ઠીક હવે ખબર છે બધું. રોજ 'ગુરુદેવ'નું ગાય છે એમ નથી. ... મુમુક્ષુજીવે બોધ લેવા જેવો વિષય છે. **''આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું', 'જ્ઞાયક છું' ...'** એમ. હું આત્મા ચૈતન્ય છું, જ્ઞાયક છું. **'ઈત્યાદિ ઈત્યાદિ બધું...'** આ મૂળની વાત છે. હું જ્ઞાયક છું અને હું ચૈતન્ય છું-આ મૂળ પ્રયોજનનો વિષય છે પરિણમનનો. પ્રયોજનભૂત તત્ત્વ એક જ છે-પોતાનો જ્ઞાયક આત્મા, પોતાનું ચૈતન્યતત્ત્વ. એક જ પ્રયોજનભૂત વિષય છે. એ **'ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે.'** બાકી બધું જે જણાયું છે એ બધું પણ 'ગુરુદેવ'ના જ પ્રતાપે જણાયું છે. મારી વિચારધારામાં અંદરથી મેં શોધી કાઢ્યું છે એવું કાંઈ કહેતા નથી. ખ્યાલ હોય તો પણ એ વાતને પાછળ રાખે છે. શ્રીગુરુના ઉપકારને આગળ કરે છે.

**'ઈત્યાદિ ઈત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે.'** એટલે એમ કે અમારી પાસે જે કાંઈ છે એ બધું 'ગુરુદેવ'નું છે. એમનું દીધેલું છે, એમનું કીધેલું છે એ કહીએ છીએ. એમની પાસેથી બધું મળ્યું છે. જે કાંઈ છે તે બધું એમનું છે. અમે તો માત્ર એમની ભક્તિ કરીએ છીએ. બીજું કાંઈ અમને આવડતું નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- અત્યારે પણ દરેક પ્રશ્નના ઉત્તરમાં ઈ જ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે છે, બહુ કુદરતી આવે છે, ... આવે છે. આમાં

'પરમાગમસાર'માં 'ગુરુદેવ'ના ઉપકારના વચનો લીધા છે. 'પરમાગમસાર' તૈયાર થયું ત્યારે તો સ્વાસ્થ્ય ઘણું કમજોર હતું. લખી શકે એવી પરિસ્થિતિમાં નહોતા. વિનંતી કરી હતી કે કાંઈક લખી દ્યો. એમાં લખ્યું છે. એટલે થોડો Time માગ્યો કે થોડો Time લાગશે પણ લખીશ. પાંચ-પંદર દિવસમાં તૈયાર થઈ ગયેલું. પણ એક વાત એમાં Mark કરવા જેવી આવી છે. 'ગુરુદેવ'નો વચનામૃતનો ગ્રંથ છે. અને 'ગુરુદેવ'નું નામ પડે એટલે ઉપકારનો સીધો પ્રકાર ઉત્પન્ન થાય છે. 'ગુરુદેવ' એટલે ઉપકારી. એ વિષય મુખ્ય થઈ જાય છે. એટલે ઉપકાર ગાયો છે.

**'આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું?'** બે રીતે વાત થાય મહિમામાં. એક એમના ગુણોનું વર્ણન કરવામાં આવે, બીજું એમના ઉપકારનું વર્ણન કરવામાં આવે. એમની મહનતા ગાવામાં આવે અને એમને પોતા પ્રત્યે જે કરેલો ઉપકાર છે એ કહેવામાં આવે છે. **'આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું?'** બીજી જ લીટીમાં વાત કરી છે. **'આ આત્માની દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે.'** શું લીધું? સમય... સમય... સમય... સમય... સમયની અનંત પર્યાયો ઉત્પન્ન થાય છે. એમાં પ્રત્યેક પર્યાયમાં આપનો ઉપકાર છે. પર્યાયે-પર્યાયે. એક-એક સમયની પર્યાયે પર્યાયે. એ વાત માર્મિક લખી છે જરા. કેમ કે જે પર્યાયોનો પ્રવાહ ચાલી રહ્યો છે, શુદ્ધ પર્યાયોનો, અહીંયાં શુદ્ધ પર્યાયની વાત છે. અશુદ્ધ પર્યાયના તો જ્ઞાની સ્વામી થતા નથી. પણ જે શુદ્ધ પર્યાયો મોક્ષમાર્ગમાં ઉત્પન્ન થઈ તે પ્રતિસમયની પર્યાય મૂળમાં આપનો ઉપકાર છે એટલે આ બધી પર્યાયો ચાલે છે. એટલે પર્યાયે પર્યાયે ઉપકાર છે. એમ.

મુમુક્ષુ :- જ્ઞાતાધારા અવિરત ચાલુ છે પણ દરેક પર્યાયે...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયે-પર્યાયે ઉપકાર છે. એ વાત જરા ઊંડેથી લખી છે. ભક્તિની વાત લખી હોય એટલે બધી ભક્તિની સારી-સારી વાત લખી હોય એમાં શું વિશેષ જોવાનું હોય? એવું નથી. તત્ત્વ છે. હૃદય છે અને તત્ત્વ છે એની અંદર. મુમુક્ષુને કાંઈ જોઈતું હોય તો એમાંથી ઘણું મળે એવું હોય છે. મળે એવું હોય છે. અને એ દૃષ્ટિએ એનું અધ્યયન થવું જોઈએ. એ દૃષ્ટિએ વિચારવું જોઈએ એમ વાત છે.

આ કાળમાં **'ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી...'** ક્યાંય ભેદજ્ઞાનનો વિષય ચાલતો નહોતો. દિગંબર સંપ્રદાય સિવાય તો ભેદજ્ઞાનની વાત ક્યાંય છે જ નહિ. પણ દિગંબરેય ભૂલી ગયા હતા. અને ભૂલી ગયા છે હજી તો. એ તો જેટલા દિગંબરો આ બાજુ વળ્યા એ 'ગુરુદેવ'નો ઉપકાર છે કે હજી ભેદજ્ઞાનની વાત ચાલે છે, ચલાવે

છે પોત પોતાની યોગ્યતા અનુસાર. બાકી તો સંપ્રદાયમાં, દિગંબર સંપ્રદાયમાં મૂળ શાસ્ત્રોમાં ભેદજ્ઞાનની વાત હોવા છતાં એ વિષયથી અજાણ્યા છે.

ભેદજ્ઞાનના વિષય ઉપર ઘણી વાતો આવી છે. આપણે એક Volume તૈયાર કરવાના છીએ, એના ઉપર એક પુસ્તક. 'વિધિ અને ભેદજ્ઞાન' સ્વરૂપ પ્રાપ્તિની વિધિ શું? ભેદજ્ઞાનની વિધિનો જ વિષય છે. એ જુદી જુદી રીતે અનેક રીતે પ્રસિદ્ધ થયો છે. 'ગુરુદેવ'ના વચનામૃતમાં, 'બહેનશ્રીના વચનામૃત'માં. 'શ્રીમદ્જી'ના વચનામૃતમાં, 'સોગાનીજી'ના વચનામૃતમાં. પથપ્રકાશ બહાર પડ્યું. એવો એક Volume તૈયાર કરશું. એ વિષયની અંદર વિશેષતા જે છે એ એ છે કે જે મુમુક્ષુઓ માટે જે પહોંચવાનું ઊંડાણ છે એ એ છે કે એ ભેદજ્ઞાનનો પ્રયોગ કઈ રીતે થાય? અને એ પ્રયોગને પોતાના પરિણમનની અંદર કેવી રીતે પ્રયોગાત્મક પદ્ધતિથી ગ્રહણ કરી શકે? આ વિષય છે. વ્યાખ્યા તો અને સમજણ તો ખાલી જાય છે. અને પ્રયોગના વિષયને પણ વ્યાખ્યામાં ઉતારી અને કડકડાટ બોલી જાય છે. પણ એમ નથી ગ્રહણ કરવાનું. કહેવામાત્ર નથી, પરિણમવાનો વિષય છે. જેમ સ્વાદ છે એ કહેવાનો વિષય નથી, ચાખવાનો વિષય છે. એમ ભેદજ્ઞાન એ કહેવાનો વિષય નથી પણ સાક્ષાત્ પરિણમનનો એ વિષય છે.

એ પ્રકાર-એ ભેદજ્ઞાનનો એ પ્રકાર વક્તવ્યની અંદર સાંભળવા ન મળે એવા જમાનામાં, એવા કાળમાં '**તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા...**' જ્યાં એ સાંભળવું દુર્લભ હતું, એ જગ્યાએ, એના બદલે, એ જગ્યાએ. '**તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા એ વાતના હંમેશાં ધોધ વરસે છે.**' એક પ્રવચન એવું ખાલી નથી કે જેમાં ભેદજ્ઞાનનો વિષય આવતો નથી. આચાર્યોની ભક્તિનો અધિકાર હોય પ્રવચનની અંદર, આ સ્તોત્ર વાંચતાને? તો પણ એની અંદર એ વિષય લેતા હતા. ભેદજ્ઞાનનો વિષય ગુરુદેવ લેતા હતા. આચાર્યોએ જિનદેવની ભક્તિ કરી હોય, જિનરાજની ભક્તિ કરી હોય. ગુરુદેવ એમાંથી અધ્યાત્મ કાઢે અને ભેદજ્ઞાન કાઢે. એ દૃષ્ટિએ પ્રવચન વિચારવા જેવા છે. એવો ધોધ વરસાવ્યો છે. જ્યારે વિષય ચાલતો નહોતો ત્યાં એ વિષયનો ધોધ વરસાવી દીધો. એટલું મોટું કાર્ય થયું છે. એ પણ 'ગુરુદેવ'ની મહિમાની વિશિષ્ટતા છે. વિશેષ લઈશું...

## તા. ૧૪-૦૫-૧૯૮૮, વચનામૃત-૩૬૪, ૩૬૫
## પ્રવચન નં. ૨૭૯

'બહેનશ્રીનાં વચનામૃત'. 'ગુરુદેવ'ની વાણીનો મુખ્ય વિષય ભેદજ્ઞાન સાતિશય વાણી દ્વારા ભેદજ્ઞાનના વિષયની ધોધમાર વર્ષા કરતા. 'ગુરુદેવ' જ્યારે હતા ત્યારની વાત છે. ધોધ વરસે છે. અત્યારે હંમેશા ધોધ વરસે છે. ત્યાં સુધી ચાલ્યું છે.

**'ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે.'** નાના બાળકને એકડો ઘૂંટાવે. એની મેળે આમ કર... આમ કર... આમ કર એમ ન સમજે. હાથ પકડીને એમ કરાવે. એવી રીતે આત્માનું હિત કેવી રીતે કરવું? જાણે કે હાથ ઝાલીને કોઈ શિખવતા હોય એવી રીતે સમજાવે છે. એવી રીતે શિખવે છે. કેટલા કેટલા ભાવો વ્યક્ત કર્યા છે! એટલે કે કહેનારની, સમજાવનારની કોઈ કસર નથી. તીર્થંકર દ્રવ્ય એટલે આત્મતત્ત્વને કહેવામાં સર્વોત્કૃષ્ટ દ્રવ્ય. એને તીર્થંકર દ્રવ્ય કહે છે. જેમની વાણી એવી સાતિશય હોય છે. દિવ્યધ્વનિની વાત તો બિલકુલ જુદી છે. પણ તીર્થંકરપદનો ઉદય આવશે અને એ પહેલાની પૂર્વતૈયારીમાં પણ એને અનુસરતો પ્રકાર ઊભો છે કે જેથી એ પ્રકારની તૈયારી થાય. અહીંથી સમવસરણની તૈયારી થઈ છે. તીર્થંકરના ભવમાં જે સમવસરણમાં અનેક જીવો આવશે એની તૈયારી અહીંથી થઈ છે. 'સોનગઢ'થી થઈ છે. મહાવિદેહ ક્ષેત્રથી નહિ, અહીંથી થઈ છે. હજી તીર્થંકર પ્રકૃતિ બાંધવાનું અહીંથી શરૂ નથી કર્યું. તેમ છતાં ઉપદેશ અને જિનશાસનનો પ્રચાર, પ્રસાર, ... એ બધો પ્રકાર અહીંથી ઊભો થયો છે.

મુમુક્ષુ :- .... એ વખતે સમવસરણમાં હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણાં જીવો હશે. અનુમોદન કર્યું છે ને. પુણ્ય તો ઊપજે જ. અનુમોદન કર્યું છે એટલે તો ઊપજે. 'ગુરુદેવ' કહે છે એ સાચું કહે છે. અને આ માર્ગ 'ગુરુદેવ' કહે છે એવો માર્ગ સદાય જયવંત વર્તો. એવો જે ભાવ છે. પુણ્ય તો બાંધે જ છે.

મુમુક્ષુ :- ભાવનું અનુમોદન....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પ્રકારના પુણ્યથી એવો જ યોગ થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમના નિર્મળ શ્રુતજ્ઞાનમાં એ વાત ભાસી છે કે યહાં કે

અધિકાંશ લોગ-અહીંના અધિકાંશ લોકોની પાત્રતા તૈયાર થઈ ગઈ છે. અને ઘણાં જીવોની હજી થશે. ... લીધા છે. ઘણાં ફરીને યોગ થશે ત્યારે પામશે. આવા દુષમકાળની અંદર સન્માર્ગનો જે અનુમોદના ભાવ આવ્યો છે એ પણ એક પ્રકારના પુણ્યના બંધનનું કારણ છે.

અહીં તો કહે છે કે અત્યારે જ તું આવી રીતે આત્મહિત કરી લે, આવી રીતે આત્મહિત કરી લે, આમ આત્મહિત કરી લે, એમ જાણે હાથ પકડીને કોઈ શીખવાડે. અથવા ડૂબતાને જેમ કાંડુ ઝાલીને કોઈ બચાવે, તારી દે એવો પ્રકાર ઉપદેશનો છે. ગળકા ખાતો હોય, ડૂબતો હોય એનું કાંડુ પકડી લે. ખેંચીને બહાર લઈ લે. ડૂબતો બચી જાય. એમ.

મુમુક્ષુ :- સંસારસમુદ્રમાં ડૂબતો છે એને હાથ ઝાલીને બહાર કાઢે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાથ ઝાલીને બચાવ્યો છે. એ બચ્યો હોય એને ખબર પડે. જેને એ પ્રકાર ન હોય, ડૂબું છું એવો ભાવ ન હોય, બચાવનાર બચાવે છે એની એને ખબર ન હોય, એને .... એ પ્રકારનો અહોભાવ એને વ્યક્ત નથી થતો. એ પ્રકારનો એને બહુમાન અને ભક્તિનો ભાવ એને આવી શકતો નથી.

'**પોતે પુરુષાર્થ કરીને શીખી લેવા જેવું છે.**' 'ગુરુદેવ' પર્યાપ્તપણે પૂરતું શીખડાવે છે. કસર રાખતા નથી. '**પોતે પુરુષાર્થ કરીને શીખી લેવા જેવું છે.**' પુરુષાર્થ પોતે કરવાનો છે. આટલી 'ગુરુદેવ'ની મહિમા કરી, ભક્તિ કરી માટે કોઈ નિમિત્તાધીન દૃષ્ટિથી વાત કરી છે એમ નથી. ખ્યાલમાં છે કે પુરુષાર્થ તો પોતે કરવાનો છે. '**પોતે પુરુષાર્થ કરીને શીખી લેવા જેવું છે. અવસર ચૂકવાયોગ્ય નથી.**' અવસર એટલે તક છે. એક તક મળી છે. અલ્પ કાળ માટેનો સમય એને તક કહેવાય છે. વારંવાર એ તક મળતી નથી. ઘણાં નિવૃત્ત થઈને ત્યાં રહ્યા. આવો યોગ વારંવાર મળતો નથી. ... એવી રીતે કોઈ નિવૃત્ત થઈને આવે તો 'ગુરુદેવ' એની અનમોદના કરતા કે એને એ વિચાર સૂઝ્યો છે એ યોગ્ય છે. ગ્રહણ કરશે ભલે પોતાના પુરુષાર્થ અને યોગ્યતા પ્રમાણે, પણ એણે જે પગલું ભર્યું છે એ તો બરાબર છે.

(એક મુમુક્ષુ)ની પ્રશંસા કરતા હતા. નાની ૪૦ વર્ષની ઉંમરે ચાલતો વેપાર ધંધો છોડીને આવેલા. બીજાને પણ પ્રેરણા મળે કે આટલી નાની ઉંમરમાં પણ આને આ વાત સાંભળવા માટે આટલો ફેરફાર (કર્યો). એથી વિશેષ ઉંમર થઈ છે એને તો ચોક્કસ વિચારવા યોગ્ય છે. ૪૦ વર્ષના આવી રીતે વિચાર કરે તો ૬૦-૭૦ વર્ષના હજી વળગી રહ્યા છે ધંધા-વેપારમાં. નિવૃત્તિ લેતા નથી. નિવૃત્તિ તો પોતાનું હિત કરવા માટે ...

એ રીતે અહીંયા 'પૂજ્ય બહેનશ્રી'એ પણ પ્રેરણા આપી છે કે આ અવસરે આ તક મળી છે એમાં પુરુષાર્થ કરીને આત્માનું હિત કરી લેવા જેવું છે. નિમિત્ત તરીકે પૂરતો યોગ મળ્યો છે. નિમિત્ત તરીકે કોઈ કસર છે નહિ. જે કાંઈ કસર છે એ હવે પોતાની છે. ૩૬૪ (પૂરો) થયો.

**કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી-જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ. જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે. અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું-શુભાશુભ ભાવનું-પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી. અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે. જો શુભ ભાવથી મુક્તિ થતી હોત, તો તો ક્યારની થઈ ગઈ હોત! હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે-જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે. ૩૬૫.**

૩૬૫ માં આત્મહિત કરી લેવાની પ્રેરણા આપી છે. '**કાળ અનાદિ છે, જીવ અનાદિ છે,...**' વ્યવહારકાળ. કાળ એટલે અહીંયાં વ્યવકારકાળ. અનાદિથી વ્યવહારકાળનો પ્રવાહ ચાલુ છે. કોઈ કાળે આ જીવનું અસ્તિત્વ નહોતું એ પણ નથી. અનાદિથી જીવ પણ છે. બંને અનાદિથી છે. કાળ ક્યારેય શરૂ થયો નથી. વ્યવહાકાળની કોઈ પહેલી પર્યાય નથી. કે આજે પહેલો દિવસ હતો એવું કોઈ નથી. અને જીવનો ક્યારેય અસ્તિત્વનો પહેલો દિવસ નથી. કયારેય જીવ નહોતો ભૂતકાળમાં એવું ક્યાંય નથી.

'**કાળ અનાદિ છે, જીવ અનાદિ છે,...**' એમ છતાં '**જીવે બે પ્રાપ્ત કર્યાં નથી...**' એક દ્રવ્ય છે અને ભાવ છે. એક ઉપાદાન છે અને એક નિમિત્ત છે. એ પ્રાપ્ત કર્યા નથી. '**જીવે બે પ્રાપ્ત કર્યા નથી-જિનરાજસ્વામી...**' જિનવરસ્વામી '**અને સમ્યક્ત્વ.**' બે પ્રાપ્ત કર્યા નથી. કોઈ તર્ક કરે કે અનંત સમવસરણમાં ગયો ત્યારે તો જિનવરની પ્રાપ્તિ થઈ કે નહિ? કે નથી થઈ. યોગ અયોગ. 'વિષય કષાય સહિત જે રહ્યા મતિના યોગ, પરિણામની વિષમતા...' ઊંધા પરિણામ ચાલ્યા, વિષમ પરિણામ ચાલ્યા. એને યોગ અયોગ થયો. એને યોગ છે એ અયોગ થઈ ગયો. જિનવરસ્વામી ખરેખર મળ્યા નથી. મળવા છતાં મળ્યા નથી એમ છે. મળીને જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થવો જોઈએ એ સંબંધ ન થયો.

શાસ્ત્ર મળે. શાસ્ત્રના શબ્દ છે એ વાચક છે. વાચ્ય પોતાનું સ્વરૂપ છે. વાચક વાચ્ય યોગ. 'સમયસાર'ની શરૂઆતમાં 'જયચંદ્રજી પંડિત' વાચક વાચ્ય નિયોગ એમ લખ્યું છે. વાચક-વાચ્યનો નિયોગ થવો જોઈએ. તો એને વાચક શાસ્ત્ર મળ્યું છે. એમ જિનવરસ્વામી મળ્યા ક્યારે? કે પોતાના જિન સ્વરૂપને પ્રાપ્ત કરે-અનુભવ કરે ત્યારે. એક મળે તો બેય મળ્યા. નહિતર બેમાંથી એકેય મળે નહિ. એમ લેવું છે.

'**જીવે બે પ્રાપ્ત કર્યાં નથી-જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ.**' અનંત કાળમાં, ભૂતકાળમાં બે ચીજ મળી નથી. '**જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ,..**' એ જ કહ્યું છે. મળ્યા પણ એમનું સ્વરૂપ ન ઓળખ્યું. જો અરિહંતદેવનું સ્વરૂપ ઓળખે તો પોતાના આત્માનું સ્વરૂપ ઓળખે. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' એનું મોહતત્ત્વ લય પામે ખરે. એનો મોહ નાશ થાય, થાય ને થાય જ. દર્શનમોહ એનો નાશ પામે એટલે એને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. જિનવરસ્વામી મળે તો સમ્યક્ત્વ મળે. સમ્યક્ત્વ મળ્યું એનો અર્થ એ કે એને જિનવરસ્વામી મળી ગયા છે.

એટલે સંયોગમાં '**જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે.**' એ જ કહ્યું છે કે તેથી મળ્યા તે ખરેખર તો ન મળ્યા બરાબર મળ્યા છે. શું મળવાનો અર્થ છે? કાંઈ મળવાનો અર્થ નથી. '**અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા પ્રાપ્ત કરતો નથી;...**' શું કહે છે? અનાદિ કાળથી ક્યારેક ક્યારેક એને વાત સાંભળવા મળે છે. જિનવરસ્વામી જેવા ઉત્કૃષ્ટ વક્તા હોય છે અને એવો એને સંયોગ થાય છે પણ અંદરમાં જતો નથી. કહે છે એમ કરતો નથી. ઉપર ઉપરથી સંમત કરે છે, ઉપર ઉપરથી હા પાડે છે. પણ અંદરમાં જતો નથી. એમ કહે કે અંદર તો જવું છે પણ જવાતું નથી. એમ કહે. ખોટી વાત છે. જેને અંદરમાં જવું હોય એને અંદરનો રસ્તો થયા વગર રહેતો નથી. તિર્યંચને થાય છે ભલા, મનુષ્યનો તો પ્રશ્ન જ ક્યાં છે? જો તિર્યંચને પણ થાય છે અને મનુષ્યને નથી થતો તો મનુષ્ય જરૂર અંદર જવાના બદલે બહાર જવાના રસ્તે સારી રીતે રોકાયેલો છે. થોડો રોકાયેલો નથી પણ સારી રીતે રોકાયેલો છે.

એવું નથી કે બાહ્ય પ્રવૃત્તિ જ માત્ર બાહ્ય રોકાણનું કારણ છે. પ્રવૃત્તિમાં પડેલા પણ અંદર ગયા છે. પ્રવૃત્તિમાં રહ્યા હોય અને અંદર ગયા છે. અને બહારમાં નિવૃત્તિ લીધી હોય અને અંદરમાં જતા નથી. તો ખરેખર તો એ પ્રવૃત્તિમાં પડ્યા છે. જેનો ઉપયોગ નિવૃત્ત થઈને અંતર્મુખ ન થાય, એણે નિવૃત્તિ લીધી જ નથી. કેમ કે એનો ઉપયોગ કાંઈને કાંઈ બાહ્ય પ્રવૃત્તિમાં વળગેલો, વળગેલો ને ચોંટેલો જ રહે છે. કાં શુભમાં અને કાં અશુભમાં. શુભાશુભમાં અટક્યા વિના એ પરિસ્થિતિ હોય નહિ.

નક્કી વાત છે. અને એમાં કોઈ કાંઈ દલીલ ચાલે એવું નથી. એમાં કોઈ બીજી પોલ ચાલે એવું નથી. કાં શુભમાં અટક્યો છે અને કાં અશુભમાં અટક્યો છે. અને જેનો ઉપયોગ અંતર્મુખ થયો એ ખરેખર એની નિવૃત્તિમાં આવ્યો છે. એ જીવે ખરેખર પ્રવૃત્તિ કરતો હોવા છતાં એ પ્રવૃત્તિ કરતો નથી. બોલતો હોવા છતાં બોલતો નથી. સમ્યગ્દૃષ્ટિને માટે એ પદ લખ્યું છે બનારસીદાસજીએ કે બોલતા છતાં બોલતો નથી, ખાવા છતાં ખાતો નથી, ઉપવાસી છે. ચાલવા છતાં ચાલતો નથી એમ લીધું છે. કેમ કે ક્યાંય એને વળગાડ નથી. ક્યાંય એ વળગતો નથી. બધેથી છૂટો અને છૂટો અંદરમાં એનું છૂટું જ પરિણામ રહે છે. આત્મા અંદરથી છૂટો જ રહે છે પરિણામથી. ક્યાંય ભળતો નથી.

મુમુક્ષુ :- અંદર જવા માટે પુણ્યાઈ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નહિ, નહિ. પુણ્યાઈ અટકવાનું કારણ છે. શુભ અને અશુભ બન્ને અટકવાનું કારણ છે. પુણ્યાઈ કામ ન કરે. આ પુણ્યનો માર્ગ તો સ્વર્ગને પ્રાપ્ત કરવાનો છે. ધર્મનો માર્ગ મોક્ષને પ્રાપ્ત કરવાનો છે. મોક્ષ અને સ્વર્ગ બે જુદી જુદી ચીજ છે. અન્યમતિમાં બેય એક છે. એક જૈન મતમાં આનો તફાવત છે. મોક્ષનો માર્ગ જુદો, સ્વર્ગનો માર્ગ જુદો. પુણ્યનો માર્ગ સંસારમાર્ગ અને મોક્ષનો માર્ગ એનાથી બિલકુલ ઊલટો. સંસારમાર્ગથી મોક્ષમાર્ગ છે એ બિલકુલ ઊલ્ટો છે. બેય એક નથી. ક્યારેય બે એક નથી, ત્રણે કાળે નથી. એમ છે.

ખેરખર તો જીવને જેટલો અશુભરસ અંતર્મુખ થવામાં નડે છે, બહાર રોકી રાખે છે એટલો જ જીવને શુભરસ પણ અંતર્મુખ થવામાં રોકી રાખે છે અને બહિર્મુખ રાખે છે. બહિર્મુખ રહેવામાં બંને રસ સરખું કામ કરે છે. એક ઓછું કરે છે અને એક વધારે કરે છે. એવો ફેર નહિ પાડવો જોઈએ. એટલે 'પ્રવચનસાર'માં એ વાત લીધી છે કે, એ રીતે જો કોઈ શુભ અને અશુભમાં તફાવત રાખે તો તે અનંત સંસારી ઘોર મિથ્યાદૃષ્ટિ છે. ઘોર સંસારમાં રખડશે. ઘોર સંસારે હિંડંતી. હિંડંતી શબ્દ વાપર્યો છે. ચાલશે, એનો ઘોર સંસાર ચાલુ રહેશે.

શુભાશુભથી પરિમુક્ત થઈને એટલી બુદ્ધિ તો વેદાંતવાળાએ ચલાવી છે. ... 'શ્રીકૃષ્ણ'ના મુખેથી 'ગીતા'માં એ વાત બોલાવી છે. જે શુભાશુભનો પરિત્યાગી છે એ મારો ભક્ત છે. એ મને પ્રિય છે. ઠીક. શુભાશુભનો પરિત્યાગી. ... વીતરાગ શબ્દ વાપર્યો છે. ભાવની ખબર નથી. બુદ્ધિ પહોંચાડી છે પણ ભાવ ભાસ્યો નથી. બુદ્ધિની પહોંચ એક વાત છે અને ભાવ ભાસવો એ તદ્દન બીજી વાત છે. ઘણાં બુદ્ધિવાળાને ભાવ ન ભાસે અને અલ્પ બુદ્ધિવાળાને ભાવ ભાસે. કેમ કે એ નિર્મળતાનો

વિષય છે. બુદ્ધિના ઉઘાડનો વિષય એ નથી. એમ છે.

સ્વરૂપ નિર્ણય કોણ કરી શકે? કે જેની મતિ નિર્મળ થાય તે. મતિ-શ્રુત કોનું નિર્મળ થાય? કે જેનો દર્શનમોહ ગળે એ. અનંતાનુબંધી અને દર્શનમોહ જેના શિથિલ થાય, મંદ થાય એની શક્તિ જેની હણાય એ જીવ સ્વરૂપ સન્મુખ થવા સમર્થ છે. અથવા સ્વરૂપ નિશ્ચય કરવા એ સમર્થ છે. બાકી બુદ્ધિની પહોંચવાળાનું આમાં કામ નથી.

મુમુક્ષુ :- અંદરમાં જીવ જતો નથી. અંદરમાં જ છે ખરી વાત તો અંદર છે. બહાર કાંઈ છે નહિ. ધૂળના ડુંગરા છે. તોય બહાર બહાર મથ્યા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવો વ્યામોહ છે. જીવને એવો વ્યામોહ છે. તો પણ એ બહારનો બહાર જ (ભટકે છે). બહારનું જ બધું એને સર્વસ્વ લાગે છે. અંદર એને જાણે કાંઈ છે નહિ. એટલું એને ગૌણ રહે છે. સર્વસ્વ એનું અંદર છે અને બહારમાં એનું કાંઈ નથી. છતાં ઊલ્ટી પરિસ્થિતિમાં વર્તે છે. એ પરિસ્થિતિમાં વર્તે છે તો ફળ પણ ઊલટું આવે છે.

મુમુક્ષુ :- આટલું સમજ્યા પછી પણ ...

પૂજ્ય ભાઈશ્રી :- સમજ્યો ક્યારે? કે જે સાંભળેલું હોય એનું અનુભવકરણ કરે ત્યારે. સાંભળેલા ભાવનો અનુભવ ન કરે તો એણે સાંભળ્યું શું? એક બાળકને સો રૂપિયા છે એની ખબર નથી. એને નોટ બતાડે. જો આને સો રૂપિયા કહેવાય. જો આને સો રૂપિયા કહેવાય. એને શું ખબર પડશે? આપો હાથમાં તો ફાડવા માંડશે. જેમ બીજા કાગળના કટકા કરે એમ સો રૂપિયાની નોટના ટૂકડા કરશે. કેમ કે એને સો રૂપિયાની ખબર નથી. બતાવે છે. શું કહેવાય? બોલ જો. તો કહે સો રૂપિયા. શું કહેવાય? બોલ જો. તો કહે સો રૂપિયા. એવું બાળક જેવું છે. અજ્ઞાનીને બાળબુદ્ધિ કહ્યા છે ને. એમ ખરેખર સમજ્યો નથી. સમજ્યો હોય એ પછી જાલ્યો રહે નહિ. એનો પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. આ સીધી વાત છે.

બહારમાં સુખ-દુઃખ લાગે છે ત્યારે સુખ-દુઃખ અંગેનો પુરુષાર્થ ઝાલ્યો રહે છે? તરત જ કેમ રડવું એના માટે કોઈ Class માં જવું નથી પડતું. પહેલાં શીખી લીધું હોય તો રડવાના ટાણે કામ આવશે કે આવી રીતે રડી શકાય. એ તો સહજ જ થાય છે. એવું છે. પુરુષાર્થ છે એ સહજ છે. એમાં કૃત્રિમતા (થતી નથી). અકૃત્રિમ સ્વરૂપ અને અકૃત્રિમ માર્ગને વિષે કૃત્રિમતાનો કોઈ મેળ ખાતો નથી. સુસંગત નથી.

**'અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી...'** એક પણ વાર ગયો નથી એમ કહેવું છે. અરે..! બહારમાં પણ એને અનંત વાર જિનવરસ્વામી મળ્યા અને એથી

વધારે અનંત વાર એને સત્પુરુષ મળ્યા. કેમ કે બેની સંખ્યામાં ફેર છે. અનંત વાર જિનેન્દ્ર મળ્યા અને એથી વધારે વાર એને સત્પુરુષ મળ્યા, તો એક વાર પણ એણે ઓળખાણ કરી નથી. કેટલી વાર? એક વાર પણ એણે ઓળખાણ કરી નથી. એકવાર જો ઓળખાણ કરે તો એ અંતર્મુખ થયા વિના રહે નહિ. જે દશાને એ પ્રાપ્ત થયા છે એ દશા એને ઓળખાય. 'જાણ્યે તને હૃદય જ્ઞાની તણા જણાય' હે જ્ઞાયક શુદ્ધાત્મા! તને જાણતા જ્ઞાનીના હૃદય જણાય છે. અથવા જ્ઞાનીના હૃદય જાણવા જતાં તું શુદ્ધાત્મા કેવો છો એના હૃદયમાં બિરાજમાન એ અમને જણાય છે. એમ સામેસામું આવે છે.

એટલે કેમ જ્ઞાનીને ઓળખતા સ્વરૂપપ્રાપ્તિ થાય છે? જ્ઞાનીને ઓળખતા શા માટે સ્વરૂપ પ્રાપ્તિ થાય છે? કે એના હૃદયમાં જે બિરાજમાન છે એનું હૃદય પકડાય છે ત્યારે એના દર્શન પણ પોતાને થાય છે. કારણ કે પરમાત્માને વળગેલા છે. એમના ઉદયભાવને જોઈને ભ્રમમાં પડતો હતો. પણ અંદરમાં તો આ પરમાત્માને વળગેલા છે. આ પરમાત્મા આ જ સર્વસ્વ છે. એવો જ મારો આત્મા છે. એની પણ પરિણામની ગતિ બદલાય છે.

શું કહે છે? કે '**અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા...**' નવીનતા એટલે સમ્યક્ત્વ, શુદ્ધતા. સમ્યક્ પ્રકારે શુદ્ધતાને પ્રાપ્ત કરતો નથી. કષાયની તીવ્રતા અને મંદતા એ જ કર્યા કરી છે. કાં તો કષાય તીવ્ર કર્યો છે, કાં તો કષાય મંદ કર્યો છે. આથી બીજું નવીન કર્યું નથી કાંઈ. અથવા સર્વ પ્રકારે એ ઉદયભાવને અનુસર્યો છે. જેવો ઉદય છે એવું કામ કરે છે. ઉદયથી છૂટો પડીને ક્યારે પણ અસંગ દશામાં આવ્યો નથી. અસંગ તત્ત્વની સમીપ આવ્યો નથી. ઉદયનો સંગ કર્યો છે. અસંગ તત્ત્વનો સંગ કર્યો નથી. એમ.

'**એક ને એક વિષયનું-શુભાશુભ ભાવનું-પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી.**' એમ કહે છે. એના એ શુભાશુભ ભાવ અનંત વાર કરેલા, કરી ચૂકેલો. તેના તે શુભાશુભ ભાવ કરે છે. અશુભ પણ ફરીવાર એના એ કર્યા અનંત વાર. શુભ પણ અનંત વાર કર્યા. ઉત્કૃષ્ટ શુભ, ઉત્કૃષ્ટ અશુભ. એના બધા ભંગભેદમાંથી પસાર થઈને બધા ફળને અનંત વાર પંચપરાવર્તનને ભોગવી ચૂક્યો છે એના ફળમાં. પણ એથી નવીન એણે કાંઈ કર્યું નથી. મોક્ષમાર્ગને વિષે એક પણ પગલું એણે ભર્યું નથી. એક ડગલું મોક્ષમાર્ગમાં એ આગળ વધ્યો નથી. આને આ સંસારમાર્ગમાં. ત્યાંને ત્યાં... ત્યાંને ત્યાં... ત્યાંને ત્યાં... એનું ને એનું પિષ્ટપેષણ કર્યા કરે. પિષ્ટપેષણ એટલે એને ને એને રગડ્યા કરે છે.

જીવ રાગને જ રગડે છે-વિભાવને જ રગડે છે. વિભાવનો એને રસ છે. સ્વભાવને ઓળખ્યો નથી એટલે સ્વભાવનો રસ એને આવતો નથી. પહેલા વિચારવામાં એ વાત જરા ચોંટ મારીને આવવી જોઈએ કે અંદરમાં દેહમાં બિરાજમાન એક અનંત શક્તિશાળી તત્ત્વ છે, સત્ત્વ છે. જબરજસ્ત એની શક્તિઓ છે. એની ઓળખાણ થાય તો જ બધો નિવેડો છે અને એને ઓળખ્યા વગર આ બધું પરિભ્રમણ છે. તમામ દુઃખ, તમામ પ્રકારનું અસમાધાન, બધી ગડબડ આખા જગતની બધી જેટલી ગડબડ દેખાય છે એક આ નિજ તત્ત્વને નહિ ઓળખવાને લીધે છે. સ્વયં જે બોધસ્વરૂપ જ છે. સ્વયં બોધસ્વરૂપ છે અને જેને જાણતા એને અવબોધ જ્ઞાન-સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થાય છે. અબોધ એટલે જેવું સ્વરૂપ છે એવો જ બોધ. બધી ગડબડ મટે છે. આ સિવાય કોઈ બીજો ઉપાય નથી વિટંબણાઓને મટવાનો.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- પહેલામાં પહેલી વાત છે. એટલે તો 'આત્મસિદ્ધિ'માં ઘણી વાતો લખી. ૧૪૨ કડીમાં 'શ્રીમદ્જી'એ પહેલી લીટી આ લખી કે, 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' જગતના જીવો કે મારો આત્મા અનંત પ્રકારના દુઃખને પામ્યો એનું એક જ કારણ-સ્વરૂપને સમજ્યો નહિ. સ્વરૂપને ઓળખ્યું નહિ. સ્વરૂપ એટલે પોતાનું મૂળ શુદ્ધાત્મ સ્વરૂપ. અસલ સ્વરૂપ. મૂળ અસલ શુદ્ધાત્મ સ્વરૂપ અનંત શક્તિનો પિંડ છે. નિર્વિકલ્પ તત્ત્વ છે, ધ્રુવ તત્ત્વ છે, નિત્ય ધ્રુવ છે. પોતાનું ખરું સ્વરૂપ જ છે. એને ઓળખ્યું નહિ. એને કારણે અનંત દુઃખ પામ્યો છે. એમ ન કહ્યું કે તપશ્ચર્યા ન કરી માટે અનંત દુઃખ પામ્યો, ઉપવાસ નહોતો કર્યો માટે અનંત દુઃખ પામ્યો. માળા નહોતી ફેરવી, યાત્રા નહોતી કરી, દાન નહોતા દીધા, શાસ્ત્ર નહોતું વાંચ્યું એવું કાંઈ ન કહ્યું. ભક્તિ નહોતી કરી, પૂજા નહોતી કરી, ફલાણું નહોતું કર્યું માટે તું નથી પામ્યો એમ નથી કહ્યું. કેમ કે એ તો એ બધું તું કરી ચૂક્યો છું. 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો.'

... બધો નિવેડો છે. શુદ્ધ પદ છે. તારા પરિણામમાં સંસારના જે અશુદ્ધ ભાવો થઈ રહ્યા છે એનાથી તદ્દન વિલક્ષણ એવું શુદ્ધ પદ છે. ગમે તેમ કરીને એટલે કે પુરુષાર્થ પૂરો કરીને. કરિડેયા કરીને એકવાર એ તું કર. તો બધી વાતનો નીવેડો છે અને નહિતર એનું એ અનાદિનું છે. એમાંથી થાકતો નથી. આ એક કરુણાજનક સ્થિતિ છે, દયાજનક સ્થિતિ છે. મોટી Tragedy છે આ કે જીવ થાકતો પણ નથી. દુઃખી થાય છે તો પણ થાકતો નથી. માથું ભટકાય અને ઢીમણું થાય તો ફરીને જોઈને ચાલે. પણ આ તો એમાંથી પણ ગયો. માણસ કોઈ કહે કે શું કરીએ?

પણ આંધળો હોય એ તો હોય ભટકાય. તો કહે, આંધળો હોય તો પણ પછી એ જરા સંભાળીને ચાલે. એક વાર માથું ભટકાય અને ઢીમણું થાય તો આંધળો હોય તો પણ પહેલા હાથ આમ આગળ આડો રાખીને પછી જુએ કે આ કાંઈ ભટકાતો નથીને? એટલી પણ સાવધાની આવતી નથી. નિજ હિતને વિષે જરા પણ સાવધાની આવતી નથી. એટલે એ દિશાની અંદર પ્રગતિ થતી નથી. બહારનું બહાર બધું પિષ્ટપિંજણ કર્યા કરે છે. એનો એ શુભાશુભ... એનો એ શુભાશુભ.

મુમુક્ષુ :- પિષ્ટપિંજણ મૂકીને ચિતાર બહુ સરસ આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ અનુભવપૂર્ણ. શું કર્યું છે એ પોતાને ખબર છે કે આ જીવ બધું કરી ચૂક્યો છે. એટલે ખબર છે.

**'અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં ચાલ્યો જાય છે.'** સહેજે સહેજે એને ન કરવા હોય તો પણ અશુભ પરિણામ થઈ જાય. મોક્ષમાર્ગમાં પણ હજી પાંચમા ગુણસ્થાન સુધી અશુભભાવની વિદ્યમાનતા છે. થઈ આવે છે સાધકને. મિથ્યાદૃષ્ટિ તો ગમે એટલું શુભ કરે તો પણ અશુભ થયા વિના રહે નહિ. એનું મિથ્યાત્વ જ મોટું અશુભ છે. નિરંતર ચાલુ રહે.

એક જગ્યાએ 'ગુરુદેવશ્રી'એ 'પરમાગમસાર'માં કીધું છે કે, તારે અશુભ નથી જોઈતું ને. પાપ તારે ન જોઈએ એટલી તો તને સમજણ પડી છે ને? પણ પાપનું મૂળ કાપ્યા વગર, પાપ ઊગ્યા વગર રહેશે નહિ. એ ઊગ્યા વગર રહેશે નહિ. તો એનું મૂળ-જડ, હિન્દીમાં એને જડ કહે છે. મૂળને જડ કહે છે. જડ પદાર્થ નહિ. જડ એટલે મૂળ. તો ભેદજ્ઞાન વગર પાપની જડ કપાતી નથી. હિન્દી શબ્દ વાપર્યો છે. ભેદજ્ઞાન વગર પાપની જડ કપાતી નથી. મૂળ ન કપાય. ભેદજ્ઞાનથી જ કપાય. મોક્ષમાર્ગીને-સમ્યગ્દૃષ્ટિને, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકને અશુભભાવ થાય, પાપભાવ થાય પણ એ મૂળ વગરના થાય છે. મૂળ કપાઈ ગયું છે એનું. એટલે એ ભાવ ટકશે નહિ. એ ભાવનું કોઈ એવું મોટું ફળ આવશે નહિ. સામાન્ય ફળ દઈને છૂટી જશે.

જ્યારે જગતનો મિથ્યાદૃષ્ટિ જીવ પાપનું મૂળ સાજુ રાખવા માગે છે. મિથ્યાત્વમાં એમ ને એમ રહે છે અને પાપ મારે ન જોઈએ અને પુણ્ય મારે કરવું છે. નહિ થાય. પાપના પરિણામ આવ્યા વિના રહેશે નહિ. આ એક એવું સત્ય છે કે કોઈ પણ જીવ પોતાના અનુભવથી સમજી શકે એવું છે. એને અશુભભાવ નથી જોઈતા એમ વિચાર કર્યો હોય તો પણ બીજી ક્ષણે આવીને ઊભો રહે. એ વિચાર કરે એ પહેલા તો ઉત્પન્ન થઈ જાય. એનો વિચાર પણ ન કરે એ પહેલા ઉત્પન્ન થઈ

જાય. એ વસ્તુસ્થિતિ છે. એટલે શુભમાંથી અશુભમાં અને અશુભમાંથી શુભમાં આવી જ જાય છે જીવ.

અહીંયાં એમ કહે છે કે '**જો શુભભાવથી મુક્તિ થતી હોત...**' આ તમારા પ્રશ્નનો જવાબ આવ્યો. પુણ્યાઈથી મુક્તિ થતી હોત. '**જો શુભભાવથી મુક્તિ થતી હોત, તો તો ક્યારની થઈ ગઈ હોત.**' આ જીવે એટલા શુભભાવ કર્યા છે. અત્યારે તો કાંઈ કરતો નથી એના પ્રમાણમાં. ભૂતકાળમાં એટલા શુભભાવ કર્યા છે કે અત્યારે તો એના પ્રમાણમાં કાંઈ એક ટકો પણ નથી. એટલા બધા કરી ચૂક્યો છે. જો એનાથી મુક્તિ થતી હોત તો તો કે દિવસની થઈ ગઈ હોત. કે દિવસનો છૂટી ગઈ હોત.

મુમુક્ષુ :- સહાયરૂપ થાય કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- તો તો છૂટી ગઈ હોત. જો એ ભાવ સહાયભૂથ થયા હોત તો પણ છૂટી ગયો હોત. જો એને સહાયભૂત થયા હોત તો પણ છૂટી ગયો હોત. પણ તત્ત્વદષ્ટિએ બે વિરુદ્ધ તત્ત્વ છે. પુણ્ય છે એ બંધતત્ત્વમાં જાય છે. પાપ અને પુણ્ય બંનેનો બંધતત્ત્વમાં સમાવેશ છે. નવમાંથી સાત કરો તો પુણ્ય અને પાપ બંધતત્ત્વમાં જાય છે. સંવરમાં કે નિર્જરામાં કે મોક્ષમાં એકેય તત્ત્વમાં એની સાથે સંબંધ નથી. એટલે તાત્ત્વિક દષ્ટિએ જ વિરુદ્ધ છે. તત્ત્વદષ્ટિએ એની વિરુદ્ધતા નથી. જે એની વિરુદ્ધતા સમજતા નથી એ તત્ત્વદષ્ટિને સમજતા નથી. અથવા એની પાસે તત્ત્વદષ્ટિ નથી એમ કહેવું જોઈએ.

મુમુક્ષુ :- સમજે એ પામે.

પૂજ્ય ભાઈશ્રી :- સમજે અને સમજીને અંતર્મુખ થાય. સમજીને સમાય. એ પામે. સમજ્યા તે સમાય રહ્યા અને સમજ્યા તે સમાઈ ગયા. આ સીધી વાત છે.

'**જો શુભભાવથી મુક્તિ થતી હોત તો તો ક્યારની થઈ ગઈ હોત!**' તો તો ક્યારની થઈ ગઈ હોત. અનંત કાળ પહેલાં આ જીવ છૂટી ગયો હોત. આ વાત પણ બહુ માર્મિક કરી છે. તો તો તું કે દિવસનો અનંત કાળ પહેલા તારી મોક્ષદશા થઈ ગઈ હોત. ઘણું તેં કર્યું છે શુભ. પુણ્ય કરવામાં પણ તેં કાંઈ બાકી રાખી નથી. પાછુ વાળીને નથી જોયું એટલા પુણ્ય કર્યા છે. પાછુ વાળીને એટલે કે હવે મારું શું થશે? એમ નહિ. આંખ મીંચીને કરેલા છે. એથી કાંઈ મુક્તિ થતી નથી. એનું ફળ પણ સંસાર જ છે. એનું ફળ પણ સંસાર છે. અથવા એ પોતે જ સંસારસ્વરૂપે છે. સંસરણ ઈત સંસાર. આત્મામાંથી સરીને એ પરિણામ થયા છે. બહાર નીકળીને એ પરિણામ થયા છે.

**'હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે...'** એનો વિશ્વાસ છોડીને. એકલો શુભભાવ, શુભાશુભ એમ નહિ છૂટે. પહેલો એનો વિશ્વાસ છોડવાની વાત છે કે એ મને આધારભૂત નથી, એની મને સહાય નથી. એને લઈને મારું હિત થવાનું નથી. આ સહાય છે એ એમાં આવી જાય છે. એ વિશ્વાસ છૂટી જવો જોઈએ. શુભભાવ મારા આત્મકલ્યાણ માટે કેટલા કામના છે? કે બિલકુલ નકામા છે. એમ એને વિશ્વાસ આવવો જોઈએ. આ વિશ્વાસમાં રહી ગયો છે. આમ કરતાં કરતાં... આમ કરતાં કરતાં કાંઈક આગળ-પાછળ આપણું કલ્યાણ કો'ક દાડો થઈ જશે. અને એવું ઊંધુ સમજાવનારા નીકળે કે ભાઈ! મુક્તિમાં જવું એ કાંઈ સહેલી વાત નથી. ઘણા ભવમાં થોડું... થોડું... થોડું... થોડું... થોડું... ભેગું કરતો જાય પછી મુક્તિએ પહોંચે. એટલે અત્યારે તમે પુણ્ય કરો આ બધા, તો તમને આગળ સહાયરૂપ થશે.

જેમ કે પુણ્યના ફળમાં સમવસરણમાં જાય છે. કેટલી વાર ગયો? અનંત વાર ગયો. અનંત વાર ગયો અને હજી અનંત વાર જાય. પુણ્યના ફળમાં મુક્તિએ જાશે એવું એક વાર બનશે નહિ. એમ છે. બીજા પુણ્ય તો એક બાજુ રહ્યા. રાજા થાય, શેઠિયો થાય, દેવ થાય, એ તો એક બાજુ રાખો. પણ પુણ્યના ફળમાં સમવસરણમાં જાય. કેટલી વાર ગયો? અનંત વાર ગયો. જો એનાથી મુક્તિ થતી હોત તો કે દિ'ની તારી થઈ ગઈ હોત. એમ નથી થતી.

મુમુક્ષુ :- શરૂમાં વિસામો લેવાને બદલે સ્થિરતા આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વિસામો લેવા જાય તો સ્થિર જ થાય ને. એ વિસામાનું સ્થાન જ નથી. આકુળતાનું સ્થાન છે. એ વિસામાનું સ્થાન નથી. ત્યાં વિસામો મળે એવું કાંઈ છે નહિ. આકુળતા જ એકલી છે. અશુભભાવમાં પણ આકુળતા છે અને શુભભાવ પણ આકુળતા જ છે. એકાંતે આકુળતા છે.

મુમુક્ષુ :- વિસામો ક્યાં લેવો?

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્રામ સ્થાન પોતાનું સ્વરૂપ છે. અનંત અનંત શાંત સ્વરૂપે છે. અનંત શાંતિનો ગઢ છે. અનંત શાંતિનો મહેલ છે. અનંત અમૃતનું સરોવર છે. હિલોળા લે એવું. એમાં વિશ્રામ લે. આવે છે, આચાર્યો ભાવના ભાવે કે હે જીવો! આત્મશાંતિમાં, આનંદઅમૃતમાં અંતર્મુખ થઈને નિમગ્ન થાઓ. નિમગ્ન થાઓ. આત્મામાં નિમગ્ન થાઓ... આત્મામાં નિમગ્ન થાઓ...! ક્યાંય પુણ્યમાં ડૂબી જાવ એમ કહેતા નથી. આત્મામાં ડૂબી જાવ એમ કહે છે. અને એ તો શુભાશુભ રહિત છે. મૂળ જે પોતાનું સ્વરૂપ છે એ શુભાશુભ રહિત છે. તો જે તત્ત્વો પોતે જ જેનાથી રહિત

છે એનાથી એનો લાભ માને એ તો બિલકુલ ઊંધી માન્યતા છે. બિલકુલ ઊંધી માન્યતા છે. એટલે તો કોઈને કઠોર લાગે છે.

'સોગાનીજી'એ પત્રમાં લખ્યું છે કે, 'દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ માનના હી અલાભ હૈ.' આમ લીધું છે. માન્યતા શબ્દ વાપર્યો છે. કઠોર લાગે છે. ભાઈ! એ શુભભાવ છે, શુભભાવથી તું લાભ માને છો. તારા સ્વરૂપની ચીજ નથી એનાથી તું લાભ માને છો. તારા સ્વરૂપથી વિરુદ્ધ છે એનાથી તું લાભ માને છો. બહુ મોટું નુકસાન છે.

મુમુક્ષુ :- આ પાઠ જ બધા જુદા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અલૌકિક માર્ગ છે! ખરેખર તો અલૌકિક માર્ગ છે! લોકોત્તર માર્ગ છે. લૌકિકમાં એ વિષય ચાલતો નથી. લૌકિકમાં ધર્મ બીજી રીતે ચાલે છે. અને જગતનો વ્યવહાર પણ બીજી રીતે ચાલે છે. આ માર્ગ જુદી રીતનો છે.

મુમુક્ષુ :- શરૂ શરૂમાં તો આ વાત બેસે જ નહિ કે આ શું કહે છે?

પૂજ્ય ભાઈશ્રી :- બીજું સ્વીકારેલું છે ને? જગ્યા ખાલી નથી. માન્યતામાં જગ્યા ખાલી નથી. જગ્યા ખાલી નથી. લખેલા ઉપર શું લખાય? લખેલા ઉપર લખાય નહિ. કોરું હોય તો લખાય. 'ગુરુદેવે' ઘણું માર્ગદર્શન આપ્યું છે કે, આ વાત સાંભળવા માટે એક વાર તું કોરી પાટી થઈ જા. કોરી પાટી થઈ જા. પૂર્વે ગ્રહેલું છે, પૂર્વે સાંભળેલું છે, પૂર્વનું પકડેલું છે એ બધા ઉપર ચોકડી મૂકી દે. એ બધું ભૂલી જા, વિસ્મૃત કરી જા. કોઈ નવી જ વાત નવેસરથી સમજવાની છે એવો અભિપ્રાય અથવા પૂર્વગ્રહ ધારણ કરીને સાંભળવા બેસ. તો તને વાત ઠેકાણે પડશે. ઠેકાણે નથી પડી એનું આ કારણ છે. સાંભળવા ઘણી વાર મળ્યું. પણ જૂની વાત મૂકી નથી. નવી વાત ગ્રહણ થતી નથી.

**'હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે...'** એનો વિશ્વાસ છોડીને. ભાવ ભલે થોડી વાર ચાલુ રહેશે. લાંબા નહિ ચાલે પછી. એક વાર વિશ્વાસ છોડી દે તું. પુણ્ય મને મદદકર્તા નથી, અને પુણ્યના ફળનો મને કોઈ આધાર નથી. પુણ્યના ફળના આધારે મારે આગળ વધવાનું નથી. પુણ્યના ભાવના આધારે પણ મારે આગળ વધવાનું નથી. તું વિશ્વાસ છોડી દે એનો. એ હિતરૂપ નથી. મને હિતમાં સહાયરૂપ નથી. ભૂલ તો અહીં થાય છે. કાંઈક સહાય કરશે... કાંઈક સહાય કરશે... મને આ કાંઈક સહાય કરશે. એ વિશ્વાસ છોડી દે. એમ કહે છે.

મુમુક્ષુ :- એક ટકો તો કરાયને? ૯૯ ટકા ભલે ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસમાં ટકા-બકા પડતા નથી. એક માણસ ઉપર સો રૂપિયા

તમારી પાસેથી સો રૂપિયાનો માલ લેવા આવ્યો દુકાનેથી. તમને એક ટકો વિશ્વાસ છે અને નવ્વાણું ટકા વિશ્વાસ નથી. તો એક રૂપિયાનો માલ આપી દેશો. કે નવ્વાણુંનો માલ નહિ આપું. કેમ કે મને એક ટકો વિશ્વાસ છે. વેપાર થાય જ નહિ. કાં તો વિશ્વાસ હોય તો સોએ સો ટકા પૂરો. અને કાં વિશ્વાસ ન હોય તો એમ કહો કે ભાઈ! તું રોકડા લઈને આવ. મારી પાસે ઉધાર વેચવા માટે માલ નથી. એમાં ટકા કાંઈ પડે? કે ૫૦ ટકા વિશ્વાસ છે એટલે ૫૦ રૂપિયાનું ઉધાર આપીશ. ૫૦ પણ જવાના એ તો. એવું કોઈ કરતો નથી. Practically એવું કોઈ કરતું નથી. એમ થતું નથી. એ વાત પણ માર્મિક કરી છે, વિશ્વાસ છોડી દે. પુણ્ય અને પુણ્યના ફળનો તું વિશ્વાસ છોડ.

એને એમ થાય કે પુણ્યના ફળ ન હોય તો પછી મારું થાય શું? મારું શું થાય? કોના આધારે હું જીવું? કે તારી જીવત્વશક્તિનું સામર્થ્ય પણ અનંત છે. અનંત કાળથી જીવતો આવ્યો છો. પુણ્ય ખૂટ્યા તે દિ'એ જીવતો આવ્યો છો. પુણ્ય રહ્યા તે દિ'એ જીવતો આવ્યો છો. પુણ્યના કારણે તું જીવતો હોત તો પુણ્ય ખૂટ્યા તે દિ' તું જીવતો રહેત નહિ. હજી તો હાજરાહજૂર મોજૂદ છો-હયાત છો. એમ બતાવે છે કે તારી હયાતી શાશ્વત છે. અનંત જીવત્વશક્તિને લઈને તું જીવે છો. બીજા કોઈને લીધે તું જીવતો નથી.

એક વાક્યમાં સર્વજ્ઞ અનુસારીણી વાણી હોવાથી આખા જગતને આવરી લીધું છે. જગતના બધા જીવો પુણ્યના વિશ્વાસથી મારું જીવન ચાલે છે એવી રીતે જીવી રહ્યા છે. પુણ્યના વિશ્વાસે પડેલા છે. પુણ્યના ભરોસે પડેલા છે. ત્યાં સુધી જીવોનો સંસાર મટતો નથી.

'**હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે...**' સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર. આત્માના પવિત્ર શુદ્ધ પરિણામોને કરે એ નવીન છે. એ નવીન છે. સમ્યક્ પરિણામોને કરે તે નવીન છે. એક વાર પણ અપૂર્વ નવીન ભાવને કરે. એટલે કે, એમ. ડેશ કર્યો છે એનો અર્થ એટલો થાય. અર્થાત્. '**અપૂર્વ નવીન ભાવને કરે**' અર્થાત્ '**જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે,...**' એ ભગવાનનો ઉપદેશ છે. જિનવરસ્વામીએ ક્યારેય પુણ્ય કરવાનો ઉપદેશ આપ્યો નથી. જેમ પાપ કરવાનો કોઈ ઉપદેશ આપે નહિ અન્યમતની અંદર, એમ જિનવરસ્વામી પાપ કરવાનો તો ઉપદેશ આપે જ નહિ પણ પુણ્ય કરવાનો પણ ઉપદેશ આપે નહિ.

મુમુક્ષુ :- પુણ્યનો ઉપદેશ આવ્યો ક્યાંથી?

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્યનો ઉપદેશ આવ્યો મિથ્યાત્વમાંથી. મિથ્યાદષ્ટિઓનો એ ઉપદેશ છે. અનાદિ કાળથી સંસારમાર્ગ પણ છે અને મોક્ષમાર્ગ પણ છે. મિથ્યા અભિપ્રાય પણ છે અને સમ્યક્ અભિપ્રાય પણ છે. સત્ય અભિપ્રાય પણ અનાદિ કાળથી વિદ્યમાન છે જગતના જીવોને-કેટલાક જીવોને. અને અસત્ય અભિપ્રાય પણ અનાદિથી સંસારીઓને વિદ્યમાન છે. બેય સરખા જૂના છે, પૌરાણિક છે. સત્ય વધુ પૌરાણિક છે અને અસત્ય ઓછું પૌરાણિક છે. અસત્ય વધુ પૌરાણિક છે કે સત્ય વધુ પૌરાણિક છે એમ નથી. એ પરિસ્થિતિ ઊલ્ટી છે કે સત્ય ગ્રહણ કરનારની સંખ્યા છે એ ઓછી રહી છે હંમેશા અને અસત્યવાળાની સંખ્યા હંમેશા વધારે રહી છે. આવુ બન્યું છે હંમેશા. એટલે લોકો ભૂલ્યો પડ્યા છે. જાજા તો આવા છે, ઘણાં તો આમ કહે છે. આ એક જીવને ભ્રમણાનું કારણ બન્યું છે. ઘણાં શું કહે છે એ બાજુ એ દોરવાય જાય છે. અને બહુભાગ જગતનો વ્યવહાર તો ઘણાં કરે તેમ કરવું એમ જ ચાલે છે. જેમ કે જે કાળની અંદર લોકો યજ્ઞ કરીને પશુની હિંસા કરીને એનો હવન-હોમ કરતા હતા. તો ઘણાં કરતા હતા તો લોકોને કાંઈ એવું નહોતું લાગતું. આ ઘણાં કરે છે. આ તો ઘણાં કરે છે. આ ખોટું છે અને દોષિત છે એવું નહોતું લાગતું. રાજાઓ કરે, મહારાજાઓ કરે, શેઠીયાઓ કરે, નાના માણસો એની શક્તિ પ્રમાણમાં કરે.

મુમુક્ષુ :- ઈ જમાનામાં સારું કહેવાતું.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ધર્મ ગણાતો હતો. ધર્મની ક્રિયા એને ગણવામાં આવતી. તો એ શેના ઉપર? ઘણાં કરે છે માટે. આમ જીવ દોરવાણો છે, ભોળવાણો છે સંખ્યાથી. આ એક એને ભ્રમણાનું નિમિત્ત થયું છે. એ પરિસ્થિતિ હંમેશા રહેવાની છે. જગતની અંદર સારું ઓછું હશે હંમેશા. ખરાબ વધારે હશે. વિવેક પોતાને કરવાનો છે. સંખ્યાએ દોરવાઈ જવાનું નથી. સત્‌ને સંખ્યાની જરૂર નથી. સૂત્ર આપી દીધું. સત્‌ને સંખ્યાની જરૂર નથી.

'ગાંધીજી'ને આ જવાબ આપ્યો છે. 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ આ જવાબ આપ્યો છે. કયો ધર્મ જૂનો પૌરાણિક છે? અને જે ધર્મ પુરાણો છે તે જ સત્ય છે કે બીજો કોઈ પાછળથી નવો ઊપજેલો સત્ય છે? આમાં શું વાત છે? કારણ કે એમાં ગપગોળા ઘણાં ચાલે છે જગતમાં. એની કિવદંતીઓ ઘણી છે. કોઈક આમ કહે છે... કોઈક આમ કહે છે... કોઈક આમ કહે છે. આ ચોખ્ખું કહી દીધું. જુઓ ભાઈ! આ સત્ય અભિપ્રાય ધારણ કરવાવાળા જીવો અનાદિથી છે આ જગતમાં. અને અસત્ય અભિપ્રાય ધારણ કરવાવાળા જીવો પણ અનાદિથી છે. બંને માર્ગ અનાદિથી

છે. સન્માર્ગ પણ અનાદિ છે અને ઉન્માર્ગ પણ અનાદિથી છે. એમાં કોઈ પુરાણો છે અને કોઈ નવો છે એવું નથી. અનાદિથી છે અને અનંત કાળ બંને રહેવાના છે. હવે તારે એમાંથી સાચું શું છે એ સમજીને ગ્રહણ કરવાનું છે.

'**જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે.**' તો તે જરૂર શાશ્વત સુખને પામે. જે જિનેન્દ્ર પરમાત્માએ અંતર્મુખ રહેતા ઈચ્છા વિના જે દિવ્યધ્વનિ અને વાણી છૂટી, એ વાણીની અંદર ઉપદેશ પણ એ જ આવ્યો. હવે જુઓ! પોતે પરિપૂર્ણ શુદ્ધ દશાએ નિરવશેષ અંતર્મુખ રહે છે. એમના ઉપદેશમાં પુણ્ય કરવાની વાત ક્યાંથી આવે? જેઓ પુણ્ય-પાપ રહિત થયા. પૂર્વે કરેલા તીર્થંકરાદિ પ્રકૃતિના કર્મફળને ભોગવવા માટે પણ એની સન્મુખ ન થયા. એક અંશ પરિણામ પણ. અનંતમા ભાગે. સામું જોતા નથી. સમવસરણની સામું જોતા નથી. ઈન્દ્રાદિની અને વિભૂતિની સામે જોતા નથી. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા'. જરાય સન્મુખ નથી. વીતરાગ થઈને એકલો વીતરાગતાનો ઉપદેશ આપે છે. કે વીતરાગ થઈને પુણ્યનો ઉપદેશ આપશે? જેણે જે છોડ્યું. વ્યસન છોડ્યું ઈ એમ કહેશે? વ્યસનનો ઉપદેશ આપશે? ઈ તો મેં છોડ્યું છે.

ભગવાને પુણ્યનો ઉપદેશ આપ્યો નથી એનો સબૂત અથવા પુરાવો છે. કે પોતે વીતારાગ થઈ ગયા અને પછી ઉપદેશ આપ્યો છે. વીતરાગ થયા પછી. તો રાગનો અને શુભનો ઉપદેશ એમણે આપ્યો હોય જ નહિ. કોઈ કહે તો એ માની શકાય એવું નથી. સીધી વાત છે. કોઈ એમ કહે કે ના ના ભાઈ! અમે સાંભળ્યો છે ઉપદેશ. અમારા જિનવરસ્વામીએ પુણ્ય કરવાનું કીધું છે અને પુણ્ય કરતા કરતાં મોક્ષે જશો એમ કીધું છે. અને એના શાસ્ત્રો અત્યારે લખેલા ભગવાનના નામે વિદ્યમાન છે. એ વીતરાગનું શાસ્ત્ર નહિ, વીતરાગે એ વાત કરી ન હોય. એ વાત કોઈ રીતે માની શકાય એવી નથી.

'**તો તે અવશ્ય શાશ્વત સુખને...**' એટલે શાશ્વત સુખને પામે જ પામે.

## તા. ૨૫-૦૫-૧૯૮૮, વચનામૃત-૩૭૦
## પ્રવચન નં. ૨૮૨

**નોંધ :- પ્રવચન નં. ૨૮૦માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી. પ્રવચન નં. ૨૮૧માં ૧૮ મિનિટ પછી અવાજ ખરાબ છે તેથી લેવામાં આવેલ નથી.**

**જેને આત્માનું કરવું હોય તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે. 'કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે. પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે.**

**જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે. તેમના સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે જેહને' એવું હોય છે. ધ્યેયને તેઓ ભૂલતા નથી. ૩૭૦.**

જ્ઞાનદશાનું .. કરે છે. એ પહેલા શું કરવા જેવું છે? એ વાત પહેલાં કરે છે. **'જેને આત્માનું કરવું હોય તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે.'** જેને આત્માનું હિત કરવું હોય અથવા જેને આત્માનું કલ્યાણ કરવું હોય, આત્માને દુઃખથી મુક્ત કરવો હોય. આત્માનું કરવું એમાં એ બધા ભાવ ગર્ભિત છે. આત્માનું કરવું એટલે શું કરવું? કે આત્મહિત કરવું, આત્મકલ્યાણ કરવું, આત્માને પરિભ્રમણથી મુક્ત કરવો, આત્માને સંસારથી અને દુઃખથી મુક્ત કરવો. એવું જેણે કરવું હોય **'તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે.'** આત્માનું ધ્યેય એટલે શું? આત્મા પૂર્ણ શુદ્ધ થાય એવું જેનું ધ્યેય છે, એ ધ્યેયને કદાપી વિસ્મરણ કરવા યોગ્ય નથી. જ્યાં પહોંચવું છે, એ પહોંચવાનું સ્થાન છે એ એના લક્ષમાંથી, એના ધ્યાનમાંથી ક્યારે પણ છૂટવું જોઈએ નહિ.

એ સીધી સાદી વાત કે જે કામ કરવું હોય તે કામની મુખ્યતા રાખી હોય તો જ તે કામ બરાબર થાય. જે કામની મુખ્યતા રાખી નહોતી, એ કામ કરવા પાછળ એ માણસનો પ્રયત્ન પણ લાગતો નથી. જગતના સંયોગ-વિયોગ તો પૂર્વ કર્મને આધીન છે, પુરુષાર્થને આધીન નથી. પણ મોક્ષમાર્ગ પ્રયત્ન સાધ્ય છે અને પુરુષાર્થ .... નથી. એ કોઈ પૂર્વ કર્મને આધીન ચીજ નથી કે ભાગ્યમાં લખ્યું હશે તો મોક્ષમાર્ગમાં આપણે આવી જશું. ભાગ્યમાં હશે તો આપણે આગળની શુદ્ધતાની

દશા પામશું. આપણા નસીબમાં નહિ હોય તો નહિ પામીએ. એ વાત ખરેખર નથી.

એટલે જેણે આત્મહિત કરવું હોય '**તેણે આત્માનું ધ્યેય...**' અથવા આત્મહિત, પૂર્ણ શુદ્ધિ એ ધ્યેય છે. પૂર્ણતાનું ધ્યેય છે. મુમુક્ષુની ભૂમિકામાં પ્રથમ જ પૂર્ણતાનું ધ્યેય છે તે જ આગળ રાખવા જેવું છે. અધુરી દશા પણ ધ્યેયના સ્થાને હોઈ શકે નહિ. અધુરી દશાનું ધ્યેય રાખવું તે યોગ્ય નથી પણ તે અયોગ્ય છે. જેમ કે કોઈ એમ કહે કે અમારું તો ધ્યેય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું તે છે. એ ધ્યેય ખરેખર એવું ધ્યેય હોય તો શરૂઆત પણ, પૂર્ણતાના ધ્યેય વિના વાસ્તવિકપણે તો શરૂઆત પણ થતી નથી. એટલે આત્માનું ધ્યેય જ્યાં આવે ત્યાં આ વિષય લેવો જોઈએ. આત્મા પૂર્ણ શુદ્ધ થાય એવું ધ્યેય. એવું '**ધ્યેય આગળ રાખવા જેવું છે.**' આગળ રાખવા જેવું છે એટલે મુખ્ય કરવા જેવું છે. અથવા કદાપિ વિસ્મરણ કરવા યોગ્ય નથી. આત્માની શુદ્ધિ એને ધ્યેયના શબ્દથી પણ કહેવામાં આવે છે અને આત્મશુદ્ધિનું પ્રયોજન છે એમ પણ કહેવામાં આવે છે. શુદ્ધિનું પ્રયોજન વિસ્મરણ ન થવું જોઈએ, ન થવા યોગ્ય છે.

મુમુક્ષુ :- ધ્યેય લક્ષ....

પૂજ્ય ભાઈશ્રી :- પ્રકરણ અનુસાર શબ્દના અર્થ જુદા જુદા થાય. કોઈવાર એક અર્થમાં પણ મૂકાય છે. જ્ઞાનની અપેક્ષાએ એનું લક્ષ મટવું ન જોઈએ એમ કહેવાય. ધ્યાનની અપેક્ષાએ-ચારિત્રની-આચરણની અપેક્ષાએ એનું ધ્યેય છૂટવું ન જોઈએ એમ કહેવાય. જુદા જુદા ગુણોની અપેક્ષામાં એમાં છે. પણ ક્યાંક પ્રકરણ પ્રમાણે જુદો પણ અર્થ થતો હોય. જેમ કે આશ્રયની અપેક્ષા હોય ત્યાં ધ્યેય શબ્દનું વાચ્ય છે એ પૂર્ણ શુદ્ધરૂપ પર્યાય નથી. ત્યાં આત્મા પોતાનું ધ્યેય છે. મારો આત્મા જ મને ધ્યેય છે એમ કહેવાય. ત્યાં એ આત્મા એટલે ત્રિકાળી શુદ્ધ આત્મ જ તે ધ્યેય છે એમ કહેવાય. અથવા આશ્રય કરવામાં પ્રયોજન શબ્દ વપરાય ત્યારે એમ કહેવાય કે પ્રયોજનભૂત તત્ત્વ તો એક ત્રિકાળી તત્ત્વ જ છે. ધ્રુવ તત્ત્વ જ પ્રયોજનભૂત છે. એક સમયની પર્યાય પૂર્ણ શુદ્ધ કે અપૂર્ણ શુદ્ધ એ પ્રયોજનભૂત તત્ત્વ નથી. પ્રાપ્તિની અર્થે પૂર્ણ શુદ્ધિનું ધ્યેય, પૂર્ણ શુદ્ધિનું પ્રયોજન એમ પણ ત્યાં એના એ શબ્દ પૂર્ણ શુદ્ધિનું લક્ષ એ બધું ત્યાં લાગુ પડે. આશ્રયમાં લક્ષનો વિષય આવે તો જ્ઞાનનો વિષય ત્રિકાળી આત્મા જ છે. એમ જ્ઞાન અને આચરણની અંદર પ્રકરણ અનુસાર કોઈ જગ્યાએ ત્રિકાળી શુદ્ધાત્મા એ શબ્દનું વાચ્ય હોય છે તો કોઈ જગ્યાએ પૂર્ણ શુદ્ધ પર્યાય એ શબ્દનું વાચ્ય હોય છે.

શ્રદ્ધામાં એવું બનતું નથી. શ્રદ્ધા તો એક ત્રિકાળી શુદ્ધાત્માની જ હોય છે.

છતાં પણ આચરણની અપેક્ષાએ શ્રદ્ધાનું પરિભાષણ કરવું હોય-વ્યાખ્યા કરવી હોય તો એમ કહેવાય કે આ એવો આત્મા છે જેની શ્રદ્ધા કરવાની છે. એ એવો આત્મા છે કે શ્રદ્ધા કર્યા પછી જેનું આચરણ કરવાથી મને મુક્ત દશા પ્રગટ થશે. એમ પણ કહેવામાં આવે. ૧૭-૧૮ ગાથામાં. 'પંડિત જયચંદ્રજી'એ શ્રદ્ધાની એવી વ્યાખ્યા કરી છે, આચરણ પ્રધાન કરી છે. મૂળમાં એટલી વાત નથી. 'જયચંદ્રજી'એ એ વાત લીધી છે. મૂળમાં તો '**स एव श्रद्धातव्यः**' તે જ આત્મા, શુદ્ધ આત્મા જ એક '**श्रद्धातव्यः**' શ્રદ્ધાનને યોગ્ય છે. એ સિવાય શ્રદ્ધેય બીજું કોઈ તત્ત્વ નથી.

અહીંયાં પ્રારંભિક ભૂમિકા છે. જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન કરવાનું છે. એટલે ..... જે આત્માનું જ્ઞાન કર્યું એ એવી રીતે કર્યું કે જેનું અનુચરણ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થશે. એવો આત્મા મારા શ્રદ્ધાનો વિષય છે. એમ આચરણને સાથે રાખીને (વાત છે). પણ શ્રદ્ધાનો વિષય તો એ આત્મા જ છે. આચરણ કરવાથી મુક્તિ થશે એ જ્ઞાને જાણ્યું છે. જ્ઞાનમાં એવો વિકલ્પ ઊઠે છે, શ્રદ્ધાનમાં એવો વિકલ્પ ઊઠતો નથી. એવી રીતે શ્રદ્ધા પરિણમે છે. નિર્વિકલ્પ. એમ શબ્દોને વળગે તો ક્યાંક તકરાર થાય. આ શબ્દનો આ જ અર્થ થાય અને બીજો અર્થ ન થાય એમ પક્કડ કરે તો તકરાર ઊભી થાય. પણ જ્યાં જે અર્થ ઘટારત છે, જે ઘટાવવા યોગ્ય છે એવો અર્થ ઘટાવવો જોઈએ.

હવે અહીંયા એક વિશેષ વાત કરે છે કે જો પૂર્ણ શુદ્ધાત્માનું ધ્યેય રાખવા જેવું છે એ એક પર્યાયાશ્રિત વાત છે કે મને અશુદ્ધિ ન જોઈએ અને મને શુદ્ધિ જોઈએ, મારું કલ્યાણ થવું જોઈએ. તો ત્યાં એક વાતને .... સૂચન આપવામાં આવે છે કે '**કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું...**' કાર્યોની ગણતરી કરવામાં તો અટકવાનું થશે. કાર્યોની ગણતરી કરવી એટલે એક પ્રકારે વર્તમાન કાર્ય થાય છે એમાં સંતોષ પકડવો, એમાં અટકી જવું એ પ્રકાર ઊભો થાય છે. કે જે પ્રકારને લીધે જીવને દર્શનમોહનું આવરણ થાય છે. મિથ્યાત્વ વધે છે, મિથ્યાત્વ તીવ્ર થાય છે. એટલે અહીંયાં પર્યાયાર્થિક વાત કરી તો અહીંયાં સાથે સાથે લાલ બત્તી મૂકી દીધી.

સાદિ ભાષામાં કથનની અંદર કેટલી વિચિક્ષણતા છે એ વિચારવા જેવું છે. વાત ઉપર ઉપરથી સાદી લાગે. પણ પર્યાયાશ્રિત પ્રયોજનની વાત કરી છે તો કહે છે પણ ક્યાંય એ પર્યાયાશ્રિત પ્રયોજન ઉપર લક્ષ જતાં જે કાંઈ તારા પરિણામ ચાલી રહ્યા છે એ પરિણામની ભૂલેચૂકે પણ ગણતરી તું નથી કરતો ને? મેં સ્વાધ્યાય તો કર્યો. આટલા વર્ષથી તો સ્વાધ્યાય કર્યો, ઘણાં વર્ષ સ્વાધ્યાય કર્યો. આત્માની વાત સાંભળી, આત્માની વાત વિચારી તો આટલા વર્ષ કર્યું એ કામમાં આવશે. મને

ભવિષ્યમાં આ ભવમાં નહિ તો આવતા ભવમાં પણ આ બધું કર્યું એ મને ક્યાંક કામમાં આવશે. આ બધું કર્યું એવી જે ગણતરી છે એ બહુ મોટા નુકસાનનું કારણ છે.

મુમુક્ષુ :- ફાયદો થાય...

પૂજ્ય ભાઈશ્રી :- ગણતરી કરે અને અટકે, સંતોષ પામે તો નુકસાન થાય. જ્યાં સંતુષ્ટ થવા જેવું નથી ત્યાં સંતુષ્ટ થાય તો નુકસાન થાય. ચોખ્ખી વાત છે. અને એ દર્શનમોહનું-મિથ્યાત્વનું નુકસાન છે. સપ્ત વ્યસન કરતા અધિક જેનું પાપ ગણવામાં આવ્યું છે. મિથ્યાત્વનું નુકસાન એટલે સપ્ત વ્યસનથી અધિક પાપ છે. એવું નુકસાન છે.

કાર્યોની ગણતરી કરવામાં તો દર્શનમોહનું આવરણ થાય એવું નુકસાન છે. એવું ન કરવું જોઈએ. એમ ન કરવું જોઈએ તો શું કરવું જોઈએ? કે '**એક આત્માનું ધ્યેય...**' અહીંયાં આત્માનું ધ્યેય એટલે સ્વભાવનું. સ્વભાવને મુખ્ય કરવો અહીંયાં. આત્માનું ધ્યેય એટલે અહીંયાં સ્વભાવને મુખ્ય કરવો. એટલે પર્યાય આપોઆપ ગૌણ થશે. '**એક આત્માનું ધ્યેય મુખ્ય રાખવું...**' બેય જગ્યાએ ... ફરે છે. ઉપર પણ આત્માનું ધ્યેય છે, અહીંયાં આત્માનું ધ્યેય છે. કાર્ય થાય છે આત્માના ધ્યેયે. એની ગણતરીમાં નહિ આવવા માટે શું કરવું? આવવાથી નુકસાન છે એ એક મોટી સમસ્યા છે. એનું સમાધાન સાથે સાથે એક જ વાક્યમાં (આપ્યું છે). અડધા વાક્યમાં નુકસાન બતાવ્યું છે અને બાકીના અડધા વાક્યની અંદર એનું સમાધાન બતાવ્યું છે. કથનનું સામર્થ્ય છે આ.

'**એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું...**' એક આત્મ સ્વભાવ જ મુખ્ય રાખવો. ધ્રુવ તત્ત્વ જ મુખ્ય રાખવું. કાર્યની મુખ્યતા કદી પણ કરવી નહિ. '**તે ઉત્તમ છે.**' એમ કરવું તે ઉત્તમ છે. પોતાના ત્રિકાળી આત્મસ્વભાવની મુખ્યતા રાખવી તે ઉત્તમ છે. '**પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે.**' જે ભૂમિકામાં જીવ આવે તે ભૂમિકાની અંતરબાહ્ય પ્રવૃત્તિ થાય, અંતરંગ પ્રવૃત્તિ પણ તે ભૂમિકા અનુસાર, બાહ્ય પ્રવૃત્તિ પણ તે ભૂમિકા અનુસાર. એ તો ભૂમિકાને અનુસાર થાય. એમાં ક્યાંય સંતોષ પકડવા જેવો નથી.

મુમુક્ષુ :- પોતાને કયા કયા પરિણામમાં કેવી કેવી રીતે દર્શનમોહ વધે છે એ તો સત્‌શાસ્ત્રથી મેળવીને કે કેવી રીતે એ ખબર કાઢે?

પૂજ્ય ભાઈશ્રી :- બધું આવે છે. જ્ઞાનીની વાણીમાં, શાસ્ત્રોમાં એ વાત આવે છે. એનું ધ્યાન હોય તો એને ખબર પડે કે આ વાત મારા કામની આવી. એને ક્યારે ખબર પડે? ધ્યાન રાખે તો. પોતાના લાભ-નુકસાનની બાબતમાં જાગૃત હોય

તો ક્યાં નુકસાન થાય... વેપારમાં સમજી લે છે કે નહિ? સીધી કે આડકતરી રીતે. કોઈની વાત ઉપરથી પણ પોતાનું પ્રયોજન સાધી લે છે કે નહિ? કેમ કે લાભ-નુકસાનનો વિષય છે તો ત્યાં એની નજર પહોંચે છે.

જ્યાં જીવનું પ્રયોજન છે ત્યાં એનું જ્ઞાન સૂક્ષ્મ થઈને પ્રવર્ત્યા વગર રહે નહિ. બહુ સ્વભાવિક વાત છે. જરા પણ એમાં અસ્વભાવિક નથી. જેને જ્યાં પ્રયોજન હોય ત્યાં એનું જ્ઞાન સૂક્ષ્મતાથી કામ કર્યા વગર રહે જ નહિ. સ્થુળ બુદ્ધિવાળાને પણ પ્રયોજનના વિષયમાં સૂક્ષ્મ જ્ઞાન થઈ જાય છે. તો વિશેષ બુદ્ધિવાળાને, વિશાળ બુદ્ધિવાળાને, તીક્ષ્ણ બુદ્ધિવાળાને તો સૂક્ષ્મ થાય એમાં શું નવાઈ છે? એમાં તો કાંઈ નવાઈ નથી. તો આ જીવે જે ધ્યાન દેવું જોઈએ પ્રયોજન સમજીને, એટલું ધ્યાન પ્રયોજન સમજીને દીધું નથી. આમ વાત છે. ખામી પોતાની છે.

મુમુક્ષુ :- આ જીવને હજી આ બાબતનું પ્રયોજન ભાસ્યું જ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- ભાસ્યું જ નથી. પ્રયોજન ભાસ્યું નથી. અને પ્રયોજનને પોતે વળગ્યો નથી. પોતાના પ્રયોજનને પોતે વળગ્યો નથી. પોતાને પ્રયોજન ભાસ્યું નથી. ભાસે તો વળગ્યા વિના રહે નહિ. પણ પોતાને પ્રયોજન ભાસ્યું નથી. એટલે એને એ વળગેલો નથી. પ્રયોજન છોડીને યદ્‌વાતદ્‌વા ગમે તેમ પ્રવર્તે છે. સમય ચાલ્યો જાય છે. ધંધો નુકસાનનો એમાં થાય છે એને ખબર પડતી નથી કે આ વેપાર નુકસાનનો કરું છું.

અનાદિની પર્યાયની મુખ્યતા છે. એટલે સહેજે સહેજે થઈ જાય છે. ચાલો પૂજા કરી, ભક્તિ કરી, સ્વાધ્યાય કર્યો. આપણાથી થાય એટલું બધું આપણે ધર્મના ક્ષેત્રમાં કરીએ છીએ. શું કરીએ? આપણી શક્તિ હોય એટલું કરી છૂટીએ. અત્યારે તો બહુ એવો લાભ થયો નથી દેખાતો પણ ભવિષ્યમાં તો કાંઈક લાભ થશે એવી આશા રાખે. એ ઠગારી વાત છે. એ આશા ઠગારી નિવડશે. તારું પરિણમન ઠગારું છે. તું પોતે તારાથી ઠગાઈ રહ્યો છો, તને ખબર નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવે છે. કાંઈક કરે છે એટલે સંતોષ થઈ જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ મળે છે અને એ પ્રત્યે કાંઈક પરિણામ કરે છે અને સંતોષ લઈ લે છે. ભૂલભૂલમાં એ સંતોષ લઈ લે છે. એટલે મેં આટલું તો કર્યું, મેં આટલું તો કર્યું. મુનિરાજને આહારદાન તો દીધું, સત્પુરુષને આહારદાન દીધું. આટલું તો મેં કર્યું... આટલું તો કર્યું. કાંઈને કાંઈ જે પ્રવૃત્તિ કરે એ પ્રવૃત્તિની ગણના કરે છે તે બિલકુલ શ્રદ્ધાથી વિપરીત છે. જીવને જે શ્રદ્ધા કરવી છે-સમ્યક્‌શ્રદ્ધા કરવી

છે એનો એ વિપર્યાસ છે. શ્રદ્ધાનો વિપર્યાસ બહુ મોટો વિપર્યાસ છે. દર્શનમોહ કહો કે શ્રદ્ધાનો વિપર્યાસ કહો, એ સૌથી મોટું પાપ છે. આ તો આ ભૂલ તો દ્રવ્યલિંગી થાય ત્યારે સૂક્ષ્મપણે રહી જાય છે. કેમ કે એ સૌથી વધારે પ્રવૃત્તિ કરે છે ધર્મના ક્ષેત્રમાં. બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ દશા જેવી ભાવલિંગી મુનિને હોય એટલો તો એ ત્યાગ કરે. ભાવલિંગી મુનિની દશામાં ત્યાગ હોય એટલો તો એ મિથ્યાદષ્ટિપણામાં ત્યાગ કરે છે. ભૂલ એટલી કરે છે કે એમાં એ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા વર્તે છે. ૧૫૪મી ગાથામાં આ શબ્દ વાપર્યો છે. આ એની ભૂલ છે. ત્યાં એ સંતુષ્ટ થાય છે એ ભૂલ છે એની. અને આ ભૂલ જાણે અજાણે રહી જાય છે.

મુમુક્ષુ :- આટલું બધું કરે અને પાછું પાપ રહી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો મોક્ષમાર્ગ જલ્દી હાથમાં નથી આવ્યો. જીવે પ્રવૃત્તિ કરવાની બાકી નથી રાખી. દ્રવ્યલિંગી પર્યંતની પ્રવૃત્તિ અનંત વાર કરી છે. આપણા જીવે કરી છે. એટલે એ બાકી નથી રાખ્યું એણે. પણ સાથે સાથે ભૂલ કરી બેઠો છે. કાંઈને કાંઈ એવી ભૂલ કરે છે કે જેથી એની શ્રદ્ધા છે એનો દોષ એને ઊભો થાય છે. દર્શનમોહનો દોષ ઊભો થાય એવી ભૂલ કરી બેસે છે.

મુમુક્ષુ :- ૧૫૪?

પૂજ્ય ભાઈશ્રી :- સમયસાર-૧૫૪ ગાથા. પુણ્ય-પાપ અધિકારની ગાથા છે. એટલું જ છે.

**પરમાર્થ બાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે, હેતુ જે સંસારનો. ૧૫૪.**

અનેક પ્રકારના જે શુભ ભાવના પરિણામ કરે છે એ શું છે કે કર્મના ઉદયને અનુસરીને થતાં પરિણામ છે. એ પરિણામમાં એને કોનો અનુભવ છે? કે આત્માનો અનુભવ નથી પણ કર્મના અનુભવનો, કર્મનો અનુભવ છે. કેવો કર્મનો અનુભવ છે? કે કર્મના અનુભવના ગુરુપણા અને લઘુપણાનો અનુભવ છે. ક્યાંક તીવ્ર અને ક્યાંક મંદ. એને ગુરુ-લઘુ કીધો છે. તેની '**પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા...**' આ શબ્દ વાપર્યો છે. '**कर्मानुभवगुरुलाघवप्रतिपत्तिमात्रसन्तुष्टचेतसः**'. સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા. '**सन्तुष्टचेतसः**'. '**સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી. આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને,...**' ત્યાં ભૂલ થઈ ગઈ છે. એણે અશુભને બંધનું કારણ માન્યું છે. અને જ્યાં સંતુષ્ટ થયો છે ત્યાં એણે શુભને મોક્ષનું કારણ માની લીધું છે. બુદ્ધિપૂર્વક તો એમ કહે કે શુભ મોક્ષનું કારણ નથી. પણ સંતુષ્ટ થાય તો એણે શુભને જ મોક્ષનું કારણ માન્યું છે.

આવી ગયું એની અંદર, વગર બોલ્યે, વગર વિચાર્યે.

મુમુક્ષુ :- સંતુષ્ટતા અભિપ્રાય સાથે સંબંધ રાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો સંબંધ છે. અભિપ્રાય સાથે, શ્રદ્ધાન સાથે ... જ્ઞાન અને શ્રદ્ધાન બેની સાથે સંબંધ છે. અજ્ઞાન અને મિથ્યાદર્શન.

**'બંધનું કારણ માનીને વ્રત, નિયમ, શિલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધના કારણ હોવા છતાં તેમને બંધના કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે...'** આટલું તો કર્યું... આટલું તો કર્યું... આટલું તો કર્યું... એમ ગણના કરે છે. અને એ રીતે તેનો આશ્રય કરે છે. એ આશ્રય કરે છે એ એને કદી ત્યાંથી મોક્ષનો માર્ગ હાથમાં આવતો નથી. ઊલ્ટાના બંધમાર્ગમાં આગળ વધે છે. મોક્ષમાર્ગમાં આગળ વધવાને બદલે વ્રત, શીલ, સંયમ પાળીને પણ એ બંધમાર્ગમાં આગળ વધે છે. મોક્ષમાર્ગમાં આવતા નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- ગણતરી કરે છે. સંતુષ્ટ થાય છે એમાં સ્થૂળપણે સંતુષ્ટ ન થાય એમ ન લે તો ગણતરી કરે છે. આટલું મેં કર્યું, એ સંતોષનો જ પ્રકાર છે. એટલે અહીંયાં એ વાત લીધી. કાર્યોની ગણતરી ન કરવી. બહુ માર્મિક વાત લીધી છે. ક્યાંય પણ ચાલુ પ્રવૃત્તિ થાય તે કાર્યોની ગણતરી કરવી નહિ. ગમે તેટલું કાર્ય થાય તો પણ એની ગણતરી કરવી નહિ.

આ એક દૃષ્ટાંત આપણે લઈએ છીએ કે કોઈ એમ ગણતરી કરે છે કે મેં મારા બાળબચ્ચા કુટુંબને આખી જિંદગી જમાડ્યા. ઘરમાં રસોડું બનાવડાવ્યું અને એ રસોડામાં જમવાની વ્યવસ્થા કરી. અને હું જીવ્યો ત્યાં સુધી મેં મારા કુટુંબ-પરિવારને એમાં જમાડ્યા. એમ કહે કોઈ? મહેમાનને જમવાનું કહે. કુટુંબ-પરિવારને કોઈ જમવાનું કહે છે? અને જો એમ કહે તો એ કુટુંબ-પરિવાર એનો નહિ પણ પારકું થઈ ગયું. એ ઘરના ન રહ્યા પણ પારકા થઈ ગયા. એમ તારા કાર્યોની જો તું ગણતરી કર તો તારો આત્મા તારો ન રહ્યો કો'ક પારકો થઈ ગયો. પર તત્ત્વની વાત ચાલે છે તારા પરિણમનમાં. સ્વ તત્ત્વની વાત નથી રહેતી. Third person થઈ ગયું.

મુમુક્ષુ :- ઘણી વખત તો પાપરૂપ પરિણામમાં પણ સંતુષ્ટતા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, થઈ જાય છે. પાપમાં પણ સંતુષ્ટ થાય છે. સ્થૂળ મિથ્યાત્વ છે. અશુભમાં ઠીકપણું થવું એ પણ મિથ્યાત્વની પ્રસિદ્ધિ છે. એમાં તો દૃષ્ટિ મિથ્યા હોય, હોય ને હોય જ. થાય, થાય અને થાય જ. આ તો સીધી વાત છે. કેમ કે જેને શુભથી ખસવાની તૈયારી છે એ સમ્યક્‌માં આવે છે. કેટલા શુભથી? કે ઉત્કૃષ્ટ

દરજ્જાનો શુભ. કે જે સન્મુખની દશામાં ગુણ-ગુણીનો વિકલ્પ થાય, લક્ષ-લક્ષણનો વિકલ્પ થાય, કાલની ચર્ચામાં એ વાત આવી, લક્ષ-લક્ષણનો વિકલ્પ થાય, ગુણ-ગુણીનો વિકલ્પ થાય ત્યાંથી ખસવાની તૈયારીવાળો છે એ સમ્યગ્દર્શનમાં આવે છે. એના બદલે અશુભમાં એને ઠીકપણું થઈ ગયું. એ તો નિયમથી મિથ્યાત્વનું કારણ છે. એમાં તો કાંઈ બીજો વિકલ્પ કરવા જેવો નથી. એને તો મિથ્યાત્વ સાથે સીધો જ સંબંધ છે. જ્યાં શુભમાં સંતોષ નથી લેવાનો ત્યાં અશુભમાં સંતોષ લેવાની તો વાત જ ક્યાં રહી?

મુમુક્ષુ :- ..પહેલા ખતમ થાય કે બેય સાથે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- શુભ-અશુભની પહેલા થાય. વધારે સ્થુળ છે, વધારે આકુળતા હોય છે. એટલે એ તો પહેલા થાય છે. અશુભરસ તો એનો પહેલો જ ... કેમ કે એ તો જોવે છે કે આ તો ચોખ્ખે-ચોખ્ખું કેવળ નુકસાન છે. ચોખ્ખે-ચોખ્ખું પૂરેપૂરું. આમાં તો કોઈ બીજો વિકલ્પ જ નથી. ત્યાં સુખ વ્યવહારે લાગુ પડતું નથી. અને એ તો સીધેસીધી જ વાત છે. એને આગળ એમ કહે છે કે હવે શુભમાં આવ્યો એમાં પણ તારી ખસવાની તૈયારી છે? કે ગણતરી કરીને, સંતુષ્ટપણું કરીને એમાં રોકાઈ જાવું છે તારે? તો તું શુભમાં રોકાણો અને અશુભમાં રોકાણો, તારી સ્થિતિ જે મિથ્યાત્વની રહેવી જોઈએ એ સ્થિતિ રહી. મિથ્યાત્વ અપેક્ષાએ તો કોઈ ફેર પડ્યો નથી. એવું નથી કે શુભથી થોડો ફેર પડી જાય છે. અશુભ ઘટાડે, પ્રવૃત્તિ છોડે, દુકાન-ધંધાનો ત્યાગ કરે અને શુભ પ્રવૃત્તિ કરે તેથી તેને મિથ્યાત્વમાં ફેર પડી જાય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- ઊલટું મિથ્યાત્વમાં ફેર પાડવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વમાં ફેર પાડવા માટે જુદું કારણ છે. શુભ છે એ જુદું કારણ છે. તો તો દ્રવ્યલિંગીને મિથ્યાત્વ ઘણું પાતળું પડવું જોઈએ. પણ એ સંતુષ્ટપણું કરીને ત્યાં દઢ કરે છે. અનંત સંસારી હોય, અભવિ હોય છે એ અનંત સંસારી હોય છે. એટલું શુભ તો અભવિ કરે છે. ૩૭૨-૩૭૩માં એ વાત લીધી છે, બંધ અધિકારમાં.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચોક્કસ. 'પ્રયોજન સિદ્ધિ'માં એ ... લીધો છે કે, પરપદાર્થને વિષે ઈષ્ટપણું થાય કે અનિષ્ટપણું થાય, ઠીક લાગે કે અઠીક લાગે ત્યાં એને દર્શનમોહ લાગે છે. એ મુદ્દો લીધો છે ત્યાં. ઠીક લાગે એમ નહિ, અઠીક લાગે તો પણ દર્શનમોહ. અને ઠીક લાગે તો પણ દર્શનમોહ. કેમ દર્શનમોહ? શા માટે? આ વિચારવા જેવું

છે. વસ્તુ ઠીક-અઠીક છે નહિ અને તેં એને ઠીક-અઠીક સ્વરૂપે જ જોઈએ છે. જોઈ છે અને માની છે. બેય. વસ્તુ ઠીક નથી, વસ્તુ અઠીક નથી. કોઈ વસ્તુ ઠીક નથી, કોઈ વસ્તુ અઠીક નથી. વસ્તુ જે છે એ છે, જગતનો પદાર્થ છે એ તો. તારો ધર્મ તો ફક્ત જો એ જ્ઞાનમાં પ્રતિબિંબને યોગ્ય હોય તો પ્રતિબિંબ જ્ઞાનમાં આવે, જણાય એટલો જ તારો ધર્મ છે. આથી વધારે જા એટલે એ જ્ઞાનનું અતિક્રમણ છે. માત્ર એને જ્ઞેયના સ્થાને રાખવું, જે જણાય તે પદાર્થને. અને પોતે માત્ર જ્ઞાતાના સ્થાને રહેવું.

..... એમ જોયું એટલે એણે પદાર્થને પદાર્થના સ્વરૂપે ન જોયો. ભ્રમણાએ કરીને, અજ્ઞાને કરીને, મિથ્યાત્વે કરીને એણે બીજા સ્વરૂપે જોયો કે ઠીક છે અથવા અઠીક છે એ સ્વરૂપે એને જોયો. આ એને ચોખ્ખું દર્શનમોહનું કારણ છે. એમ છે.

મુમુક્ષુ :- એ રીતે તો જે .... ક્રોધ, માન, માયા, લોભ છે એ બધામાં ઠીકપણું, અઠીકપણું તો આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે છે તો એ ન આવવું જોઈએ. આવે છે તો એ ન થાય એનો પુરુષાર્થ ઉપડવો જોઈએ, એનો પ્રયત્ન ચાલવો જોઈએ, એની કાળજી લેવાવી જોઈએ. આ તો નુકસાન જાય જ છે. માટે બંધ ન કરવું. એવું ક્યાંય જગતમાં વિચારો છો? આ નુકસાન તો જાય જ છે. માટે એને બંધ ન કરવું. એને બંધ કરવા માટે એનું સંશોધન એને ચાલતું જ હોય છે કે આ રોજનું નુકસાન છે, રોજનું નુકસાન છે. આને બંધ કરીએ તો બહુ ... થાય એવું છે. એમ ગણતરી ગણે? નાનું નુકસાન હોય, થોડું નુકસાન હોય તો હિસાબ મૂકે કે મહિને આટલું થાય, બાર મહિને આટલું થાય, પચ્ચીસ વર્ષે તો આટલું થાય. એમ હિસાબ મૂકી દે. અને નાનું નુકસાન પણ બંધ કરવા માટે કાળજી રાખે. એને પરવશપણે ન થાય બીજી વાત છે. અભિપ્રાયમાં એને પોસાણ નથી. એક પાયનું નુકસાન કરવાનો કોઈનો અભિપ્રાય છે? કોઈનો અભિપ્રાય નથી. એ રીતે એની તૈયારી હોવી જોઈએ. લાભ-નુકસાનમાં તો દરકાર જાગવી જોઈએ અને એનો પ્રયત્ન ચાલવો જોઈએ.

ખરી વાત એ છે કે મુમુક્ષુતા અને આત્માર્થીપણું કઈ રીતે ઊપજે છે એ પણ હજી સમજવું જરૂરી છે. આ રીતે ઊપજે છે. પોતાના લાભ-નુકસાનને જીવ સમજવાનો પ્રયત્ન કરે છે. માત્ર શાસ્ત્રની ન્યાય, નીતિની વાતો નહિ, શાસ્ત્રના યુક્તિ-તર્કની વાતો નહિ. યુક્તિ, તર્ક અને ન્યાયથી સમજી લે. અને પોતાના પરિણામમાં ચાલે એની કાંઈ એને ખબર ન રહે. એમ નહિ. એમ શીખી લેવાની વાત નથી. એ તો પોતાના પરિણામમાં ચાલે છે. ક્યાં નુકસાન થાય છે? કેવી રીતે થાય છે? એ વાતને

સમજે અને એને મટાડવાનો પ્રયત્ન અને ઉપાય રાખે.

'શ્રીમદ્જી'નું એક વચન છે, કાલે થોડી વાત ચાલેલી કે એક ભવના થોડા સુખ માટે, એક ભવની અંદર થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ વહોરી લેવું, વહોરી લેવું એવો શબ્દ વાપર્યો છે. કાઠિયાવાડી ભાષા (છે). એવો પ્રયત્ન સત્પુરુષો કરતા નથી. પ્રયત્ન શબ્દ ત્યાં વાપર્યો છે. આમાં ગંભીરતા છે. એમ કરવામાં પણ જીવનો પ્રયત્ન હોય છે. એવા પ્રયત્નમાં એ નથી જતાં. કેમ કે સત્પુરુષો બીજા પ્રયત્નમાં લાગેલા છે. એટલે આને પ્રયત્ન કહ્યો છે. જે સહેજે સહેજે થાય છે એને પ્રયત્ન કર્યો છે. તારો ત્યાં પ્રયત્ન છે-પુરુષાર્થ છે. ઈષ્ટ-અનિષ્ટપણું કરે છો એમાં તારો પુરુષાર્થ છે. ભલે તને થોડું સુખ લાગે છે કે આ ઠીક છે. આ ઠીક છે. રોજ જમે એમાં એમ કહે કે આજે રસોઈ સારી થઈ છે. રોજ તો જમે છે. વખોડે નહિ. પણ એક દિ' વખાણે તે દિ' શું દશા થાય એની? એને એમ નથી લાગતું કે આમાં કોઈ મોટો અપરાધ થાય એવું લાગે છે? સહેજે થઈ જાય. રસોઈ તો બહુ સારી થઈ છે. ભાઈ! સારી નથી, એ ખરાબ નથી. તું આવો ઊંધો પ્રયત્ન ક્યાં કરે છે? સત્પુરુષો તો થોડા સુખ માટે આવો પ્રયત્ન કરતા નથી. થોડીક વાર સારું લાગવાની વાત છે જીભ ઉપર આવીને. એ રસ લેવા જેવો નથી.

મુમુક્ષુ :- .... કરતા વધારે પાપ લાગી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, લાગી જાય છે. મૂળ તો એ સાત વ્યસન આમાંથી ઊભા થાય છે પછી. આ પાપમાંથી જ સાત વ્યસન ઊભા થાય છે. પણ એ લોકો સમજી શકે એવા છે એટલે બતાવવામાં આવે છે. માટે એનું મૂળિયું તો આ બધા પરિણામ છે. ઈષ્ટ-અનિષ્ટપણાના પરિણામ છે એના. એમાંથી બધું ઊભું થયેલું છે. એ ન હોય તો ઓલા ઊભા થાય નહિ. ... ને ઊભા થવાની કોઈ... જેને કોઈ પદાર્થ ઈષ્ટ નથી, અનિષ્ટ નથી એવો પ્રયત્નરૂપ અભ્યાસ કરતો હોય કોઈ જીવ. એને શેના વિના ન ચાલે? વ્યસન તો એવી ચીજ છે કે એના વગર ન ચાલે એનું નામ વ્યસન. કોઈ ચીજ વગર ન ચાલે એનું નામ વ્યસન. તો હવે જેને કોઈ ચીજ ઈષ્ટ નથી, કોઈ ચીજ અનિષ્ટ નથી. એને આના વગર ન ચાલે એ વાત ક્યાં રહી?

'શ્રીમદ્જી'એ બહુ સાદી ભાષામાં કેટલીક વાતો લખી છે કે, મુમુક્ષુને અમુક ચીજ વગર ન ચાલે, ન ફાવે એવું હોય નહિ. આમ મૂકી દીધું. હવે એવું કેમ ન હોય મુમુક્ષુને? કે એ મુમુક્ષુ અભ્યાસ કરે છે. રોજ અભ્યાસ કરે છે, સતત અભ્યાસ કરે છે. જેટલા ઉદય આવે એ બધા ઉદયમાં અભ્યાસ કરે છે. કોઈ ચીજ અનિષ્ટ નથી. કોઈ ચીજ અનિષ્ટ નથી એવી રીતે મારે તો રહેવાનું છે. એવી રીતે મારે પરિણમવાનું

છે. એ પરિણમનના પ્રયત્નમાં હું સાવધાન છું, નહિ તો હું બેદરકાર છું. મારી કાળજી કેટલી છે આ વિષયમાં? દરકાર અને કાળજી રાખે નહિ અને સહેજે સહેજે પરિણમન થાય અને એમ કહે કે આ તો થઈ જ જાય છે. એવું ન ચાલે. અજાણ્યે કોઈ ઝેર ખાય એટલે ન મરે એવું કાંઈ હોતું નથી. જાણીને ખાય કે અજાણ્યે ખાય. ઝેર તો ઝેરનું કામ કરવાનું જ છે.

અહીંયાં કહે છે કે, મુમુક્ષુને યોગ્ય પ્રવૃત્તિ થાય તો એ ... તે ભૂમિકામાં થાય છે. એની કોઈ ગણના કરવા જેવી નથી. હવે જ્ઞાનદશાની વાત સંક્ષેપમાં કરે છે. '**જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે.**' પ્રવૃત્તિ તો જ્ઞાનીઓ પણ કરે છે. જ્ઞાની હોય એ પૂજા કરતા જોવા આવે છે, ભક્તિ કરતા જોવામાં આવે છે, સ્વાધ્યાય કરતા જોવામાં આવે છે, તત્ત્વચર્ચા કરતા જોવામાં આવે છે, શાસ્ત્ર વાંચન કરે છે. તો કહે છે, આત્માને મુખ્ય રાખીને, શુદ્ધાત્માને મુખ્ય રાખીને, ધ્રુવને મુખ્ય રાખીને જે ક્રિયા થાય, કરે નહિ. એ વ્યાખ્યાન કરતા નથી, તત્ત્વચર્ચા કરતા નથી, ભક્તિ કરતા નથી, પૂજા કરતા નથી, બોલતા નથી, ચાલતા નથી, ખાતા નથી, પીતા નથી, સૂતા નથી. તો? કે થાય એને જોવે છે. આમ છે. કરતા-કરતા એ કરવાનું ગયું.

મુમુક્ષુ :- આમાં શું ફેર થયો?

પૂજ્ય ભાઈશ્રી :- એક કર્તા થાય છે અને એક જ્ઞાતા થાય છે. મોટો ફેર ઉત્તર-દક્ષિણનો. કેવી ભાષા આવી છે!

'**આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે.**' ક્રિયા તો એને પણ ગુણસ્થાન અનુસાર થાય છે. ક્રિયા તો એને ભૂમિકા અનુસાર થાય છે.

મુમુક્ષુ :- કરતા હોવા છતાં કરે. ....

પૂજ્ય ભાઈશ્રી :- કરતા હોવા છતાં કરે છે એટલે શું?

મુમુક્ષુ :- એ પોતે કરે છે. એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :- ન કરે નહિ, એ જ્યાં સ્વયં થાય છે એને કરવા-નહિ કરવાનો પ્રશ્ન નથી. આ આકાશમાં વાદળા ચાલે છે. આકાશમાં વાદળા ચાલે છે. એ સ્વયં ચાલે છે કે આપણા ચલાવ્યાથી ચાલે છે? આપણે જોઈએ તો ચાલે અને ન જોઈએ તો ન ચાલે? એવું કાંઈ કારણ-કાર્ય લાગું પડે ખરું આપણી સાથે? બસ, ઈ કહે છે કે મારું કારણ-કાર્ય નથી લાગુ પડતું.

પુદ્ગલોની જે ક્રિયા થાય છે એમાં આ આત્માનું કારણ-કાર્ય નથી. એ જગતના વાદળા જ છે. એ પણ પુદ્ગલ છે. એનામાં અનંત શક્તિ છે. આ જીવનો પુદ્ગલ

ઉપર કોઈ અધિકાર નથી. એક જગતનું સ્વતંત્ર હયાતી ધરાવતું અનંત શક્તિવંત એ તત્ત્વ છે, પદાર્થ છે. એના ઉપર આ જીવનો કોઈ અધિકાર નથી. કોઈ અધિકાર નથી, અધિકાર ઉઠાવી લેવાની વાત છે. જો ન કરવું એના ઉપર અધિકાર રાખે તો કરવાનો અધિકાર આવી જ જશે. ન કરવાનો અધિકાર રાખે તો કરવાનો અધિકાર સ્થાપિત થઈ જ જશે. સ્થાપિત થઈ જ જશે. એટલે કરવાનો અધિકાર નથી. તો આપોઆપપણે ન કરવાનો અધિકાર પણ નથી. વિકલ્પ થાય એને દોષ સમજે છે. રાગ થાય એને દોષ સમજે છે. અને રાગને મટાડવાનો ઉદ્યમ-પુરુષાર્થ વર્તે છે. વિકલ્પ છે એ રાગ છે. અને એ રાગ છે એટલો દોષ છે. એને દોષ જાણીને તેના મટાડવા માટે એ પ્રયત્ન કરે છે, પુરુષાર્થ કરે છે, ઉદ્યમ કરે છે. આ એનું કામ છે.

વીતરાગ માર્ગમાં રાગને મટાડવાનું પ્રયોજન છે. પુદ્‌ગલ ઉપર કોઈ અધિકાર નથી જીવનો. આ સીધે સીધી વાત છે. જો પુદ્‌ગલ ઉપર અધિકાર હોય એક જીવનો તો કોઈ જીવ પાસે કોઈ પુદ્‌ગલો કોઈ રહેવા ન દ્યે. બધું પોતાના ઘરે રાખે. આ એક જીવની તૃષ્ણામાં આખું વિશ્વ છે એ પરમાણુની જેટલું નાનું છે. એટલી જ આ જીવની તૃષ્ણાબુદ્ધિ છે. એને એક આખું વિશ્વ એના ઘરે આવે તો ઓછું પડે. એક પરમાણુ જેટલું થઈ જાય. હજી તો એટલી એની લંબાઈ છે તૃષ્ણાની. પણ આ જીવનો કોઈ અધિકાર એક પરમાણુ ઉપર નથી. આ સીધી ચોખ્ખેચોખ્ખી વાત છે. સમજે તો પણ ભલે અને ન સમજે તો પણ ભલે. પણ પરમાણુ ઉપર આ જીવનો અધિકાર નથી. નથી, નથી ને નથી. નહિતર તો એક વાળ ધોળો ન થવા દે આ જીવને. વાળ જે ધોળો થાય છે એ ન થવા દે. શું કરવા થવા દે? એને નથી ગમતું ઈ. પણ એનો અધિકાર નથી ત્યાં. ક્યાંય એનો અધિકાર નથી. અધિકાર હોય તો થવા દે? અનુભવથી સમજી શકાય એવી વાત છે. નીતરતું સત્ય છે આ તો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ અભિપ્રાય નથી એવો. એ સમજે છે કે આ રાગ છે. જગતના બધાં જીવોનું કલ્યાણ થાય એવો મારો શુભરાગ છે. અને કોઈપણ રાગ અનુસાર વસ્તુનું સ્વરૂપ નથી. આ સિદ્ધાંત છે. સિદ્ધ થયેલો, વાત અંત પામેલી છે એને સિદ્ધાંત કહે છે. Full stop. ત્યાંથી પછી આગળ જવાનો પ્રશ્ન નથી. કોઈ રાગ અનુસાર વસ્તુનું સ્વરૂપ નથી. ગુણ-ગુણીના ભેદનો રાગ ઉઠે તો એવું વસ્તુનું સ્વરૂપ નથી. રાગ અનુસાર વસ્તુનું સ્વરૂપ નથી. આમ જાણીને ઉપદેશ કરે છે.

મુમુક્ષુ :- ઉપદેશ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ થઈ જાય છે એને કરે છે એમ કહેવાય. બાકી કરવાનો

અભિપ્રાય નથી. એ તો આમાં લીધું છે. 'સોગાનીજી'એ એક પત્ર લીધો છે એમના વેવાઈ ઉપરનો-'શેઠીજી' ઉપરનો. એમાં લખ્યું છે. બીજાને ચારિત્રનિર્માણ કરવા માટે મુનિઓ ઉપદેશ કરે છે, એ સંબંધમાં લખે છે. એ જાણે છે કે આ મારો દોષ છે. અને એ દોષ મટાડવા એનો ઉદ્યમ વર્તે છે. પછી ઉપદેશનું કાર્ય થવાયોગ્ય હોય તે થાય છે. ભાષાના એક પરમાણુના કર્તા-હર્તા ઉપદેશક જ્ઞાની નથી. એ તો જ્યારે ઉપદેશ ચાલે છે ત્યારે એને એ જ્ઞાન છે કે આ સ્વયં જ ભાષા વર્તી રહી છે. આ ભાષાવર્ગણા ઉપર આ જીવનો કોઈ અધિકાર નથી. સ્વયં જ ભાષાવર્ગણાના પુદ્ગલો પરિણમી રહ્યા છે. હું કરતો નથી, કરાવતો નથી, થાય એનું મને અનુમોદન સુદ્ધા નથી. હું કરતો, કરાવતો તો નથી...

મુમુક્ષુ :- દ્રષ્ટા જ થઈ જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રષ્ટા થઈ જાય. જ્ઞાતા-દ્રષ્ટા. ઈ જ ધર્મ છે. જ્ઞાતાદ્રષ્ટાપણું એ જીવનો ધર્મ છે. કર્તા-હર્તાપણું એ જીવનો મોટો અધર્મ છે. સૌથી મોટો અધર્મ એ છે. પછી ચાહે તે કાર્ય કરીને કર્તા થાય, ઉપદેશ કરીને કર્તા થાય, ત્યાગ કરીને એનો કર્તા થાય એ મોટો અધર્મ છે. ધર્મ નથી પણ મોટો અધર્મ છે. મિથ્યાત્વનો દોષ લાગે છે.

એટલે '**જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી...**' અકર્તા સ્વભાવી આત્માને. જ્ઞાતા-દ્રષ્ટા એવા આત્માને. નિર્વિકલ્પ સ્વરૂપ એવા આત્માને મુખ્ય રાખીને. એમ લેવું છે. જે ક્રિયા સ્વયં થઈ રહી છે '**તેને જોયા કરે છે.**' એના જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. ક્યાંય કર્તા-હર્તા થતા નથી. '**તેમના સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે જેહને' એવું હોય છે.**' આ 'સમયસાર'ની ગાથાઓ છે. આત્મા જેને સમીપ વર્તે છે. નિયમસારમાં ગાથા છે. સ્થાયી સામાયિક .... જેને આત્મા સમીપ છે એને સામાયિક છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. 'સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને.' જેને આત્મા મુખ્ય છે. જેને તપમાં આત્મા મુખ્ય છે, જેને જ્ઞાનમાં આત્મા મુખ્ય છે, ચારિત્રમાં આત્મા મુખ્ય છે, જેને શ્રદ્ધામાં આત્મા મુખ્ય છે, જેના પુરુષાર્થમાં આત્મા મુખ્ય છે એને સામાયિક કહી છે. એમ કેવળીના શાસનમાં સામાયિકનું આવું સ્વરૂપ કહ્યું છે. પાઠ બોલી જાય સામાયિકનો એને સામાયિક કહી છે એ કેવળીના શાસનમાં નથી. એમ કહે છે.

જેને આત્મા સમીપ વર્તે છે. આત્મા સમીપ છે જેહને, સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવળી શાસને. આમ વાત છે. એટલે જ્ઞાનીને તો સર્વ કાર્યોમાં. એટલે સર્વ ઉદયમાં. સર્વ કાર્યોમાં એટલે સર્વ ઉદયમાન પ્રવૃત્તિમાં '**આત્મા સમીપ છે જેહને**

**એવું હોય છે.**' એ તો પોતાના આત્માના સમીપમાં વર્તે છે. સમીપમાં વર્તે છે, સમીપમાં વસે છે. સમીપમાં વસે છે તે ઉપવાસ છે. ઉપ એટલે સમીપ. વાસ એટલે રહેવું. એ જ ઉપવાસ છે. ઈ જ સામાયિક થઈ. સમ+આઈ. સમ્યક્ પ્રકારે આવવું. ઈક એટલે એક ઠેકાણે આત્મામાં. સમ + આઈ + ઈક એનું નામ સામાયિક.

મુમુક્ષુ :- ઈક એટલે એક?

પૂજ્ય ભાઈશ્રી :- ઈક એટલે એક ઠેકાણે-એક જગ્યાએ-આત્મામાં. સમ્યક્ પ્રકારે આત્માભિમુખ થઈને. સમ્યક્ પોતાની સ્વસન્મુખ થઈને આત્મામાં આવવું એને સામાયિક કહેવામાં આવે છે. એનો શબ્દાર્થ પણ આવો છે. એમાં બીજું કાંઈ મરડે તો ચાલે એવું નથી. ચોખ્ખો શબ્દનો અર્થ જ આવો છે.

મુમુક્ષુ :- ધર્મકાર્યોમાં પણ શુભ-અશુભ કોઈ પણ કાર્ય.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં ૧૫૪ માં સામાયિકની વાત લીધી છે. 'સમયસાર'માં મૂળ વાત તો સામાયિકની લીધી છે. મુનિ છે ને. મુનિનો દૃષ્ટાંત ચાલે છે. મુનિના દૃષ્ટાંતમાં ...

**'સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ (-નિજ સ્વરૂપની પ્રાપ્તિ) આત્મલાભસ્વરૂપ મોક્ષને આ જગતમાં કેટલાક જીવો ઇચ્છતા હોવા છતાં,...'** છળ શું પકડે છે? કે અમારી ઇચ્છા તો મોક્ષની જ છે. અમારો આશય મોક્ષનો જ છે. અમે જે કાંઈ ક્રિયા કરીએ એમાં અમારો આશય મોક્ષનો છે. અમારો આશય કાંઈ ખરાબ નથી. અરે..! પણ દ્રવ્યલિંગીને ક્યાં બીજો આશય હતો? જો એનો આશય બીજો હોય તો એને નવમી ગ્રૈવેયક સુધીના કષાયના પરિણામ પણ મંદ ન થાય. '**ઇચ્છતા હોવા છતાં, મોક્ષના કારણભૂત જે સામાયિક...**' કેવી છે સામાયિક? મોક્ષના કારણભૂત જે સામાયિક છે. '**કે જે સામાયિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...**' આત્માના પરિણમનમાત્ર છે. જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરમાર્થભૂત પરિણમનવાળું પરિણમન છે '**એકાગ્રતાલક્ષણવાળું છે અને સમયસારસ્વરૂપ છે...**' એવું એ પરિણમન છે. એને સામાયિક કહે છે. '**તેની-પ્રતિજ્ઞા લઈને પણ...**' મુનિદશામાં એણે પ્રતિજ્ઞા લીધી છે. મુનિદશાની જે વિધિ છે એ વિધિમાં અનેક પ્રકારની જે પ્રતિજ્ઞા છે એમાં એક પ્રતિજ્ઞા આવી આવે છે કે હું શુદ્ધોપયોગમાં રહીશ. આવી પ્રતિજ્ઞા કરી છે. હું સામાયિકમાં રહીશ. હું મારા આત્માને જ સમીપ રાખીશ. હું ક્યાંય એથી દૂર જઈશ નહિ. એવી પ્રતિજ્ઞા લે છે એની અંદર. આ તો મુનિ થઈને આત્માને સંભારે નહિ અને જગતના કાર્ય પાછળ દોડ મૂકે. ઘોર અપરાધ છે. ઘોર અપરાધ છે. પ્રતિજ્ઞા લઈને તોડવાનો

ઘોર અપરાધ છે.

મુમુક્ષુ :- એટલે જ 'ગુરુદેવશ્રી'એ ખાસ કીધું ને, અત્યારે જોવામાં આવતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બચાવી લીધા ને. બચાવી લીધા. ત્યાગની પાછળ જગત પાગલ થઈ જાય છે. ત્યાગ જોવે ત્યાં એને એમ થાય છે કે નક્કી અહીંયાં ધર્મ છે. બાહ્ય ત્યાગમાં ધર્મ છે એ અનાદિથી જીવની ભ્રમણા છે. એ ભ્રમણા છોડ. યથાર્થ વસ્તુ સ્વરૂપ બીજું છે. એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ સામાયિક છે.

મુમુક્ષુ :- માતાજીના ઘણાં બોલ છે મુનિ મહારાજ માટે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણાં બોલ છે. બહુ મહિમા કર્યો છે. બહુ ભક્તિ કરી છે.

**'તેમના સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે જેહને' એવું હોય છે. ધ્યેયને તેઓ ભૂલતા નથી.'** પૂર્ણ શુદ્ધિનું ધ્યેય એને પણ ભૂલતા નથી. અને પોતાનું ત્રિકાળી સામર્થ્યરૂપ આશ્રયનું જે ધ્યેય છે એને પણ ભૂલતા નથી. ૩૧૨માં લીધું છે ને? એમાં લક્ષની વાત છે.

**'તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું'...'** એ યથાર્થ લક્ષ કરવાનું છે. જ્ઞાનદોરા તરફ યથાર્થ લક્ષ કરીને. યથાર્થ એટલે સન્મુખ થઈને લક્ષ કરીને. ત્રિકાળીને લક્ષમાં લઈને. પૂર્ણ શુદ્ધિના ધ્યેયને લક્ષમાંથી કાઢ્યા વગર. એ જ્ઞાન અપેક્ષાએ છે. એકાગ્રતામાં આચરણની અપેક્ષાએ ધ્યેય કહે છે. જ્ઞાનની અપેક્ષાએ એને લક્ષ કહે છે. ... એકસાથે જ હોય છે. લક્ષ પણ સાથે હોય છે, ધ્યેય પણ સાથે હોય છે. યથાર્થમાં બેય આવી જાય છે.

**'ધ્યેયને તેઓ ભૂલતા નથી.'** પછી દ્રવ્ય મુખ્ય છે અને પર્યાય ગૌણ છે એ વાત પણ જે રીતે છે એ રીતે જ સમજવાની છે. ધ્યેય છે પૂર્ણ શુદ્ધિનું માટે મુખ્ય છે એમ પણ નથી. મુખ્ય તો હંમેશા દ્રવ્ય જ રહે છે. કોઈપણ પર્યાયને, ઉપસ્થિત કે અનુપસ્થિત કોઈપણ પર્યાયને મુખ્ય કરવાનો ક્યાંય પ્રશ્ન જ નથી. એવું જ્ઞાનીને તો એમ હોય છે. સંક્ષેપમાં એ વાત લઈ લીધી છે કે જ્ઞાની કદી પોતાના કાર્યોની ગણતરી કરતા નથી. અને જ્યાં સુધી પૂર્ણ શુદ્ધિ થાય નહિ ત્યાં સુધી નિરાંતે પગ વાળીને પુરુષાર્થ કર્યા વિના બેસી રહેતા નથી.

જેને આત્મગુણોની સંપત્તિ મળી છે એ પણ પુરુષાર્થ વગર બેસી રહેતા નથી, તો તું સંપત્તિ વિનાનો દરિદ્રી છો અને દુઃખી છો તો તારે પુરુષાર્થ કર્યા વિના બેસી રહેવું એ વાત કેમ હોઈ શકે? સીધી વાત છે ને? જેને છે એ નથી બેસી રહેતા સંતોષ પકડીને, તો તારી પાસે નથી અને તને સંતોષ (થાય), થોડીક ક્રિયા થઈ એમાં સંતોષ થઈ ગયો? એ પણ થઈ છે. તું માને છે કે મેં કરી. એટલે તો શું

છે કે જ્ઞાની-અજ્ઞાનીમાં ફેર? કે અજ્ઞાનીજીવને પણ મન-વચન-કાયાની ક્રિયા થાય છે. એ એમ પકડે છે કે મેં કરી. હું કરું છું તો થાય છે અને નથી કરતો તો નથી થતી. જ્ઞાની કહે છે કે હું જોઉં છું. થાય છે એને હું જોઉં છું. કરવા-ફરવાનો પ્રશ્ન મારા માટે એ વાત છે નહિ. કેમ કે હું એમાં વ્યાપ્તો નથી ક્યાંય. કોઈ પણ મન, વચન, કાયાની ક્રિયામાં હું વ્યાપ્તો જ નથી. જ્યાં મારી વ્યાપ્તિ નથી ત્યાં મારે કરવાનો ક્યાંય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મુમુક્ષુ :- વ્યાપ્ય-વ્યાપકભાવ હોય ત્યાં જ કર્તા-કર્મપણું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં જ કર્તા-કર્મપણું થાય. વ્યાપ્ય-વ્યાપકપણું ન હોય ત્યાં કર્તા-કર્મપણું થાય નહિ. તો વ્યાપ્ય-વ્યાપકપણું મારું નથી એવી ધારણા નથી. પણ પોતાની વ્યાપ્તિને એ જોવે છે કે મારી વ્યાપ્તિ મારા પરિણામ સુધી છે. અને ખરેખર તો હું જ્ઞાનાદિ ભાવોમાં વ્યાપું છું. રાગાદિ ભાવોમાં પણ મારી વ્યાપ્તિ નથી. તો મન-વચન-કાયામાં મારી વ્યાપ્તિનો ક્યાં પ્રશ્ન ઉપસ્થિત થાય? મારી વ્યાપ્તિ નથી માટે હું કર્તા નથી. જે થાય એને હું જોઉં છું. અને મને તો મારો આત્મા જ મુખ્ય છે. એની સમીપ જ રહું છું. એનાથી દૂર જવાનું મને પોસાય એવું નથી. મારા આત્માને છોડીને... આ નથી લોકો કહેતા? કે ઘર બાળીને તીર્થ ન કરાય. ઘર બાળીને તીરથ કરે તો એને અયોગ્ય ગણે છે. ઘર બાળીને કોઈ તીર્થ કરવાનું હોઈ શકે નહિ. કેમ કે એની આકુળતા થયા વગર રહેશે નહિ. તીર્થમાં ક્યાં સુધી રહેશે? પછી ઘરે આવશે. ઘર તો બાળી મૂક્યું છે. રહેશે ક્યાં? ઘર બાળીને તીર્થ ન હોય. એમ તારો આત્મા બાળીને શુભકાર્યો કરવા એની ગણતરી કરવી અને એનું સંતુષ્ટપણું માનવું, એ તો ઘર બાળીને તીર્થ કરવાની વાત છે. એ વાત જરા પણ યોગ્ય નથી.

'**ધ્યેયને તેઓ ભૂલતા નથી.**' ધ્યેયને સ્મરણ કરવું પડે એવું પણ નથી. ભૂલતા નથી એટલે એનું સ્મરણ કર્યા કરે છે એમ નહિ. સ્મરણ ન કરવું પડે. જે વિસ્મરણ જ ન થાય. સ્મરણ તો ક્યારે કરવું પડે? કે જેની વિસ્મૃતિ થાય ત્યારે. એને એ સ્મૃતિ-વિસ્મૃતિની અપેક્ષા નથી. એવી રીતે એ ભૂલતા નથી. અથવા સદાય પોતાના ધ્યાનના ભાનમાં રહે છે. સદાય પોતાના ભાનમાં રહે છે એને એનું ધ્યાન કીધું છે. જે સદાય પોતાના ભાનમાં રહે છે એને એનું ધ્યાન કીધું છે. એને એનું લક્ષ્ય કીધું છે. હું જે છું ઈ છું. મારી મર્યાદા ઓળંગીને ક્યાંય કર્તા-હર્તાપણું થાય, ક્યાંય સંતોષપણું થાય. ક્યાંય બીજી ગડબડ ઊભી થાય અને મારા આત્માનો ઘાત થાય કે મારા પરમ સ્વરૂપનો પરમાત્મ સ્વરૂપનો અનાદર થાય, એ વાત કોઈ રીતે પોસાય એવી નથી. એવી રીતે એ ભૂલતા નથી. નિર્વિકલ્પ સાવધાની. એવો પુરુષાર્થ છે

એનો. જેમ દેહની નિર્વિકલ્પ સાવધાની છે.

મુમુક્ષુ :- જ્ઞાતાધારા ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાતાધારા ચાલુ જ છે. એ નિર્વિકલ્પ ધારા છે. અને એ પોતાના સ્વરૂપને વિષે સદાય જાગૃત છે. જ્ઞાતાધારાથી પોતાના સ્વરૂપને વિષે જાગૃત છે. એ પરિણતિ છે-આત્મપરિણતિ છે. અને અજ્ઞાન અવસ્થામાં ઊલ્ટી પરિણતિ એમાં એ જાગૃત છે. સંયોગમાં અને દેહમાં જાગૃત છે. રાગમાં જાગૃત છે. એમાં એને વિકલ્પ કરવો પડતો નથી. એમાં આપોઆપ જ જાગૃત છે.

મુમુક્ષુ :- સ્વભાન અને સ્વજાગૃતિ એ જ ધ્યાન થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ ધ્યાન થયું. એક પ્રકારનું એ ધ્યાન છે. એ પરિણતિનું ધ્યાન છે. ધ્યાન એક ઉપયોગાત્મક હોય છે, એક પરિણતિમાં હોય છે. જરા સૂક્ષ્મ વિષય છે પરિણામનો. પણ એ પરિણતિરૂપ ધ્યાન છે. એ ખસતું નથી. ઉપયોગમાં ધ્યાન થાય ત્યારે નિર્વિકલ્પ થઈ જાય છે. અહીં સુધી રાખીએ....

# વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

૪૯ પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો ૨૦-૦૦
૫૦ પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો ૨૦-૦૦
૫૧ પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો ૨૦-૦૦
૫૨ પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો ૨૦-૦૦
૫૩ પ્રવચનસાર અનુપલબ્ધ
૫૪ પ્રચારિસ્તકાય સંગ્રહ અનુપલબ્ધ
૫૫ પદ્મનંદીપંચવિશતી -
૫૬ પુરુષાર્થ સિદ્ધિ ઉપાય અનુપલબ્ધ
૫૭ રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦-૦૦
૫૮ રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦-૦૦
૫૯ રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦-૦૦
૬૦ રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૬૧ સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) ૧૫-૦૦
૬૨ જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) ૦૬-૦૦
૬૩ સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) ૨૦-૦૦
૬૪ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) ૨૫-૦૦
૬૫ સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) ૩૫-૦૦
૬૬ સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન)૨૫-૦૦
૬૭ સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) ૨૫-૦૦
૬૮ સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) ૩૦-૦૦
૬૯ તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) -
૭૦ વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) ૦૭-૦૦
૭૧ વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) ૨૫-૦૦
૭૨ વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) -
૭૩ વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) -

| | | |
|---|---|---|
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર | |

| | | |
|---|---|---|
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૬ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૭ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૮ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૯ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૦ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૧ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૨ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૩ | રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૪ | રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૫ | રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૧૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૯) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૧૦૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૧૦) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |

| | | |
|---|---|---|
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |

| | | |
|---|---|---|
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

# श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | ग्रंथ का नाम | मुल्य |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी केडीए (गुजराती) | ५००० |

| | | |
|---|---|---|
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |

| | | |
|---|---|---|
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |

१०१ राज हृदय (भाग-१) (गुजराती) १५००
१०२ राज हृदय (भाग-२) (गुजराती) १५००
१०३ राज हृदय (भाग-३) (गुजराती) ७५०
१०४ अध्यात्मस्धा (भाग-१) (गुजराती) १०००
१०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती) १०००
१०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती) १०००
१०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती) ७५०
१०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती) ७५०
१०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) १०००
११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) ७५०
१११ मुक्तिनो मार्ग (गुजराती) १०००
११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) १०००
११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) १०००
११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) १०००
११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) १०००
११६ धन्य आराधक (गुजराती) ७५०
११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) १०००
११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) १०००
११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) १०००
१२० जिन प्रतिमा जीन सारखी ५००
१२१ स्मरण संचिका १५००
१२२ दंसण मूलो धम्मो ३५००
१२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी) १०००
१२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी) १०००
१२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी) १०००
१२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी) १०००
१२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी) १०००
१२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) १०००
१२७ धन्य पुरुषार्थी (गुजराती) १५००
१२८ धन्य पुरुषार्थी (हिन्दी) ६५००
१२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) १०००
१३० राज हृदय (भाग-४) (गुजराती) ५००
१३१ राज हृदय (भाग-५) (गुजराती) ५००
१३२ राज हृदय (भाग-६) (गुजराती) ५००
१३३ राज हृदय (भाग-७) (गुजराती) १५०

१३४ राज हृदय (भाग-८) (गुजराती) १५०
१३५ राज हृदय (भाग-९) (गुजराती) १५०
१३६ राज हृदय (भाग-१०) (गुजराती) १५०
१३७ राज हृदय (भाग-११) (गुजराती) १००
१३८ राज हृदय (भाग-१२) (गुजराती) १००
१३९ राज हृदय (भाग-१३) (गुजराती) १००
१४० राज हृदय (भाग-१४) (गुजराती) १००
१४१ राज हृदय (भाग-१५) (गुजराती) १००
१४२ राज हृदय (भाग-१६) (गुजराती) १००
१४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) १५०
१४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) १५०
१४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) १५०
१४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) १५०
१४७ अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) १५०
१४८ अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती) १५०
१४९ अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती) १५०
१५० अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती) १००
१५१ अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती) १००
१५२ अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती) १००
१५३ राज हृदय (भाग-१७) (गुजराती) २००
१५४ राज हृदय (भाग-१८) (गुजराती) २००
१५५ राज हृदय (भाग-१९) (गुजराती) २००
१५६ अध्यात्म सुधा (भाग-८) (गुजराती) १५०
१५७ अध्यात्म सुधा (भाग-९) (गुजराती) १५०
१५८ अध्यात्म सुधा (भाग-१०) (गुजराती) १५०

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૧૦)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીના વચનામૃત' ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

(વચનામૃત-૩૩૭ થી ૩૭૦)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩

પ્રથમાવૃત્તિ : ૨૭–૧૧–૨૦૧૭ (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની જન્મજયંતિ)
પ્રત : ૨૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૦૦ + ૮ = ૪૦૮
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
૧૯૨૪/બી–૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઓફસેટ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર' ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો !

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરાવી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે 'બહેનશ્રીનાં વચનામૃત' ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્યદેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ

સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના આ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા' ભાગ-૧૦ પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઈત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોના ધવલશ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુ જીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઈત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઈતિ શિવમ્

ટ્રસ્ટીગણ

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

**ભાવનગર**

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ 'અધ્યાત્મ સુધા' ભાગ-૧૦ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૨ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ દસમા ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરી લેતા એવા એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્ય ભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'ના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ ટાઈપ કરીને તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે લેવામાં નથી આવેલ. શ્રોતાગણમાંથી આવેલ પ્રશ્ન જ્યાં સ્પષ્ટપણે સંભળાતા નથી ત્યાં ડોટ ડોટ કરીને ખાલી જગ્યા છોડવામાં આવી છે તથા વાક્યરચના પૂર્ણ કરવા અર્થે જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર સી.ડી.માંથી સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો અવશ્ય જાણ કરે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર

આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઈન્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

## 'અધ્યાત્મસુધા' ભાગ-૧૦ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| સ્વ. શાંતિલાલ છગનલાલ શાહ, હ. વીણાબેન વીરેન્દ્રભાઈ શાહ, ચેન્નાઈ | ૪૧,૦૦૦/- |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

## પ્રવચન અનુક્રમણિકા



| પ્ર. ક્રમાંક | તારીખ | બોલ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૨૫૬ | ૧૮–03–૮૮ | ૩૩૭ | ૦૦૧ |
| ૨૫૭ | ૧૮–03–૮૮ | ૨૫૭ | ૦૧૭ |
| ૨૫૮ | ૧૯–03–૮૮ | ૩૪૦ થી ૩૪૨ | ૦૩૪ |
| ૨૫૯ | ૨૦–03–૮૮ | ૩૪૨ | ૦૫૨ |
| ૨૬૦ | ૨૧–03–૮૮ | ૩૪૩ | ૦૬૮ |
| ૨૬૧ | ૨૨–03–૮૮ | ૩૪૪–૩૪૫ | ૦૮૪ |
| ૨૬૩ | ૨૫–03–૮૮ | ૨૪૫–૨૪૬ | ૦૯૮ |
| ૨૬૪ | ૨૯–03–૮૮ | ૩૪૭ | ૧૧૪ |
| ૨૬૫ | ૩૦–03–૮૮ | ૩૪૮ | ૧૨૯ |
| ૨૬૬ | ૩૧–03–૮૮ | ૩૪૯–૩૫૦ | ૧૪૭ |
| ૨૬૭ | ૦૧–૦૪–૮૮ | ૩૫૦ | ૧૬૩ |
| ૨૬૮ | ૦૩–૦૪–૮૮ | ૩૫૧ | ૧૮૦ |
| ૨૬૯ | ૦૪–૦૪–૮૮ | ૩૫૨ | ૧૯૬ |
| ૨૭૦ | ૦૫–૦૪–૮૮ | ૩૫૨–૩૫૩ | ૨૧૨ |
| ૨૭૧ | ૦૬–૦૪–૮૮ | ૩૫૩ | ૨૩૧ |
| ૨૭૨ | ૦૮–૦૪–૮૮ | ૩૫૩–૩૫૪ | ૨૪૯ |
| ૨૭૩ | ૦૯–૦૪–૮૮ | ૩૫૫ | ૨૬૫ |
| ૨૭૪ | ૧૦–૦૪–૮૮ | ૩૫૫ થી ૩૫૭ | ૨૮૦ |
| ૨૭૫ | ૧૨–૦૪–૮૮ | ૩૫૭–૩૫૮ | ૨૯૬ |
| ૨૭૬ | ૧૩–૦૪–૮૮ | ૩૫૯ | ૩૧૦ |
| ૨૭૭ | ૧૧–૦૫–૮૮ | ૩૬૨–૩૬૩ | ૩૨૬ |
| ૨૭૮ | ૧૩–૦૫–૮૮ | ૩૬૪ | ૩૪૩ |
| ૨૭૯ | ૧૪–૦૫–૮૮ | ૩૬૪–૩૬૫ | ૩૫૬ |
| ૨૮૨ | ૨૫–૦૫–૮૮ | ૩૭૦ | ૩૭૧ |